

# જૈન ધર્મ અને
# અભિનવ અધ્યાત્મ




• લેખકઃ વસ્તુપાલ પરીખ • અનુવાદકઃ પૂર્ણિમા દવે




'જૈના' - (Federation of Jain Association in North America) - અમેરિકાની આ પ્રમુખ જૈન સંસ્થાએ તારીખ ૪ જુલૈ ૨૦૦૩ ના દિવસે આ પુસ્તકના લખાણ માટે જૈનાનુ ગૌરવભર્યું 'Recognition Award' આપીને મારો સન્માન કર્યો તે માટે હૂં તે સંસ્થાનો અત્યંત આભારી છૂં.

ભાવિ પેઢીને અર્પણ







# જૈન ધર્મ
# અને
# અભિનવ
# અધ્યાત્મ


લેખક:

પ્રોફેસર વસ્તુપાલ પરીખ

અનુવાદક:

પ્રોફેસર પૂર્ણિમા મ. દવે


Original Title

## Jainism and the New Spirituality


By

**Professor Vastupal Parikh,** Ph.D.



Published by

**Peace Publications**

Toronto, Canada

2002

**Peace Publications**
© 2005 Vastupal Parikh
2908-8 Lisa Street • BRAMPTON, Ontario
Canada • L6T 4S6
Phone: 905-453-5073 • E-Mail: vastup@hotmail.com

Published simultaneously in India and Canada.

પ્રકાશક અથવા લેખકની લેખિત પરવાનગી વગર આ પુસ્તક અથવા તેના કોઇ પણ ભાગની કોઇ પણ પ્રકારે નકલ ઉતારવી તે ગુનો છે. આ ચોપડી ભારતની બાહર નિકાસ કરવાનો અધિકાર કેવળ પ્રકાશકને જ છે.

**National Library of Canada Cataloguing in Publication Data:**

Parikh, Vastupal, 1930 – અનુવાદક: પૂર્ણિમા દવે
જૈન ધર્મ અને અભિનવ અધ્યાત્મ
સંદર્ભ ગ્રંથસૂચિ સહિત.

**ISBN : 0-9689863-1-5**

૧. જૈન ધર્મ  ૨. જૈન તત્ત્વજ્ઞાન  ૩. અધ્યાત્મ  ૪. શીર્ષક

B162.5.P37 2005 181'044 C2003-903788-0

**: પ્રમુખ પ્રાપ્તીસ્થાન :**

Peace Publications

**CANADA**

**PEACE PUBLICATIONS**
685 Merton Street
TORONTO, Ontario
Canada, M4S 1B4

**U.S.A.**

**PEACE PUBLICATIONS**
6206 Frosty Winter Dr.
CENTERVILLE, VA
U.S.A. 20121

E-mail: peacepub@hotmail.com
Web: www.Peacepublications.com


**INDIA**

**PEACE PUBLICATIONS**
4, Chandan Wadi
opposite Rajbhavan
Shahi Baug
Ahmedabad
Gujarat 380 004
Tel.: 079-2286-8083
E-mail: peacepub@hotmail.com


**R. R. SHETH & CO.**
'Dwarkesh'
Near Royal Appartments
Nehru Bridge Corner
Khanapur
Ahmedabad, Guj. 380 001
Tel.: 079-2550-6573
E-mail: sales@rrsheth.com

**અથવા તમારા જાણિતા બુકસ્ટોર પાસે તપાસ કરો.**





દિગંબર પંથમાં તીર્થંકરોની ધ્યાનસ્થ મૂર્તિ જોવા મળે છે.



શ્વેતાંબર પંથમાં તીર્થંકરોની મૂર્તિને રાજાધિરાજ રૂપે વસ્ત્રભૂષણથી અલંકૃત કરવામાં આવે છે.

# પ્રતિભાવ - એક તજ્ઞનો

આજનો યુગ વિજ્ઞાનનો યુગ છે. તર્ક, પ્રયોગો, નિરિક્ષણો, કસોટીઓ અને સમિકરણોના આધારે સિધ્ધ કરી શકાય તે બાબતને જ વિજ્ઞાન પ્રમાણિત કરે છે. ધર્મ અને વિજ્ઞાન અત્યારે સામસામે છે. આવા સમયમાં નવી પેઢીના તર્કયુકત બૌધ્ધિક માનસને આકર્ષે અને વિચારવાની ફરજ પાડે એવું સુંદર પુસ્તક કેનડાની એક યુનિવર્સિટીના રસાયણશાસ્ત્રના નિવૃત્ત પ્રોફેસર વસ્તુપાલ પરીખે લખ્યું છે.

***જૈન ધર્મ અને અભિનવ અધ્યાત્મ*** પુસ્તકમાં પ્રો. પરીખે જૈન ધર્મની મિમાંસા કરતી ફિલોસોફી અત્યંત સરળ શૈલીમાં રજુ કરી છે. આજના યુગમાં કુદરતી કોપથી માંડીને પર્યાવરણના નાશ સુધીના અસંખ્ય પ્રશ્નો માનવજાતની સામે ઊભા થયા છે. જૈન ધર્મના સિધ્ધાંતો આ પ્રશ્નોથી માનવજાતને કઇ રીતે મુકિત અપાવી શકે તેની છણાવટ આ પુસ્તકમાં કરવામાં આવી છે. પૃથ્વી પર વિદ્યમાન મોટાભાગના ધર્મો જગતનું નિયંત્રણ કરનાર કોઇ સુપ્રીમ સત્તાની વાત કરે છે ત્યારે હજારો વર્ષ જૂનો જૈન ધર્મ ચમત્કાર કે અંધનિષ્ઠાનો આશરો લીધા વિના માનવીને આત્મસંયમ અને આત્મખોજ દ્વારા તમામ દુ:ખના નિવારણની ગુરૂચાવી બતાવે છે તે પુસ્તકમાં પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. જૈન ધર્મ સૌથી વૈજ્ઞાનિક ધર્મ છે એવા દાવાને પ્રબળ સમર્થન આ પુસ્તક આપે છે. જૈન ધર્મમાં વિજ્ઞાન કે આધુનિક ચીજવસ્તુઓ તરફ છોછ રાખવામાં આવ્યો હોવાની માન્યતાને ખંડિત કરીને આ પુસ્તકમાં સરળતાથી એવું સ્પષ્ટ કરાયું છે કે જૈન ધર્મમાં ભાગ્યે જ કોઇ એવી વસ્તુ હશે જે ૨૧ મી સદીના વૈજ્ઞાનિક સિધ્ધાંતો સાથે બંધબેસતી ન હોય. પદાર્થના આણ્વિક બંધારણથી માંડીને પરમાણુંઓનું સ્વરૂપ, અવકાશમાં અન્યત્ર જીવનું અસ્તિત્વ, પ્રકૃતિની જાળવણી માટેના સિધ્ધાંતો, ગણિતશાસ્ત્રના સંકુલ કોયડાને ઉકેલતા સિધ્ધાંતો વગેરે જૈન દર્શનમાં સામેલ સિધ્ધાંતો આજે પણ વિજ્ઞાનની કસોટી પર ઉતર્યા છે.

જૈન ધર્મની પાયાની સમજથી માંડીને તેની આધ્યાત્મિક છણાવટ સુધીની સફર કરાવતા આ અદ્ભૂત ગ્રંથનો અનુવાદ પણ બહેનશ્રી પૂર્ણિમા દવેએ મૂળ પુસ્તકને વફાદાર રહીને, લેખકની વિભાવનાને આંચ આવવા દીધા વીના અત્યંત સરળ ભાષામાં કર્યો છે.

**શ્રી શ્રેયાંસભાઇ શાહ,**
**મેનેજીંગ એડિટર, ગુજરાત સમાચાર.**

# ઋણ સ્વીકાર

## પ્રતિભાવ - લેખકનો

સહૃદયોની શુભેચ્છા વિના આ પ્રકારના પુસ્તકનું લેખન સંપન્ન થઇ શકે જ નહીં. મિત્રો, સ્વજનો અને પરિવારજનોનાં સલાહસૂચન, પ્રશંસા અને ટીકાએ મારામાં પ્રેરણા અને જોશ પૂર્યાં. આ પ્રાચીન ધર્મ અને આધુનિક યુગમાં તેનું મહત્ત્વ તેના વિશે જાણવાની યુવાપેઢીની અદમ્ય જિજ્ઞાસાએ આ પુસ્તક લખવાની મને પ્રેરણા આપી. તે સહુનો હૃદયપૂર્વક આભાર!

માઈકલ રૅડફોર્ડ, મોનાલી વારિયા, લોરા ઓબ્રાયન અને મારી પુત્રી રીટા એ મારા સાચા યુવા વિવેચકો! મારાં કેટલાંય વિધાનો પર સવાલ ઊઠાવી તેમણે આ પુસ્તકને બિનસાંપ્રદાયિક ઉદાર દૃષ્ટિકોણ આપ્યો. મારા સુપુત્ર ડૉ. સાગર પરીખે ભારતીય તથા પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કર્યો છે. અમુક વિષયોને સમાવી લેવા માટે સૂચન કરી ડૉ. સાગરે આ પુસ્તકની વિસ્તૃતતા વધારી તથા લખાણ સ્પષ્ટ અને સરળ બની રહે તે માટે અંગત અભિપ્રાય આપ્યા. મારી પત્ની નલિની મારી સાચી સમીક્ષક! શરૂઆતથી અંત સુધી તે સંપૂર્ણપણે આ પ્રકલ્પને સમર્પિત રહી. આ પુસ્તકનું પ્રત્યેક પાનું તેના પોતાના તર્કના સંપૂર્ણ માપદંડ, લખાણની સ્પષ્ટતા, ડિઝાઇન અને સુંદરતાને સંતોષે ત્યાર પછી જ મંજૂરીની મહોર મારે. આ પુસ્તકના દરેક પૃષ્ઠ પર મારા આ તમામ શુભેચ્છકોની સદ્ભાવના અંકિત છે. તે સર્વનો કૃતજ્ઞતાપૂર્વક આભાર.

શ્રી લલિત શાહે આ પુસ્તક લખવા માટે મને નિમંત્રણ આપ્યું. તેમની પ્રેરણાથી આ પ્રકલ્પની શરૂઆત થઈ. કેટલાક અંગત મિત્રોના નામનો અહીં ખાસ ઉલ્લેખ કરવો મને યોગ્ય લાગે છે. તેમની સાથેની ચર્ચા અને પત્રવ્યવહારનો આ પુસ્તકની ગુણવત્તા પર ઊંડો પ્રભાવ છે. ડૉ. જિતેન્દ્ર શાહ, ડૉ. શેખરચંદ જૈન, ડૉ. લૉન ફ્રેઇસ, ડૉ. પ્રેમચંદ ગડા, ડૉ. પ્રવીણ શાહ, તેમજ ટોરાન્ટો વિદ્યાપીઠના પ્રો.ઑ'કોનેલ્લ અને તેમના વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે હું તેમનો અત્યંત ઋણી છું.

અમદાવાદ સ્થિત "ઍબ્સ્ટ્રેક્ટ" ના શ્રી પરમાનંદ દલવાડીનો હું અત્રે ખાસ આભાર માનું છું. તેમની ઉત્કૃષ્ટ છબીકલાએ આ પુસ્તકની ગુણવત્તા અને ઉદ્દેશ્યને વિશેષ સમૃદ્ધિ બક્ષી છે. તેમજ "ઍબ્સ્ટ્રેક્ટ" ના શ્રી વીરેન ઝવેરીનો પણ વિશેષ આભાર. આ પુસ્તકની સુંદર મનમોહક ડિઝાઈન ધ્યાનાકર્ષક છે. પોતાની આગવી કલ્પનાસૂઝથી જૈનકલાનો ઉપયોગ કરી તેમણે પુસ્તકની સુંદરતામાં ચાર ચાંદ લગાવ્યા છે. દશ્યસામગ્રી તથા પાઠ્યપુસ્તક તરીકે આ પુસ્તકની ઉપયોગિતા વધારી છે.

# ગુજરાતી આવૃત્તિ નિમિત્તે

***"Jainism and the New Spirituality"*** એ મારા મૂળ અંગ્રેજી ગ્રંથની લોકાર્પણ વિધિ ભારતમાં ગુજરાતના મુખ્ય મંત્રી માનનીય શ્રી.નરેન્દ્ર મોદી તથા ગુજરાત ધારાસભાના પ્રમુખ માનનીય શ્રી. ધીરજભાઈ શાહના શુભ હસ્તે સંપન્ન થઇ. કોબાના પ.પૂ. આચાર્ય શ્રી પદ્મસાગરસુરીશ્વરજી મ.સા. અને પૂ. પન્યાસ શ્રી. અરુણોદયસાગરજી મ.સા., વિરાયતનના પ.પૂ. આચાર્યા શ્રી. ચંદનાજી મ.સા. અને ન્યુયોર્કના ગુરુદેવ ચિત્રભાનુજીના શુભ આશીર્વાદ આ ગ્રંથને પ્રાપ્ત થયા. જાન્યુઆરી ૨, ૨૦૦૩ ના ગુજરાત સમાચારમાં મારા પુસ્તકનું ગ્રંથાવલોકન પ્રગટ થયું. તેમનો પ્રેરણાદાયી અભિપ્રાય વાંચીને ગુજરાતની જનતાએ પુસ્તકને હર્ષભેર આવકાર આપ્યો એટલુંજ નહિ પણ તેના ગુજરાતી અનુવાદની માગણી કરી. કેનડામાં રહ્યા રહ્યા ગુજરાતી આવૃત્તિ કેવી રીતે શકય બને એ વિચારે જનતાની આ માંગને હું લગભગ વિસરી ગયો હતો. એવામાં પુનાથી બજાજ ટેમ્પોના માન્યવર ચેરમેન શ્રી. અભયભાઇ ફિરોદિયાનો એક આનંદદાયી પત્ર આવ્યો. તેમણે પત્રમાં લખ્યું હતું:

**"Over the last few years having looked at some of the books on the subject of Jain philosophy in Hindi, Marathi, Gujarati and English, I have come to believe that most books have not succeeded in bringing to the subject the high degree of readability, as also the extraordinarily attractive and reader friendly structure, that you have achieved. Have you considered having the book translated in Hindi, Gujarati, Marathi or other Indian languages? I would be happy to organize this at my cost in India if you were to agree to have this done."**

**Abhay Firodia - January 7, 2003**

મારાથી તદ્દન અપરિચિત એક સુજ્ઞ અને જાગૃત વાચકનું આવું સુંદર પ્રમાણપત્ર અને આ પુસ્તકનો અન્ય ભાષામાં અનુવાદ કરવા માટે આર્થિક સહાયની તેમની સ્વૈચ્છિક તૈયારીથી ગુજરાતી જનતાની માગણી હવે પૂરી કરી શકાશે. તેમનાં પિતાશ્રી નવલભાઇ જૈન સમાજ સમક્ષ સેવાનો એક નૂતન આદર્શ મૂકતા ગયા. એ આદર્શની છાપ મારાં વિચારો અને લખાણમાં ઉતરી છે. શ્રી. નવલભાઇના ધર્મ અને સમાજસેવાના કાર્યને અભયભાઇ આગળ ધપાવી રહ્યા છે તે માટે તેમને હાર્દિક ધન્યવાદ! ગુજરાતી અનુવાદનું કામ મુંબઇની સાઠયે કોલેજના તત્ત્વજ્ઞાન વિભાગના અધ્યક્ષ પ્રો. પૂર્ણિમાબહેન મ. દવે ના કુશળ હસ્તે થયું તે પણ એક સદ્ભાગ્યની જ વાત છે! બહુ થોડા સમયમાં આટલું સુંદર અને મૂળ લેખકના આશયને સમજી તેને પ્રામાણિક રહીને ભાષાંતર કરવું એ તેમની સિદ્ધહસ્તતા દર્શાવે છે. ગુજરાતી અનુવાદના એડીટીંગમા ટોરાંટો નિવાસી શ્રી. ચિમનભાઇ મોતીલાલ શાહ અને પુણે નિવાસી સૌ. શૈલા રાજેંદ્ર શાહની નિષ્ઠાપૂર્વક મદદ ઘણીજ ઉપયોગી થઇ. હું તે સર્વેનો અત્યંત આભારી છું. મુંબઇ સ્થિત અનુવાદક અને કેનડા સ્થિત લેખક એ બંને સાથે સંપર્કમાં રહી સેતુનું કામ બજાજ ટેમ્પોના શ્રી. કુશલ નવલખા તથા નિખીલ બુનલીયાએ સંપૂર્ણ ઉત્સાહ અને દક્ષતાથી કર્યું તે માટે તેમને ધન્યવાદ.

# પ્રતિભાવ – અનુવાદકનો

બજાજ ટેંપોના માન્યવર ચેરમન શ્રી અભયભાઈ ફિરોદિયા તરફથી *Jainism & The New Spirituality* નું પ્રોફેસર વસ્તુપાલ પરીખ લિખીત એક પુસ્તક અને પત્ર મને મળ્યા. તેમણે પત્રમાં આ પુસ્તકના અનુવાદ માટે ઈચ્છા પ્રગટ કરી હતી. માતાપિતાના શુભસંસ્કાર અને ગુરુજનોના આશીર્વાદથી જ વિદ્યા અને ધર્મકાર્ય માટે લક્ષ્મીનો સદુપયોગ કરવાની આવી સ્વયંસ્ફુરણા થાય.

જોતાંની સાથે જ ગમી જાય એવું સુંદર મુખપૃષ્ઠ અને છબીકલા! વાંચવા મન લલચાય એટલું કલાત્મક રીતે તૈયાર થયેલું પુસ્તક!! પુસ્તક વાંચવાની શરૂઆત કરી અને આજના વિજ્ઞાન અને તંત્રજ્ઞાનના યુગમાં યુવાપેઢીના બૌદ્ધિક માનસને આકર્ષે એવી સુંદર તાત્ત્વિક વિચારોની રજૂઆત, સરળ અને પ્રવાહી શૈલી, વિચારોમાં એકસૂત્રતા, વૈજ્ઞાનિક અભિગમ અને તે છતાં ધર્મમાં દૃઢ નિષ્ઠા જોવાં મળ્યા. આ પ્રકારનાં ધાર્મિક પુસ્તકો કેટલાં? આવાં પુસ્તકોનો પ્રસાર વિવિધ ભાષામાં થવો જ જોઈએ! મારામાં રહેલાં ધાર્મિક સંસ્કાર આ કૃતિના અનુવાદ માટે નિમિત્ત બન્યાં પણ મારાંમાં ધર્મસંસ્કાર સિંચવાનું શ્રેય તો ગુરુ હરિ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજનાં શ્રીચરણે! પિતા મહિપતરામ દવે અને માતા ઈન્દુમતિએ ધર્મનાં સંસ્કારોનું સંતાનોમાં સુપેરે જતન કર્યું.

અનુવાદનાં કાર્ય દરમિયાન એક વાકય વાંચવામાં આવ્યું કે "કુટુંબની કોઇ વ્યક્તિ દીક્ષા લે એ કુટુંબજનો માટે ગૌરવનો વિષય ગણાય છે." અને જીવનના એક સુવર્ણ પૃષ્ઠની સ્મૃતિ તાજી થઈ. ગુરુ યોગીજી મહારાજના સંકલ્પમાં જોડાવાનું સૌ પ્રથમ બીડું ઝડપી ૧૯૬૧માં મારા જ્યેષ્ઠ બંધુ શ્રી નિરંજનભાઈએ દીક્ષા લઈને શ્રી સિદ્ધેશ્વર નામ ધારણ કર્યું. ગઢપુર મંદિરના કળશ પ્રસંગે એકાવન શિક્ષિત યુવાનોનો દીક્ષાસમારોહ અત્યંત ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. એ ભવ્ય પ્રસંગ સ્મૃતિપટ પર તાજો થઈ ગયો. આજે કોઈપણ ધર્મમાં આવો પ્રસંગ ગૌરવરૂપ ગણાય છે.

આ કૃતિના મૂળ લેખક પ્રો. વસ્તુપાલ પરીખ મારાથી તદ્દન અપરિચિત. તેમણે મારામાં વિશ્વાસ મૂક્યો તથા શ્રી અભય ફિરોદિયાએ મને આ જવાબદારી સોંપી. તે માટે હું તે બંનેનો ખાસ આભાર માનું છું. શ્રી કુશલ નવલખાએ મારા સતત સંપર્કમાં રહીને આ પુસ્તકનું મેટર સમયસર ડૉ. પરીખ સુધી પહોંચાડવાનું કાર્ય ખંતથી પાર પાડયું. એ માટે તેમનો પણ આભાર. મારાં બહેન ડૉ. પ્રતિભા દવેનો આભાર માનવાનો ન હોય પણ તેનાં નામનો ઉલ્લેખ કર્યા વિના કંઈક અધૂરું લાગે, તેથી મન લલચાય જ! કારણકે કમ્પ્યુટર પર સંપૂર્ણ મેટર તૈયાર કરાવરાવીને શ્રી કુશલ નવલખા સુધી પહોંચાડવાની જવાબદારી તેમણે ઉપાડી લીધી. જૈનધર્મના વિદ્વાન અને નિષ્ઠાવાન શ્રાવક શ્રી. રસિકભાઇ મહેતાએ મારા ગુજરાતી અનુવાદને ચોકસાઇપૂર્વક જોઇ મહત્ત્વપૂર્ણ સૂચનો કર્યાં તે માટે તેમનો હૃદયપૂર્વક આભાર!

આ કૃતિ દ્વારા યુવાપેઢીમાં ધર્મનાં સંસ્કારનું સિંચન કરવામાં નિમિત્ત બનવું એ આનંદ અને ગૌરવનો વિષય છે.

# વિષય સુચિ

**પ્રાક્ કથન ................................................ ૩**

૧. પરિચય : એકલપંથીની યાત્રા ................................ ૭

**પ્રથમ ખંડઃ તર્કબદ્ધ ચરિત્ર (સમ્યક્ચારિત્ર્ય) ........................ ૧૩**

૨. જાગૃતિ ................................................ ૧૫

૩. મોક્ષમાર્ગની શોધમાં ........................................ ૨૩

૪. જૈન માર્ગ ................................................ ૩૩

૫. જૈન જીવનશૈલી અને આધુનિક જીવન .............................. ૩૯

**દ્વિતીય ખંડઃ તર્કબદ્ધ વિશ્વદર્શન (સમ્યક્દર્શન) ........................ ૪૫**

૬. સતા તત્ત્વ. ................................................ ૪૭

૭. જૈનતત્ત્વદર્શનનાં મૂળ ........................................ ૬૧

૮. વિશ્વનું નિયંત્રણ કરતાં નવતત્ત્વો .................................. ૭૫

૯. કર્મ ................................................ ૮૭

**તૃતીય ખંડઃ તર્કબદ્ધ જ્ઞાન (સમ્યક્જ્ઞાન) ............................ ૯૯**

૧૦. સમ્યક્જ્ઞાન ................................................ ૧૦૧

૧૧. જ્ઞાનના માર્ગો. ................................................ ૧૦૭

**ચતુર્થ ખંડઃ વર્તમાન સમસ્યા ........................................ ૧૧૫**

૧૨. આધુનિક વિચારકો ........................................ ૧૧૭

૧૩. અભિનવ અધ્યાત્મવાદ ........................................ ૧૨૯

૧૪. વિજ્ઞાન ........................................ ૧૩૯

૧૫. વિશ્વશાંતિ ........................................ ૧૪૫

૧૬. અહિંસા અને શાકાહાર ........................................ ૧૫૩

૧૭. કાર્યયોજના ........................................ ૧૬૧

**પંચમ્ ખંડઃ ઈતિહાસ અને સાહિત્ય ........................................ ૧૭૫**

૧૮. જૈનધર્મઃ ભગવાન મહાવીર પૂર્વેનો ........................................ ૧૭૭

૧૯. જૈન ધર્મઃ ભગવાન મહાવીર પશ્ચાત્ ........................................ ૧૯૧

૨૦. જૈન આગમ સાહિત્ય ........................................ ૨૨૧

**સંદર્ભ ગ્રંથ સૂચિ ........................................ ૨૩૧**

**ઇન્ટરનેટ વેબસાઇટ સૂચિ ........................................ ૨૩૫**

# પ્રાક્ કથન

જૈનધર્મ અતિ પ્રાચીન છે. પણ આધુનિક સમાજને માટે એટલો જ સાનુકૂળ અને સુસંગત છે. તર્ક, બુદ્ધિ, સત્ય, અહિંસા, સાદી જીવનશૈલી, ભિન્ન વિચારસરણી પ્રત્યે ખુલ્લું માનસ - આ તમામ બાબત પર જૈનધર્મ ભાર મૂકે છે. જૈનધર્મની આ વિશિષ્ટતા મને કેવળ આકર્ષક જ નહિ પણ આધુનિક લાગે છે. વિશ્વયુદ્ધો, કત્લેઆમ, વસ્તીવધારો, પર્યાવરણનું અવમૂલ્યન અને અણુ શસ્ત્રો વિશે ૨૦મી સદીના અહેવાલો પર હું વિચાર કરું છું ત્યારે મનમાં અનેક પ્રશ્નો ઉઠે છેઃ ઉપર્યુક્ત સમસ્યાઓ અંગે નવી સદી શું વિચારે છે? શું ૨૧મી સદીમાં પણ અતીતનું જ પુનરાવર્તન થશે? શાંતિ અને સુખ ક્યારેય મળશે ખરાં? આવા વિચારો મનમાં આવે ત્યારે શાંતિ, પરસ્પર સહકાર, સંઘભાવના અને વિશ્વાસ પર ભાવિ વિશ્વની રચના માટે જૈનધર્મમાં મને આશાનું કિરણ દેખાય છે. અનેકવિધ સમસ્યાઓથી વીંટળાયેલી આપણી આ પૃથ્વીને યોગ્ય દિશા જૈન માર્ગ દર્શાવી શકશે એવી આશા બંધાય છે. ભાવિ વિશ્વનું નિર્માણ કરવા માટે જૈન ધર્મમાં અપૂર્વ ક્ષમતા દેખાઇ આવે છે.

મોટા ભાગના લોકો હવે કબૂલે છે કે આધુનિક પેઢી મતાગ્રહ અને 'અંધશ્રદ્ધા'નું નહિ પણ તર્ક અને બુદ્ધિના યુગનું પ્રતિનિધિત્વ કરે છે. ભૂતકાળની પેઢીએ અનેક વિચારોને શ્રદ્ધાના આધાર પર સ્વીકારી લીધા હતા. પણ આધુનિક શિક્ષણપ્રણાલીના પ્રભાવને કારણે તાર્કિક સમર્થનનો અભાવ હોય એવાં કોઇ પણ વિધાનને સ્વીકારવા આપણે હવે તૈયાર થતા નથી. આજની પેઢી દરેક વિચાધારાની બૌદ્ધિક રજૂઆત થાય એવી અપેક્ષા રાખે છે. શ્રદ્ધાના પ્રશ્નો વિશે જૈનધર્મની વિચારસરણી પહેલેથી ભિન્ન અને બુદ્ધિગમ્ય રહી છે. જૈનધર્મ એક અનોખું અધ્યાત્મદર્શન છે. 'અંધ ધાર્મિક શ્રદ્ધા' પર અનુયાયી હંમેશા પ્રશ્ન ઊઠાવે એવી તે અપેક્ષા રાખે છે. અર્થાત્ પ્રાચીન જૈન મુનિઓને કયારેય 'શ્રદ્ધાની છલાંગ' કે 'આંધળુકિયા ધુબકા'ની જરૂર જણાઇ નહોતી. ઉલટું પોતાની આધ્યાત્મિક ખોજને સંતોષવા તેમણે હમેશા તર્ક અને બુદ્ધિનો સહારો લીધો હતો. તેથી હું એક વાત કહેવા માગું છું કે ૨૧મી સદીની તર્ક અને બુદ્ધિ પર આધારિત આધ્યાત્મિક માંગને સંતોષવા માટે વિશ્વ જૈનોના શાસ્ત્રીય અભિગમનો ઉપયોગ અવશ્ય કરી શકે. મને લાગે છે કે, જૈન પરંપરામાં બે બાબતોનો મુખ્ય આગ્રહ રાખવામાં આવ્યો છે - શાંતિ અને પર્યાવરણના જતન માટે અંગત વચનબદ્ધતા, તેમજ તર્ક અને બુદ્ધિગમ્યતા. આ બે બાબતનો ઉપયોગ નવ-સમાજ નિર્માણ માટે ખૂબજ થઇ શકશે. ન્યાય, આશા અને સમાનતાના મૂલાધાર પર રચાયેલ જીવનશૈલીનું નિર્માણ કરવા માટે જૈન પરંપરા આપણને વિશ્વાસ આપી શકે છે.

આજના કેટલાય પાશ્ચાત્ય ઈશવાદીઓ અને વિદ્વાનો 'મતાગ્રહ' કે 'શ્રદ્ધા' પરથી 'બુદ્ધિ' કે 'તર્ક' તરફ બદલાયેલા આધુનિક વલણની કટુ આલોચના કરે છે. હ્યુસ્ટન સ્મિથ ખતરાની ઘંટડી વગાડતાં લખે છેઃ

> "પરમશ્રેષ્ઠની લુપ્તતા એ આધુનિકતાનું વિશિષ્ટ લક્ષણ છે. પવિત્રતાની ભાવના કે વિચાર તો હવે તદ્દન નષ્ટ થઈ ગયો છે. 'ઈશ્વરનું મૃત્યુ' 'ઈશ્વરને લાગેલું ગ્રહણ' જેવા શબ્દપ્રયોગોની પ્રાચીન જમાનામાં ક્યારેય કલ્પના પણ થઈ શકતી નહિ... તે માટે આધુનિક વિજ્ઞાન જવાબદાર પણ છે અને મુખ્ય આક્રમક તત્ત્વ પણ છે.'[1]

તદુપરાંત ૧૯૭૯માં એડવર્ડ નોર્મન[2] લખે છેઃ

> વિકાસશીલ સમાજોમાં ધાર્મિક માન્યતાની અવનતિ થઇ તેમાં આધુનિક શિક્ષણે મુખ્ય ભૂમિકા ભજવી છે એ વાત નિઃસંદેહ છે.[2]

વિજ્ઞાન સાથેના અનેક સંઘર્ષોને લીધે ધર્મસંસ્થાની સત્તા હવે પડી ભાંગી છે. તેથી વર્તમાન યુગમાં આપણને ખળભળાટ અને આવાં પ્રત્યાઘાતી વિધાનો જોવા મળે છે. ઘણી ધર્મસંસ્થા આક્રોશ ઠાલવે છે કે "આધુનિક માનસને આધ્યાત્મિક મૂલ્યોમાં કોઈ રસ રહ્યો નથી અને તે માટે વિજ્ઞાન અને શિક્ષણ જ જવાબદાર છે". આવી વાતો ભલે થતી પણ વાસ્તવમાં આધ્યાત્મિક ખોજ આજે પણ જીવિત છે. સમગ્ર વિશ્વમાં અધ્યાત્મવાદની એક નવી અને સુંદર ભાત ઉપસી આવી છે. મતાગ્રહ અને પરંપરા પર આધારિત અધ્યાત્મ પર આજ સુધી જનતાને વિશ્વાસ હતો પણ હવે તેમનું લક્ષ્યબિંદુ અભિનવ અધ્યાત્મવાદ તરફ વળી રહ્યું છે. આ અભિનવ અધ્યાત્મવાદનો વિકાસ દેવળો, મસ્જિદો કે ચર્ચોમાંથી નહિ પરંતુ ગલી-કૂચી, શહેરો અને જંગલોની મૂલાગ્ર ચળવળમાંથી થઇ રહ્યો છે. માનવઅધિકાર, પ્રાણીઅધિકાર, શાંતિચળવળ, પર્યાવરણની ચિંતા જેવાં વિવિધરૂપે અભિનવ અધ્યાત્મવાદ આપણી સમક્ષ પ્રગટ થાય છે. ખરૂં તો વર્તમાનયુગના આંદોલનકારો એ જ હવે અભિનવ અધ્યાત્મવાદના સાચા વડા આચાર્યો છે. અનેક ધર્મસંસ્થાઓ પણ હવે અભિનવ અધ્યાત્મવાદને આવકારવા માંડયાં છે. ધર્મસત્તાની તાબેદારી અને વિધિવિધાનનાં મહત્ત્વને ઘટાડીને પ્રેમ, ન્યાય, પરસ્પર સંબંધ અને માનવઅધિકાર પર તે હવે વિશેષ પ્રકાશ પાડતાં થયા છે. ધર્મસંસ્થામાં આ પ્રકારનું પરિવર્તન આવકાર્ય અને ઇચ્છનીય છે; પરંતુ સંસ્થાકીય ધર્મો અને વિજ્ઞાન વચ્ચેનો જૂનો ગજગ્રાહ જલદીથી વિસરાઈ જાય તેવો નથી. પ્રસિદ્ધ વિજ્ઞાની કાર્લ સાગન સૂચવે છે[3]:

> આજના યુગમાં કોઇ પણ પ્રાચીન કે નૂતન ધર્મ જો આધુનિક વિજ્ઞાને પ્રગટ કરેલ વિશ્વની ભવ્યતા પર ભાર મૂકશે તો જ લોકો પાસેથી આદર અને સન્માનરૂપી ખજાનાને પ્રાપ્ત કરી શકશે. પરંપરાગત સંસ્થાકીય ધર્મને આજે એ ખજાનો મળવાની શક્યતા બહુ ઓછી છે.

અર્થાત્ આધુનિક માનસના મતે અધ્યાત્મવાદ એ કેવળ શ્રદ્ધા નથી તેમજ શુદ્ધ કે નર્યો ભૌતિકવાદ પણ નથી. આદર અને સન્માનરૂપી ખજાનો પ્રાપ્ત કરવો હોય તો અધ્યાત્મવાદ હંમેશા બહુપરિમાણીય અને બહુસ્તરીય હોવો જોઈએ. તેમાં શ્રદ્ધાનો તર્ક સાથે સમન્વય હોવો જોઈએ. મનુષ્ય અને અન્ય

[1] Smith, Houston, *Beyond the Post-Modern Mind*, The Crossroads Publishing Company, New York, 1992, p. 145
[2] Norman, Edward, *Christianity and the World Order*, Oxford University Press, New York, 1979
[3] Sagan, Carl, Pale Blue Dot: A Vision of the Human Future, Random House, Canada, 1994

પ્રાણીના પરસ્પર સંબંધ પ્રત્યે વિશેષ ચોકસાઈ રાખવી જોઈએ. કેવળ વિશ્વની ભવ્યતા પર જ નહિ પણ તેના જતન માટેના સાધનોનો પણ આગ્રહ રાખવો જરૂરી છે. અને એથીય વિશેષ વિશ્વશાંતિ અને વ્યક્તિનાં વર્તન વચ્ચે એક મજબૂત કડી સ્થપાવી જોઈએ.

આ છે અભિનવ અધ્યાત્મવાદનું માળખું. આ માળખામાં મારી અધ્યાત્મયાત્રાની શરૂઆત થઈ. તે આખરે મને જૈનધર્મ તરફ દોરી ગઈ. ૨૧મી સદીની તમામ સમસ્યાનો ઉકેલ જૈન સિદ્ધાંતોમાં મળે એવી શક્યતા મને જોવા મળી. જૈનધર્મમાં આપણને વાસ્તવિક વિશ્વના અનુભવ પર આધારિત સમ્યક્દર્શન અને જીવ પર આધારિત અધ્યાત્મવાદ વચ્ચે સુંદર સમન્વય જોવા મળે છે. બૌદ્ધિક કારણકાર્ય પર રચાયેલ કર્મસિદ્ધાંત, સર્વ જીવોનો આદર કરે તેવા આચારનિયમો અને અંગત જીવનનું રૂપાંતર કરે એવી જીવનશૈલી પર લક્ષ્ય કેન્દ્રિત કરીને જૈનધર્મ શાંતિની હિમાયત કરે છે.

***'જૈનધર્મ અને અભિનવ અધ્યાત્મવાદ'*** માં મેં તર્કના મૂલાધાર પર શ્રદ્ધાનું સ્થાપન કેવી રીતે કરી શકાય, તથા પ્રાચીન જૈનધર્મે નિરૂપેલ વિચારોને અધ્યાત્મવાદની આધુનિક ખોજમાં કેવી રીતે લાગુ પાડી શકાય એ હકીકત સમજાવવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે. આ પુસ્તક એક ભારેખમ તાત્ત્વિક ગ્રંથ ન બને તે માટે મેં કથનાત્મક શૈલીનો ઉપયોગ કર્યો છે. તર્કબુદ્ધિના આધુનિક યુગ સાથે મારું કથન વિશેષ સુસંગત બની રહે તેની કાળજી લીધી છે. આશા છે કે અધ્યાત્મવાદમાં રસ ધરાવનાર વિદ્યાર્થીઓ તથા સામાન્ય જન માટે આ પુસ્તક રસપ્રદ વાચન બની રહેશે.

**પ્રથમ પ્રકરણ:** એકલપંથીની અધ્યાત્મયાત્રાથી પ્રથમ પ્રકરણની શરૂઆત થાય છે. ૨૦મી સદીના અન્યાયો વિષે મારી ચિંતા આ ખોજ સાથે સંકળાયેલી હતી. આ ખોજ મને સૌ પ્રથમ જૈનસાહિત્ય તરફ દોરી ગઈ. તર્કબદ્ધ દલીલોથી સમૃદ્ધ જૈનસાહિત્યના અભ્યાસમાં હું ઊંડો ઉતરતો ગયો. આશ્ચર્ય, ખોજ, ઉત્તેજના અને રોમાંચથી ભરપૂર મારી આ યાત્રા સાચું કહું તો આહ્‌લાદક બની રહી. તે સાથે આંતરિક શાંતિની અદ્‌ભુત પળો પણ માણવા મળી. 'ગમતાંનો કરીએ ગુલાલ' એ ન્યાયે મારા આ અનુભવમાં સૌને સહભાગી કરવાના પ્રયાસના ફળસ્વરૂપ આ પુસ્તક સાકાર બન્યું.

ત્યાર પછીનાં પ્રકરણોનું પાંચ ખંડમાં વર્ગીકરણ કર્યું છે. પહેલાં ત્રણ ખંડમાં જૈન જીવનશૈલી, વિશ્વ અંગે તેમનો દૃષ્ટિકોણ અને જ્ઞાન (સમ્યક્ચારિત્ર્ય, સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાન) વિશે વિગત આપી છે. જૈન આચારના મુખ્ય નિયમો, તેના પાલન માટે આધ્યાત્મિક સાધના અને સાધનાના ફળસ્વરૂપ પૂર્ણતાની નક્કર પ્રાપ્તિ - એ **પ્રથમ ખંડ**નો કેન્દ્રવર્તી વિચાર છે. **દ્વિતીય ખંડ**માં સમ્યક્દર્શન વિશે સંશોધન છે કારણ કે એ જીવનશૈલીનું માર્ગદર્શન કરે છે. જૈનોનું સમ્યક્દર્શન તર્ક અને જ્ઞાનમિમાંસા પર રચાયેલું છે. તેથી જૈન સિદ્ધાંતીઓએ જ્ઞાનમીમાંસા અને જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયા પર અનેક ગ્રંથોની રચના કરી છે. **તૃતીય ખંડ**માં જ્ઞાનવિષયક ચર્ચાનો સારાંશ છે અને જૈન વિદ્વાન સાધુઓ રચિત બૃહત્ કાર્યની સંક્ષિપ્ત માહિતી આપી છે.

આમ આ ત્રણ ખંડમાં જૈન આચારવિચારનું વિહંગાવલોકન છે. સાંપ્રત વિશ્વની સમસ્યાના ઉકેલ માટે તેનો કેવી રીતે અસરકારક ઉપયોગ થઈ શકે તે માટે આ ત્રણ ખંડ પૂર્વભૂમિકારૂપ છે. જૈન કે જૈનેતર કોઈ પણ વ્યક્તિ યુદ્ધ, હિંસા, ગરીબી, કટ્ટરવાદ જેવી અનેક સાંપ્રત સમસ્યાના ઉકેલની દિશામાં સક્રિયપણે કામ કરવા ઈચ્છતી હોય તેને માટે આ પૂર્વભૂમિકા લાભકારક પુરવાર થશે.

**ચતુર્થ ખંડ**માં ૨૧મી સદીના આધુનિક મનોતંત્રના પરિપ્રેક્ષ્યમાં જૈન આચારવિચાર અંગે ચિંતન કરવાનો પ્રયાસ કર્યો છે. આ ખંડમાં 'અભિનવ અધ્યાત્મવાદ'ના મુખ્ય વિષયો જેવા કે અહિંસા, શાંતિ, શાકાહાર, આધુનિક વિજ્ઞાન વગેરેની ચર્ચા છે. એક વાત નિખાલસપણે કબૂલ કરું છું કે વાચકોને કેટલીક ચિંતનકણિકાઓ થોડી અપરંપરાગત લાગશે. તેથી એ કદાચ વિવાદાસ્પદ બની રહે એવી પણ શક્યતા છે. પરંતુ અહિંસા અને અનેકાંતવાદનું નિરૂપણ એક અનોખા જૈન જુસ્સાથી અત્રે કર્યું છે. મારો આશય મુક્ત ચિંતનને પ્રોત્સાહન આપી લોકોને સક્રિય પ્રવૃત્તિ તરફ વાળવાનો છે. તેમ કરવામાં જો કોઈનું પણ દિલ દુખાય તો જૈનપરંપરા પ્રમાણે 'મિચ્છામિ દુક્કડમ્' કહીને હું વિનમ્રભાવે ક્ષમા પ્રાર્થું છું.

**પંચમ ખંડ**માં જૈનધર્મના ઈતિહાસ અને સંશોધન વિશે માહિતી આપવામાં આવી છે. કમનસીબે પ્રાચીન ભારતીય ઈતિહાસના કાળખંડ વિશે લેખિત અહેવાલો બહુ જૂજ છે. મોટા ભાગની પ્રાચીનતમ સંસ્કૃતિની જેમ ભારતનો પણ વૈવિધ્યપૂર્ણ અને સમૃદ્ધ ઈતિહાસ મૌખિક પરંપરામાં જળવાયો છે. તેથી અનુશ્રુતિ, ઉપલબ્ધ સાહિત્યગ્રંથોમાંથી મળતા પ્રામાણિક ઉલ્લેખો, પૂર્વકાલીન બૌદ્ધ અને હિંદુ સાહિત્યમાં ટાંકેલા સંદર્ભો તેમજ ૧૯ અને ૨૦મી સદીના પાશ્ચાત્ય વિદ્વાનોનાં સંશોધનકાર્ય એ બધાનાં સંમિશ્રણરૂપે જૈન ઈતિહાસ અંગે આપણને માહિતી મળે છે. આવા અનેક આધાર પરથી તારવેલી માહિતી અસ્પષ્ટ હોવાની તમામ શક્યતા છે. પણ સદ્‌ભાગ્યે ઉત્તર-પશ્ચિમ ભારત, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં પાશ્ચાત્ય વૈજ્ઞાનિકોએ તાજેતરમાં પુરાવશેષનું સંશોધનકાર્ય કર્યું. તે પરથી જૈનોના પ્રાગૃઈતિહાસનું વિશેષ સ્પષ્ટ ચિત્ર મળી શક્યું છે. આ ખંડમાં વર્તમાન સંશોધનના આધારે મેં જે માહિતી આપી છે તે પૂર્વેના ઈતિહાસગ્રંથોમાં દર્શાવેલ માહિતી સાથે કદાચ બંધબેસતી ન પણ હોય ! પુરાવશેષ સંશોધન જૈન પરંપરા અને શાસ્ત્રોના અમુક ભાગને સમર્થન આપે છે તો કેટલાક ભાગનું ખંડન કરે છે. તેથી જૈનોની ભૂતકાળ વિશેની માન્યતાનું ખંડન કરવાનો આ પ્રયાસ છે એવું અર્થઘટન કરવું એ ઉચિત નહિ ગણાય. વાસ્તવમાં જૈન ઈતિહાસ વિશે સંશોધનકાર્ય સક્રિયપણે સતત ચાલુ રહે તેને ઉત્તેજન આપવાનો મારો હેતુ છે.

**વસ્તુપાલ પરીખ, ટોરાન્ટો, કેનડા.** **ફેબ્રુઆરી, ૨૦૦૨**

# ૧

# ૧. પરિચય :
# એકલપંથીની યાત્રા

જૈન અધ્યાત્મ પંથે મેં જિજ્ઞાસાપૂર્ણ યાત્રાની શરૂઆત આજથી ૩૫ વર્ષ પૂર્વે કેનેડામાં કરી. તે વખતે હું કેનેડાની એક વિશ્વવિદ્યાપીઠમાં 'રસાયણવિજ્ઞાન'નો પ્રાધ્યાપક હતો. એક દિવસ અમારા 'ધર્મશિક્ષણ' વિભાગના એક પ્રાધ્યાપિકાએ મને જૈન ધર્મ વિશે તેમના વિદ્યાર્થીઓને માહિતી આપવાનુ કહ્યું. હું જૈન છું એમ તેમણે સાંભળ્યું હતું. તેમને એ પણ ખબર હતી કે હું શાકાહારી છું, વનસ્પતિ અને પ્રાણીની દુર્દશાના પ્રશ્ને અત્યંત સંવેદનશીલ છું, અને મારી આસપાસના પર્યાવરણ સાથે મારો વ્યવહાર આદરપૂર્ણ છે. નાનપણથી મારો ઉછેર જ એ રીતે  થયો હતો તેથી મારે માટે આ જીવનશૈલી સહજ અને સ્વાભાવિક હતી પરંતુ ૧૯૬૦ના ઉત્તર અમેરિકાની રહેણીકરણીની દૃષ્ટિએ મારા આવા વર્તનને તદ્દન વિચિત્ર ગણવામાં આવતું હતું.

વાસ્તવમાં જૈન ધર્મ પર બોલવાનું આમંત્રણ એ મારે માટે મારી પોતાની સ્વાભાવિક જીવનશૈલી પાછળ રહેલા તાત્ત્વિક અને નૈતિક રહસ્યને શોધી કાઢવાની એક ઉત્તમ તક બની રહી; કારણ ત્યાં સુધી મેં જૈન ધર્મ વિશે ક્યારેય કાંઈ જ વાંચ્યું નહોતું. એમ કહું કે મારા જીવનને દિશા આપનાર ધાર્મિક અને નૈતિક સિદ્ધાંતો વિશે મારી જાણકારી તદ્દન નજીવી હતી. ઉલટું તર્કના પાયા પર આધારિત રસાયણ-વિજ્ઞાન વિષયમાં હું અનુસ્નાતક થયો તેથી કોઈપણ ધર્મ પ્રત્યે મારું વલણ સંશયવાદી હતું. 'જૈનધર્મ' પર પહેલીજ વાર મેં એક પુસ્તક[4] હાથમાં લીધું અને એક વૈજ્ઞાનિકની જિજ્ઞાસા, સંશય અને વિવેચનાત્મક વિશ્લેષણના સંદર્ભે વાંચવાની શરૂઆત કરી. પણ એ પુસ્તક વાંચીને તો હું આશ્ચર્યચકિત થઈ ગયો. વૈજ્ઞાનિકના તાર્કિક અને વિશ્લેષણાત્મક માનસને પ્રીતિભોજનની તૃપ્તિ અને આનંદ આપે એટલું સુંદર એ પુસ્તક હતું!

બીજી સદીના મૂળ ગ્રંથ 'જૈન આચારવિચાર' પર ૧૧મી સદીમાં લખાયેલો એ ભાષ્યગ્રંથ હતો. એ ગ્રંથમાં ક્યાંય અંધવિશ્વાસની અપેક્ષા જોવા ન મળી. શ્રદ્ધાળુને ઈશ્વરકૃપાનું વરદાન નહી કે અશ્રદ્ધાળુ

[4] નેમિચંદ્ર સિદ્ધાંતદેવકૃત *દ્રવ્યસંગ્રહ*નું અંગ્રેજી ભાષાંતર, ઘોશલ એસ. સી., (૧૯૧૭), પુર્નમુદ્રણ ૧૯૫૬, દેહલી જૈન સમાજ

(નાસ્તિક)ને નહિ કોઈ ધમકી! "હું કહું તે જ એક માત્ર સત્ય છે" એવી કોઈ હિમાયત નહી ઉલટું "કોઈ પણ વસ્તુને સનાતન સત્ય તરીકે સ્વીકારશો નહી" એવી ચેતવણી અને "પરમ સત્ય વિશે મનુષ્યનું જ્ઞાન ગમે તેટલું હૃદયને સ્પર્શે તોપણ તે સાપેક્ષ અને અપૂર્ણ છે" એ હકીકતનો સ્વીકાર કરવાની સલાહ આ ગ્રંથમાં આપી છે, કારણ પૂર્ણ સત્ય અગ્રાહ્ય છે; માનવબુદ્ધિની ગ્રહણશક્તિની બહાર છે. વાચકને પોતાની વિવેકબુદ્ધિ અને તર્કનો ઉપયોગ કરવા માટે નમ્ર અરજ કરી ગ્રંથમાં ભારપૂર્વક જણાવ્યું છે કે તમારા પોતાના બૌદ્ધિક અને વિવેચનાત્મક અન્વેષણમાં જે દલીલો ખરી ઉતરે તેનો જ સ્વીકાર કરો. આ ગ્રંથ વાંચીને મને થયું કે આધુનિક વૈજ્ઞાનિક વિચારસરણીનો સ્વીકાર તો જૈન ગ્રંથકારોએ આજથી બે હજાર વર્ષ પૂર્વે કર્યો છે. મારી જીવનશૈલી અને વિશ્વદૃષ્ટિ પાછળ રહેલાં તાત્ત્વિક મર્મની સુંદર સમજ બીજી સદીના આ તાત્ત્વિક ગ્રંથમાં મને જોવા મળી. કેટલો સુંદર તાર્કિક, બૌદ્ધિક અને વૈજ્ઞાનિક અભિગમ!

આ ગ્રંથ વાંચીને મને સૌ પ્રથમ જ્ઞાન એ થયું કે અન્ય મહાન ધર્મોની જેમ જૈન ધર્મ પણ જીવના મોક્ષનો ધર્મ છે અને પ્રથમ તીર્થંકર (અધ્યાત્મ ગુરુ) રિખવદેવે (જે ઋષભદેવ તરીકે પણ ઓળખાય છે) આજથી હજારો વર્ષો પૂર્વે મોક્ષનો માર્ગ દર્શાવ્યો છે. રિખવદેવને પ્રતીતિ થઇ હતી કે આ સંસારમાં દરેક જીવ દુ:ખી છે. જીવ એક વાર શરીરનો ત્યાગ કરી દે પછી તેના મૃત શરીરને દુ:ખનો કોઈ અનુભવ થતો નથી. એનો અર્થ એ કે સુખ અને દુ:ખનો અનુભવ શરીરને નહિ પણ શરીરની અંદર રહેલ 'આત્મા' નામના તત્ત્વને થાય છે. જીવ ભૌતિક શરીરમાં બદ્ધ છે અને એ બંધન જ તમામ દુ:ખોનું કારણ છે. બદ્ધ જીવ તેનાં કર્મોને કારણે જીવનમૃત્યુની અવિરત ઘટમાળમાં વધારે ને વધારે બંધાતો જાય છે. જોકે, આ દુ:ખમય સંસારમાંથી મુક્ત થઈ શુદ્ધ અવસ્થા કે મોક્ષ પામવાનું સામર્થ્ય દરેક જીવમાં રહેલું છે. મોક્ષની શુદ્ધ અવસ્થામાં જીવ તેનાં સર્વજ્ઞતા, સામર્થ્ય પ્રસ્થાપિત કરે છે અને શાશ્વત આનંદનો અનુભવ કરે છે. રિખવદેવ જણાવે છે કે જે પોતાની જાત પર અર્થાત્ પોતાની ભાવના, વાસના, ઈચ્છા અને નબળાઈઓ પર સંપૂર્ણ વિજય મેળવે છે તે મોક્ષપદે પહોંચી શકે છે. સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરવા માટે આત્મસંયમ જરૂરી છે અને આત્મસંયમ કેળવવા માટે સાધના, ધ્યાન, તપ અને અન્વેષણની આવશ્યકતા છે. જૈનોની માન્યતા પ્રમાણે રિખવદેવ પ્રથમ જિન (આદિનાથ) છે. તેઓ સંપૂર્ણ આત્મવિજય પ્રાપ્ત કરી મોક્ષપદે પહોંચ્યા હતા. "દરેક જીવનું અંતિમ લક્ષ્ય મોક્ષ છે તેથી દરેક મનુષ્યે એ લક્ષ્ય સુધી પહોંચવાનો પુરુષાર્થ કરવો જોઈએ" એ સંદેશ રિખવદેવે આપ્યો હતો!

રિખવદેવના એ સંદેશને જૈનોએ આત્મસાત્ કર્યો છે. તેમના વ્રતનિયમોનું પાલન જૈનો આજે પણ કરી રહ્યા છે. એ વ્રતનિયમોનો ઉલ્લેખ આપણને જૈન આચારસંહિતામાં મળે છે. ભગવાન રિખવદેવ વિશે આછી ઝલક મેળવી. હવે તે ગ્રંથના મુખ્ય વિષય પર આવીએ.

તીર્થંકરોએ પરમતત્ત્વનું જ્ઞાન આપણી સમક્ષ પ્રકટ કર્યું. તે માટે કૃતજ્ઞતા દર્શાવવા સૌ પ્રથમ તેમને પ્રણામ કરીને ગ્રંથની શરૂઆત કરવામાં આવી છે. ત્યારબાદ તત્ત્વજ્ઞાનના નિરૂપણ તરફ ગ્રંથ આગળ

વધે છે. વિશ્વ (જગત)નું સ્વરૂપ શું? એ પ્રશ્નનો ઉત્તર આપતાં જણાવે છે કે વિશ્વની તમામ વસ્તુઓ જીવ કે અજીવ એ બે દ્રવ્યોમાં સમાઈ જાય છે. બંને દ્રવ્યો સનાતન છે. જીવ (આત્મા) એ પરમ આનંદ, શક્તિ અને અનંત ચેતનાને મૂર્તિમંત કરે છે. બીજી બાજુ અજીવ દ્રવ્ય વિશ્વની તમામ અચેતન વસ્તુ (જડ પદાર્થ) નો નિર્દેશ કરે છે. વાસ્તવમાં અજીવ 'સામૂહિક સંજ્ઞા' છે જેમાં પુદ્‌ગલ (પદાર્થ), આકાશ, કાળ, ધર્મ (ગતિનો નિયમ) અને અધર્મ (સ્થિરતાનો નિયમ) આ પાંચ દ્રવ્યો સમાયેલાં છે. આ રીતે સમગ્ર વિશ્વ જીવ અને અજીવનાં પાંચ દ્રવ્યો એમ કુલ મળીને છ મૂળભૂત સનાતન દ્રવ્યોનું બનેલું છે. ભૌતિક શરીરમાં બદ્ધજીવો અર્થાત્ શરીર અને જીવ એ બંનેના સંયોગનું પરિણામ એટલે વિશ્વની તમામ જીવંત વસ્તુઓ! જીવ અને અજીવ બંને સનાતન દ્રવ્યો છે. તેથી તેમનો સર્જન કે નાશ શક્ય નથી. જોકે, પારસ્પરિક ક્રિયાને કારણે બંને પોતાનું સ્વરૂપ બદલી શકે છે. આ છે વિશ્વના સ્વરૂપનું જ્ઞાન જે જૈન તત્ત્વજ્ઞાનનો પાયો છે.

પુદ્‌ગલ, જીવ (ઉર્જા), અનંતાકાશ, કાળ વગેરે સંજ્ઞાઓ તથા ગતિ અને સ્થિરતા (જડતા)નો નિયમ અને એ બધાં વચ્ચે રહેલા પરસ્પારિક સંબંધ વિશેની ચર્ચાનું પ્રકરણ વાંચીએ ત્યારે એ પ્રાચીન ધર્મગ્રંથ ખરેખર વીસમી સદીનો કોઈ વૈજ્ઞાનિક ગ્રંથ હોય એવું લાગે. વિશ્વના છ સનાતન દ્રવ્યો વચ્ચે પરસ્પરના સંબંધોનું સંચાલન કરનાર નિયમોની ચર્ચા કરતાં ગ્રંથ જણાવે છે કે આ નિયમો, ખાસ કરીને કર્મનો નિયમ (કાર્યકારણનો નિયમ), "વિશ્વનાં ચાલક પરિબળો" કે "વિશ્વમાં કાર્યરત નિયમો" છે. જૈનોના મતે વિશ્વનું તંત્ર આ નિયમ અનુસાર ચાલ્યા કરે છે. આ ધાર્મિક ગ્રંથ મેં ફરીફરીને વાંચ્યો અને દરેક વખતે તેની વૈજ્ઞાનિક આંતર્સૂઝથી હું મુગ્ધ થતો ગયો. ત્યાર બાદ આચારસંહિતાની દિશા તરફ તે ગ્રંથ વળે છે અને આચારસંહિતાના નિયમોનું સંચાલન કરનાર 'ત્રણ' મુખ્ય મુદ્દાઓનો સંક્ષિપ્તમાં સાર આપે છે :

**અહિંસા** (જીવ માત્રને કદાપિ હાનિ પહોંચાડવી નહિ અથવા સર્વજીવો પ્રત્યે હાર્દિક પ્રેમ)
**અનેકાંતવાદ** (અનેકવિધ દૃષ્ટિબિંદુઓના અન્વેષણ અને આદર)
**અપરિગ્રહ** (પોતાના અંગત વપરાશની અને માલિકીની વસ્તુઓને મર્યાદિત કરતાં રહેવું)

આ ત્રણ આધારસ્તંભ મુદ્દાઓની સાથે સાથે એક તાત્ત્વિક અવધારણાની રજૂઆત પણ તે ગ્રંથમાં કરવામાં આવી છે. 'દરેક જીવનમાં જીવ રહેલો છે પછી ભલેને એ કોઈ પણ સ્વરૂપ, આકાર કે કદમાં કેમ ન હોય !' અર્થાત્ મનુષ્ય, પ્રાણી કે વનસ્પતિ - એ દરેકમાં મૂળભૂત રૂપે જીવ રહેલો છે. દરેકના જીવનને ટકાવી રાખનાર જીવ શાશ્વત છે એટલું જ નહીં પરંતુ તે આનંદસ્વરૂપ, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન પણ છે તેથી તે આપણા જીવ જેટલોજ પવિત્ર છે. કહેવાનું તાત્પર્ય એ છે કે તમામ જીવંત વસ્તુઓ જો મૂળભૂત રીતે એક સરખા જ જીવના બદ્ધરૂપો હોય તો પછી કોઈ પણ જીવનનું - મનુષ્ય, પ્રાણી કે વનસ્પતિનું - આપણે જતન, જાળવણી, પ્રતિષ્ઠા અને આદર કરવાં જ જોઈએ.

"જીવનનાં તમામ સ્વરૂપોનું સારતત્ત્વ એક જીવ છે." - આત્માની આ જૈન વિચારણા પ્રત્યેક વ્યક્તિના જીવનની 'સ્વતંત્રતા'નું સમર્થન કરે છે અને અહિંસાને જૈનધર્મના કેન્દ્રવર્તી સિદ્ધાંત તરીકે પ્રસ્થાપિત કરે છે. મારી શાકાહારી જીવનશૈલીનું તાત્ત્વિક રહસ્ય મને આત્માની આ જૈન વિચારણામાં દેખાયું.

અહિંસાનો નિર્દેશ કર્યા પછી એ ગ્રંથ તપ અને અન્વેષણ એ બે વિષયની ચર્ચા તરફ આગળ વધે છે. "અનેકાંતવાદ એ જૈન ધર્મનો મહત્ત્વપૂર્ણ સિદ્ધાંત છે જે 'અન્વેષણ' પર ભાર મૂકે છે." આ એક વાક્ય વાંચીને તો હું ઝૂમી ઊઠયો. મને લાગ્યું કે અનુસ્નાતક ઉપાધિ માટે રસાયણવિજ્ઞાન વિષયની મારી પસંદગી એ તો આ જૈન વિચારણાનો જ પડઘો છે! અદ્યતન યુગના કોઈ પાઠય પુસ્તકની જેમ આ ગ્રંથ જણાવે છે કે તમામ પ્રકારનું જ્ઞાન (સિવાય કેવળી જ્ઞાન) એ તો કેવળ એક અધૂરો દૃષ્ટિકોણ છે અને તેથી અપૂર્ણ સત્ય છે. કહેવાનું તાત્પર્ય એ કે પૂર્ણ સત્યનાં દર્શનનું સામર્થ્ય તો કેવળ મુક્ત જીવને જ છે. બાકી તો આપણે બધા જ બદ્ધ અવસ્થામાં છીએ. તેથી આપણા પર આપણા પોતાના જ પૂર્વગ્રહો અને અંગત અભિપ્રાયોની અસર રહેલી છે અને પૂર્ણ સત્યને સમજી શકવાની પાત્રતા આપણામાં નથી. જોકે, અનેકાંતવાદનો અર્થ એ નથી કે દરેક દૃષ્ટિકોણ સાચો છે એમ સમજી તેનો સ્વીકાર કરી લેવો અથવા તો સમ્યક્દૃષ્ટિથી અન્વેષણ કે પરીક્ષણ કર્યા વિના જ ભિન્ન દૃષ્ટિકોણનો ત્યાગ કરી દેવો. વાસ્તવમાં અનેકાંતવાદ જૈનોને તેમના પ્રતિવાદીઓના ભિન્ન દૃષ્ટિકોણ પ્રત્યે સહિષ્ણુતા અને આદરભાવ રાખવા માટે પ્રેરણા આપે છે. સાથે સાથે એમ પણ કહે છે કે કાળજીપૂર્વક પરીક્ષણ કર્યા બાદ ભિન્ન દૃષ્ટિકોણ અસ્વીકાર્ય લાગે તો યર્થાથ કારણ આપીને પ્રતિવાદીને સમજાવો કે એ શા માટે અસ્વીકાર્ય છે.

આમ અનેકાંતવાદ દરેક વ્યક્તિની 'વૈચારિક સ્વતંત્રતા'નું સમર્થન કરે છે. પરીક્ષણની તાર્કિક પ્રક્રિયાને ઉત્તેજન આપી અનેકાંતવાદ સમજણ અને જ્ઞાનની ક્ષિતિજનો વ્યાપ, સત્યનું અન્વેષણ અને સંભવિત વિવાદોના શાંતિપૂર્ણ ઉકેલ માટે એક સુંદર માધ્યમનું કામ કરે છે.

અનેકાંતવાદના આ મૌલિક સિદ્ધાંતમાં મને વૈજ્ઞાનિકના માનસને યથાર્થ સમજવા માટે અને વિશ્વને પરેશાન કરતાં કેટલાક ગંભીર પ્રશ્નોના ઉકેલ માટે આશાનું કિરણ મળી આવ્યું. મારા મતે મોટા ભાગના માનવકલહોનું મૂળ કારણ મતાગ્રહ કે અંધવિશ્વાસ છે. એ મતાગ્રહ વિરુદ્ધ અનેકાંતવાદ સુરક્ષાનું હથિયાર છે. અધ્યાપિકા મિત્રની વિનંતીના પગલે વાંચેલા જૈનશાસ્ત્રોએ તો મને એક નવાં જ આધ્યાત્મિક પંથ પર નવપ્રસ્થાન કરવા મૂકી દીધો. પર્યાવરણ, વિયેટનામનું યુદ્ધ, મહાસત્તા અને 'મૂષક દોડ' માંથી પલાયનવૃત્તિ જેવા ગંભીર પ્રશ્નો પરત્વે જૈન ધર્મે મને ઢંઢોળીને જાગ્રત કર્યો. શાંતિ, અહિંસા, જાતીય સમાનતા અને માનવ ગરિમાના સંદેશ પ્રત્યે હાલ વિશ્વ જાગૃત થઇ રહ્યું છે. એ હકીકત પ્રત્યે મારામાં પણ જાગૃતિ નિર્માણ થઇ. દેશભક્તિ, ધર્મ અને સિદ્ધાંતના નામે ચાલતી 'અંધવિશ્વાસ'ની નીતિ પર હવે મનમાં સવાલ ઊઠવા લાગ્યા. જોકે, તીર્થંકરોની ભવિષ્યવાણીમાં આ તમામ આધુનિક પ્રશ્નોનો ઉલ્લેખ થયેલો છે અને તેના અનેક પ્રમાણો આપણને પ્રાચીન જૈનગ્રંથોમાં જોવા મળે છે. દા.ત. જૈનોનો અપરિગ્રહ! જૈન સમુદાયમાં જોવા મળતી પર્યાવરણ પ્રત્યે સ્વાભાવિક

જાગૃતિના મૂળમાં જૈનોનો અપરિગ્રહ નિયમ કામ કરી રહ્યો છે. અપરિગ્રહનો નિયમ કહે છે, 'ભૌતિક પદાર્થોનો સંગ્રહ ન કરો, ભૌતિક પદાર્થોની વપરાશ તથા માલિકીભાવને ધીરે ધીરે મર્યાદિત કરતાં જાવ. આપણા આ પર્યાવરણ તંત્રમાં આપણે સહુ - વનસ્પતિ, પ્રાણી, મનુષ્ય - પરસ્પરાવલંબી છીએ. માટે સુમેળથી જીવન જીવો.' જૈન ધર્મના ૨૪મા તીર્થંકર મહાવીર ભગવાને ઈ. સ. પૂર્વે ૬૦૦માં એક જીવનમંત્ર આપ્યો:[5]

> **"પોતાને માટે શું અયોગ્ય છે તે જાણનાર વ્યક્તિ બીજાને માટે શું અયોગ્ય છે તે પણ જાણે છે. અને બીજાને માટે શું અયોગ્ય છે તે જાણનાર વ્યક્તિ પોતાને માટે શું અયોગ્ય છે તે પણ જાણે છે. જેનું મન શાંત અને વાસનામુક્ત છે તે કદી અન્યના ભોગે જીવવાનું ઈચ્છે જ નહીં. પૃથ્વી, જળ, તેજ, વાયુ, વનસ્પતિ, પ્રાણી વિરુદ્ધ કોઈ પણ કર્મ કરવું તે પાપ છે એ વાત જે જાણે છે તે જ સાચો મહાત્મા છે અને તેને જ સાચું જ્ઞાન છે, કારણ આ બધા તત્ત્વોમાં જીવ રહેલો છે તેથી અન્યને નુકસાન પહોંચાડવાથી વાસ્તવમાં તે બંધનકર્તા કર્મ સાથે પોતાના જીવને દઢપણે બાંધીને અંતે તો પોતાને જ નુકસાન પહોંચાડી રહ્યો છે."**

સાદગીપૂર્ણ જીવન જીવવાથી વધુ પડતી જરૂરિયાતોને કારણે સતત પરેશાન કરતી ઈર્ષા અને લોભ જેવી લાગણીથી મનને મુક્ત કરી શકાય. ભૌતિક પદાર્થોની માંગને મર્યાદિત કરવાથી પર્યાવરણના વ્યયને ઘટાડી શકાય અને આ રીતે અપરિગ્રહના મૂળભૂત નિયમ પ્રમાણે મનુષ્ય પ્રકૃતિ સાથે સુમેળથી રહી શકે. ૧૯૬૦ના જમાનામાં પ્રકૃતિ સાથે તાલમેલ, સાદગીપૂર્ણ જીવન, અને શાકાહાર એ બધું કેનડાવાસીઓને ભલે વિચિત્ર લાગ્યું હશે પણ આજે તે જ લોકો આ પ્રકારની જીવનશૈલીનું મૂલ્ય અને મહત્ત્વ સમજતાં થયા છે. જોકે, જૈન ધર્મ વિશ્વમાં એટલો બધો પ્રચલિત નથી પણ વિશ્વમાં વધારે ને વધારે લોકો જૈન જીવનશૈલીથી વિશેષ ને વિશેષ પરિચિત થતા જાય છે. પશ્ચિમમાં લોકો હવે જાણતા થયા છે કે જૈનો અહિંસામાં માને છે. વનસ્પતિ અને પ્રાણીઓની દુર્દશાની બાબતે તેમનામાં અપૂર્વ સંવેદનશીલતા છે. પર્યાવરણના તંત્ર સાથે તેમનો વર્તાવ આદરપૂર્ણ છે. તેથી લોકોને ધીરે ધીરે સમજાતું જાય છે કે જૈન સંસ્કૃતિ પરસ્પર આદર અને શાંતિની સંસ્કૃતિ છે.

આજથી ૨૬૦૦ વર્ષ પૂર્વે ભગવાન મહાવીરે (૨૪મા તીર્થંકરે) ઉપદેશ આપ્યો હતો કે રિખવદેવના ત્રણ મુખ્ય સિદ્ધાંતો - અહિંસા, અનેકાંતવાદ અને અપરિગ્રહ - નું પાલન કરવું એ વ્યક્તિગત શાંતિનો માર્ગ છે. જૈન અધ્યાત્મની મારી એકલપંથી યાત્રાની શરૂઆત પછીનાં વર્ષોમાં મને દઢ પ્રતીતિ થઈ છે કે જૈન સંસ્કૃતિનું મહત્ત્વ તો એથીય વિશેષ અને વ્યાપક છે. જૈન સંસ્કૃતિ માત્ર વ્યક્તિગત શાંતિનો જ નહિં પણ 'વિશ્વશાંતિ' નો પણ માર્ગ બની શકે છે. વ્યક્તિ અને સમષ્ટિ બંને માટે જૈન સંસ્કૃતિ શાંતિનો માર્ગ દર્શાવે છે. મહાવીર ભગવાનના સમયના વિશ્વ અને આજના વિશ્વ વચ્ચે અભૂતપૂર્વ પરિવર્તન જોવા મળે છે. સંદેશવ્યવહાર, પ્રવાસ, ઉદ્યોગ, વાણિજ્ય, મૂડીરોકાણની પદ્ધતિઓ વગેરેમાં અનેક વૈજ્ઞાનિક અનેક તાંત્રિક સુધારા થયા છે. તેને કારણે સમગ્ર વિશ્વ એક 'વૈશ્વિક ગામડું' બની ગયું છે. 'વિશ્વના તમામ નાગરિકો પરસ્પરાવલંબી છે' એ હકીકતથી લોકો વિશેષ ને વિશેષ સજાગ થતા જાય

[5] આચારંગ સુત્ર

છે. તથાપિ યુદ્ધની વિનાશક પ્રવૃત્તિ, આર્થિક શોષણ, વધતી જતી વસ્તી અને પર્યાવરણના પ્રદૂષણે આજે ૨૧મી સદીમાં આપણી પૃથ્વીના માટે એક મોટું જોખમ ઊભું કર્યું છે. આ જોખમને અટકાવવું હોય તો માનવીની મનોવૃત્તિમાં મૂળભૂત પરિવર્તન લાવવું જરૂરી છે. મને શ્રદ્ધા છે કે જૈન આચારવિચાર તેમાં પાયાનું પરિવર્તન જરૂર લાવી શકે અને સમસ્યાઓનું સમાધાન આપી શકે તેમ છે. આવા સમાધાનમાં જ વિશ્વને વધારે સુંદર બનાવી શકવાની આશા રહેલી છે!

આ એક આશાએ મને ધર્માંતરની પ્રવૃત્તિ માટે નહીં પણ જે મૂલ્યો અનુસાર જૈનો હજારો વર્ષોથી જીવન જીવતા આવ્યા તે મૂલ્યોના પ્રસાર અને પ્રોત્સાહનનાં ઉમદા કાર્ય માટે સક્રિય કર્યો. આ ઉત્તમ મૂલ્યોથી વિશ્વના જૈનેતર લોકોને માહિતગાર કરવાનો સમય હવે પાકી ગયો છે. માનવજાતને તથા આપણા ગ્રહને ૨૦મી સદી દરમિયાન લોભ અને ધર્માંધતાને કારણે યુદ્ધો દ્વારા મૃત્યુ અને વિનાશની ભારે કિંમત ચૂકવવી પડી છે. પણ માનવતા અને પર્યાવરણ વિશે જાગૃતિની પરિભાષામાં અધ્યાત્મનો અભિનવ વિચાર હવે વિશ્વમાં ચોમેર ઊઠયો છે.

અભિનવ અધ્યાત્મ વિચારની અભિવૃદ્ધિ માટે જૈન મૂલ્યો ઉત્કૃષ્ટ સાધન છે. જૈનો અન્ય સંપ્રદાયોની સાથે મળીને કામ કરે અને વિશ્વ જે સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે તેનો ઉકેલ આ મૂલ્યોને આધારે લાવવાનો પ્રયત્ન કરે તો જૈનો પોતાના ધાર્મિક સિદ્ધાંત પ્રમાણે સાચા અર્થમાં જીવન જીવી શકશે, વિશ્વને સહાયભૂત થઇ શકશે, અને તેમના પ્રાચીન ધર્મની ખોવાયેલી પ્રતિષ્ઠાને ફરી સ્થાપિત કરી શકશે

ધર્માંતરની સક્રિય પ્રવૃત્તિની કદાચ જૈનો ઈચ્છા ન રાખે પણ જૈન મૂલ્યોને વિશ્વ એક દિવસ આદર્શ માનવમૂલ્યો તરીકે જરૂર અપનાવશે અને એ રીતે 'શાંતિપૂર્ણ ૨૧મી સદી' ના સ્વપ્નને સાકાર કરવામાં સૌને મદદરૂપ થઈ શકશે એવી આશા તો જૈનો જરૂર રાખી શકે.

ખંડ
# ૧

## પ્રથમ ખંડઃ તર્કબદ્ધ ચરિત્ર
## (સમ્યક્ચારિત્ર)

# પ્રથમ ખંડ: સારાંશ

કેટલાક ધર્મોના મતે મોક્ષપ્રાપ્તિ માટે ઈશ્વરના અનુગ્રહની આવશ્યકતા છે; પરંતુ જૈનોના મુક્તિમાર્ગમાં 'સમ્યક્ચારિત્ર દ્વારા આત્મશુદ્ધિ' નો વિચાર કેન્દ્રસ્થાને છે. સમ્યક્ ચારિત્રના ત્રણ ચાવીરૂપ તત્ત્વો છે: સર્વ જીવો પ્રત્યે પ્રેમ, ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓ પ્રત્યે આદર અને માલિકીની વસ્તુઓને તથા તેના વપરાશને સીમિત કરવા (મમત્વભાવ ઘટાડવો).

આપણી લાગણીનો ઝોક સહજપણે આ ત્રણે તત્ત્વોની વિરુદ્ધ કામ કરવા તરફ હોવાથી આત્મસંયમ અને સાધના જીવનમાં અત્યંત જરૂરી બને છે. આત્મસંયમ કેળવવા માટે જૈન તીર્થંકરોએ આચારસંહિતા ઘડીને મોક્ષમાર્ગનું આલેખન પણ કર્યું. સમ્યક્ચારિત્ર અને સાધનાના આ માર્ગે ચાલવાથી મોક્ષના લક્ષ્યને જરૂર પામી શકાય છે. જીવનમાં કોઈ પણ કાર્યની સફળતા પ્રાપ્ત કરવી હોય તો જેમ સૌ પ્રથમ લક્ષ્ય નક્કી કરવું પડે છે, તેનું અધ્યયન કરવું પડે છે અને તે પછી લક્ષ્ય પ્રાપ્તિ માટે જરૂરી સાધના અને જીવનશૈલી અપનાવવી પડે છે, તેમજ મોક્ષના લક્ષ્યનું પણ છે. પહેલાં ખંડમાં સમ્યક્ જીવનશૈલી અને સાધના દ્વારા મોક્ષ કેવી રીતે સિદ્ધ થઈ શકે તેનું નિરૂપણ છે.

લક્ષ્યને નક્કી કરવા સત્ પરત્વે જાગૃત થવું અને તેનું સમ્યક્જ્ઞાન મેળવવું પડે છે. બીજા પ્રકરણમાં આ બે મુદ્દાની છણાવટ છે. એક વાર લક્ષ્ય નક્કી થઈ જાય પછી એ માર્ગે જીવનો વિકાસ આપણા પોતાના સંકલ્પ પર રહેલો છે. જૈન તીર્થંકરોએ જીવના વિકાસને અનુલક્ષીને વિવિધ વ્રતનિયમો સૂચવ્યા છે તેનું પાલન કરવાથી લક્ષ્ય પર ટકી રહેવાનો આપણો સંકલ્પ વિશેષ ને વિશેષ દૃઢ થાય છે. જીવનના નિત્યક્રમ તરીકે જો વ્રતોનું પાલન કરવામાં આવે તો માનસિક તનાવ દૂર થાય છે અને આત્મસંયમ કેળવવાનો માર્ગ સરળ બને છે. ત્રીજા પ્રકરણમાં નવોદિત સાધકો માટે પાયાનાં વ્રતો દર્શાવ્યાં છે. આ વ્રતો તેમને મુક્તિના માર્ગે વિકાસ સાધવામાં સહાયભૂત થાય છે.

ચોથું પ્રકરણ મુક્તિના માર્ગની ચર્ચા કરે છે. લક્ષ્ય પર પહોંચતાં પહેલાં કેટલાંક ગુણસ્થાનમાંથી પસાર થવું પડે છે અને કેટલાંક સોપાન ચડવાં પડે છે. ચોથા પ્રકરણમાં એ સ્થાન અને સોપાનનાં વર્ણનનો સમાવેશ છે. જૈનમાર્ગની તપપરાયણ અને સંયમી જીવનશૈલી પરમ લક્ષ્યની સિદ્ધિ માટે સમુચિત છે. તદુપરાંત તેથી કેટલાક વ્યવહારુ લાભ પણ થાય છે. એ વિશેની ચર્ચા પાંચમા પ્રકરણમાં કરી છે. દરેક વ્યક્તિમાં કઠોર યતિજીવન માટે ઈચ્છા કે ક્ષમતા ન હોય પણ આ પ્રકારની જીવનશૈલીથી આપણા તન અને મનના સ્વાસ્થ્યને લાભ અવશ્ય થાય છે. તેથી ઓછેવત્તે અંશે પણ જૈન વ્રતનિયમોનું પાલન કરવું આવકારદાયક ગણાય. વળી જૈન આચારવિચારને વિશ્વ ગંભીરતાથી અપનાવે તે આપણા પૃથ્વીના અસ્તિત્વ માટે પણ લાભદાયી છે. તેથી હું અનુરોધ કરું છું કે કેવળ વ્યાવહારિક લાભને ખાતર પણ જૈનોના સમ્યક્ ચારિત્રને વિશ્વ સમજે અને જીવનમાં અપનાવે.

૨

# ૨. જાગૃતિ

શાંતિ પરિષદમાં અહિંસા વિશે મારું વક્તવ્ય પૂરું થયું કે તરત શ્રોતાગણમાંથી એક યુવકે મને પૂછ્યું, "હું જૈન કેવી રીતે બની શકું? જૈન સાધુ પાસે જઈને એમ કહું કે મારે જૈન ધર્મ અંગીકાર કરવો છે? રોજ દેરાસરમાં જઇને મારે ધાર્મિકવિધિ અને પૂજામાં નિયમિત હાજર રહેવું જ જોઈએ?"

"તો પછી જૈન કેવી રીતે બની શકાય?" એ યુવકના આ પ્રશ્નો પર મેં ક્યારેય ખાસ વિચાર કર્યો નહોતો. જૈનકુળમાં મારો જન્મ તેથી હું જૈન છું? જૈનમંદિરમાં ક્યારેય ન ગયો હોઉં તોપણ હું જૈન કહેવાઉં? જૈનધર્મનો ક્યારેય અભ્યાસ ન કર્યો હોય અને જૈન વ્યાખ્યાન સાંભળવા ક્યારેય ન ગયો હોઉં તો પણ જૈન કહેરાવવાનો મને અધિકાર ખરો? શિકાર કે માછલી પકડવાની રમતમાં હું ભાગ લઉં તો તેને કઇ દૃષ્ટિથી જોવામાં આવે? માંસાહાર કરતો હોઉં તોપણ મને જૈન કહી શકાય? શું ધર્મ જન્માધિકારથી નક્કી થાય છે?

"અહીં પરિષદમાં ઉપસ્થિત દરેક વ્યક્તિને શાંતિ અને અહિંસામાં રસ છે. તો શું તેનો અર્થ એ થાય કે એ બધા જૈન છે?" આ પ્રશ્ન પૂછીને એ યુવકે તો મને ખરેખર વિમાસણમાં મૂકી દીધો. મેં તેને જવાબ આપ્યો, "ભાઈ, માત્ર રસ હોવો એટલું પૂરતું નથી. જીવનશૈલી, વ્યક્તિનું જીવનલક્ષ્ય અને એ લક્ષ્યપૂર્તિ માટે અનુસરવાનો માર્ગ - આ છે સાચા જૈન થવા માટેની ચાવી. મારો કહેવાનો ભાવાર્થ એ હતો કે જન્મ કે સંસ્કૃતિથી વ્યક્તિ ભલેને ગમે તે હોય પણ જો એ જૈન જીવનશૈલી અપનાવે તો જ તે જૈન ગણાય. જોકે વાસ્તવમાં કેવળ જૈન જીવનશૈલી અપનાવવી એટલું પણ પૂરતું નથી. જૈનતત્ત્વદર્શનમાં (સમ્યક્‌દર્શનમાં) શ્રદ્ધા ન હોય તો જૈન જીવનશૈલી સાચા અર્થમાં અપનાવવી શક્ય નથી. એટલે કે સમ્યક્‌જ્ઞાનથી શ્રદ્ધા દૃઢ થાય છે અને દૃઢ શ્રદ્ધા હોય તો સમ્યક્‌ચારિત્ર પ્રાપ્ત થઈ શકે. આખરે ધર્મ એ દર્શન કે તત્ત્વજ્ઞાન જ છે ને! અને જૈન ધર્મ સમ્યક્‌જ્ઞાન અને તાત્ત્વિક પરીક્ષણ પર આધારિત સમ્યક્‌દર્શન પર જ ભાર મૂકે છે.

સામાજિક સમીક્ષકો તેમના આધુનિક સિદ્ધાંતોમાં જણાવે છે કે ધાર્મિક રૂઢિના બંધનોએ આપણને આજ સુધી એકસૂત્રે બાંધી રાખ્યા હતા પણ આધુનિક શિક્ષણ પ્રણાલીએ એ બંધનોને ઢીલા પાડી દીધા છે. નૂતન યુગ તર્ક અને વિજ્ઞાનનો યુગ છે. એ મનુષ્યને ધર્મની પસંદગી કરવામાં જ્ઞાની અને વિવેકી બનવા પ્રેરે છે. જૈન ધર્મ પણ આ જ સંદેશ આપે છે. એ સંદેશ જીવનશૈલી (સમ્યક્‌ચારિત્ર) નાં ત્રણ

મૂળભૂત તત્ત્વોમાં સમાયેલો છેઃ અહિંસા (સર્વ જીવો માટે પ્રેમ), અનેકાંતવાદ (તમામ દષ્ટિકોણ માટે આદર) અને અપરિગ્રહ (જીવન જરૂરિયાતો અને માલિકીની વસ્તુઓને સીમિત કરવી).

આ ત્રણ પાયાનાં તત્ત્વોનો જો આપણાં જીવનમૂલ્યો સાથે સંવાદ સધાય તો શ્રાવકની જીવનશૈલી અપનાવવી, સમ્યક્દર્શનને સમજવું અને તર્ક અને વિવેકબુદ્ધિથી અભ્યાસ કરી શ્રદ્ધાને દૃઢ કરવી - આ બધું એકદમ આસાન બની જાય. ઔપચારિક રીતે જૈન ધર્મ અંગીકાર કરવાની કોઈ આવશ્યકતા રહેતી નથી. પણ જો કોઈ વ્યક્તિને તેના મૂળ જીવનશૈલી અને ધ્યેયને બદલી નવો ધર્મ અપનાવવો હોય તો તેને કોઈ ને કોઈ "આધારતંત્ર"ની જરૂર પડે છે. જેની માટે જૈન ધર્મ નવો હોય તેને જૈન પૂજાસ્થાનકો, મિલનકેન્દ્રો, વિદ્વાનો, અને સાધુસાધ્વીઓ તેની શ્રદ્ધાને ટકાવી રાખવા માટે જરૂરી નૈતિક બળ અને પ્રેરણા, જ્ઞાન અને સમજણ પૂરાં પાડી શકે છે. તેથી દેરાસરમાં જવું એ બંધનકર્તા નથી પણ નવા આગંતુકને માટે જૈનસંઘ અને જૈનસ્થાનકોની અવારનવાર મુલાકાત લેવી જરૂરી બને છે. તેનાથી જૈનસમાજ માટે તેનામાં 'મારાપણાની' ભાવના જન્મે છે અને આધ્યાત્મિક પ્રગતિ માટે તેને પ્રોત્સાહન મળે છે. આમ, કેવળ જૈન ધર્મ અંગીકાર કરવા માટે કોઈ ઔપચારિકતાની જરૂર નથી; પરંતુ યોગ્ય માર્ગદર્શન હેઠળ મુક્તિના માર્ગે ઊંડું ચિંતન અને અભ્યાસ કરવા માટે કોઈ વ્યક્તિ સાધુ કે સાધ્વી જીવનમાં જોડાવાનો નિર્ણય કરે ત્યારે ઔપચારિક વિધિનો પ્રશ્ન આવે છે.

આમ, જૈન ધર્મમાં સામેલ થવું હોય તો જૈનકૂળમાં જન્મ, જૈન સાધુ દ્વારા કે ધાર્મિક વિધિ દ્વારા જૈન ધર્મ અંગીકાર કરવો એ બધું જરૂરી નથી. જેની વિવેકબુદ્ધિ જાગૃત થાય અને લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે નિશ્ચિત માર્ગે ચાલવાનો નિરધાર કરે એ જૈન છે. હવે સવાલ એ છે કે જૈન જીવનનું લક્ષ્ય શું? અને લક્ષ્ય પ્રાપ્તિ માટે ક્યા માર્ગે ચાલવું જોઈએ? જૈન જીવનનું લક્ષ્ય છે મોક્ષમાર્ગે ચાલી શાશ્વત સુખ કે શાશ્વત આનંદની સ્થિતિ પ્રાપ્ત કરવી. પણ સુખની વ્યાખ્યા શું? સુખ કોને કહેવાય?

## સુખ

એક ઉચ્ચ માધ્યમિક શાળાના સંમેલનમાં થોડા જુદા સંદર્ભમાં વિદ્યાર્થીઓએ મને આવા જ પ્રશ્નો પૂછ્યા હતા ત્યારે જવાબમાં મેં તેમને એક સામો સવાલ કર્યો, 'કઈ વસ્તુ તમને જીવનમાં સૌથી વધારે સુખી કરી શકે એમ લાગે છે?' આ હતા તેમના કેટલાક શીઘ્ર જવાબોઃ

| | | |
|---|---|---|
| *સત્તા* | *સારી નોકરી* | *અબજો ડૉલર* |
| *જાતીય સુખ* | *સારું સ્વાસ્થ્ય* | *નશીલા પદાર્થનું સેવન* |
| *મોટરગાડી* | *વિશાળ મકાન* | *કીર્તિ-નામના* |

થોડા વધારે પ્રશ્નો પૂછીને મેં તેમને વિચારોમાં મૂકી દીધા. પૃથ્વી પરની સર્વસત્તાધીશ વ્યક્તિ-અમેરિકાના રાષ્ટ્રપતિને શું આ બધી વસ્તુઓ સૌથી સુખી બનાવે છે? અબજોપતિઓ વિશ્વના સૌથી સુખી માણસો છે? આવું સુખ ક્યાં સુધી ટકી શકે?

મને લાગે છે કે તેમને મારા કહેવાનો મુદ્દો હાથ આવી ગયો! વિદ્યાર્થીઓને હવે ખ્યાલ આવી ગયો કે

આ તમામ સુખો ક્ષણિક છે અને શાશ્વત સુખ તો આ ક્ષણિક સુખોની પેલે પાર દૂર દૂર ક્યાંક રહેલું છે. બાહ્ય પદાર્થો મનુષ્યને ક્યારેય ચિરંતન સુખ આપી શકે નહી. વિદ્યાર્થીઓને ગળે એક વાત ઊતરી ગઈ કે શરીર નહિ પણ શરીરની અંદર કોઈક 'તત્ત્વ' છે જે સુખ અને આનંદનો અનુભવ કરે છે. એ તત્ત્વને કોઈ ચેતનતત્ત્વ કે જીવાત્મા કહે છે તો કોઈ તેને પ્રાણ કે આત્મા કહે છે. જૈનો તેને 'જીવ' કહે છે. 'દરેકની અંદર જીવ રહેલો છે.' એ વાતની વિદ્યાર્થીઓને પ્રતીતિ થઇ અને એ જ કદાચ તેમનામાં જાગૃતિની શરૂઆત હતી.

જૈનો માને છે કે ક્ષણિક સુખ અને ક્ષણિક આનંદનો અનુભવ તો જીવનમાં આપણે બધા જ કરીએ છીએ; પરંતુ જ્યાં સુધી જીવ શરીરમાં કેદ છે ત્યાં સુધી આપણને શાશ્વત સુખનો અનુભવ ક્યારેય થઈ શકે જ નહી. તો પછી જીવને આ કેદમાંથી કોણ મુક્ત કરે છે? મૃત્યુ? ના. જૈનો એવું માનતા નથી. તેમની માન્યતા પ્રમાણે મૃત્યુ પછી જીવ ફરી જન્મ લે છે. એનો અર્થ એ થયો કે મૃત્યુ પછી પણ જીવ તો બદ્ધ જ રહે છે. એટલે કે જ્યાં સુધી જીવ મોક્ષ પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તે જન્મમરણના ચક્રમાં બંધાયેલો જ રહે છે. શાશ્વત સુખ કે ચિરંતન આનંદ એ મુક્ત જીવનો મૂળભૂત ગુણ છે અને એ આનંદને ફરી પ્રાપ્ત કરવા માટે દરેક જીવને મુક્તિની ઈચ્છા રહે છે. તેથી જ્યાં સુધી મોક્ષ* ન થાય ત્યાં સુધી સંસારના (જન્મમરણના) દુ:ખમય અને શોકમય ફેરા ચાલુ જ રહેવાના. તેથી મોક્ષ એ મનુષ્ય જીવનનું પરમ લક્ષ્ય હોવું જોઈએ. જૈન પ્રતિપાદિત આત્મશુદ્ધિના માર્ગે એ લક્ષ્ય પ્રાપ્ત થઈ શકે છે.

## જાગૃતિ પૂર્વે

જૈન મુક્તિમાર્ગમાં ૧૪ શ્રેણી કે ૧૪ ગુણસ્થાન છે (પાનું ૨૦), તેથી જૈનોનો મુક્તિમાર્ગ ૧૪ ગુણસ્થાનનો માર્ગ તરીકે પણ ઓળખાય છે. આ ૧૪ શ્રેણી આધ્યાત્મિક પ્રગતિનો ક્રમ દર્શાવે છે. જૈનોના મતે જાગૃતિનો ઉદય ચોથા સ્થાન પર થાય છે. તેથી જાગૃતિ પહેલાંના ત્રણ સ્થાન પર આપણી પરિસ્થિતિ કેવી હોય છે તે વિશે જાણવું જરૂરી છે :

**પહેલાં સ્થાન** પર ભ્રમ, અને ખોટા ખ્યાલો કે મિથ્યાદષ્ટિને કારણે સંસારમાં આપણે દિશાશૂન્ય ભટકીએ છીએ. દુ:ખમાંથી બહાર નીકળવાનો માર્ગ છે એ વાતની આપણને ખબર જ નથી હોતી એટલે સંસારનાં બંધનમાં આપણે પડયા રહીએ છીએ. સત્ય અને તત્ત્વનાં જ્ઞાન વિશે આપણા મનમાં એક ચોક્કસ પ્રકારનો અણગમો અને ઘૃણા હોય છે. દુ:ખ અને શોકનું સાચું કારણ શું છે તેની આપણને કાંઈ ગતાગમ હોતી નથી. તેથી તેનું કારણ શોધવા કે તે વિશે કોઈની સલાહ સાંભળવા પણ આપણે તૈયાર હોતા નથી. તેથી આ સ્થાનને મિથ્યાદષ્ટિ કહે છે.

આધ્યાત્મિક વિકાસના **બીજા સ્થાન** પર આપણને સત્ તત્ત્વને સમજવાની તક તો મળે છે પણ એ તકને આપણે ઝડપી શકતા નથી.

**ત્રીજા સ્થાન** પર પણ સત્ તત્ત્વ વિશે વિશેષ જાણવાની કોઈ ઈચ્છા હજીયે આપણા મનમાં જાગી

* વધુ માહિતી પ્રકરણ ૯ માં

નથી. જોકે, ક્યારેક કોઈક એવી પળ આવે ત્યારે સત્ય અને તત્ત્વનાં સ્વરૂપને જાણવાની જિજ્ઞાસા જાગે છે ખરી! પણ આવી ક્ષણિક પળમાં થયેલું અલપઝલપ જ્ઞાન ભ્રમ, ભ્રાંતિ અને મિથ્યાદષ્ટિથી ભરેલું હોય છે. તે છતાં આપણી આધ્યાત્મિક પ્રગતિ વિશે જાણવાની જિજ્ઞાસા આપણને થયા કરે છે. આ જિજ્ઞાસા ટકી રહે એ જરૂરી છે. નહિ તો આપણે ત્રીજા સ્થાનથી નીચે બીજા સ્થાન પર ઉતરી પડીએ અને જાગૃતિ આપણી પાસેથી સરકી જાય. તેથી જિજ્ઞાસાને ટકાવી રાખવા માટે સત્યશોધનનું કામ શરૂ કરી દેવું જોઈએ. આ સમજાવવા માટે ત્રીજા સ્થાનની સરખામણી વહેલા પરોઢ સાથે કરી છે. પરોઢિયે સહેજ આંખ ખૂલે, પ્રકાશની આછી ઝાંખી વર્તાય અને ફરી આપણે ગાઢ નિદ્રામાં સરી પડીએ છીએ. આ સાચી જાગૃતિ નથી. તેથી શક્ય છે કે આ સ્થાન પર રહેલા લોકો તેમને સત્ તત્ત્વનું અલપઝલપ દર્શન કે સત્યના સાક્ષાત્કારની આછી ઝાંખી થઈ હતી એ વાત માનવાનો ઈન્કાર પણ કરી દે. તેમનામાં જીવન અને આચરણને વિવેકપૂર્વક જોવાની દૃષ્ટિ હજી આવી નથી. તેથી ભાગ્યને વશ કરવાનું તેમનામાં સામર્થ્ય કે ક્ષમતા છે એ વાત પર તેમને શંકા થાય છે અને આમ ને આમ તેઓ જન્મમરણના ચક્રમાં અટવાયા કરે છે.  મિથ્યાદષ્ટિ અને જાગૃતિનું આ મિશ્રસ્થાન છે.

## જાગૃતિ

સાચી જાગૃતિનો ઉદય **ચોથા સ્થાન** પર થાય છે; પણ કેવી રીતે અને શા માટે? એનો ખુલાસો આપણને જૈન કર્મસિદ્ધાંતમાં મળે છે. તેનો અભ્યાસ આપણે પછી કરીશું. અત્યારે આપણે એ જોઈએ કે ચોથા સ્થાને પહોંચતાં શું શું બને છે? જાગૃતિથી મનુષ્યમાં પરિવર્તન આવે છે એ વાત ખરી. પણ એ પરિવર્તન ક્રમશઃ આવે છે અને શરૂઆતમાં પરિવર્તન સંપૂર્ણપણે આંતરિક હોય છે. જે ક્ષણે આપણને પ્રતીતિ થઈ કે મોક્ષ એ જીવનનું પરમ લક્ષ્ય છે તે ક્ષણે મોક્ષમાર્ગે આપણી યાત્રા શરૂ થઈ ગઈ જ સમજો. ત્યાર પછી ભ્રમ તથા મિથ્યાદષ્ટિ ની ગર્તામાંથી જેવા બહાર નીકળીએ એટલે ચોથા સ્થાન (અવિરતિ) પર આપોઆપ આવી જઈએ. પણ ચોથાથી છઠ્ઠા સ્થાન સુધી આધ્યાત્મિક પ્રગતિ કરવી એ શ્રાવક માટે કપરું ચડાણ છે કારણ કે તેના જીવનમાં હજુ સંયમ (વિરતિ) અને શિસ્તનો અભાવ છે. ચોથાથી (અવિરતિ) છઠ્ઠા (સર્વવિરતિ) સ્થાન સુધી અગિયાર પગથિયાંવાળી સીડી (પાનું ૩૬) ચડવી પડે છે.

આ અગિયાર પગથિયાં ચડીને શ્રાવક વિરક્ત જીવન સુધી પહોંચે છે. મોક્ષના ઉત્તુંગ શિખરે પહોંચવા માટે આત્મસંયમી વિરક્ત જીવન જરૂરી છે. જાગૃતિના આ ચોથા સ્થાનને જૈનો સમ્યક્દૃષ્ટિ કે વિવેકપૂર્ણ જાગૃતિ કહે છે. જાગૃતિ કેવી રીતે આવે? જીવનમાં કોઈક આકસ્મિક ઘટના ઘટે તો અથવા અભ્યાસ, ધ્યાન, ચિંતન કે સાક્ષાત્કાર દ્વારા પણ જાગૃતિ આવી શકે. તે પછી તાત્ત્વિક પ્રશ્નો પર આપણા મનમાં આશ્ચર્ય અને જિજ્ઞાસા થવા લાગે છે. આપણે કોણ છીએ? જીવન શું છે? જગત સત્ય છે? તેની રચના કોણે કરી? મારા જીવનનો મર્મ શું છે? હું સુખી કે દુઃખી શા માટે છું? આ તાત્ત્વિક પ્રશ્નો માટે જિજ્ઞાસા અને શ્રદ્ધા અંતે આપણને મુક્તિના માર્ગ તરફ દોરે છે.

ચોથા સ્થાનની મુખ્ય લાક્ષણિકતા છેઃ 'જાણકારી'. જીવ સત્ય છે એ વાતથી હવે આપણે જાણકાર

છીએ. આપણને એ પ્રતીતિ પણ થઈ છે કે આ શરીર તે 'હું' નથી પણ તેમાં રહેલો જીવ તે 'હું' છું. જીવ સનાતન તત્ત્વ છે. જીવ અને અન્ય સનાતન તત્ત્વોને એકબીજા સાથે સંયોગ છે (એ વિશે ચર્ચા આપણે પછીના પ્રકરણમાં કરીશું). સનાતન તત્ત્વો વચ્ચેના સંબંધોનું જ્ઞાન એક વાત સ્પષ્ટ કરે છે કે આ તત્ત્વો અપરિમિત અને વિશ્વવ્યાપક છે તથા તેમની વચ્ચેનો સંયોગ પ્રકૃતિના ગતિશીલ નિયમો (નવતત્વ, પ્રકરણ ૮) અનુસાર નિશ્ચિતપણે ચાલે છે.

પછી અચાનક વિશ્વના ગૂઢ રહસ્ય પરથી ધીરે ધીરે પડદો ઊઠે છે અને આપણને સમજાય છે કે અરે! વિશ્વમાં કશું જ અવિચારી કે ગૂઢ નથી. કોઈ ગૂઢ કે આધિદૈવી શક્તિ આપણા જીવન સાથે ખેલ ખેલતી નથી. આપણા જીવન માટે આપણે અને કેવળ આપણે જ જવાબદાર છીએ. માટે આપણા ભાવિના ઘડતરનું કામ આપણે આપણા હાથમાં લેવું જોઈએ. આપણા ભાવિને વધુ સુંદર બનાવી શકવાની આપણી પોતાની ક્ષમતામાં વિશ્વાસ અને પ્રતીતિ એ જ છે જાગૃતિની નિશાની !

જીવ, તેનું સ્વરૂપ અને જીવનું અંતિમ લક્ષ્ય મોક્ષ એ ત્રણેય વિશે આપણે જાણકારી મેળવી. અન્ય દ્રવ્યો અને પરિબળોનો આપણા જીવ પર પ્રભાવ છે એ પણ જાણ્યું. આ જાણકારી મળવાથી આપણે આપણી વૃત્તિને ભૌતિક સુખો પરથી વાળી જીવના લક્ષ્યબિંદુ પર કેન્દ્રિત કરીએ છીએ. તેથી આપણા માનસિક વલણમાં આપોઆપ પરિવર્તન આવે છે. 'સુખનો આધાર ઇન્દ્રિયોના ભોગવિલાસ કે ભૌતિકવાદ પર નથી' એ વાત મનમાં દીવા જેવી સ્પષ્ટ થઈ જાય છે અને પછી ભૌતિક પદાર્થોના મોહમાંથી મુક્ત થઈ આપણે વાસનાને વશ કરવાની શરૂઆત કરી દઈએ છીએ. વાસના વશ થતી જાય એટલે ધીરે ધીરે ચિત્તમાં શાંતિ, સમતા અને અલૌકિક આનંદનો અનુભવ થાય છે. તેના ફળ સ્વરૂપ જન્મમરણના ચક્રમાં બંધાયેલાં તમામ દુઃખી જીવો પ્રત્યે આપણા હૃદયમાં દયા અને અનુકંપા જન્મે છે. અને મનમાં સંકલ્પ કરીએ છીએ કે અમારાથી કોઈ પણ જીવને ક્યારેય હાનિ કે દુઃખ ન પહોંચે.

આપણે જોયું કે ચોથા ગુણસ્થાન પર જાગૃતિનો ઉદય થાય છે અને તે સાથે આપણામાં પરિવર્તનની શરૂઆત થાય છે. જોકે આ પરિવર્તન ક્રમશઃ અને આંતરિક હોય છે. જાગૃતિને કારણે આપણામાં વિશ્વાસ જન્મે છે કે ભાગ્યને વશમાં રાખી સાચા માર્ગે ચાલી મોક્ષના લક્ષ્ય સુધી આપણે જરૂર પહોંચી શકશું. તો ચાલો, સાચા માર્ગની ખોજ શરૂ કરીએ. પણ મોક્ષ માટે ક્યો માર્ગ 'સાચો' છે એ કેમ ખબર પડે? સ્વાભાવિક છે કે આ પ્રશ્નનો કોઈ પણ લેખિત કે મૌખિક જવાબ આપણને સ્વીકાર્ય ન લાગે જ્યાં સુધી આપણે સ્વયં અનુભવ કરીએ નહીં. જેમ બરફનો સ્પર્શ, સાકરનો સ્વાદ અને સંગીતનું શ્રવણ આપણે પોતે કરીએ નહિ ત્યાં સુધી તેમના ગુણધર્મોનો સાચો સ્વીકાર કરવા આપણું મન રાજી ન થાય. આ હકીકત મોક્ષમાર્ગને પણ લાગુ પડે છે. સ્વયં તે માર્ગે ચાલતા રહીયે ત્યારે જ તેની સફલતાનો ખરો સ્વીકાર આપણું શંકાશીલ મન કરે. જોકે, ઘટનાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હોય એવા અધિકારી અને અનુભવી લોકોના અમુક વિધાનોને આપણે સામાન્ય રીતે કોઈ પણ જાતના ખચકાટ વિના દરરોજ સ્વીકારીએ છીએ. જે ઘટનાથી આપણે માઈલો દૂર હોવા છતાં તે વિશેના સમાચાર આપણે દરરોજ વાંચીએ છીએ, સાંભળીએ છીએ અને સાચા માની લઈએ છીએ. કોઈ કોઈ વાર સમાચારની સત્યતાને ચકાસવાનો પ્રયત્ન કરીએ છીએ પણ આખરે તો આપણને તેનો પ્રત્યક્ષ અનુભવ ન હોવા છતાં તે

| આત્મવિકાસના ચૌદ ગુણસ્થાન | | | |
| --- | --- | --- | --- |
| | **ગુણસ્થાનક** | **પ્રત્યેક સ્થાન પર વર્તતી પ્રવૃત્તિઓ** | **વિશેષતા** |
| ૧ | **<u>મિથ્યાત્વ</u>** | સમ્યક્ત્વ પરત્વે નકારાત્મક વલણ - અજ્ઞાન, ભ્રમ | અજ્ઞાન |
| ૨ | **<u>સાસ્વાદન</u>** | સમ્યક્ત્વનો સહેજ સ્વાદ યદ્યપિ તે પ્રત્યે ઉપેક્ષા | મૂંઝવણ |
| ૩ | **<u>મિશ્ર</u>** | સમ્યક્ત્વની ક્ષણિક જિજ્ઞાસા પણ ઉદાસિનતા | મિશ્ર ભાવ |
| ૪ | **<u>અવિરતિ-સમ્યક્ત્વ</u>** | મિથ્યાત્વનો ઉપશમ, સમ્યક્ત્વનો ઉદય પણ તે માર્ગે આગળ વધવાની પ્રતિજ્ઞા કે સ્થૂલવિરતિ જીવ હજી નથી કરી શકતો. **<u>અન્તિમ ક્ષણમાં મિથ્યાત્વ છૂટે છે (સમ્યગ્દ્રષ્ટી પ્રાપ્તી)</u>** | જાગૃતિ |
| ૫ | **<u>દેશવિરતિ</u>** | અણુવ્રતો ધારણ કરી ૧૧ પ્રતિમા ચડવાની તૈયારી **<u>(સમ્યગ્દર્શન પ્રાપ્તી)</u>** | અણુવ્રત ધારણા |
| ૬ | **<u>પ્રમત્ત અથવા સર્વવિરતિ</u>** | ૧૧ પ્રતિમાની સીડી ચડવાથી ઘણાં કષાયોનો ક્ષયોપશમ થાય છે, **<u>અવિરતિ છૂટે છે</u>** અને મહાવ્રત (સર્વવિરતિ) લે પણ અલ્પમાત્રામાં હજી પ્રમાદ હોય છે. તેથી પ્રમત્ત સ્થાન. | સાધુધર્મમાં પ્રવેશ |
| ૭ | **<u>અપ્રમત્ત વિરતિ</u>** | મહાવ્રતોના પાલનથી મન, કષાયો અને પ્રમાદો પર કાબૂ (પણ પૂર્ણપણે નહિ) | આત્મસંયમ માટે સાધના |
| ૮ | **<u>નિવૃત્તિબાદર/ અપુર્વકરણ</u>** | કષાયો અને પ્રમાદો પર લગભગ સંપૂર્ણ કાબૂ અને ચારિત્ર મોહનીય કર્મોનો ક્ષય અથવા ઉપશમ | આત્મસંયમથી સ્વચરિત્ર કાબૂમાં |
| ૯ | **<u>અનિવૃત્તિ-બાદર</u>** | કષાયો અને પ્રમાદો પર સંપૂર્ણ કાબૂ અને ચારિત્રમોહનીય કર્મોનો સંપૂર્ણ ક્ષય થવાની શરૂઆત | સંપુર્ણ આત્મસંયમ |
| ૧૦ | **<u>સૂક્ષ્મ સંપરાય</u>** | સ્થૂળ કષાયોની ઉપશમના અથવા ક્ષપણા. ઉપશાંતમોહ અને ક્ષીણ મોહ જેવા સૂક્ષ્મ કષાય (સંપરાય) હજી બાકી છે. | |
| ૧૧ | **<u>ઉપશાંત મોહ</u>** | સ્થૂળ કષાયોની ઉપશમનાથી આ બે ઘડીનું સ્થાન મળે તે દરમિયાન પ્રમાદ થાય તો જીવ નીચેના ગુણસ્થાનકમાં ગબડે. **<u>અન્તિમ ક્ષણમાં સમ્યગ્ચરિત્ર પ્રાપ્તી</u>** | |
| ૧૨ | **<u>ક્ષીણમોહ</u>** | સ્થૂળ કષાયોની ક્ષપણા કરી હોય તો જીવ હવે બાકી તમામ ઘાતી કર્મોનો (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય) ક્ષય કરવા માંડે છે. બારમાના અંતસમયે તે સર્વથા ક્ષય થાય છે. | |
| ૧૩ | **<u>સયોગ કેવલી</u>** | ઘાતી કર્મોનો પૂર્ણ ક્ષય પણ વચન,કાયા, અને મનોયોગ હજી છે. **<u>(સમ્યગ્-કેવળ જ્ઞાન પ્રાપ્તી)</u>** | અર્હત |
| ૧૪ | **<u>અયોગ કેવલી</u>** | સર્વ ઘાતી અને અઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય. **<u>(વચન કાયા અને મનોયોગનો ક્ષય)</u>** | **<u>મોક્ષ</u>** |

ઘટનાના સમાચાર એક ખબરપત્રી આપે ત્યારે તેને એક હકીકત તરીકે આપણે સ્વીકારી લઈએ છીએ. આ પ્રમાણે જ આપણે તીર્થંકરોનો મોક્ષના માર્ગનો ઉપદેશ સ્વીકારીએ છીએ.

કેટલાય વર્ષોનાં ધ્યાન, ચિંતન, પ્રયોગ અને અનુસરણના અંતે તીર્થંકરોએ મોક્ષ માટે આધ્યાત્મિક માર્ગ શોધી કાઢ્યો છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પણ આ તીર્થંકરો જીવન જીવ્યા અને પોતે જે માર્ગને અનુસર્યા હતા અને જે આનંદનો અનુભવ કર્યો હતો તેનો આપણને બોધ આપ્યો છે. ત્યારથી આજ સુધી હજારો લોકો તેમના આદર્શને અનુસર્યા, આધ્યાત્મિક પ્રગતિ સાધી અને તે વિષે કેટકેટલું લખ્યું. તીર્થંકરોએ દાવા સાથે કહ્યું કે તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. હજારો વર્ષો પૂર્વે વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન વિશે તેમણે કરેલા દાવામાંની ભાગ્યે જ કોઈ વાત એવી હશે જે વીસમી સદીના વિજ્ઞાનના સિદ્ધાંત* સાથે અસંગત જોવા મળી હોય! એ હકીકત પરથી નિર્ણય કરીને હું કહું છું કે તીર્થંકરોના જ્ઞાન પર વિવાદ કરવો નિરર્થક છે. તેમના માર્ગે ચાલવામાં જીવની સલામતી છે!

આ તીર્થંકરો કેવળજ્ઞાની અને મુક્તિમાર્ગના અનુભવી હતા. તેથી અન્ય ક્ષેત્રની જેમ અહીં અધ્યાત્મ ક્ષેત્રમાં પણ તેમણે દર્શાવેલ માર્ગને અનુસરી શાશ્વત આનંદનો અનુભવ આપણને પણ થઈ શકે છે કે નહીં તેની ચાલો આપણે ચકાસણી કરીએ. ચૌદમા સ્થાને પહોંચતાં સુધીમાં કદાચ આખું આયખું વીતી જાય કે તેથી પણ વધારે સમય લાગે પરંતુ તીર્થંકરોના માર્ગે નિષ્ઠાપૂર્વક ચાલવાથી શાંતિ અને સમતાનો અનુભવ અવશ્ય થાય છે એ વાતમાં તો શંકાને કોઈ સ્થાન જ નથી. તીર્થંકરોએ બતાવેલા આ માર્ગે શ્રદ્ધાપૂર્વક ચાલી **પાંચમા** અને **છઠ્ઠા ગુણસ્થાનને** પાર કરવાની ઝંખના રાખે એ સાચો જૈન કહેવાય. જેને આ માર્ગ પર શ્રદ્ધા નથી તે ખરેખર જૈન જ નથી. પછી ભલેને જૈન માતાપિતા થકી જન્મ લીધો હોય. ઘણા શ્રાવકો મોક્ષના માર્ગે ભલે બહુ ચુસ્તપણે ચાલતા ન હોય પરંતુ સમ્યક્‌દર્શનમાં તેઓ અપાર શ્રદ્ધા ધરાવે છે અને જૈન આચારસંહિતાના મૂળભૂત સિદ્ધાંતોનું યથાશક્તિ પાલન તેઓ સંનિષ્ઠપણે કરતા હોય છે.

## સમ્યક્ જ્ઞાન

'જાગૃતિ'ને પગલે મોક્ષમાર્ગની ખોજ શરૂ થઈ જાય છે એ આપણે આગળ જોયું. ત્યાં એક વાતનો નિર્દેશ કર્યો હતો કે જૈન માર્ગે ચાલવામાં સલામતી રહેલી છે કારણ એ કેવળી પ્રબોધિત માર્ગ છે. સાથે સાથે એ પણ દર્શાવ્યું હતું કે ચોથા સ્થાન પર જાગૃતિનો ઉદય થાય છે જે સમ્યક્‌જ્ઞાનનો સંકેત કરે છે. જીવ અને જીવનો મોક્ષ સત્ તત્ત્વો છે એ વાતમાં શ્રદ્ધા બેસી જાય છે. જીવ સિવાય બીજા પાંચ સનાતન દ્રવ્યો છે અને એ સનાતન દ્રવ્યોમાં પ્રકૃતિના ગતિશીલ નિયમો પ્રમાણે આંતરક્રિયા ચાલ્યા કરે છે. એ વાત પણ આપણે સમજી લીધી છે.

પણ સત્ તત્ત્વ કે મોક્ષનો માર્ગ તે કેવળ તીર્થંકર પ્રબોધિત છે માટે સ્વીકારી લેવો એ તો 'અંધવિશ્વાસ' કહેવાય અને મોક્ષના માર્ગ પર ક્યારેય અંધવિશ્વાસ ન રખાય. જે શ્રદ્ધા આધ્યાત્મિક પ્રગતિમાં પરિણમે તે જાગૃત બુદ્ધિનિષ્ઠ શ્રદ્ધા છે; અને જે મતાગ્રહ કે જડ રૂઢિમાં પરિણમે તેને અંધશ્રદ્ધા કહે છે.

* વધુ માહિતી પ્ર. ૧૪

તીર્થંકરોએ તો આપણને હંમેશા અંધવિશ્વાસ વિરુદ્ધ ચેતવ્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું છે કે સત્ તત્ત્વને તમે પોતે જાણો, સમજવાનો પ્રયત્ન કરો, તે તરફ દોરી જતાં માર્ગનું જાતે વિશ્લેષણ, પરીક્ષણ, અને કસોટી કરો. ત્યાર પછી જો તેની યથાર્થતાની પ્રતીતિ બેસે અને સંતોષ થાય તોજ તે તત્ત્વજ્ઞાનના દૃઢ પાયા પર તમારી શ્રદ્ધાનું નિર્માણ કરો. જો આપણે જાગીને અજ્ઞાન અને મિથ્યાદૃષ્ટિમાંથી મુક્ત થઇએ તો આપણા ભાવિના માલિક આપણે પોતે જ છીએ.

**તીર્થંકરોએ તો આપણને હંમેશા અંધવિશ્વાસ વિરુદ્ધ ચેતવ્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું છે કે સત્ તત્ત્વને તમે પોતે સમજવાનો પ્રયત્ન કરો, તે તરફ દોરી જતાં માર્ગનું જાતે વિશ્લેષણ, પરીક્ષણ, અને કસોટી કરો. ત્યાર પછી જો તેની યથાર્થતાની પ્રતીતિ બેસે અને સંતોષ થાય તોજ તે તત્ત્વજ્ઞાનના દૃઢ પાયા પર તમારી શ્રદ્ધાનું નિર્માણ કરો.**

આ છે સમ્યક્દૃષ્ટિ! મુક્તિની યાત્રાનો પ્રારંભ કરીએ ત્યારે આ સમ્યક્દૃષ્ટિરૂપી જ્ઞાનનું ભાથું આપણને કામમાં આવે છે.

## યાત્રા :

સમ્યક્ દૃષ્ટિથી જાગૃત થઇને જૈનો ત્રણ રત્નો કે રત્નત્રયી તરીકે ઓળખાતા ત્રિપદી મોક્ષમાર્ગ પર ૧૪ ગુણસ્થાનની અધ્યાત્મયાત્રા શરૂ કરે છે. એ ત્રણ રત્નો આ પ્રમાણે છે :

| | | |
|---|---|---|
| **સમ્યક્ચારિત્ર** | : | બુદ્ધિનિષ્ઠ, વિવેકપૂર્ણ જીવનશૈલી |
| સમ્યક્દર્શન | : | બુદ્ધિનિષ્ઠ, વિવેકપૂર્ણ વિશ્વદર્શન |
| સમ્યક્જ્ઞાન | : | બુદ્ધિનિષ્ઠ, વિવેકપૂર્ણ જ્ઞાન |

મોટાભાગના શ્રાવકો માને છે કે તેઓ ૧૪ ગુણસ્થાનની યાત્રાના ચોથા સ્થાન પર છે. ત્યાર પછીના દરેક સ્થાનમાં વચ્ચે વચ્ચે અનેક સોપાન આવે છે. પરંતુ મુક્તિ માટે આધ્યાત્મિક પ્રગતિ એકી સાથે રત્નત્રયીના ત્રણે મોરચા પર કરવી જરૂરી છે. તેનાથી આપણી આસપાસના વિશ્વ અંગે આપણો દૃષ્ટિકોણ એકદમ પલટાઇ જાય છે અને આજ સુધીના આપણા અલ્પકાલીન ધ્યેયો અને સંબંધોનું ફરી પરીક્ષણ કરવા આપણે પ્રેરાઈએ છીએ. અન્ય માટે આપણામાં પ્રેમ, આદર, કદર અને કરુણા જન્મે છે. તમામ જીવસૃષ્ટિ માટે એક નવો અહોભાવ પ્રગટ થાય છે અને પર્યાવરણના તંત્ર સાથે સંવાદિતાનો સૂર સંધાય છે. ભૌતિક સુખો, સ્તુતિ, નિંદા, અને રાગદ્વેષ તરફ ઉદાસીનતા કે નિર્મમભાવ આકાર લે છે. આમ આપણું જીવન આત્મવિશ્વાસ, આત્માનંદ અને સમ્યક્જ્ઞાને નિરૂપેલ ધ્યેયપૂર્ણ શાંતિમય અનુભવ બની રહે છે.

અને પછી અંતરમાં અપાર શાંતિ સાથે મોક્ષના માર્ગે ગૂઢ અધ્યાત્મયાત્રાની શરૂઆત થાય છે. જોકે, મોક્ષ તો માર્ગના સામા છેડે રહેલ છે પણ જન્મમૃત્યુ અને શોકના અવિરત ચક્રમાંથી એ માર્ગ આખરે જીવને મુક્ત કરશે જ! જે કોઈ આ યાત્રા માટે તૈયાર થાય અને મોક્ષના માર્ગે પ્રયાણ કરે એ સાચો જૈન છે! ક્યાં, ક્યારે અને કેવી રીતે તેનો જન્મ થયો એનું કોઈ મહત્ત્વ નથી. મહત્ત્વ એક જ વાતનું છે કે આ યાત્રાએ નીકળવા માટે વ્યક્તિ સાચા અર્થમાં જાગૃત થાય.

૩

# ૩. મોક્ષમાર્ગની શોધમાં

જૈન થવું હોય તો જૈન કુળમાં જન્મ, કે ઔપચારિક રીતે જૈનધર્મ અંગીકાર કરવો એ અનિવાર્ય નથી. જેની સમ્યકૃદ્દષ્ટિ જાગૃત થાય અને જે મોક્ષમાર્ગે ચાલવાનો નિર્ણય કરે તે જૈન કહેવાય. જૈન મોક્ષમાર્ગમાં આધ્યાત્મિક પ્રગતિના ૧૪ ગુણસ્થાન છે. તેમાં ચોથા સ્થાન પર પહોંચવાથી સમ્યકૃદ્દષ્ટિ પ્રાપ્ત થાય છે અને સમગ્ર વિશ્વ જીવ અને પાંચ અજીવ (પુદ્ગલ, આકાશ, કાળ, ગતિનો નિયમ અને સ્થિરતાનો નિયમ) એમ કુલ છ મૂળભૂત તત્ત્વોનું બનેલું છે (પ્રકરણ ૬) એ વાતની પ્રતીતિ થાય છે. જીવને તેની ચિરંતન સુખની અવસ્થામાં લઇ જવા માટે તેને સંસારચક્રના ફેરા અને બંધનોમાંથી મુકત કરવો પડશે તે વાતની જાણકારી આપણને તે સમયે થાય છે. અને પછી આપણે મોક્ષના માર્ગની ખોજ શરૂ કરીએ છીએ પણ મોક્ષ એટલે શું?

મોટા ભાગના ધાર્મિક સંપ્રદાયો "મૃત્યુ પછી જીવની સ્થિતિ" એ વિષયમાં વિશેષ રસરુચિ ધરાવે છે. તેમનો મુખ્ય ઉપદેશ એ છે કે વર્તમાન જીવન એવું ઘડો જેથી મૃત્યુ પછી ચિરંતન સુખ પ્રાપ્ત થઈ શકે. કેટલાકના મતે ચિરંતન સુખ એટલે 'સ્વર્ગની પ્રાપ્તિ', તો વળી અમુકના મતે આત્મા પરમાત્મામાં લીન થઈ જાય એટલે પરમાનંદનો અનુભવ થાય છે. જૈનોના મતે કર્મોના બંધનથી મુક્ત થઈ જીવ તેના મૂળભૂત ગુણ (અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત શક્તિ) ને ફરી પ્રાપ્ત કરે એ જ મોક્ષ છે. સ્વર્ગ કે પરમાનંદની પ્રાપ્તિ માટે વિવિધ સંપ્રદાયો વિવિધ માર્ગો દર્શાવે છે. કેટલાક સંપ્રદાયોની માન્યતા પ્રમાણે વિશ્વનું નિર્માણ ઈશ્વરે કર્યું છે અને તેનું નિયંત્રણ પણ ઈશ્વર જ કરે છે. તેથી સ્વર્ગ પ્રાપ્તિ માટે ઈશ્વરની કૃપા અને અનુગ્રહ અનિવાર્ય છે. તેમના કહેવાનો અર્થ એ છે કે સદાચરણ દ્વારા જીવ ઈશ્વરને વરણીય બને તો પ્રભુની કૃપાદષ્ટિથી તે સ્વર્ગમાં પ્રવેશ કરી શકે છે. તેમના મતે સદાચાર, ઈશ્વરનો જીવનમાં સ્વીકાર અને ઈશ્વરની કૃપા એ ચિરંતન સુખનો માર્ગ છે.

જૈન માન્યતા પ્રમાણે વિશ્વ અનાદિ અને અનંત છે. તે ઉપર દર્શાવેલ છ સનાતન સત્યોનું બનેલું છે અને વિશ્વ તેનું નિયંત્રણ પોતાના ગતિશીલ નિયમો અનુસાર કરે છે. તેથી સૃષ્ટિના નિર્માણ કે વ્યવસ્થાપન માટે ઈશ્વરની જરૂર છે જ નહિ. જૈનોનો મોક્ષવિચાર ઈશ્વરની કૃપાને ધ્યાનમાં રાખીને ઘડાયો નથી. તેમની માન્યતા પ્રમાણે ઈશ્વર આપણને સુખી કે દુઃખી કરતા નથી. સુખ કે દુઃખ એ તો આપણા જ કર્મના ફળ છે. કોઈક કારણસર જીવમાં અશુદ્ધિ પ્રવેશી જાય એટલે તે મૃત્યુ અને પુર્નજન્મના દુઃખમય

ચક્રમાં અટવાઈ જાય છે (પ્રકરણ ૯). તેથી આત્મશુદ્ધિ (મલિન જીવને શુદ્ધ કરવો) એ જ મોક્ષમાર્ગ છે. જીવમાંથી મલિનતા દૂર થાય એટલે જીવ તેના મૂળભૂત ગુણ (અનંત સુખ કે મુક્તિ અવસ્થા) ને ફરી પ્રાપ્ત કરે છે. જીવની આ મુક્તિ અવસ્થાને જૈનો મોક્ષ કહે છે. આપણા ભવિતવ્ય અને મોક્ષ માટે આપણે પોતે જ જવાબદાર છીએ. કહેવાનો ભાવાર્થ એ કે આપણા જ પ્રયત્નો કે કર્મો દ્વારા મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે.

## મુક્તિ, નિર્વાણ અને મોક્ષ

મોક્ષ, મુક્તિ, નિર્વાણ, આત્માનો ઉદ્ધાર, પરમાનંદ, અનંત જીવન વગેરે શબ્દો આપણે સામાન્ય અર્થમાં અને એકમેકના પર્યાયરૂપે વાપરીએ છીએ. પરંતુ એ ધર્મ-વિશિષ્ટ સંજ્ઞાઓ છે. દરેક ધર્મ એક ચોક્કસ સંજ્ઞા પ્રયોજે છે જે મોક્ષ વિશે તેમની સૂક્ષ્મ સમજણ, તેમને અભિપ્રેત વિશિષ્ટ મોક્ષમાર્ગનું સૂચન અને તે માર્ગે પરમાનંદ પ્રાપ્તિ થાય છે તેમ જણાવે છે.

***મુક્તિ*** – ખ્રિસ્તીઓના મતે મુક્તિ એટલે વિવિધ પ્રકારનાં દુઃખો, માનવ નિર્બળતા, અને પાપમાંથી કાયમી છૂટકારો. તેમના મતે માનવીના દુઃખ કે શોક માટે બે કારણો જવાબદાર છેઃ એક, મહદ્ અંશે મનુષ્યની પોતાની જ નબળાઈઓ અને બીજું, અમુક અંશે વિશ્વમાં દુષ્ટ પરિબળોનું પ્રભુત્વ. પણ તેઓ એમ માને છે કે આખરે ધાર્યું તો ઈશ્વરનું જ થશે. એક દિવસ ઈશ્વર મસિયાહને જરૂર પૃથ્વી પર મોકલશે. મસિયાહ દુષ્ટ પરિબળો પર વિજય મેળવશે, મૃતકોનું પુનરુત્થાન કરશે અને સહુનો ન્યાય તોળશે – સદ્‌ગુણી કે સદાચારી ખ્રિસ્તીઓને સ્વર્ગ અને બાકીનાને નરક! "ઈશુ ખ્રિસ્ત સંપૂર્ણપણે ઈશ્વર અને સંપૂર્ણપણે મનુષ્ય છે." એ દૃઢ નિષ્ઠા દરેક ખ્રિસ્તીમાં રહેલી છે. ઈશ્વર ત્રણ સ્વરૂપે વિદ્યમાન છેઃ પરમ પિતા ઈશ્વર, પુત્ર ઈશુ ખ્રિસ્ત અને પવિત્ર આત્મા. ઈશ્વર આ ત્રિવિધ તત્ત્વોની ત્રિમૂર્તિ છે. સ્વર્ગ મેળવવું હોય તો કેવળ એક જ માર્ગ છે – ઈશુ ખ્રિસ્તના આ સ્વરૂપને સ્વીકારી તેમની આજ્ઞાપ્રમાણે નિષ્ઠાપૂર્વક વર્તવું – એમ ખ્રિસ્તીઓ માને છે. યહૂદીઓના મતે ઈશ્વરના સ્વરૂપનું સાચું જ્ઞાન થવાથી મુક્તિ થાય છે. પ્રતિ ક્ષણે સદાચરણ, યહૂદી ઈશવાદના તેર આદર્શોનું કડક પાલન અને હૃદયગત પ્રેમપૂર્ણ ભક્તિ આ જ્ઞાનપ્રાપ્તિનાં આવશ્યક સાધનો છે. જ્ઞાન એટલે ઈશ્વરના સાચા સ્વરૂપની ઓળખાણ અને તે જ્ઞાન વિના મુક્તિ થતી નથી એમ તે જણાવે છે.

***નિર્વાણ*** – 'નિર્વાણ' સંસ્કૃત શબ્દ છે. તેનો અર્થ છે 'વિલોપન' કે 'બુઝાઈ જવું'. હિંદુ, બૌદ્ધ અને જૈનદર્શનમાં નિર્વાણ શબ્દપ્રયોગ જોવા મળે છે. હિંદુઓના મતે નિર્વાણ એટલે અજ્ઞાનમાંથી મુક્તિ અને પરમાત્મા સિવાય તમામ આસક્તિનું નિર્મૂલન. નિર્વાણને તેઓ સમાધિ કે સ્થિતપ્રજ્ઞ અવસ્થા પણ કહે છે જેમાં આત્માનો પરમાત્મા સાથે સાચા અર્થમાં યોગ સધાય છે. તેને જીવનમુક્તિની અવસ્થા પણ કહે છે, કારણ એ મનુષ્યદેહે આત્માની આનંદ અને શાંતિની સ્થિતપ્રજ્ઞ અવસ્થા છે. હિંદુદર્શનમાં નિર્વાણ અવસ્થા પ્રાપ્ત કરવા માટે ત્રણ મુખ્ય માર્ગ દર્શાવ્યા છે :

**૧. કર્મમાર્ગ:** કર્મમાર્ગ એટલે પોતપોતાના નીતિધર્મનું પાલન કરવું, દૈનિક નિત્યકર્મો (સ્નાન, પૂજાપાઠ, વગેરે) કરવાં તથા ધર્મના આદેશ અનુસાર વ્યક્તિગત જીવન જીવવું. હિંદુશાસ્ત્ર જણાવે છે: "કર્મફળની અપેક્ષા કે આસક્તિ વિના કર્તવ્યપાલન કરવાથી પરમાત્મા સાથે યોગ સધાય છે."[6]

૨. **ભક્તિમાર્ગ:** ભક્તિમાર્ગ એટલે ઈષ્ટદેવ કે તેમના અવતાર પ્રત્યે નિષ્કામ પ્રેમ કે આદરભાવ પ્રગટ કરવા. ઈષ્ટદેવમાં સંપૂર્ણ શરણાગતિ દ્વારા સમાધિ અને દિવ્ય આનંદનો અનુભવ થાય છે. ભક્તિમાર્ગ મુખ્યત્વે રામાનુજાચાર્ય (ઈ.સ.૧૧૩૭)ના ઉપનિષદ ભાષ્ય પર રચાયો છે.

૩. **જ્ઞાનમાર્ગ:** જ્ઞાનમાર્ગ શંકરાચાર્યના (ઇ.સ. ૮૫૦) ઉપનિષદ ભાષ્ય પર આધારિત છે. ધ્યાન અને ગૂઢ ચિંતન દ્વારા બ્રહ્મના સત્ય સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવા પર તે ભાર મૂકે છે. હિંદુદર્શનના મતે બ્રહ્મ એક માત્ર સત્ય છે. બ્રહ્મ અનિવર્ચનીય, નિરાકાર, અલૌકિક શક્તિ છે. બ્રહ્મ સિવાય બધું જ માયા છે. બ્રહ્મજ્ઞાનની અપરોક્ષાનુભૂતિ આત્માની મુક્તિ કરે છે. એ અર્થમાં મુક્તિ એટલે આત્માની પરમાત્મા સાથે એકતા. હિંદુઓ માને છે કે આ ત્રણમાંથી કોઈ પણ એક માર્ગે મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે.

બૌદ્ધોના મતે નિર્વાણ મનુષ્યદેહે સંસારમાં રહીને પણ પ્રાપ્ત થઇ શકે છે. એ જીવની આનંદ અને શાંતિની સ્થિતપ્રજ્ઞ અવસ્થા છે. પરંતુ આત્મા અને સર્જક પરમાત્મા આ બંને તત્ત્વો બૌદ્ધો સ્વીકારતા નથી. તેથી તેમના મતે આત્માની પરમાત્મા સાથે એકતા એ નિર્વાણનો અર્થ નથી. તેમના મતે નિર્વાણ અમૃત પદ છે; બોધિઅવસ્થા છે. અનુકંપા અને પૂર્ણજ્ઞાનની (બોધિની) પ્રાપ્તિ છે. એ ચિત્તની શાંતિ, સમતા, સ્થિરતા અને આનંદની આદર્શ સ્થિતિ છે. આમ બૌદ્ધોના મતે નિર્વાણ એટલે અંતિમ અભેદ અવસ્થા જેમાં વ્યક્તિનું સંપૂર્ણ વિલોપન છે.

***મોક્ષ*** –જૈનદર્શન પણ 'નિર્વાણ' શબ્દ પ્રયોજે છે. 'જીવની તમામ મલિન વૃત્તિનો નિરોધ' એ અર્થમાં જૈનોએ નિર્વાણનું વર્ણન કર્યું છે. મુક્તિની સર્વોચ્ચ અવસ્થા દર્શાવવા માટે તે 'મોક્ષ' શબ્દને જ યથાર્થ અને યોગ્ય ગણે છે. 'આત્માનો પરમાત્મા સાથે યોગ' કે 'ઈશ્વર ન્યાય તોળીને આત્માને સ્વર્ગ કે નર્કમાં મોકલે - મોક્ષનો આ બેમાંથી એકેય અર્થ જૈનોને અભિપ્રેત નથી. 'અનંત જીવો અને તેમની શુદ્ધ અને અશુદ્ધ અવસ્થા'ના વિચારની ધારાની આસપાસ જૈનોનું સમ્યક્દર્શન રચાયેલું છે. શુદ્ધ અને મુક્ત જીવ આનંદ સ્વરૂપ છે. અનંત આનંદનો આ મૂળભૂત ગુણ અશુદ્ધ જીવમાં તેની મલિનતાને કારણે ઢંકાઈ ગયો છે. તેથી જીવની શુદ્ધિ અને સંસારના બંધનમાંથી જીવની મુક્તિ એ જીવનનું મુખ્ય લક્ષ્ય છે. પણ એ લક્ષ્ય આપણે સિદ્ધ કેવી રીતે કરી શકીએ?

---

[6] ભગવદ્-ગીતા, ૨.૪૭

કર્મ, ભક્તિ અને જ્ઞાન એ ત્રણમાંથી કોઈ પણ એક માર્ગે મોક્ષ પ્રાપ્ત થઈ શકે છે એ હિંદુ માન્યતા વિશે આપણે આગળ વાત કરી. હિંદુદર્શનના આ ત્રણ માર્ગોની સમાંતર જૈનદર્શનમાં સમ્યક્ચારિત્ર, સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાન છે. જૈનોના સમન્વયાત્મક મોક્ષમાર્ગમાં આ ત્રણેનો એકીસાથે સમાવેશ થાય છે. હિંદુઓ માને છે કે જીવનમુક્તિ અવસ્થામાં આત્મા પરમાત્મામાં વિલીન થાય અને પરમાત્મા સમયે સમયે પૃથ્વી પર સ્વયં અવતાર ધારણ કરે છે. બીજી બાજુ જૈનોના મતે મોક્ષ એટલે જીવનમૃત્યુના દુ:ખમય ચક્રમાંથી જીવની આત્યંતિક મુક્તિ. મુક્ત જીવ તેના મૂળભૂત ગુણ (અનંત આનંદ) ને ફરી પ્રાપ્ત કરે ત્યાર પછી પુર્નજન્મ નહિ; અવતાર તરીકે પણ નહિ! જે આત્મા જન્મ-મરણના ફેરામાંથી સંપૂર્ણ મુકત થાય તે જ ખરાં પરમ-આત્મા.

## જૈન મોક્ષમાર્ગ

મોક્ષ માટે આપણે ક્યા માર્ગે ચાલશું? આધ્યાત્મિક પ્રગતિના જૈન માર્ગમાં ૧૪ ગુણસ્થાન છે (પૃષ્ઠ ૨૦). ચોથા સ્થાન સુધી પહોંચવાનું શ્રાવક માટે આસાન છે. આ સ્થાન પર પહોંચે એટલે "આત્માને મુક્ત કરવાની જરૂરિયાત છે" એ વાતનું જ્ઞાન તેને થાય છે. આ જ્ઞાન તો થયું પણ જીવનમાં હજી સંયમ અને શિસ્ત આવ્યા નથી. તેથી અધ્યાત્મયાત્રા થઈ શકી નથી. ચોથા સ્થાનમાં સંયમનો અભાવ છે. તેથી તેને અવિરતિ (સંયમ વિનાનું) ગુણસ્થાન કહે છે. આપણને ધ્યેયની ખબર પડી છે. માર્ગ નક્કી કરી નાખ્યો છે અને કદાચ યાત્રા શરૂ પણ કરી દઈએ. પણ એ માર્ગે પ્રગતિ કરવી હોય તો સંકલ્પ અને સાધના દ્વારા સ્વયંશિસ્તની સંપાદના કરવી જરૂરી છે. સંકલ્પ કે મનોબળને દઢ કરવા, જીવનમાં સ્વયંશિસ્ત કેળવવા અને તે દ્વારા આધ્યાત્મિક પ્રગતિ કરવામાં વ્રતો મદદરૂપ થાય છે. શ્રાવકોએ પ્રાથમિક વ્રતનિયમો લેવા અને સ્વયંશિસ્તની સંપાદના કરવી એ બે મુખ્ય સલાહ જૈન ધર્મમાં આપવામાં આવી છે. તેથી જૈન જીવનશૈલી અને મોક્ષમાર્ગને વાસ્તવિક રીતે સમજવા હોય તો આ વ્રતો વિષે જાણકારી હોવી જરૂરી છે.

## પ્રાથમિક વ્રતનિયમો

આપણું જીવન ટૂંકું છે અને લક્ષ્ય (મોક્ષ) ઉન્નત છે. આખરી મુકામે પહોંચવું હોય તો ઉમંગ અને શિસ્તબદ્ધ તાલીમથી સંપૂર્ણપણે સજ્જ થવું પડે. એ સજ્જતા પ્રાપ્ત કરી મુક્તિમાર્ગે ઝંપલાવવા માટે તીર્થંકરોએ 'પ્રેરણાદાયી સાધન' તરીકે વ્રતનિયમ લેવાની ભલામણ કરી છે. વ્રતનિયમ લીધા વિના સહજ વલણ રાખવાથી પ્રગતિ તો થશે પણ ધીમી ગતિએ થશે. માટે નવોદિતો પ્રાથમિક બાર વ્રતોથી આરંભ કરે છે. આ માર્ગે નિષ્ઠાપૂર્વક આગળ ધપવા ઈચ્છતા સાધુ કે સાધ્વી માટે કડક વ્રતોનો નિર્દેશ છે. પ્રાથમિક વ્રતો નવોદિતો અને શ્રાવકો માટે છે. તેનો મુખ્ય ઉદ્દેશ કુટુંબ અને સમાજ પ્રત્યે ફરજ અદા કરવામાં અને રોજબરોજના ભૌતિક જીવનના તણાવ, વાસના, ઈચ્છા કે લોભના સંવેગોમાંથી બહાર આવવામાં મદદરૂપ થવાનો છે. આ પ્રાથમિક વ્રતનિયમથી એક વાર સ્વયંશિસ્ત અને સમતા અમુક

અંશે આવે તે પછી બીજી અનેક નબળાઈઓ પર વિશેષ સંયમ કેળવવા માટે હજી વધારે વ્રતો લેવાના હોય છે. સામાન્ય રીતે આ બાર પ્રાથમિક વ્રતો ત્રણ તબક્કે લેવામાં આવે છે જેથી ક્રમશઃ વધારે સંયમ કેળવાય છે :

પાંચ અણુવ્રતો - પાયાનાં વ્રતો
ત્રણ ગુણવ્રત - પાંચ અણુવ્રતોની વિશેષ પુષ્ટિ માટે
ચાર શિક્ષાવ્રત - આધ્યાત્મિક સાધના માટે

## *પાંચ અણુવ્રતો (પાયાનાં વ્રતો)*

આધ્યાત્મિક યાત્રાની શુભ શરૂઆત આ પાંચ પાયાનાં અણુવ્રતોથી થાય છેઃ

**અહિંસા વ્રત** : મન, વચન અથવા કાયાથી કોઈ જીવની હત્યા કરવી નહી.
**સત્ય વ્રત** : સાચું બોલવું
**અચૌર્ય વ્રત** : ચોરી કરવી નહી અને અનીતિથી કાંઈ પણ મેળવવું નહી
**શીલ વ્રત** : મન વચન અને કાયાથી વાસના પર સંયમ રાખવો
**પરિગ્રહ પરિમાણ વ્રત** : જીવન જરૂરિયાતો અને મમત્વને મર્યાદિત કરવાં

સામાન્ય રીતે શ્રાવકો આ વ્રત સાધુ કે સાધ્વી પાસે લે છે. અહિંસાની પ્રતિજ્ઞા શ્રાવકો માટે આ પ્રમાણેઃ

**"બે કે બેથી વધારે ઈન્દ્રિય ધરાવતાં જીવો (પ્રાણીઓ)ને હું મન, ક્રિયા કે વાણીથી જાણીબૂઝીને હાનિ પહોંચાડીશ નહી. એકેન્દ્રિય જીવો (વનસ્પતિ અને સૂક્ષ્મ જીવજંતુ)ની હિંસા ન થઈ જાય તે માટે હું યથાશક્તિ કાળજી રાખીશ."**
**રત્નકરંડ શ્રાવકાચાર, ૩/૫૩**

**<u>(૧.) અહિંસાનું વ્રત</u>** શ્રાવકો માટે થોડું હળવું પણ સાધુ માટે એકદમ કડક હોય છેઃ

**"સૂક્ષ્મ કે સ્થૂળ, સ્થાવર કે ત્રસ - તમામ જીવોની હિંસાનો હું ત્યાગ કરું છું. હું પોતે તો કોઈ જીવની હિંસા નહી કરું પણ કોઈને હિંસા કરવા પ્રેરીશ નહી કે એ માટે ક્યારેય કોઈને સમંતિ પણ નહી આપું. મન, વચન અને કાયા આ ત્રણ પ્રકારની હિંસાનાં પાપ કર્મથી હું મારી જાતને મુક્ત રાખીશ. એનું પ્રાયશ્ચિત, ત્યાગ અને કબૂલાત કરીશ."**
**આચારાંગ સૂત્ર, ભાગ ૨, ૧૫,૧, ૪**

એક વાતની અહીં નોંધ લઈએઃ "તું તારા પાડોશીને ક્યારેય દુઃખ પહોંચાડીશ નહીં." આ છે અહિંસા વિશે યહૂદી-ખ્રિસ્તી વિચાર. જૈનોનું અહિંસા વ્રત એથીયે આગળ વધીને તમામ જીવપ્રાણી - કરોળિયા, મચ્છર - સુધી વિસ્તરેલું છે. તેથી કેવળ માંસાહારનો જ નહી પરંતુ ઈંડાના આહારનો પણ અહિંસા વ્રતમાં નિષેધ કરવામાં આવ્યો છે. તેજ પ્રમાણે મૂળસોતા ઉખેડવામાં આવતાં કંદમૂળ (બટાટા, કાંદા,

લસણ વગેરે)ના ત્યાગનો પણ અહિંસા વ્રતમાં સમાવેશ કરવામાં આવેલો છે કારણ મૂળસાથે ઉખેડવાથી આખા ઝાડની કે છોડની હત્યા થાય છે તેમજ તેના આધારે મૂળમાં અને જમીનમાં રહેતા અનેક જીવજંતુની પણ !

નોંધપાત્ર વાત તો એ છે કે આ વ્રતમાં કેવળ ક્રિયાથીજ નહિ પણ મન અને વચનથી પણ કોઈને દુ:ખ ન આપવું અને હણવું કે હણાવવું નહિ એવો આદેશ આપવામાં આવ્યો છે. આ આદેશમાં જ અહિંસાનો સાચો જૈન અર્થ સમાયેલો છે. આપણા વિચાર ભલે દેખીતી રીતે કોઈને હાનિ ન પહોંચાડે પણ તે આપણા જ જીવને કલુષિત કરે છે માટે મન, વચન અને કાયાનો સંયમ રાખવો જરૂર છે. સમત્વભાવ (મનની શાંતિ), તમામ જીવો પ્રત્યે આદર અને આત્મસંયમ - આ ત્રણ મુખ્ય ઉદ્દેશો પાંચે વ્રતોની પાછળ રહેલાં છે. મન અને વિચારને યોગ્ય દિશામાં કેળવીએ તો જ આ વ્રતોનો ઉદ્દેશ સિદ્ધ થાય. વાસ્તવમાં અહિંસાનો અર્થ તો હણવું કે હત્યાથી બહુ આગળ વિસ્તરેલો છે. જે કર્મ - કાયિક, વાચિક કે માનસિક - આપણને મોક્ષમાર્ગમાંથી વિચલિત કરે તે હિંસા છે. આ દષ્ટિએ બીજા બધા જ વ્રતો અહિંસા વ્રતમાં સમાઈ જાય છે અથવા કહો કે એ બધા વ્રતો અહિંસા વ્રતના જ વિસ્તાર છે.

**કોઈ પણ કાયિક, વાચિક કે માનસિક કર્મ જો આપણને નિર્વાણના માર્ગથી વિચલિત કરે તો તેને હિંસા કહેવાય.**

**(૨.)** બીજું વ્રત છે **<u>સત્ય વ્રત.</u>** તેનો અર્થ છે જૂઠું બોલવું નહીં; અસત્ય વાણી, કર્મ કે ભાવનાનો ક્યારેય આશ્રય લેવો નહીં. ફરી એક વાર નોંધીએ કે અહીં 'ભાવના' એ મુખ્ય લક્ષ્યબિંદુ છે જે શ્રાવકને ભારપૂર્વક જણાવે છે કે કોઈ પણ અનિવાર્ય કટોકટીની પરિસ્થિતિમાં સદ્‌ભાવનાથી જ હંમેશા તોડ કાઢવો. દા. ત. મલિન આશયથી જૂઠું બોલવાથી જે કપરું ફળ ભોગવવું પડે તેવું ફળ કોઈનું જીવન બચાવવાની ભાવનાથી જૂઠું બોલનારને ભોગવવું પડતું નથી. **(૩.)** ત્રીજું વ્રત છે **<u>અચૌર્ય વ્રત.</u>** જૈન શ્રાવકોએ અનૈતિક સાધનો દ્વારા ક્યારેય કાંઈ મેળવવું નહીં (દા.ત. અપ્રમાણિકતા, ચોરી, છેતરપીંડી) કે કોઈની મિલકત પડાવી લેવી નહીં કે કોઈની ખોવાઈ ગયેલી કે ભૂલથી રહી ગયેલી વસ્તુ કે મિલકતની ઉચાપત કરવી નહીં. **(૪.)** ચોથું છે **<u>શીલ વ્રત.</u>** આ વ્રત વાસનાના ઉપશમ પર ભાર મૂકી લગ્ન પૂર્વે કે લગ્નેતર સંબંધથી દૂર રહેવાનો આદેશ આપે છે. **(૫.)** પાંચમું વ્રત છે **<u>પરિગ્રહ પરિમાણ વ્રત.</u>** એ ભૌતિક જરૂરિયાતો, તેનો સંચય અને તેના વિશે મમત્ત્વભાવને ધીરે ધીરે મર્યાદિત કરવાનું સૂચન કરે છે. અપરિગ્રહ વ્રત શ્રાવક માટે વિશેષ ઉપકારક છે. તે જૈનોને ઉદાર હાથે દાન આપી પોતાની સપંત્તિનો સમાજના કલ્યાણ માટે સદુપયોગ કરવાની પ્રેરણા આપે છે.

આ પાંચે વ્રતોના પર્યાવરણલક્ષી અર્થસંકેતો ખાસ નોંધનીય છે. વૃક્ષોને સતત કાપવા, મૂળથી ઉચ્છેદ કરવો, "કૃત્રિમ જરૂરિયાતો" ને ખાતર પર્યાવરણમાં પરિવર્તન લાવી તેનો સ્વાર્થ માટે ઉપયોગ કરવો વગેરે પર રોક લગાવીએ તો વાતાવરણ પર પડતી અવળી અસરને રોકી શકાય અને આપણી આસપાસના વાતાવરણ સાથે આપણે સુમેળથી રહી શકીએ.

## ત્રણ ગુણવ્રતો (પોષક વ્રતો)

અણુવ્રતોની પુષ્ટિ માટે આ ત્રણ ગુણ વ્રતો પ્રયોજાયાં છે. સંકલ્પને દઢ કરી મનને યોગ્ય તાલીમ આપવા માટે દર્શાવેલ ત્રણ ગુણવ્રત છેઃ દિક્ વ્રત, દેશવકાસ્તિક વ્રત અને અનર્થ-દંડ-વ્રત.

### શ્રાવકોના વ્રતો

**પ્રાથમિક વ્રતો**
૧૨ વ્રતો

**અણુવ્રતો**
*૫ વ્રતો*

- **અહિંસા વ્રત** — *કોઇ પણ જીવની હત્યા ન કરવી*
- **સત્ય વ્રત** — *સાચું બોલવું*
- **અચૌર્ય વ્રત** — *ચોરી અથવા અનીતિથી કાંઇ મેળવવું નહી*
- **શીલ વ્રત** — *આચાર વિચારોને નિર્મળ રાખવા*
- **પરિગ્રહ પરિમાણ વ્રત** — *જીવન જરૂરિયાતોને મર્યાદિત કરવાં*

**ગુણવ્રતો**
૩ વ્રતો

- **દિક્ વ્રત** — *દિશા નિયંત્રણ*
- **ભોગોપભોગ વ્રત** — *વસ્તુઓના ભોગ/ ઉપભોગ પર નિયંત્રણ*
- **અનર્થદંડ વ્રતો** — *હાનિકારક કર્મ નિયંત્રણ*

**શિક્ષાવ્રતો**
૪ વ્રતો

- **સામાયિક વ્રત** — *નિત્ય ધ્યાન અને સમ્યકત્વ*
- **દેશવકાસ્તિક વ્રત** — *વ્રતોની છૂટને મર્યાદિત કરવા*
- **પોષધોપવાસ વ્રત** — *સાધુ જીવન ગાળવું*
- **અતિથિ સંવિભાગ વ્રત** — *જરૂરતમંદને જમાડયા પછી જમવું*

**(૬.) દિક્ વ્રત (દિશા નિયંત્રણ):** પોતાના કાર્યક્ષેત્રની હદ નક્કી કરવા સ્વેચ્છાએ મૂકેલા દિશા સંબંધી નિયંત્રણોને દિક્ વ્રત કહે છે. વ્યાપારધંધા કે અન્ય કામ માટે ખેડવામાં આવતાં પ્રવાસના ક્ષેત્ર અંગે પોતે જ લાદેલી આ મર્યાદા છે. કોઈ પણ બંધન વિના મનુષ્યની ઈચ્છાઓ નીતિ કે અનીતિને માર્ગે સતત આગળ વધતી જ રહે છે. દિક્વ્રતનો મુખ્ય હેતુ ઈચ્છાઓ પર બંધન મૂકી તેને નિયંત્રણમાં રાખવાનો છે. અનીતિ અને દુરાચાર કરવા પ્રેરે એવા અપરિચિત વાતાવરણ કે પરિસ્થિતિમાંથી બચવા તેમજ મનની શાંતિ અને સમતા હણાઈ ન જાય તેની તકેદારી રાખવા દિક્વ્રત એક ચોકીદારની કામગીરી બજાવે છે. ઐતિહાસિક દષ્ટિએ, આ વ્રતના કઠોર પાલનને કારણે જૈન સાધુઓ તેમના નજીકના વાતાવરણ- ગામ, તાલુકો કે પ્રાંત - થી વિશેષ દૂર પ્રવાસ કરી શક્યા નથી અને પ્રભાવ પાડી શક્યા નથી. મહદ્ અંશે આ વ્રતને કારણે જૈન ધર્મનો પ્રસાર અવરોધાયો છે. સાધુસાધ્વી આ વ્રતનું કડક રીતે પાલન કરે છે જ્યારે મોટા ભાગના શ્રાવકો વ્રતની પાછળ રહેલી ભાવનાને ખ્યાલમાં રાખીને તેનું પાલન કરે છે.

**(૭.) ભોગોપભોગ પરિમાણ વ્રત:** બિનજરૂરી વસ્તુઓના ભોગ/ઉપભોગ પર નિયંત્રણ મૂકવું. દારૂ, માંસ, માખણ, મધ, ઉબરાદિ પાંચ જાતના ટેટા, કંદમૂલ, રાત્રિ ભોજન ઇત્યાદિનો ત્યાગ અને કપડાં, અલંકાર, શય્યા, આસન, ઘર વગેરે ભોગના સાધનો પર નિયંત્રણ.

**(૮.) અનર્થદંડ વ્રત (હાનિકારક કર્મ નિયંત્રણ):** આ વ્રત અન્યને હાનિ પહોંચે એવું કામ કરતાં કે એવી કોઈ પણ રીતે આજીવિકા રળતાં જૈનોને રોકે છે. આ વ્રત લેવાથી અસ્ત્રશસ્ત્ર બનાવવાનો કે તેનો પૂરવઠો પૂરો પાડવાનો વ્યવસાય કે આવાં હિંસાલક્ષી વ્યવસાય થી આપોઆપ દૂર રહી શકાય છે. તેથી ચામડું કમાવવાનું, પગરખાં બનાવવાનું, કસાઈનું, મરઘાં ઉછેરવાનું કે બટાટાની ખેતી કરવાનું કામ કરતો જૈન તમને ક્યારેય જોવા નહી મળે એમાં નવાઇ નથી. આ વ્રત એમ પણ જણાવે છે કે બણગાં ફૂકવાં, કોઈના વિશે ખરાબ બોલવું કે વિચારવું વગેરેથી પણ હંમેશા દૂર રહેવું.



'આત્મસંયમ' અને 'મોક્ષ પર લક્ષ્ય કેન્દ્રિત' કરવું એ આ વ્રતોની પાછળ મુખ્ય ઉદ્દેશ્ય છે. મોટા ભાગના જૈનો વ્રતોની પ્રતિજ્ઞા ન લેવા છતાં પણ વ્રતોનું યથાશક્તિ પાલન કરવાનો સંનિષ્ઠ પ્રયત્ન હંમેશા કરતા હોય છે. તેથી જ જૈનો મુખ્યત્ત્વે શિક્ષક, અધ્યાપક, ડૉક્ટર, એન્જિનિયર, વકીલ, વેપાર, વાણિજ્ય જેવા વ્યવસાયને પસંદ કરે છે. દાળચોખા, શાકભાજી, ફળ વગેરેનો નીરોગી સમતોલ આહાર

લે છે. શરીર અને મનના નિરામય સ્વાસ્થ્ય માટે જૈન જીવનશૈલીને અનુસરે છે. આ પ્રાથમિક નિયમો શ્રાવકને સાધુ-સાધ્વી જીવન તરફ દોરી જાય એ રીતે ઘડાયા છે. પરંતુ બહુ ઓછી સંખ્યામાં જૈનો વિધિસર દીક્ષા લે છે.

## *ચાર શિક્ષા વ્રતો( આધ્યાત્મિક તાલીમનાં વ્રતો)*

ઉપર દર્શાવેલા આઠ વ્રતોનું યથાશક્તિ પાલન કર્યા પછી શ્રાવક - શ્રાવિકાને વૈરાગી જીવન (સાધુ-સાધ્વી જીવન)ના તપ અને સંયમના નિયમોની આછી ઝલક મેળવવાની ઈચ્છા થાય તે સ્વાભાવિક છે. તે માટેના ચાર શિક્ષા વ્રતો હકીકતમાં એક પ્રકારની આધ્યાત્મિક તાલીમ છે.

**(૯.) સામાયિક વ્રતઃ** એક મુહૂર્ત પર્યંત (૪૮ મિનીટ) સમભાવમાં રહીને નિત્યધ્યાન કરવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. રોજ એક અથવા વધારે સામાયિક કરવાનું આ વ્રત છે.

**(૧૦.) દેશવકાસિક વ્રત (આદતોની છૂટ પર નિયંત્રણ):** આદતોના આપણે ગુલામ છીએ. આદતો પાછળ વેડફાઈ જતાં સમય પર નિયંત્રણ મૂકી આદતોનું નિયમન કરવું તેને દેશવકાસિક વ્રત કહે છે. દા. ત. અઠવાડિયે એક વાર ઉપવાસ કરવો, અમુક ચોક્કસ સમય પૂરતો મનગમતાં ખાદ્યપદાર્થનો ત્યાગ કરવો. માનવીય નબળાઈમાંથી મુક્ત થવા માટે આ વ્રતરૂપી આધ્યાત્મિક તાલીમ જરૂરી છે.

**(૧૧.) પોષધોપવાસ વ્રતઃ** નિર્ધારિત સમય દરમિયાન સાધુ કે સાધ્વી જેવું જીવન ગાળવું.

**(૧૨.) અતિથિ સંવિભાગ વ્રતઃ** ભૂખ્યા કે જરૂરતમંદોને જમાડયા પછી જમવું. સાધુ-સાધ્વીઓને પાત્ર, વસ્ત્ર, આહાર અને આશ્રય આપવો.

આ બારેય વ્રતોનું કુશળતાપૂર્વક પાલન કરે એટલે શ્રાવક કે શ્રાવિકા ચોથા ગુણસ્થાન પરથી છઠ્ઠા ગુણસ્થાન પર આવી પહોંચે છે. આ ગુણસ્થાન દરમિયાન અગિયાર સોપાનની સીડી* ચડવાની હોય છે. એક એક સોપાન ચડીને આખરે છેલ્લા અગિયારમા પ્રતિમા સ્થાને આવે એટલે તે લગભગ તપસ્વી બની જાય છે. ઈન્દ્રિયો કે લાગણીના સંવેગો પર યોગ્ય સંયમ અને વૈરાગ્ય તેનામાં આવી જાય છે અને આમ હવે પછીનું કદમ ઉઠાવવા તે સજ્જ બને છે. સંપૂર્ણ તૈયારી અને સજ્જતા સાથે હવે તે આચાર્યને વિનંતી કરી શકે કે મોક્ષ માટે ૧૪ ગુણસ્થાનની આધ્યાત્મિક ઉન્નતિની યાત્રાને આગળ ધપાવવા માટે મને સાધુ-સાધ્વીની દીક્ષા આપો.

* ગુણસ્થાન અને સોપાન/પ્રતિમા એ બન્ને અધ્યાત્મિક પ્રગતિના નિર્દેશક છે પણ તે બે વચ્ચે ગેરસમજ કરવો નહી. ગુણસ્થાન અધ્યાત્મિક પ્રગતિની ટૂંકોનો નિર્દેશ કરે છે, તો સોપાન/પ્રતિમા ચોથાથી છઠ્ઠા ટૂંકે પહોંચવાના પગથિયાંના અર્થમાં વપરાય છે.

નવદીક્ષિત સ્ત્રીપુરુષો સાધુમાર્ગમાં સાધુ કે સાધ્વી તરીકે પ્રવેશ કરે છે તેમને માટે લગ્ન વર્જ્ય છે. તેમણે અખંડ બ્રહ્મચર્યનું પાલન કરવાનું હોય છે. ઉપાશ્રયમાં તેઓ સાદગીપૂર્ણ જીવન જીવે છે. ગામોગામ વિહાર કરે છે અને શ્રાવકો ઉદાર હાથે જે વોહરાવે તેના પર જીવનનિર્વાહ કરે છે. મોટા ભાગનો સમય તેઓ ધ્યાન અને અધ્યયનમાં વિતાવે છે. શિષ્યોને આધ્યાત્મિક માર્ગદર્શન આપે છે. શાસ્ત્રનો અભ્યાસ વગેરેમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી સાધુ અને સાધ્વી પણ ઉચ્ચ સ્થાને એટલે કે આચાર્યપદે પહોંચી શકે છે. અંતિમ તીર્થંકર મહાવીર ભગવાને શાસ્ત્રનું અધિકૃત વિવેચન કરી તેને સત્તાવાર રીતે બહાર પાડવાનો એક વિશિષ્ટ અધિકાર આચાર્યોને પ્રદાન કર્યો છે. બિહાર સાધ્વી સંપ્રદાયના મુખ્ય આચાર્યા ચંદનાજીએ શાસ્ત્રના અમુક ભાગનું સ્ફુટ વિવેચન કરીને તમામ સંઘને (ગૃહસ્થો અને સાધુ-સાધ્વીનેપણ) સામાજિક ચેતનાને લગતા મુદ્દાઓમાં જોડાઈને સક્રિય રીતે પ્રવૃત્ત થવાનો આદેશ આપ્યો છે. આચાર્યા ચંદનાજી પોતે બિહારમાં ૨૦૦ બિછાનાની એક હોસ્પિટલ ચલાવે છે. તેમાં દરદીઓને નિઃશુલ્ક સેવા આપવામાં આવે છે. તેમણે કેટલીય શાળાઓની પણ સ્થાપના કરી છે. તાજેતરમાં ગુજરાતના ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં ખાસ ગરીબો માટે પણ એક શાળા ઊભી કરી છે અને તામીળનાડૂના સુનામીગ્રસ્ત બાળકોની સેવા તે આપી રહ્યા છે.

દીક્ષા લીધા પછી ધીરે ધીરે ચડાણ કરીને સાધક તેરમા ગુણસ્થાને (સયોગ કેવળી) પહોંચે છે ત્યારે તેના ઘાતી કર્મો (પ્રકરણ ૯) પૂરા નાશ પામે છે. જ્યાં સાંસારિક બંધનના આખરી સૂક્ષ્મ અંશોમાંથી કાયમ માટે મુક્ત થઈ અર્હત પદે - કેવળજ્ઞાનની સ્થિતિએ - તે પહોંચે છે. અહીં તેરમા સ્થાનથી આત્યંતિક મોક્ષના ચૌદમા સ્થાન સુધીનું ચડાણ, બાકી રહેલા અઘાતી કર્મોનો ક્ષય થવાથી, લગભગ સહજ અને આપોઆપ થાય છે. જે અરહંતો બાકીના અઘાતી કર્મોને કારણે જીવન જીવવાનું ચાલુ રાખે છે તે તેમના નામકર્મોના કારણે તીર્થંકર બને છે. જોકે અરહંત સ્થિતીમાં હવે કોઈ નવાં કર્મો બંધાતા નથી. તેથી ટોચ પરથી નીચે સરી પડવાના ડરની કોઈ શક્યતા રહેતી નથી. આખરે બાકીના અઘાતી કર્મો પણ એની મેળે ખરી પડે છે. મૃત્યુ પછી જીવ મોક્ષ પ્રાપ્ત કરી સિદ્ધલોકે સિધાવે છે. પછી નહિ પુર્નજન્મમરણ, કે નહિ કોઈ દુઃખ!

મોક્ષનો માર્ગ ખરેખર લાંબો છે અને વ્રતપાલન એ તો કેવળ શરૂઆત છે. જેમ "અખિલ વિશ્વમાં આપણું સ્થાન શું?" એ વિચાર માત્રથી આપણામાં નમ્રતા આવે છે તેમજ 'મોક્ષનો માર્ગ દૂર છે' એ જાણીને શ્રાવકમાં વિનમ્રતાનો ભાવ જાગે છે. મોક્ષના ખરા માર્ગે વિધિસર ચાલનારા જૈનો જૂજ છે. જોકે, મોટા ભાગના જૈનો વ્રતની ભાવના ગળે લગાડી વિશેષ સાદગીપૂર્ણ, સંતોષમય અને શાંતિમય જીવન જીવે છે. મોક્ષની ભેટ તેમને વર્તમાન જીવનમાં મળી શકે કે નહિ પણ એક વાત તેઓ ચોક્કસ જાણે છે કે વાસના અને ભૌતિક ઈચ્છાના તણાવ-મુક્ત જીવનની ભેટ તો તેમને જરૂર મળશે જ!

૪

# ૪. જૈન માર્ગ

આશા છે રૂકે અત્યાર સુધીમાં જૈન ધર્મની અસ્મિતા અને જાગૃતિના શ્રેણીથી મોક્ષ સુધી વિસ્તરેલ જૈન માર્ગથી આપ પરિચિત થઈ ગયા હશો. મેં આગળ જણાવ્યા પ્રમાણે જાગૃતિ કે સમ્યક્દૃષ્ટિની પ્રાપ્તિ આધ્યાત્મિક ઉન્નતિના ચોથા સ્થાન (ગુણસ્થાન) પર થાય છે. આ સ્થાન જીવાદિ દ્રવ્યોનું જ્ઞાન અને આત્મશુદ્ધિ માટેના માર્ગની સમજણ આપતું સ્થાન છે. 'આત્માનું સાચું સ્વરૂપ જાણવાનું છે' અને 'જીવનનું અંતિમ લક્ષ્ય મોક્ષ છે' એ બે વાતનું જ્ઞાન થઈ જાય એટલે શ્રાવક/શ્રાવિકા નવોદિતો માટે દર્શાવેલ બાર વ્રતોના કડક પાલનથી યાત્રા શરૂ કરે છે.

જેમ કોઈ પણ 'પ્રકલ્પ'માં શરૂઆતના પગથિયાનું ચડાણ મુશ્કેલ હોય છે તેમ જટિલ મનને એકદમ તાલીમ અને કેળવણી આપવી પણ મુશ્કેલ છે. તેથી બાર વ્રતોનું પાલન શરૂઆતમાં જરૂર કઠીન લાગશે. પોતાના મનને થોડુંઘણું વશ કરવા માટે પણ નવોદિતોને કદાચ વર્ષો સુધી અભ્યાસ કરવો પડે; પરંતુ વ્રત લેવા માટે સંકલ્પ કર્યો એજ તેમની જાગૃતિની દૃઢતાનો સંકેત આપે છે. વ્રતપાલનમાં જેમજેમ સફળતા મળતી જાય તેમતેમ શ્રાવક/શ્રાવિકામાં વધતેઓછે અંશે સંયમ અને સમતા આવતાં જાય છે. અને રોજબરોજના જીવનના તણાવમાંથી તેમને થોડીઘણી મુક્તિ મળતી જાય છે. પણ હજી તો સાધક ૧૧ સોપાનની સીડીના તળિયે એટલે કે ચોથા ગુણ સ્થાન પર જ છે. અગિયાર સોપાન ચડે એટલે સીડી તેને છઠ્ઠા સ્થાને પહોંચાડશે. આ સ્થાન પર પહોંચ્યા પછી જીવનમાં એક વળાંક આવી શકે છે. કહેવાનો અર્થ એ કે જો એ માર્ગે આગળ ચાલવાનું મનોબળ ટકી રહે તો મોક્ષના અંતિમ લક્ષ્યે પહોંચવા માટે તે દીક્ષા ગ્રહણ કરીને તપસ્વી જીવનમાં પ્રવેશ કરે ખરાં!

લક્ષ્ય ઉન્નત છે, ઉત્તુંગ શિખર પર પહોંચવું છે, પણ ખરી યાત્રા તો હજી હવે શરૂ થવાની છે. લક્ષ્યને ઓળખી કાઢ્યું છે, માર્ગનું પુનરાવલોકન કરી લીધું છે. મોક્ષ માર્ગે પ્રસ્થાન કરવા મન અને શરીરને પણ તૈયાર કરી દીધા છે. હવે વ્રતનિયમોનું નિત્ય પાલન કરવા માંડે એટલે છઠ્ઠા 'ગુણસ્થાને' પહોંચવા માટે ૧૧ પ્રતિમાની સીડીનાં પગથિયાં પર ચડાણ શરૂ થઈ ગયું સમજો.

## અગિયાર પ્રતિમાની સીડી

ચાલો, "પાયાનો પહેલો પડાવ" - એટલે કે છઠ્ઠા ગુણસ્થાને લઈ જતી એ ૧૧ પ્રતિમાની સીડીની સમીક્ષા કરીએ. વ્રતપાલનમાં વિશેષ શિસ્ત લાવવા માટે આ પ્રતિમાઓ નિર્ધારિત કરી છે. સૌથી નીચેનું એટલે કે સીડીના તળિયાનું પગથિયું છે :

**૧. દર્શન પ્રતિમાઃ** એ સમ્યક્દ્રષ્ટિ કે તત્ત્વ વિશે જાગૃતિનું સોપાન છે. જાગૃતિ પહેલાં આપણું જીવન અજ્ઞાન અને ભ્રમથી ભરેલું હતું. હવે જીવના અસ્તિત્ત્વ અને અંતિમ લક્ષ્ય અંગે સજાગતા આવી છે. તેની દષ્ટિ ખુલી છે અને આગલું સોપાન ચડવા માટે હવે તે તૈયાર છે.

**૨. વ્રત પ્રતિમાઃ** અહીં આચારસંહિતાના પાયાનાં બાર વ્રતો લઈને તે સંયમ અને સમતા પ્રાપ્ત કરે છે. આગલા પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે ચાર 'શિક્ષાવ્રતો' દ્વારા તે સંયમનું પાલન કરે છે. હવે પછીના બે સોપાનોમાં આ વ્રતોનું પાલન વધારે કડકાઈથી કરવાનું રહે છે.

**૩. સામાયિક પ્રતિમાઃ** બીજા સોપાન પર જે વ્રત લીધાં તેનું એથીયે વધારે કડકાઈથી હવે પાલન કરવામાં આવે છે. એ વ્રતોમાંનું સૌથી મહત્ત્વપૂર્ણ વ્રત એટલે સામાયિક. સામાયિક એ પ્રતિજ્ઞાપૂર્વક ધ્યાન અને યોગનો સમન્વય સાધી સમભાવમાં રહેવાની ધાર્મિકવિધિ છે, સંયમથી મનની શાંતિ મેળવવાની રીત છે અને આધ્યાત્મિક ખોજ માટે અધ્યાત્મ માર્ગ પણ છે. દરરોજ સામાયિક કરવાથી બાહ્ય પદાર્થોમાં ધીરે ધીરે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. સામાયિકની વિધિની ચાર શિક્ષા વ્રતોપૈકી સૌથી ઉત્કૃષ્ટ વ્રત તરીકે જૈન ગ્રંથોમાં ઠેર ઠેર પ્રશંસા કરી છે. ત્રીજા સોપાન પર શ્રાવક-શ્રાવિકા સવારે પૂજા અને દિવસમાં ત્રણ વાર સામાયિક કરવાનો સંકલ્પ કરે છે. (સાધુ-સાધ્વી માટે દિવસના ત્રણ સામાયિક કરવા જરૂરી ગણાય છે) પૂજામાં તીર્થંકરોના ગુણાનુવાદ, ધર્મગ્રંથમાંથી સૂત્રોનું વાંચન, અને કેસરચંદનથી મૂર્તિની અર્ચના આ ત્રણનો સમાવેશ છે. (પ્રકરણ ૬ જુઓ)

**૪. પૌષધ પ્રતિમાઃ** આ સોપાન પર મહિનાના અમુક દિવસે ઘરનો વ્યવહાર, અને ધંધાની તમામ પ્રવૃત્તિનો ત્યાગ કરી સાધુ-સાધ્વી જેવું તપસ્વી જીવન ગાળવાનું હોય છે. આ દિવસે શ્રાવક-શ્રાવિકા ઉપવાસ કરે છે.

**૫. સચિત્ત-ત્યાગ-પ્રતિમાઃ** આ છે સીડીનું પાંચમું પગથિયું. હવે આહારના પ્રમાણ અને ગુણવત્તા પર શ્રાવક-શ્રાવિકા પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે. તમામ જીવો પ્રત્યે આદરનો અર્થ કેવળ શાકાહારી ભોજન જ નથી. તેનો અર્થ એથી પણ આગળ વિસ્તરે છે. 'કેવળ જીવવા માટે જ ખાવું' તેમજ ઓછામાં ઓછી હિંસા થાય અને જેમાં વનસ્પતિ સહિત અન્ય જીવને હાનિ પહોંચી ન હોય એવા પદાર્થનો

આહાર કરવો. જૈનઆહારમાં કંદમૂળનો - બટાટા, કાંદા, ગાજર - વગેરેનો નિષેધ છે કારણકે તેના વપરાશમાં હિંસા રહેલી છે. કંદમૂળ જમીનની નીચે અંદર હોવાને કારણે જીવાણું અને કીટાણું માટે રહેવાની જગ્યા છે અને વનસ્પતિ માટે નવજીવનનું ઉદ્ગમસ્થાન છે. તેથી જૈનો કંદમૂળ સિવાયનાં શાકભાજી, ફળો તથા યોગ્ય રીતે લણણી કરેલાં અનાજનો આહાર કરે છે. આ ઉપરાંત જે પદાર્થોથી શરીરના રસાયણતંત્ર પર અવળી અસર થાય અને મન પર કાબૂ ગુમાવી બેસીએ તેનો પણ નિષેધ કરવામાં આવ્યો છે. તેથી મન પર અસર કરતાં નશીલા પદાર્થો અને દારૂથી જૈનો દૂર રહે છે. કેટલાક ખાદ્યપદાર્થ પણ દા. ત. કાંદા હળવી ઉત્તેજનાનું કામ કરે છે. તેથી આવા પદાર્થો વર્જ્ય છે.

મન અને લાગણીને વશ કરવાની પ્રક્રિયા ધીમી અને મુશ્કેલ છે, તેથી પાંચમા અને છઠ્ઠા સોપાન એવી રીતે ઘડવામાં આવ્યા છે કે નૈસર્ગિક આવેગોને હળવે હળવે અંકુશમાં લાવી શકાય.




**આકૃતિ ૪.૧:**
શ્રાવક-શ્રાવિકાને ચોથાથી છઠ્ઠા ગુણસ્થાન સુધી આધ્યાત્મિક પ્રગતિ સાધવા માટે અગિયાર પ્રતિમાની સીડી.


**૬. રાત્રિભોક્ત પ્રતિમાઃ** આ સોપાન આપણને દિવસ દરમિયાન કામવાસનાના ઉપશમ કે સંયમ માટે પ્રેરણા આપે છે.

**૭. બ્રહ્મચર્ય પ્રતિમાઃ** કામવાસના પર સંપૂર્ણ સંયમ કે બ્રહ્મચર્ય માટે આ સોપાન પ્રેરણારૂપ છે.

**૮. આરંભ-ત્યાગ પ્રતિમાઃ** હવે મહાભિનિષ્ક્રમણ અર્થાત્ તપસ્વી જીવનમાં પ્રવેશની તૈયારીનો સમય પાકી ગયો છે. એ ખરેખર ખૂબ જ લાગણીશીલ અને વિકટ પગલું છે! કુટુંબ સાથેના તમામ બંધનોને કાપી સાધુ-સાધ્વી બનવાની મારામાં ખરેખર તાકાત છે? આ નિર્ણય તેણે લેવાનો છે. પોતાની જાતને તે પૂછે કે અંતરમાંથી ઊઠેલો આ અવાજ કેટલો પ્રબળ છે; કારણકે એક વાર દીક્ષા લઈ લે તે પછી તેનો સમગ્ર ભૂતકાળ, પરિવાર, પાડોશી અને પૂર્વાશ્રમનું નામ એ બધાનો ત્યાગ કરવો પડે છે. આરંભ એટલે 'શરૂઆત' અને ત્યાગ એટલે 'બલિદાન'. ત્યાગની શરૂઆત સાચા અર્થમાં હવે થાય છે! અત્યાર સુધી તો થોડા સમય પૂરતો અને કોઈ પણ જાતની વચનબદ્ધતા વિના તેણે તપસ્વી જીવનનો અનુભવ કર્યો હતો પણ હવે અંતરના અવાજ અને આધ્યાત્મિક હાકલના પગલે સાધુ-સાધ્વી બનવાનો તે નિરધાર કરે છે. એટલે નોકરી, વ્યવસાય અને બીજી તમામ વચનબદ્ધતામાંથી તે નિવૃત્તિ લેવા માંડે છે. અને મોટા ભાગનો સમય શાસ્ત્રના અભ્યાસ અને આધ્યાત્મિક પ્રવૃત્તિમાં વિતાવે છે.

**૯. પરિગ્રહ-ત્યાગ પ્રતિમાઃ** કુટુંબ અને મમત્ત્વની લાગણીમાંથી શ્રાવક-શ્રાવિકાને વિરક્ત થવાનું આ પગથિયું છે. હવે તે કુટુંબના સભ્યોને પોતાના પ્રસ્થાન અંગે મનથી તૈયાર કરે છે. તેમનો હવે ખરેખર ત્યાગ કરવાનો છે. કુટુંબના નજીકના સભ્યો તો આ વાત જાણતા જ હતા કે તે ગમે ત્યારે અંતરના અવાજના પગલે ઘર છોડી દેશે. તેથી તેના તપસ્વી જીવનમાં પ્રવેશ કરવાના નિર્ણયની તેમને અપેક્ષા હતી જ. પણ જ્યારે તેની વિધિસર જાહેરાત કરવામાં આવે ત્યારે વિયોગનો વજ્રાઘાત કુટુંબના સભ્યો માટે અસહ્ય હોય છે. જોકે, કુટુંબની કોઈ વ્યક્તિ સાધુ-સાધ્વી બને એ તેમને માટે હંમેશા ગૌરવનો વિષય ગણાય છે. તેથી આ વિધિસર જાહેરાતને તેઓ આનંદ-દુઃખમિશ્રિત ભાવથી વધાવી લે છે. લગ્નપ્રસંગની જેમ દીક્ષાસમારોહ બેંડવાજા વગેરેથી શાનદાર રીતે ઉજવવામાં આવે છે.

તપસ્વી બનવાના નિર્ણયની એક વાર વિધિસર જાહેરાત કરે એટલે શ્રાવક/શ્રાવિકાને પોતાની તમામ મિલકત, દરદાગીના, સંપત્તિ વગેરે સોંપી દેવાના હોય છે. ઘર છોડયું ન હોય ત્યાં સુધી ઘરની બાબતોના નિર્ણયમાં પોતાની ભૂમિકા તે અદા કરી શકે પરંતુ માલમિલકત, ઘરબાર બધું જ છોડીને એક વાર ચાલી નીકળવું છે. તેથી ઘર સંબંધી કોઈ પણ બાબતમાં ભાગ લેવાનું તે લગભગ ટાળે છે. કારણકે કુટુંબે પણ હવે તેના વિના રહેવા માટે ટેવાવાનું છે ને! વૈરાગી જીવનની પૂર્વ તૈયારીરૂપ નવમા સોપાનમાં પ્રવેશ એટલે દશમું સોપાન ચડવાનો અધિકાર.



**૧૦. અનુમતિ-ત્યાગ પ્રતિમાઃ** કુટુંબનાં તમામ બંધનોથી તે હવે લગભગ સંપૂર્ણપણે મુક્ત છે અને કુટુંબે પણ તેના નિર્ણયને લગભગ સંપૂર્ણપણે વધાવી લીધો છે. ઘરની કોઈ પણ પ્રવૃત્તિમાં તે મનથી જોડાતા નથી અને સલાહકાર તરીકે પણ હવે તે અનુમતિ કે સલાહ આપતા નથી.

**૧૧. ઉદ્દિસ્ત-ત્યાગ પ્રતિમાઃ** આ તેના શ્રાવકજીવનની સમાપ્તિનું સોપાન છે. કુટુંબ-કબીલાનો ત્યાગ કરી, સંસારનાં તમામ બંધનો કાપી ઉપાશ્રયમાં એક તાલીમી દિક્ષાર્થી તરીકે અનુભવ લેવાની તે શરૂઆત કરે છે. આ ૧૧ પ્રતિમાઓ પૂરી કરીને શ્રાવક/શ્રાવિકા તેની યાત્રાના 'પહેલા પાયાના પડાવ'માં પ્રવેશ કરે છે. સાધુ કે સાધ્વી બનવા ઈચ્છનારની આધ્યાત્મિક યાત્રાનો શુભારંભ થાય છે. શ્રાવક/શ્રાવિકા તરીકે અત્યાર સુધી લીધેલી તાલીમ કે ત્યાગાશ્રમમાં લીધેલા અનુભવને આપણે પર્વતારોહણની ટુકડીના તાલીમી સભ્ય સાથે સરખાવી શકીએ. ગિરિશિખરની ટોચ પર પહોંચવા માટે તપસ્વી જીવનના પાંચ મહાવ્રત હવે તેણે લેવાં પડે છે. એ તેને ઉન્નત માર્ગે ચડવામાં મદદરૂપ થાય છે.



મોટા ભાગના આચાર્યો દીક્ષા માટે અનુમતિ આપે તે પહેલા શ્રાવક/શ્રાવિકાને અગિયાર પૈકી જેટલા બની શકે તેટલાં સોપાન ચડવાની સલાહ આપે છે. હકીકતમાં અનુભવી આચાર્યો તો ખાસ આગ્રહ રાખે છે કે શ્રાવક/શ્રાવિકા દીક્ષા લેતાં પહેલાં તમામે તમામ અગિયાર સોપાન ચડે. જોકે, કેટલાક સંપ્રદાયના આચાર્યો બાળકોને ત્યાગીની દીક્ષા આપે છે પણ સીડીનાં સોપાન ચડયા પહેલાં દીક્ષા લેનારે શિક્ષાવ્રતની કડક આધ્યાત્મિક તાલીમ અને શાસ્ત્રનો અભ્યાસ કરવા ખરેખર જરૂરી છે.



જૈન સાધુ-સાધ્વીનું જીવન કઠોર પણ રોમાંચક છે. મોક્ષના આજીવન લક્ષ્ય અને પરમાનંદ પ્રાપ્તિની અપેક્ષા ઉત્તેજનાથી ભરપૂર હોય છે. જોકે, નવદીક્ષાર્થીને ચેતવણી આપવામાં આવે છે કે કોઈ પણ પ્રકારની અપેક્ષા એ આસક્તિનું જ રૂપ છે. આગળ આપણે જોઈશું કે આસક્તિ મુક્તિના માર્ગમાં અવરોધરૂપ છે. તેથી થોડું વિરોધાભાસી લાગશે પણ જૈન સાધુસાધ્વીએ મોક્ષમાર્ગે આગળ વધવાનું ખરૂં પણ અપેક્ષા એ પણ એક પ્રકારનો લોભ અથવા કષાય હોવાથી, મોક્ષની અપેક્ષાથી પણ દૂર રહેવાનું શીખવું જ રહ્યું!

૫

# ૫. જૈન જીવનશૈલી અને આધુનિક જીવન

આગલા બે પ્રકરણમાં દર્શાવેલા જૈન નીતિનિયમો, વ્રતોની લાંબી વણજાર, પ્રતિમાઓ, અને આધ્યાત્મિક ઉન્નતિનાં ગુણસ્થાનો એ ગૃહસ્થજીવનનું સાધુ જીવનમાં પરિવર્તન કરવા માટે ખાસ ઘડાયા છે એવું અનુમાન આપણે કરી શકીએ. પણ આપણામાંના કેટલા લોકો ખરેખર સાધુ બનવા માગે છે અથવા કેટલા લોકો ત્યાગી જીવનમાં પ્રવેશ કરવા માટે સક્ષમ છે?

"ખાઓ, પીઓ અને મોજ કરો", અને "કાલની ચિંતા ન કરો" આ છે જીવનશૈલીનો એક અવિચારી, મિથ્યા અંતિમ છેડો. બીજો અંતિમ છેડો છે - બધું જ છોડીને કેવળ મોક્ષ પર લક્ષ્ય કેન્દ્રિત કરતી સાધુઓની સમ્યક્ અને બોધિજ્ઞાનની આદર્શ જીવનશૈલી. મોટા ભાગના ગૃહસ્થો માટે આ બંને અંતિમો બિનવ્યવહારુ છે. જૈનમાર્ગ મોક્ષના સર્વોચ્ચ લક્ષ્ય સુધી આખરે પહોંચાડે છે, તે છતાં સામાન્ય જૈનોને વર્તમાન સમાજમાં નીતિમય, નિરામય અને સંતોષમય જીવન જીવવા માટે એક સંક્ષિપ્ત માર્ગદર્શિકા પણ આપે છે. એકવીસમી સદીના ભાગદોડ, તણાવયુક્ત અને હિંસામય જીવનનો સુંદર વિકલ્પ એટલે શાંતિમય જીવન, અને એ વિકલ્પ આ માર્ગદર્શિકા પૂરો પાડે છે.

જૈન જીવનશૈલીમાં જૈનોના આચારવિચારનો સુંદર સમન્વય છે. એ જીવનને વધુ સુંદર અને મધુર બનાવવામાં મદદરૂપ થાય છે. વ્રત ધારણ કરી તેનું કડક પાલન કરનાર વર્તમાન જીવન દરમિયાન મોક્ષના આખરી મુકામે પહોંચે કે કદાચ ન પહોંચે પરંતુ આગલા જન્મમાં મોક્ષ માટેની તકમાં તો તે જરૂર વધારો કરે છે. મોટા ભાગના જૈનો માને છે કે તેઓ પૂર્વ જન્મોનાં કર્મોને કારણે હાલ ચોથા ગુણસ્થાન પર છે. જોકે, કૌટુંબિક જવાબદારીને કારણે પ્રાથમિક વ્રત લેવામાં તેઓ આનાકાની કરે છે કારણકે વ્રતને કારણે સગાંસ્નેહી પ્રત્યે કદાચ તેઓ ફરજ બજાવી નહિ શકે એવો તેમને મનમાં ડર હોય છે. ભલે તેઓ વિધિસર વ્રત ન લેતા હોય (કારણ ગમે તે હોય, જવાબદારીની ભાવના કે આત્મવિશ્વાસનો

અભાવ) પણ મોટા ભાગના શ્રાવકો મનમાં ગાંઠ વાળે છે કે જૈન આચારવિચારનું અમે યથાશક્તિ જરૂર પાલન કરશું અને ચોથા કે પાંચમાં સ્થાન સુધી તો જરૂર ટકી રહેશું.

વ્રત સંબંધી આવી વિરોધાભાસી લાગણીને કારણે એક રસપ્રદ વિધિ - પ્રત્યાખ્યાન (પચ્ચખાણ) - જૈન આચારસંહિતામાં અસ્તિત્વમાં આવી છે. તેમાં શ્રાવકો મર્યાદિત અને અમુક સમય પૂરતા જ વ્રતો લે છે. તેઓ નિર્ધારિત સમય સુધી અમુક પ્રવૃત્તિનો ત્યાગ કરે છે. દા. ત. શ્રાવક-શ્રાવિકા જાહેરમાં પચ્ચખાણ લે છે કે હું અમુક દિવસે ઉપવાસ કરીશ અને ચોક્કસ દિવસો સુધી દિવસમાં અમુક સમયે સામયિક કરીશ. આ રીતે ગૃહસ્થ જીવનની ફરજો અને વિશેષ શ્રદ્ધાપૂર્ણ ત્યાગીમય જીવનની ઈચ્છા - એ બંને વચ્ચે તે સંતુલન જાળવવાનો પ્રયાસ કરે છે.

પ્રાથમિક વ્રતોનું પાલન અને સાદું પચ્ચખાણ લેવાથી સુગઠિત અને સંયમી જીવનશૈલી અર્થાત્ શાંતિમય અને સમતાપૂર્ણ જીવનનું ફળ તેને અવશ્ય મળે છે. મોક્ષનું નજરાણું એ તો ભગીરથ પુરુષાર્થને યોગ્ય છે. પણ ઉપર દર્શાવેલ જીવનશૈલી સાધકને વ્યક્તિગત સ્તર પર સ્વસ્થ, તણાવમુક્ત અને શાંતિમય જીવનની ભેટ આપી શકતી હોય તો એ કાંઈ નાનીસૂની સિદ્ધિ નથી! આ પ્રકારની જીવનશૈલીને કારણે જૈનોએ સામાજિક સ્તર પર કલા-સાહિત્ય-જ્ઞાનસમૃદ્ધ સંસ્કૃતિનું નિર્માણ કર્યું છે. આવી સુંદર સંસ્કૃતિ હંમેશા શાંતિના સમયમાં જ ફૂલેફાલે છે તેથી આ શાંતિપૂર્ણ જૈન જીવનશૈલીનો જો વૈશ્વિક સ્તરે વ્યાપકરૂપે સ્વીકાર કરવામાં આવે તો યુદ્ધ, હિંસા અને પર્યાવરણના અવમૂલ્યનગ્રસ્ત વર્તમાન જગતમાં સંવાદિતા, સુમેળ અને શાંતિ જરૂર આવે. આપણે આગળ જોયું કે જૈન જીવનશૈલીના પાયામાં મુખ્ય ત્રણ સિદ્ધાંતો રહેલા છે :

| | |
|---|---|
| તમામ પ્રકારના જીવો માટે આદર | (અહિંસા) |
| વિવિધ અને ભિન્ન દૃષ્ટિકોણ માટે આદર | (અનેકાંતવાદ) |
| જરૂરિયાતો અને મમત્વભાવને ઘટાડતા જવું | (અપરિગ્રહ) |

**'અ'** અક્ષર થી શરૂ થતા આ ત્રણ સિદ્ધાંતો જૈન ધર્મના આધારભૂત સિદ્ધાંતો છે. જૈન વ્રતનિયમો અને દૈનિક વ્યવહારમાં આ ત્રણેનો અચૂકપણે સમાવેશ થયેલો જોવા મળે છે. આ ત્રણમાં અચૌર્ય, સત્ય અને શીલસંયમને ઉમેરો એટલે તમારી સમક્ષ જૈન જીવનશૈલીનું સુરેખ ચિત્ર આપોઆપ ખડું થઈ જશે! જૈનો ઔપચારિક રીતે વ્રતો લે કે ન લે પણ એક વાત નિશ્ચિત છે કે નિરામય તન અને નિરામય મનને માટે આ વ્રતો દૈનિક કવાયત સમાન છે.

## નિરામય તન

જૈનો સંયમ પર ભાર મૂકે છે તેથી જ જૈન ધર્મમાં સ્વાસ્થ્યલક્ષી (તન-મનના સ્વાસ્થ્ય) આચાર પ્રયોજાયા છે. તે આ પ્રમાણે છે :

## *શાકાહાર :*

જૈન આચારમાં સૌથી મહત્ત્વપૂર્ણ સ્થાન શાકાહારનું છે. 'પ્રત્યેક જીવ માટે આદર' એ જૈન વિચારણાએ કરુણાપૂર્ણ, અહિંસક જીવનશૈલીનું નિર્માણ કર્યું છે. માંસ, મરઘાંબતકાં, માછલી અને ઈંડાનો (પ્રાણીજીવનનો નુકસાન કે નાશ કરીને મેળવેલો આહાર) આહાર વર્જ્ય ગણાયો છે. આજના ડેરી ઉદ્યોગમાં પશુ પ્રત્યે આચરવામાં આવતી ક્રૂરતાને ધ્યાનમાં રાખીને કેટલાક આધુનિક જૈનોએ દૂધ અને દૂધની બનાવટના પદાર્થોનો પણ ત્યાગ કરી પોતાની પ્રતિક્રિયા દર્શાવી છે. અંગ્રેજી 'વેજીટેરિયન' મૂળ શબ્દ માંથી 'વેગન' શબ્દ ઉતરી આવ્યો છે. તેનો અર્થ છે પ્રાણીની બનાવટ, દૂધની બનાવટના પદાર્થો અને ઈંડા ખાવા, પીવા કે વાપરવા નહિ. જૈનો કઠોળ કે કઠોળની શિંગમાંથી પ્રોટીન મેળવે છે. સમગ્ર વિશ્વમાં હવે શાકાહારના લાભ સૌને સ્પષ્ટપણે સમજાયા છે.

## *ઉપવાસ:*

આહારની ઈચ્છા પર નિયંત્રણ મૂકવા કેટલાક જૈનો મહિને બે-ચાર ઉપવાસ કરે છે. મનને વશ કરવા માટે ઉપવાસ અસરકારક વ્યાયામ છે. થોડે થોડે સમયે ઉપવાસ કરવાથી શરીરતંત્રને આરામ મળે છે, પાચનતંત્રને વધારાના કચરાનો નિકાલ કરવા માટે તક મળે છે અને જઠર ઉદ્દિપ્ત થઈને ટોક્સિન છૂટાં કરે છે. છૂટાં થયેલાં ટોક્સિન લોહીની નસોમાં વહીને નીચે દક્ષિણ તરફથી અંતે શરીરમાંથી બહાર નીકળી જાય છે.

## *ઉણોદરી:*

પેટ સંપૂર્ણ ભરાઈ જાય તે પહેલાં જ ભોજન સમાપ્ત કરી લેવું તથા બે ભોજન વચ્ચે નાસ્તો કરવો નહિ. આવી નાની નાની વાતોને ખ્યાલમાં રાખીને સંયમ રાખીએ તો તન અને મનને હળવાં ફૂલ રાખી શકાય છે. ભારે પદાર્થોનું કે વધારે પડતું ભોજન કરવાથી શરીરમાં સ્થૂળતા, આળસ અને પ્રમાદ વધે છે. તેને ઉપવાસ અને ઉણોદરીથી ટાળી શકાય છે.

## ઉકાળેલું પાણી :

મોટા ભાગના જૈનો દરરોજ ઉકાળેલું જ પાણી પીએ છે. પાણીને ઉકાળવાથી જીવજંતુઓ અને ગરમી-સંવેદનશીલ રસાયણોનો નાશ થાય છે અને પાણી પીવાલાયક તથા સ્વાસ્થ્ય માટે સુરક્ષિત બને છે. પાણીને ઉકાળીને પીવાની વાત જૈનોના સંદર્ભે થોડી વિરોધાભાસી લાગે તેવી છે કારણકે તેમના અહિંસા વ્રતમાં કોઈ પણ પ્રકારના જીવનો જાણીબૂઝીને નાશ કરવાની મનાઈ કરવામાં આવી છે. પણ આ પ્રથાની પાછળ એક દેખીતી રીતે સમજાય તેવું કારણ છે. જૈન ધર્મનો ઉદય ભારત દેશના ગરમ અને ભેજવાળી આબોહવાના પ્રદેશમાં થયો હતો. ત્યાં પાણીની તંગીને કારણે પીવાના પાણીનો સંગ્રહ મોટા ભાગના ઘરોમાં ઓછામાં ઓછા ચોવીસ કલાક સુધી કરી રાખવો પડે છે. જૈન માન્યતા છે કે

પાણીને ઉકાળ્યા વિના સંગ્રહ કરવામાં આવે તો તેમાં જંતુઓનું પ્રમાણ ઘાતક રીતે વધતું જ જાય છે. એટલે કે કાચા પાણીના સંગ્રહ અને વપરાશથી વધારે જંતુઓની હત્યા થાય અને તે પીનારને વધુ નુકસાન પહોંચાડે છે.

## ચૌવિહાર :

ચૌવિહાર એટલે સૂર્યાસ્ત પછી ચાર પ્રકારના (ખાદ્ય, સ્વાદ્ય, લેહ્ય અને પેય પદાર્થો) પદાર્થના સેવનનો ત્યાગ. આ આદત પાચનતંત્રને સરળતાપૂર્વક કામ કરવામાં મદદરૂપ થાય છે. તેના ફળસ્વરૂપે સંતોષકારક અને સુખાકારી નિદ્રા આવે છે. આમ તે શરીરને સમતોલ તથા સ્વસ્થ રાખવામાં મહત્ત્વપૂર્ણ ફાળો આપે છે.

## નિરામય મન

"સ્વસ્થ શરીર પર મનના પ્રભાવને સુદૃઢ કરવો" આ પાયાનો વિચાર જૈન આચારોની પાછળ રહેલો છે. હાર્વર્ડ વિદ્યાપીઠના 'Mind - Body Medical Institute' ના ડૉ. હર્બર્ટ બેન્સને તાજેતરમાં તેમના એક અહેવાલમાં જણાવ્યું[7] છે કે ડૉક્ટર પાસે સારવાર માટે આવતા દર્દીઓમાંથી લગભગ સાઈઠથી સિત્તેર ટકા દર્દીઓ તેમના મન - શરીરના તણાવોની અસરથી એટલા પ્રભાવિત હોય છે કે તબીબી સારવારને યોગ્ય પ્રતિસાદ આપી શકતા નથી. તેમણે દર્દીઓને મનન-ધ્યાન કરવાની સલાહ આપી. ધ્યાનની સાદી પ્રક્રિયા શરૂ કર્યાની ત્રણથી પાંચ જ મિનિટમાં બારથી સત્તર ટકા જેટલા લોકોમાં 'મેટાબોલિઝમ'નું (ચયાપચય ક્રિયાનું) પ્રમાણ ઓછું થતું જોવામાં આવ્યું. મગજના તરંગોમાં પણ મહત્ત્વપૂર્ણ પરિવર્તન જોવા મળ્યાં. તેમનું લોહીનું દબાણ નીચું ગયું અને લોહીનો ધબકાર પણ ઓછો થયો હતો.

આ પ્રકારનાં પરિવર્તનો ખાસ કરીને જ્યારે આપણે ગાઢ નિદ્રામાં કે મનની સંપૂર્ણ વિશ્રાંતિની સ્થિતિમાં હોઈએ ત્યારે જોવા મળે છે. પ્રાચીન દર્શકોએ આ વિચારને કેન્દ્રમાં રાખીને જૈન આચારસંહિતાને ઘડી છે. તેમણે શારીરિક, મનોવૈજ્ઞાનિક, સામાજિક અને આધ્યાત્મિક આ ચાર મહત્ત્વના પાયાનો જૈન આચારસંહિતામાં સુંદર સુમેળ સાધ્યો છે. ઉપર દર્શાવેલ વિધિઓ શારીરિક સ્વાસ્થ્યની કાળજી લે છે જ્યારે નીચે દર્શાવેલ વિધિઓ મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્યનો સમન્વય કરે છે. ઘણા જૈન કુટુંબોમાં આ વિધિનું નિયમિતપણે પાલન કરવામાં આવે છે. તપ અને સંયમ દ્વારા મનને સ્વસ્થ કરવાની ઉજ્જ્વળ ભાવનાનો લાભ જૈનોને આ વિધિથી મળે છે.

---

[7] Benson, Herbert: *Timeless Healing Power and Biology of Belief*, Fireside Originals, 1997

## *દેવ અને ગુરુ વંદના:*

દેરાસરમાં કે ઘરમંદિરમાં દરરોજ પૂજા - પ્રાર્થના કરવી એ જૈનોની દૈનિક ક્રિયાનો એક ભાગ છે. (કેટલાય જૈનોનાં ઘરોમાં તીર્થંકરોની ચિત્રમૂર્તિ કે નાની ધાતુની પ્રતિમા જોવા મળે છે તેમજ શાંતચિત્તે સામાયિક અને શાસ્ત્રવાચન કરી શકાય તે માટે ઘરમાં ખાસ જગ્યા ફાળવેલી હોય છે) પ્રાર્થના એક આધ્યાત્મિક કર્મ છે. પ્રાર્થનામાં તીર્થંકરોના ગુણાનુવાદ ગાઈ સાધક પોતાની આધ્યાત્મિક પ્રગતિ માટે પ્રેરણા મેળવે છે.

## *ક્ષમાયાચના:*

ભોજનની શરૂઆત પહેલા ખ્રિસ્તીઓ ઈશ્વરનો આભાર માને છે. તે પ્રથાને ગ્રેસ (grace) કહે છે. પરંતુ ઘણા જૈન કુટુંબોમાં ક્ષમાયાચનાના સ્તોત્ર◆ પછી જ ભોજનની શરૂઆત કરવાની પ્રથા છે. ક્ષમાયાચનાની વિધિના ઉદ્દેશો છે: અન્નદાન માટે ધરતીમાતાના ઋણનો સ્વીકાર તથા અનાજ ઉત્પત્તિ અને રસોઈ વખતે જીવની હાનિ થઈ હોય તે માટે હણાયેલા જીવોની માફી માગવી. માફી માગવી એ વિનમ્રતાની નિશાની છે. સમગ્ર વિશ્વના કલ્યાણની ભાવનાનો સંકેત આપણને ક્ષમાયાચનામાં જોવા મળે છે. આવી ઉદાત્ત દૃષ્ટિ ક્ષમાયાચનાની પ્રથાની પાછળ રહેલી છે.

## *સામાયિક:*

દૈનિક ક્રિયામાં સામાયિકને સ્થાન આપવું અત્યંત જરૂરી છે. દરેક જૈને દિવસમાં ઓછામાં ઓછું એક વાર સામાયિક કરવું જોઈએ. સામાયિકની વિધિ ૪૮ મિનિટની છે. સૂર્યોદય કે સમીસાંજ સામાયિક કરવા માટે આદર્શ સમય છે. ઘરના કોઈ એક અંધારા, શાંત અને એકાંત ખૂણે, કોઈ પણ પ્રકારના વિક્ષેપથી દૂર, પદ્માસન વાળીને સામાયિક કરવું એટલે સમતા કે મનની સમ્યક્ત્વ સ્થિતિ પ્રાપ્ત કરવી. 'સમ' નો અર્થ છે સમતા; 'આય' એટલે મોક્ષના માર્ગે અને 'ઈક' નો અર્થ છે અપેક્ષા. 'સામાયિક' નો અર્થ છે સમ્યક્ત્વ દ્વારા મોક્ષની અપેક્ષા. સામાયિક એ ગૂઢ ધ્યાન અને યોગનો સમન્વય સાધતી ધાર્મિકવિધિ છે; સંયમ દ્વારા મનની શાંતિ મેળવવાની રીત છે અને જીવની ખોજનો આધ્યાત્મિક માર્ગ પણ છે. દરરોજ સામાયિક કરવાથી સંસારના પદાર્થોમાંથી ધીરે ધીરે મમત્વ વૃત્તિ દૂર થતી જાય છે અને મનમાં ધીરે ધીરે વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. જૈનધર્મશાસ્ત્રોમાં ઠેરઠેર આધ્યાત્મિક સાધનાના ઉત્કૃષ્ટ વ્રત તરીકે સામાયિકની ભારોભાર પ્રશંસા કરેલી છે.

---

◆ **ખામેમિ સવ્વજીવે, સવ્વે જીવા ખમંતુ મે। મિત્તીમે સવ્વભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઇ।**

હું આ વિશ્વના સર્વ જીવોની (મારા અપરાધ માટે) માફી માગું છું અને તે સર્વે (મારા અપરાધોની) મને ક્ષમા કરે તેવી યાચના કરું છું. સર્વ જીવો પ્રત્યે મારો મૈત્રીભાવ છે અને કોઈની સાથે મને વેરભાવ નથી.

## *પ્રતિક્રમણ:*

'પ્રતિ' નો અર્થ છે 'તરફ' અને 'ક્રમણ' એટલે 'જવું' અથવા 'ફરી મુલાકાત લેવી'. પ્રતિક્રમણની



વિધિ દરમિયાન વ્યક્તિ અંર્તદૃષ્ટિ કરે છે અને રોજબરોજની પ્રવૃત્તિમાં જો કોઈનો અપરાધ થઈ ગયો હોય તો તેની આલોચના કરીને તેનો સ્વીકાર કરે છે. પ્રત્યક્ષ કે પરોક્ષ કર્મોનાં ફળસ્વરૂપ અથવા કોઈનું બૂરું બોલવાથી કે વિચારવાથી અપરાધ થયા હોય તેની આલોચના કરવી તેનું નામ છે પ્રતિક્રમણ. અન્ય ધર્મોમાં આવા અપરાધોની આલોચના અને કબૂલાત ધર્મગુરૂની હાજરીમાં કરવામાં આવે છે. પ્રતિક્રમણમાં સાધુની હાજરી જરૂરી નથી. અંર્તદૃષ્ટિ કરી અપરાધનો સ્વીકાર અને અપરાધના પાપનું પ્રાયશ્ચિત સાધકે જ કરવાનું હોય છે. પ્રતિક્રમણમાં નીચેની ત્રણ વસ્તુનો સમાવેશ થવો ફરજયાત છેઃ **૧**. પાપનું પ્રાયશ્ચિત **૨**. દુષ્ટ વિચારો અને કર્મોનો ત્યાગ અને **૩**. ભવિષ્યમાં ફરીવાર આવા અપરાધ ન થાય તે માટે દૃઢ સંકલ્પ.

મનની નબળાઈઓમાંથી મુક્ત થઈ ક્ષમા, નમ્રતા અને દૃઢતા જેવા ઉત્તમ ગુણો કેળવવા માટે પ્રતિક્રમણ આપણને સતત પ્રેરણા આપે છે. પ્રતિક્રમણમાં સામાયિકનો (જેનો ઉપર નિર્દેશ કર્યો છે) પણ સમાવેશ કરી શકાય. ઉપર દર્શાવેલ આ તમામ ધાર્મિકવિધિઓ જૈન જીવનશૈલીનો મહત્ત્વપૂર્ણ ભાગ છે. બધા જૈનો મોક્ષ અને સાધુધર્મ સુધી પહોંચવા સક્રિય હોય જ એવું નથી હોતું; પરંતુ મોટા ભાગના જૈનો લગભગ બધી વિધિઓ દરરોજ કરતા હોય છે. જેટલા પ્રમાણમાં વ્રતનિયમ અને વિધિનું પાલન કરે તેટલા પ્રમાણમાં તેમને શાંતિ અને નિર્મળતાનો અનુભવ થાય છે. આવા સિદ્ધાંતો અને ધાર્મિકવિધિ દ્વારા સાધક નિજ જીવનમાં ઉદારતા, પરસ્પર આદર અને શાંતિની ભાવના કેળવે છે. સમાજમાં શાંતિ, પરસ્પર સહકાર અને પરોપકારની ભાવના સ્થાપિત કરવામાં આપણું આવું વલણ મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. (તેની વિશેષ માહિતી વિભાગ ૪ માં આપવામાં આવી છે.) આવી શાંત્તિપૂર્ણ અને નિરામય જીવનશૈલીનું (સમ્યક્ચારિત્રનું) નિર્માણ જે તત્વદર્શન દ્વારા થાય છે તે જૈન દર્શન વિશે ચર્ચા હવે પછીના પ્રકરણમાં કરીશું.

ખંડ

# ૨

# દ્વિતીય ખંડઃ તર્કબદ્ધ વિશ્વદર્શન
## (સમ્યક્દર્શન)

# દ્વિતીય ખંડ : સારાંશ

પ્રથમ ખંડમાં આપણે જોયું કે જૈન જીવનશૈલી સરળ, તપપ્રધાન, દરેક જીવનો આદર કરનાર અને વિરોધીઓ સાથે વિવાદને બદલે શાંતિમય ચર્ચા કરવામાં માને છે. આ જીવનશૈલીનું નિયમન ત્રણ 'અ' થી થાય છે - અહિંસા, અનેકાંતવાદ અને અપરિગ્રહ. એ ત્રણેનો સમૂહ 'સમ્યક્‌ચારિત્ર'ના નામે પણ ઓળખાય છે.

મનુષ્યની જીવનશૈલી તેના તાત્ત્વિક સિદ્ધાંતો, સિદ્ધાંતોમાં શ્રદ્ધા અને સિદ્ધાંતો પાછળ રહેલો તાત્ત્વિક દૃષ્ટિકોણ એ ત્રણ પર આધારિત છે. તેથી આ ખંડમાં આપણે જૈન તત્ત્વદર્શન (જૈનદર્શન : જૈન દાર્શનિકોનું સ્વયં સ્ફુરિત જ્ઞાન) અને એ તત્ત્વજ્ઞાન પાછળ રહેલી તર્કસંગતિનું વિવેચન કરીશું. ચારિત્ર્યને તત્ત્વદર્શન (સમ્યક્‌દર્શન)નું સમર્થન મળે ત્યારે જ તેને સમ્યક્‌ચારિત્ર કહી શકાય. તેથી આ ખંડમાં આપણે જૈનદર્શનના બૌદ્ધિક અને તર્કબદ્ધ અભિગમની પણ વિવેચના કરીશું.

પ્રકરણ : ૬ માં વિશ્વ વિશે જૈનોના તાત્ત્વિક દૃષ્ટિકોણનું નિરૂપણ છે. જૈનોનું તત્ત્વજ્ઞાન કહે છે "વિશ્વ સનાતન અને સ્વયં સંચાલિત છે. તેથી 'ઈશ્વરનું અસ્તિત્ત્વ અને સૃષ્ટિનું નિર્માણ તથા સંચાલન તેના દ્વારે કોઈ અલૌકિક રીતે થાય છે'; વગેરે માન્યતાઓની કોઈ આવશ્યકતા નથી".

પ્રકરણ ૭ માં તત્ત્વદર્શનના સમર્થનમાં જૈનોએ આપેલી તર્કબદ્ધ દલીલોની આપણે સમીક્ષા કરીશું.

પ્રકરણ ૮ માં વિશ્વ તેના તંત્રનું નવ ગતિશીલ નિયમો દ્વારા સ્વયંસંચાલન કેવી રીતે કરે છે તેની ચર્ચા છે.

આ નિયમોમાં સમાયેલા જૈનોના કર્મસિદ્ધાંતની વિશદ ચર્ચા પ્રકરણ ૯ માં કરી છે.

# ૬

# ૬. સત્ તત્ત્વ.

જૈન વિષયમાં મારા વાંચનની શરૂઆત થઈ એક અંગ્રેજી વિશ્વવિજ્ઞાનકોશ થી. તેમાના એક વાક્યે મારું વિશેષ ધ્યાન ખેંચ્યું. "જૈનો નાસ્તિક છે અને ઈશ્વરમાં માનતા નથી." એ વિધાન વાંચીને મને લાગ્યું કે, "અહીં જરૂર કંઈક ગરબડ છે. ઈશ્વરનું અસ્તિત્ત્વ નથી એમ તો વૈજ્ઞાનિકો માને પણ અહીં તો વાત કરી છે એક ધર્મ વિશે!" આ વાંચીને મારા મનમાં કેટકેટલા સવાલો ઉઠયા. ઈશ્વર વિના ધર્મ કેવી રીતે હોઈ શકે? જૈન દેરાસરમાં દરરોજ પ્રાર્થના કરવા જતો હતો ત્યારે ખરેખર હું શું કરતો હતો? કોની પ્રાર્થના કરતો હતો? હું નાસ્તિક છું એવું મને ક્યારેય લાગ્યું નથી. દેરાસરોમાં સ્થાપન કરેલી મૂર્તિઓ ઈશ્વરનું સ્વરૂપ છે એ હંમેશા મારી શ્રદ્ધા હતી. એ વિશ્વકોશે મને સદીઓ જૂની જૈન ધાર્મિકવિધિનું પુનરાવલોકન કરવાની ફરજ પાડી. મેં મનમાં ગાંઠ વાળી કે મૂળ ધર્મશાસ્ત્રોમાં ઊંડા ઊતરી આ પ્રશ્નોનું સમાધાન મેળવવું જ રહ્યું!

ધર્મશાસ્ત્રનું વાચન શરૂ કરતાં જ મનમાં ચિત્ર સ્પષ્ટ થતું ગયું કે જૈનધર્મનું તત્ત્વજ્ઞાન આધ્યાત્મિક છે. જો કે વિશ્વ વિશે તેનો દષ્ટિકોણ નિરીક્ષણો, સ્વયંસ્ફુરિત જ્ઞાન, અનુભવ તથા વિશ્લેષણાત્મક તારણોની એક ચોક્કસ વૈજ્ઞાનિક પદ્ધતિ પર રચાયો છે. સાડા આઠ હજાર* વર્ષ જૂના આ જૈન ધર્મના સ્થાપકો પાસે કોઈ આધુનિક વૈજ્ઞાનિક સાધનો કે ટેકનોલોજી નહોતાં પણ તીક્ષ્ણ તર્કબુદ્ધિ અને સ્વયંસ્ફુરિત જ્ઞાન એ બંનેની તેમને ચોક્કસ અનુપમ દેણ હોવી જોઈએ.

એ લોકો હતા પરમ સુખના ઉપાસકો! 'સુખની ચાવી ઉપર સ્વર્ગમાં નથી પણ આપણા મન અને હૃદયમાં જ છે.' આ હતું અનુભવ અને નિરીક્ષણના અંતે તેમનાં અંતરમાં સ્ફુરેલું જ્ઞાન. એક વૈજ્ઞાનિકની જેમ તેમને પણ મનમાં સ્ફુરેલા આ વિચારને કસોટીને ચાકડે ચડાવીને સિદ્ધ કરવો હતો. તેથી એક વધુ આશ્ચર્યજનક વિચાર તેમના મનમાં આવ્યો કે "જો તમામ સુખ અને દુઃખનું મૂળ આપણું મન જ હોય તો તે મનને વશ કરવાથી શું આપણા સુખ દુઃખનું નિરાકરણ આપણે કરી શકીશું? આમ વિચારી,

* જૈન શાસ્ત્રોમુજબ, જૈનધર્મ અનાદિ કાળ એટલે કે કરોડો વર્ષો જૂનો છે. એ માન્યતા ખરી કે ખોટી તે વાદમાં ઉતરવાની અત્યારે જરૂર નથી પણ પુરાતન વસ્તુઓના ઉત્ખનનમાં તાજેતરમાં મળેલા પુરાવા, હિંદુ શાસ્ત્રોમાં મળતા સંદર્ભો અને જૈન શાસ્ત્ર-કથાઓ આ ત્રણેના આધારે એમ અનુમાન કરી શકાય છે કે રિખવદેવ (વૃષભદેવ) આજથી લગભગ ૮૫૦૦ વર્ષ પહેલા ઉત્તર ભારતમાં (અફઘાનિસ્તાનમાં) રાજય કરતાં હતા. જુઓ પ્રકરણ ૧૮.

તેમણે મનને સંપૂર્ણપણે વશ કરી આત્મશુદ્ધિ માટે કઠોર સાધના શરૂ કરી. આ સાધના આખરે તેમને ગૂઢ અધ્યાત્મજ્ઞાન અને પરમ સત્યના દર્શન તરફ દોરી ગઈ.

## જૈનોનું સત્ય વિશેનું દર્શન

એ જૈન દર્શન શું છે? "માનવની સમજશક્તિની પહોંચ બહાર તેમજ કલ્પના અને તમામ તર્કશક્તિની મર્યાદાની દૂર દૂર કોઈ ગૂઢ અલૌકિક શક્તિ રહેલી છે. યુદ્ધ, વિનાશ અને મૃત્યુ; આનંદ અને શોક; ભૂકંપ અને અતિવૃષ્ટિ એ સર્વની પાછળ પણ એ જ ગૂઢ શક્તિ કામ કરી રહી છે" આવી બધી વાતો તર્કબદ્ધ નથી તેથી તે સ્વીકારવાનું જૈન દાર્શનિકોને બહુ જ મુશ્કેલ લાગ્યું. તર્કબદ્ધ ગૂઢ ચિંતનના અંતે તેમને પ્રતીતિ થઈ કે આ બધી ઘટનાઓ પ્રાકૃતિક છે અને વિશ્વનાં મૂળભૂત સનાતન તત્ત્વોના પરસ્પર સંયોગથી થતી ક્રિયાના આધારે આપણે એ ઘટનાઓને સ્પષ્ટપણે સમજાવી શકીએ. તદુપરાંત તેમણે તારણ કાઢ્યું કે વિશ્વના તંત્રને સમજાવવા માટે 'કોઇ દૈવી શક્તિના અસ્તિત્વને માનવું' એ અતાર્કિક, વિરોધાભાસી, અપ્રમાણિત અને અનાવશ્યક છે. "આ સૃષ્ટિનું નિર્માણ કોઈ બાહ્ય કાલ્પનિક શક્તિએ કર્યું છે" એ માન્યતાને બદલે "વિશ્વ જ સત્ય અને સનાતન છે" એ માન્યતા તેમણે સ્વીકારી. સત્યની ખોજ કરતાં કરતાં જૈન દાર્શનિકો એક નિર્ણય પર આવ્યા કે વિશ્વ સત્ય છે અને તે છ મૂળભૂત દ્રવ્યોનું* બનેલું છે. આ મૂળભૂત દ્રવ્યો સિવાય કોઈ પણ વસ્તુનું અસ્તિત્વ જ નથી. આ છ દ્રવ્યોનું અસ્તિત્વ કાયમ છે. આ દ્રવ્યોનું કોઈએ નિર્માણ કર્યું નથી અને કોઇ તેનો નાશ કરી શકે તેમ નથી. આ જ સત્ય છે. જૈન દાર્શનિકોના મતે આ દ્રવ્યોને બે વર્ગમાં ગોઠવી શકાય. (**૧**. જીવો કે ચેતન દ્રવ્ય **૨**. અજીવો કે અચેતન દ્રવ્યો)

**જૈન તત્ત્વજ્ઞાન ધાર્મિક છે; પરંતુ વિશ્વ વિશે જૈન ધર્મનો દૃષ્ટિકોણ નિરીક્ષણો, સ્વયં સ્ફુરિતજ્ઞાન, અનુભવ તથા વિશ્લેષણાત્મક તારણોની એક ચોક્કસ વૈજ્ઞાનિક પદ્ધતિ પર રચાયો છે.**

વિશ્વ વિશે જૈનોના આ દૃષ્ટિકોણનો આધુનિક વિજ્ઞાનના મહાવિસ્ફોટવાદ (Big Bang Theory) સાથે એકદમ સરસ મેળ બેસી જાય છે. આ છ દ્રવ્યોનો એકમેક સાથે સંયોગ થવાથી તેમનામાં રૂપાંતર થઇ શકે છે. મહાવિસ્ફોટ એ આ સનાતન દ્રવ્યોના આકસ્મિક રૂપાંતરનો સંકેત દર્શાવતી ઘટના છે. જૈનોની દલીલ છે કે "ઈશ્વરે શૂન્યમાંથી આ સૃષ્ટિનું સર્જન કર્યું છે એ માન્યતાનો આધુનિક વિજ્ઞાનના મહાવિસ્ફોટના સિદ્ધાંત સાથે સમન્વય કરવો એ અતાર્કિક અને કઠીન છે. વિજ્ઞાનના દ્રષ્ટીમા શૂન્યમાંથી સૃષ્ટીની નિર્મિતી અસંભવ છે."

જૈનો જીવ અથવા આત્માની વાત કરે છે પણ જીવના અસ્તિત્ત્વનો પુરાવો શું? એ પ્રશ્નના ઉત્તર માટે જૈન સિદ્ધાંતવાદીઓ આપણું ધ્યાન 'આત્મચેતના' પર દોરે છે. હું કોણ છું? એ પ્રશ્ન તમારી પોતાની

* સર્વસાધારણ અર્થમાં 'દ્રવ્ય' એટલે સંપત્તિ, વસ્તુ કે પદાર્થ. પણ જૈન શાસ્ત્રનાં સંદર્ભમાં 'દ્રવ્ય' પદાર્થ પણ છે અને કાળ, આકાશ એવા નિરૂપી તત્વો પણ!

જાતને પૂછો. અને તેનો ઉત્તર મેળવવા માટે તમે પોતે જ આગળ વધો. શું આ શરીર તે હું છું? કે આ શરીરમાં ચેતના છે એ 'હું' છું? હું શરીરમાંથી નીકળી જાય તો આ શરીરરુપી પદાર્થોના મૃતઢગલામાં ચેતના રહેશે ખરી? આ સવાલો અને તેના જવાબોની જૈનો સમીક્ષા કરે છે. અને તે પછી જીવંત વ્યક્તિમાં રહેલા આત્માના અસ્તિત્ત્વ વિશે આધ્યાત્મિક પુરાવા પૂરા પાડે છે. જૈનોના મતે આ આધ્યાત્મિક પુરાવા સ્પષ્ટ, યથાર્થ અને સ્વયં - સિદ્ધ છે.

**તમામ જીવોમાં ચાર આંતર્ગુણો રહેલા છે - અનંત અનુભૂતિ, અનંત જ્ઞાન (આ બે ગુણો સાથે મળીને અનંત ચેતના કહેવાય છે.), અનંત વીર્ય અને અનંત આનંદ.**

## સચેતનદ્રવ્ય - જીવ

જૈનોના મતે "પરમ બ્રહ્મ કે પરમાત્મા એવી કોઇ એકમેવ અને અદ્વિતીય શકિત નથી." જૈનોની માન્યતા છે કે વિશ્વમાં જીવો◆ અનંત સંખ્યામાં અને સ્વતંત્ર છે. સંપૂર્ણપણે શુદ્ધ જીવોના ચાર આંતરિક ગુણો છે. (૧) અનંતઅનુભૂતિ (૨) અનંતજ્ઞાન (આ બે ગુણો સાથે મળીને અનંતચેતના કહેવાય છે.) (૩) અનંતવીર્ય અને (૪) અનંતઆનંદ. તમામ જીવોમાં આ ચારે આંતર્ગુણો રહેલા છે. અને તેમનામાં એકસરખું સામર્થ્ય છે.

પ્રત્યેક જીવંત વ્યક્તિ એટલે ભૌતિક શરીરમાં બંધાયેલો એક જીવ. જ્યારે જીવોનો અજીવ પુદ્ગલના સૂક્ષ્મ અણુઓ સાથે સંયોગ થાય છે ત્યારે તે કલુષિત બને છેΣ. અનંત કાળથી જીવો આવી કલુષિત અવસ્થામાં રહેલા છે પણ મનુષ્ય ભવમાં પુરુષાર્થથી તેમને શુદ્ધ કરી શકાય છે. જીવના શુદ્ધિકરણની પ્રક્રિયા આખરે આપણને સત્યના જ્ઞાન અને પરમ આનંદ તરફ લઈ જાય છે. જૈનો માને છે કે પરમાનંદ પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ જરૂરી છે, કોઈ પણ બાહ્ય શકિત કે તથાકથિત ઈશ્વરના દિવ્ય અનુગ્રહની તે માટે આવશ્યકતા નથી.

**સંપૂર્ણપણે શુદ્ધ જીવોના ચાર આંતરિક ગુણો છે. (૧) અનંતઅનુભૂતિ (૨) અનંતજ્ઞાન (આ બે ગુણો સાથે મળીને અનંત ચેતના કહેવાય છે.) (૩) અનંતવીર્ય અને (૪) અનંતઆનંદ. તમામ જીવોમાં આ ચારે આંતર્ગુણો રહેલા છે. અને તેમનામાં એકસરખું સામર્થ્ય છે.**

પ્રત્યેક જીવ સનાતન છે પરંતુ જીવંત વ્યક્તિમાં જીવ મલિન અને બદ્ધઅવસ્થામાં હોવાથી તેના મૂળભૂત ગુણો - ચેતના - જ્ઞાન - શક્તિ - આનંદ - તેના મર્યાદિત રૂપમાં જોવા મળે છે. જીવ જ્યારે પોતાને અજીવ પુદ્ગલથી સંપૂર્ણપણે મુક્ત કરે ત્યારે તે શુદ્ધ થાય છે અને તે પછી શુદ્ધ જીવ પોતાના સામર્થ્યને સંપૂર્ણપણે જાણી

◆ જૈનશાસ્ત્રમાં જીવ અને હિંદુશાસ્ત્રમાં આત્મા એ બંને શબ્દો વ્યવહારમા એક જ અર્થમાં વપરાય છે. પણ વાસ્તવમાં તે અલગ અલગ છે. હિંદુઓ માને છે કે બધાના આત્મા માત્ર એકજ ઈશ્વરના અંશ છે અને મુક્તિ પછી તે પાછા ઈશ્વરમાં વિલીન થાય છે. જૈનોના મતે જીવો (આત્માઓ) અનંત સંખ્યામાં છે અને મોક્ષ મળવાથી દરેક જીવ પરમાત્મા (પરમ-આત્મા) બનીને સ્વતંત્ર અસ્તિત્વ જાળવે છે. વાચકોની સરળતા માટે અત્રે આપણે જીવ અને આત્મા એ બન્ને શબ્દો એકજ અર્થમાં પ્રયોજીશું.

Σ વિગત પ્રકરણ ૯ માં

શકે છે. એક વાર જીવ સંપૂર્ણપણે શુદ્ધ થાય પછી તે ફરીથી ક્યારેય કલુષિત થતો નથી. જીવ અશુદ્ધ હોય ત્યાં સુધી તે સતત પુનર્જન્મ લેતો રહે છે.

પુનર્જન્મમાં જીવને દરેક વખતે મનુષ્ય દેહ જ મળે કે પૃથ્વી પર જ જન્મ મળે એવું નથી. અશુદ્ધ જીવની ભાવિ ગતિ તેનાં કર્મોથી નક્કી થાય છે. દેવ, મનુષ્ય, તિર્યંચ (વનસ્પતિ, પ્રાણી કે જંતુ) અથવા નારકી[Ψ] - આ ચારમાંથી કોઈ પણ ગતિ તેને પ્રાપ્ત થાય છે. આ સમગ્ર વિચારને બીજના ચંદ્ર અને ત્રણ બિંદુ સહિત સ્વસ્તિકના[α] પ્રતીકથી સુંદર રીતે સમજાવી શકાય. સ્વસ્તિકના ચાર ચોરસ અશુદ્ધ જીવની ચાર ગતિનો નિર્દેશ કરે છે. બીજનો ચંદ્ર શુદ્ધ મુક્ત જીવનું ધામ (સિદ્ધલોક) છે અને ત્રણ બિંદુ રત્નત્રયી-સમ્યક્‌દર્શન, સમ્યક્‌ચારિત્ર અને સમ્યક્‌જ્ઞાન. દરેક જીવનચક્ર દરમિયાન જીવ પોતાને થોડાઘણાં કર્મરુપી પુદ્‌ગલકણોથી મુક્ત કરે છે પણ સાથે સાથે તે નવાં કર્મોને પણ આકર્ષે છે અને પોતાને માટે નવું બંધન ઊભું કરે છે. જન્મમરણના આ અવિરત ચક્રમાં કેવળ મનુષ્ય દેહમાં જ જીવ જ્ઞાન અને મનના સંયોગથી હેતુપૂર્વક પુરુષાર્થ કરી પોતાને મુક્ત કરી શકે છે. જીવની આ મુક્ત અવસ્થાને મોક્ષ, નિર્વાણ, મુક્તિ વગેરે અનેક સંજ્ઞાઓથી સંબોધાય છે.




મનુષ્ય સિવાયની અન્ય ગતિનું શું? શું અન્ય ગતિમાં જીવ પોતાની મુક્તિ માટે કાંઈ જ કરી શકતો નથી? આ પ્રશ્નોના ઉત્તરોનું મૂલ્યાંકન કરવા માટે આપણે કર્મના સિદ્ધાંતને બરાબર સમજવો પડશે. હાલ પૂરતું આપણે ફક્ત એટલું જ સ્વીકારીએ કે મોક્ષના ઉદ્દેશપૂર્ણ પુરુષાર્થ માટે કેવળ મનુષ્યો (ભોગવિલાસમાં પડીને મોક્ષમાર્ગ ભુલી જવાથી, દેવો પણ નહિ) જ સમર્થ છે. અસંખ્ય જીવોનો આ સર્વવ્યાપી વિચાર, તેમની શુદ્ધિ, જન્મ અને પુનર્જન્મનું ચક્ર, અને જીવની શુદ્ધિ માટે તીર્થંકરોએ પ્રબોધેલો મનુષ્યનો પુરુષાર્થ માર્ગ એ જૈન દર્શનની વિશેષતા છે.

## અચેતન દ્રવ્યો (અજીવ) :

કુલ સંખ્યાની અપેક્ષાએ અચેતન દ્રવ્યો અનંતાનંત છે. પણ વિશિષ્ટ લક્ષણ કે ગુણધર્મની અપેક્ષાએ જૈન દર્શકોએ તમામ અચેતન તત્ત્વો (અજીવો)નું પાંચ વિભાગમાં વર્ગીકરણ કર્યું છે. દરેક અજીવ દ્રવ્યને પોતાનું વિશિષ્ટ લક્ષણ છે. "ચેતના પ્રાપ્ત કરવામાં આ પાંચે અજીવ દ્રવ્યો અસમર્થ છે." આ તેમનો સર્વસામાન્ય અને સ્વભાવગત ગુણ છે. આ પાંચ દ્રવ્યો છે :

**૧. પુદ્‌ગલાસ્તિકાય;** (આસ્તિકાય એટલે એકથી વધારે પ્રદેશોનો સમૂહ), **૨. આકાશાસ્તિકાય, ૩. ધર્માસ્તિકાય, ૪. અધર્માસ્તિકાય, અને ૫. કાળ**

Ψ અન્ય ધર્મોની જેમ જૈનધર્મ પણ સ્વર્ગલોક અને નરકલોકમાં માને છે. જૈનો માને છે કે તેમનાં કર્મોના પ્રભાવથી જીવો સ્વર્ગ કે નરકમાં પુનર્જન્મ લે છે અને કર્મોના ફળ ભોગવ્યા પછી તે ગતિમાંથી છૂટીને બીજી ગતિમાં જાય છે.

α વીસમી સદીમાં જર્મનીના હિટલરે સ્વસ્તિકને વિકૃત અર્થમાં પોતાના રાજ્યપ્રતીક તરીકે અપનાવ્યું હતું

જીવ અને આ પાંચ અજીવ દ્રવ્યો મળીને કુલ છ મૂળભૂત દ્રવ્યો છે. જૈન દર્શન આ છ દ્રવ્યોમાં સમાયેલું છે. આ તમામ દ્રવ્યો સત્ છે. આ સત્, સનાતન છે અને તાર્કિક રીતે સ્વિકાર્ય છે. દરેક દ્રવ્યને પોતાના વિશિષ્ટ સ્વભાવગત ગુણો છે. એ દ્રવ્યો પ્રત્યક્ષ અને જ્ઞાનને આધીન છે. આ દ્રવ્યોના નાશ કે નિર્માણ થતા નથી. અન્યોન્ય સંબંધથી આ દ્રવ્યોમાં બાહ્ય રૂપાંતર થઇ શકે છે પણ એક મૂળ દ્રવ્યનું બીજા મૂળ દ્રવ્યમાં રૂપાંતર થતું નથી, તેથી આ મૂળભૂત દ્રવ્યોની સંખ્યા કાયમ છ જ રહે છે.

## *પુદ્ગલ (પદાર્થ)*

**પુદ્** એટલે એક સાથે બંધાઇ જવું (સંયોજન), અને **ગલ** એટલે વિખરાઇ જવું (વિભાજન). જેમ જીવ અસંખ્ય છે તેમ પુદ્ગલના પણ અસંખ્ય નાના નાના કણો છે. પુદ્ગલના અતિ સૂક્ષ્મ અવિભાજ્ય કણને 'પરમાણુ' કહે છે. આ પુદ્ગલકણો પરમાણુરૂપે કે પરમાણુના સમૂહરૂપે અવકાશમાં સ્થિત છે. બે કે બેથી વધુ કે અનંત પરમાણુ જોડાયેલા હોય તેને સ્કંધ કહે છે. એક જ ક્ષેત્રમાં તે સાથે રહી શકે છે. પુદ્ગલ જડ પદાર્થ છે. તેમાં રૂપ, રસ આદિ ગુણો અને કદ પણ છે. વ્યવહારિકરૂપે કોઈ પદાર્થને આપણે જોઈએ છીએ, તેનો સ્પર્શ કરીએ છીએ કે તેનો અનુભવ કરીએ છીએ એ તેમના અણુઓના* સામૂહિક કે સંયુક્ત રૂપને કારણે છે. એ અર્થમાં પદાર્થો એટલે અણુઓનો સમૂહ. અણુઓના વિવિધ સંયોજનો વિવિધ વસ્તુઓનું નિર્માણ કરે છે.

## *આકાશ*

અન્ય દ્રવ્યોને ધારણ કરનારું દ્રવ્ય આકાશ છે. અને આ તેનો વિશિષ્ટ ગુણ છે. તેનો ક્ષેત્ર વિસ્તાર અનંત છે. આકાશને પણ અસંખ્ય પ્રદેશો છે. (પ્રદેશ ક્ષેત્રનું એક માપ છે. તે smallest unit of space છે. પુદ્ગલનો સૌથી નાનો અવિભાજય પરમાણું જેટલી જગ્યા રોકે તે એક પ્રદેશ કહેવાય) પુદ્ગલના પરમાણુ એક બીજાથી અલગ થઇ શકે છે પણ આકાશના પ્રદેશો સળંગ અને અખંડિત છે. આકાશને બે વર્ગમાં વિભાજિત કરે છે. જેમકે લોકાકાશ અને અલોકાકાશ. લોકાકાશમાં જીવાદિ દ્રવ્યો છે. અલોકાકાશમાં પ્રદેશો સિવાય અન્ય કોઈ દ્રવ્યોનું અસ્તિત્ત્વ નથી. દ્રવ્યોને પોતાનામાં સમાવી લેવા એ પ્રદેશોનું વિશિષ્ટ લક્ષણ છે. તેને કારણે સૈદ્ધાંતિક દૃષ્ટિએ લોકાકાશનું અલોકાકાશમાં વિસ્તરણ શક્ય છે.

## *ધર્મ અને અધર્મ - ગતિ અને સ્થિરતાનું માધ્યમ*


વિશ્વવ્યવસ્થામાં ધર્મ (ગતિ કે પરિવર્તનનું માધ્યમ) અને અધર્મ (સ્થિરતા કે યથાવત્તાનું માધ્યમ) એ બે સહાયક મૂળ દ્રવ્યો કે માધ્યમ છે (જેમ કે પાણી એ માછલીને ધરાવતું માધ્યમ છે). અણુઓ

* ભૌતિકવિજ્ઞાન ધાતુના સૌથી નાનાં ઘટકને અણુ (atom) કહે છે, અણુના ઘટકોને સૂક્ષ્માતિસૂક્ષ્મ કણ (sub-atomic particles) કહે છે અને બે અથવા અધિક અણુઓના રસાયણિક સમૂહને પરમાણુ (molecule) કહે છે. જૈન શાસ્ત્રમાં 'અણુ' અને પરમાણુ એ બન્ને શબ્દોનો ઉપયોગ પદાર્થના અવિભાજ્ય સૂક્ષ્માતિસૂક્ષ્મ કણ (sub-atomic particle) ના અર્થમાં કરવામાં આવે છે. તે પદ્ધતિ અનુસાર આ પુસ્તકમાં પણ અણુ કે પરમાણુને એ અર્થમાંજ સમજવા. આ અણુઓ એક સરખા કે સમાન છે.

(અવિભાજ્યરૂપે) કે પદાર્થો (અણુ અથવા પરમાણુઓનો સમૂહ)ની ગતિ અને સ્થિરતા માટે આ બે માધ્યમો સહાયક કારણ છે. આકાશની જેમ ધર્મ અને અધર્મ પણ અસંખ્ય એકમોના બનેલા છે. આ એકમો અવિચ્છિન્ન છે. સમગ્ર વૈશ્વિક આકાશને આવરી લેતી અતૂટ સાંકળ છે.

## *કાળ*


કાળ એ પરિવર્તન માટેનું માધ્યમ છે અર્થાત્ જીવ અને પુદ્ગલમાં પરિવર્તન લાવનારું દ્રવ્ય કાળ છે. વાસ્તવિક કાળ અસંખ્ય એકમોનો બનેલો છે પણ અવિચ્છિન્ન નથી. (આકાશના પ્રદેશ તથા ધર્મ અને અધર્મના એકમોનું અસ્તિત્વ સળંગ અને સાતત્યમય છે) સેકન્ડ, મિનિટ, કલાક, દિવસો વગેરે વાસ્તવિક દૃષ્ટિએ કાળના એકમો નથી. એ વ્યવહારિક કાળના એકમો છે. પશ્ચિમની માન્યતા છે કે "કાળ એક સીધી રેખામાં આગળ વધે છે." જ્યારે જૈનોની માન્યતા પ્રમાણે કાળ ચક્રાકારમાં ઘૂમતું રહે છે*. તેમના મતે કાળને આદિ કે અંત નથી. એ શાશ્વત છે. કાળના અવિરત ચક્રમાં પદાર્થના (દ્રવ્યોના નહી) સર્જન અને વિનાશની કુદરતી પ્રક્રિયા વિશ્વમાં ચાલતી રહે છે. સંપૂર્ણ કાળચક્રના બે સમાન ભાગ છે. એક અર્ધચક્ર છે ઉત્સર્પિણીનો કાળ અને બીજું અર્ધચક્ર છે અવસર્પિણીનો કાળ. ઉત્સર્પિણી કાળ દરમિયાન સમગ્ર વિશ્વમાં દરેક વસ્તુમાં - અર્થાત સુખ, જ્ઞાન, મનુષ્ય અને પ્રાણીનો સ્વભાવ, આયુષ્યરેખા વગેરે - માં ક્રમશઃ વૃદ્ધિ કે ઉન્નતિ થતી રહે છે. ઉત્સર્પિણી કાળ ટોચ પર પહોંચે એટલે ચક્રના બીજા ભાગ અવસર્પિણી કાળની શરૂઆત થાય છે. અવસર્પિણીના કાળ દરમિયાન સમગ્ર પરિસ્થિતિ ધીરે ધીરે કથળતી જાય છે. અવસર્પિણી કાળ પૂરો થાય અને ઉત્સર્પિણીનો કાળક્રમ ફરી આવે ત્યાં સુધી પરિસ્થિતિનું કથળવું ક્રમશઃ ચાલુ રહે છે.




દરેક અર્ધચક્રના છ વિભાગ છે. (કાળચક્રના પ્રતીકને અનુલક્ષીને તેના વિભાગને 'આરા' કહે છે.) સુખ, આબાદી, સ્વાસ્થ્ય, આયુષ્યરેખાનું સ્તર દરેક વિભાગ પર ક્રમશઃ બદલાતું જાય છે. દા.ત. અવસર્પિણીનો પહેલો આરો સૌથી આબાદ અને સ્વર્ગીય સુખનો કાળ (સુખી-સુખી સમય) છે. પણ ધીરે ધીરે એ સુખમાં ઘટાડો થતો જાય છે અને આખરે અવસર્પિણીના છેલ્લા (છઠ્ઠા) આરામાં આવીએ તે સૌથી દુઃખી કાળ છે. (દુઃખી-દુઃખી કાળ) ત્યાર પછી ફરીથી ઉત્સર્પિણીનો કાળ શરૂ થાય છે. તેના છ આરામાં ઉત્તરોત્તર આબાદી, દીર્ઘાયુ, સુખમાં વૃદ્ધિ થતાં થતાં આખરે નંદનવન સમા સુખનો કાળ આવી પહોંચે છે. કાળનું ચક્ર આમ ને આમ નિરંતર ચાલ્યા કરે છે.

* કાળને ચક્રાકારમાં દર્શાવવાની પ્રથા છે. પણ તેનો અર્થ એમ થાય કે સમયચક્ર પુરૂં થાય ત્યારે સમગ્ર વિશ્વ હતું તેમનું તેમ જ પાછું બની જાય છે. તેમાં કાંઇ જ પ્રગતિ થતી નથી એ અસંભવ લાગે છે. સમયનું વધારે સુસંગત સ્વરૂપ એક લહેર અથવા તરંગના આકારમાં બતાવી શકાય. આ તરંગ અનાદિ અને સનાતન છે. તેને નથી આદિ કે નથી અંત. આ તરંગના ટોચ તરફ ચડતા ભાગને ઉત્સર્પિણી અને પાત્ર તરફ ઉતરતા ભાગને અવસર્પિણી કહેવાય.

દરેક અર્ધચક્રનો ચોથો આરો (દુ:ખી-સુખી સમય) એ માનવ સંસ્કૃતિનો સર્વોત્તમ યુગ ગણાય છે. એ આરામાં અનેક મહાન વિભૂતિઓ જન્મ લે છે. સ્વયં મોક્ષ પ્રાપ્ત કરી લોકોને સાચો માર્ગ દર્શાવનાર તીર્થંકરો પણ આ આરામાં જ જન્મે છે. અત્યારે આપણો અવસર્પિણીના પાંચમા આરામાં (દુ:ષમ) છિયે. અત્યારે આપણે અવસર્પિણીના પાંચમા આરામાં (દુ:ષમ) છિયે.




કાળનો આ ચક્રાકાર વિચાર જૈનો માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે; કારણકે "સીધી રેખામાં કાળનું ભ્રમણ 'આદિ' અને 'અંતનો' સંકેત કરે છે. અંતનો એ અર્થ છે કે દરેક વસ્તુનો આખરે નાશ થાય છે". પશ્ચિમનો આ વિચાર જૈનોને માન્ય નથી. તેમના મતે કાળ સહિત વિશ્વના છયે દ્રવ્યો સનાતન અને અવિનાશી છે. આપણે, આપણી સંસ્કૃતિ, આપણી પૃથ્વી - એ તો આ દ્રવ્યોના કેવળ પ્રવર્તમાન પર્યાયો છે. આમ, કાળ વિના પરિવર્તન શક્ય નથી. તેથી કાળ વિના જીવની શુદ્ધિ પણ શક્ય બને નહિ. જૈન શાસ્ત્રોમાં કાળની ભૂમિકાનું નીચે મુજબ વર્ણન કર્યું છે:

**વર્તના-પરિણામ-ક્રિયા-પરત્વાપરત્વે ચ કાલસ્ય**

**(કાળ લાવે છે અવિરત, સૂક્ષ્મ, અદૃશ્ય પરિવર્તન, દૃશ્યમાન રૂપાંતર, પ્રવૃત્તિ, અગ્રતા, પશ્ચાદતા: આ છે કાળની ભૂમિકા)** **ઉમાસ્વાતિકૃત તત્ત્વાર્થસૂત્ર, ૫-૨૨**

## વિરોધાભાસ :

જૈનો કહે છે કે છ દ્રવ્યો નિત્ય છે. અને બીજી બાજુ એમ પણ કહે છે કે આ દ્રવ્યોમાં અન્યોન્ય સંબંધને કારણે પરિવર્તન આવે છે, તેથી તે અનિત્ય પણ છે. હવે પ્રશ્ન એ છે કે પરિવર્તન મૂળ પદાર્થનો નાશ ન કરી નાખે? "ના, એવું નથી." આ છે જૈનોનો ઉત્તર. "હકીકતમાં, આ છ દ્રવ્યો નિત્ય કે શાશ્વત છે તેમજ અનિત્ય કે પરિવર્તનશીલ પણ છે." તમને જરૂર એમ લાગશે કે આ તો 'બે મોઢાની' વાત કહેવાય! કોઈ એક વસ્તુ નિત્ય અને અનિત્ય એમ બંને એકી સાથે કેવી રીતે હોઈ શકે? અહીં જૈન દર્શકોના એક વિશિષ્ટ દૃષ્ટિબિંદુનું આપણને દર્શન થાય છે. જૈનોના મતે કોઈ પણ પદાર્થની સાચી ઓળખ બે ઘટકોના આધારે થાય છે :

**૧.** તેના મૂળભૂત અથવા સ્વભાવગત ગુણો અને **૨.** તેના પર્યાયો કે રૂપો

મૂળભૂત ગુણ કોઈ પણ બે દ્રવ્યો વચ્ચે રહેલા ભેદને દર્શાવે છે; જ્યારે પર્યાય એક જ દ્રવ્યના વિવિધ પરિવર્તનોનું વર્ણન કરે છે. ગુણ અને પર્યાય હંમેશા એકબીજાની સાથે રહે છે. કહેવાનો ભાવાર્થ એ છે કે કોઈ પણ દ્રવ્ય ગુણ કે પર્યાય રહિત હોતું નથી. આપણાં સૌનાં મન એમ માનવાને ટેવાયેલાં છે કે દરેક વસ્તુ ઉત્પન્ન થાય છે, થોડો સમય રહે છે અને પછી નાશ પામે છે પણ જૈન દર્શકો કહે છે કે ખરેખર એવું નથી. સામાન્ય રીતે આપણે જે જોઈએ છે તે તો દ્રવ્યોનાં ભિન્ન રૂપો કે પર્યાયો છે. દ્રવ્યોનાં પરસ્પર સંયોગોને જોઈને આપણાં મનમાં એક એવી છાપ પડે છે કે અમુક દ્રવ્યનું પરિવર્તન થયું છે પણ વાસ્તવમાં એ દ્રવ્યના સ્વભાવગત ગુણનું પરિવર્તન નથી પણ તેના પર્યાયોનું પરિવર્તન છે. દ્રવ્યના મૂળભૂત ગુણોના ક્યારેય નાશ કે પરિવર્તન થતાં જ નથી, તેથી દ્રવ્યની નિત્યતા કાયમ જળવાઈ રહે છે. જે સતત બદલાયા કરે છે એ છે દ્રવ્યના પર્યાયો. તેથી કોઈ નવી વસ્તુનું નિર્માણ થયું હોય, થોડો વખત તે સ્થાયી રહી હોય અને પછી નાશ પામી હોય એવું કદાચ આપણને મનમાં લાગે પણ દ્રવ્યના મૂળભૂત ગુણની દૃષ્ટિએ જોતાં સ્પષ્ટ શબ્દોમાં એમ કહી શકાય કે દ્રવ્ય નિત્ય છે પણ આપણા જોવામાં કે જાણવામાં આવેલાં દ્રવ્યોનાં બદલાયેલાં રૂપો કે પર્યાયોની દ્રષ્ટિએ જોતાં દ્રવ્ય અનિત્ય છે.

સોનાના સિક્કાના દૃષ્ટાંતથી આ મુદ્દાની વિશેષ સ્પષ્ટતા કરાય છે. જેમ સોની સોનાના સિક્કાનું ગળાના હારમાં રૂપાંતર કરે એટલે સિક્કો નાશ પામે છે અને હાર અસ્તિત્વમાં આવે છે. ત્યાર પછી સોની એ હારમાંથી વીંટીઓ બનાવે એટલે સિક્કો અને હાર બંને નાશ પામે છે અને વીંટીઓ અસ્તિત્ત્વમાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયામાં સિક્કો, ગળાનો હાર, વીંટીઓ - આ વિવિધ બદલાતા પર્યાયો છે. પણ એ ત્રણેમાં સોનું અને તેનો વિશિષ્ટ ગુણ બંને યથાવત્ રહે છે. આમ, સોનું તેના વિશિષ્ટ ગુણને કારણે નિત્ય છે. આ દૃષ્ટાંતના આધારે જૈન દર્શકો સમજાવે છે કે જૈનતત્ત્વવાદના છ મૂળભૂત દ્રવ્યો નિત્ય છે અને અનિત્ય પણ છે. આપણું લક્ષ્ય ગુણ પર છે કે પર્યાય પર છે તે પરથી દ્રવ્ય નિત્ય કે અનિત્ય છે તે નક્કી થાય છે.


## દેવો, સાધુઓ અને દેરાસરો :

'સૃષ્ટિના સર્જક ઈશ્વર છે' એ વાત જૈનો માનતા નથી. તે પરથી એવી છાપ ઊભી થાય છે કે જૈનો નાસ્તિક છે. તેમ છતાં ભારત દેશના ખૂણે ખૂણે જૈનોએ ભવ્ય અને અનુપમ દેરાસરો બાંધ્યાં છે. આજે દેશની બહાર પણ બ્રિટન અને ઉત્તર અમેરિકામાં દેરાસરો બાંધવાની પ્રવૃત્તિ ચાલી રહી છે. આ દેરાસરોમાં જૈનોએ સેંકડો મૂર્તિઓની સ્થાપના કરી છે. કાળા ગ્રેનાઈટની કે સફેદ આરસપહાણની મૂર્તિઓનાં દર્શન કરો તો બધી મૂર્તિઓ એકસરખી હોય એવું જ લાગે છે. શાંત, ધ્યાનસ્થ બેઠી મૂર્તિ કે બે હાથ બે બાજુ રાખીને કાઉસગ્ગમાં ઊભી મૂર્તિઓની જૈનો પૂજા - પ્રાર્થના કરે છે. તેથી અહીં પ્રશ્ન ઊઠે કે જૈનો જો ઈશ્વરમાં માનતા જ ન હોય તો પછી દેરાસરો શા માટે બાંધે છે? એમાં કોની મૂર્તિઓ રાખે છે? અને જૈનો તેની પૂજા કેમ કરે છે?

જૈનોના મતે ઈશ્વર એ કોઈ વિશ્વના અમૂર્ત કે અલૌકિક સંચાલક નથી. તે ઉચ્ચ આદર્શ છે. જીવની મુક્તિ એ દરેક જૈનનું લક્ષ્ય છે તેથી જેમણે એ લક્ષ્ય સિદ્ધ કર્યું છે તેઓ જૈનો માટે આદર્શરૂપ છે. તદુપરાંત સ્વયં કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને જેમણે આપણને તેનો બોધ આપ્યો અને મુક્તિનો માર્ગ દર્શાવ્યો એ તો જૈનોના ઉચ્ચતમ આદર્શ અને શાંતિપૂર્ણ મોક્ષના દાતા ચોવીસ તીર્થંકરો! આ તીર્થંકરોની પૂજા માટે જૈનોએ ભવ્ય દેરાસરો અને સ્મારકો બાંધ્યાં છે અને તે દેરાસરોમાં તીર્થંકરોની મૂર્તિની સ્થાપના કરી છે. અગાધ સંસારસાગરને પાર કરવા માટે જેમણે સેતુ બાંધ્યો અને વિશ્વને પરમાનંદનો માર્ગ દર્શાવ્યો છે એ પૂર્ણ ધર્માચાર્યો કે આધ્યાત્મિક ગુરુઓની જૈનો પૂજા અને પ્રાર્થના કરે છે.

તીર્થંકરોનું ધ્યાન અને તેમની પ્રાર્થના કરીને જૈનો જીવનમાં પ્રેરણા મેળવે છે અને મુક્તિના માર્ગે ઉન્નતિ કરે છે. આવી પ્રેરણા તેમને શાંતિપૂર્ણ મુક્તિદાતા સિવાય બીજું કોણ આપી શકે? પ્રાર્થનામાં જૈનો તેમનાં કુકર્મોમાંથી મુક્તિ કે માફીની માગણી કરતા નથી. એક વાત બધા જ જૈનો બરાબર જાણે છે કે પોતાનાં કર્મોમાંથી છુટકારો પોતે જ પોતાના પુરુષાર્થ દ્વારા મેળવવાનો છે. પ્રાર્થના દ્વારા તેઓ ઈચ્છા પ્રગટ કરે છે કે આ મહાન ગુરુઓએ સ્થાપેલા આદર્શને અનુસરવા માટે મને પ્રેરણા અને બળ મળે.

## જૈનોનું સત્યવિશેનું દર્શન



હકીકતમાં આ તીર્થંકરો સંપૂર્ણ મુક્ત જીવ છે. તેથી ભક્તોને તેમની વિકટ પરિસ્થિતિમાંથી બહાર લાવવા માટે તીર્થંકરો હસ્તક્ષેપ કે સહાય (પ્રસન્નતા કે પ્રસાદ) કરી શકતા નથી પણ તેમને કેવળ પ્રેરણા આપી શકે છે. વાસ્તવમાં સામાન્ય શ્રાવક-શ્રાવિકાની પ્રાર્થનાનો ઉદ્દેશ્ય જૈન જ્ઞાની કે સાધુ- સાધ્વીઓના ઉદ્દેશ્યથી અલગ હોઈ શકે. ક્યારેક આસપાસના વાતાવરણની અસરને કારણે અથવા જીવનના પડકારોમાંથી બહાર આવવા માટે કોઈ ચમત્કાર ઘટે એવી ઇચ્છા સામાન્ય મનુષ્યના મનમાં થાય પણ ખરી અને એ સમજી શકાય તેવી વાત છે. તેથી આવી મનુષ્ય સહજ નબળાઈઓને ધ્યાનમાં રાખીને જૈનોએ પછીથી હિંદુ દેવદેવીઓની મૂર્તિઓની પણ તેમના દેરાસરમાં સ્થાપના કરી. જેથી આ દેવ-દેવીઓના પ્રસન્ન થવાથી આપણને લાભ થશે એવી આશા રાખીને નબળાં મનોને રાહત મળે.

**જૈનોના મતે ઈશ્વર એ વિશ્વના કોઈ અમૂર્ત કે અલૌકિક સંચાલક નથી ઈશ્વર ઉચ્ચ આદર્શ છે. સ્વયં કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને જેમણે આપણને તેનો બોધ આપ્યો અને મુક્તિનો માર્ગ દર્શાવ્યો એ તો જૈનોના ઉચ્ચતમ આદર્શ અને શાંતિપૂર્ણ મોક્ષના દાતા ચોવીસ તીર્થંકરો.**

આમાંના કેટલાંક દેવદેવીઓને સહાયક અને રક્ષક માનવામાં આવે છે. દા.ત. ઈન્દ્રો અને ઈન્દ્રાણીઓની જૈન દેરાસરોમાં પૂજા થાય છે. જૈનોના ઉત્સવ પ્રસંગે ભજવાતાં નાટકોમાં ઈન્દ્ર અને ઈન્દ્રાયણી તીર્થંકરોના પરિચારકો - પરિચારિકાઓરૂપે દર્શાવવામાં આવે છે. જૈન પુરાણકથામાં જણાવ્યું છે કે આ 'શાસક દેવોએ' તીર્થંકરોને મોક્ષના વિકટ માર્ગે સહાય કરી હતી અને તેમની રક્ષા કરી હતી. એમાંના મુખ્ય દેવદેવીઓ છેઃ ચક્રેશ્વરી, પદ્માવતી, ધરણેન્દ્ર અને પાર્શ્વ યક્ષ (જે ગણેશ તરીકે પણ ઓળખાય છે). તેમની મૂર્તિઓ જૈન દેરાસરોમાં ગૌણ સ્થાને જોવા મળે છે. દરરોજ દેરાસરની મુલાકાતે જતા શ્રાવકો એક વાત સ્પષ્ટપણે જાણે છે કે પોતાની કર્મની કઠીન પરિસ્થિતિ માટે તેઓ પોતે જ જવાબદાર છે તેથી શાસક દેવો કે તીર્થંકરોના હસ્તક્ષેપ કે સહાય (પ્રસન્નતા કે પ્રસાદ)ની અપેક્ષા તેઓ રાખી શકે નહિ. તેમ છતાં નબળાઈઓને વશ ભક્તો આ મૂર્તિઓની પૂજા કરીને તેમની પાસેથી સહાયની આશા રાખતા હોય છે.

'નજીકના દેરાસરે જવું' એ સામાન્ય મૂર્તિપૂજક જૈનનો દૈનિક ક્રમ છે. તે વખતે દેરાસરમાં વ્યાખ્યાન કે સાધુ-સાધ્વીની ઉપસ્થિતિ હોતી નથી. મૂર્તિની સામે શાંતિથી ધ્યાનમાં બેસીને શ્રાવક એકાંતમાં પ્રાર્થના કરે છે. અંતિમ લક્ષ્ય સુધી પહોંચવાનું છે તેથી કર્મનાં બંધનને ખપાવવાની જરૂર છે એ વાતની યાદ તે પોતાના મનને કરાવે છે. તીર્થંકરોના સંકલ્પ અને મનોબળમાંથી પ્રેરણા મેળવીને અધ્યાત્મમાર્ગે આગળ વધવાની પ્રતિજ્ઞા લેવાની છે તે વિચારને તે મનમાં દૃઢ કરે છે. દેરાસરમાં જઈ મૂર્તિઓને નમન કરી તેમના પ્રત્યે આદરભાવ પ્રગટ કરે છે. તીર્થંકરોના ગુણાનુવાદ કરે છે, એકાદ ભજન ગાય છે કે ધર્મપાઠનું અધ્યયન કરે છે અને કેસરચંદનથી મૂર્તિની અર્ચના કરે છે.

જૈનભક્તો વારંવાર જેનું મનન કરે છે એ મંગળ અને પાવનકારી જૈન પ્રાર્થના એટલે નમોકાર મંત્ર. આ

મંત્રમાં કોઈ એક ખાસ વ્યક્તિ કે તીર્થંકરને નહિ પણ બધા જ આધ્યાત્મિક ગુરુઓને વંદના કરવામાં આવે છે. પૂર્ણ આત્મશુદ્ધિના માર્ગે ઉત્તરોત્તર ઉન્નતિ થતી રહે તે માટે પ્રેરણા આપનાર આ મુક્તાત્માઓની સ્મૃતિવંદના કરી કૃતજ્ઞતા પ્રગટ કરવામાં આવે છે. તે મંત્ર છે નમોકાર મંત્ર :

**નમો અરિહંતાણમ્**

જેમણે પોતાની ઇન્દ્રિયો પર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કર્યો છે અને પોતે સર્વ કર્મોનો નાશ કરી મુક્તાત્મા બની મોક્ષનો માર્ગ દર્શાવ્યો છે એ તમામ અરિહંત આત્માઓને હું નમન કરું છું અને તેમનામાંથી પ્રેરણા મેળવું છું.

**નમો સિદ્ધાણમ્**

તમામ સિદ્ધ, શુદ્ધ અને મુક્ત આત્માઓમાંથી પ્રેરણા લઉ છું અને તેમને પ્રણામ કરું છું.

**નમો આયરિયાણમ્**

તમામ આચાર્યોને તથા ધર્માધિપતિઓને હું વંદન કરું છું અને તેમનામાંથી પ્રેરણા લઉ છું.

**નમો ઉવજ્ઝાયાણમ્**

શાસ્ત્રોની સમજ આપનાર સર્વ ઉપાધ્યાયોને હું નમન કરું છું અને તેમનામાંથી પ્રેરણા મેળવું છું.

**નમો લોએ સવ્વ સાહૂણમ્**

વિશ્વના તમામ તપસ્વી સાધુ-સાધ્વીઓમાંથી પ્રેરણા લઉ છું અને તેમને વંદન કરું છું.

**એસો પંચ નમુક્કારો**
**સવ્વ પાવપ્પણાસણો**
**મંગલાણમ્ ચ સવ્વેસિમ્**
**પઢમમ્ હવઈ મંગલમ્**

આ પાંચ પ્રકારના મહાન આત્માઓને પ્રણામ કરવાથી મારા પોતાનાં પાપોને ખપાવવામાં મને પ્રેરણારૂપી મદદ મળશે. આ સર્વ મંગલોમાં પ્રથમ શ્રેષ્ઠ મંગળ છે. તે એટલું પાવનકારી છે કે દરેકને શાંતિ અને સુખ આપે છે.

જૈન સમાજની સ્થાપના કરવી અને જૈનોમાં 'સામાજિક સંગઠનની' ભાવના નિર્માણ કરવી આ એક બીજી મહત્ત્વપૂર્ણ ભૂમિકા પણ દેરાસરો અદા કરે છે. જૈન આચારવિચાર જણાવે છે કે ધર્મ હંમેશા વ્યક્તિગત અને અંગત બાબત છે અને ખરેખર જૈન ધર્મનો પણ એ જ ઉપદેશ છે કે દરેક વ્યક્તિ પોતે જ પોતાનાં કર્મો તપ અને સંયમ દ્વારા પુરુષાર્થ કરી નિર્મૂળ કરે. આ થઈ ધર્મની વ્યક્તિગત અને અંગત બાજુ. તો બીજી બાજુ મનુષ્યની સામાજિક અને આધ્યાત્મિક જરૂરિયાત પૂરી પાડવા ધર્મોને ઘણીવાર સંસ્થાનું રૂપ આપવામાં આવે છે. વ્યકિતલક્ષી જૈનધર્મમાં પણ દેરાસરોની સ્થાપના પાછળ સામાજિક માગને સંતોષવાનો હેતુ મુખ્યત્વે રહ્યો છે. આમ દેરાસર ધાર્મિક સંસ્થાનું મહત્વપૂર્ણ અને આવશ્યક અંગ છે.

સમાજને એકજુટ રાખવા માટે દેરાસર એક સુંદર સ્થાન છે. દેરાસરમાં લોકો વ્યક્તિગત રીતે રોજ પૂજાપાઠ કરે છે તેમજ અવારનવાર સામૂહિક પૂજાનું આયોજન પણ કરવામાં આવે છે. સામૂહિક પૂજાના અવસરે સાધુસાધ્વીઓ ઉપસ્થિત રહી શકે પણ તેમના વ્યાખ્યાનો હોતાં નથી. આવા અવસરે સામાન્ય રીતે સ્તવનગાન, સંગીત અને નૃત્ય થાય છે. સામાજિક સમારંભને આધ્યાત્મિક દિશા આપીને તેને વિશેષ આકર્ષક બનાવવામાં આવે છે. ક્યારેક આવા સમારંભોમાં દેરાસરની જાળવણી માટે કે અન્ય સામાજિક ઉદ્દેશો માટે ધનભંડોળને એકઠું કરવાની વાતને પણ સાંકળી લેવામાં આવે છે.



વ્યક્તિના ચારિત્ર ઘડતર અને સમાજ ઘડતરમાં દેરાસરની ભૂમિકાના સ્પષ્ટ ઉદાહરણો આપણને ઉત્તર અમેરિકા અને યુ. કે.માં જોવા મળે છે. છેલ્લા ૨૫-૩૦ વર્ષોમાં ઘણા જૈનો ભારત છોડીને ત્યાં સ્થાયી થયા છે. દેરાસરો વિના આ નવા વસાહતીઓ વિદેશમાં સામાજિક અને આધ્યાત્મિક રીતે તદ્દન એકલા અને વેરવિખેર થઈ ગયા હોત. પરંતુ દૂરદૃષ્ટિ ધરાવતા કેટલાક લોકોએ આગેવાની લઈને એક ઝુંબેશ ઉપાડી અને દેરાસર નિર્માણની પ્રવૃત્તિનું બીડું ઝડપ્યું. ઉત્તર અમેરિકામાં ગુરુદેવ શ્રી ચિત્રભાનુ, અને દેરાસર અને પૂજાપાઠમાં માનતા નથી તે જૈનસંપ્રદાયના સુધારાવાદી સાધુશ્રી સુશીલકુમારજી આ પ્રવૃત્તિમાં અગ્રેસર રહ્યા છે. ૧૯૭૦ માં શ્રી સુશીલકુમારજીએ ઉત્તર અમેરિકાનો પ્રવાસ ખેડયો. પરદેશમાં વેરવિખેર જૈનોને દેરાસરોની છત્રછાયામાં એકત્રિત થઈ જૈનસંઘ સ્થાપવા માટે પ્રેરણા આપી. તેના ફળસ્વરૂપ આજે અમેરિકા અને કેનેડાના શહેરોમાં સાંઇઠથી વધારે જૈનસંઘો અને કેટલાંય દેરાસરો જોતજોતામાં ઊભા થઈ ગયાં છે. JAINA (Federation of Jain Association of North America) ની છત્રછાયા હેઠળ દર બે વર્ષે અધિવેશનમાં આશરે દસ હજાર જેટલા જૈનો ભેગા થાય છે.

દેરાસરો, મૂર્તિઓ અને પૂજાના વિચારની પ્રેરણા જૈનોને હિંદુધર્મમાંથી મળી એમ માનવામાં આવે છે. જોકે, બાવીસો વર્ષો પહેલાનાં ખારાવેલના શિલાલેખોમાં તીર્થંકરની મૂર્તિ જોવા મળે છે. કેટલીય ધાર્મિકવિધિઓ દા.ત. આરતી, મૂર્તિનો અભિષેક, મૂર્તિનું સુશોભન, ફળફૂલ ચડાવવાં, કીર્તનગાન વગેરે બંને ધર્મોમાં કેન્દ્રસ્થાને છે. બહુસંખ્ય હિંદુઓ સામે અલ્પસંખ્ય જૈનોએ ટકી રહેવું એ બહુ મોટો પડકાર હતો. એ જોખમને ખ્યાલમાં રાખીને ૮મી સદીના જૈન મુનિ જિનસેને હિંદુધર્મના કેટલાક ધાર્મિક વિધિવિધાનોને અપનાવી લીધા જેથી જૈન ધર્મની અલગતા વિશેષ ધ્યાનાકર્ષક ન બને. ભક્તને મોક્ષના લક્ષ્ય સુધી ટકાવી રાખવાની સતત પ્રેરણા આપવા માટે આ વિધિઓનું આયોજન કરવામાં આવ્યું હતું



પણ કાળાંતરે આવી વિધિઓ કરવાથી અથવા મંદિરોને દાન* આપવાથી હિંદુ વિધિઓની જેમ ઈશ્વરનો અનુગ્રહ મળશે એ વિચારો ખોટી રીતે પ્રચલિત થયા. ઘણા જૈનો તો હવે એવું પણ માનતા થઈ ગયા કે ઈશ્વરના અનુગ્રહથી મોક્ષ માર્ગે પ્રગતિ ઝડપથી થઈ શકે છે.

દેરાસરો, ધાર્મિક વિધિવિધાન અને સાધુસાધ્વીઓ સમાજઘડતરના કાર્યમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સાધુસાધ્વી ભક્તોની ધાર્મિક નિષ્ઠાને દૃઢ કરાવવામાં કાર્યરત રહે છે. અપરિગ્રહ વ્રતને કારણે તેઓ ચાતુર્માસ સિવાય એક જ જગ્યાએ અમુક સમયથી વધારે રહી શકે નહિ. ચોમાસાના ચાર મહિના વરસાદને કારણે પગપાળા પ્રવાસ કરવો મુશ્કેલ હોય તેથી ચોમાસામાં તેઓ વિહાર કરતા નથી. ખુલ્લા પગે ગામોગામ અને જુદા જુદા શહેરોની વચ્ચે માઈલોના માઈલો પ્રવાસ કરે છે. વચ્ચે થોડો સમય ગામમાં કે શહેરમાં રોકાય ત્યારે દેરાસરની બાજુના ઉપાશ્રયમાં કે સ્થાનકમાં ઉતારો કરે છે. શ્રાવકો તેમનું વ્યાખ્યાન સાંભળી જૈન ધર્મની કેટલીક સૂક્ષ્મ તાત્ત્વિક બાબતોને સમજવાનો પ્રયાસ કરે છે. સાધુ કે સાધ્વી પોતાને ગામ પધારે એ શ્રાવકો માટે એક બહુ મોટો પ્રસંગ ગણાય છે. શ્રાવકો તેમને આદરમાન આપે છે. પોતાને ઘેર સાધુસાધ્વી પધરામણી કરી ભિક્ષા ગ્રહણ કરે (વોહરાવે) તેને શ્રાવકો ગૌરવ ગણે છે. આધ્યાત્મિક માર્ગદર્શન માટે શ્રાવકો આ પરિભ્રમણશીલ સાધુસાધ્વીઓ પર આધાર રાખે છે અને જીવનનિર્વાહ માટે સાધુસાધ્વીઓ શ્રાવકો પર અવલંબિત છે. આમ ગૃહસ્થ અને સાધુસાધ્વીઓના પરસ્પર અવલંબન પર જૈન ધર્મ હજારો વર્ષોથી ટકી રહ્યો છે, એટલું જ નહિ પણ તીર્થંકરોના ઉપદેશને જૈનો સત્યનિષ્ઠાથી આજ સુધી વફાદાર રહી શક્યા છે.

## તીર્થંકરો

તીર્થંકરો આધ્યાત્મિક ગુરૂ છે. કઠોર તપ અને સાધના કરીને તેરમા ગુણસ્થાન (સયોગ કેવળી) સુધી તેઓ પહોંચ્યા અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. નિર્વાણ પહેલાં તેમણે લોકોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો. જૈન દેરાસરોમાં સાતમા તીર્થંકર સુપાર્શ્વનાથ અને ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ સિવાયની તમામ તીર્થંકરોની મૂર્તિઓ લગભગ એકસરખીજ દેખાય છે. સુપાર્શ્વનાથ અને પાર્શ્વનાથની મૂર્તિ પર ફેણવાળા નાગનું છત્ર દર્શાવેલ છે. ભગવાન પાર્શ્વનાથના છત્ર પર સાત ફણા અને સુપાર્શ્વનાથજીના છત્ર પર પાંચ કે અવારનવાર નવ (સાત ક્યારેય નહિ) ફણા દર્શાવેલી હોય છે. દરેક મૂર્તિનું આગવું ઓળખ ચિહ્ન પગથાર પર કોતરેલું હોય છે. મૂર્તીઓના પગથાર પર કોતરેલ જન્મ ચિન્હો પરથી કેવળ તે મૂર્તીની ઓળખાણ થઇ શકે છે.ચોવીસ તીર્થંકરોનાં નામ અને તેમનાં ઓળખ ચિહ્ન તેમના જન્મના ક્રમાનુસાર નીચેના કોઠામાં આપેલા છે :

* દક્ષિણ ભારતમાં મંદિરોનો તમામ કારોબાર ભટ્ટારકો સંભાળે છે. દિગંબર સમાજમાં ભટ્ટારકોના માન અને સ્થાન ઘણા ઊંચા છે. તેથી મંદિરો માટે પૈસા ઉઘરાવવાનું કામ તેઓ સહેલાઇથી કરી શકે છે. શ્વેતાંબર દેરાસરોનો વહીવટ સાધુસાધ્વી નહી પણ શ્રાવકોની સમિતિઓ ચલાવે છે. સમાજ પાસેથી ફરજિયાત પૈસા માંગવાનો તેમને અધિકાર હોતો નથી. પરિણામે, દેરાસર માટે પૈસા ઊભા કરવા માટે ઘી બોલી ની એક વિશેષ પ્રથા જોવા મળે છે. ઘી બોલીને શ્રાવકો પૂજા વગેરે વિધિ કરવાનો અધિકાર ખરીદે છે. આમ બે હેતુ સિદ્ધ થાય છે. શ્રાવકોને ભગવાનનો અનુગ્રહ કે પુણ્ય કમાયાનો આનંદ થાય અને દેરાસરને વહીવટ માટે પૈસા એકઠા થાય.

| | તીર્થંકર | ચિહ્‌ન |
|---|---|---|
| ૧ | રિખવદેવ/રિષભદેવ/ આદિનાથ | વૃષભ / બળદ |
| ૨ | અજિતનાથ | હાથી |
| ૩ | સંભવનાથ | અશ્વ |
| ૪ | અભિનંદનસ્વામી | કપિ / વાનર |
| ૫ | સુમતિનાથ | ક્રૌંચ પક્ષી/ચકવા |
| ૬ | પદ્મપ્રભુ | પદ્મ / કમળ |
| ૭ | સુપાર્શ્વનાથ | સ્વસ્તિક |
| ૮ | ચન્દ્રપ્રભુ | ચન્દ્ર |
| ૯ | સુવિધિનાથ / પુષ્પદંત | મગર / વ્હેલ માછલી |
| ૧૦ | શીતલનાથ | શ્રીવત્સ/કલ્પવૃક્ષ |
| ૧૧ | શ્રેયાંસનાથ | ગૅન્ડો |
| ૧૨ | વાસુપૂજ્યસ્વામી | પાડો |
| ૧૩ | વિમલનાથ | વરાહ/ભૂંડ |
| ૧૪ | અનંતનાથ | બાજ/ ગરુડ |
| ૧૫ | ધર્મનાથ | વજ્ર |
| ૧૬ | શાંતિનાથ | હરણ/મૃગ |
| ૧૭ | કુંથુનાથ | બકરો |
| ૧૮ | અરનાથ | નંદાવર્ત/મીન |
| ૧૯ | મલ્લિનાથ | પાણીનો કુંભ |
| ૨૦ | મુનિસુવ્રતસ્વામી | કાચબો |
| ૨૧ | નમિનાથ | નીલકમલ |
| ૨૨ | અરિષ્ટનેમિસ્વામી / નેમિનાથ | શંખ |
| ૨૩ | પાર્શ્વનાથ | નાગ / સર્પ |
| ૨૪ | મહાવીરસ્વામી | સિંહ |

૭

# ૭. જૈનતત્ત્વદર્શનનાં મૂળ

'ઈશ્વર સૃષ્ટિના સર્જનહાર છે' એ વિચાર જૈનોના મતે અવાસ્તવિક અને અતાર્કિક છે. તેથી તેઓ તે માન્યતાને સ્વીકારતા નથી. તેમના મતે વિશ્વ છ મૂળભૂત દ્રવ્યનું બનેલું છે. આ છ દ્રવ્ય સહિતનું વિશ્વ સત્, સનાતન અને તર્કબદ્ધ છે. તે છેઃ

| | | |
|---|---|---|
| **૧. જીવ,** | **૨. પુદ્ગલ,** | **૩. આકાશ,** |
| **૪. કાળ,** | **૫. ગતિનો નિયમ (ધર્મ) અને** | **૬. સ્થિરતાનો નિયમ (અધર્મ)** |

વિશ્વની કોઈ પણ વ્યક્તિ એ દ્રવ્યનો અનુભવ કરી શકે છે અને તેની સત્યતાને તર્કના માધ્યમથી ચકાસી શકે છે. સમગ્ર વિશ્વનું સંચાલન આ છ દ્રવ્યો કરે છે. આ પ્રકરણમાં જૈન દર્શકોએ આ તત્ત્વદર્શનની રચના કેવી રીતે કરી તે જોઇશું.

## જીવ*

હું કોણ છું? જીવનમાં મારાં લક્ષ્ય અને ઉદ્દેશ શું છે? કોણ મારા જીવનને સુખી કે દુઃખી બનાવે છે? આ પાયાના પ્રશ્નોને યથાર્થ રીતે સમજાવવા માટે જૈન દર્શકોએ તત્ત્વવાદની સાથે કેટલાક તર્કબદ્ધ સિદ્ધાંતો તારવ્યાં છે.

પહેલાં સિદ્ધાંત પ્રમાણે વિશ્વની તમામ જીવંત વસ્તુઓ (માનવ, પ્રાણી, વનસ્પતિ કે જંતુઓ) જીવ(આત્મા) અને પુદ્ગલનાં વિવિધ સંયોજનથી બનેલી છે. આ નિવેદન પાછળનો તર્ક એટલો સરળ છે કે તેને એક જ સમીકરણથી દર્શાવી શકાય.

**જીવંત વસ્તુ = શરીર + ચેતના**

**(પુદ્ગલ) + (આત્મા)**

* વ્યવહારમાં 'જીવ' (જૈનદર્શનમાં વપરાતો શબ્દ) અને 'આત્મા' (હિંદુદર્શનમાં વપરાતો શબ્દ) એ બે શબ્દો એકજ અર્થમાં વપરાતા હોય છે પરંતુ સૈદ્ધાંતિક દષ્ટિએ બંને એક નથી. જીવ સનાતન અને સંખ્યામાં અનંતાઅનંત છે. અશુદ્ધ જીવ પુરુષાર્થ દ્વારા પોતાના સર્વ કર્મોનો નાશ કરીને 'પરમ આત્મા' બને છે અને સિદ્ધલોકે સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. હિંદુદર્શનના મતે 'આત્મા' ઇશ્વરનો અંશ માત્ર છે. મુક્તિ બાદ આત્મા સર્વવ્યાપી ઇશ્વરમાં (બ્રહ્મ) વિલીન થઇ જાય છે. તે પછી તેનું સ્વતંત્ર અસ્તિત્વ રહેતું નથી. તથાપિ વાચકની સરળતાને ખાતર આ બંને શબ્દોને અહીં એકમેકના પર્યાયરૂપે વાપરીશું.

મૃત્યુ સમયે ચેતના ચાલી જાય છે અને શેષ રહે છે કેવળ શરીર. ચેતના વિનાનું કોઈ પણ ભૌતિક શરીર જડ છે. તે પરથી આપણે નિર્ણય કરી શકીયે કે આપણે જેને ચેતના કહીએ છીએ તે જીવ છે; શરીર નથી. જીવ ચાલ્યો જાય છે અને પછી ખાલી અચેતન શરીર બચે છે.

જીવ કે ચેતના ભૌતિક શરીરને જીવન આપે છે. તેનામાં ચેતનાનું નિર્માણ કરે છે. તેને કાર્યક્ષમ અને સુખી કે દુઃખી બનાવે છે. ઉપર્યુક્ત નિર્ણયનો સ્વીકાર કરવાથી બે પાયાના પ્રશ્નો ઊઠે છે. **૧.** જીવંત વસ્તુઓ જીવ અને પુદ્ગલનાં સંયોજનની બનેલી હોય તો મૃત્યુ થવાથી ચેતના ચાલી ગયા બાદ તે વસ્તુમાં સંયોજાયેલા બધાંજ પુદ્ગલકણો પાછળ રહે છે? **૨.** મૃત્યુ સમયે શરીરમાંથી ચાલી નીકળે છે તે શું શુદ્ધ જીવ છે? જો બંને પ્રશ્નોના જવાબ 'હા' માં આપીએ તો શું તેનો અર્થ એવો થાય કે 'મૃત્યુ એટલે જીવનો મોક્ષ?' ના, જૈન દર્શકો એવું માનતા નથી. તેમના મતે ઉપરના બંને પ્રશ્નના ઉત્તર આ પ્રમાણે છેઃ **૧.** મૃત્યુ થવાથી હવે પાછળ શું શેષ રહ્યું? એનો જવાબ છેઃ 'કેવળ <u>સ્થૂળ</u> પુદ્ગલ કણો' **૨.** મૃત્યુ સમયે શરીરમાંથી શું ચાલી નીકળ્યું ? એનો જવાબ છેઃ 'પુદ્ગલોના <u>અતિસૂક્ષ્મ</u> પરમાણુ જેને વળગેલા છે એવો અશુદ્ધ બદ્ધ જીવ!'

પુદ્ગલના સ્થૂળ રજકણો શરીરની રચના કરે છે. અર્થાત આપણું શરીર સ્થૂળ પદાર્થનું બનેલું છે. બીજી બાજુ પુદ્ગલના અતિસૂક્ષ્મ પરમાણુઓ (તેને પુદ્ગલસ્વરૂપ કર્મ કે કાર્મિક પરમાણુ તરીકે વર્ણવ્યાં છે.) જીવને વળગેલા છે. આ કર્મ પુદ્ગલો જીવને મલિન કે અશુદ્ધ બનાવે છે. અને જીવના મૂળભૂત ગુણો - પૂર્ણ આનંદ, પૂર્ણ ચેતના વગેરે - પર આવરણ બનીને તેમને ઢાંકી દે છે. જ્યાં સુધી જીવ સાથે આ કર્મ પુદ્ગલો બંધાયેલા છે ત્યાં સુધી પુનર્જન્મનું ચક્ર અટકવાનું નથી. આમ જીવના બંધન માટે આ કર્મ પુદ્ગલો જ જવાબદાર છે. તેથી 'મૃત્યુ એટલે જીવનો મોક્ષ' એ વાત પર આપોઆપ ચોકડી મૂકાઈ જાય છે.

## કર્મનો સિદ્ધાંત

બદ્ધ જીવ તેનાં કર્મોનાં બોરિયાંબિસ્તરા (બંધન) સાથે પુનર્જન્મ લે છે અને ભૂત અને વર્તમાન કર્મોનાં સારાં કે માઠાં ફળોને ભોગવે છે. કાર્મિક દ્રવ્યથી મુક્તિ મેળવે નહિ ત્યાં સુધી તે રીતે જન્મમરણની ઘટમાળમાં જીવ સતત ફરતો રહે છે. વિવિધ જીવંત વસ્તુઓ - મનુષ્ય (સ્ત્રીપુરૂષ), પ્રાણી કે વનસ્પતિ - એ સ્થૂળ શરીરમાં કેદ થયેલ પુદ્ગલના સૂક્ષ્મ પરમાણુઓથી બદ્ધ જીવોનાં વિવિધ રૂપો કે પર્યાયો છે. કેટલા અંશે અને કેવા પ્રકારનું બંધન છે તેના આધારે બદ્ધ જીવ જુદા જુદા દેહમાં જન્મ લે છે; પરંતુ એક દૃષ્ટિએ એ તમામ જીવો સમાન છે કારણ એ બધા જ જીવોમાં બંધનમાંથી છૂટીને શુદ્ધ પરમાત્મા બનવાની સુષુપ્ત શકિત રહેલી છે. તેમના મૂળભૂત ગુણો (પૂર્ણ આનંદ વગેરે) મલિનતાને કારણે ભલે ઢંકાયેલા હોય, પણ આ બદ્ધ અવસ્થામાંથી મુક્ત થવાની ઝંખના બધાં જ જીવોને છે, ફરક એટલોજ કે મુકિત માટેની પાત્રતા કોઈ જીવમાં ઓછી તો કોઈમાં વધારે હોય છે.

દરેકના જીવનમાં આનંદ તો આવે જ છે. પણ એ આનંદ ક્ષણિક કે અલ્પકાલીન હોય છે. અન્યથા તો તમામ જીવો માટે જન્મથી મૃત્યુ સુધી જીવનની સમગ્ર પ્રક્રિયા દુઃખોથી અને મર્યાદાઓથી ભરેલી છે. તેથી જૈન દર્શકોએ વિચાર્યું કે આ તમામ દુઃખો જીવ ભોગવે છે કારણ જ્યાં સુધી જીવ અનંત જન્મો અને મૃત્યુની ઘટમાળમાં બંધાયેલો રહે છે ત્યાં સુધી આ અવરોધો રહેવાનાં જ! મુક્ત આત્માને કર્મપુદ્ગલોનો ભાર હોતો નથી, તેથી તેને કોઈ પણ પ્રકારનું દુઃખ કે મર્યાદા ભોગવવાનાં રહેતાં નથી. સ્પષ્ટ શબ્દોમાં કહેવું હોય તો , 'સ્વતંત્ર, મુક્ત જીવ' માં પૂર્ણ ચેતના, પૂર્ણ શક્તિ, પૂર્ણ આનંદ વગેરે હોવાનાં જ ! તેથી જૈન દર્શકો એક તર્કસંગત નિર્ણય પર આવ્યા કે પૂર્ણ ચેતના, પૂર્ણ શક્તિ, અને પૂર્ણ આનંદ એ મુક્ત જીવના મૂળભૂત ગુણો છે.

જે કર્મો કે કર્મપરમાણુ જ્ઞાન પ્રાપ્ત કરવામાં જીવને આવરણરૂપ બને છે તેને જ્ઞાનાવરણીય કર્મબંધ કહે છે. જીવને જ્ઞાનાવરણીય કર્મબંધ જેટલો વધારે તેટલી તેનામાં પૂર્ણસત્યનાં દર્શનની ક્ષમતા ઓછી હોય છે. તમામ જીવંત વસ્તુઓ જીવ અને પુદ્ગલની બનેલી છે. અને કેવળ જીવમાં જ પૂર્ણસત્યનું દર્શન કરવાની ક્ષમતા છે. તે પરથી એક વાત સ્પષ્ટ થાય છે કે જે વ્યક્તિનો જીવ જ્ઞાનાવરણીય કર્મબંધના ભારથી નમી ગયો હોય તેનાં કરતાં જે વ્યક્તિના જીવમાં જ્ઞાનાવરણીય કર્મોનું બંધન ઓછું હોય તેવી વ્યક્તિમાં અનુભૂતિ, જ્ઞાન, અને ચેતના વધારે હોય છે.

**કર્મ પુદ્ગલો જીવને મલિન કે અશુદ્ધ બનાવે છે અને જીવના મૂળભૂત ગુણો - પૂર્ણ આનંદ, પૂર્ણ ચેતના વગેરે પર આવરણ બનીને તેમને ઢાંકી દે છે. જ્યાં સુધી જીવ સાથે આ કર્મ પુદ્ગલો બંધાયેલા છે ત્યાં સુધી પુનર્જન્મનું ચક્ર અટકવાનું નથી.**

જીવ કાર્મિક પુદ્ગલો સાથે કેવી રીતે બંધાય છે? બંધનમાંથી મુક્તિ થવાના ક્યા માર્ગો છે ? એ વિશે જૈન દર્શકોએ ઊંડાણથી તપાસ કરી છે. એની ચર્ચા આપણે પ્રકરણ ૮માં કરશું. કર્મબંધનના વિવિધ પ્રકાર અને તેની જીવંત વસ્તુ પર થતી અસરની ચર્ચા પ્રકરણ ૯માં કરી છે.

## મોક્ષ

વિવિધ કર્મોમાંથી પોતાને શુદ્ધ કરે એટલે તે જીવ મુક્ત, નિર્બંધ બને છે. જીવની એ શુદ્ધ ચેતનાની અવસ્થા પ્રકરણ ૬ માં વર્ણવ્યા પ્રમાણે વ્રત અને નિયમોના પાલનથી પ્રાપ્ત થઈ શકે છે. આ છે મોક્ષ! (તેને નિઃશ્રેયસ, મુક્તિ કે નિર્વાણ પણ કહે છે.) આવો મુકત જીવ નિરંતર પૂર્ણ આનંદની અવસ્થામાં હોય છે. દરેક જીવને આવી મુક્ત અવસ્થા પ્રાપ્ત કરવાની ઈચ્છા રહે છે.

જીવ અને જીવની અશુદ્ધિ વિષયક જૈન અભિગમમાંથી આચારસંહિતાના ત્રણ મહત્ત્વપૂર્ણ નિયમોનો ઉદય કેવી રીતે થયો તેનું હવે આપણે વિગતસર વિવેચન કરી શકશું. પ્રકરણ ૧માં જૈન આચારસંહિતાના ત્રણ 'અ'નો આપણે સંક્ષિપ્તમાં પરિચય મેળવ્યો : અહિંસા (અહિંસાનો સિદ્ધાંત), અનેકાંતવાદ

(બહુમુખી સત્યનો સિદ્ધાંત) અને અપરિગ્રહ (જીવનજરૂરિયાતો અને મમત્વભાવને ઘટાડવાનો સિદ્ધાંત). હવે આપણે આ સિદ્ધાંતોનો વિગતે પરિચય મેળવશું. આ ત્રણે સિદ્ધાંતો 'આત્મા અને જીવની અશુદ્ધિ'ના જૈન દર્શનમાંથી સીધા ઊતરી આવ્યા છે.

## અહિંસાનો સિદ્ધાંત :

'તમામ જીવંત વસ્તુઓ એ બદ્ધ જીવો જ છે. કાર્મિક પુદ્‌ગલો જીવને બંધનમાં નાખે છે અને બદ્ધ જીવો પોતાને મુક્ત કરવાની તીવ્ર ઉત્કંઠા રાખે છે' આ જૈન અભિગમે જ કદાચ અહિંસાને સૌથી મહત્ત્વપૂર્ણ જૈન સિદ્ધાંત તરીકે પ્રસ્થાપિત કર્યો છે. જૈનો જણાવે છે કે માત્ર મનુષ્યોને જ નહિ પણ વિશ્વની દરેક જીવંત વસ્તુને જીવ છે. જોકે, એ જીવ વત્તેઓછે અંશે અશુદ્ધ છે. શુદ્ધ જીવ એ જૈનોનો આદર્શ છે. જેમણે શુદ્ધ અને મુક્ત સ્થિતિ પ્રાપ્ત કરી છે તેમનું તો જૈનો માનસન્માન કરે જ છે પણ તેઓ જણાવે છે કે અશુદ્ધ જીવનો પણ એટલો જ આદર કરવો જોઈએ, કારણકે તેનામાં મુક્ત સ્થિતિ પ્રાપ્ત કરીને પરમાત્મા બનવાનું સામર્થ્ય રહેલું છે. એટલે તે પણ ક્યારેક તો મુક્તિ મેળવી પરમાત્મા બનશે જ. આમ, મનુષ્ય, પ્રાણી, વનસ્પતિ એ બધાં જ સમાનભાવે આદરને પાત્ર છે.

આ જૈન તર્કમાંથી 'તમામ જીવંત વ્યક્તિ – માનવ, પશુ, જીવજંતુ કે વનસ્પતિ – અને પર્યાવરણ માટે આદર અને સમભાવ' દર્શાવતી જૈન જીવનશૈલી અસ્તિત્ત્વમાં આવી. સામર્થ્યની દૃષ્ટિએ "મારો પોતાનો જીવ અને અન્ય જીવ બંને સમાન જ છે" એવું જે માને તે વ્યક્તિ, કોઈ પણ કુળ, ધર્મ, દેશ કે જાતિની અન્ય વ્યક્તિની સાથે ઘૃણાભર્યો કે મતાંધતાપૂર્ણ દુર્વ્યવહાર કરે જ નહિ. તદ્‌ઉપરાંત જૈનો માને છે કે કોઈ પણ જીવંત વસ્તુને હાનિ પહોંચાડવી એ તેનામાં રહેલા પવિત્ર જીવને હાનિ પહોંચાડવી કહેવાય. આવા કૃત્યથી આપણા પોતાના જીવના કર્મનું બંધન વૃદ્ધિ પામે છે અને જીવ વધારે અશુદ્ધ થાય છે. જો આપણે એમ માનતા હોઈએ કે તમામ જીવ પાસે મોક્ષનું સામર્થ્ય છે તોપછી વનસ્પતિ કે પ્રાણીજીવનનો નાશ કરવાની બેદરકારી આપણે દાખવી જ કેમ શકીએ? અને તેથી અહિંસક બનવા સિવાય બીજો કોઈ વિકલ્પ આપણી પાસે રહેતો જ નથી. અન્ય જીવની હત્યા કે હાનિ બની શકે તેટલી ઘટાડવાની પ્રેરણા મનુષ્યને આ વિચારમાંથી મળે છે અને જૈનોમાં શાકાહારી, અનાક્રમક અને પર્યાવરણના પ્રેમી બનવાની વૃત્તિ પણ આ વિચારમાંથી જ જન્મી છે.

જૈનો એક વાત સ્પષ્ટપણે જાણે છે કે પૂર્ણ અહિંસક બનવું મુશ્કેલ છે. શ્વાસમાં લેવાતી હવા, ભોજનમાં લેવાતો ખોરાક અને રોજની આપણી હલનચલનની ક્રિયામાં અનેક સૂક્ષ્મ જીવજંતુનો નાશ થતો હોય છે. અન્ય જીવોની હિંસા અને હાનિને આપણે ક્યારેક પૂર્ણતયા નિવારી શકતા નથી પણ અહિંસાના સિદ્ધાંતને લક્ષ્યમાં રાખીને એક મનુષ્ય તરીકે આપણે શુદ્ધ આશય, સાવચેતી અને વિવેકપૂર્વક નિર્ણય દ્વારા અન્ય જીવોની બની શકે તેટલી ઓછી હિંસા કરવાનો પ્રયાસ તો જરૂર કરી શકીએ. 'વિવેકપૂર્વક નિર્ણય' અને 'આશય કે ભાવ' એ શબ્દો પર જૈનો વિશેષ ભાર મૂકે છે. આપણાં કર્મનાં પરિણામો કેવા

ઉપજશે તે આપણા આશયો અને ભાવ નક્કી કરે છે. એ વાત આપણે કાર્મિક સિદ્ધાંતનો અભ્યાસ કરતી વખતે જોઈશું. જૈનો દ્રઢપણે માને છે કે જો વિશ્વની દરેક વ્યક્તિ તમામ જીવો પ્રત્યે આદર અને સમભાવના વિચારને જીવનમાં આત્મસાત કરે તો વિશ્વ એક શ્રેષ્ઠતર, અધિક શાંતિપૂર્ણ, કરુણામય અને પર્યાવરણની દૃષ્ટિએ સ્વચ્છ રહેવાલાયક સ્થાન અવશ્ય બની શકે !

## અનેકાંતવાદ (બહુમુખી સત્યનો સિદ્ધાંત) :

'પૂર્ણ જ્ઞાન' જીવનો એક વિશિષ્ટ મૂળભૂત ગુણ છે. એ વિશિષ્ટ ગુણને કારણે જીવને પૂર્ણ સત્યનું દર્શન થઈ શકે છે. જોકે, જીવના આ ગુણ પર કાર્મિક પરમાણુઓને કારણે આવરણ આવી જાય છે. તેથી તેનો એ ગુણ ઢંકાઈ જાય છે. તમામ જીવંત વ્યક્તિઓના જીવ કાર્મિક પરમાણુઓને કારણે બદ્ધ અને અશુદ્ધ છે. એ જ અશુદ્ધિ જીવને પૂર્ણ જ્ઞાન અને સ્વાનુભવના માર્ગમાં બાધા નિર્માણ કરે છે. એનો અર્થ એ કે તમામ જીવ બદ્ધ હોવાને કારણે તેમનામાં પૂર્ણ સત્યનું જ્ઞાન કે દર્શન કરવાની ક્ષમતા નથી. અર્થાત્ કોઈપણ વ્યક્તિ (સિવાય કે કેવલી) સત્યનાં તમામ પાસાંને સમજવા માટે મૂળભૂત રીતે અસમર્થ જ છે. 'જ્યાં સુધી જીવ મલિન છે ત્યાં સુધી કોઈ પણ જીવંત વ્યક્તિને પૂર્ણ સત્યનું દર્શન ક્યારેય થઈ શકે નહિ' એ હકીકતની પ્રતીતિ થવાથી એક મહત્વપૂર્ણ જૈન વિચારનો ઉદય થયો અને એ છે 'અનેકાંતવાદ' કે 'બહુમુખી સત્યવાદ'. આજે સમકાલીન વિદ્વાનો પણ જૈનોના અનેકાંતવાદને સ્વીકારતા થયા છે. જ્ઞાનીઓ કહે છે કે પૂર્ણ સત્ય પામવામાં મનુષ્યને બે મૂળભૂત મુશ્કેલી નડે છે :

**૧**. કોઈ પણ વસ્તુના જ્ઞાનની પ્રક્રિયામાં આપણા પૂર્વગ્રહો, આદતો, જ્ઞાનના માધ્યમ (ઈન્દ્રિયોની મર્યાદા) વગેરે પોતપોતાનો ભાગ ભજવે છે. તેથી કોઈ પણ વસ્તુ વિશે આપણું જ્ઞાન સંપૂર્ણ હોય તે શક્ય જ નથી, અને 'મારું દર્શન જ એક માત્ર સત્ય છે' એવો આગ્રહ પણ યોગ્ય નથી. એથીયે વિશેષ સ્પષ્ટપણે કહેવું હોય તો 'સત્યનું દર્શન દરેક વ્યક્તિને જુદી જુદી રીતે થાય છે'. 'હાથી અને સાત અંધ મનુષ્યો'ની પ્રખ્યાત જૈન બોધકથા આ મુદ્દાને વધારે સ્પષ્ટતાથી સમજાવે છે.

**૨**. સત્યને સાચા સ્વરૂપમાં જાણવામાં આપણી બીજી મુશ્કેલી એ છે કે દ્રવ્યની સાચી ઓળખાણ બે ઘટકોથી થાય છે. એક, દ્રવ્યનાં સ્વભાવગત ગુણો અને બિજો ઘટક છે તેના પર્યાય. દ્રવ્યના પર્યાય અનેક છે. ગુણો અસંખ્ય પરિવર્તનશીલ પર્યાયોમાં અસ્તિત્ત્વ ધરાવી શકે છે. તેથી દ્રવ્યોનું સંપૂર્ણ અને સત્યજ્ઞાન સામાન્ય મનુષ્ય માટે લગભગ અશક્ય છે. આપણે આગળ (પ્રકરણ ૬)માં જોયું કે જૈન દર્શકોએ દ્રવ્યનું વર્ણન કરતાં કહ્યું છે કે 'દ્રવ્ય નિત્ય છે અને અનિત્ય પણ છે.' દેખીતી રીતે આ વાત જરૂર વિરોધાભાસી લાગશે પણ ઊંડાણથી સમજવાનો પ્રયત્ન કરીએ તો વિરોધાભાસનો છેદ આપોઆપ ઊડી જશે. દા.ત. મૂળભૂત ગુણો જેમકે, પૂર્ણઆનંદ, પૂર્ણજ્ઞાન, પૂર્ણદર્શન અને પૂર્ણશક્તિની દૃષ્ટિએ જીવ નિત્ય છે. પણ અન્ય દ્રવ્ય (પૂદ્ગલ) સાથે જીવનું જોડાણ થાય એટલે જીવને આપણે તેના સદા પરિવર્તનશીલ પર્યાયોમાં જોઈએ છીએ. અને એ દૃષ્ટિએ જીવ અનિત્ય છે. આવી સ્થિતિમાં ક્યારેક જીવનું કાયર,

નિર્બળ, દુઃખી કે અજ્ઞાની રૂપ આપણને જોવા કે અનુભવવા મળે છે તો ક્યારેક આપણે જીવના સબળ, આનંદી કે પ્રસન્ન પર્યાયને જોઈએ છીએ. તેથી એક વાત સ્પષ્ટ થાય છે કે આપણે સહુ સત્યના અમુક જ પર્યાયોને જોઈએ છીએ. તેથી જૈનો કહે છે કે જો કોઈ એવો દાવો કરે કે તેને પૂર્ણ સત્યનું જ્ઞાન છે તો તેનો દાવો ભૂલભરેલો છે. આ સાદી તાત્ત્વિક દલીલ "સત્યના બહુમુખી પાસાને અને પૂર્ણ સત્યના સમ્યક્‌રૂપે દર્શન કરવાની આપણી અસમર્થતા"ને પ્રસ્થાપિત કરે છે. એ સિદ્ધાંતનું નામ છે અનેકાંતવાદ.

## સ્યાદ્‌વાદ (ભિન્ન દૃષ્ટિકોણનો સ્વીકાર) :

હીરાની જેમ સત્યના પણ અનેક પાસા છે. વિવિધ લોકો પોતપોતાના આગવા દ્રષ્ટિકોણથી સત્યનાં ભિન્ન ભિન્ન પાસાંને જુએ છે. જો આ વાત સમજાય તો મનમાં પ્રતીતિ બેસે કે આપણા અંગત દ્રષ્ટિબિંદુથી અમુક વિધાન સાવ સાચું હોઈ શકે; પરંતુ પૂર્ણ સત્યના દૃષ્ટિબિંદુથી એ વિધાન ખોટું પણ હોઈ શકે. સત્યના બહુમુખી સ્વરૂપને લોકો જાણતા ન હોય તો ઘણીવાર તેઓ ખોટી રીતે એવું માનતા થઈ જાય છે કે કેવળ તેઓ જ સાચા છે અને અન્યના મત ખોટાં છે અને આવી ભૂલભરેલી માન્યતામાંથી વિવાદો સર્જાય છે. સત્યના બહુમુખી સ્વરૂપને પ્રગટ કરવા માટે જૈન દર્શકોએ 'સ્યાદ્‌વાદ' નામની એક પદ્ધતિ વિકસાવી. સ્યાદ્‌વાદમાં બે શબ્દો સમાયેલા છે : 'વાદ' એટલે વિધાન અને 'સ્યાદ્' (સ્યાત્). સ્યાદ્ એટલે 'અમુક અર્થ' માં કે 'અમુક સંદર્ભે' કે 'અમુક દૃષ્ટિબિંદુથી'. 'અનેકાંતવાદ' એટલે વિવિધ દ્રષ્ટિબિંદુથી અમુક વિધાન સાવ સાચું લાગતું હોય તોયે પૂર્ણ સત્યના દૃષ્ટિબિંદુથી એ વિધાન ખોટું પણ હોઈ શકે એ હકીકતનો સ્વીકાર. સ્યાદ્‌વાદ એટલે એક જ સત્યના દેખીતી રીતે વિરોધાભાસી ગુણોનું એક સુસંગત એકમમાં એકીકરણ કે સમન્વય કરવાની એક વ્યવહારુ પદ્ધતિ. દા.ત. એક ચોક્કસ વિધાન, 'દ્રવ્ય નિત્ય છે' એમ જ્યારે આપણે કહીએ ત્યારે તેનો સામાન્ય અર્થ એ થાય કે આપણે તે દ્રવ્યની અનિત્યતાનો ઈન્કાર કરીએ છીએ. આ વિધાન અપૂર્ણ અને ભૂલભરેલું છે અથવા તો તે કેવળ આંશિક રીતે સાચું છે. તેથી સ્યાદ્‌વાદ કોઈ પણ વિધાનમાં આપણે વિશેષ ચોકસાઈ રાખીએ તેનો આગ્રહ રાખે છે.

વિધાનની પહેલાં 'સ્યાદ્', 'અમુક સંદર્ભે', 'અમુક દૃષ્ટિકોણથી' વગેરે શબ્દોનો પ્રયોગ કરીને આપણે વિશેષ ચોકસાઈ દર્શાવી શકીએ છીએ. દા.ત. 'આત્મા નિત્ય છે'. આ વિધાન અપૂર્ણ કહેવાય કારણકે તેનું શાબ્દિક અર્થઘટન સત્યની કેવળ એક જ બાજુનો કે દૃષ્ટિકોણનો સંકેત આપે છે અર્થાત્ આ વિધાન 'આત્મા અનિત્ય છે' એ શક્યતાનો ઈન્કાર કરે છે. તેથી વિધાનની આગળ 'સ્યાદ્' એવો ગુણવાચક શબ્દ પ્રયોજવાથી દા.ત. 'આત્માના મૂળભૂત લક્ષણોના સંદર્ભે જીવ નિત્ય છે' વિધાન વિશેષ ચોકસાઈવાળું અને ભૂલરહિત લાગે છે કારણકે હવે આ વિધાનમાં આપણે મલિન, નિર્બળ, દુઃખી જીવ વગેરે અનિત્ય પર્યાયોની શક્યતાઓનો છેદ ઉડાડતા નથી. એક મહત્ત્વપૂર્ણ મુદ્દાની અહીં નોંધ લઈએ : સ્યાદ્‌વાદ એક પદ્ધતિ છે; એ સંશયવાદ કે અનિશ્ચિતતાનો સિદ્ધાંત નથી. ઉલટાનું પોતે સ્વીકારેલ દૃષ્ટિબિંદુને સમજાવવામાં વક્તાના શાણપણ અને સજાગતાનો સ્યાદ્‌વાદ નિર્દેશ કરે છે.

સત્ય બહુમુખી છે; સત્યને અનેક પાસાં છે. તમામ પાસાં સાથે પૂર્ણ સત્યને ગ્રહણ કે આત્મસાત કરવા માટે આપણે સહુ અસમર્થ છીએ. એ વાત જાણ્યા પછી કોઈ પણ વિધાનના સ્વરૂપ અને ચોકસાઈ બાબતે સાવધ રહેવુ જોઈએ એવી સલાહ જૈન દર્શકોએ આપી. વિધાન અંતર્ગત રીતે સાચું અને ખોટું બંને હોઈ શકે. દા.ત. એક તદ્દન સાદું અને સરળ વાક્ય: 'હું તમારો શિક્ષક છું.' - વિદ્યાર્થીના દષ્ટિબિંદુથી આ વાક્ય સાચું છે પણ પિતા, પુત્ર, પત્ની કે ભાઈની દ્રષ્ટિએ આ વાક્ય ખોટું હોઈ શકે. પિતાની દષ્ટિએ હું તેમનો પુત્ર છું. આ ચોકસાઈની પ્રક્રિયાને જૈનો એથીયે એક ડગલું આગળ લઈ ગયા.

**'અનેકાંતવાદ' એટલે વિવિધ દ્રષ્ટિબિંદુથી અમુક વિધાન સાવ સાચું લાગતું હોય તોયે પૂર્ણ સત્યના દષ્ટિબિંદુથી એ વિધાન ખોટું પણ હોઈ શકે એમ સ્વીકારવું, તો સ્યાદ્‌વાદ એટલે એક જ સત્યના દેખીતી રીતે વિરોધાભાસી ગુણોનું એક સુસંગત એકમમાં એકીકરણ કરવાની એક વ્યવહારુ પદ્ધતિ છે.**

## હાથી અને સાત અંધ મનુષ્યો

**એક વાર એક મહાવત સાત અંધ મનુષ્યોને હાથી પાસે લઈ આવ્યો. તેઓ કાંઈ જ જોઈ શકતા નહોતા. એક અંધે હાથીના કાન પર પોતાના હાથ મૂક્યા, બીજાએ હાથીના પગ પર અને ત્રીજાએ તેની પૂંછડી પર. . . . . . પછી એ સાતે અંધોને હાથીનું વર્ણન કરવાનું કહ્યું. પહેલાએ કહ્યું, 'અરે! હાથી તો ખરેખર એક મોટા સૂપડા જેવું ચપટું પ્રાણી છે.' બીજાએ કહ્યું, 'ના, મેં હાથીને સ્પર્શ કર્યો છે. એ જાડા ગોળ થાંભલા જેવું પ્રાણી છે. હું આંબી શક્યો નહિ એટલી તેની ઊંચાઈ છે.' એ સાંભળીને ત્રીજો બરાડી ઊઠયો, 'તમે બંને ખોટા છો. હું તમને ખાતરીપૂર્વક કહું છુ. કે તે લાંબા દોરડા જેવો છે અને તેના પર પુષ્કળ વાળ છે. એ દોરડું સતત હલાવ્યા કરે છે. એ દોરડું પકડવાનો જ્યારે હું પ્રયત્ન કરતો ત્યારે દરેક વખતે એ દોરડું મારા હાથમાંથી છટકી જતું હતું'**

**આમ, દરેક અંધનો દાવો હતો કે માત્ર તે જ સાચો છે. છેવટે હાથીના માલિકે કહ્યું, "પોતપોતાની સમઝના હિસાબે તમારા બધાનું વર્ણન સાચું હોવા છતાં ખોટું છે કારણકે તમે હાથીની કેવળ એક જ બાજુ કે એક જ અંગને સ્પર્શ કરીને વર્ણન કર્યું. પણ જો હાથીની બધી જ બાજુનું અને બધી જ ઈન્દ્રિયો વડે પરીક્ષણ કર્યું હોત તો તમને જરૂર પ્રતીતિ થાત કે તમારું દરેકનું વ્યક્તિગત દષ્ટિબિંદું સાચું હોવા છતાં ખોટું છે. સત્ય એ છે કે હકીકતમાં 'હાથી' તો કંઈક જુદો જ છે."**

કોઇ પણ વિધાનની સ્યાદ્‌વાદના માળખામાં વિશેષ ચકાસણી કરી તેને સત્યની વધુ નજીક લાવવા જૈન દર્શકોએ 'સપ્તભંગી નય'ની પ્રક્રિયા વિકસાવી. સમય, સ્થળ, નિરીક્ષકનું વલણ, વસ્તુનું સાપેક્ષ સ્વરૂપ વગેરે ઘટકોનો દરેક વિધાનની ચોકસાઈ પર પ્રભાવ છે એ દર્શાવતી આ પ્રક્રિયા છે. જૈન દર્શકોએ સૂચવ્યું કે વિધાનને વિશેષ ચોકસાઈપૂર્ણ બનાવવું હોય તો આવાં વ્યાપક દ્રષ્ટિબિંદુને હંમેશાં ધ્યાનમાં રાખીને કોઈ પણ વિધાન કરવું જોઈએ. આવાં વિધાનોને 'પૂર્ણ વિધાનો' કે 'પ્રમાણ વિધાનો' કહે છે.

જોકે, આ પ્રકારની ચોક્સાઈ ખાસ કરીને તત્ત્વજ્ઞાનીઓ માટે જરૂરી છે કારણ તત્ત્વજ્ઞાનીઓ તત્ત્વના સૂક્ષ્મ મુદ્દાઓની વિશદ ચર્ચા કરવામાં પ્રવૃત્ત હોય છે. આપણા જેવા સામાન્ય લોકો માટે વ્યવહારુ દૃષ્ટિકોણ પર્યાપ્ત છે. આ વ્યવહારુ વિધાનો અમુક અંશે જ સાચાં હોય છે; એ તો કેવળ આંશિક સત્યો હોય છે તેથી એ બધાં વિધાનોને એકત્રિત કરીને તેમાંથી સત્યનો સાર જાણવો જરૂરી છે. કારણકે તે પછી આપણને કોઈ જુદી માહિતી મળે અથવા કોઈ કાંઈક આપણાથી ભિન્ન મત ધરાવે તો તેમને આપણે સારો પ્રતિભાવ આપી શકીએ અર્થાત્ આપણે તેના દૃષ્ટિબિંદુને આવકારી શકીએ.

અનેકાંતવાદ, સ્યાદ્વાદ, સપ્તભંગી, પ્રમાણ, નય વગેરેની સાચી સમજણ વિવાદોના સમાધાન માટે કે વાટાઘાટ માટે મધ્યસ્થી કરનાર આંતરધર્મ પરિસંવાદ સાથે સંકળાયેલા લોકો માટે વિશેષ મૂલ્યવાન છે. આ વિષયોની રસપ્રદ સૂક્ષ્મ તાત્ત્વિક વિગતો નાથમલ ટાટિયાના 'Studies in Jain Philosophy' ગ્રંથમાંથી મળી રહે છે. સત્યના અનેક પાસાં હોય છે, અલગ અલગ પાસાનું દર્શન થવાથી ભિન્ન દૃષ્ટિકોણ નિર્માણ થતા હોય છે અને પૂર્ણ સત્યનું સમ્યક્રૂપે દર્શન કરવા માટે માનવ તરીકે આપણું સામર્થ્ય મર્યાદિત છે. એ વાતનું જ્ઞાન આપણને જૈનદર્શન આપે છે. જૈનદર્શન આપણને ભિન્ન દૃષ્ટિકોણનો આદર, વિવિધ સિદ્ધાંતની કદર, એકીસાથે અનેક દૃષ્ટિબિંદુ સાચા હોવાની શક્યતા વગેરેનું શિક્ષણ આપે છે. ભિન્ન મતપ્રણાલી ધરાવતાં લોકો માટે અથવા અન્ય ધર્મો પ્રત્યે મૂળભૂત આદરની ભાવના પુષ્ટ કરવામાં અને મતાગ્રહ કે ધર્માંધતાની સંભાવનાને ઘટાડવામાં આવું શિક્ષણ સહાયભૂત થાય છે. અનેકાંતવાદનો જૈન સિદ્ધાંત આખરે તો એક વ્યવહારુ સિદ્ધાંત છે કારણ એ ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓનો આદર કરવાનો બોધ આપે છે અને તે દ્વારા વિવાદોના નિરાકરણ માટે પ્રેરણા આપે છે. વિશ્વમાં મોટા ભાગના વિવાદો અને ધર્મયુદ્ધો અન્યના વિચારોની કદરનો અભાવ, સમજણની ખામી, ભિન્ન દૃષ્ટિબિંદુ માટે અનાદર વગેરેમાંથી ઊભા થાય છે. સમકાલીન ચિંતકો એક વાત સાથે સહમત થશે (અને આશા રાખશે) કે અનેકાંતવાદનું વ્યાપક સ્તરે આચરણ કરવાથી ધર્મના નામે શરૂ થયેલા યુદ્ધોને નિવારી શકાયા હોત (હજી પણ નિવારી શકાય). અનેકાંતવાદ અને સ્યાદ્વાદ દ્વારા ભિન્ન મતોનો સમન્વય અને સુમેળ સાધી આ દર્શકોએ જૈનોને અનાક્રમક (શાંતિમય) જીવનશૈલી અનુસરવા માટે અને જૈનોના દીર્ઘ ઈતિહાસ દરમિયાન અનેક ધાર્મિક ઉતારચડાવમાં ટકી રહેવા માટે પ્રેરણાબળ અને પ્રોત્સાહન પૂરાં પાડયાં છે.

## અપરિગ્રહ (જરૂરિયાતો અને મમત્વભાવને ઘટાડવાનો સિદ્ધાંત)

અહિંસા અને અનેકાંતવાદ પછી અપરિગ્રહ કે અંગત જરૂરિયાતો અને મમત્વભાવને ઘટાડવાના સિદ્ધાંત પર આવીએ. એ જૈનોના ત્રણ મહત્વના સિદ્ધાંતોમાંનો ત્રીજો સિદ્ધાંત છે. આ ત્રણે સિદ્ધાંતોના આધાર પર જૈન આચારસંહિતાનું નિર્માણ થયું છે. અહિંસા અને અનેકાંતવાદની જેમ અપરિગ્રહનો સિદ્ધાંત પણ જીવ અને જીવની અશુદ્ધિ અંગેના જૈન વિચારના જ ફળસ્વરૂપ છે. જીવ સાથે બદ્ધ કાર્મિક *પરમાણુઓને જીવથી અલગ કેવી રીતે કરી શકાય તે સમજાવવા માટે જૈનોએ એક જટિલ પણ તર્કબદ્ધ*

સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે. તે એ કે "કાર્મિક પરમાણુઓને જીવ તરફ આકર્ષવામાં અને જીવ સાથે જોડવામાં આપણી ભાવનાઓ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે." કોઈ પણ વસ્તુ સાથે જેટલી ભાવના કે આસક્તિ દઢ એટલું જ મજબૂત કાર્મિક પરમાણુઓનું જીવ તરફ આકર્ષણ અને એટલું જ જીવ સાથે પરમાણુઓનું દઢ બંધન. તેથી એક વાત સ્પષ્ટ થાય છે કે જેટલો સંગ્રહ વધારે એટલું વિશેષ તેની સાથે વળગણ કે આસક્તિ. પરિણામે જીવમાં એટલીજ વધારે અશુદ્ધિ. જો જીવની શુદ્ધિ દ્વારા મોક્ષ પ્રાપ્ત કરવો એ આપણું લક્ષ્ય હોય તો સાંસારિક પદાર્થોથી વિશેષ ને વિશેષ અનાસક્ત થવું જ રહ્યું. અન્ય શબ્દોમાં કહીએ તો મમત્વભાવનો ત્યાગ કરીને અને જીવન જરૂરિયાતોને ઘટાડીને લોભ અને આસક્તિ જે આપણા જીવન પર શાસન કરે છે તેને દૂર કરવાં એ આપણું લક્ષ્યબિંદુ હોવું જોઈએ. અપરિગ્રહને આપણે આપણી જીવનશૈલીમાં સ્થાન આપવું જોઈએ. જોકે, મમત્ત્વભાવનો ત્યાગ કરવો આસાન નથી. તેથી જૈન દર્શકોએ મુક્તિમાર્ગમાં આ વાતને લક્ષ્યમાં રાખીને શ્રાવકોને સીડીની અગિયાર પ્રતિમા (પ્રક. ૪) ચડી ઉત્તરોત્તર તણાવમુક્ત, વૈરાગ્યયુક્ત જીવન અને આધ્યાત્મિક ઉન્નતિ કરવાની ભલામણ કરી છે.

**કાર્મિક પરમાણુઓને જીવ તરફ આકર્ષવામાં અને જીવ સાથે જોડવામાં આપણી ભાવનાઓ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે. કોઈ પણ વસ્તુ સાથે જેટલી ભાવના કે આસક્તિ દઢ એટલું જ મજબૂત કાર્મિક પરમાણુઓનું જીવ તરફ આકર્ષણ અને જીવ સાથે પરમાણુઓનું એટલું જ દઢ બંધન.**

આધુનિક વિશ્વમાં અપરિગ્રહના વ્રતની આવશ્યકતા કેટલી? આ વિષયની ચર્ચા અહીં અત્યાવશ્યક છે. 'સુખ' ની કલ્પનામાં સામાન્ય રીતે ભૌતિક સુખસગવડ પર આધારિત પ્રતિક્રિયાનો સમાવેશ જોવા મળે છે. વધુ સંપત્તિ, વિશાળભવન, વૈભવી ગાડી, ફેશનેબલ વસ્ત્રો આ તમામ વસ્તુઓ અને તેનાં દૃશ્યો આજના ઉપભોક્તા વિશ્વમાં આપણને નજરે ચડે છે. આ તમામ વસ્તુઓ આપણને ભૌતિક સુખસગવડ, જૂઠી સલામતી અને સુખની લાગણી જન્માવે છે એ વાતમાં કોઈ જ શંકા નથી. કોઈ એવી દલીલ પણ કરે છે કે સુખસગવડ મેળવવાની મનુષ્યની ઈચ્છા જ માનવીના કૌશલ, આર્થિક, સામાજિક અને વૈજ્ઞાનિક વિકાસના ઍન્જિનને આગળ ધપાવે છે. જોકે, આવું સુખ વાસ્તવમાં છે :

- **<u>અવલંબિત:</u>** સુખ બાહ્ય પદાર્થો પર અવલંબિત હોય તો એ વસ્તુ ખોવાઈ જવાની શક્યતાનો વિચાર માત્ર પણ આપણને દુઃખી અને વ્યથિત કરી મૂકે છે.
- **<u>ક્ષણિક:</u>** સુખનાં સાધનની આપણે ખૂબ ઈચ્છા કરીએ છીએ પણ જેવાં એ સાધનો આપણને પ્રાપ્ત થાય કે તરત જ આપણે તેનાથી કંટાળી જઈએ છીએ. પછી એથીયે વધારે, એથીયે સારી અને એથીયે વિશેષ સુખસગવડની ઈચ્છા થાય છે.
- **<u>નાશવંત:</u>** સુખ અને સગવડમાં ડૂબેલાં વ્યક્તિ કે સમાજ વિશેષ સુખસગવડ મેળવવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે હિંસક અને વિનાશકારી સાધનોનો આશ્રય લેવામાં ખચકાટ અનુભવતા નથી. યુદ્ધ અંગેના માનવ ઈતિહાસમાં એક વાત સ્પષ્ટપણે જોવા મળે છે કે જમીન, સંપત્તિ કે સમૃદ્ધિ મેળવવાની વધતી જતી ઈચ્છાઓ પર્યાવરણનું અવમૂલ્યન અને સાધનસામગ્રીની ખેંચ માટે સૌથી વિશેષ કારણભૂત છે.

- **<u>અન્યાયપૂર્ણ:</u>** આર્થિક શોષણ, રાષ્ટ્રોમાં અને રાષ્ટ્રો વચ્ચે સંપત્તિની અસમાન વહેંચણી વગેરે અન્યાય ભર્યા સમાજ ઘટન માટે મનુષ્યની સંપત્તિનો સંગ્રહ કરવાની વૃત્તિ અને તેમાં રહેલી મમત્વબુદ્ધિ વિશેષ જવાબદાર છે.
- **<u>દુઃખદાયી:</u>** લોભને થોભ નથી. મોટાં ભાગનાં દુઃખો માટે આ એક વાત જ જવાબદાર છે.

આ થઇ ભૌતિક સગવડોની જૂઠી સલામતી અને સુખોની કથા. અપરિગ્રહવ્રત લેવાથી આપણું મન સંપૂર્ણપણે સંતુષ્ટ થઈ જાય છે અને કોઈ પણ વસ્તુની પ્રાપ્તિ કે નાશ સાથે જોડાયેલાં ક્ષણિક સુખ કે દુઃખ પ્રત્યે મનમાં નિર્લેપભાવ જાગે છે. તે પછી જીવનમાં કોઈ પણ વસ્તુ ગુમાવી બેસશું એવા ભયથી આપણું મન વિચલિત થતું નથી. અપરિગ્રહના સિદ્ધાંતથી જે ચિરંતન સુખ મળે છે તે નાશવંત કે અન્યાયી નથી. આપણે સર્વે પરમ સુખની ખોજ કરીએ છીએ. જૈનોનો મોક્ષમાર્ગ આપણને તે પરમસુખ તરફ લઇ જઇ શકે છે.

## મનની દ્વિધા:

શ્રાવકો અને સામાન્ય મનુષ્યોના મનમાં અપરિગ્રહ વ્રત એક દ્વિધા ઊભી કરે છે. ભૌતિક પદાર્થોની ઈચ્છા અને તે માટે લગાવ એ બેના સંદર્ભે અપરિગ્રહવ્રત અર્થપૂર્ણ છે. બીજી બાજુ દયા અને પ્રેમ એ જીવનની દૃઢ અને અર્થપૂર્ણ લાગણીઓ છે. શું આપણે અન્ય મનુષ્યો અને પ્રાણીઓ પરત્વે લાગણીશૂન્ય વર્તાવ કરીએ એવી અપરિગ્રહવ્રતની અપેક્ષા છે? શું લગ્ન અને કુટુંબને આપણે આસક્તિ કહી શકીએ? શું જૈનોએ લગ્ન અને કુટુંબો પ્રત્યેની ફરજોની ઉપેક્ષા કરવી જોઈએ? જૈનદર્શનને સમજવાનો પ્રયાસ કરનાર દરેક વ્યક્તિના મનમાં આવા સ્વાભાવિક પ્રશ્નો ઊઠે છે. આ એક ખરેખર ધર્મસંકટ છે. જૈનસાહિત્યમાં આ પ્રશ્નો પર ખાસ કોઈ ચર્ચા જોવા મળતી નથી. અહીં હું જે વાત રજૂ કરૂં છું તે મારો અંગત અભિપ્રાય છે.

**મોક્ષ આદર્શ લક્ષ્ય છે. સાધુતા આદર્શ માર્ગ છે. પણ જે લોકો એ માર્ગને અનુસરી શકતા ન હોય અથવા અનુસરવા માગતા ન હોય તે લોકો અનેકાંતવાદ, અપરિગ્રહ અને અહિંસાની વિવેકપૂર્વક જીવનમાં પસંદગી કરી યથાશક્તિ અને સંનિષ્ઠાપૂર્વક એ ત્રણ 'અ' ને પાલન કરવાનો પ્રયત્ન કરે અને સમાજપ્રત્યે પોતાનું કર્તવ્ય અદા કરે."**

આગળ જણાવ્યા પ્રમાણે જૈનોનું લક્ષ્ય મોક્ષ છે. તે માટે પાયાની બે જરૂરિયાત છેઃ **૧**. લક્ષ્ય માટે સંપૂર્ણ પ્રતિબદ્ધતા અને **૨**. મન પર સંપૂર્ણ વિજય. મન પર સંપૂર્ણ વિજય મેળવવા માટે વાસનાઓ, ઈચ્છા, ઘૃણા વગેરેમાંથી બહાર આવવું જ રહ્યું. આગળનાં પ્રકરણોમાં આત્મસંયમ પ્રાપ્ત કરવા માટે પ્રગતિનાં ક્રમશઃ સોપાનોનું વર્ણન મેં કર્યું છે. વર્ષોનાં તપ અને સાધના પછી એ શક્ય બને છે. આસપાસના વિશ્વ સાથે એટલે કે પરિવાર અને મિત્રો સહિત સૌ સાથેનાં બંધનો તોડી નાખીને તમામ પ્રકારનાં મમત્વના ત્યાગની અપેક્ષા આ સાધના માર્ગમાં રહેલી છે. આખરે સંન્યસ્ત માર્ગે પોતાનું જીવન સમર્પણ કરવાથી મન વાસનાઓથી નિર્લેપ બને છે. આવો નિર્લેપભાવ કાર્મિક દ્રવ્યોનાં બંધનને તોડે છે અને જીવને

સંપૂર્ણ શુદ્ધિ તરફ દોરી જાય છે. જૈનોની આ માન્યતા તદ્દન સ્પષ્ટ છે. તો પછી ત્યાગી સિવાયના એટલે કે આપણે સહુ શ્રાવકો, જે કુટુંબ અને મિત્રોનું સુખ ભોગવી રહ્યા છીએ અને તેનો ત્યાગ કરવા માટે ઈચ્છુક નથી, તેના વિશે જૈનદર્શન શું કહે છે?

ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીરે શ્રાવકની આ દ્વિધાને જાણી અને તેનું તર્કબદ્ધ સમાધાન આપ્યું. તેમણે જૈનસંઘના ચાર વિભાગ પાડયા. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા. સાધુ અને સાધ્વીનાં જીવનનું લક્ષ્ય સંપૂર્ણપણે મોક્ષ પર કેન્દ્રિત હોય છે. નીતિનિયમોમાં કોઈ બાંધછોડ તેમના માટે નથી. દીક્ષા વખતે ધારણ કરેલા મહાવ્રતોનું કઠોર પાલન તેમણે કરવું જ રહ્યું. પણ શ્રાવકશ્રાવિકાઓને મોક્ષના અંતિમ લક્ષ્ય માટે પુરુષાર્થ કરવાની એટલી ઉતાવળ હોતી નથી. જોકે, અન્ય દુઃખી જીવો, સમાજ, દેશ, સંઘ, કુટુંબ પ્રત્યે ફરજ બજાવતાં બજાવતાં જીવની શુદ્ધિ માટે યથાશક્તિ પ્રયત્ન કરવાની ઇચ્છા અને જવાબદારી તેઓ ધરાવતા હોય છે.

'કર્તવ્યપાલન' એ વ્યાપક શબ્દ છે. પ્રેમ, દયા, કુટુંબ અને સમાજના કલ્યાણ માટે સંપત્તિનો સંગ્રહ, સગાંસંબધીઓ પ્રત્યે થોડી ઘણી લાગણી અને જવાબદારી વગેરેનો એ શબ્દમાં સમાવેશ છે. તેથી જૈનદર્શનનો મૂળ સંદેશ શ્રાવકોને આ પ્રમાણે આપી શકાયઃ "મોક્ષ આદર્શ લક્ષ્ય છે. સાધુતા આદર્શ માર્ગ છે. પણ જે લોકો એ માર્ગને અનુસરી શકતા ન હોય અથવા અનુસરવા માગતા ન હોય તે લોકો અહિંસા, અનેકાંતવાદ અને અપરિગ્રહની વિવેકપૂર્વક જીવનમાં પસંદગી કરી યથાશક્તિ અને સંનિષ્ઠાપૂર્વક એ ત્રણ '**અ**' ને પાલન કરવાનો પ્રયત્ન કરે અને સમાજ પ્રત્યે પોતાનું કર્તવ્ય અદા કરે."

અન્ય શબ્દોમાં કહીએ તો જૈનદર્શન સાધુત્વની દૃઢ હિમાયત કરે છે પણ જો કોઈ વ્યક્તિ ગૃહસ્થાશ્રમમાંજ રહેવાનો નિર્ણય કરે તો તેનો પણ આદર કરે છે. આધ્યાત્મિક ઉન્નતિમાં ગૃહસ્થાશ્રમને અમુક તબક્કે સ્વાભાવિક ગણીને તેનો સ્વીકાર કરે છે. જૈનદર્શનના માર્ગદર્શન પ્રમાણે શ્રાવક કે શ્રાવિકા સંપત્તિ અને ભૌતિક પદાર્થનો વિવેકપૂર્વક સંચય ભલે કરે પણ 'મનથી અનાસક્ત' રહીને એટલે કે મમત્વની લાગણીનો ત્યાગ કરીને! તેઓ હંમેશા એક વાત યાદ રાખે કે તેમનાં સંપત્તિ અને પદાર્થો કેવળ વિવિધ સ્તરે કર્તવ્ય અદા કરવા પૂરતાં જ છે.

નીચે જણાવેલ કથા 'નયધમ્મકહાઓ' માંની એક કથા છે. ક્ષણિક સુખોને બદલે ચિરંતન આનંદનું મહત્ત્વ સમજાવવા માટે મહાવીર ભગવાન આ દૃષ્ટાંતકથા કહેતા. સાતમી સદીના જૈન સાધુ હરિભદ્રે એ કથાના રૂપકનું અર્થઘટન નીચે મુજબ આપ્યું છે. કથા પછીના કોઠામાં ડાબી બાજુએ હાંસિયામાં કથાનાં પાત્રોનાં નામ છે. જમણી બાજુએ એ રૂપક પાત્રોના અર્થઘટન છે. રૂપકનો અર્થ બરાબર સમજી આ કથાને ફરી વાંચવાથી સંદેશ સ્પષ્ટપણે સમજાઈ જશે.

# કૂવામાં પડી ગયેલા માણસની કથા

અન્ય ગામમાં જઈ પોતાનું નસીબ અજમાવવા ઘેરથી નીકળેલ એક માણસ ગાઢ જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો. અચાનક એક જંગલી હાથી સૂંઢ ઊંચી કરીને તેના પર ત્રાટક્યો. તે માણસે ઝડપથી દોડવાનો પ્રયત્ન કર્યો પણ એક દુષ્ટ રાક્ષસે તેનો માર્ગ આંતર્યો. આ પરિસ્થિતિમાંથી ઉગરવાનો તેને માટે હવે એક જ ઉપાય હતો. પૂર્વ તરફ એક વિશાળ ઊંચું વટવૃક્ષ હતું તેના પર ચડી જવું. દોડીને તે માણસ વૃક્ષ પાસે પહોંચી તો ગયો પણ એ વિશાળ વટવૃક્ષ પર ચડવાની તેનામાં તાકાત કે ઈચ્છા છે કે નહિ એ તે નક્કી કરી શક્યો નહિ. વિશાળ વૃક્ષની બરાબર નીચે ઘાસ અને ઝાડીઝાંખરાંથી છવાયેલો એક ઊંડો કૂવો હતો. તે માણસે વિચાર્યું કે આ કૂવો મને જરુર બચાવી લેશે. તેથી તેણે કૂવામાં કૂદકો માર્યો.

ઘાસ અને ઝાડીઝાંખરાંમાં થઈને કૂવામાં પડતાં તેણે નીચે જોયું અને તે એકદમ ભયભીત થઈ ગયો. તેની નીચે કેટલાય ભયંકર સાપ ધૂંધવાયેલા અને ડરામણા અવાજ સાથે આમતેમ ફરતા હતા. તેથીયે વધારે ઊંડે એક કાળો લાંબો અજગર લાલઘૂમ આંખો સાથે ફુત્કારી રહ્યો હતો. ડરના માર્યા તેણે ઉપરથી લટકતી ઝાડીઝાંખરાંની ડાળીને મજબૂત પકડી અને તેને વળગી પડ્યો. તેણે મનમાં વિચાર્યું, “જ્યાં સુધી આ ડાળખીઓની પકડ કૂવાની સાથે મજબૂત રહેશે ત્યાં સુધી જ મારી જિંદગી ટકી રહેશે.” એ આશાથી તેણે ઉપર જોયું.

ત્યાં તેણે બે મોટા ઉંદર જોયા, એક ધોળો અને બીજો કાળો. તેઓ તેમના તીક્ષ્ણ દાંતથી ડાળીના મૂળને કાપતા હતા. થોડે ઉપર પેલો જંગલી હાથીપણ વટવૃક્ષ પર વારંવાર હુમલા કરતો હતો. ડાળી પર નીચે તરફ લટકતો મધપૂડો તેથી છંછેડાયો અને ખીજાયેલી મધમાખીઓ તેના શરીરનાં અંગેઅંગ પર તૂટી પડી. તેના આખા શરીર પર મધમાખીના ડંખ થઈ ગયા. તેણે ફરી ઉપર જોયું અને મનમાં કચવાવા લાગ્યો કે તે વૃક્ષ પર ચડી ગયો હોત તો સારું હતું. એવામાં મધનું એક ટીપું તેના ચહેરા પર પડ્યું અને રેલાતું રેલાતું તેના હોઠ સુધી પહોંચ્યું

એ ક્ષણ મધુર હતી. તેણે ફરી ઉપર જોયું અને વધારે ટીપાંની લાલસાથી મધ હોઠ પર પડે તેની તે રાહ જોવા લાગ્યો. આસપાસના તમામ જોખમોને તે ભૂલી ગયો. મધનાં વધારે ટીપાની લાલસાથી ઉત્તેજિત તે માણસ વાસ્તવિકતાનું ભાન ખોઈ બેઠો કે આસપાસ અજગર, સાપ, ઉંદર, જંગલી હાથી અને ખીજાયેલી મધમાખીઓથી તે ઘેરાયેલો છે!

| મનુષ્ય | આત્મા |
|---|---|
| જંગલમાં ભટકવું | જીવનું ચાર ગતિમાં ભટકવું અને પુનર્જન્મ |
| જંગલી હાથી | મૃત્યુ |
| રાક્ષસ | વૃદ્ધાવસ્થા |
| વટવૃક્ષ | મોક્ષનો માર્ગ. ભય (હાથી/રાક્ષસનો)પર મોક્ષના માર્ગે વિજય |
| વૃક્ષ પર ચડવા અસમર્થ | નાશવંત અને સાંસારિક સુખો માટે લાલસા |
| કૂવો | મનુષ્ય જીવન |
| સાપ | આસક્તિ (કષાય) જે મનુષ્યના નિર્ણયમાં બાધારૂપ છે |
| અજગર | નરક - જો તેમાં પડે તો જીવને કષ્ટદાયક દુઃખ ભોગવવું પડે |
| ઝાડીઝાંખરાં | મનુષ્યની પૂર્વ નિર્ધારિત આયુષ્યરેખા |
| ઉંદર | દિવસ અને રાત/કાલાવધિ |
| મધમાખીઓ | જીવનના રોગો |
| મધનાં ટીપાં | ક્ષણિક સુખો. તેની વાસના એટલે મનુષ્યનો નાશ |

આ પ્રકરણમાં મેં કેટલાક ચાવીરૂપ જૈન સિદ્ધાંતોની રૂપરેખા આપી છે, તેના પર જૈનોની આચારસંહિતા રચાઈ છે. હવે પછીના પ્રકરણમાં આપણે જૈનોના મતે વિશ્વનું નિયંત્રણ કરનાર કાર્યરત તત્ત્વોની ચર્ચા કરીશું.

# આચાર્ય હેમચંદ્રની આંતર્ધર્મ સહિષ્ણુતા*

બારમી સદીની આ વાત છે. ગુજરાતમાં રાજા કુમારપાળનું રાજ્ય હતું. રોજ સવારે મંદીરમાં શિવભકિત અને શિવપૂજા કરવાનો તેમનો નિત્યનિયમ હતો. એકવાર તેમના પાટનગરમાં હેમચંદ્ર નામે એક જૈનમુનિ ચોમાસા માટે આવ્યા. હજારો નગરજનો દરરોજ તેમના પ્રવચનનો લાભ લેવા જાય છે એ જાણીને એક દિવસ રાજા કુમારપાળ પણ ત્યાં હાજર થયા. યોગશાસ્ત્ર, પ્રમાણમીમાંસા, શબ્દાનુશાસન જેવા અનેક ગ્રંથોના લખણાર એ વિદ્વાન હેમચંદ્રાચાર્યના પ્રવચનથી રાજા એટલા પ્રભાવિત થયા કે તેઓ દરરોજ પ્રવચનમાં હાજર રેહવા લાગ્યા.

જૈન ધર્મનો અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદનો શાંતિસંદેશ રાજા તેમજ પ્રજા બંને માટે ફળદાયી નિવડશે, એ વિચારથી રાજા કુમારપાળે આચાર્ય હેમચંદ્રને રાજગુરુ પદે સ્થાપ્યા. દરબારમાં આજ સુધી પ્રમુખ પદ ધરાવતા બ્રાહ્મણોથી રાજાનો આ નિર્ણય સહન થઇ શકયો નહી. તેમનો દાવો હતો કે રાજગુરૂ તરીકેનું સન્માન પરંપરા અનુસાર કેવળ બ્રાહ્મણોને જ હોઇ શકે, પણ રાજનિર્ણય સામે અવાજ ઉઠાવવાની હિંમત કોની?

રાજા કુમારપાલની વરસગાંઠ મંદિરમાં મોટી શિવપૂજા સાથે ઉજવવાની પ્રથા હતી. પણ શિવપૂજામાં જૈન રાજગુરૂ હાજરી નહી આપે એવી બ્રાહ્મણોને ખાત્રી હતી. તેથી "શિવપૂજાનું માન તો રાજગુરૂનેજ હોય. માટે નવા રાજગુરૂનેજ પૂજા કરવા બોલાવો' એવી સલાહ પંડિતોએ રાજાને આપી અને આચાર્યશ્રીને નિમંત્રણ આપવામાં આવ્યું. આચાર્ય હેમચંદ્ર બ્રાહ્મણોની આ ચાલ પારખી ગયા હતા. પૂજાની વખતે હેમચંદ્ર તો મંદિરમાં પહોંચી ગયા. બ્રાહ્મણો મૂંઝવણમાં પડી ગયા એટલામાં આચાર્યશ્રીએ તો નીચેના મંત્રસાથે પૂજાની શરુઆત પણ કરી દિધી.

**ભવબીજાંકુરજનના**
**રાગાદ્યાઃ ક્ષયમુપાગતા યસ્ય**
**બ્રહ્મા વા વિષ્ણુર્વા**
**હરો જિનો વા નમસ્તસ્મૈ ॥**

**સંસાર બીજને અંકુરિત કરવાવાળા રાગ, દ્વેષ (આદી કષાયો) જેના નષ્ટ થયા છે,**
**ભલે તે બ્રહ્મા હો, વિષ્ણુ હો, શિવ અથવા જિનેશ્વર હો, તેને મારાં નમસ્કાર.**

આચાર્ય હેમચંદ્રની આ સર્વધર્મસહિષ્ણુતાથી પ્રભાવિત થઇ રાજા કુમારપાળે જૈનધર્મ સ્વીકાર્યો અને ગુજરાતમાં ઘણાં જૈન મંદિર બંધાવ્યા.

*સમણી મંગલપ્રજ્ઞાજીના એક પ્રવચનમાં આ કથાનો લાભ મળ્યો હતો.

૮

# ૮. વિશ્વનું નિયંત્રણ કરતાં નવતત્ત્વો

જૈન મહર્ષિઓએ 'સત્ય' વિશે તેમના અભિગમની આછી રૂપરેખા આપ્યા પછી વિશ્વનું તંત્ર કેવી રીતે ચાલે છે એ વાતનું વિશ્લેષણ કર્યું છે. તે સમજવા માટે આગળનાં પ્રકરણમાં આપણે જે વિષયોની ચર્ચા કરી હતી તેનું અહીં થોડું વિહંગાવલોકન કરી લઈએ. ત્યારપછી આપણે વિશ્વનું નિર્માણ અને નિયંત્રણ માટે છ સનાતન દ્રવ્યો અને નવ સાર્વભૌમિક ક્રિયાશીલ તત્ત્વો એકમેકની સાથે કેવી રીતે જોડાય છે તેને સમજવાનો પ્રયાસ કરીશું. વિશ્વનું નિયંત્રણ કરતાં એ નવ ગતિશીલ તત્ત્વો નીચે પ્રમાણે છે :

## નવતત્ત્વ

| | |
|---|---|
| ૧. જીવનું અસ્તિત્ત્વ | (જીવ) |
| ૨. અજીવનું અસ્તિત્ત્વ | (અજીવ) |
| ૩. કાર્મિક પુદ્‌ગલોનું આકર્ષણ | (આશ્રવ) |
| ૪. જીવનું કર્મ સાથે બંધન | (બંધ) |
| ૫. શુભકર્મનું બંધન | (પુણ્ય) |
| ૬. અશુભકર્મનું બંધન | (પાપ) |
| ૭. કર્મના આકર્ષણનો નિરોધ | (સંવર) |
| ૮. કર્મનો આંશિક ક્ષય | (નિર્જરા) |
| ૯. કર્મનો સંપૂર્ણ ક્ષય | (મોક્ષ) |

ઉમાસ્વાતિના તત્ત્વાર્થસૂત્ર (૧:૪) માં ઉપરના ક્રમાંક ૫ અને ૬ (પુણ્યઃ શુભબંધન, પાપઃ અશુભ બંધન)નો સમાવેશ ચોથા તત્ત્વ (જીવનું બંધન)માં કરવામાં આવ્યો છે. તેથી તેમના મતે ગતિશીલ તત્ત્વોની સંખ્યા કુલ સાત (નવ નહિ) છે. જોકે, પાપ અને પુણ્ય (૫,૬)ની અલગ તત્ત્વ તરીકે ગણના વિશેષ પ્રચલિત છે. કારણકે તત્ત્વ સમજાવવામાં વધારે સરલતા રહે છે. હવે આપણે એક પછી એક તત્ત્વને સમજવાનો પ્રયત્ન કરીએ.

## ૧. જીવનું અસ્તિત્ત્વ :

આપણે આગળ જોયું તે પ્રમાણે જૈનો શુદ્ધ અને અશુદ્ધ જીવોના બહુત્ત્વને સ્વીકારે છે. તેમના મતે જીવો અસંખ્ય છે. દરેક જીવંત વસ્તુમાં જીવ રહેલો છે. અશુદ્ધિ જીવને દુઃખમય સંસારની ઘટમાળમાં ફસાવે છે. જીવમાં અશુદ્ધિ ઓછેવત્તે અંશે રહેલી હોય છે. તેના પરિણામે અશુદ્ધ જીવની ચાર પ્રકારે ગતિ થાય છે અર્થાત્ તે દેવ, મનુષ્ય, તિર્યંચ (પ્રાણી કે વનસ્પતિ) કે નારકીરૂપે દેહ ધારણ કરે છે. આ દુઃખમય સંસારની ઘટમાળમાંથી છૂટવું એ દરેક જીવનું અંતિમ લક્ષ્ય છે. કાર્મિક અશુદ્ધિમાંથી જીવ શુદ્ધ અને મુક્ત થાય એટલે જન્મમરણની ઘટમાળમાંથી તે મુક્ત થાય છે.

જૈનદર્શન પ્રમાણે તમામ અશુદ્ધિનું નિર્મૂલન કરી જીવ શુદ્ધ અને પવિત્ર થવામાં સફળ થાય તો જ તે સંસારના બંધનમાંથી છૂટી શકે. મનુષ્ય (સ્ત્રી* અથવા પુરુષ) મુક્તિમાર્ગે ચાલી જીવને શુદ્ધ કરી પુનર્જન્મના ચક્રમાંથી છૂટીને મોક્ષ મેળવી શકે છે. મુક્તાત્મા નિરંજન, નિરાકાર, નિર્વિકાર, નિર્ભય અને સત્-ચિદ્-આનંદ સ્વરુપ છે. જૈનો માને છે કે તીર્થંકરોએ મોક્ષ પ્રાપ્ત કર્યો. તેમણે આપણને મોક્ષનો માર્ગ પણ દર્શાવ્યો. તેમણે દર્શાવેલ માર્ગે ચાલીને અનેક લોકોએ મોક્ષ પ્રાપ્ત કર્યો છે અને આજેય કેટલાય લોકો એ માર્ગે ચાલી રહ્યા છે.[8]

## ૨. અજીવનું અસ્તિત્વ:

પુદ્ગલ એ પાંચ અજીવ તત્ત્વોમાંનો એક પ્રકાર છે. પુદ્ગલના સૂક્ષ્મતમ પરમાણુઓ જીવને અશુદ્ધ કરવામાં કારણભૂત છે. એ પુદ્ગલ પરમાણુને 'કાર્મિક' પરમાણુ પણ કહે છે. જોકે, આ પરમાણુઓ પોતાની મેળે સ્વતંત્ર રીતે જીવને અશુદ્ધ કરતા નથી. સમસ્ત લોકાકાશમાં સર્વત્ર આ અસંખ્ય પરમાણુઓ વ્યાપ્ત છે અને જીવે તે પરમાણુઓને પોતા તરફ આકર્ષ્યા ન હોત તો તે જીવ સાથે કોઈ દખલગીરી કરત નહી. જીવના આકર્ષવાથી આ પરમાણુઓ જીવ સાથે જોડાય છે અને આમ જીવમાં અશુદ્ધિ પ્રવેશે છે. હવે પ્રશ્ન એ છે કે તમામ કાર્મિક પરમાણુઓ એકસરખા હોવા છતાં પરમાણુઓની અશુદ્ધિઓનો જીવ પર પ્રભાવ ભિન્ન ભિન્ન કેમ છે તેનાં બે મુખ્ય કારણ છેઃ આકર્ષણનું સ્વરૂપ, અને તેનું તંત્ર. એ વિષય પર વિશેષ અભ્યાસ આપણે પછીના પ્રકરણમાં કરીશું.

---

* મોટા ભાગના જૈનો સ્ત્રીને મોક્ષ મળી શકે તેમ માને છે. પણ સ્ત્રી સાધ્વી તરીકે અપરિગ્રહનું વ્રત લઈને વસ્ત્રોનો સંપૂર્ણ ત્યાગ ન કરી શકે તેથી તેને આ ભવમાં મોક્ષની પ્રાપ્તિ શકય નથી એમ પણ કેટલાક જૈન માને છે.

[8] સમણ સુત્તમ - ૫૨૯; ઉત્તરાધયાયન સુત્ર - ૯.૩૫; અનંતગાથાસો સુત્તમ - અનેક સાધુ-સાધ્વીઓ તેમના કર્મોનો સંપૂર્ણ ક્ષય કરી મોક્ષ પામ્યા તેની કથાઓ આ ગ્રંથોમાં છે.

## ૩. કર્મ પુદ્દગલોના આકર્ષણનું તત્ત્વ (આશ્રવ) :

જે દ્વારા કર્મોનું આકર્ષણ જીવ તરફ થાય તેને આશ્રવ કહેવાય. વિશ્વમાં સર્વત્ર અસંખ્ય અશુદ્ધ જીવો છે અને સર્વત્ર અસંખ્ય નાના નાના પરમાણુઓ પણ વ્યાપક છે. હવે પ્રશ્ન એ છે કે અમુક જ પરમાણુઓ અમુક જ જીવો તરફ આકર્ષાઈને તેમને કલુષિત કરે એવું શાથી બને? જૈનોનું મંતવ્ય છે કે આ પુદ્દગલના પરમાણુઓ જીવ પ્રત્યે આકર્ષાઈને તેમની સાથે બંધાઈ જાય છે તેનું કારણ વ્યક્તિનાં કર્મો કે પ્રવૃત્તિ છે. સારાં કે ખરાબ, આશય કે આશયરહિત, મન, વચન અને કાયાથી જે કર્મો આપણે કરીએ છીએ તેમાંથી સતત સ્પંદનો (Vibrations, Aura) છૂટતાં રહે છે જે કાર્મિક પરમાણુઓને જીવ તરફ ગતિમાન કરે છે. નીચે દર્શાવેલ છ પ્રકારની પ્રવૃત્તિઓ આશ્રવ માટે જવાબદાર છે :

૧. **મિથ્યાત્વ** - વિશ્વ અંગે મિથ્યા દૃષ્ટિકોણ
૨. **અવ્રત** - વ્રતોનું પાલન ન કરવું (પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ)
૩. **અવિરતિ** - સંયમનો અભાવ
૪. **પ્રમાદ** - બેદરકારી, આળસ
૫. **કષાય** - વાસના (ક્રોધ, માન, માયા, લોભ)
૬. **યોગ** - પ્રવૃત્તિનો પ્રકાર (મનયોગ, વચનયોગ, કાયાયોગ)

'આત્મા શરીરથી ભિન્ન છે અને શરીરમાં કેદ છે' એ વાતનું જેને જાણપણું નથી તેનો વિશ્વ પ્રત્યે દૃષ્ટિકોણ મિથ્યા છે. પ્રકરણ ૩ માં બતાવેલા પાંચ અણુવ્રતો (અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ) નું પાલન કરવું દરેક વ્યક્તિ માટે ઉપકારક છે. ગુરૂ સમક્ષ બે હાથ જોડીને વિધિપૂર્વક વ્રત ભલે ન લે પણ અણુવ્રતને પ્રમાણ માનીને દરેક વ્યક્તિએ જીવનશૈલીનુ ઘડતર કરવું જ રહ્યું અન્યથા તેનું જીવન બેદરકાર, સંયમ અને વૈરાગ્યરહિત અને તેની દરેક પ્રવૃત્તિ આશ્રવ માટે કારણભૂત બને છે.

જીવ તરફ કાર્મિક પરમાણુઓનું આકર્ષણ શરૂ થાય પછી ખરેખર શું બને છે? વાસ્તવમાં પરમાણુઓનો જીવ તરફ પ્રવાહ જીવને દુષિત કરશે જ તેવું નથી. જીવને દૂષિત બનાવવામાં ભાવના અને કષાયો પ્રમુખ ભાગ ભજવે છે. દા. ત. દરેક પ્રવૃત્તિ પુદ્દગલ પરમાણુના પ્રવાહનું નિર્માણ કરે છે. પરંતુ પ્રવૃત્તિમાં કોઈ પણ પ્રકારની આસક્તિ કે વાસના ભળે નહિ તો તે પરમાણુઓ જીવ તરફ આકર્ષાઈ તેની સાથે જોડાઈ તો જાય છે પણ એ જોડાણ કે બંધન નિર્બળ હોય છે. તેનું કર્મફળ તરત જ મળે છે અને તે ભોગવી લીધા પછી એ બંધન આપોઆપ 'ખરી પડે છે.' અર્થાત્ એ બંધન એની મેળે છૂટી જાય છે. બીજી બાજુ આસક્તિ, ભાવના, કે કષાયયુક્ત પ્રવૃત્તિઓ કાર્મિક પરમાણુઓના જીવ સાથેનો બંધનને સજ્જડ અને મજબૂત બનાવે છે. તેને તોડવું અત્યંત મુશ્કેલ છે. તે પ્રવૃત્તિઓ ભલે માનસિક, કાયિક અથવા કેવળ વચનથી જ કેમ ન હોય!

## ૪. બંધનું તત્ત્વ (બંધ) :

શુદ્ધ નિરાકાર જીવ કાર્મિક પરમાણુઓને આકર્ષતો નથી અને આકર્ષી શકતો પણ નથી. એક વાર જીવ શુદ્ધ અને મુક્ત થાય પછી ફરી ક્યારેય અશુદ્ધ બને નહિ અને પુર્નજન્મ લે નહી. બીજી બાજુ કાર્મિક પરમાણુઓની અશુદ્ધિ ભળવાથી જીવ અશુદ્ધ અને નિર્બળ બને છે. આપણે પછી જોઈશું કે આ નિર્બળતા જીવને દેહ, પ્રવૃત્તિ, કાર્મિક પરમાણુંનું આકર્ષણ (આશ્રવ) અને વધુ બંધનમાં ઉતારે છે. આસક્તિયુક્ત પ્રવૃત્તિ કેવળ બંધનનું કારણ જ નથી પણ જીવની કેવી ગતિ થશે અથવા કયા દેહમાં જન્મ લેશે તેનો પણ નિર્ણય કરે છે. નીચેના ચાર ઘટકો આ બંધનનો નિર્ણય કરે છે :

**પ્રદેશબંધ** - જીવને વધારે કે ઓછા કાર્મિક પરમાણુઓનો સમુહ બંધાય તે પ્રદેશબંધ

**અનુભાગબંધ/રસબંધ** - બંધનની તીવ્રતા, સબળ કે નિર્બળ બંધન, એટલે કે કોઇ કર્મ તીવ્ર અનુભવ આપે, કોઇ કર્મ મંદ અનુભવ આપે, કોઇ શુભ તો કોઇ અશુભ ફળ આપે.

**સ્થિતિબંધ** - બંધનમાં રહેવા માટે પૂર્વનિયોજિત સમયાવધિ. કોઇ કર્મો જલદી ફળ આપીને ખરી પડે તો કોઇ લાંબા સમય સુધી જીવને બંધનમાં રાખે.

**પ્રકૃતિબંધ** - બંધનનું સ્વરૂપ - બંધનની જીવ પર અસર જેમ કે કોઇક કર્મ જ્ઞાનગુણનું આવરણ કરે તો કોઇ કર્મ દર્શનગુણનું આવરણ કરે ઇત્યાદિ.

જેટલી આસક્તિ દૃઢ એટલા વધારે પ્રમાણમાં કાર્મિક પરમાણુઓનો જથ્થો જીવ સાથે જોડાય છે; બંધન પણ એટલુંજ તીવ્ર થાય છે અને બંધનની સમયાવધિ પણ વધારે હોય છે. આ સમગ્ર વાતને એક દૃષ્ટાંતથી સમજવાનો પ્રયત્ન કરીએ. દા. ત. માનો કે હિંસાનું કૃત્ય ત્રણ જુદી જુદી પરિસ્થિતિમાં આચરવામાં આવ્યું છે.

પહેલી પરિસ્થિતિમાં હિંસા આકસ્મિક રીતે થઈ ગઈ હતી અને હત્યાની પાછળ કોઈ જ આશય નહોતો. હત્યા થઈ ગઈ એ બાબતથી પણ તે વ્યક્તિ અજાણ હતી.

બીજી પરિસ્થિતિમાં વ્યક્તિ માટે હત્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો. (દા.ત. અન્યના કે સ્વબચાવ માટે) પણ તે ઓછા જીવની અને તે પણ ઓછામાં ઓછું દુઃખ આપીને હિંસા કરવાની નીતિને અપનાવે છે. તેને મનમાં પ્રાયશ્ચિત પણ થાય છે.

ત્રીજી પરિસ્થિતિમાં લોભ, ક્રોધ કે અંટસ અને વેરની ભાવનાથી પ્રેરાઈને વ્યક્તિ આશયપૂર્વક હિંસા કરે છે. જીવને હાનિ કે દુઃખ પહોંચશે એનો સહેજ પણ ખ્યાલ રાખ્યા વિના નિર્દય અને ઘાતકી રીતે હિંસા કરી આનંદ પામે છે.

આ ત્રણે પરિસ્થિતિમાં કૃત્ય તો એક જ છે, 'હિંસા'! પણ એ જુદી જુદી રીતે આચરવામાં આવ્યું છે. એ ત્રણે વ્યક્તિને કાર્મિક બંધન તો અવશ્ય થવાનું જ પરંતુ આસક્તિની તીવ્રતાની દૃષ્ટિએ જોતાં છેલ્લી વ્યક્તિનાં કર્મનું બંધન સજ્જડ હોવાનું. તેથી તેનાં તીવ્ર અને માઠાં પરિણામો તેને લાંબા સમય સુધી ભોગવવાં પડશે.

## ૫,૬. શુભ-અશુભ બંધન (પુણ્ય-પાપ) :

'કર્મ' એ સંસ્કૃત શબ્દ છે. એ પ્રવૃત્તિનું સૂચન કરે છે. પ્રવૃત્તિ અનિવાર્યપણે બંધન પેદા કરે છે. એ બંધન સારાં કે માઠાં ફળમાં પરિણમે છે. સારી પ્રવૃત્તિ શુભ કર્મ તરીકે અને ખરાબ પ્રવૃત્તિ અશુભ કર્મ તરીકે ઓળખાય છે. અશુભ બંધન જીવને મોક્ષના લક્ષ્યથી દૂર લઈ જાય છે; શુભ બંધન જીવને મોક્ષના લક્ષ્યની નજીક લાવે છે અથવા જીવને એવાં વાતાવરણ કે પરિસ્થિતિમાં લાવીને મૂકે છે જ્યાં કર્મને ખપાવવાની તેને સુંદર તક મળે છે.

મોક્ષના માર્ગે ઉન્નતિ કરવી હોય તો ઓછામા ઓછા કાર્મિક પરમાણુઓનો સંચય કરવાના હેતુથી શાંતિમય અને નિવૃત્તિપરાયણ બેસી રહેવું તેના કરતાં સમગ્ર જીવન દરમિયાન ગરીબોને આર્થિકદાન, અશિક્ષિતોને વિદ્યાદાન જેવાં અનેક 'શુભ કાર્યોમાં' પોતાનું યથાશક્તિ યોગદાન આપવું એ બહેતર ગણાય. વધારે સ્પષ્ટપણે કહેવું હોય તો નિવૃત્તિપરાયણ બેસી રહેવાથી કર્મોને ખપાવવાની તક ઘટી જાય છે અને તેથી મોક્ષનું લક્ષ્ય પ્રાપ્ત થઈ શકતું નથી. જૈન આચાર્યો કાર્મિક બંધનથી નિષ્પન્ન થતાં કર્મફળના વર્ગીકરણ અને વિશ્લેષણની બાબતમાં ખૂબ ઊંડા ઉતર્યા છે. તેમણે કર્મનું આઠ વિભાગમાં વિભાજન કર્યું છે. એ વિશે ચર્ચા પછીના પ્રકરણમાં કરી છે.

## ૭. આશ્રવના નિરોધનું તત્ત્વ (સંવર) :

કર્મના આકર્ષણ કે આંતર્પ્રવાહને રોકવો કે અટકાવવો તેને સંવર કહે છે. જીવવાની પ્રક્રિયા માટે પ્રવૃત્તિ અનિવાર્ય અને આવશ્યક છે. તેથી પ્રશ્ન એ થાય કે શુભ કે અશુભ દરેક પ્રવૃત્તિથી જો આશ્રવ અને બંધન થતા હોય તો શું પુદ્‌ગલોના આશ્રવને રોકવાનો કોઇ ઉપાયજ નથી? તેનો એક જ ઉપાય એટલે 'આત્મસંયમ'! નિચે બતાવેલા ૫૭ સુચનાઓનુ પાલન કરવાથી ધીરે ધીરે આત્મસંયમ કેળવાય છે.

જૈન ધર્મ કહે છે કે કાર્મિક પરમાણુઓ જીવ તરફ આકર્ષાય એવી ઉપર્યુક્ત છ પ્રકારની પ્રવૃત્તિનો ઉપશમ કરીએ તો આશ્રવનો નિરોધ થઇ શકે. ખંડ ૧ માં દર્શાવેલ સમ્યક્ચરિત્રના માર્ગે ચાલવાથી આ પ્રવૃત્તિઓનું નિયમન થઇ શકે. સંયમ અને વિરક્તિથી જેમ જેમ પ્રમાદ અને કષાય ઉપર વિજય મળે તેમ તેમ કાર્મિક પરમાણુઓનું જીવ તરફ આકર્ષણ (આશ્રવ) મંદ પડતું જાય છે. આખરે આશ્રવને બંધ પણ કરી શકાય છે અર્થાત ક્રોધ,મોહ, માન, રાગ, દ્વેષ, વગેરે કષાયો ઉત્પન્ન જ ન થાય તેને સંવર કહે

છે. કષાયયુકત પ્રવૃત્તિના ઉપશમ માટે જૈનશાસ્ત્રમાં ૫૭ સૂચનાઓ આપવામાં આવી છે. તેનું નિમ્ન છ વર્ગમાં વર્ગીકરણ કર્યું છેઃ

### ૧. ત્રણ પ્રકારના નિયમન (ત્રણ ગુપ્તિ), સમ્યક્પૂર્વક નિવૃત્તિ તથા પ્રવૃત્તિ

**મનોગુપ્તિ** - મનને કુવિચારમાંથી રોકવુ અને સમ્યક્ વિચારમાં પ્રવર્તાવવું.

**વચનગુપ્તિ** - ખોટું કે કુવચન ન બોલવું અને સાચું બોલવું

**કાયગુપ્તિ** - કાયાને ખોટા માર્ગેથી રોકી આત્મમુકિતની ક્રિયામાં જોડવી

### ૨. પાંચ પ્રકારની સમ્યક્ પ્રવૃત્તિ (પાંચ સમિતિ)

**ઈર્યા સમિતિ** - ઈર્યા એટલે માર્ગ. ચાલતી વખતે માર્ગનું કાળજીપૂર્વક અવલોકન કરવું જેથી સજીવ (કીડા, મંકોડા તથા ઘાસ) વસ્તુ પર પગ ન પડે.

**ભાષા સમિતિ** - મુખે મુહપત્તી રાખી નિર્દોષ ભાષા બોલવી

**એષણા સમિતિ** - દોષરહિત આહાર ગ્રહણ કરવો

**આદાનસમિતિ** - વસ્ત્ર-પાત્ર આદિ ઉપકરણોને વિધિપૂર્વક સ્વચ્છ કરી લેવા

**ઉત્સર્ગ સમિતિ** - વધેલ આહાર, મલ-મૂત્ર ઇત્યાદિનો વિધિપૂર્વક ત્યાગ

### ૩. દસ નૈતિક મૂલ્યોનું પાલન (દસવિધ મુનિધર્મ)

ક્ષમા, નમ્રતા, સરલતા, નિરાળાપણું, તપશ્ચર્યા, સંયમ, સત્ય, પવિત્રતા, અપરિગ્રહ, અને બ્રહ્મચર્યનું પાલન - આ છે દસ નૈતિક મૂલ્યો કે દસવિધ મુનિધર્મ.

### ૪. બાર ભાવના (અનુપ્રેક્ષા) બાર ભાવવિચારોનું ચિંતન અને મનન

કર્મોનાં આશ્રવથી બચવા માટે સંસારના સત્ય સ્વરુપનું જ્ઞાન અને તેનું નિત્ય ચિંતન-મનન કરવું જરૂરી છે. તે સત્યનું આ સ્વરુપજ્ઞાન અનુપ્રેક્ષા તરીકે ઓળખાય છેઃ

**અનિત્ય ભાવના** - આ સંસારના સર્વ પદાર્થ, ઘર, મકાન, ખેતીવાડી, ધન, સંપતિ, મોટરગાડી, શરીર, યૌવન, સગાસંબધી ઇત્યાદિ ક્ષણિક અને નાશવંત છે એવી અનિત્ય ભાવના હું ભાવું છું.

**અશરણ ભાવના** - દુઃખ અને મરણમાં મનુષ્યને કોઇ પણ પદાર્થ કે વ્યકિત શરણભૂત નથી. કોઇપણ એમાંથી છોડાવવા સમર્થ નથી. કેવળ અહિંસા-સંયમ-તપરૂપ ધર્મનું શરણું છે.

**સંસાર ભાવના** - બદ્ધ જીવ મનુષ્ય, દેવ, તિર્યંચ કે નારકી ભવમાં ભટકયા કરે છે. મારો જીવ અનંતકાળથી પ્રત્યેક જીવની સાથે અનંત સંબંધ કરી ચૂકયો છે. તેથી કોઇનો મોહ રાખવો નહી.

**એકત્વ ભાવના** - સુખ, દુઃખ, જન્મ, મરણ એકલાએ જ ભોગવવાનું છે. તેમાં કોઇ મદદ કરી શકતું નથી. આ જીવ એકલો આવ્યો છે અને એકલો જ જવાનો છે. તેનો કોઇ સાથી નથી.

**<u>અન્યત્વ ભાવના</u>** - શરીર અને જીવ બે અલગ છે. હું જીવ છું; શરીર નથી. કર્મના કારણે જીવ જુદા જુદા શરીર ધારણ કરે છે. તેથી આ શરીર, ધન, સ્વજન આદિ અન્ય છે, મારૂં નથી.

**<u>અશુચિત્વ ભાવના</u>** - આ શરીર રકત, માંસ, મેદ, અસ્થિ, વીર્ય, પરૂ, મલ-મૂત્ર આદિ અશુચિમય પદાર્થોનું બનેલું છે અને અશુચિ નિર્માણ કરે છે તેથી આ શરીર મોહ કરવા લાયક નથી.

**<u>આશ્રવ ભાવના</u>** - સત્યને અસત્ય માનવું કે અસત્યને સત્ય માનવું તે મિથ્યાત્વ રૂપ આશ્રવ છે. વ્રત-નિયમ ન લેવા તે અવ્રત આશ્રવ છે. મદમાં રહેવું, નશીલા પદાર્થોનું સેવન કરવું, વિષય-ભોગ આસક્તિ, ક્રોધ-માન-માયા-લોભ કરવા તે કષાય પ્રમાદ છે. આ કષાય પ્રમાદથી અને મન-વચન-કાયાના અશુભ યોગના વ્યાપારથી કર્મોનો આશ્રવ થાય છે અને જીવને દુઃખ ભોગવું પડે છે. તેથી આશ્રવનો ત્યાગ કરવો જ જોઇયે. કર્મો નિરંતર આવ્યા જ કરે તો જીવની મુક્તિ કેવી રીતે થાય?

**<u>સંવર ભાવના</u>** - અનંતાનંતા પુણ્યના કારણે મને મનુષ્ય ભવ મળ્યો છે જેમાં આશ્રવને રોકવા માટે શાસ્ત્રની ૫૭ સૂચનાઓનું પાલન કરીને આત્મસંયમ કેળવવો જ રહ્યો.

**<u>નિર્જરા ભાવના</u>** - જીવને વળગેલા કર્મોને ખેરવવા માટે બાર પ્રકારની તપશ્ચર્યા હું કરીશ.

**<u>લોકસ્વભાવ ભાવના</u>** - આ જીવે નારકી, તિર્યંચગતિ અને મનુષ્ય ભવમાં ક્ષણિક સુખ અને ઘણું દુઃખ અનંતવાર ભોગવ્યું છે અને ચારે ગતિમાં જન્મમરણના પસાર થઇને મારો જીવ સમગ્ર લોક અને સર્વ સ્થાનોમાં ફરીને આવ્યો છે. હવે બસ મોક્ષ મેળવી સિદ્ધલોકમાં જવાનું જ કેવળ બાકી છે.

**<u>બોધિદુર્લભ ભાવના</u>** - જન્મમરણના ચક્રમાં ભટકતા આ જીવને મનુષ્યજન્મ અને સમયકત્વ દુર્લભ છે. આ ભવમાં તીર્થંકરોએ દર્શાવેલો દુર્લભ માર્ગ પ્રાપ્ત થયો છે.

**<u>ધર્મસાધક ભાવના</u>** - તીર્થંકર, કેવળી, ગણધરના ધર્મસાધનાની શક્તિ મેળવવાનો હું પ્રયત્ન કરીશ.

## *૫. પાંચ ચારિત્ર નિયમોનું પાલન*

**<u>સામાયિક ચારિત્ર</u>** - સમતાભરી (સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્રભરી) મનઃસ્થિતિ કેળવીને મોક્ષતરફ આગળ વધવાનું, જીવને વિષમ સ્થિતિમાંથી સમ સ્થિતિમાં લાવવાનું સાધન તે સામાયિક ચારિત્ર

**<u>છેદોપસ્થાપનીય ચારિત્ર</u>** - પૂર્વ ચારિત્રને સૂક્ષ્મ રીતે તપાસીને (છેદ કરીને) પુનઃ વ્રતોનું આરોપણ (ઉપસ્થાપન) કરવું.

**<u>પરિહારવિશુદ્ધિ ચારિત્ર</u>** - આ એક વિશેષ પ્રકારનું તપ છે. તે ખાસ સાધુ- સાધ્વીઓ માટે છે. સાધુધર્મના નિયમોનો પૂરો અભ્યાસ કરીને તેનું પાલન કરવાની શક્તિ તેઓ મેળવે છે.

**<u>સૂક્ષ્મ સંપરાય ચારિત્ર</u>** - દસમા ગુણસ્થાને પહોંચે એટલે ક્રોધ, માન, માયા તથા સંજવલન લોભનો ક્ષય થાય છે. પછી કેવળ સૂક્ષ્મ લોભના મોહનીય કર્મો ખરવાના બાકી હોય છે. તે કર્મોના ક્ષય થાય તેવું ચારિત્ર રાખવું.

**<u>યથાખ્યાત ચારિત્ર</u>** - સંયમ અને તપ કરવાથી કષાયના ઉદયને રોકી શકાય છે. તેથી સાધક ગુણસ્થાનોમાં આધ્યાત્મિક પ્રગતિ કરે છે. આ ગુણસ્થાનને યોગ્ય એટલે કે કષાયોને રોકે એવું ચારિત્ર રાખવું તેને યથાખ્યાત ચારિત્ર કહે છે.

### ૬. બાવીસ પ્રકારના કષ્ટ સહન કરવા (પરિષહ)

ક્ષુધા, તૃષા, અતિ શીત કે ઉષ્ણ હવામાન, કીટક-દંશ વગેરેમાં મનની શાંતિ રાખવી. નિર્વસ્ત્ર/જીર્ણવસ્ત્રમાં રહેવું, બ્રહ્મચર્યનું પાલન કરવું, વિહાર કરવો, ગુફામાં રહેવું. અપમાન અને દંડમાં સમતા રાખવી, માનસન્માનમાં તટસ્થ ભાવ રાખવો, રોગમાં મનની સમતા રાખવી, વગેરે બાવીસ પ્રકારના કષ્ટ ધીરજપૂર્વક સહન કરવા પણ ધર્મમાર્ગનો કદાપિ ત્યાગ કરવો નહિ.

**બાવીસ પરિષહોની સંપૂર્ણ સૂચિ**

| | | | |
|---|---|---|---|
| ૧. ક્ષુધા | ૨. પિપાસા | ૩. શીત | ૪. ઉષ્ણ |
| ૫. દંશ | ૬. અચેલક | ૭. અરતિ | ૮. સંભોગ પરિષહ |
| ૯. ચર્યા | ૧૦. નિષધા | ૧૧. શય્યા | ૧૨. આક્રોશ |
| ૧૩. વધ | ૧૪. યાચના | ૧૫. અલાભ | ૧૬. રોગ |
| ૧૭. તૃણસ્પર્શ | ૧૮. મલ પરિષહ | ૧૯. સત્કાર પરિષહ | ૨૦. પ્રજ્ઞા |
| ૨૧. અજ્ઞાન | ૨૨. સમ્યક્ત્વ | | |

પ્રવૃત્તિઓને નિયમનમાં રાખવા માટે જૈન શાસ્ત્રમાં આપેલ આ ૫૭ સૂચનાઓનું પાલન કરવું શરૂઆતમાં કઠણ અને કષ્ટદાયક લાગે પરંતુ નિરંતર સાધનાથી જેમ જેમ કષાયો નિયંત્રણમાં આવતા જાય અને સાધકો આત્મામાં લીન થતા જાય તેમ તેમ આત્માના પ્રચુર આનંદમાં તેઓ નિમગ્ન થતા જાય છે. કષાયનો ત્યાગ કરીને તેઓ વીતરાગના માર્ગે ચડે છે. આ માર્ગે તેમને શારીરિક સુખ-દુખનું ભાન હોતું નથી. કેવળ પરિષહની જ નહિ પરંતુ સંવર અને નિર્જરા માટેની તમામ સાધનામાં અતીન્દ્રિય બનીને તે આત્માના સુખનો અનુભવ કરે છે.

## કર્મના આંશિક ક્ષયનું તત્ત્વ (નિર્જરા) :

સંવર દ્વારા પ્રવૃત્તિઓને નિયમનમાં રાખી કાર્મિક પરમાણુઓના જીવ તરફ આકર્ષણની ગતિને કાં તો મંદ પાડી શકાય અથવા તેને સંપૂર્ણપણે રોકી શકાય. પણ પ્રશ્ન એ છે કે જીવ સાથે જે કાર્મિક પરમાણુઓ અનાદિ કાળથી બદ્ધ છે તેને ખેરવી જીવની શુદ્ધિ કરી શકાય? અને તે શક્ય હોય તો કેવી રીતે? સદ્ભાગ્યે તેનો જવાબ છે, 'હા, એ પણ શક્ય છે.' આપણે આગળ જોયું કે બંધનની સમયાવધિ બંધની વખતે જ પહેલેથી નિરધાર થઈ ચૂકેલ છે. સબળ કે નિર્બળ એ તમામ બંધનો કર્મનું ફળ ભોગવાઈ જાય પછી તૂટી જાય છે. ક્યારેક આ જન્મમાં તો ક્યારેક પુનર્જન્મોમાં કર્મનું ફળ ભોગવવું પડે એટલી લાંબી સમયાવધિ પણ હોય છે. પણ પૂર્વનિરધારિત સમયે સારાં કે માઠાં ફળો એક વાર ભોગવાઈ જાય પછી તે માટે જવાબદાર પરમાણુઓ તત્કાળ ખરી પડે છે. આ છે સ્વાભાવિક બંધક્ષયનો નિયમ. હકીકતમાં દરેક જીવંત પ્રાણીમાં અમુક પરમાણુઓનો સ્વાભાવિક બંધક્ષય અને નવા પરમાણુઓનું બંધન એ પ્રક્રિયા સતત ચાલતી રહે છે.

સ્વાભાવિક બંધક્ષય એ કાર્મિક પરમાણુઓના સંપૂર્ણ નિરોધનો જો એક માત્ર ઉપાય હોય તો જીવ ક્યારેય સંપૂર્ણપણે મુક્ત થઈ શકે નહિ. પણ સદ્ભાગ્યે એવું નથી. કાર્મિક પરમાણુઓ તેનું ફળ આપે તે પૂર્વે મનુષ્ય પુરુષાર્થ કે સાધના દ્વારા તેનાં બંધનનો નાશ કરી શકે છે. એ સાધના કે પુરુષાર્થ એટલે આધ્યાત્મિક ઉન્નતિ માટે તીર્થંકરોએ દર્શાવેલ ૧૪ ગુણસ્થાનનો જૈન મુક્તિમાર્ગ! તે વાસનાના ઉપશમ અને સંયમ દ્વારા કર્મોને અટકાવે છે અને બાહ્ય અને અભ્યંતર તપ દ્વારા કર્મોને દૂર કરે છે.

### *છ પ્રકારના બાહ્ય તપો:*

**<u>અનશન</u>** - સિદ્ધાંત વિધિએ આહારનો ત્યાગ કરવો

**<u>ઊનોદરિકા</u>** - ક્ષુધા કરતાં ઓછો આહાર કરવો

**<u>વૃત્તિસંક્ષેપ</u>** - ખાદ્ય પદાર્થો તથા અન્ય પદાર્થોની સંખ્યા અને તેના પ્રકારો ઉપર નિયંત્રણ

**<u>રસત્યાગ</u>** - માંસ, મદિરા, માખણ અને મધનો (આ ચાર '**<u>મ</u>**' નો) સંપૂર્ણ ત્યાગ; અને દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ-સાકર, મસાલા અને તળેલી વસ્તુઓનો યથાયોગ્ય ત્યાગ

**<u>કાયાકલેશ</u>** - પદ્માસન, કાયોત્સર્ગ આદિ યથાયોગ્ય આસનોથી તથા કેશના લોચથી વેદના પર વિજય

**<u>સંલીનતા</u>** - અશુભમાર્ગે પ્રવર્તતી ઇન્દ્રિયોને કાબુમાં રાખવા શાંત અને પવિત્ર સ્થાનમાં રહેવું.

### *છ પ્રકારના અભ્યંતર તપ:*

**<u>પ્રાયશ્ચિત</u>** - પાપની આલોચના, તપ, અન્નત્યાગ વગેરે દ્વારા ચિત્તની વિશુદ્ધિ

**<u>વિનય</u>** - જ્ઞાન-દર્શન-ચારિત્રશીલ ગુણવંતનું બહુમાન કરવું તથા જ્ઞાનનો વિનય કરવો

**<u>વૈયાવૃત્ય</u>** - સાધુ, સાધ્વી તથા સમાજની સેવા કરવી

**<u>સ્વાધ્યાય</u>** - ધર્મશાસ્ત્રોનું વાચન, મનન, અધ્યયન તથા અધ્યાપન

**<u>ધ્યાન</u>** - આર્તધ્યાન (દુઃખમાંથી ઉદ્ભવતું), રૌદ્રધ્યાન (હિંસા, અસત્ય, ચોરી, વિષય રક્ષણથી ઉદ્ભવતું) છોડીને, યોગની એકાગ્રતા રાખી ધર્મધ્યાન અને શુકલધ્યાન કરવું.

**<u>કાયોત્સર્ગ</u>** - કષાય, મિથ્યાવાદ, જ્ઞાનાવરણીય આદિ પ્રવૃત્તિ તથા અશુદ્ધ આહારનો ત્યાગ અને અનશનાદિક વ્રત દ્વારા આહારનો સંયમ.

## મોક્ષ :

દૈનિક વ્રતો જેવાં કે સામાયિક, ક્ષમાયાચના, અપરિગ્રહ પણ આખરે નિર્જરામાં જ પરિણમે છે. આધ્યાત્મિક માર્ગે જેમ જેમ પ્રગતિ કરતા જઈએ તેમ તેમ આત્મસંયમથી આશ્રવ મંદ પડતો જાય છે અને કર્મક્ષય ઝડપી ગતિ પકડે છે. આશ્રવમાં ઘટાડો; તેની સમાંતર નિર્જરામાં વધારો એટલે પુરાંતમાં શૂન્ય કર્મ દર્શાવે એવું આપણાં કર્મનું સરવૈયું. જીવ હવે તમામ બંધનોથી મુક્ત છે. આ છે મોક્ષ - મુક્તિ! મોક્ષ એટલે જન્મ-મરણના ફેરાંમાંથી કાયમી મુક્તિ.

ચારે પ્રકારના ઘાતી કર્મોનો (પ્રકરણ ૯) ક્ષય થાય ત્યારે સાધક ૧૩મા ગુણસ્થાને (અરહંતપદે) પહોંચે છે. બહુધા સાધકોના અઘાતી કર્મો પણ તે જ ક્ષણે ખરી પડે છે અને તે ૧૪મા ગુણસ્થાનને એટલે કે મોક્ષને પામે છે. મુક્ત જીવ શુદ્ધ હોવાથી તેના અંતર્ગત ગુણોને (પૂર્ણદર્શન, પૂર્ણજ્ઞાન, પૂર્ણશક્તિ, પૂર્ણઆનંદ, સર્વજ્ઞતા, સર્વવ્યાપકતા, સર્વસામર્થ્ય) તે પુનઃ પ્રાપ્ત કરે છે. મોક્ષ જૈનો માટે આદર્શ છે.

તેરમા ગુણસ્થાને બહુધા સાધકોના અઘાતી અને ઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય એકીસાથે જ થાય છે અને નિર્વાણ પામીને તેમના મુકત જીવ સિદ્ધલોક પહોચે છે. પણ પૂર્વભવમાં અસાધારણ તીર્થંકર કર્મો મેળવ્યા હોય તેમના અઘાતી કર્મોનો ક્ષય તેરમા ગુણસ્થાને પણ થતો નથી. તીર્થંકર નામકર્મોના ફળસ્વરુપ શેષ જીવનમાં કેવળજ્ઞાનનો લાભ બધા જીવાત્માને આપવાની જવાબદારી તે સેવે છે. તેમણે બતાવેલો માર્ગ તે જૈન દર્શન છે. અરહંતપદે પહોંચીને સર્વ જીવાત્માઓને બોધ આપનાર તીર્થંકરો જૈનોના મતે ઈશ્વર છે. એ સ્થિતિ પ્રાપ્ત કરવી એ દરેક જૈનનું લક્ષ્ય છે.

## નવ તત્ત્વનું મહત્વ

નવતત્વમાં જૈનોનું સમગ્ર તત્વજ્ઞાન સમાયેલું છે એટલું જ નહી તો આજના વિવિધ તર્કબદ્ધ શાસ્ત્રોનાં પણ તેમાં સમાવેશ છે.

**સાહિત્યિકઃ** (Literary) નવ તત્ત્વોના કેવળ ૫૯ સૂત્રોમા જૈનોનું સમગ્ર તત્વજ્ઞાન સમાયેલું છે.

**તર્કસંગતઃ** (Logical) વિશ્વની રચના અને નિયંત્રણના ઉકેલ બાબત જેનોના અભિગમ આજના વૈજ્ઞાનિક માનસને માન્ય થાય એવો તર્કબદ્ધ અને અનુભવગમ્ય છે.

**અધ્યાત્મિકઃ** (Spiritual) _ તે મોક્ષ માર્ગ દર્શાવે છે.

**પદાર્થવિજ્ઞાન** (Physics) - જીવદ્રવ્ય અને પાંચ અજીવ દ્રવ્યોના પારસ્પારિક સંબંધ દ્વારા વિશ્વની રચનાનું સુંદર નિરૂપણ કર્યું છે.

**નીતિશાસ્ત્ર** (Ethics) - 'વાવો તેવું લણો' એ કર્મસિદ્ધાંત સમજાવી નીતિ અને સદાચાર પર ભાર મૂકે છે.

**જીવશાસ્ત્ર** (Biological sciences) - દરેક જીવનું તેની ઈન્દ્રિયો તથા કર્મગતિ પ્રમાણે વર્ગીકરણ

**સમાજશાત્ર** (Social sciences) - તમામ જીવો તથા પર્યાવરણની કાળજી

**વિશ્લેષણશાસ્ત્ર** (Analytical) - દરેક વિચાર અને સિદ્ધાંતોનું અનેક વર્ગો અને પેટાવર્ગોમાં વિભાજન કરી સૂક્ષ્મપણે અભ્યાસ કર્યો છે.

**સ્વાસ્થ્યવિજ્ઞાન** (Medical) - તન અને મનના સ્વાસ્થ્યને ખ્યાલમાં રાખી આચાર અને વિચારના નિયમો ઘડયા છે.

**વિશ્વશાંતિ** - અહિંસા, અનેકાંતવાદ અને અપરિગ્રહના સિદ્ધાંતોનું પાલન (Universal Peace studies) કેવળ મનની શાંતિ માટે જ નહિ પણ વિશ્વશાંતિ માટે પણ જરૂરી છે.

| વિશ્વના નવ ગતિશીલ તત્ત્વો (નવ તત્ત્વ) | |
|---|---|
| **તત્ત્વ** | **કાર્યરત** |
| **જીવનું અસ્તિત્વ** | દરેક જીવ અનાદિ કાળથી મલિન અવસ્થામાં છે. અશુદ્ધ જીવો સંસારમાં ફસાયેલા છે. મનુષ્યો તેમના આત્માની શુદ્ધિ કરી શકે છે. |
| **અજીવોનું અસ્તિત્વ** | પુદ્ગલના પરમાણુઓ જીવને અશુદ્ધ કરે છે. આકાશ અને કાળ, દ્રવ્યોના પર્યાય બદલવામાં સહાયરૂપ રહે છે. |
| **આશ્રવ** | અશુદ્ધ જીવમાંથી નિર્માણ થતાં સ્પંદનો કાર્મિક પરમાણુઓને આકર્ષે છે. |
| **બંધ** | આસક્તિયુક્ત પ્રવૃત્તિ જીવ અને કાર્મિક પરમાણુઓ વચ્ચે બંધન પેદા કરે છે. |
| **પુણ્ય** | શુભ પ્રવૃત્તિથી પરિણમતું બંધન શુભ કર્મફળ આપે છે |
| **પાપ** | અશુભ પ્રવૃત્તિથી પરિણમતું બંધન અશુભ કર્મફળ આપે છે |
| **સંવર** | સંયમ દ્વારા પ્રવૃત્તિપર નિયમન અને આસક્તિનો ઉપશમ કે ક્ષય, અને તેના ફળસ્વરૂપ નવાં બંધનનો નિરોધ |
| **નિર્જરા** | ૧. કર્મફળ ભોગવ્યા પછી બદ્ધ પરમાણુઓનું આપોઆપ ખરી પડવું<br>૨. તપ અને સંયમ દ્વારા બદ્ધ પરમાણુઓને ખેરવી નાખવા |
| **મોક્ષ** | આધ્યાત્મિક ઉચ્ચતર સ્તર પર આશ્રવ નગણ્ય બને છે અને નિર્જરાનું પ્રભુત્ત્વ વધે છે જે કાર્મિક પરમાણુઓના સંપૂર્ણ ક્ષય કે નાશમાં પરિણમે છે. |

## આશ્રવનો નિરોધ

### સંવર

- ત્રણ ગુપ્તિ
  - મનોગુપ્તિ
  - વચનગુપ્તિ
  - કાયગુપ્તિ
- પાંચ સમિતિ
  - ઈર્ચા સમિતિ
  - ભાષા સમિતિ
  - એષણા સમિતિ
  - આદાનસમિતિ
  - ઊત્સર્ગ સમિતિ
- દસ મુનિધર્મ
  - ક્ષમા
  - નમ્રતા
  - સરલતા,
  - નિરાળાપણું,
  - તપશ્ચર્યા,
  - સંયમ,
  - સત્ય,
  - પવિત્રતા
  - અપરિગ્રહ,
  - બ્રહ્મચર્ય
- બાર ભાવના
  - અનિત્ય
  - અશાણ
  - સંસાર
  - એકત્વ
  - અન્યત્વ
  - અશુચિત્વ
  - આશ્રવ
  - સંવર
  - નિર્જરા
  - લોકસ્વભાવ
  - બોધિદુર્લભ
  - ધર્મસાધક
- પાંચ ચરિત્ર
  - સામાયિક
  - છેદોપસ્થાપનીય
  - પરિહારવિશુદ્ધિ
  - સૂક્ષ્મ સંપરાય
  - યથાખ્યાત
- બાવિસ પરિષહ
  - ક્ષુધા
  - પીપાસા
  - શીત
  - ઉષ્ણ
  - દંશ
  - અચેલક
  - અરતિ
  - સંભોગમોહ
  - ચર્યા
  - નિષધા
  - પથારી
  - આક્રોશ
  - વધ
  - યાચના
  - અલાભ
  - રોગ
  - તૃણસ્પર્શ
  - મલ પરિષહ
  - સત્કાર પરિષહ
  - પ્રજ્ઞા
  - અજ્ઞાન
  - સમ્યક્ત્વ

૯

# ૯. કર્મ

આપણે જોયું કે પ્રાચીન જૈન દાર્શનિકોએ સ્વાનુભવ, નિરીક્ષણ, પ્રયોગ, તર્ક, ચિંતન અને વિશ્લેષણની પદ્ધતિ અખત્યાર કરી પોતાના સિદ્ધાંતોની સ્થાપના કરી છે. આજે એ પદ્ધતિ 'વૈજ્ઞાનિક પદ્ધતિ' તરીકે ઓળખાય છે. આધુનિક યુગમાં વૈજ્ઞાનિક પદ્ધતિ વિકસાવવા માટેનો યશ ૧૭મી સદીના ફ્રેંચ ફિલસૂફ રેને ડેકાર્ટને ફાળે જાય છે. "જે સ્વયં-સિદ્ધ નથી તે પર શંકા કરો, અને દરેક જટિલ કે વિસ્તૃત સમસ્યાનું તેના સરળમાં સરળ ઘટકોમાં વિશ્લેષણ કરો." આ હતી રેને ડેકાર્ટની ભાવિ વૈજ્ઞાનિકોને સલાહ.

રેનેની આ પદ્ધતિનો ઉપયોગ તો જૈન દાર્શનિકો સદીઓ પૂર્વે કરી ચૂક્યા છે. "ઈશ્વરનું અસ્તિત્વ અને ઈશ્વર સૃષ્ટિના સર્જનહાર" આ બંને બાબતે શંકા વ્યક્ત કરીને તેઓ ચિંતનમાં ઊંડા ઉતર્યા અને ત્યાર પછી જ જૈન દાર્શનિકોએ આ બંને માન્યતાનો અસ્વીકાર કર્યો. તે જ પ્રમાણે દુઃખ અને શોકની જટિલ સમસ્યાને ઉકેલવા તેનું સરળ ઘટકોમાં પૃથક્કરણ કરી દરેક ઘટકનું તાર્કિક વિશ્લેષણ કર્યું. એ પદ્ધતિ તેમને જીવ અને જીવની અશુદ્ધિના વિચાર તરફ દોરી ગઈ. જીવની અશુદ્ધિ અને જીવની મુક્તિ પાછળ કામ કરી રહેલા તંત્રને શોધી કાઢવા માટે પણ તેમણે આ આવિષ્કાર પદ્ધતિને જ કામે લગાડી. જીવની અશુદ્ધિનાં કારણોનું ચોકસાઈપૂર્વક વિશ્લેષણ કર્યા વગર તેની શુદ્ધિ માટે યોગ્ય માર્ગનું આલેખન કરી શકાય નહિ.

હવે એક વાત તદ્દન સ્પષ્ટ થઈ ગઈ. જૈન દાર્શનિકોએ શુદ્ધ જીવ અને અશુદ્ધ જીવની જટિલ સમસ્યાને સમજાવવા માટે સૌ પ્રથમ એ સમસ્યાનું પૃથક્કરણ કરી પ્રશ્નોનો એક સેટ તૈયાર કર્યો : જીવ શું છે? જીવના મૂળભૂત ગુણો કયા? જીવ અશુદ્ધ થાય પછી શું બને છે? જીવની અશુદ્ધિનાં કારણો કયાં? જીવને અશુદ્ધ કોણ કરે છે? જીવને અશુદ્ધ કરનાર તત્ત્વોનું સ્વરૂપ શું ? અશુદ્ધિની સમગ્ર પ્રક્રિયાને અટકાવી શકાય કે તેના કાળક્રમને ઉલટાવી શકાય ? જીવની સંપૂર્ણ શુદ્ધિ શક્ય છે? તે શક્ય હોય તો કેવી રીતે?

રોજબરોજના સામાન્ય અનુભવો પરથી તેમણે નિર્ણય તારવ્યા કે જીવંત વ્યક્તિની અંદર જીવ રહેલો છે. એ જીવ જ અવલોકે છે, અનુભવે છે અને જાણે છે. તે પરથી તેઓ બીજા એક નિર્ણય પર આવ્યા કે જીવંત વ્યક્તિ એટલે સચેતન જીવ (જેનામાં જાણવાનું સામર્થ્ય છે) અને અચેતન પુદ્ગલ (જે કાંઈ

જાણી શકતું નથી) - એ બંનેના ગતિશીલ સંયોગનું પરિણામ. જીવ તો મૂળભૂત રીતે સર્વજ્ઞ છે, તે છતાં પૂર્ણ સત્યનું દર્શન કરવા માટે આપણે એટલે કે મનુષ્યો અસમર્થ છીએ (એ વાત આપણે પ્રક.૭માં જોઈ) તો પછી પહેલો પ્રશ્ન એ ઊઠે છે કે પૂર્ણ દર્શન અને પૂર્ણ જ્ઞાન માટે સામર્થ્ય જો કેવળ જીવ પાસે જ છે તો તેમાં અવરોધ કોણ ઊભો કરે છે? શું પુદ્‌ગલ તેમાં અવરોધ ઊભો કરે છે ? કહેવાનું તાત્પર્ય એ કે પૂર્ણ દર્શનમાં જીવને પુદ્‌ગલ બાધારૂપ કે નડતરરૂપ છે. જો ખરેખર આ વાત સાચી હોય તો હવે બીજો એક પ્રશ્ન ઊઠે છે કે જીવના મૂળભૂત ગુણોને અવરોધવાના કામમાં પુદ્‌ગલ સફળ કેવી રીતે થાય છે?

જૈન દાર્શનિકો નિર્ણયાત્મકતાથી કહે છે કે પુદ્‌ગલના સૂક્ષ્મ પરમાણુઓ આ સમસ્યામાં કારણભૂત છે. એ સૂક્ષ્મ પરમાણુઓ એકસરખાં◆ હોવા છતાં કોઈક રીતે જીવને વળગે* છે. મૃત્યુ સમયે જીવ આ સૂક્ષ્મ પરમાણુઓની સાથે શરીરનો ત્યાગ કરે છે. અને પાછળ કેવળ સ્થૂળ દ્રવ્ય (શરીર) રહે છે. સત્યના આવિષ્કાર પછી જૈન દાર્શનિકોએ આ તાર્કિક નિર્ણયો તારવ્યા હતા.

પૃથક્કરણ પદ્ધતી દ્વારા જટીલ વિસ્તૃત સમસ્યાનું સરળ ઘટકોમાં પૃથક્કરણ કરીને સૌ પ્રથમ સરળ ઘટકોનું સમાધાન આપવાની વૈજ્ઞાનિક પદ્ધતી દ્વારા જૈન દાર્શનિકો સમસ્યાના વિશ્લેષણમાં વિશેષ ઊંડા ઊતરતા ગયા. વાસ્તવમાં આ પરમાણુઓ શું છે? આત્માનાં બંધનનું કારણ શું? તમામ પુદ્‌ગલ પરમાણુંનાં મૂળભૂત લક્ષણો તો એકસરખાં છે. તો પછી બંધનકર્તા પરમાણુઓ પણ એકસરખા જ હોવા જોઈએ. અને જો એમ જ હોય તો પછી એકસરખા પરમાણુઓથી બદ્ધ આત્મા જુદા જુદા દેહમાં કેવી રીતે જન્મ લે છે? અર્થાત્ અલગ અલગ વ્યક્તિમાં બંધનનાં અલગ અલગ પરિણામો શા માટે જોવાં મળે છે? દુઃખ અને શોકનો અનુભવ આપણને શા માટે અને કેવી રીતે થાય છે?

**આત્માને દુઃખ અને શોક તેનાં પોતાનાં કર્મો દ્વારા જ આવે છે. માટે જીવ પોતે જ તેને માટે જવાબદાર હોવો જોઈએ. કાર્યકારણના સરળ નિયમના ફળ સ્વરૂપે મનુષ્યમાં દુઃખ અને સુખ જોવા મળે છે.**

વર્ષો સુધી કરેલા અધ્યયન, ચિંતન અને ચર્ચા પછી જૈન દાર્શનિકો એ નિર્ણય પર આવ્યા કે 'કોઈક કારણસર આત્મા પોતે જ તેના બંધન માટે જવાબદાર હોવો જોઈએ.' કાર્યકારણના સરળ નિયમના ફળ સ્વરૂપે મનુષ્યમાં દુઃખ અને સુખ જોવા મળે છે. કોઈ પણ કાર્ય કારણ વિના સંભવે નહિ. માટે દુઃખ અને સુખ પણ બદ્ધ જીવે કરેલાં કૃત્યોનું જ પરિણામ હોવું જોઈએ. જીવને દુઃખ અને શોક તેનાં પોતાનાં

◆ એકસરખાં હોવા છતાં, પરમાણુના જુદા જુદા વિભાગ (વર્ગણા) કરવામાં આવે છે. દા. ત. ઔદારિક-વર્ગણા (સ્થૂલ-શરીર નિર્માણ કરતાં), મનો-વર્ગણા (મનનું નિર્માણ કરતાં), કર્મ-વર્ગણા (કર્મ બાંધતા) વગેરે.

* પુદ્‌ગલના રજકણો આત્માને "વળગે છે" અથવા તો "ચોંટે" છે એવા શબ્દ પ્રયોગો માત્ર આત્માના બંધનની ક્રિયા સમજાવવા માટે જ છે. આત્માને આકાર ન હોવાથી રજકણો તેને ચોંટી શકે નહી. ધર્મગ્રંથોમાં તેનું વર્ણન વિવિધ પ્રકારે આપ્યું છે.(૧) માટી જેમ પાણીને અશુદ્ધ કરે તેમ આત્મા પુદ્‌ગલના પરમાણુથી અશુદ્ધ થાય. (૨) વાદળ સૂરજના પ્રકાશને અને ધૂળ હીરાના તેજને ઢાંકે છે તેમ પુદ્‌ગલ આત્માનું તેજ ઓછું કરે છે. આ પુસ્તકમાં અમે "વળગવું", "ચોંટવું" એવા શબ્દ પ્રયોગો કર્યા છે.

કર્મો દ્વારા જ આવે છે. માટે જીવ પોતે જ તેને માટે જવાબદાર હોવો જોઈએ. આ વાત સ્વીકારવાનું ક્યારેક અત્યંત કઠોર અને મુશ્કેલ લાગે તે સ્વાભાવિક છે. દા. ત. કોઈ વ્યક્તિને કેન્સરની ગંભીર બીમારી છે આ દુખદ ઘટના તે વ્યક્તિનાં પૂર્વજન્મ કે આ જન્મનાં કોઈ દુષ્કર્મોનો સંકેત કરે છે એવું અનુમાન કર્મસિદ્ધાંત દ્વારા નીકળે. આ વાત ગમે તેટલી કઠોર લાગે પણ આ જ છે કુદરતનો કાર્યકારણનો નિયમ. બીજું કોઈ જ તર્કબદ્ધ સમાધાન શક્ય નથી. પરમાણુઓ એકસરખા હોવા છતાં દુ:ખ, પ્રેમ, આનંદ આ વિવિધ પરિણામો પણ જુદાં જુદાં કર્મો જ ઉત્પન્ન કરે છે. તેથી પરિણામોનો ભેદભાવ બંધનના તંત્રમાં જ ક્યાંક રહ્યો હોવો જોઈએ એ અનુમાન વાજબી ઠરે છે.

## જીવનમૃત્યુની ઘટમાળ (સંસાર) :

પુદ્ગલના પરમાણુઓ સાથે જીવનું બંધન અનાદિ છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જીવ અનાદિ કાળથી અશુદ્ધ છે. (આ જૈન માન્યતાનું ખ્રિસ્તી વિચાર - 'આપણે જન્મથી પાપી છીએ' સાથે સામ્ય જણાય છે.) તમામ બંધનોનો ક્ષય કરી પોતાને મુક્ત કરવાની પ્રેરણાથી માનવ ઉદ્દેશપૂર્ણ કર્મો ન કરે તો શક્ય છે કે જીવ અનંત કાળ સુધી જુદા જુદા દેહે સંસારમાં (જન્મમૃત્યુની ઘટમાળમાં) ફર્યા કરે. આપણું જીવન ઈચ્છાઓ અને વાસના (કષાય)થી ભરેલું છે. વાસના અને પ્રવૃત્તિના પ્રભાવ હેઠળ (કાયિક, વાચિક અને માનસિક સ્પંદનો) જીવ કાર્મિક પરમાણુઓને પોતા તરફ આકર્ષે છે અને તેની સાથે બંધાવા માટે વિશેષ પરમાણુઓને પ્રવૃત્ત કરે છે. આમ બંધન આપણાં કર્મોમાંથી જ પરિણમે છે. તેથી આ બંધનકર્તા પરમાણુઓને 'કાર્મિક પરમાણુ' પણ કહે છે.

કર્મોનું બંધન વધતું જાય તેમ તેમ જીવ જન્મમરણની ઘટમાળમાં વધુ ને વધુ ફસાતો જાય છે. બદ્ધ જીવને કેવળ આ પૃથ્વી પર જ નહિ પરંતુ અખંડ વિશ્વમાં કોઈ પણ જગ્યાએ પુનર્જન્મ મળી શકે છે. બદ્ધ જીવની નિયતિ નીચે દર્શાવેલ કોઈપણ ગતિમાં થઈ શકે છે.

**૧. <u>દેવ ગતિ:</u>** બદ્ધ જીવો તેમનાં પૂર્વકર્મોનાં (પુણ્ય) શુભ ફળ અનુસાર દેવ ગતિ પામી સ્વર્ગમાં જન્મીને દુ:ખમુક્ત અને આનંદમય જીવન જીવે છે.

**૨. <u>મનુષ્ય ગતિ:</u>** આ પૃથ્વી પર અથવા તેના જેવાં બીજા ગ્રહો પર મનુષ્યરૂપે જન્મ લઇને બદ્ધ જીવોને પોતાનાં કર્મબંધનોનો ક્ષય કરી મુક્તિ તરફ ઉન્નતિ કરવાની તક મળે છે.

**૩. <u>નરક ગતિ (નારકી):</u>** આ જીવોનું વેદનીય કર્મો સાથે બંધન ખૂબ દૃઢ હોય છે, તેથી તેઓ નરકમાં દુષ્ટ કર્મોનું અશુભ ફળ ભોગવે છે.

**૪. <u>પ્રાણી/વનસ્પતિ ગતિ (તિર્યંચ):</u>** પૃથ્વી અથવા બીજા ગ્રહો પર બદ્ધ જીવ તિર્યંચ ગતિમાં નિષ્ક્રિયપણે તેનાં પૂર્વકર્મોનાં સારાં કે માઠાં ફળ ભોગવે છે. મોક્ષના વિચારને જાણી કે સમજી શકતાં નથી. તેથી મનુષ્યની જેમ તેઓ જીવની મુક્તિ માટે પ્રવૃત્ત થઈ શકતા નથી.

દુઃખો અને વિચારશક્તિના વિશિષ્ટ ગુણને કારણે કેવળ મનુષ્યગતિમાં જ જીવ સમ્યક્દષ્ટિ પામી શકે છે, લક્ષ્યથી વાકેફ થઈ શકે છે, ઈચ્છાના ઉપશમ માટે ઉદ્દેશપૂર્ણ કર્મો કરી શકે છે, બંધનને કાપી શકે છે અને બંદીવાન જીવને મુક્ત કરી શકે છે. પ્રાણી અને વનસ્પતિ તેમનાં કર્મોનાં ફળ ભોગવે છે પણ કેદમાંથી બહાર નીકળવાના માર્ગને સમજી શકવા કે મોક્ષના માર્ગે ચાલવા તેઓ સમર્થ નથી. તેથી બદ્ધ જીવો એ ગતિમાં મોક્ષ પ્રાપ્ત કરી શકતા નથી* પૂર્વકર્મોનાં ફળ શાંતિથી ભોગવી લેવાં - બસ એટલું જ તેઓ કરી શકે છે. જોકે, ફળ ભોગવી લીધા પછી કર્મો ખરી પડે છે. તેથી તેમનાં કર્મબંધનનો ભાર હળવો થઈ જાય છે. અને પછી ભાવિ જીવનચક્રમાં મનુષ્ય દેહે તેઓ જન્મ લઈ શકે છે. દેવો સુખી છે, તેમને મોક્ષ મેળવવાની કોઈ ફિકર કે ચિંતા નથી અને મોક્ષ મેળવવા માટે તેઓ તપ પણ કરતા નથી. બીજી બાજુ નારકીઓને માટે દુઃખ અને યાતના ભોગવી લેવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. કર્મચક્રની શીઘ્રગતિનો તેમને અનુભવ થાય છે. કર્મો ભોગવી લીધા પછી કર્મના હળવા બોજ સાથે તેઓ અન્ય જગ્યાએ પુનર્જન્મ લેવા માટે યોગ્ય બને છે.

## બંધનનું તંત્ર (બંધ) :

લોકાકાશમાં સર્વત્ર પુદ્ગલના પરમાણુઓ સ્વતંત્રપણે વ્યાપ્ત છે. જૈન દાર્શનિકોએ આ પરમાણુઓને જુદા જુદા આઠ વિભાગમાં વિભાજિત કર્યા છે. એમાંના એક વિભાગને 'કાર્મણ વર્ગ' કહે છે કારણકે એ પરમાણુઓ કાર્મિક બંધનની કામગિરીમાં જોડાયેલા છે. આપણાં કર્મોનું નિયમન આપણાં શરીરમાં જ વસતા બદ્ધ જીવો કરે છે. એ શુભાશુભ કર્મો કાયિક, માનસિક કે વાચિક હોઈ શકે. અશુદ્ધ જીવમાં ભળેલા એ પરમાણુ સ્પંદનો ઉત્પન્ન કરે છે જેથી વિશેષ કાર્મિક પરમાણુઓને જીવ તરફ આકર્ષે છે. આમ, મન, વચન, શરીરના યોગથી જે કાંઈ શુભાશુભ કર્મ થાય તે તે કર્મને અનુસાર 'કાર્મણ વર્ગ' ના પરમાણુઓ તેના જીવ તરફ ખેંચાય છે. આ આકર્ષાયેલા કાર્મિક પરમાણુઓ એકસરખા છે પણ તે ભિન્ન ભિન્ન ફળ આપે છે કારણકે કર્મફળની ભિન્નતા સ્પંદન અને આસક્તિનાં સ્વરૂપ પર આધાર રાખે છે. કહેવાનું તાત્પર્ય એટલું કે પ્રવૃત્તિનાં સ્પંદનો કાર્મિક પરમાણુઓને જીવ તરફ આકર્ષે તો છે પરંતુ વ્યક્તિના પ્રવૃત્તિમાં આસક્તિ સાથે જોડાયેલી ન હોય તો તેના ફળસ્વરૂપ કર્મનું બંધન માત્ર ક્ષણિક હોય છે. એનો અર્થ એ કે જેટલી તીવ્ર વાસના (આસક્તિ) તેટલું પ્રબળ કર્મનું બંધન અને જેટલી કર્મબંધનની પ્રબળતા તેટલું આત્મશુદ્ધિનું કામ મુશ્કેલ!

બંધનની પ્રક્રિયા ખરેખર અત્યંત રસપ્રદ છે. જીવને વળગેલા કાર્મિક પરમાણુઓ તેને કર્મ કે પ્રવૃત્તિ કરવા માટે ઉત્તેજિત કરે છે તો સામે આ પ્રવૃત્તિ સ્પંદનો ઉત્પન્ન કરે છે. સ્પંદનો બે પ્રકારનાં છે. તટસ્થ કે નિર્મમભાવે બજાવેલી પ્રવૃત્તિમાંથી ઉત્પન્ન થતાં સ્પંદનો મંદ હોય છે અને તેથી એકદમ નિર્બળ બંધન

* શાસ્ત્રોમાં પશુને પણ મોક્ષ મળ્યાની કેટલીક વાર્તાઓ આવે છે. આવી વાર્તાઓનો ભાવાર્થ એ છે કે પૂર્વભવમાં ઘણાંખરાં કર્મોનો ક્ષય કરવાં છતાં બાકી રહેલ કર્મોના પ્રભાવને કારણે તે જીવને પશુના દેહમાં જન્મ લેવો પડ્યો. પણ તેના કર્મોનો સ્વાભાવિક રીતે ક્ષય થતાંજ તેનો જીવ મોક્ષ પામી ગયો. આવી વાર્તાઓનો અર્થ પણ "પશુમાંથી માનવજન્મ પામી મોક્ષે જાય છે" એમ કરવામાં આવે છે.

ઉપજે છે. તે કર્મોને દ્રવ્ય કર્મ કહે છે. જોકે, આગળ જતાં આ બંધનમાંથી વધારે સ્પંદનો ઊઠે ખરાં! જો અને જ્યારે પ્રવૃત્તિમાં આસક્તિ, લાગણી કે આશય (ભાવપ્રેરિત) ભળે તો મિશ્ર સ્પંદનો ઉત્પન્ન થાય છે. આ મિશ્ર સ્પંદનોમાંથી જે બંધન ઉપજે તેને 'ભાવકર્મ' કહે છે (જે આશય પ્રેરિત કર્મ હોય છે). તે પ્રબળ હોય છે અને તેનો ક્ષય કરવો મુશ્કેલ હોય છે.

અહી એક રસપ્રદ મુદ્દાની નોંધ લઈએ. પહેલેથી બદ્ધ પરમાણુઓ જીવને પ્રવૃત્તિ માટે ઉત્તેજિત કરે છે. આમ, પ્રવૃત્તિથી વધારે નવા પરમાણુઓ આકર્ષાય છે. તો સામે આ નવા પરમાણુઓ વધારે સ્પંદનો ઉત્પન્ન કરે છે. અને એથીયે વધારે પરમાણુઓને આકર્ષે છે. અને આ રીતે ચક્ર ચાલતું રહે છે. પણ સદ્‌ભાગ્યે પ્રવૃત્તિમાં આશય અને આસક્તિ ન ભળે તો નવા આકર્ષાયેલા પરમાણુઓ નિર્બળ બંધનનું નિર્માણ કરે છે, જે મોટેભાગે તરત જ તૂટી જાય છે. અને આમ જીવની વધારે અશુદ્ધિ થતી રોકે છે. તેથી કહેવાનું તાત્પર્ય એ છે કે આપણું કોઈ પણ કૃત્ય (દા.ત. હત્યા) જો આસક્તિ પ્રેરિત હોય તો જીવને હાનિકારક છે. પણ એ જ કૃત્ય આશય પ્રેરિત ન હોય (અજાણતાં થઈ ગયું હોય) તો તે જીવને ઓછું નુકસાન પહોંચાડે છે.

આમ, દ્રવ્યકર્મ અને તેને સમાંતર ભાવકર્મ એકબીજા સાથે કાર્યકારણના સંબંધથી સંકળાયેલાં છે. મનુષ્યદેહમાં જીવ સજાગપણે અને આશયપૂર્વક પોતાને આ ચક્રની ચુંગાલમાંથી ઉગારે નહિ ત્યાં સુધી ભાવકર્મથી દ્રવ્યકર્મ અને દ્રવ્યકર્મથી ભાવકર્મ ઉત્પન્ન થવાની પરંપરા ચાલુ રહે છે. દ્રવ્યકર્મ અને ભાવકર્મ એકબીજાને સામગ્રી પૂરી પાડે છે. અને આ રીતે ચક્ર ચાલુ રહે છે.

## કર્મના પ્રકાર :

ભાવકર્મોને મુખ્ય બે વિભાગમાં (ઘાતી અને અઘાતી) અને આઠ વર્ગોમાં (જેનાં ૯૩ પેટાવર્ગ છે.) વિભાજિત કરાય છે પરમાણુઓનું આકર્ષણ (આશ્રવ) અને બંધન (બંધ) એ બંનેનું મૂળ પ્રવૃત્તિમાં રહેલું છે. તેથી કર્મોનું વર્ગીકરણ કર્મપ્રવૃત્તિમાં જોડાણના આધારે કરવામાં આવ્યું છે.

## કર્મના મુખ્ય આઠ વર્ગો :

આ આઠ વર્ગોના પણ બીજા બે પેટા વિભાગ પાડયા છે. નિમ્ન સૂચિનાં પહેલાં ચાર કર્મો (ક્રમાંક ૧,૨,૩ અને ૪) જીવને ઘાતક કે નુકસાનકારક છે કારણ તે જીવની મુક્તિમાં બાધા લાવે છે. તેથી તેમને વિનાશક કે ઘાતી કર્મ કહે છે. તે જીવનો વિશિષ્ટ પ્રકારે ઘાત કરે છે. અર્થાત્ જીવને તેનું પૂર્ણ સામર્થ્ય પ્રાપ્ત કરવામાં નડતર કે બાધારૂપ થાય છે. જીવ સંસારમાં સતત ભટક્યા કરે છે. તે માટે મુખ્યત્વે આ ઘાતી કર્મો જ જવાબદાર છે. તેથી ઘાતી કર્મોનો સમૂળો નાશ થાય તો જીવ પૂર્ણ જ્ઞાન, દર્શન અને આનંદને પ્રાપ્ત કરી મોક્ષ અવશ્ય પ્રાપ્ત કરી શકે.

મોક્ષની પ્રક્રિયામાં સૂચિના છેલ્લા ચાર પ્રકારનાં કર્મો (ક્રમાંક ૫, ૬, ૭ અને ૮)નાં ખાસ કોઈ આનુષંગિક પરિણામો નથી. તેથી તેમને અવિનાશક કે અઘાતી કર્મ કહે છે. અહીં એક મુદ્દો ખાસ યાદ રાખીએ કે કર્મોનું ઘાતી કે અઘાતી માં વિભાગીકરણ કર્મની મોક્ષમાં બાધારૂપ થવાની ક્ષમતા પર કેવળ આધારિત છે. અઘાતી કર્મોને કારણે આપણને સંસારમાં ઘણી રીતે દુઃખ ભોગવવું પડે છે. તે છતાં તે કર્મો જીવના મૂળભૂત ગુણો પર કોઈ માઠી અસર કરતાં નથી તેથી ઘાતક ગણાતાં નથી.

## કર્મના મુખ્ય આઠ વર્ગો

**કર્મ**

**ઘાતી કમ**
(હાનિકારક કર્મ)
ચાર પેટા વિભાગ નીચે પ્રમાણે

- **જ્ઞાનાવરણીય કર્મ**
  (જ્ઞાનમાં બાધારૂપ કર્મ)
  ૫ પેટા વિભાગ
- **દર્શનાવરણીય કર્મ**
  (દર્શનમાં બાધારૂપ કર્મ)
  ૯ પેટા વિભાગ
- **અંતરાય કર્મ**
  (શક્તિમાં બાધારૂપ કર્મ)
  ૫ પેટા વિભાગ
- **મોહનીય કર્મ**
  (મોહમાં ઉતારનાર કર્મ)
  ૨૮ પેટા વિભાગ

**અઘાતી કર્મ**
(અહાનિકારક કર્મ)
ચાર પેટા વિભાગ નીચે પ્રમાણે

- **વેદનીય કર્મ**
  (સુખ/ દુઃખ દેનાર કર્મ)
  ૨ પેટા વિભાગ
- **આયુષ કર્મ**
  (જીવન રેખા નિર્ધારક કર્મ)
  ૪ પેટા વિભાગ
- **નામ કર્મ**
  (શરીર રચના નિર્ધારક કર્મ)
  ૯૩ પેટા વિભાગ
- **ગોત્ર કર્મ**
  (પદ નિર્ધારક કર્મ)
  ૨ પેટા વિભાગ

## ઘાતી કર્મો

**૧. જ્ઞાનમાં બાધારૂપ કર્મ (જ્ઞાનાવરણીય):** જે કર્મ જીવના પૂર્ણ જ્ઞાનને પ્રગટ કરવામાં આવરણ કરે તે જ્ઞાનાવરણીય કર્મ. શિક્ષણ કે જ્ઞાનની ઉપેક્ષા કે હાંસી કરવી, વિદ્વાનોનો તિરસ્કાર, વિદ્વાનોનું અપમાન કરવું, તેમને ત્રાસ આપવો, આળસુની જેમ બેસી રહેવું, વિદ્વત્ જ્ઞાનની પ્રવૃત્તિમાં બીજાને બાધારૂપ થવું, ખોટી માહિતી ફેલાવવી વગેરે કર્મોનો સમાવેશ આ વિભાગમાં થાય છે. આવાં કર્મો જીવના જ્ઞાનને, ગ્રહણશક્તિને અને વસ્તુને સમજવાની ક્ષમતાને નડતરરૂપ થઈ જીવના મૂળ પૂર્ણ જ્ઞાનના ગુણને ઢાંકી દે છે. જ્ઞાનાવરણીય કર્મોના પાંચ પેટા વર્ગ છે.

**૨. દર્શનમાં બાધારૂપ કર્મો (દર્શનાવરણીય):** ઈન્દ્રિય અને મન દ્વારા કોઈ પણ વસ્તુના સામાન્ય જ્ઞાનને દર્શન કહે છે. એ દર્શનમાં જે કર્મો બાધારૂપ થાય તેને દર્શનાવરણીય કર્મ કહે છે. ઉપર દર્શાવેલ તમામ કર્મો જો દર્શનમાં નડતરરૂપ થાય તો જીવ દર્શનાવરણીય કર્મોથી બંધાયેલો છે એમ કહેવાય. દર્શનાવરણીય વિભાગના નવ પેટા વર્ગ છે.

**૩. શક્તિસામર્થ્યમાં બાધારૂપ કર્મ (અંતરાય):** આ કર્મો જીવની અનંત શક્તિમાં બાધારૂપ બને છે. સંપત્તિ, સત્તા અને આધ્યાત્મિક પ્રવૃત્તિ કરવાની અને ભોગવવાની આપણી ક્ષમતામાં નડતરરૂપ થાય છે. સામાજિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિ જેમકે, દાન, જરૂરતમંદોની સેવા અને સહાય, અન્યને સુખસગવડ આપવી વગેરે કાર્યોમાં બાધા લાવવાથી અંતરાય કર્મો બંધાય છે.

આ પ્રકારનાં કર્મોથી બદ્ધ જીવો જીવન કે જીવનસામગ્રીનો આનંદ કે ઉપભોગ લઈ શકતા નથી. તેમનામાં પુરુષાર્થ કરવાની ક્ષમતા હોતી નથી. સમય, શક્તિ અને નાણાંનો ઉદાર હાથે ઉપયોગ કરી તેઓ સમાજમાં કાંઈ પ્રદાન કરી શકતા નથી. તેથી આવા લોકો પોતાના સમાજ અને સંઘમાં આદર, સન્માન અને સ્વીકારથી વંચિત રહે છે.

**૪. મોહ નિર્માતા કર્મો (મોહનીય):** આ કર્મોના બે મુખ્ય વિભાગ અને ૨૮ પેટા વર્ગ છે :

***(અ). દર્શન મોહનીય:*** સમ્યક્દર્શનમાં મોહ કે ભ્રમ ઉત્પન્ન કરનાર કર્મોને દર્શનમોહનીય કર્મો કહે છે. પરમ સત્ય વિશે ખોટા ખ્યાલો, ખોટી માન્યતાઓ કે અવળો પ્રચાર કરવો, ખોટાં મૂલ્યોનું પ્રતિપાદન કરવું, વૈવિધ્ય અને અનેકતાનો અનાદર કરવો, આધ્યાત્મિક કલ્યાણની ઉપેક્ષા કરવી વગેરે કર્મો આ વિભાગમાં આવે છે. દર્શન મોહનીય કર્મોથી પ્રભાવિત વ્યક્તિ મૂઢ સંદેહાત્મક જીવન જીવે છે, આત્માના સ્વરૂપમાં અંતર્દષ્ટિ કરી શકતી નથી. આવી વ્યક્તિ હોય છે :

- અંતિમવાદી અને અન્યનાં દષ્ટિબિંદુને સ્વીકારવામાં અક્ષમ અને અસહિષ્ણુ
- સંશયવાદી, પ્રાપ્ત કરેલાં સત્યની યથાર્થતામાં નિષ્ઠાનો અભાવ

- અજ્ઞાની, નવા ખ્યાલો, નવા વિચારો અને સત્યને જાણવા માટે અનિચ્છુક
- ભ્રમિત, બધા આધ્યાત્મિક માર્ગો સમાન છે એ ભ્રમમાં તે રહે છે.

આવી મોહગ્રસ્ત વ્યક્તિ 'જાગૃતિ'ના ૪ થા સ્થાન (પ્રક. ૨માં ચર્ચા કરી છે) સુધી પણ પહોંચી શકતી નથી અને તેથી મોક્ષના માર્ગે શરૂઆત પણ કરી શકતી નથી.

***(બ). ચારિત્ર મોહનીય:*** કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર, છેતરપીડી વગેરે ખતરનાક વાસનાઓ ચારિત્ર મોહનીય કર્મોથી ઉપજે છે. વાસના પ્રેરિત કર્મપ્રવૃત્તિથી પ્રબળ બંધન ઉત્પન્ન થાય છે. અને આવી વ્યક્તિનો જીવ બંધનમાં વધુ ને વધુ ઊંડો ખૂંપતો જાય છે.

ઉપર વર્ણવેલ ચાર પ્રકારનાં કર્મો જીવના મૂળભૂત ગુણોને પ્રગટ કરવામાં બાધા અને આવરણ કરે છે. એ ગુણોને વિરૂપ અને દૂષિત કરે છે. આચ્છાદન અને અવરોધ કરે છે. જીવના મોક્ષ-પ્રગતીમાં વિઘ્નકર્તા છે તેથી તેને 'ઘાતી' નામ આપવામાં આવ્યું છે. હવે પછીનાં ચાર પ્રકારનાં કર્મો કેવળ વ્યક્તિના જીવનની ગુણવત્તાને અસર પહોંચાડે છે. પોતાને મુક્ત કરવાની જીવની ક્ષમતામાં આ કર્મો વિઘ્નરૂપ થતાં નથી. તેથી તેમને 'અઘાતી' કર્મ એવું નામ આપ્યું છે. ચાર અઘાતી કર્મ આ પ્રમાણે છેઃ

## *અઘાતી કર્મો*

**<u>૫. સુખદાયક - દુ:ખદાયક કર્મ (વેદનીય):</u>** તદ્દન સીધું અને સરળ! પ્રવૃત્તિ કાર્મિક બંધન પેદા કરે છે. પ્રેમ, કરુણા, ક્ષમા, સહાય, સેવા, દાન જેવી પ્રવૃત્તિઓ અન્ય જીવોને સુખશાંતિ આપે છે, માટે તેને સુખદાયક કર્મો (સાતા વેદનીય કર્મો) કહે છે.

બીજી બાજુ પરોક્ષ કે પ્રત્યક્ષરૂપે મન, કાયા અને વચને કોઈ પણ જીવને હાનિ, દુઃખ, શોક વગેરે પહોંચાડીયે તો તેનાથી દુઃખદાયક કર્મો (અસાતા વેદનીય કર્મો) બંધાય છે. આવાં કર્મોનો આપણા પર પ્રભાવ બહુ સ્પષ્ટ હોય છે. કદાચ આ જન્મે નહિ તો પછીના જન્મમાં પણ આપણે તેવાં વેદનીય ફળોથીજ બદલો ચૂકવવો પડે છે. વેદનીય કર્મો જીવના મોક્ષ-પ્રગતીમાં વિઘ્નકર્તા નથી. તેથી તેમની ગણના ઘાતી કર્મમાં કરવામાં આવી નથી.

**<u>૬. જીવનરેખા નિર્ધારિત (આયુષ્ય) કર્મ:</u>** આ કર્મોની અસરથી આપણો પુનર્જન્મ કઇ ગતિમાં (દેવ, મનુષ્ય, પ્રાણી/વનસ્પતિ કે નારકી), થશે, તે જીવનમાં આયુષ્યરેખા કેટલી હશે અને તેને સમાંતર જીવના મોક્ષ માટે કામ કરવાની તક વગેરે નક્કી થાય છે. દા.ત. જેની જીવનશૈલી હિંસા, નિર્દયતા, અપ્રમાણિકપણે મેળવેલી સંપતિ કે અન્ય ક્રૂર શૈલીથી ભરપૂર છે તેના બંધનો આવાં કર્મોને કારણે તીવ્ર હોય છે. તેના ફળ સ્વરૂપ તેનો નારકી ગતિમાં પુનર્જન્મ થાય છે અને તેને મોક્ષ માટેની તક અલ્પ હોય

છે. જીવ તે ભવમાં અનંત કાળ સુધી પણ રહી શકે છે. કર્મબંધનની તીવ્રતાથી કયા દેહમાં અને કેટલો લાંબો સમય આત્મા રહેશે તે પરથી પુનર્જન્મ માટે આયુષ્યરેખા નક્કી થાય છે. મનુષ્ય અને પ્રાણીમાં આપણે અહિંસાનો સમભાવ રાખીએ પણ નાનાં નાનાં જીવજંતુઓ અને કીટાણુઓ તથા વનસ્પતિ વગેરેનો નિષ્કારણ અને સ્વચ્છંદીપણે નાશ કરીએ તો જેનો નાશ કર્યો હોય તેવા દેહમાં જન્મ મળે છે અને તેના જેવું જ દુર્ભાગ્ય ભોગવવું પડે છે. આયુષ્યકર્મની ખાસ વિશિષ્ટતા એ છે કે તેનું બંધન આપણા આગલા જન્મને નિમંત્રણ આપનાર તમામ તત્ત્વોને નક્કી કરે છે. (દા.ત.આગલી આયુષ્યરેખા થોડી ક્ષણો જ હોય તો કીટાણુ તરીકે જન્મ મળે, થોડાં વર્ષો માટે હોય તો અમુક પ્રાણીનો દેહ મળે અને જો ૭૦ થી ૧૦૦ વર્ષ સુધીની આયુષ્યરેખા હોય તો મનુષ્ય કે વૃક્ષ તરીકે જન્મ મળે.)

ત્રણ 'અ'નું (અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદ) પાલન કરીને સમભાવપૂર્વક અને સાદગીપૂર્ણ જીવન જીવીએ તો મોક્ષના માર્ગે આગળ ઉન્નતિ કરવા માટે ચોક્કસ મનુષ્ય જન્મ મળે. ત્રણ 'અ'નું ચોકસાઈપૂર્વક પાલન કરીએ, મુક્તિ માટે એકરાગથી પુરુષાર્થ કરીએ અને અઘાતી પુણ્ય કર્મોનો વિશેષ સંચય કરીએ તો આપણા આ સાંસારિક કર્મોનાં ફળ સ્વરૂપે દેવ કોટિમાં જન્મ લઈ સુખનો ઉપભોગ કરી શકીએ. અથવા તો આધ્યાત્મિક ઉન્નતિના આખરી મુકામે પહોંચવા ફરી મનુષ્યરૂપે પણ જન્મ મળે! અમુક તબક્કે આ કર્મો ઈચ્છિત ફળ પ્રાપ્ત કરે પછી જીવમાંથી તે કર્મનું બંધન ખરી પડે છે અને તે પછી બીજા દેહમાં ફરી જન્મ લે છે.

**<u>૭. શરીરરચના નિર્ધારક કર્મ (નામકર્મ):</u>** આ કર્મો પણ જીવને નર્ક, તિર્યંચ, મનુષ્ય કે દેવ કોટિમાં જન્મ મળશે તે નક્કી કરે છે. તદુપરાંત કઈ વિશિષ્ટ જાતિમાં તેનો જન્મ થશે દા. ત. જો પ્રાણી જાતિમાં જન્મ થાય તો 'હાથી,' 'ઘોડો' વગેરે જાતિ પણ નામકર્મ નક્કી કરે છે.

**<u>૮. પદ નિર્ધારક કર્મ (ગોત્રકર્મ):</u>** જે કર્મોને કારણે જીવ ઊચ્ચ કે નીચ કુળમાં જન્મે તે 'ગોત્ર કર્મ' છે.

## સમીક્ષા :

તમામ ધાર્મિક સિદ્ધાંતો એટલે સમાજના કલ્યાણ માટે ઋષિમુનિઓની પવિત્રવાણી! એ અર્થમાં જૈનોનો કર્મસિદ્ધાંત ખૂબ જ અસરકારક અને પ્રભાવશાળી સામાજિક દસ્તાવેજ છે. કોઈ પણ જીવંત વસ્તુ તેની મૂળભૂત પ્રકૃતિ અનુસાર એક ક્ષણ પણ પ્રવૃત્તિ (કાયિક, વાચિક, માનસિક) વિના ક્યારેય રહી શકે નહિ. અને પ્રવૃત્તિ કરીએ એટલે તેના સારાંમાઠાં કે તટસ્થ ફળ તો હોવાનાં જ. આપણે મનુષ્યો સમાજમાં રહીએ છીએ. તેથી આ પરિણામોની અસર સમાજ પર પણ ચોક્કસ પડવાની જ. તેનો અર્થ એ કે મનુષ્ય સાદગીપૂર્ણ, શાંતિપૂર્ણ અને અન્ય જીવો પ્રત્યે પ્રેમ, દયા અને સમભાવભર્યું જીવન જીવે તો તેની સમાજ પર સકારાત્મક અસર પડશે. અને તેમાંથી માયાળુ અને અન્યની કાળજી રાખનાર સમાજનું નિર્માણ થશે. આવી કેટલીય વાતોને ધ્યાનમાં રાખીને ઋષિમુનિઓએ ધાર્મિક સિદ્ધાંતોનું

આલેખન કર્યું છે. જોકે, કોઈ પણ ધર્મના અનુયાયીઓ સામાજિક વ્યવહારમાં તે સિદ્ધાંતોને કેટલા અપનાવે છે તેના પર તે સિદ્ધાંતોનું સાચું મૂલ્ય રહેલું છે.

જે સંપ્રદાય કેવળ પોતાની જ માન્યતા 'એક માત્ર સત્ય છે અને બીજાના દૃષ્ટિકોણનો સ્વીકાર કે વિચાર પણ ન કરવો' એવો સંદેશ આપી પોતાના જ સિદ્ધાંતનો પ્રચાર કરવા માટે સમાજને ઉશ્કેરે છે એવો સંપ્રદાય આક્રમક, લડાયક અને યુદ્ધ અભિમુખ બને છે. વળી જે ધર્મ એવો ઉપદેશ આપે કે અન્ય જીવનો વધ કે નાશ કરવાનો (ધર્મને નામે અન્ય મનુષ્યોનો પણ) આપણને અધિકાર છે એ ધર્મ અપરોક્ષ રીતે પણ મનુષ્યમાં હિંસા, ક્રૂરતા, ઘમંડ વગેરેને ઉત્તેજન આપે છે. આને કારણે તેઓ પર્યાવરણ પર આફત લાવે છે અને અંતે આપણા પૃથ્વીના વિનાશને નોતરે છે. અન્ય જીવોની હત્યા કે હાનિ કરવાનો આપણને અધિકાર છે એ માન્યતા જ્યાં સુધી આપણે ધરાવશું ત્યાં સુધી અન્ય મનુષ્યો પર આચરવામાં આવતી નિર્ઘૃણ હિંસાનો ક્યારેય અંત નહિ આવે.

જૈનોનો કર્મસિદ્ધાંત - 'જેવું વાવો તેવું લણો' - એ કાર્યકારણના નિયમ પર ભાર મૂકે છે. તાર્કિક વિશ્લેષણ અને વૈજ્ઞાનિક પૃથક્કરણ દ્વારા રજૂ થતો આ કર્મસિદ્ધાંત આધુનિક ચિંતકને વધારે અસરકારક લાગે છે અને બૌદ્ધિક રીતે સ્વીકાર્ય બને છે. જૈનોનો કર્મસિદ્ધાંત બોધ આપે છે કે મનુષ્યનું ભાગ્ય તેના પોતાના હાથમાં જ છે. સુખનું સાચું મૂળ શોધી તેને સમજવાનો પ્રયત્ન કરવો એ તેના પોતાનાજ હાથમાં છે. મોક્ષની પગદંડી તો તીર્થંકરોએ દર્શાવી જ છે. 'મારું નશીબ', 'મારું નશીબ' એમ કહી નિષ્ક્રિય બેસી રહેવા કરતાં હવે હિંમત અને પ્રતિબદ્ધતાથી યાત્રા શરૂ કરો એમ એ આદેશે છે. બસ, એટલું જ આપણે હવે કરવાનું છે.

નીતિનિયમોના અમલ માટે કે તે નિયમોનો ભંગ કરનારને ધર્મબાહ્ય કરવા કે તેમને મૃત્યુદંડ આપવા માટે માથાભારે ધર્મગુરૂઓની પરંપરાને સ્થાપિત કરવાનું જૈનોને જરૂરી લાગ્યું નથી. આ એક જ હકીકત પરથી તેમનો સિદ્ધાંત કેટલો અસરકારક છે તે અનુમાન બાંધી શકાય. સમ્યક્ચારિત્રનું પાલન કરવાની જવાબદારી ધર્મશાસ્ત્રોએ જૈનોના પોતાના તર્ક, વિવેક બુદ્ધિ, અને મુક્ત ચિંતન પર છોડી દીધી છે. જો તેમના પોતાના અંતરાત્માને ખાતરી થાય તો તેઓ સ્વયં આ નિયમોનું પાલન કરે. જૈન તત્ત્વદર્શન જીવના સંપૂર્ણ સ્વાતંત્ર્યની હિમાયત કરે છે તેથી મોક્ષ માટે સમ્યક્ચારિત્રથી પુરુષાર્થ કરવા માનવને પૂરેપૂરી સ્વતંત્રતા આપવાનું પણ એટલું જ વાજબી ગણે છે.

## પાસ્કલનો જુગારી દાવ :

ધર્મ વિષયક તત્ત્વચિંતકોને બે વિશાળ વર્ગમાં વિભાજિત કરી શકાય. (૧) "ઈશ્વર વિશ્વનું નિયંત્રણ કરનાર કોઈક અલૌકિક શક્તિ છે." આ માન્યતા ધરાવનાર એક વર્ગ છે. (૨) "આપણું ભાગ્ય આપણા જ હાથમાં છે અને વિશ્વનું નિયંત્રણ નૈસર્ગિક તત્ત્વો દ્વારા થાય છે. તે માટે કોઈ અલૌકિક

શક્તિ કે ઈશ્વરની જરૂર નથી" આ માન્યતાનો સ્વીકાર કરનાર છે બીજો વર્ગ. જૈનદર્શન, બૌદ્ધદર્શન, માનવતાવાદ અને આધુનિક વિજ્ઞાનનો સમાવેશ બીજા વર્ગમાં થાય છે.

આ બંને જુદી જુદી છાવણી વચ્ચે સદીઓથી વિવાદ ચાલી રહ્યો છે. આ બે અલગ જૂથે દર્શાવેલ માર્ગમાંથી કયા માર્ગને પસંદ કરવો તે વિશે આધુનિક માનસને વિમાસણ ઊભી થાય છે. પહેલા વર્ગના પુરસ્કર્તાઓ પાસે ઈશ્વરના અસ્તિત્ત્વ માટે કોઈ ઠોસ પુરાવા નથી. તેથી તેઓ 'હૃદયની ભાવના' ને આગળ ધરી શ્રદ્ધાના સિદ્ધાંતનો આશ્રય લે છે. તેઓ કહે છે, "અમારો માર્ગ શ્રદ્ધા અને સંપૂર્ણ શરણાગતિનો માર્ગ છે." તેઓ તેમના અનુયાયીઓને ઉપદેશ આપે છે, "ઈશ્વરમાં શ્રદ્ધા રાખો. ઈશ્વરના ચરણે તમારું જીવન સમર્પણ કરી દો અને ઈશ્વરની છત્રછાયામાં સદાચારી જીવન જીવો તો ઈશ્વરકૃપાથી તમને સ્વર્ગમાં ચિરંતન સુખ અને દિવ્ય આનંદ અવશ્ય પ્રાપ્ત થશે." તમામ પ્રકારના તર્કબુદ્ધિનો ત્યાગ કરી ભકતોને તેઓ શ્રદ્ધાના માર્ગમાં ઝંપલાવાનું કહે છે પણ આ પ્રકારના ઉપદેશથી ભક્તોના મનમાં "આપણે પૂર્ણ શ્રદ્ધા નહિ ધરાવીએ તો સ્વર્ગ કે મુક્તિ ખોઈ બેસીશું" એવી ભયની લાગણી જન્મે છે.

બીજા વર્ગના પુરસ્કર્તાઓ પણ દાવો કરે છે કે તેમણે ચીંધેલા માર્ગે ચાલવાથી ચિરંતન સુખ અને દિવ્ય આનંદ અવશ્ય મળે છે. આધુનિક વિજ્ઞાન આપણને આ ભવમાં ભૌતિક સુખની ખાતરી આપે છે. બૌદ્ધો નિર્વાણમાં પારલૌકિક આનંદનું વચન આપે છે. જૈન તત્ત્વદર્શન ભૌતિક સુખોને નિમ્ન ગણે છે પણ આ લોકમાં આંતરિક શાંતિ અને પરલોકમાં પૂર્ણ આનંદની ખાતરી આપે છે. હવે આપણે માટે સવાલ એ છે કે, કયો દાવો સાચો? કયા માર્ગને અનુસરવું?

સંશયથી વિમાસણમાં મૂકાયેલા લોકોના મનને પ્રભાવિત કરવા માટે પહેલા વર્ગના પુરસ્કર્તાઓ 'જુગારના દાવ' ની વાત કરે છે. સંદેહ અને અનિશ્ચતતાની મનઃસ્થિતિમાં ગૂંચવાયેલા લોકોને ઝડપથી નિર્ણય લેવામાં મદદ કરવા ફ્રેંચ ફિલસૂફ બ્લેઈઝ પાસ્કલે સદીઓ પહેલાં એક સૂચન કર્યું હતું કે "બે અનિશ્ચિત પ્રસ્તાવમાંથી જ્યારે એકને જ પસંદ કરવાનો હોય ત્યારે જુગારનો દાવ ખેલી ઓછા જોખમી માર્ગને પસંદ કરવો". આને કહે છે, 'પાસ્કલનો જુગારી દાવ.' એ દાવનો આધાર લઈને પોતાની વિચારસરણી અને ધર્મનો પ્રચાર કરવા માટે પ્રથમ વર્ગના અનુયાયીઓ લોકોને આવકારે છે કે "શ્રદ્ધામાં ઝંપલાવાનો માર્ગ પસંદ ન કરવાથી 'કયામતનો દિવસ' કે અંતિમ ફેંસલો આવે ત્યારે નરકમાં જવું પડશે, માટે જોખમ શા માટે ખેડવું?" તેઓ આગળ જણાવે છે કે "માની લો કે ઈશ્વરનું અસ્તિત્ત્વ કદાચ ન પણ હોય તોય અમારો ધર્મ સ્વીકારીને ઇશ્વરમાં શ્રદ્ધા રાખી સદાચારી જીવન જીવવામાં ગુમાવવાનું શું છે? જૈનોનો માર્ગ પુનર્જન્મ અને મોક્ષની કેવળ સંભાવનાની જ વાત કરે છે. આખું જીવન જપતપ કરો તોય મોક્ષની ખાત્રી તો તેઓ તમને આપતા નથી. તેથી જૈનમાર્ગ વધારે જોખમી કહેવાય."

ઉપરછલ્લી દષ્ટિએ જોતાં તેમની દલીલ ગળે ઊતરી જાય તેવી છે. નિરામય અને સદાચારી જીવન વિરુદ્ધ જૈનોને કોઈ દલીલ કરવાની રહેતી જ નથી. અનેકાંતવાદના સિદ્ધાંત અનુસાર આ જુગારી દાવની પણ ચકાસણી કરવી જોઇએ એ વાતને જૈન દાર્શનિકો પ્રોત્સાહન આપે છે. પ્રથમ વર્ગની ઉપરની દલીલમાં આપણે બે શબ્દપ્રયોગ પર લક્ષ કેન્દ્રિત કરીયેઃ **૧**. 'સારું જીવન' અને **૨**. 'જોખમ'. 'સારું જીવન' તો એવા પ્રકારની જીવનશૈલીમાં રહેલું છે જેમાં આપણા સુખનું નિયંત્રણ બાહ્ય સાંસારિક પદાર્થો દ્વારા નહિ પણ આપણા મન દ્વારા થતું હોય. જે જીવન કેવળ સંપત્તિ, યશ વગેરે બાહ્ય પદાર્થો પર આધારિત હોય તે સંપૂર્ણ સુખી અને સદાચારી હોઇ શકે જ નહીં. એ તો કેવળ 'નાશવંત સુખસગવડ' કહેવાય; એ સાચું સુખ નથી. જીવનમાંથી એ પદાર્થોની બાદબાકી કરો તો તથાકથિત સુખ આપોઆપ ચાલ્યું જશે. સાચું સુખ અંતરની શાંતિમાં રહેલું છે. તેથી જૈનો કહે છે, "સારા અને સુખી જીવનના તમારા દાવા સામે અમોને કાંઇ વાંધો નથી પણ સુખ બાહ્ય પદાર્થોના નિયંત્રણમાં નથી. તે આત્મસંયમમાં અર્થાત મનને સાવધાનીપૂર્વક નિયંત્રણમાં રાખવામાં રહેલું છે."

પાસ્કલના જુગારી દાવમાં બીજો શબ્દ છે 'જોખમ'. તે અંગે જૈનોની દલીલ છે, જો પસંદગી પાછળ 'ઓછું જોખમ' એ જ આપણો આશય હોય તો પછી જૈનોનો તર્કબદ્ધ અને બૌદ્ધિક માર્ગ જ આપણે પસંદ ન કરવો જોઈએ? આમેય ઈશ્વરના અસ્તિત્ત્વ માટે બુદ્ધિ કે તર્ક દ્વારા કોઈ પણ પ્રકારનું સમર્થન તો આપી શકાતું નથી. તો પછી એવી અબૌદ્ધિક અનિશ્ચિતતાને સ્વીકારવામાં સલામતી ક્યાં રહી? તેથી જૈનો દાવો કરે છે, "જૈનોનો માર્ગ ભલે મંદગતિ અને વિકટ હોય. પણ તર્કબદ્ધ અને બૌદ્ધિક રીતે સ્વીકાર્ય તો છે. તે આ જીવનમાં મનની શાંતિ આપે છે અને પરલોકમાં દિવ્ય આનંદની ખાતરી આપે છે. તેથી બુદ્ધિપ્રધાન માનવ માટે જૈનમાર્ગ ઓછો જોખમી અને સાચો માર્ગ છે."

ખંડ

# ૩

# તૃતીય ખંડઃ તર્કબદ્ધ જ્ઞાન
# (સમ્યક્જ્ઞાન)

# તૃતીય ખંડ: સારાંશ

આચાર, વિચાર કે જ્ઞાનને સ્વીકારતાં પહેલાં તેની તર્કબુદ્ધિ અને વિવેકબુદ્ધિથી ચકાસણી કરવી જોઈએ એવો જૈનદર્શનનો આગ્રહ આજના વિચારવંતોને વધારે પ્રભાવિત કરે છે. તેથી જૈનો તેમની જીવનશૈલીને 'સમ્યક્ચારિત્ર' તથા તેમના તત્ત્વદર્શનને 'સમ્યક્દર્શન' કેમ કહે છે તે જાણવું મહત્ત્વનું છે. તેમના તત્ત્વદર્શનને સમ્યક્દર્શન કેવી રીતે કહી શકાય?

આ એક પ્રશ્નમાંથી બીજો એક પેટા પ્રશ્ન ઊઠે છે કે શ્રદ્ધા કેવળ અંધશ્રદ્ધા, વિચારો કેવળ 'ભ્રમ' (hunch), અને આપણી ક્રિયાઓ કેવળ અવિચારી જુગાર ક્યારે બને છે? જવાબ એનો સ્પષ્ટ છે કે અજ્ઞાન અને તાર્કિક વિશ્લેષણનો અભાવ હોય ત્યારે! જ્ઞાનથી કરેલું વિશ્લેષણ શ્રદ્ધા, વિચારો કે ક્રિયાઓને બૌદ્ધિક સમર્થન આપે છે. તેથી જ્ઞાન વિનાની શ્રદ્ધા એ કેવળ અંધશ્રદ્ધા, વિચારો કેવળ ભ્રમ અને ક્રિયાઓ કેવળ જુગાર છે. જ્ઞાન એ બુદ્ધિ અને દર્શનનું સૌથી મહત્ત્વનું માપદંડ છે. તેથી જૈન દાર્શનિકોએ, તેમનાં દર્શનનાં ઘડતર માટે, 'જ્ઞાનમીમાંસા' માં વિશેષ રસ લઇને સંશોધન કર્યું છે અને જૈનદર્શનને 'સમ્યક્ દર્શન' બનાવ્યું છે.

હવે પછીનાં બે પ્રકરણમાં 'જ્ઞાન' વિશેના અભ્યાસની સમીક્ષા કરશું. પ્રાચીન જૈન ધર્મગ્રંથોમાં 'જ્ઞાનપ્રાપ્તિ'ના તત્ત્વની અત્યંત સૂક્ષ્મ વિગતો સાથે વિશદ ચર્ચા કરી છે. સૂક્ષ્મ વિગત અને પદ્ધતિ - એ બંને દૃષ્ટિએ જૈનોની જ્ઞાનમીમાંસા જિજ્ઞાસુ માટે એક અદ્ભુત અનુભવ બની રહે છે. જૈનોના મતે જ્ઞાનની સમજણનું મહત્ત્વ સર્વોપરી છે. કારણકે, સમ્યક્ત્વનો દાવો જ્ઞાન પર નિર્ભર છે. તાર્કિક વિશ્લેષણયુકત જૈન જીવનશૈલી (સમ્યક્ચારિત્ર) અને તત્ત્વદર્શન (સમ્યક્દર્શન) તીર્થંકરોના જ્ઞાનોપદેશના આધારે સ્થાપિત છે. જૈનોનો દાવો છે કે આ તીર્થંકરોએ પહેલાં પોતે કેવળજ્ઞાન કે સર્વજ્ઞતા પ્રાપ્ત કરીને પછીજ આપણને કેવળજ્ઞાન અને મોક્ષનો માર્ગ દર્શાવ્યો છે. તેથી તે યથાર્થ છે. જ્ઞાનમીમાંસાનું શાસ્ત્રીય બયાન વાંચ્યા પછી તીર્થંકરોનાં પૂર્ણ જ્ઞાન માટેના દાવાને સમજવો અને તેની કદર કરવી એ બંને આસાન બની જશે.

હવેનાં બે પ્રકરણોમાં જૈન જ્ઞાનમિમાંસાની આછી રૂપરેખા આપી છે. તેમણે ઉપયોગમાં લીધેલ વિશ્લેષણની ઊંડી પ્રક્રિયા વિશે કેવળ જાણકારી મેળવવાને ખાતર પણ એનું વાચન રસપ્રદ લાગશે.

૧૦

# ૧૦. સમ્યક્જ્ઞાન

'ઈશ્વરનું અસ્તિત્ત્વ છે' એમ કહેનારા અને માનનારા લોકોના સંપર્કમાં હું ઘણીવાર આવ્યો છું. કદાચ તમે પણ આવ્યા હશો. તમે એ વ્યક્તિને એમ પૂછો કે ઈશ્વરનું અસ્તિત્ત્વ છે એ વાતની જાણ તમને કેવી રીતે થઈ? તો જવાબમાં તે એમ કહેશે કે 'મારું હૃદય કહે છે'. અને પછી કદાચ એકાદ ચમત્કારિક ઘટનાને ટાંકીને તે કહેશે કે ઈશ્વરના અસ્તિત્ત્વની સાબિતી માટે આટલા પુરાવા મને પૂરતા લાગે છે. તેમનો આ પ્રત્યુત્તર તેમની ભાવના પર આધારિત છે; જ્ઞાન પર નહિ. જોકે, આ તો છે સૌ સૌની અંગત માન્યતાનો વિષય. અમુક લોકો શ્રદ્ધાને આધારે કાંઈ પણ માનવા તરત તૈયાર થઈ જાય છે અને વધારે ઊંડા વિશ્લેષણમાં ઉતરવા માગતા નથી. પરંતુ જો કોઈ પણ માન્યતા કે પ્રતિભાવને બૌદ્ધિક સમર્થન ન હોય તો ૨૧મી સદીના આધુનિક માનસને માટે એ સ્વીકારવું મુશ્કેલ પડે છે.

વાસ્તવમાં વ્યક્તિની જીવનશૈલી અને ચારિત્રનું નિયમન તેમની માન્યતાઓ અને તત્ત્વદર્શન દ્વારા થાય છે. સંસ્કૃતિ, ધર્મ, ઉછેર, વાતાવરણ - આ બધાંની અસર તેની માન્યતાને ઘડવામાં અગત્યની ભૂમિકા ભજવે છે. ઋષિમુનિઓ અને ધર્મસંસ્થાપકો એ માન્યતા પર સમયે સમયે પોતાનો પ્રભાવ પાડી, શાંતિ અને સદ્‌ભાવનામય સંસ્કૃતિનું નિર્માણ કરવામાં સક્રિય યોગદાન આપે છે. પણ ક્યારેક ધર્મગુરુઓ, સમાજના અગ્રણીઓ, અને રાજકીય નેતાઓ પણ પોતાના અંગત લાભ માટે તેમના અનુયાયીઓને આત્મઘાતી ત્રાસવાદીઓમાં પલટવાનું નકારાત્મક કામ કરતાં પણ જોવા મળે છે. ધર્મ સંસ્થાપકોના વિચારો, ખ્યાલો અને સંદેશનું પોતાની જ રીતે અર્થઘટન કરીને આ ધુરંધરો જનતા પાસે તેની રજૂઆત કરે છે. અનુયાયીઓ તે વિષે વધારે જ્ઞાન મેળવી સ્વતંત્ર વિચાર કરે તે આ ધુરંધરોને ગમતું નથી. પણ તીર્થંકરોએ જૈનોને એક મહત્ત્વપૂર્ણ સંદેશ આપ્યો કે મોક્ષનો માર્ગ સમ્યક્ચારિત્ર, સમ્યક્શ્રદ્ધા (દર્શન) અને સમ્યક્જ્ઞાન પર આધારિત ત્રિપદી માર્ગ છે. આ સંદેશ અત્યંત રસપ્રદ છે. કારણકે, તેમાં તીર્થંકરો માત્ર સમ્યક્ચારિત્ર અને સમ્યક્દર્શન પર ભાર નથી મૂકતા પણ ચારિત્ર અને શ્રદ્ધાને જ્ઞાનનું સમર્થન હોવું જોઈએ એવો આગ્રહ રાખે છે. તેમના મતે જ્ઞાન જ મુક્તિના માર્ગને સમ્યક્, બુદ્ધિગમ્ય અને વિવેકપૂર્ણ બનાવે છે.

ભક્તિ અને શ્રદ્ધા ધાર્મિક વિધિવિધાન માટે મહત્ત્વપૂર્ણ અને આવશ્યક છે. એમાં શંકાને કોઈ સ્થાન નથી. લક્ષ્ય અને લક્ષ્યસિદ્ધિના માર્ગના સામર્થ્યમાં જ જો આપણને વિશ્વાસ કે શ્રદ્ધા ન હોય તો આધ્યાત્મિક માર્ગે ચાલવું કે પ્રગતિ કરવી એ માત્ર મુશ્કેલ જ નહિ પણ લગભગ અશક્ય છે. જોકે, આગળ આપણે એક વાતની નોંધ લીધી છે કે અંધશ્રદ્ધાથી મતાંધતા, ધર્માંધતા અને રૂઢિચુસ્તતા આવે છે. માટે અધ્યાત્મ માર્ગે સાચા અર્થમાં ઉન્નતિ કરવી હોય તો અંધશ્રદ્ધા નહિ પણ સમ્યક્શ્રદ્ધા જરૂરી છે. લક્ષ્ય અને લક્ષ્યપ્રાપ્તિનાં સાધનોની યથાર્થ અને બુદ્ધિપૂર્વકની સમજણ ન હોય તો તીર્થંકરોએ દર્શાવેલ વિકટ અને કઠિન માર્ગે ચાલવાનો કોઈ પ્રયાસ કરે જ નહિ. તેથી તત્ત્વજ્ઞાન અને સમ્યક્જ્ઞાન દ્વારા જૈનદર્શનની સાચી સમજ કેળવવી એ જ જૈન ધર્મનો મૂલાધાર છે.

આમ, જ્ઞાન જૈન દાર્શનિકોના અન્વેષણનું મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર બને છે. જૈનચિંતકોએ જ્ઞાનની વ્યાખ્યા આપતાં કહ્યું કે જ્ઞાન એ જીવનું સારતત્ત્વ છે. અર્થાત્ જીવ વિના જ્ઞાન નહિ અને જ્ઞાન વિના જીવ નહિ.[૧] જોકે, જ્ઞાન સિવાય જીવનાં બીજા પણ મૂળભૂત ગુણો છે. પરંતુ જૈન દાર્શનિકોએ જીવના મુખ્ય લક્ષણ તરીકે હંમેશા જ્ઞાન પર જ વિશેષ ભાર મૂક્યો છે. દરેક જીવમાં ચેતના (અનુભૂતિ અને જ્ઞાન) સહજ અને અંતર્ગત છે. પરંતુ આ ચેતના પર પુદ્ગલના કાર્મિક પરમાણુઓ છવાઈ જાય છે, તેથી જીવનું સત્ય જ્ઞાન યથાર્થ પ્રગટ થઈ શકતું નથી. જે વ્યક્તિ પૂર્ણતા અને સર્વજ્ઞતા અર્થાત્ કેવળજ્ઞાનના તેરમા ગુણસ્થાન સુધી પહોંચે છે તે જ તમામ વસ્તુઓને તેમના સાચાં સ્વરૂપમાં એટલે કે સત્ય સ્વરૂપે જાણી શકે છે તેમ જ મોક્ષમાર્ગના બાકીના સ્થાનમાં દરેક વસ્તુનો સાપેક્ષ અને સોપાધિકરૂપે સ્વીકાર કરી શકે છે.

જૈનો દાવો કરે છે કે તેમનાં તત્ત્વદર્શન અને મોક્ષમાર્ગ બુદ્ધિગમ્ય તથા સમ્યક્ છે, કારણકે એ કેવળી દ્વારા પ્રબોધિત છે. અને કેવળીઓ પૂર્ણ જ્ઞાનની સ્થિતિ સુધી પહોંચ્યા હતા, તેમણે સત્નું દર્શન કર્યું હતું. સત્તત્ત્વનો અનુભવ કર્યો હતો તથા સત્તત્ત્વમય થઇને તે શેષ જીવન જીવ્યા હતા. તદુપરાંત કેવળીઓમાં આસક્તિ, ઘૃણા વગેરે મનોભાવો નહોતા. સત્યનો ઉપદેશ આપવા સિવાય તેમના જીવનમાં અન્ય કોઈ ઉદ્દેશ્યો નહોતા. એ વાંચીને કોઇના મનમાં એક પ્રશ્ન ઊઠી શકે કે શું તીર્થંકરોનું કેવળજ્ઞાન માત્ર કલ્પનામય (myth) - અંધશ્રદ્ધાનો વિષય છે? તેનો યથાર્થ ઉત્તર જાણવા માટે ચાલો આપણે હજારો વર્ષો પૂર્વે થઇ ગયેલ તીર્થંકરોએ પ્રબોધિત 'જ્ઞાનમીમાંસા' નું અન્વેષણ કરીએ. તે પછી આપણને ખાત્રી થશે કે તીર્થંકરો ખરેખર કેવળજ્ઞાન પામ્યા હતાં કે નહિ.

## અનુભૂતિ અને જ્ઞાન :

અનુભૂતિ એ પણ જ્ઞાન જ છે. જૈનદર્શનના મતે અનંતદર્શન અને અનંતજ્ઞાન જીવના મૂળભૂત ગુણો છે. શુદ્ધ જીવ સર્વજ્ઞ છે પરંતુ તેના પર કાર્મિક પરમાણુઓનું આવરણ છવાઈ જવાથી જીવનું દર્શન અને

[૧] ઉમાસ્વાતિ, તત્ત્વાર્થસૂત્ર, ૨.૮

જ્ઞાન ઢંકાઈ જાય છે અથવા ધૂંધળું થઈ જાય છે. તેથી દર્શનમાં બાધારૂપ (દર્શનાવરણીય) અને જ્ઞાનમાં બાધારૂપ (જ્ઞાનાવરણીય) કર્મોનું 'ખરી પડવું' એ જ જ્ઞાન મેળવવાનું ખરું તંત્ર છે. કેટલીક ઘટનાઓ આ કાર્મિક પરમાણુઓને દૂર ખસેડવામાં મદદરુપ બને છે. અને તેથી આપણને વસ્તુ કે ઘટનાનું જ્ઞાન થાય છે. આ રીતે પ્રાપ્ત થયેલું જ્ઞાન માત્ર '<u>અનુભૂતિ જ</u>' હોઇ શકે અથવા 'સવિગત જ્ઞાન'! અર્થાત્ તે 'કેવળ પદાર્થના અસ્તિત્ત્વથી વાકેફ કે જાણકાર થવા પૂરતું જ 'મર્યાદિત જ્ઞાન' હોય કે પછી વિશિષ્ટ લક્ષણો સહિત પદાર્થને ગ્રહણ કર્યાનું 'સવિગત જ્ઞાન' હોઈ શકે. "જ્ઞાન મર્યાદિત કે સવિગત" એ મુદ્દાને ખ્યાલમાં રાખીને જૈન દાર્શનિકોએ જ્ઞાનનું વર્ગીકરણ આપ્યું છે. મર્યાદિત જાણકારીને અભેદ જાણકારી, અસ્પષ્ટ, અસંદિગ્ધ જાણકારી, નિર્વિકલ્પ, ઈન્દ્રિયગમ્ય, સહજ દર્શન, કે માત્ર અનુભૂતિ કહે છે. બીજી બાજુ સવિગત જ્ઞાનને ભેદસૂચક, વિશેષ જ્ઞાન, સ્પષ્ટ, સંદિગ્ધ જ્ઞાન, સવિકલ્પ, કે સારગ્રાહી જ્ઞાન કહે છે.

'અનુભૂતિ' અને 'જ્ઞાન' આ બે સંજ્ઞા વચ્ચે તફાવત તો માત્ર વિગતનો જ છે. અનુભૂતિ કે સહજદર્શન એ વિગત રહિત <u>કેવળ અસ્તિત્ત્વની</u> જાણકારી છે, જ્યારે જ્ઞાનમાં આપણે વસ્તુને તેની <u>તમામ વિગતો</u> સાથે જોઈએ છીએ. જૈન દાર્શનિકો સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાન બંને પર ભાર મૂકે છે, કારણકે જો કોઇ દ્રવ્યનું સહજ દર્શન કે અનુભૂતિ ન થાય તો પછી વ્યક્તિ તે દ્રવ્યના સર્વગ્રાહી જ્ઞાનના અન્વેષણ તરફ કેવી રીતે પ્રેરાય ? આ અર્થમાં સહજ દર્શન એ સમ્યક્જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રક્રિયાનું પ્રાથમિક અંગ છે, પછી જ્યારે એ સહજદર્શનનું વિવેચનાત્મક વિશ્લેષણ કરીએ ત્યારે દર્શનને બૌદ્ધિક સમર્થન અથવા સમ્યક્જ્ઞાનનું સમર્થન મળ્યું કહેવાય. અને ત્યારે જ તે 'સમ્યક્ દર્શન' બને છે. દર્શનમાં બૌદ્ધિક સમર્થન વિનાની શ્રદ્ધા એ કેવળ અંધશ્રદ્ધા છે. .

## અનુભૂતિ અથવા સહજ દર્શન :

સહજ દર્શન એ જ્ઞાનનું પ્રથમ પગથિયું છે. સહજ દર્શનમાં આપણને વસ્તુની કેવળ પ્રાથમિક જાણકારી હોય છે. પણ એક વાર આપણે વસ્તુના અસ્તિત્ત્વથી વાકેફ કે જાણકાર થઈએ એટલે તરત મનમાં એક પ્રક્રિયા શરૂ થઈ જાય છે અને બીજા સોપાન પર આપણે આપોઆપ આવી જઈએ છીએ. સહજ દર્શન દ્વારા મળેલી નવી વસ્તુની જાણકારીની આપણી સ્મૃતિમાં સચવાયેલા ભૂતકાળના જ્ઞાનની સાથે સરખામણી કરીને વસ્તુની ઓળખાણને સ્થાપિત કરવાની પ્રક્રિયા મનમાં શરૂ થઇ જાય છે. આ છે જ્ઞાનનું બીજું સોપાન. સામાન્ય રીતે આપણે અસંખ્ય વસ્તુને 'જાણીએ' છીએ. કહેવાનું તાત્પર્ય એ કે આપણે અસંખ્ય વસ્તુઓથી વાકેફ હોઈએ છીએ. પરંતુ જ્યાં સુધી નવી વર્તમાન માહિતી કે પ્રત્યક્ષ જ્ઞાનનો અગાઉથી જ્ઞાત પદાર્થનાં લક્ષણો સાથે સંબંધ સ્થાપિત ન કરીએ ત્યાં સુધી 'દર્શન' કેવળ સહજ દર્શન જ રહેશે એટલે કે તે જ્ઞાનના પહેલા પગથિયાથી આગળ વધી શકશે નહિ અને યથાવત્ જ રહેશે. જ્યારે નવી માહિતીનું વિવેચનાત્મક વિશ્લેષણ, તથા તેની અગાઉની જ્ઞાત માહિતી સાથે સરખામણી કરીએ, અને તે પછી તેનું વર્ગીકરણ કરીએ ત્યારે તે માહિતીને બૌદ્ધિક સમર્થન મળ્યું કહેવાય. ત્યાર

પછી જ સહજ દર્શન સર્વગ્રાહી જ્ઞાન બને છે અર્થાત્ નવી માહિતીને સવિગત જ્ઞાનનો દરજ્જો મળે છે.

જ્ઞાનની વિચારસરણી અંગે જૈન અને બૌદ્ધ વચ્ચે સૂક્ષ્મ ભેદરેખા છે. બૌદ્ધોના મતે સહજ દર્શન નિર્વિકલ્પ છે. તેથી એ તબક્કે આપણું મન વસ્તુના ગુણો - જાતિ, પ્રકાર, અસ્તિત્વ, વગેરેની નોંધ લઈ જ શકતું નથી. બૌદ્ધોના મતે વસ્તુના આ ગુણો સંકલ્પનાનાં રૂપો છે. અને સંકલ્પના હંમેશા સવિકલ્પ હોય છે. જૈનોના મતે સહજ દર્શન કે અનુભૂતિ એ વસ્તુના અસ્તિત્ત્વની કેવળ જાણકારી છે. વસ્તુના માત્ર અસ્તિત્ત્વની જ પરિભાષા આપતા લક્ષણનો જૈનોએ સહજ દર્શનમાં સમાવેશ કર્યો છે. એ લક્ષણ અત્યંત મહત્ત્વનું છે, કારણકે તેના વિના મન ક્યારેય વસ્તુના અસ્તિત્ત્વથી જાણકાર થઈ શકે નહિ. અને પૂર્ણ જ્ઞાનના સ્તર સુધી આગળ વધી શકે નહિ. આ સિવાયનાં વસ્તુનાં અન્ય તમામ લક્ષણો વસ્તુની વિશિષ્ટતા અને તેની ઓળખાણ અંગે નિર્ણય કરવા માટે ઉપયોગી છે. આ લક્ષણો અંગે માહિતી મેળવવી, તેનું વિશ્લેષણ કરીને વસ્તુની ઓળખાણ, તેનું વર્ગીકરણ અને તેના સ્વરૂપનો નિર્ણય કરવા માટે એક તાર્કિક પ્રક્રિયામાં ઉતરવું, આ સમગ્ર પ્રક્રિયાનો સમાવેશ સવિગત જ્ઞાનમાં થયો છે. સવિગત જ્ઞાનના તબક્કે તાર્કિક પ્રક્રિયા મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

**જૈન ધર્મશાસ્ત્રોમાં 'સમ્યક્ દર્શન'ની પરિભાષા આપતાં કહ્યું છે કે દર્શન એટલે પોતાનો જ આત્મા, જે સતત જ્ઞાનના ઉદય માટે મથે છે તેના <u>અસ્તિત્વની</u> જાણકારી, તે વિષે વધારે બોધ મેળવવાની જિજ્ઞાસા અને સ્વઆત્માનો <u>બોધ</u> એટલે જ્ઞાન, પોતાના આત્માનો સંપૂર્ણ બોધ થાય એટલે 'સમ્યક્જ્ઞાન'.**

'સહજદર્શન' અંગે જૈન પંડિતોની વિચારસરણીમાં પણ એકમતતા નથી. વીરસેન[10] અને ભદ્રસેન[11] જેવા વિદ્વાનો માને છે કે "સહજ દર્શન એટલે અનુભૂતિ અને જ્ઞાન એટલે વિશિષ્ટ લક્ષણોનું દર્શન" - એવી ભેદસૂચક વિચારસરણી પૂર્વકાલીન જૈન દાર્શનિકોએ તેમના સમકાલીન જૈનેતર મહર્ષિઓના વિચારોને કેવળ માન આપવાના હેતુથી જ અપનાવી હતી. પરંતુ આ વિચારસરણી જૈનશાસ્ત્રોના ઉપદેશ (૧) 'જ્ઞાન અને ચેતના એ જીવનો અંતર્ગત ગુણ છે.' અને (૨) 'જ્ઞાનાવરણીય કર્મોનું બંધન અને તેનુ ખરી પડવું' એ બે સાથે બંધ બેસતી નથી. અન્ય શબ્દોમાં કહેવું હોય તો, જૈન ધર્મશાસ્ત્રોમાં 'સમ્યક્ દર્શન'ની પરિભાષા આપતાં કહ્યું છે કે દર્શન એટલે પોતાનો જ આત્મા, જે સતત જ્ઞાનના ઉદય માટે મથે છે તેના <u>અસ્તિત્વની</u> જાણકારી, તે વિષે વધારે બોધ મેળવવાની જિજ્ઞાસા અને સ્વઆત્માનો <u>બોધ</u> એટલે જ્ઞાન, પોતાના આત્માનો સંપૂર્ણ બોધ થાય એટલે 'સમ્યક્જ્ઞાન'. આ પરિભાષા એક વાત સ્પષ્ટ કરે છે કે જાગૃતિના સ્થાને સમ્યક્દર્શન પર અને મોક્ષ માર્ગે ઉન્નતિ કરવા માટે સમ્યક્જ્ઞાન પર જૈનશાસ્ત્રો શા માટે આટલો બધો ભાર મૂકે છે.

---

[10] હીરાલાલ જૈન, પુષ્પદંત ઔર ભૂતબલિકા સતખંડ આગમ (વીરસેનકી ધવલ ટીકાકે સાથ), જૈન સાહિત્ય ઉધ્ધારક ફંડ પ્રકાશન, અમરાવતી, ૧૯૩૯-૧૯૫૯ .

[11] બ્રહ્મદેવ, તર્કાભિપ્રાયેણ સત્વલોક આનંદ દર્શનમ્, ૪૪

આ વિષય બાબતે વિવિધ તાત્ત્વિક સંપ્રદાયો વચ્ચે હંમેશાં વાદવિવાદ થતાં રહ્યાં છે. અને તેમાં - "નિર્વિકલ્પ અને સવિકલ્પ અથવા સવિગત આ બંને પ્રકારનાં જ્ઞાન માટે પદાર્થમાં વિશિષ્ટ ગુણ હોવાં એ અત્યંત આવશ્યક છે." એ જ મુખ્ય મુદ્દો રહ્યો છે. દ્રવ્ય પદાર્થ જો સંપૂર્ણપણે નિર્ગુણ હોય તો તે ક્યારેય આપણી જાણકારી કે ચેતનામાં પ્રવેશ કરતો નથી, કારણકે ગુણોનું વિશેષજ્ઞાન એ ચેતનાનો સૌથી મૂળભૂત સ્વભાવ છે.

## વિશેષ અથવા સવિગત જ્ઞાન :

જ્ઞાન નિશ્ચિત, સ્પષ્ટ કે સંશયરહિત અને સવિગત છે. જોકે આપણને મળેલું જ્ઞાન સમ્યક્, સંપૂર્ણ અને નિરપેક્ષ જ હોય એમ નહી. જે સાધક આધ્યાત્મિક પ્રગતિના તેરમાં ગુણસ્થાને (કેવળયોગ) પહોંચે છે તે કેવળીનું જ્ઞાન સંપૂર્ણ અને નિરપેક્ષ હોય છે. આપણામાંના દરેકનું જ્ઞાન સાપેક્ષ છે; નિરપેક્ષ નથી. તેના બે મુખ્ય કારણ છે:

**૧.** દરેક દ્રવ્યને પદાર્થલક્ષી સાપેક્ષતા છે. પ્રક. ૬માં જોયા પ્રમાણે દરેક દ્રવ્ય નિત્ય છે અને અનિત્ય પણ છે. ગુણની દૃષ્ટિએ તે નિત્ય છે, અને પર્યાયની દૃષ્ટિએ અનિત્ય છે. (કારણ પર્યાયો સતત બદલાતા રહે છે. તેથી-વ્યક્તિનું લક્ષ્યબિંદુ ગુણપર કે પર્યાયપર છે તે અંગે એ બંને જ્ઞાન સાપેક્ષ છે.)
**૨.** એક જ્ઞાતા તરીકે દ્રવ્ય વિશે આપણું સર્વગ્રાહી જ્ઞાન સાપેક્ષ હોય છે, કારણકે જ્ઞાનાવરણીય કર્મોનાં બંધનને લીધે દ્રવ્યના તમામ પાસાંને જ્ઞાતા ગ્રહણ કરી શકતો નથી.

જૈન દાર્શનિકોના મતે જ્ઞાન પ્રાપ્તિનાં ત્રણ મુખ્ય સાધનો છે : ભૌતિક ઈન્દ્રિયો, મન અને જીવ. એ ત્રણમાંથી કોઈ પણ એક કે ત્રણે સાધનો દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. વિશેષ સ્પષ્ટતા કરવી હોય તો એમ કહી શકાય કે જ્ઞાન ઈન્દ્રિયગમ્ય કે પરોક્ષ હોઈ શકે (ઈન્દ્રિય અને મનની સહાયતાથી પ્રાપ્ત થતું મર્યાદિત જ્ઞાન) અથવા અપરોક્ષ એટલે પ્રત્યક્ષ હોઈ શકે (ઈન્દ્રિય કે મનના માધ્યમ કે સહાયતા વિના જીવમાં ઉત્પન્ન થતું સહજ જ્ઞાન).

જ્ઞાનની શરૂઆત સહજ દર્શનથી થાય છે. અને દર્શન પદાર્થબોધ અથવા સંપર્કબોધ દ્વારા થાય છે. પદાર્થબોધ થવો એટલે હકીકતમાં ઈન્દ્રિય અને પદાર્થ વચ્ચે સંબંધની શરૂઆત, તે ઈન્દ્રિયગમ્ય જ્ઞાનની માહિતીરૂપે પદાર્થ દ્વારા મળે છે. પદાર્થબોધ ક્ષણિક, અસ્પષ્ટ અને નિર્વિકલ્પ હોય છે, જ્યારે વિશેષ જ્ઞાન હંમેશા સ્પષ્ટ અને સવિકલ્પ હોય છે. તેથી કેવળ પદાર્થ બોધ આપણને વિશેષ જ્ઞાન આપી શકે નહિ.

બીજી બાજુ સંપર્કબોધ એટલે પદાર્થ અને ઈન્દ્રિય વચ્ચે સીધો સંબંધ. એ સંબંધથીપણ વ્યક્તિની ચેતનામાં જાગૃતિ કે જાણકારી આવે છે. કેવળ ચાર જ જ્ઞાનેન્દ્રિયો (ચક્ષુ સિવાય) દ્રવ્ય સાથે સંબંધ

સ્થાપી શકે છે. આ ચાર પ્રકારના સંબંધની જાણકારી લાંબો સમય ટકે છે. તેથી તે આપણને પદાર્થના સર્વગ્રાહી જ્ઞાન (સંપૂર્ણ જ્ઞાન નહિ) તરફ દોરી જાય છે.

ઈન્દ્રિયગમ્ય સહજદર્શનથી બોધ થાય છે તેનું જે જ્ઞાનમાં પરિવર્તન થાય છે તેના બે પ્રકાર છે:

**૧. અશાબ્દિક જ્ઞાન (મતિજ્ઞાન)** અને

**૨. શાબ્દિક જ્ઞાન (શ્રુત જ્ઞાન).**

ઈન્દ્રિય અને મનના સંપર્કથી મતિજ્ઞાન ઉત્પન્ન થાય છે. એ જ્ઞાનની પ્રક્રિયામાં મન નીચે દર્શાવેલ સાત સોપાનમાંથી પસાર થાય છે :

૧. **અન્વેષણ**: પદાર્થ વિશે વધારે માહિતી એકત્રિત કરવા માટે આદરેલી તપાસ
૨. **અનુમાન**: તર્ક કે અનુમાનના આધારે અન્વેષણને આગળ ધપાવવું. પદાર્થના વિશિષ્ટ લક્ષણોનું પરીક્ષણ કરી તેને વિશે સ્પષ્ટ જાણકારી મેળવવી
૩. **વિશેષ માહિતી:** વિશેષ નિરીક્ષણ અને વિશેષ માહિતી દ્વારા અવિદ્યમાન ગુણોની બાદબાકી કરીને યથાર્થ ગુણોનો નિર્ણય કરવો
૪. **સ્મૃતિમાં રેખાંકન**: પદાર્થ શું છે એ છેવટનો નિર્ણય કર્યા પછી પદાર્થના જ્ઞાનને સ્મૃતિમાં સાચવવું જેથી ભવિષ્યમાં તેના આધારે પદાર્થને ઓળખી શકાય
૫. **સ્મરણ:** સ્મૃતિમાં સાચવી રાખેલ ભૂતકાળના પદાર્થજ્ઞાનને વર્તમાનમાં જાગૃતિના સ્તરે લાવવું
૬. **ઓળખાણ**: પદાર્થ વિશે વર્તમાન જાણકારી અને સ્મૃતિમાં સાચવેલ ભૂતકાળમાં પ્રાપ્ત કરેલું જ્ઞાન - એ બંનેનો સમન્વય કરી પદાર્થને ઓળખવો
૭. **તર્કનિર્ણય:** તમામ શક્યતાઓને ચોકસાઈપૂર્વક તપાસ્યા પછી પદાર્થની ઓળખાણ અંગેના નિર્ણયને અંતિમ સ્વરૂપ આપવાની મનની પ્રક્રિયા.

આ સાત સોપાન સહિત જ્ઞાનના અન્ય માર્ગોની ચર્ચા હવે પછીના પ્રકરણમાં કરી છે.

૧૧

# ૧૧. જ્ઞાનના માર્ગો

ચારિત્ર અને દર્શનને સાચા જ્ઞાનનો આધાર મળે તો જ તે તર્કબદ્ધ એટલે કે સમ્યક બને છે એવો જૈનોનો આગ્રહ છે. તો સાચું જ્ઞાન એટલે શું? તે કેવી રીતે પામી શકાય? ખરું અને ખોટું જ્ઞાન એટલે શું? જ્ઞાનના પ્રકાર વગેરે બાબતે જૈન આચાર્યોએ ઘણો જ વિચાર કર્યો છે. જૈન શાસ્ત્રોમાં જ્ઞાનનું એટલું મહત્ત્વ છે કે બીજી સદીના સૌથી આદરણીય જૈનગ્રંથ 'તત્ત્વાર્થ સૂત્ર' ની પ્રથમ પંક્તિમાંજ આચાર્ય ઉમાસ્વાતિ લખે છેઃ

**"સમ્યક્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ ॥ ૧ ॥**

"સમ્યક્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણે મોક્ષ માટે આવશ્યક અંગ છે."

એ ગ્રંથના પ્રથમ પ્રકરણમાં જ જૈન જ્ઞાનમીમાંસાનું નિરૂપણ છે. જૈન જ્ઞાનમીમાંસાની શરૂઆત એક સરળ ગૃહિત ધારણાથી થાય છેઃ જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેય એ જ્ઞાનસાધનાના ત્રણ આવશ્યક અંગ છે. દા.ત. એક સરળ વિધાન જોઈએઃ 'ઘાસ લીલું છે.' તેમાં

**જ્ઞાતા** : વ્યક્તિ - જેને આ જ્ઞાન થાય છે **જ્ઞેય** : ઘાસ - જેના વિશે આ જ્ઞાન છે **જ્ઞાન** : જાણકારી - ઘાસ લીલું છે

જ્ઞાતા :

વ્યવહારીક રિતે આપણે એમ કહીએ કે 'જે વ્યક્તિને જ્ઞાન થાય છે તે જ્ઞાતા છે'. પણ જૈનદર્શનના મતે આ વિધાન યથાર્થ નથી. ચોકસાઈપૂર્વક કહીએ તો વ્યક્તિ નહિ પણ તેનો જીવ જ્ઞાતા છે, કારણકે દરેક વ્યક્તિ ભૌતિક શરીર (જેનામાં પોતાની મેળે કાંઈ પણ જાણવાનું સામર્થ્ય નથી) અને જીવ (આત્મા) એ બંનેનું સંયોજન છે. જીવ ચેતન તત્ત્વ છે અને જીવમાં જ જાણવાનું કે જ્ઞાનનું સામર્થ્ય રહેલું છે. માટે સાચા અર્થમાં જીવ એ જ જ્ઞાતા છે.

જ્ઞાન અને ચેતના જીવનો મહત્ત્વપૂર્ણ, મૂળભૂત, અપૃથક્ અને સ્થાયી ગુણ છે. તેથી જ્ઞાન વિના જીવનું અસ્તિત્ત્વ જ નથી. જીવ અને જ્ઞાન અપૃથક્ છે. જીવ સર્વજ્ઞ છે. અનંત જ્ઞાન, અને અનંત દર્શન મૂળભૂત રીતે જીવમાં રહેલાં જ છે. એટલે કે જ્ઞાન અને જ્ઞાતા એક જ છે.

જૈન જ્ઞાનમીમાંસા જણાવે છે કે દરેક જીવંત વ્યક્તિમાં સર્વજ્ઞતાનું સામર્થ્ય ધરાવતો જીવ રહેલો છે. તેને કારણે તેનામાં પૂર્ણ જ્ઞાન રહેલું જ છે. કહેવાનું તાત્પર્ય એ કે જ્ઞાન બહારથી નથી આવતું પણ જીવની અંદર જ રહેલું છે. પરંતુ વ્યક્તિનાં કાર્મિક બંધનોને કારણે એ જ્ઞાન પર આવરણ છવાઈ ગયું છે. અને તેથી કર્મબંધનોમાં ગૂંચવાયેલી કોઇપણ વ્યક્તિને પૂર્ણજ્ઞાન પોતાની અંદરજ રહેલું છે તેની જાણ પણ હોતી નથી.

જ્યાં સુધી જીવ મુક્ત ન થાય ત્યાં સુધી તે કર્મ સાથે બંધાયેલો રહે છે. જીવને અશુદ્ધ કરનાર કાર્મિક પરમાણુઓ છે. તે પુદ્‌ગલમય છે. જીવના મૂળભૂત ગુણો (અનંત દર્શન અને અનંત જ્ઞાન)માં બાધારૂપ બનતા પુદ્‌ગલમય પરમાણુઓને જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કાર્મિક પરમાણુઓ કહે છે. તે જીવના જ્ઞાન અને દર્શન શક્તિને સીમિત કરે છે અને મોક્ષ મેળવવામાં જીવને ઘાતી બને છે. આધ્યાત્મિક ઉન્નતિના તેરમાં ગુણસ્થાને પહોંચીએ ત્યારે આ પરમાણુઓ દૂર થાય છે, ખરી પડે છે કે તેનો ક્ષય થાય છે ત્યાર પછી જ જીવનું સાચું સ્વરૂપ - સર્વજ્ઞતાનો સાચો ગુણ - પ્રગટ થાય છે. જેમ હીરાને ઘસવાથી તેની ઉપર લાગેલા ડાઘના થર દૂર થાય છે અને હીરામાંથી પ્રકાશ ઝગમગાટ કરતો બહાર આવે છે તેમ જીવના સંપૂર્ણજ્ઞાનનો પ્રકાશ ઝળહળે છે.

## જ્ઞેય :

જૈન સમ્યક્‌દર્શન પ્રમાણે વિશ્વ એ જીવ (આત્મા), પુદ્‌ગલ, આકાશ, કાળ, ગતિનો અને સ્થિરતાનો નિયમ એમ કુલ છ સનાતન દ્રવ્યોનું બનેલું છે. તેથી આ છ દ્રવ્યો જ જ્ઞેય છે. અર્થાત્ જ્ઞાનનો વિષય છે. એક વાતની અહીં નોંધ લઈએ કે જીવ 'જ્ઞાતા' છે અને 'જ્ઞેય' પણ છે. અન્ય કોઇપણ દ્રવ્યોને ચેતના નથી તેથી તે જ્ઞાતા ન બની શકે. જીવ પોતાને જાણે છે ત્યારે તે સ્વલક્ષી કે આત્મલક્ષી કહેવાય. અને અન્ય વસ્તુને જાણે છે ત્યારે તે વસ્તુલક્ષી કહેવાય.

## જ્ઞાન :

જૈન જ્ઞાનમિમાંસામાં નિરૂપેલ જ્ઞાન પ્રાપ્ત કરવાની સમગ્ર પ્રક્રિયાનો આપણે અભ્યાસ કરીએ ત્યારે પૂર્વકાલીન જૈન દાર્શનિકોની વૈજ્ઞાનિક, તાર્કિક અને વિશ્લેષણાત્મક લાક્ષણિકતા આપણી સમક્ષ પ્રગટ થાય છે. અને તેમની પ્રતિભાનો આપણને ખ્યાલ આવે છે. જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થાય ? જ્ઞાન પ્રાપ્ત કરતી વખતે હકીકતમાં શું બને છે ? જ્ઞાતા અને જ્ઞેય એ બે વચ્ચે કઈ પ્રકારની આંતરપ્રક્રિયા થાય છે? જ્ઞાન અને જ્ઞાતા બંને એક જ હોવાથી જ્ઞાન 'મેળવવાની' પ્રક્રિયા એ જ્ઞેય તરફથી જ્ઞાતા તરફ વહેતો માહિતીનો કોઈ પ્રવાહ નથી. એ સમગ્ર પ્રક્રિયા કેવળ જાણકારી કે અનુભૂતિની પ્રક્રિયા છે. અર્થાત્ 'જ્ઞેય'થી 'જ્ઞાતા' જાણકાર કે વાકેફ બનવાની ક્રિયા છે.

પણ જ્ઞાતા જ્ઞેયથી જાણકાર કેવી રીતે બને છે ? અહીં આપણે યાદ કરીએ કે કાર્મિક પરમાણુઓ જીવ સાથે બંધાય છે અને તેના જ્ઞાનને અવરોધે છે. એ કાર્મિક બંધનના અનેક પ્રકાર છે. કોઇ પદાર્થથી વાકેફ બનવું (પદાર્થનું જ્ઞાન મેળવવું) એટલે તે પદાર્થના જ્ઞાનમાં બાધા કરનાર (જ્ઞાનાવરણીય) કાર્મિક પરમાણુઓને દૂર કરવાં અથવા તેનું ખરી પડવું. કેટલીક વાર આ કાર્મિક પરમાણુઓ કુદરતી રીતે એટલે કે આપોઆપ (બંધનની પૂર્વ નિર્ધારિત સમયાવધિ પૂરી થઈ જવાથી) ખરી પડે છે તો કેટલીક વાર આપણે કઠોર સાધના (તપ અને સંયમ) કરવી પડે છે. અને તે રીતે એ કર્મો દૂર થાય છે. જેમ જેમ જ્ઞાનાવરણીય કર્મો વધુ ને વધુ ખરતાં જાય તેમ તેમ સાધક વિશેષ પ્રબુદ્ધ બને છે.

## જ્ઞાનપ્રાપ્તિના માર્ગો :

અહીં આપણે સરળતાને ખાતર 'જાણકારી' અને 'જ્ઞાનપ્રાપ્તિ' એ બે સંજ્ઞાને એકબીજાના પર્યાય તરીકે વાપરશું. પ્રક. ૧૦માં આપણે જ્ઞાનનું સહજ દર્શન અથવા અનુભૂતિ અને સવિગત અથવા વિશેષ જ્ઞાન એમ બે વિભાગમાં વર્ગીકરણ કર્યું છે. જ્ઞાતાએ કેટલે અંશે જાણકારી મેળવી છે તેના આધારે આ વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જૈનો જ્ઞાનપ્રાપ્તિના વર્ગીકરણ માટે બીજો એક માપદંડ પણ વાપરે છે અને તે છે જ્ઞાન પ્રાપ્તિના માર્ગો. જૈનમીમાંસા જણાવે છે કે જ્ઞાન પ્રાપ્તિના મુખ્ય પાંચ માર્ગો છે. તેથી જ્ઞાનના પણ પાંચ વિભાગ પાડયા છે. તે આ પ્રમાણે છે :

**૧. મતિજ્ઞાન** **૨. શ્રુતજ્ઞાન** **૩. અવધિજ્ઞાન**
**૪. મનઃપર્યાય જ્ઞાન** **૫. કેવળજ્ઞાન**

પહેલા બે પ્રકારના જ્ઞાન - મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન - ઈન્દ્રિયો અને મનના માધ્યમથી થાય છે. તેથી જયારે સંબંધિત જ્ઞાનાવરણીય કર્મો દૂર થાય અને બાહ્ય પદાર્થો (અભ્યાસના વસ્તુવિષય)થી આપણી ઈન્દ્રિયો ઉદ્દીપ્ત થાય ત્યારે આ બંનેના સંયોગથી આપણે પદાર્થ અથવા કોઇ ઘટના (જ્ઞેય)થી વાકેફ થઈએ છીએ. ઈન્દ્રિયો તથા મનની સહાયથી થતું અનુભવલક્ષી જ્ઞાન તે મતિજ્ઞાન છે. ઈન્દ્રિયો બાહ્યસાધન છે અને મન અંતરંગ સાધન છે. કોઇ પદાર્થ અથવા ઘટના સાથે ઈન્દ્રિયોનો વર્તમાનકાળમાં બાહ્ય સંબંધ થાય ત્યારે મન ભૂતકાળમાં અનુભૂત વિષયનું સ્મરણ કરે છે, વર્તમાન અનુભવ સાથે તેનો સંબંધ બાંધે છે, અને તે પરથી ભાવિના વિકલ્પો કરે છે.

જે જ્ઞાન ભાષામાં ઊતરે તે શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાન મન અને ઈન્દ્રિયોની સહાયથી શબ્દ અને અર્થના બોધ સહિત થાય છે. શ્રુતજ્ઞાનના (૧) અંગપ્રવિષ્ટ અને (૨) અંગબાહ્ય એમ બે ભેદ છે. તીર્થંકરોના પ્રત્યક્ષ અનુયાયી ગણધરોએ તીર્થંકરવાણીની જે ગ્રંથરચના કરી તે અંગપ્રવિષ્ટ જ્ઞાન કહેવાય. તે પછીના કાળમાં આચાર્યોએ જિનવાણીનો બોધ આપવા ઘણાં ગ્રંથો રચ્યા અને ભાવિમાં પણ રચશે. તે નિર્મળ બુદ્ધિથી રચાયેલ શાસ્ત્રો અંગબાહ્ય જ્ઞાન કહેવાય.

ઈન્દ્રિયોના માધ્યમથી આ બંને પ્રકારનાં જ્ઞાન પ્રાપ્ત થાય છે, માટે તેને **પરોક્ષ** કે **પ્રાપ્યકારી** જ્ઞાન કહે છે. આપણી ઈન્દ્રિયો, પદાર્થની સ્થિતિ, જ્ઞાતાની સ્થિતિ વગેરે કેટલાંય પરિબળો આ જ્ઞાનને ઝડપથી અને સરળતાથી વિકૃત અને વિરૂપ કરી શકે છે. બીજી બાજુ છેલ્લા ત્રણ પ્રકારનાં જ્ઞાન - અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન અને કેવળજ્ઞાન - અતીન્દ્રિય હોવાથી **પ્રત્યક્ષ** અથવા **જન્મસિદ્ધ** જ્ઞાન છે. તેથી તે સરળતાથી વિરૂપ થતાં નથી. અને કેવળીના સંદર્ભે એ પૂર્ણ જ્ઞાન પણ હોય છે.

અનુભવલક્ષી જ્ઞાનના 'મતિજ્ઞાન' અને 'અક્ષરજ્ઞાન' કે 'શ્રુતજ્ઞાન' આ બે પ્રકારને પ્રાપ્યકારી જ્ઞાન કહે છે. તે જ્ઞાન સરળતાથી વિકૃત થઈ શકે તેવું છે, માટે આ જ્ઞાન માર્ગોનું વિશ્લેષણ કરવામાં જૈન દાર્શનિકોએ ખૂબ સમયશક્તિ વાપર્યા છે. હકીકતમાં વિવિધ પ્રકારની વિરૂપતાને અનુલક્ષીને તેમણે અનુભવલક્ષી જ્ઞાનના જુદા જુદા આશરે ૩૩૬ જેટલા પેટા વિભાગ પાડયા છે.

## અનુભવલક્ષી જ્ઞાન - મતિજ્ઞાન :

અનુભવલક્ષી જ્ઞાન ઈન્દ્રિયદર્શન અને મનની વિશ્લેષણાત્મક શક્તિ પર નિર્ભર છે. પાંચ ઈન્દ્રિય સંવેદના છે : દૃષ્ટિ, શ્રવણ, સ્પર્શ, ગંધ અને સ્વાદ. એ પાંચ સંવેદના પાંચ જ્ઞાનેન્દ્રિય પર અવલંબે છે. બીજી બાજુ મન મધ્યસ્થીનું કામ કરે છે. કેટલાક લોકો મનને ઈન્દ્રિય ગણતા નથી. તેથી તેને અનેન્દ્રિય કહે છે. અનુભવલક્ષી જ્ઞાનના ૩૩૬ પેટા વિભાગ છે. સ્થળમર્યાદાને કારણે એ દરેક પેટા વિભાગની સંપૂર્ણ ચર્ચા કરવી અહીં શક્ય નથી. નીચે દર્શાવેલ એક ઉદાહરણ દ્વારા આપણે જૈન ચિંતકોએ અપનાવેલ તાર્કિક અને વૈજ્ઞાનિક અભિગમને સમજવાનો પ્રયત્ન કરીએ. દા. ત. શ્રવણ ઈન્દ્રિય દ્વારા પ્રાપ્ત કરેલ જ્ઞાન. ધારોકે એક અંધારા ઓરડામાં તમે કોઈ અવાજ સાંભળ્યો. આ ઘટનાની પ્રક્રિયા એટલે કે શ્રવણ ઈન્દ્રિય દર્શન ચાર તબક્કામાંથી પસાર થાય છે :

૧. **પ્રારંભિક બોધ** : પદાર્થના અસ્તિત્ત્વલક્ષી લક્ષણનો બોધ
૨. **વિશિષ્ટ અન્વેષણ** : પ્રથમ તબક્કામાં પ્રાપ્ત કરેલ બોધ પરથી તારણ કાઢવું
૩. **સર્વગ્રાહી જ્ઞાનબોધ** : પદાર્થનું જ્ઞાન અથવા પદાર્થની નિશ્ચિત અને સ્પષ્ટ ઓળખ
૪. **સ્મૃતિમાં રેખાંકન** : જ્ઞાનનું સ્મૃતિમાં રેખાંકન કરી તેને સાચવી રાખવું

'પ્રારંભિક બોધ' એટલે પદાર્થના અસ્તિત્વલક્ષી ગુણોનો બોધ. તેમાં તે પદાર્થના અન્ય ગુણોની કોઈ પણ જાતની વિશેષ વિગત જાણકારી હોતી નથી. દા. ત. કોઈક પદાર્થમાંથી અસ્પષ્ટ અવાજ સંભળાયો. પ્રારંભિક દર્શનમાં આપણને ફક્ત આટલી જ જાણકારી થાય છે. પરંતુ પ્રારંભિક દર્શનના પગલે આપણે તે પછીનાં બે સોપાનો 'વિશિષ્ટ અન્વેષણ' અને 'સર્વગ્રાહી જ્ઞાનબોધ' માં પ્રવેશ કરીએ છીએ. વિશિષ્ટ જ્ઞાનના બીજા તબક્કે આપણું મન અનેક પ્રકારના ધ્વનિ વચ્ચે રહેલા સામ્ય અને ભેદનું વિશ્લેષણ શરૂ કરી દે છે (એ અવાજ પગરવનો હતો કે હોઠનો ફફડાટ કે ખંજવાળનો હતો?). અને તે

પછી પદાર્થના અવિદ્યમાન ગુણ (એ હોઠનો ફડફડાટ છે પણ પગરવ નથી એ વાત નક્કી) ની બાદબાકી કરીને વિદ્યમાન ગુણને આધારે એ શેનો અવાજ હતો તેનો નિર્ણય કરે છે. (આ માનવનો અવાજ છે તેથી રૂમમાં બીજું કોઇક હોવું જોઇએ.) છેલ્લા એટલે ચોથા તબક્કે જ્ઞાતા તેની સ્મૃતિમાં 'જ્ઞાનની આ છાપ' ને લાંબા સમય સુધી સાચવી રાખે છે. સ્મૃતિમાં સચવાયેલું આ જ્ઞાન અનુભવલક્ષી જ્ઞાન છે. બુદ્ધિ, સ્મરણ, તર્કશક્તિ, ઓળખાણ વગેરે નામોથી પણ તે ઓળખાય છે.

અન્ય ઈન્દ્રિયોની સહાયથી પ્રાપ્ત થતું અનુભવલક્ષી જ્ઞાન પણ આ ચારે સોપાનોમાંથી પસાર થાય છે. ઈન્દ્રિયો, જ્ઞાતાની મનઃસ્થિતિ, જ્ઞેયની સ્થિતિ વગેરે અનેક પરિબળો કોઈ પણ તબક્કે એ જ્ઞાનમાં વિકૃતિ પેદા કરે છે. અન્ય શબ્દોમાં કહીએ તો જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયામાં જ્ઞાતાની માનસિક ક્ષમતા અને જ્ઞેયની સ્થિતિ એ બંને પરિબળોની અસર જોવા મળે છે. તેને જ્ઞાતાનાં કર્મોની અસર પણ કહેવાય. દા. ત. એક જ માહિતીનો બોધ બે જ્ઞાતાને જુદી જુદી રીતે થાય છે. અને બંનેનાં અર્થઘટનમાં પણ તફાવત જોવા મળે છે. તેનું કારણ જ્ઞાતાના જીવ પર કાર્મિક પરમાણુઓનો પ્રભાવ. જે કર્મો અનુભવલક્ષી જ્ઞાનને પ્રગટ કરવામાં બાધારૂપ થાય તે અનુભવજ્ઞાનાવરણીય કર્મ તરીકે ઓળખાય છે.

આ રીતે પ્રાપ્ત કરેલા જ્ઞાન સાથે પરસ્પર વિરોધી દ્વંદ્વો જોડાયેલાં છે. દા. ત. એ જ્ઞાન ખોટું છે કે ખરું એ જ્ઞાતાની મનઃસ્થિતિ પર નિર્ભર કરે છે. જૈનશાસ્ત્રોમાં આવાં છ પરસ્પર વિરોધી દ્વંદ્વોનું વર્ણન છે. આમ, અનુભવલક્ષી જ્ઞાન દરેક ઈન્દ્રિય (૬) ના માધ્યમ દ્વારા, જ્ઞાનપ્રાપ્તિના દરેક તબક્કે (ચાર), છ પરસ્પર વિરોધી દ્વંદ્વો (બાર પ્રકારના આંર્તભાવો)માં થઈને સ્મૃતિમાં રેખાંકન, બુદ્ધિ અને સ્મૃતિના માર્ગે પસાર થાય છે. એમ અનુભવલક્ષી જ્ઞાનના ૨૮૮ (૬ ઈન્દ્રિયો × ૪ તબક્કા × ૧૨ આંર્તભાવો = ૨૮૮) પેટા વિભાગ થાય છે. અન્ય નાનાં મોટાં કારણે એ પેટા વિભાગોની સંખ્યા ૩૩૬ સુધી પહોંચે છે. અહીં આપણે તેની ચર્ચા કરી શકશું નહિ.

## શબ્દ કે અક્ષર આધારિત જ્ઞાન - શ્રુતજ્ઞાનઃ

વાચન, શ્રવણ કે ચિહ્નની મદદથી શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય છે. અમુક તબક્કે અક્ષર જ્ઞાનમાં પણ ભૂલો અને અસ્પષ્ટતા જોવા મળે છે. તેનું પહેલું કારણ એ કે મૂળ જ્ઞાતા કે માહિતી પ્રાપ્ત કરનાર પોતે જ કેવળી ન હોય તો પહેલે જ તબક્કે તેઓએ ઈન્દ્રિય દ્વારા ગ્રહણ કરેલું જ્ઞાન અશુદ્ધ કે અસ્પષ્ટ હોય છે. માહિતી ગ્રહણ કરનારના જ્ઞાનાવરણીય કર્મો તેમાં બાધારૂપ હોય છે. ત્યાર પછી તે પ્રાપ્ત-જ્ઞાનને શબ્દના અપૂર્ણ માધ્યમ દ્વારા વ્યક્ત કરવાનો જ્ઞાતા પ્રયાસ કરે છે. આ છે બીજો તબક્કો. તેમાં પણ ભૂલો અને અપૂર્ણતાની તમામ શક્યતાઓ રહેલી છે. તેથી એક વાત સ્પષ્ટ છે કે મૂળ જ્ઞાન વાચક કે શ્રાવક સુધી પહોંચે ત્યાં સુધીમાં બમણું અશુદ્ધ થઈ જાય છે. આમ, શ્રુતજ્ઞાનમાં મૂળભૂતરૂપે અશુદ્ધિ, અસ્પષ્ટતા અને અપૂર્ણતા રહેલી છે. એ હકીકતને ધ્યાનમાં રાખીને જૈન દાર્શનિકોએ આપણને હંમેશા ચેતવ્યા છે કે કોઇ પણ વિદ્વાન, પંડિત, ધર્મગુરુ, મુલ્લા, પાદરી કે રબ્બાઈની મૌખિક કે લેખિત વાણીને

પૂર્ણ સત્ય તરીકે સ્વીકારવાની ક્યારેય ભૂલ કરવી નહિ. જ્યાં સુધી આપણા તમામ ઘાતી કાર્મિક પરમાણુઓ ખરી ન પડે, અને કેવળી બની પૂર્ણ સત્યનું દર્શન કરીએ નહિ ત્યાં સુધી સત્યનું પૂર્ણ જ્ઞાન એ મનુષ્યની પહોંચની બહાર છે. તેથી કેવળી સિવાય અન્ય કોઇએ પ્રદાન કરેલું જ્ઞાન ગુરૂવાણી હોય કે ધર્મશાસ્ત્ર, પણ તે પૂર્ણ સત્ય તો હોઇ શકે જ નહી. તો હવે પ્રશ્ન એ ઊઠે છે કે તમામ શ્રુતજ્ઞાન અશુદ્ધ કે અપૂર્ણ હોય તો પછી ધર્મશાસ્ત્રો વિશે શું સમજવું ? શું ધર્મશાસ્ત્રો પૂર્ણ સત્યનું બયાન નથી ?

ધર્મશાસ્ત્રના રચયિતા સાંસારિક મનુષ્યો જ હોય છે. તેઓનો હંમેશા એવો દાવો હોય છે કે તેમનાં ધર્મગ્રંથોમાં દર્શાવેલું જ્ઞાન ઈશ્વરના અવતાર, ઈશ્વરના પુત્ર, અથવા સ્વયં પરમેશ્વરની અમૃતવાણી કે દિવ્યજ્ઞાન છે. તેથી તેમનાં ધર્મગ્રંથમાં પ્રબોધિત ઉપદેશ 'અપૌરુષેય સત્ય છે.' અને ધર્મગુરુઓ પણ 'અમે લોકોને એ અપૌરુષેય સત્યનો જ ઉપદેશ આપીએ છીએ' એવો દાવો કરતા હોય છે. પરંતુ એક વાત બરાબર સમજી લઈએ કે જો શાસ્ત્રના મૂળ લેખકે પોતાના તમામ ઘાતી કર્મોને દૂર કરી કેવળજ્ઞાનની દશા પ્રાપ્ત કરી ન હોય તો તેમણે લખેલ તમામ ગ્રંથોના જ્ઞાનમાં ઓછેવત્તે અંશે અશુદ્ધિ કે વિરુપતા તો હોવાની જ, કારણકે જ્ઞાનાવરણીય કર્મો તો તેમનો ભાગ ભજવવાનાં જ ને!

તદુપરાંત મૂળ સત્યદર્શનથી લેખક જેટલો દૂર જાય તેટલી શાસ્ત્રીય જ્ઞાનમાં તેના અંગત દષ્ટિબિંદુને કારણે વિરુપતા હોવાની. એક વાત સ્પષ્ટ છે કે જે લોકો પોતાના ધર્મશાસ્ત્રોને 'પૂર્ણ સત્ય' તરીકે ટાંકે છે તેમણે એક વાત સમજવી અત્યંત જરૂરી છે કે જેને તમે 'પૂર્ણ સત્ય' કહેવરાવો છો એ તમારા પોતાનાં શાબ્દિક કે લેખિત વિધાનો છે. અને એ તમારી અંગત સમજણ અને માન્યતાનું પ્રતિબિંબિ છે. લેખકની અંગત માન્યતા મૂળ સંદેશને અશુદ્ધ કરે તેવી પૂર્ણ સંભાવના રહેલી છે.

જૈનધર્મશાસ્ત્રો (આગમો) 'ઈશ્વરની દિવ્યવાણી' કે 'અપૌરુષેય સત્ય' હોવાનો દાવો કરતાં નથી. તીર્થંકરોના - કેવળીઓના મુક્ત વિશુદ્ધ જીવમાંથી જૈન આગમોનો ઉદ્‌ભવ થયો છે. આગમોનું ઉદ્‌ગમ સર્વજ્ઞતામાં છે. આગમોમાં લખેલૂં કેવળીપ્રબોધિત જ્ઞાન કદાચ સંપૂર્ણ ન હોય, પણ તે કેવળીઓએ આપ્યું હોવાથી પૂર્ણતાની લગોલગ તો હોઈ જ શકે! કેવળીના જ્ઞાનને ગ્રંથસ્થ કરનાર શિષ્યો જો સ્વયં કેવળી ન હોય તો સૈદ્ધાંતિક દષ્ટિએ તેમાં થોડીઘણી અનિશ્ચિતતા જોવા મળે એ શક્યતા ખરી. આ શક્યતાને સ્વીકારી જૈનોએ આગમોનું નીચે પ્રમાણે વર્ગીકરણ કર્યું છે :

૧. **અંગ આગમ** (મૂળ કે મુખ્ય ગ્રંથ) : મહાવીર ભગવાનના પ્રત્યક્ષ શિષ્યોએ -ગણધરોએ - સંકલન કરેલ કેવળજ્ઞાન પર આધારિત ગ્રંથો

૨. **અંગ બાહ્ય આગમ** (ગૌણ કે પૂરક ગ્રંથો) : વિદ્વાન અને તપસ્વી સાધુઓ(મહાવીરના પ્રત્યક્ષ શિષ્યો નહિ) રચિત ગ્રંથો. (જુઓ પ્રક.૨૦)

## અવધિજ્ઞાન :

હવે પછીના ત્રણ પ્રકારનાં જ્ઞાન પ્રત્યક્ષજ્ઞાન છે. એ ઈન્દ્રિય નિરપેક્ષ છે અર્થાત્ આપણી ઈન્દ્રિયોથી સ્વતંત્ર છે. તે ઈન્દ્રિયોને આધીન નથી. એ જીવમાંથી સહજ પ્રગટ થતું પ્રત્યક્ષ જ્ઞાન છે. તેથી તેને ઈન્દ્રિયોની સીમિતતા કે વિરુપતાનો પ્રશ્ન નડતો નથી. જીવમાં જ્ઞાન પહેલેથી જ રહેલું છે. વિશિષ્ટ જ્ઞાનાવરણીય કર્મોને દૂર કરીએ એટલે એ જ્ઞાન આપોઆપ પ્રગટ થાય છે. વ્યક્તિ, પદાર્થ કે ઘટનાના સીધા કે પ્રત્યક્ષ સંપર્કમાં ન હોવાં છતાં જેને જાણી શકીએ તેને અવધિજ્ઞાન કહે છે. અવધિજ્ઞાનને ઈન્દ્રિય, મન, દેશ, કાળ વગેરેનાં બંધનો નથી. અવધિજ્ઞાન જન્મસિદ્ધ હોય કે પ્રાપ્યકારી પણ હોઈ શકે. સ્વર્ગ કે નરકમાં જન્મ લેતાં જીવોમાં જન્મસિદ્ધ અવધિજ્ઞાન હોય છે. તો બીજી બાજુ આપણે મનુષ્યો તપ, સંયમ, ધ્યાનની દીર્ઘ સાધના દ્વારા અવધિજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય કરીને અવધિજ્ઞાન પ્રાપ્ત કરી શકીએ છીએ. જેટલા પ્રમાણમાં આ કર્મોનો ક્ષય થાય તે પ્રમાણે દૂર રહેલી ભૂત અને ભવિષ્યની વસ્તુ, વ્યક્તિ કે ઘટનાને અહીં બેઠા બેઠા તે જાણી શકે છે.

## મનઃપર્યાય જ્ઞાન :

શરીરમાં ભૂતનો પ્રવેશ થાય અને ભૂતદ્વારા તે બીજાનાં મનોભાવને જાણે તેવી આ વાત નથી. તપ અને સંયમ દ્વારા મનઃપર્યાયની શક્તિમાં બાધારૂપ કર્મોને દૂર કરી અન્ય લોકોના મન અને વિચારોને ઈન્દ્રિય કે બીજા કોઈ માધ્યમની સહાયતા વિના જાણી શકવું તેને મનઃપર્યાય જ્ઞાન કહે છે. મનઃપર્યાય જ્ઞાન બે પ્રકારના છે : સરળ અને જટિલ. સરળ મનઃપર્યાય જ્ઞાન સામાન્ય અને ઉપરછલ્લું હોય છે. અને તેનો વ્યાપ પણ મર્યાદિત છે. તેની સરખામણીમાં જટિલ મનઃ પર્યાય જ્ઞાન જટિલ મનોભાવોને પણ વાંચી શકે છે અને અન્ય લોકોનાં મનમાં ખૂબ ઊંડા ઊતરી શકે છે. સામાન્ય મનોભાવોનું વાંચન કેવળ વસ્તુ કે કર્મના વિચારો સાથે સંબંધિત છે, જ્યારે જટિલ મનોભાવોનું વાંચન એટલે સામી વ્યક્તિના મનની અંદર ઊંડા ઊતરી તેના વિચારોની પાછળ રહેલી તેની માન્યતાઓ અને આશયને પણ જાણવાં. જટિલ મનોભાવો વાંચવાની શક્તિ કેવળજ્ઞાન પ્રાપ્ત થાય ત્યાં સુધી ટકી રહે છે.


આવી શક્તિ ધરાવનારી વ્યક્તિ દુર્લભ હોય છે અને ભાગ્યે જ જોવા મળે છે. લગભગ તમામ જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય થયા પછી કેવળીના સોપાન સુધી પહોંચવા માટે તેઓનું એક જ સોપાન બાકી રહ્યું હોય છે. પૂર્વ જન્મોનાં કર્મોનું હળવું પોટલું સાથે લઈને આવ્યા હોય અને કઠોર તપ તથા સંયમથી સાધુ જીવન જીવતા હોય તે જ કેવળીના સોપાન સુધી પહોંચવાની આશા રાખી શકે.

## સર્વજ્ઞતા - કેવળજ્ઞાન :

ચાર પ્રકારના ઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારે જ આ સ્થાને જીવ પહોંચે છે. આ ગુણસ્થાને (તેરમાં ગુણસ્થાન) જીવ તમામ આસક્તિ કે વાસનાથી મુક્ત છે. નવાં કર્મબંધનનાં બધાં જ કારણો નષ્ટ થઈ

ગયાં છે, એટલે નવાં બંધનની હવે કોઈ શક્યતા રહી નથી. તે દશા કેવળીદશા કહેવાય છે. માત્ર કેવળી જ સંપૂર્ણ વિશુદ્ધિ અને અનંત સર્વજ્ઞતા પ્રાપ્ત કરી શકે છે, કારણકે તે જ્ઞાનાવરણીય કર્મો સહિત તમામ ઘાતી કાર્મિક પરમાણુઓથી મુક્ત છે. માત્ર કેવળી જ બહુમુખી સત્યનાં તમામ પાસાંને ગ્રહણ કરી શકે છે. કેવળીનું જ્ઞાન વિશુદ્ધ, નિરપેક્ષ, પૂર્ણ અને સમ્યક્જ્ઞાન છે. સિદ્ધો, અરિહંતો અને તીર્થંકરો આ સર્વોત્કૃષ્ટ ગુણસ્થાન સુધી પહોંચ્યા હતા. ઘાતી કર્મોનો ક્ષય કરી તીર્થંકરો કેવળ જ્ઞાન સુધી પહોંચ્યા હતા. પરંતુ અઘાતી કર્મોને કારણે શેષ આયુષ્ય પૂરું કરવા તેઓ જીવન જીવ્યા. તે દરમિયાન તેમણે મેળવેલા સત્ય જ્ઞાનનો લોકોને ઉપદેશ આપ્યો અને તેમને મુક્તિનો માર્ગ દર્શાવ્યો.

**જ્ઞાનનું વર્ગીકરણ**



ખંડ

# ૪

# ચતુર્થ ખંડઃ વર્તમાન સમસ્યા

# ચતુર્થ ખંડ: સારાંશ

આધ્યાત્મિક મૂલ્યોનો ક્ષય, યુદ્ધો, ગરીબી, પ્રાણીઓ પ્રત્યે આચરવામાં આવતી ક્રૂરતા, પર્યાવરણનું અવમૂલ્યન, ધર્માંધતા, રૂઢિવાદ અને ત્રાસવાદ જેવી અનેક સમસ્યાઓ આજે આપણી સંસ્કૃતિ માટે વિશેષ ચિંતાજનક બનતી જાય છે. આ વિવિધ સમસ્યાઓનું તર્કસંગતે નિરાકરણ કરવું એ આધુનિક ચિંતકો માટે સૌથી ગંભીર ચિંતાનો વિષય છે. આ વર્તમાન ચિંતાનું પ્રતિબિંબ સતત વિકસતા આધ્યાત્મિક મૂલ્યોમાં આપણને દેખાઇ આવે છે અને હકીકતમાં ૨૧ મી સદિના અભિનવ અધ્યાત્મની સાચી પરિભાષા થઈ છે. "મુક્ત ચિંતન, બુદ્ધિને કુઠિત કર્યા વિના શ્રદ્ધાને અનુમોદન, કેવળ માનવના જ નહિ પણ વનસ્પત્તિ અને પ્રાણીઓના અધિકારોનો પણ સ્વીકાર, વિશ્વ સ્વયં સંચાલિત છે એ હકીકતની સ્વીકૃતિ, પ્રકૃતિના વૈભવનું જતન અને વ્યક્તિ તેમજ વિશ્વની શાંતિ માટે મનને કટીબદ્ધ કરવું."

અહિંસા, અનેકાંતવાદ અને અપરિગ્રહ આ ત્રણ સિદ્ધાંતો જૈન જીવનશૈલી (સમ્યક્ ચારિત્ર)નું નિયમન કરે છે. આ જીવનશૈલીને અપનાવીએ તો આજની અમુક સમસ્યા આપોઆપ હલ થઈ શકે તેમ છે. જૈનોની પરોપકાર ભાવના, તમામ જીવો પ્રત્યે તેમનો દયાભાવ, પર્યાવરણ માટે કાળજી, સંઘર્ષ કે ભય વિના વિવિધ ધર્મો સાથે પરિસંવાદ કરવાની તૈયારી - આ વલણ જૈનોમાં પ્રાચીન સમયથી એકધારું જોવા મળે છે. તેથી આ ત્રણ સિદ્ધાંતોના અમલ માટે "સમકાલીન જૈનો તેમના દીર્ઘ અનુભવને કામે લગાડે અને વિવિધ ધર્મોની જાણકારી મેળવી આપણી જોખમગ્રસ્ત પૃથ્વીના અહિંસક સંરક્ષણ માટે સર્વધર્મ પરિસંવાદમાં એક નેતા અને પ્રેરણાદાયીની ભૂમિકા અદા કરે" તે માટે સમગ્ર વિશ્વ આજે જૈનોને નિમંત્રે છે. વૈશ્વિક શાંતિ, માનવી અને પ્રાણીઓના અધિકારો, સામાજિક તથા આર્થિક ન્યાય, સાંપ્રદાયિક દંગલોનું નિવારણ વગેરે પ્રક્રિયામાં જૈનો સક્રિયપણે ભાગ લે અને વિશ્વ સમક્ષ પુરવાર કરે કે આ પ્રાચીન જૈન ધર્મ અભિનવ અધ્યાત્મની સાથે પણ સંપૂર્ણ તાલમેલ ધરાવે છે. તેમની આવી સક્રિય ભૂમિકા જૈન ધર્મની અસ્મિતા અને ચેતનાને પુનઃ પ્રાપ્ત કરવામાં મદદરૂપ થઈ શકશે.

૧૨

# ૧૨. આધુનિક વિચારકો

## વર્તમાન વિશ્વ :

એકવીસમી સદીના આધુનિક ચિંતકોની સાચી પરિભાષા આપવા માટે તર્કબદ્ધ વિચારસરણીનો આગ્રહ અને સંસ્કૃતિના ભાવિ અંગે ચિંતા આ બે મુખ્ય ગુણો પર્યાપ્ત છે. આ બંને ગુણોના મૂળ આપણને છેલ્લાં ૪૦૦ વર્ષોમાં આધુનિક વિજ્ઞાને મેળવેલી અસાધારણ સફળતામાં જોવા મળે છે. આજે આપણે અપૂર્વ શારીરિક સુવિધા ભોગવી રહ્યા છીએ તે વિજ્ઞાનની મુક્ત અને તર્કબદ્ધ વિચારસરણીની ફળદાયી અસરનો બોલતો પુરાવો છે. પણ વિડંબણા તો જુઓ કે સામૂહિક હિંસા કરી શકાય એવાં વિનાશકારી શસ્ત્રોનું નિર્માણ કરવું, કુદરત પર વર્ચસ્વ સ્થાપવું અને પર્યાવરણનો નાશ કરવો એ માટેની આપણી અપૂર્વ ક્ષમતા એ પણ વિજ્ઞાનની સફળતાનો જ સ્પષ્ટ પુરાવો છે. વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યેનું આપણું વળગણ જો બેલગામ બનશે તો આપણી પૃથ્વીનું કાયમી નુકસાન અને આપણા ભાવિનો અંત - આ બંને જોખમ આપણા પર સતત ઝબુંબેલાં રહેશે.

આધુનિક યુગમાં આપણા જીવનનું મુખ્ય પરિબળ વિજ્ઞાન છે. પહેલાં એ સ્થાન ધર્મનું હતું. આ અસીમિત કલ્પનીય વૈજ્ઞાનિક પરિબળને વશમાં લઈ તેને કેવી રીતે યોગ્ય દિશામાં વાળી શકાય? શું સરકાર વિજ્ઞાનને વશમાં રાખી શકે? વિજ્ઞાનની હરણફાળને યોગ્ય દિશામાં વાળવા માટે શું ધર્મ માર્ગદર્શન આપી શકે? મારું માનવું છે કે સરકાર, ધર્મ કે અન્ય કોઈ પણ માધ્યમ દ્વારા વિજ્ઞાનને 'કાબૂમાં' કરવાનો કોઈ પણ પ્રયત્ન નિષ્ફળ જ જવાનો ! મારી આ માન્યતા કે નિરીક્ષણ માટે માનવ ઈતિહાસ સાક્ષી છે. વ્યક્તિ, સમાજ કે સંસ્થા પર પરાણે લાદેલાં નિયંત્રણો ક્યારેય ખાસ કામ કરી શક્યા નથી. ખાસ તો જ્યારે માનવી કે કોઇ દેશ સફળતાની ટોચ પર હોય ત્યારે તો આવા નિયંત્રણો વિફળ જ જાય છે. આધુનિક વિજ્ઞાન પણ હાલ આવા જ સફળતાના માર્ગ પર ઊભું છે અને સરકાર કે ધર્મસંસ્થાઓ હવે તેની ગતિને રોકી શકે તેમ નથી.

## વિજ્ઞાન અને ધર્મ વચ્ચે વિભાજન:

એક યુગ એવો હતો કે જ્યારે માનવીના વ્યવહાર પર ધર્મની સર્વોપરી સત્તાનું એકચક્રી શાસન હતું.

જીવન જીવવાના નિયમોની ઘોષણા કરીને અને નિયમનો ભંગ કરનારને શિક્ષા કરવા માટે એક વિસ્તૃત વ્યવસ્થા તંત્ર ઘડીને પોતાના અનુયાયી વર્ગ પર સંપૂર્ણ વર્ચસ્વ સ્થાપિત કરવામાં ધાર્મિક સત્તા સફળ નિવડી હતી. રાજ્ય પર ધર્મનું વર્ચસ્વ, ઈશ્વરની કૃપાદષ્ટિની આશા, સ્વર્ગની ખાતરી, નર્કનો ડર વગેરે કેટલાંય સાધનોનો ઉપયોગ કરી ધાર્મિક સત્તાએ મનુષ્યને દબાવી તેમને પોતાના વશમાં રાખવાના સફળ પ્રયત્નો કર્યા હતા. પરિણામે ધર્મની સત્તા સામે મનુષ્યની સ્વતંત્રતા, અધિકારો, અને મુક્ત સંકલ્પશક્તિ તદ્દન ગૌણ થઈ ગયાં. શ્રદ્ધાને બદલે તર્ક અને બુદ્ધિની તરફદારી કરનાર લોકોને ધાર્મિક સત્તાએ સજા કે મૃત્યુદંડ ફટકાર્યાના અનેક દષ્ટાંતો મોજૂદ છે. આ રીતે તેમણે પોતાની સર્વોપરી સત્તાનો લોકોને પરચો બતાવ્યો. જોકે, આશરે ૪૦૦ વર્ષ પૂર્વે યુરોપમાં વિજ્ઞાન અને ટેકનોલોજીએ મનુષ્યને ભૌતિક સુખસગવડ માટે સાધનો, જીવન જરૂરિયાતોને સંતોષવા માટે આર્થિક સ્વતંત્રતા અને પાદરીઓની દરમ્યાનગીરી વિના ઈશ્વર સાથે સીધો સંપર્ક સાધવા બાઈબલની છાપેલી પ્રત પૂરી પાડવાની શરૂઆત કરી દીધી હતી. તેથી ચર્ચના દબાણમાંથી છુટકારો મેળવી સમાજ પહેલી વાર સ્વતંત્ર અધિકાર સંપન્ન થયો અને આમ લાકોની મુકત વિચાર શક્તિને પ્રોત્સાહન મળ્યું. કેટલાક વૈજ્ઞાનિકોએ શ્રદ્ધા અને ચર્ચની સત્તાને પડકારવાની હામ ભીડી. તેમણે તર્ક, અનુભવ અને પ્રયોગનો રસ્તો અખત્યાર કરવાની લોકોને હિમાયત કરી. અને આ સાથે જ યુરોપમાં ચર્ચ અને વિજ્ઞાન વચ્ચે વિભાજનની શરૂઆત થઈ.

સમાજ પર ચર્ચની પકડના અંતની આ શરૂઆત હતી. ચર્ચના અંકુશમાંથી સૌ પ્રથમ રાજા/રાણીઓ સંચાલિત રાજયો બહાર આવ્યા. તેઓ પોતાની સત્તા પુનઃ સ્થાપિત કરવા માટે રાહ જ જોતાં હતાં. ત્યાર બાદ તરત જ વૈજ્ઞાનિક પ્રગતિએ જનસમાજને પણ અધિકાર સંપન્ન કર્યો અને તેમને મુકત અને તાર્કિક ચિંતનનું મહત્ત્વ દર્શાવ્યું. આ રીતે "મૃત્યુ પછી સ્વર્ગની પ્રવેશ ટિકિટ મેળવવા માટે ઈશ્વરમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખો" ચર્ચનો આ પાયારૂપ સંદેશ ધીરે ધીરે ગૌણ થતો ગયો. અને "અહીં પૃથ્વી પર જ આરામદાયક જીવન માટે ટિકિટ જોઈતી હોય તો કુદરત પર સંપૂર્ણ વર્ચસ્વ જમાવો." વિજ્ઞાનના આ સંદેશે ધર્મોપદેશનું સ્થાન લીધું. પરંતુ આવી વિચારસરણીના વિકાસથી એક દુર્ભાગ્યપૂર્ણ પરિણામ એ આવ્યું કે ધર્મે પ્રતિપાદન કરેલ આધ્યાત્મિક મૂલ્યો ધીરે ધીરે ઘસાતાં ગયાં અને લોભ, સત્તા, ભૌતિકવાદ જેવી નિમ્નવૃત્તિઓએ માનવસમાજને ભરડામાં લીધો. ધર્મ અને વિજ્ઞાનના સંઘર્ષથી પાશ્ચાત્ય સમાજનું બે વર્ગોમાં ધ્રુવીકરણ થઈ ગયું. એક વર્ગે આધુનિક સમાજની તમામ આપત્તિ માટે વિજ્ઞાનને દોષી ઠરાવી <u>મરણોત્તર જીવન</u> પર લક્ષ્ય કેન્દ્રિત રાખ્યું. અને બીજા વર્ગે મનુષ્યની સંકલ્પશક્તિની સ્વતંત્રતાને દબાવી દેવા માટે ધર્મને દોષી ઠેરાવી <u>વર્તમાન જીવનમાં જ સુખ અને સંતોષ પામવા</u> પર લક્ષ્ય કેન્દ્રિત કર્યું. આ બેમાંથી એક પણ વર્ગને પૃથ્વીના ભાવિ માટે કોઈ ચિંતા કે નિસ્બત હોય તેમ લાગતું નથી.

આવા સામસામા દોષારોપણોથી તો માનવ દુઃખમાં વૃદ્ધિ કરવા સિવાય અન્ય કાંઇ થયું નથી. ઉલટું પર્યાવરણનું અવમૂલ્યન, વધતા જતા અપરાધો, જાતિય અને સાંપ્રદાયિક ધૃણા, અણુયુદ્ધની ભૂતાવળ, આર્થિક શોષણ જેવી અનેક સમસ્યાઓનો ખડકલો પૃથ્વી પર થયો છે. આજે સંઘર્ષની નહિ પણ

સહકારની આપણને જરૂર છે. દુર્ભાગ્યે વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય કરવાના પ્રયાસો અને સહકાર એ હજી પણ પશ્ચિમ જગતમાં એક ભ્રામકતા જ લાગે છે. બંને પક્ષે, વેગીલા અને અતિ ઝનૂની લોકો, સામા પક્ષ પ્રત્યે ઉદારભાવ દર્શાવવા આજે પણ તૈયાર નથી.

> એક તરફ વૈજ્ઞાનિક ભૌતિકવાદીઓ તેમનાં અન્વેષણમાં આત્માના અસ્તિત્વને નકારે કે ઉપેક્ષા કરે છે, જ્યારે બીજી બાજુ ધાર્મિક જુસ્સો આધ્યાત્મિક વૈવિધ્ય તરફ વેગથી આગળ ધપીને ભૌતિક વૈવિધ્યનો અનાદર કરે છે. આ વલણ આપણને ઘડિયાળના લોલકની જેમ ડોલાયમાન વિશ્વદર્શન કરાવે છે. અને તેને કારણ આધ્યાત્મિક અને ભૌતિક તત્ત્વનું સમ્યક્‌રૂપે દર્શન અને ચિંતન કરવા આપણે અસમર્થ બની જઈએ છીએ.
>
> **નથમલ ટાંટીયા, *That Which Is, તત્ત્વાર્થસૂત્રં*, Harper Collins Publisher, San Francisco, 1994**

ધર્મનું લક્ષ્ય મોટે ભાગે મરણોત્તર જીવન સાથે સંકળાયેલું છે, જ્યારે વિજ્ઞાનનો વ્યવહાર ભૌતિક જરૂરિયાતો અને વર્તમાન જીવન સાથે છે. પરંતુ આજે આધ્યાત્મિક મૂલ્યોનો વિજ્ઞાનની બૌદ્ધિક અને તાર્કિક ફિલસૂફી સાથે સમન્વય કરવાની આપણી ક્ષમતા પર જ આપણી પૃથ્વીનું અસ્તિત્ત્વ નિર્ભર છે. પૃથ્વી પરની તમામ આપત્તિ માટે વિજ્ઞાન પર દોષનો ટોપલો ઢોળી પોતાનું વર્ચસ્વ ફરી જમાવવાનો ચર્ચનો પ્રયાસ કે નૈતિક ચેતવણીઓનો અનાદર કરી કેવળ ભૌતિક પ્રકૃતિ પર પોતાનું સંપૂર્ણ પ્રભુત્ત્વ દર્શાવવાનો વિજ્ઞાનનો પ્રયાસ – એ બંને અંતે નિષ્ફળતામાં જ પરિણમશે અને તેના ફળસ્વરૂપ આપણા સૌને માટે ખુવારી જ હોઈ શકે.

## વર્તમાન સમસ્યા

સમકાલીન વિશ્વની અમુક સમસ્યાઓ વર્તમાન જીવનની છે. તેમાંની કેટલીક વૈશ્વિક છે, અમુક સ્થાનિક છે, જ્યારે કેટલીક અતિશય અંગત છે. અમુક સમસ્યાઓ તો આપણી સાથે લાંબા સમયથી જોડાયેલી છે પણ હમણાં તે વધારે વકરી છે. તેના ઉપાય સરળ નથી અને એ તમામ સમસ્યાઓ માટે જૈન ધર્મ પાસે કોઈ રામબાણ ઈલાજ છે એવી વાત નથી. જોકે, એમાંની ઘણી સમસ્યાને હલ કરવા માટે જૈન ધર્મનો દીર્ઘ ઈતિહાસ, દીર્ઘ અનુભવ અને તેની સમૃદ્ધ ફિલસૂફીને કારણે જૈન ધર્મ આગવી રીતે સુસજ્જ છે. સમકાલીન જૈનો અને આ સમસ્યા વિશે ચિંતિત લોકો જો જૈન ઈતિહાસમાંથી બોધપાઠ લે તો આજની આ મુશ્કેલ પરિસ્થિતિમાં ફરક લાવી શકે. ૨૧મી સદીમાં આપણી સમક્ષ જે સમસ્યાઓ છે તેનું થોડું વિહંગાવલોકન હવે આપણે કરી લઈએ :

### ***આધ્યાત્મિક મૂલ્યો :***

આજે પાદરી, પંડિત, રબ્બાઈ, મુલ્લા, સુરી કે સાધુ એ બધાની એક સર્વ સામાન્ય ફરિયાદ છે કે "આજના સમાજને આધ્યાત્મિક વિષયમાં સહેજે રસ નથી. બાળકોને રવિવારે ચર્ચમાં, પાઠશાળામાં કે મદરેસામાં જવું ગમતું નથી અને માબાપને તે બાબતની કોઈ પરવા નથી." લોકોમાંથી શ્રદ્ધા અને ધર્મનિષ્ઠા દિવસે દિવસે ઓસરતા જાય છે તે વાત ખરી છે અને એ હકીકત ધાર્મિક સંસ્થા માટે

પડકારરૂપ છે.* પાદરીઓ અને પંડિતો માટે તે ગંભીર ચિંતાનો વિષય બની ગયો છે. પરંતુ દેવળ, દેરાસર, મસ્જિદ વગેરેમાં લોકો જાય છે કે નહિ તેમ જ બાળકો રવિવારની પાઠશાળામાં જાય છે કે નહિ વગેરેની ચિંતા કરવી જરૂરી છે? આધુનિક વિશ્વ માટે આ ગંભીર સમસ્યાનો વિષય ગણાય ખરો? આવી ચિંતાનો કોઈ અર્થ છે ખરો? શું આ બાબતો ખરા અર્થમાં અધ્યાત્મિક છે? અને શું આવા અધ્યાત્મને નુકસાન થવાથી આપણે ચિંતિત થવું જોઈએ? (પ્ર. ૧૩)

### *યુદ્ધો :*

જૂના જમાનામાં મનુષ્યો યુદ્ધ નહોતા લડતા કે એકબીજાને મારી નાખતા નહોતા એવી કોઇ વાત નથી. હકીકતમાં ત્યારે મનુષ્યો યુદ્ધની કળામાં પારંગત હતા. કુહાડા, ભાલા અને તલવાર જેવાં અણઘડ આયુધોથી આપણે ધર્મયુદ્ધો ખેલતા, દેશ-પરદેશ પર આક્રમણ કરતા અને અન્ય સંસ્કૃતિને ભૂંસી નાખવાનો પ્રયત્ન કરતા જ હતા. પણ ૨૦ મી સદીમાં તો આપણે શક્તિશાળી અને ઘાતક મશીનો - બૉમ્બ મિસાઇલ અને મશીનગન - ની શોધ કરી. ૨૦ મી સદીએ હિટલરના રૂપમાં લાલસા, ધર્માંધતા અને મિથ્યાભિમાનને મૂર્તિમાન પણ કરી બતાવ્યાં. આજે આપણી પાસે જે શસ્ત્રસરંજામનો પૂરવઠો ઉપલબ્ધ છે તે જો હિટલર જેવા માણસને હાથવગો હોત તો તેણે સમગ્ર પૃથ્વીને પણ ફૂંકી નાખી હોત. ૨૧મી સદી હિટલરની પ્રતિકૃતિ પેદા નહિ જ કરે એની કોઈ ખાતરી આપણી પાસે નથી. આ પુસ્તક લખાઈ રહ્યું છે ત્યારે વિશ્વના વિવિધ ભાગોમાં ત્રીસેક જેટલા મહાવિગ્રહો અને યુદ્ધો ખેલાઈ રહ્યાં છે (અમેરિકાની સેના આવા યુદ્ધ વિસ્તારને 'લશ્કરી સંગ્રામની રંગભૂમિ' કહી યુદ્ધ એટલે જાણે એક રમત જ છે એમ માને છે). પૅન્ટેગોન અને ન્યૂયોર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર પણ હમણાંજ (૧૧/૯/૨૦૦૨ના દિવસે) ઘાતક હુમલાની કરુણ ઘટના બની ગઇ.

### *ગરીબી :*

વિજ્ઞાન અને ટેકનોલોજીએ આપણને વિપુલ સંપત્તિ ઊભી કરવા સાધનસામગ્રી અને ક્ષમતા બંને આપ્યાં છે. પહેલાં કરતાં આજે આપણી પાસે અનેકગણો વધારે ખાદ્યપદાર્થનો પૂરવઠો, વધારે માલમત્તા અને વધારે સંપત્તિ જોવાં મળે છે. મનુષ્યે પોતાના કલાકૌશલથી પૂર્વે કદી અનુભવી કે જોઇ પણ ન હોય તેવી સુખસગવડો અને આરામદાયક જીવનશૈલીનું નિર્માણ કર્યું છે. પણ આ વાત આપણે દુનિયાની દુ:ખી અને પીડિત માતાઓ તેમજ ભૂખમરાથી પીડાતાં બાળકો સમક્ષ ઉચ્ચારી શકશું? મુંબઇ, હોંગકોંગ,

* સદીયોથી ચાલી આવતાં રૂઢિવાદનું અચાનક પડી ભાંગવું અને વિજ્ઞાનની પ્રગતિને પગલે મનુષ્યમાં જાગેલી લાલસા - આ બંને હકીકતોએ સમગ્ર વિશ્વને નિષ્ફળતા અને અવ્યવસ્થામાં ઘેરી લીધું છે. સમાજમાં થઇ રહેલ વૈચારિક ક્રાંતિથી અજ્ઞાત કેટલાક રૂઢિચુસ્ત ધર્મગુરૂઓ પોતાની સત્તા ખોઇ બેસવાના ભયને કારણે આતંકવાદ, હિંસક લડત અને શાસ્ત્રોના વિચિત્ર અર્થઘટનનો માર્ગ અપનાવે છે. અવનવાં પ્રચાર સાધનો દ્વારા પોતાના અનુયાયીઓને ધર્મની છત્રછાયામાં પાછાં ખેંચી લાવવાના પ્રયાસો કેટલાક સંગઠિત ધર્મોએ શરૂ કરી દીધા છે. તેને કારણે એક તરફ પ્રસ્થાપિત ધર્મો પ્રત્યે બુદ્ધિજીવીઓની ઉદાસીનતા તો બીજી તરફ ધર્માંધ લોકોનું સંગઠિત ધર્મોતરફ વધતું વળગણ આવો વિચિત્ર વિરોધાભાસ આજે આપણને જોવા મળે છે. પણ તે છતાં એક વાત નિશ્ચિત કે આ ખળભળાટ અને ઉત્પાતમાંથી માનવઅધિકારની આશા જગાવતા અભિનવ અધ્યાત્મવાદનો ઉદય થઇ રહ્યો છે. (પ્ર. ૧૩)

સીડની, લંડન, ટોરન્ટો, ન્યૂયોર્ક જેવાં ઝાકઝમાળ શહેરોમાં અને ધનવાન રાષ્ટ્રોમાં રસ્તે રઝળતાં ભિખારીઓના ગળે એ વાત ઉતારી શકશું? આટઆટલી વૈજ્ઞાનિક સિદ્ધિઓ છતાં એ લોકોનાં દુ:ખમાં હજી કેમ કાંઈ ફરક પડયો નથી? તેનું કારણ શું?

## *પર્યાવરણનું અવમૂલ્યન :*

આજે વિશ્વનાં સમૃદ્ધ અને ધનવાન રાષ્ટ્રોને પૃથ્વીનું વધતું જતું તાપમાન અને ઓઝોનના પડમાં છિદ્ર આ બે વિશે વિશેષ ચિંતા છે, જયારે નૂતન ઔદ્યોગિક રાષ્ટ્રોને પીવાના પાણી અને સ્વચ્છ હવાની તંગી એ બે વિષે ચિંતા છે. ગરીબ દેશોને તેમનો પ્રાકૃતિક વૈભવ અને કુદરતી સાધન સામગ્રી ઝડપથી ખૂટી જવાની ચિંતા સતાવે છે. પૃથ્વી પર પર્યાવરણ એટલું ખરાબ થયું છે કે પૃથ્વી આપણો ભાર હવે ઝીલી શકશે કે નહિ એની ચિંતા અને માનવીના સ્વાસ્થનો વિચાર કરવાનો વખત આવ્યો છે. આમ કેમ બન્યું? શું માનવ એટલો બુદ્ધિહીન છે કે તે પોતાની જાતને જ મિટાવી દે?

## *રૂઢિચુસ્તવાદ : ધાર્મિક, રાજકીય અને સૈદ્ધાંતિક :*

બહોળા પ્રમાણમાં સમકાલીન ચિંતકો બિનસાંપ્રાદાયિક વિચારસરણી તરફ વળતાં જાય છે. તો પરંપરાગત ધર્મોના ચુસ્ત રૂઢિવાદીઓ હિંસક વિચારસરણીનો આશ્રય લેતા થયા છે. યોગાનુયોગ આ લખાઇ રહ્યું હતું ત્યારે જ મારા કમ્પ્યુટર પર નિમ્ન સમાચાર ચમક્યા :

**મુલ્લા મોહમ્મદ ઓમરે ફતવો બહાર પાડયો છે કે અફઘાનિસ્તાનમાં સોળ સૈકાથી પણ વધારે પ્રાચીન ખડકમાંથી કોતરેલી બે ભવ્ય વિશાળ બુદ્ધપ્રતિમાઓ સહિત દરેક મૂર્તિનો નાશ કરી નાખવો. તાલીબાનોએ કહ્યું કે આ ફતવો ઈસ્લામિક કાનૂનના આધારે બહાર પાડવામાં આવે છે. તાલીબાન એ મુસ્લિમ કટ્ટરપંથીઓનું સંગઠન છે અને હાલ અફઘાનિસ્તાનના ૯૦ % સામ્રાજ્ય પર વર્ચસ્વ જમાવીને બેઠું છે. (સી.બી.સી. ન્યૂઝ ઓનલાઈન સ્ટાફ)**

## *પ્રાણી પ્રત્યે ક્રૂરતા :*

સમકાલીન ચિંતકોના માનસપટ પર આ સમસ્યા હવે જલ્દીથી આવી રહી છે. વિશ્વના અનેક ભાગોમાં હેલિકોપ્ટરમાંથી હાઈ પાવરની બંદૂક વડે જંગલમાં નિરાંતે ફરતાં જંગલી પ્રાણીના ઓચિંતા શિકારને 'રમત'નું રૂપાળું નામ અને દરજ્જો આપવામાં આવ્યો છે. તે જ પ્રમાણે લાખો ગાયો, ઘેટાં, બકરા, અને મરઘાંને તેમનાં અલ્પ જીવન દરમિયાન સાંકડાં નાનકડાં પિંજરાંમાં ત્રાસદાયક રીતે જીવાડી અંતે મારી નાખવાની ક્રુરતાને 'ફાર્મીંગ'નું નામ અને વિશાળ જાળ પાથરીને એક જ સપાટામાં હજારો માછલીઓ પકડવી, કે જન્મતાની સાથે દરિયામાંથી બહાર આવતાં સિલ - બચ્ચાંને લાકડીથી ફટકારીને મારી નાખવાને 'હાર્વેસ્ટીંગ' જેવાં રૂપાળાં નામ આપવામાં આવ્યાં છે. આવાં ''રમતગમતના મેદાન'' કે ''ફાર્મહાઉસ'' ની જો આપ મુલાકાત લો તો આ રૂપાળાં નામો પાછળ છૂપાયેલ ક્રૂરતાના કટુ સત્યની નોંધ તમારી નજરમાંથી છટકી શકે નહિ. અરે! કોઈ વાર નજરે જુઓ તો ખરાં કે બે બે દિવસની ઉંમરનાં હજારો નવજાત મરઘીનાં બચ્ચાંને પ્રાણીજન્ય ખોરાક બનાવવા માટે ગ્રાંઈડરમાં કેવી રીતે

જીવતાં ભૂંજી નાખવામાં આવે છે! કે પંદર દિવસની ઉંમરનાં કુમળા મરઘાંનાં બચ્ચાંની ચાંચને કેવી રીતે ખચ્ચ્ કરીને કાપી નાખવામાં આવે છે જેથી તેઓ એકમેકને ચંચૂપ્રહાર ન કરી શકે! તે બિચારાં ૧૪"×૧૪" નાં સાંકડાં પિંજરામાં શેષ જીવન જીવે છે. આવી તો કેટકેટલી ક્રૂરતા આચરવામાં આવે છે તેની કલ્પના પણ કરી શકાય નહિ.

## *વૈશ્વિકરણ :*

વૈશ્વિકરણની સમસ્યાના બે મહત્વના સ્વરૂપો છે. એક તરફ વૈશ્વિકરણ વિશ્વનાં રાષ્ટ્રો અને ખંડો વચ્ચે લોકોનું સ્થળાંતર અને તેમના વચ્ચે આદાનપ્રદાનનો સંકેત કરે છે. સંદેશવ્યવહાર અને પરિવહનનાં આધુનિક સાધનોને કારણે આ બધું હવે વારંવાર થઈ શકે છે. આ સંદર્ભે વિશ્વ ખરેખર એક 'વૈશ્વિક ગામ' બની ગયું છે. વૈશ્વિકરણના આ સ્વરૂપની શરૂઆત થઇ તેને ૫૦-૬૦ વર્ષો થયા અને આજે આપણે કેવળ તે સ્વરૂપને જ વૈશ્વિકરણ તરીકે જાણીએ છીએ. આવા સ્વરૂપમાં વૈશ્વિકરણ સારું હોઈ શકે. સ્થળાંતરને લગતી કેટલીક સમસ્યાઓ મોટેભાગે બહુમતિ-લઘુમતિના મુદ્દા સાથે જોડાયેલી છે, અને તેમાં ખાસ કરીને ભય, જાતિયવાદ અને ધર્માંધતા મુખ્ય ભાગ ભજવે છે. આવાં વલણને કારણે એકબીજાના દેશમાં વસતા નવા પરદેશવાસીઓને અકથ્ય મુશ્કેલીઓ વેઠવી પડે છે. જોકે, શિક્ષણ અને સંસ્કૃતિના આદાનપ્રદાનથી અને આપણાં મનોવલણમાં પરિવર્તન લાવવાથી આ સમસ્યાઓ હલ થઈ શકે ખરી.

બીજી બાજુ વૈશ્વિકરણનું બીજું સ્વરૂપ એટલે 'ન્યાયી વ્યાપાર પદ્ધતિ' ના નામે ગરીબ દેશોની પ્રાકૃતિક અને માનવીય સાધનસામગ્રીનું શોષણ કરવા માટે બહુરાષ્ટ્રીય નિગમોનો ઝડપથી વધતો જતો પ્રસાર! બહુરાષ્ટ્રીય નિગમો દ્વારા શોષણની સમસ્યા એકદમ જટિલ બનતી જાય છે. તે ગરીબ દેશ કે જનતાને સ્થાયી નુકસાન પહોંચાડી શકે તેવી છે. આવાં વૈશ્વિકરણનાં પરિબળો વિરુદ્ધ સ્વદેશીકરણની પ્રતિક્રિયા જોવામાં આવે છે પણ તેનાં પરિણામો નકારાત્મક પણ આવી શકે.

## *કુટુંબોનું વિઘટન :*

પાશ્ચાત્ય દેશોમાં આ સમસ્યા દિવસે દિવસે ગંભીર બનતી જાય છે અને પૌર્વાત્ય સંસ્કૃતિઓ પણ તેનાથી અસર મુક્ત નથી. ઘણા જૈનો પરદેશમાં સ્થાયી થયા છે. ત્યાની સ્થાનિક સમસ્યાઓને કારણે તેમનાં કુટુંબોમાં અનેક પ્રકારનાં તણાવ ઊભા થાય છે. ધીરે ધીરે સંયુક્ત કુટુંબમાંથી વિભક્ત કુટુંબ અને છેવટે કુટુંબ જ નહિ, એ પરિસ્થિતિ સર્જાતી જાય છે. આ પરિવર્તન સામાજિક વૈજ્ઞાનિકો માટે સંશોધન અને ઊંડા અભ્યાસનો વિષય બની ગયો છે.

### *નૈતિક સમસ્યા :*

આજે સમાજની સમક્ષ પળે પળે કેટકેટલી નૈતિક સમસ્યાઓ ઊભી થતી જાય છે. કેટલાક ધર્મ એમ માને છે કે આ નૈતિક સમસ્યાઓ સંપૂર્ણપણે કેવળ તેમના જ અધિકાર ક્ષેત્રમાં આવે છે. તેથી તેઓ ઘણી વાર નવા ફરમાન, પ્રચારપત્રિકાઓ અને ફતવાઓ બહાર પાડે છે. ધર્મગુરૂઓના આ નવા આદેશોને તે તે ધર્મસમાજના ભીરુ લોકો ક્યારેક ડરના માર્યા તો ક્યારેક રોષ કે નામરજીથી સ્વીકારી લે ત્યાં સુધી પરિસ્થિતિ ચિંતાજનક નથી. પણ ઘણી વાર આવા આદેશો સંવેદનશીલ કટોકટીનું નિર્માણ કરે છે અને સ્થાપિત ધર્મગુરૂઓથી ભિન્ન મત ધરાવનારાઓને સંઘ છોડવાની ફરજ પાડે છે. સ્ત્રી-પુરુષની સમાનતા, સમલિંગી લગ્ન અને તેમના હકક, ઈચ્છામૃત્યુ, મૃત્યુદંડ, વૈજ્ઞાનિક સંશોધન કે પ્રયોગ માટે પ્રાણીઓનો ઉપયોગ, જાતિય પરિવર્તન, ક્લોનિંગ, અણુશસ્ત્રો, રાજકારણમાં ધર્મનું વર્ચસ્વ જેવી અનેક સમસ્યાઓ સમકાલીન ચિંતકોને માટે પડકારરૂપ છે. તો બીજી બાજુ યુવાનોની નિજી સમસ્યાઓ છે. સમવયસ્કોનું દબાણ અને માતાપિતાનાં સંસ્કાર એ બંને પરિબળો તેમને પરસ્પર વિરોધી દિશામાં ખેંચી જાય છે. દારૂ અને ડ્રગ્સ, લગ્ન પૂર્વે જાતિય સુખ અને ગર્ભપાત વગેરે સમસ્યાઓની તીવ્રતા સ્થળ અને સંસ્કૃતિ પ્રમાણે ઓછેવત્તે અંશે જોવા મળે છે. આ સમસ્યાઓ એવી છે કે જેનો આજ નહિ તો કાલ, દરેક દેશમાં અને દરેક સંસ્કૃતિએ સર્વથા સચોટપણે સામનો કરવાનો વારો આવશે જ. શું ધાર્મિક સત્તાઓ ફતવાઓ બહાર પાડીને આ સમસ્યાઓને હલ કરી શકશે? આવી વ્યક્તિગત સમસ્યા હલ કરવા શું જૈન ધર્મ પાસે કોઈ ખાસ દૃષ્ટિકોણ છે ખરો?

## સમીક્ષા

આજે આપણી સંસ્કૃતિ જે સમસ્યાઓનો સામનો કરી રહી છે તેની ઉપર્યુક્ત યાદી કેવળ આંશિક છે. આ સમસ્યાઓ દેખીતી રીતે ભલે જુદી લાગે પણ તેનું પૃથક્કરણ કરવાથી એક વાત નજરે ચડે છે કે એ બધાને જોડતી છે એક જ સામાન્ય કડી; અને તે છે આસક્તિ! ક્રોધ, માન, માયા અને લોભ (જૈનો જેને ચાર કષાય કહે છે), એ વાસનિક પરિબળો આ સમસ્યાઓનું પ્રેરક બળ છે. યુદ્ધ, આર્થિક સત્તા, ગરીબી, પ્રાણી પ્રત્યે ક્રૂરતા, પર્યાવરણનું અવમૂલ્યન વગેરે વિવિધ સમસ્યાઓનું પોષક બળ સત્તાની લાલસા કે સંપત્તિ માટેની ભૂખ છે. ધર્મ, રાજકીય વિચારસરણી, જાતિ, રંગ, સંસ્કૃતિ વગેરેનું મિથ્યાભિમાન આપણને આપણાથી સ્હેજ પણ અલગ લાગે તેવી અપરિચિત વ્યક્તિની ઉપેક્ષા કે અવગણના કરવા માટે પ્રોત્સાહન આપે છે. તેવે વખતે ભય, ક્રોધ કે પ્રકોપ એ જ સામાન્યપણે આપણી પ્રતિક્રિયા હોવાની! આમ, પૃથક્કરણના અંતે તમામ નૈતિક સમસ્યાઓના મૂળમાં પણ મુખ્યત્વે કષાય કે વાસના જ જોવા મળે છે. તેથી આ પ્રબળ મનોભાવોનું ઉર્ધ્વીકરણ જ્ઞાન અને દક્ષતામાં થાય એ જરૂરી છે. વાસના આપણા મન પર કબજો જમાવે તેના કરતાં આપણે વાસનાને વશમાં રાખવાનો પ્રયત્ન કરીએ તો મોટા ભાગની સમસ્યા આપોઆપ હલ થઈ જશે. આ વિષયમાં જૈનો પાસે વિશિષ્ટ કોઠાસૂઝ છે પણ આ સમસ્યાઓને જૈનો હાથ ધરશે? જૈન ધર્મ આ સમસ્યાને હલ કરવામાં શું પ્રદાન કરી શકે?

## આંદોલન:

જગતમાં કેટલીય વ્યક્તિઓ અને કેટલીય સંસ્થાઓ વિશ્વની સાંપ્રત સમસ્યાઓને પોતપોતાની રીતે હલ કરવાના પ્રયાસ કરી રહી છે. જેમ કે સમસ્યાને લગતાં પુસ્તકોના પ્રકાશનો, અધિવેશનો, સંમેલનો, જાહેર રસ્તા પર નારાબાજી કે પ્રદર્શનો વગેરેનો આશરો લે છે. વળી ક્યારેક પોતાના રોષ કે નિરાશાને ઠાલવવા હિંસક યુક્તિપ્રયુક્તિ પણ તેઓ અજમાવે છે. આવા પ્રયાસોને 'આંદોલન કે ચળવળ' કહે છે. આંદોલન વિરોધી સ્થાપિત હિત ધરાવતા લોકો પોતાનું સ્થાન યથાવત્ જાળવી રાખવાના હેતુથી આંદોલનકારોનું નકારાત્મક ચિત્ર યુવા ઉદ્દામમતવાદી, હિંસક, સ્વચ્છંદી, અશિષ્ટ, અરાજકતાવાદી તરીકે દોરે છે. પણ આંદોલનકારો આવું શા માટે કરે છે? તેનો ઉત્તર સરળ છે. તેમના વિશ્વની બગડતી સ્થિતિ પર તેઓ રોષ અને અસંતોષ ઠાલવતા હોય છે. આ આંદોલનકારોને એમ લાગે છે કે 'સમાજે તેમને મતાધિકારથી વંચિત કર્યા છે'. તેથી તેમના આંદોલન નિષ્ફળ અને નિરાશામય બને છે. બીજું તો ખાસ કાંઈ તેઓ કરી શકતા નથી. તેથી વાડ તોડી નાખવી, સત્તાના પ્રતીક સમા ધ્વજ, બસ કે ઠાઠડી બાળવી વગેરે કામો કરે છે. આ રીતે તેમના અર્થપૂર્ણ પ્રયત્નો પણ છેવટે તો દુર્ભાગ્યપૂર્ણ પ્રતિકાર અને નિરાશામાં જ પરિણમે છે. તેમ છતાં તેમની ચિંતા અને લાગણી પ્રામાણિક છે, અને તે પુરસ્કાર કરતા હોય છે તે સંસ્કૃતિને સ્પર્શતા સમસ્યાઓ, જટિલ તથા વાસ્તવિક હોય છે. આ સમસ્યાઓ સામે જો આપણે પહેલેથીજ રચનાત્મક પગલાં નહિ લઇએ તો આપણી આ પૃથ્વીનું ભાવિ ઘણું જોખમી બનતું જશે અને પરિણામો ગંભીર નીવડશે એ હકીકત નિઃશંક છે.

*'રચનાત્મક પગલાં'* આ શબ્દપ્રયોગ દ્વારા આપણે ખરેખર શું કહેવા માગીએ છીએ તે સમજવાનો પહેલાં પ્રયત્ન કરીએ. વિરોધપ્રદર્શનો, સંગઠનો, સંમેલનો, જાહેર નારાબાજી વગેરે રીતો આંદોલનકારો અજમાવે છે પણ તેની સકારાત્મક અને નકારાત્મક બંને અસરો જોવા મળે છે. એક બાજુ આવી ટેકનિક વાપરીને લોકોનું ધ્યાન સમસ્યા પર કેન્દ્રિત કરી તે વિષે લોકોમાં જાગૃતિ લાવી શકાય છે. જો તેમનું આંદોલન હિંસક કે વરવું રૂપ ન લે તો તેઓ વધુ લોકોને પોતાના ઉમદા હેતુ તરફ આકર્ષી શકે છે. આ છે આંદોલનની ઉજળી બાજુ.

પરંતુ આંદોલન જેવી ટેકનિકોથી ખાસ કાંઈ હેતુ સરતો નથી, કારણકે તેનો સંદેશ મોટે ભાગે નકારાત્મક બની જતો હોય છે. જે સંસ્થા કે લોકોની વિરુદ્ધ આંદોલન કરવામાં આવે છે તેમને તો પોતાનું સ્થાન યેનકેનપ્રકારેણ યથાવત્ જાળવી રાખવામાં જ રસ હોય છે. આવાં આંદોલનથી તેમનામાં અપરાધી ભાવનું નિર્માણ થાય છે. પરંતુ એ અપરાધી ભાવને છૂપાવવા યુક્તિપૂર્વક તેઓ લોકોને ગુમરાહ કરે તેવી તાત્કાલિક પ્રતિક્રિયા આપે છે. જેમ કે, 'લોકોનું શ્રેય કે સામાજિક કલ્યાણ' જેવા લાંબા ગાળાના રચનાત્મક ઉપાયોની

**સંસ્કૃતિને સ્પર્શતા સમસ્યાઓ જટિલ તથા વાસ્તવિક છે. આ સમસ્યાઓ સામે જો આપણે પહેલેથીજ રચનાત્મક પગલાં નહિ લઇએ તો આપણી આ પૃથ્વીનું ભાવિ ઘણું જોખમી છે અને પરિણામો ગંભીર નિવડશે એ હકીકત નિઃશંક છે.**

ઉપેક્ષા કરી રક્ષાત્મક વલણનો મુખવટો પહેરી વળતો પ્રહાર કરવો. મોટે ભાગે શસ્ત્રઉદ્યોગ (શાંતિ આંદોલન), માંસઉદ્યોગ (શાકાહારી આંદોલન), આર્થિક મહાસત્તા (ગરીબી હટાવોઆંદોલન), સંગઠીત મુખ્ય ધર્મો (સર્વધર્મ સમભાવ આંદોલન) આવી મહાન સંસ્થાઓ અને નિગમોના અગ્રણી ઘણા શક્તિશાળી અને પ્રભાવી હોય છે. પરિવર્તનનો વિરોધ કરવા માટે સત્તા અને લાગવગની મદદથી તેઓ આંદોલનને કચરી નાખવાના પ્રયત્નો કરે છે અને તેમ ન કરી શકે તો પણ વિફળ જરૂર કરી શકે છે.

આવા કોઈ પણ આંદોલનની સફળતાનો આધાર તેના નેતાની ક્ષમતા પર છે. પ્રભાવી નેતા પોતાની વ્યુહરચના સમયે સમયે બદલતા રહે છે. બીજામાં અપરાધની ભાવના જન્માવવાના નકારાત્મક શસ્ત્રને એક બાજુ મૂકી તેઓ 'સાથે મળીને કામ કરીએ' એ સકારાત્મક અભિગમને સ્વીકારે છે. આમ, નકારાત્મક શસ્ત્રને તેઓ સકારાત્મક શસ્ત્રમાં પલટી નાખે છે. મહાત્મા ગાંધીએ આ 'ગિયર બદલવાની' ટેકનિકનો ખૂબ સફળતાપૂર્વક વિનિયોગ કર્યો. તેમની ચળવળ સ્વતંત્રતા માટે હતી. અને તેમના પ્રતિદ્વંદ્વી તરીકે ભારત દેશનું આર્થિક શોષણ કરવાનું સ્થાપિત હિત ધરાવનાર એક શક્તિશાળી બ્રિટિશ રાજ્ય હતું. મહાત્મા ગાંધી તેમના અનુયાયીઓને જાહેર રસ્તા પર શાંતિપૂર્ણ કૂચ, વિરોધ સંમેલનો, જાહેર પ્રદર્શનો વગેરે માટે વારંવાર પ્રોત્સાહન આપતા. આવી દરેક ઘટનાએ ભારતવાસીઓમાં આઝાદીના ઉમદા હેતુ માટે જાગૃતિ લાવવાનું સુંદર કામ કર્યું. અને આ રીતે કેટલાય લોકો આ ચળવળ તરફ આકર્ષાયા. ગાંધીજીની આવી દરેક કરામત બ્રિટીશ શાસકોને વિમાસણમાં મૂકી દેતી અને વળતી પ્રતિક્રિયારૂપે તેઓ ચળવળવાદીઓ પર ક્રૂર બળપ્રયોગ કરતા. શાસકોના બળથી અને ક્રૂરતાથી લોકોની ચળવળ વરવું રૂપ લેવા માંડે કે તરત ગાંધીજી તેમને અચાનક હાકલ કરતા કે જાહેર નિદર્શનો અને રસ્તા પરની તમામ પ્રવૃત્તિ બંધ કરી દો. બ્રિટીશ શાસનની ક્રુરતા વિરુદ્ધ તેઓ સૌજન્યશીલ બ્રિટીશ નાગરીકોને ફરિયાદ કરતા અને સરકારને વાર્તાલાપ માટે નિમંત્રણ આપતા. આમ 'કભી આંદોલન તો કભી પરિસંવાદ'નો ઉપયોગ કરી ગાંધીજી તેમનું કાર્ય આગળ ધપાવતા. આજના આધુનિક ચળવળકારો રચનાત્મક પગલાં ભરી સમાજના ઉદ્ધાર માટે કંઈક કરી છૂટવા માગતા હોય તો ગાંધીજીની આવી કાર્યપ્રણાલીમાંથી બોધપાઠ લઇને ઝડપી પરિણામ જરૂર મેળવી શકે.

**પ્રભાવી નેતા પોતાની વ્યુહરચના સમયે સમયે બદલતા રહે છે. બીજામાં અપરાધની ભાવના જન્માવવાના નકારાત્મક શસ્ત્રને એક બાજુ મૂકી તેઓ 'સાથે મળીને કામ કરીએ' એ સકારાત્મક અભિગમને સ્વીકારે છે. આમ, નકારાત્મક શસ્ત્રને તેઓ સકારાત્મક શસ્ત્રમાં પલટી નાખે છે.**

## સર્વધર્મ પરિસંવાદ આંદોલન:

'ધાર્મિક અસહિષ્ણુતા અને કટ્ટરપંથ' આ એક સમસ્યાને ઉદાહરણરૂપે લઇ તેને સમજવાનો આપણે પ્રયાસ કરીએ. માનવ ઈતિહાસમાં ડોકિયું કરતાં જણાય છે કે મોટા ભાગના વિગ્રહો કે યુદ્ધોના મૂળમાં આ જ એક સમસ્યા રહેલી છે. વિશ્વમાં ચોમેર ખેલાઈ રહેલાં અનેક વર્તમાન યુદ્ધનાં મૂળમાં પણ આ

જ સમસ્યા જોવા મળે છે. ન્યુયોર્કમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર કે નવી દિલ્હીમાં સંસદ ભવન પર ત્રાસવાદી હુમલા તેનાં જીવતાંજાગતાં ઉદાહરણ છે. છેલ્લા દાયકામાં પૂર્વના દેશોમાંથી અનેક લોકો સ્થળાંતર કરી પશ્ચિમના ખ્રિસ્તી દેશોમાં સ્થાયી થયા છે. ત્યાં મોટે ભાગે તેમના પાડોશીઓ ઈતર ધર્મીઓ હોય છે. આ એક હકીકતે પશ્ચિમ જગતના રૂઢિચુસ્ત ખ્રિસ્તીઓમાં કંઈક અંશે ચિંતા જગાડી છે. તે વરવું રૂપ ધારણ કરી અંતે ઘૃણામાં પરિણમી છે.

વિભિન્ન ધાર્મિક સંપ્રદાયોને પણ સાચા ધર્મ તરીકે સ્વીકારવાની પ્રક્રિયા યહૂદી-ખ્રિસ્તી પરંપરામાં અનેક સદીઓ પૂર્વે શરૂ તો થઈ ગઈ પણ તેમાં આજ સુધી કોઈ વિશેષ પ્રગતિ જોવા મળતી નથી. સર્વમાનવધર્મનો દાવો કરી, માત્ર ખ્રિસ્તી ધર્મ જ સાચો ધર્મ છે એવું ખ્રિસ્તીઓએ ઘોષિત કર્યું તો બીજી બાજુ યહુદીઓનો દાવો અલગતાનો છે. જન્મે જે યહૂદી નથી તેને માટે યહૂદી ધર્મના દ્વાર તેમણે બંધ કરી દીધા. ફળસ્વરૂપે આ બંને પરંપરાગત ધર્મો ઈતર ધર્મની કોઈ પણ વ્યક્તિ સાથે આદરપૂર્ણ વાર્તાલાપ માટે ખુલ્લું અને નિખાલસ માનસ ધરાવતા નથી. ધર્માંતર એ ખ્રિસ્તી ધર્મનું મુખ્ય મિશન સદીઓ સુધી રહ્યું હતું. અન્ય ધર્મોના અનુયાયીઓનું તેમના તથાકથિત સાચા ધર્મમાં પરિવર્તન કરવાનું કામ તેઓ સૈકાઓ સુધી કરતા રહ્યા. તદ્દુપરાંત તેમના તથાકથિત સાચા ધર્મના અનુયાયીઓએ જ્યારે પણ ચર્ચના ઉપદેશને પડકારવાની હામ ભીડી ત્યારે ધર્મસત્તાએ તેમની ધર્મમાંથી હકાલપટ્ટી કરી-અને તેમને મૂળથી ઉખેડી નાખ્યા.

ધાર્મિક સુધારણાના યુગ દરમિયાન યુરોપમાં ખ્રિસ્તી ધર્મનું આવું કટ્ટર વલણ થોડુંઘણું કૂણું પડવા માંડ્યું. ૧૫૫૫ માં ઓસબર્ગના રાજકુંવરે પ્રજાને તેમનો સંપ્રદાય (કેથોલિક કે લ્યૂથેરિયન) પાળવા માટે પરવાનગી આપી . જોકે, તે સિવાયના અન્ય ખ્રિસ્તી સંપ્રદાયો (કેલ્વેનિસ્ટ, હટ્ટેરાઈટ)ની સતામણી તો ચાલુ જ રહી. જ્હોન લોક (John Locke) જેવા પ્રબુદ્ધ ફિલસૂફે પણ નાસ્તિકો પ્રત્યે સંપૂર્ણપણે અસહિષ્ણુ વલણ દાખવવાની જ હિમાયત કરી હતી. તેમ છતાં કટ્ટરપંથી વલણને ધીરે ધીરે ઘસારો લાગતો ગયો (દા.ત. બ્રિટનના વિલિયમ અને મેરીના કાયદા, ૧૬૮૯). વિવિધ ધર્મોને માન્યતા આપવી કે તેનો સ્વીકાર કરવો એ બાબતે યુરોપ થોડું ધીમું હતું પણ હકીકત તો એ છે કે યુરોપમાં ધાર્મિક સતામણીને કારણે ત્યાંથી સ્થળાંતર કરી અમેરિકામાં સ્થાયી થયેલા નિરાશ્રિતો અમેરિકામાં વિવિધ ધર્મને માન્યતા આપવાની પ્રક્રિયાને ઝડપી બનાવી શક્યા હોત. પણ આ નવા ઈમીગ્રન્ટોને જ્યારે ત્યાંના 'આદિવાસી' - (જેમને તેઓ 'જંગલી' કહેતા તો ક્યારેક 'ઉમરાવ જંગલી' કહેતા) કે ત્યાંની મૂળ પ્રજા સાથે રહેવાનો પ્રસંગ ઊભો થયો ત્યારે તેમણે પણ એ આદિવાસીઓની પદ્ધતિસર સતામણી શરૂ કરી. અને તેમના તાબાની જમીન પચાવી પાડી ( આ બધું ૧૯૬૦ સુધી ચાલુ રહ્યું). ટૂંકમાં તેમણે પણ ખ્રિસ્તી ધર્મના નામે સામૂહિક હત્યાનું જ કામ કર્યું.

ઉપર દર્શાવેલ મધ્ય-પૂર્વમાં જન્મેલ ધર્મજૂથ પૈકી ઈસ્લામ એ ત્રીજો મહાન ધર્મ છે. તેનો ઉદય મધ્ય

પૂર્વમાં થયો હતો. સદીઓથી ચાલી રહેલા ધાર્મિક હુલ્લડો બાદ હવે ઈસ્લામ ધર્મમાં પણ થોડુંઘણું પરિવર્તન આવી રહ્યું છે પણ પરિવર્તન પ્રગતિ ઘણી ધીમી છે. કટ્ટરપંથી મુલ્લાઓ તો આજે પણ વિશ્વના અનેક ભાગોમાં સશસ્ત્ર યુદ્ધપ્રવૃત્તિમાં રાચે છે. જોકે, સુશિક્ષિત અને જાગૃત મુસ્લિમો સર્વધર્મ પરિસંવાદોમાં ભાગ લેવા આગળ આવી રહ્યા છે. પણ મુસ્લિમ રૂઢિવાદ અને કોમવાદી અત્યાચારોમાં બ્રિટીશ, ફ્રેંચ, અને સ્પેનીશ સામ્રાજયકરણની અસરો હજી પણ તેમનો ભાગ ભજવી રહી છે. ઉત્તર આફ્રિકાના અનેક દેશોમાં તેમ જ અફઘાનિસ્તાન, પાકિસ્તાન જેવાં અન્ય દેશોમાં તેની અસર સ્પષ્ટપણે *જોવા મળે છે. ઐતિહાસિક દૃષ્ટિએ એક રસપ્રદ હકીકતની નોંધ લઈએ. ખ્રિસ્તી, ઈસ્લામ અને યહૂદી* - આ ત્રણે મધ્યપૂર્વના મહાન ધર્મો ‘સાચો ધર્મ’ હોવાનો દાવો કરે છે તેમના દરેકના ધર્મયુદ્ધનો ઈતિહાસ પણ બહુ લાંબો છે. કેવી આશ્ચર્યજનક વિડંબના કે એજ ત્રણે મહાન ધર્મો, જેનું ઉદ્‌ગમ સ્થાન મધ્યપૂર્વ છે, આજે તે હિંસાનું આશ્રયસ્થાન છે અને હિંસક પ્રવૃત્તિમાં રાચે છે.

બૌદ્ધ, જૈન અને હિંદુ - આ અન્ય ત્રણ મહાન ધર્મોનું ઉદ્‌ગમ સ્થાન ભારતીય પેટાખંડ છે. ધાર્મિક હિંસા તેમણે બહુ ઓછા પ્રમાણમાં જોઈ છે. બ્રહ્મ ધર્મના ઉદયથી લઈને છેલ્લાં ૩૫૦૦ વર્ષ દરમિયાન બ્રહ્મ ધર્મ (હિંદુ ધર્મનું મૂળ) અને શ્રમણ ધર્મ (બૌદ્ધ અને જૈન ધમોર્નું મૂળ) વચ્ચે પ્રસંગોપાત્ત હિંસા જોવા મળી એ વાત સાચી, પણ મોટે ભાગે તેમના વચ્ચેનો સંઘર્ષ વિવિધ તાત્ત્વિક સંપ્રદાયોના પંડિતો વચ્ચે તાત્ત્વિક વાદવિવાદ અને ધાર્મિક પરિસંવાદના સ્વરૂપે જ જોવા મળે છે. પરંતુ નજીકના ભૂતકાળમાં ભારતીય પેટા ખંડમાં ઈસ્લામનું આગમન થતાં ત્યાં હિંસક દંગલો વધી ગયાં છે અને તેને કારણે સર્વધર્મ પરિસંવાદની સદીઓ પુરાણી ભારતીય પરંપરાને ગંભીર ફટકો પડયો છે.

પણ હવે વિશ્વનો મોટો ભાગ વિભિન્ન ધર્મો સાથે સમજૂતી કે સમાધાનકારી વલણ ઝંખે છે. અન્ય સંપ્રદાયો સાથે જ નહિ પણ અન્ય ધાર્મિક પરંપરા સાથે પણ વિશ્વ નિખાલસ પરિસંવાદ ઝંખે છે. દિલ્હી કે ન્યૂયોર્ક, ટોકિયો કે ટોરોન્ટો અને લંડન કે લોસએન્જિલસ - આ તમામ આધુનિક શહેરો ખૂબ ઝડપથી બહુધર્મીય બનતા જાય છે. આ શહેરોમાં વિવિધ કોમોએ એક વાત શોધી કાઢી છે કે અવિચારી ધિક્કાર કે નિરર્થક ઘૃણા માટે ખોટાં બહાનાં શોધવાં તેનાં કરતાં પોતાના જ આધ્યાત્મિક વારસાની વિશેષ કદર અને વૈશ્વિક વૈવિધ્ય અંગે જાગૃતિ માટે ધાર્મિક મતભેદો ઉમદી તક પૂરી પાડે છે એમ સમજી વિવિધ ધર્મો અને ધાર્મિક મતભેદોને મનથી આવકારવા જોઈએ.

હિંસક ધર્મયુદ્ધોથી શાંતિપૂર્ણ પરિસંવાદ તરફના આ પરિવર્તને ‘સાર્વજનિક કલ્યાણ’ ના ઉમદા હેતુને આગળ ધપાવ્યો છે. જે લોકો *‘રચનાત્મક પગલા ભરી કંઈક કરવા’* માગે છે તેમણે હિંસાને બદલે વાર્તાલાપ તરફ ગિયર બદલવું, અન્યને શરમિંદા કરવાને બદલે તેમનાં દૃષ્ટિકોણનો આદર કરવો, આવા અસરકારક પરિવર્તન માટે સૌ પ્રથમ શરૂઆત પોતાનાથી કરવી જોઈએ.

સાંપ્રત સમસ્યાઓનું મૂળ કારણ 'વાસના' (આસક્તિ કે કષાય) છે. એ સમજદારી સાથે - તેમજ હિંસક યુદ્ધોને બદલે શાંતિપૂર્ણ પરિસંવાદ તરફ વળવું - આ બે મુખ્ય અસરકારક પરિવર્તનના સંદર્ભે સાંપ્રત સમસ્યાના ઉકેલ માટે વૈશ્વિક પ્રયાસો થઈ રહ્યા છે તેમાં જૈનો મહત્ત્વની ભૂમિકા અદા કરી શકે. આભાર માનો જૈનોની આજ સુધી ટકી રહેલી અહિંસા, અનેકાંતવાદ અને અપરિગ્રહ પ્રેરિત પ્રતિબદ્ધતાનો તથા અહિંસા અને અનેકાંતવાદની જૈન પરંપરાનો! બિનવિવાદાસ્પદ, બહુમુખીય પરિસંવાદ માટે જૈનોમાં કુશળતા અને કોઠાસૂઝ છે. બહુધર્મ અને આંતર્ધર્મની નવોદિત ચળવળમાં પોતાની અમૂલ્ય કોઠાસૂઝનો લાભ આપવાની જૈનોને આ એક ઉત્તમ તક મળી છે એટલું જ નહિ પણ તે તેમનું પરમ કર્તવ્ય પણ છે. ખાસ તો ગુજરાતનો શક્તિશાળી અને સમૃદ્ધ જૈનસમાજ ગુજરાતના માથે હાલમાં લાગેલ હિંદુ-મુસલમાન દંગલનો કલંક ધોઇ નાખવાનું આદરણીય કાર્ય નેતૃત્વ લઇને બજાવી શકે છે.

**બિનવિવાદાસ્પદ, બહુમુખીય પરિસંવાદ માટે જૈનોમાં કુશળતા અને કોઠાસૂઝ છે. બહુધર્મ અને આંતર્ધર્મની નવોદિત ચળવળમાં પોતાની અમૂલ્ય કોઠાસૂઝનો લાભ આપવાની જૈનોને આ એક ઉત્તમ તક મળી છે એટલું જ નહિ પણ તે તેમનું પરમ કર્તવ્ય પણ છે.**

૧૩

# ૧૩. અભિનવ અધ્યાત્મવાદ

પ્રકરણ ૧૨માં જણાવ્યા પ્રમાણે 'પરંપરાગત આધ્યાત્મિક મૂલ્યોની ઉત્તરોત્તર અવનતિ' - એ આપણા આધુનિક સમાજ માટે એક બહુ મોટો પડકાર છે. એ પ્રકરણમાં આપણે એક પ્રશ્ન પણ ઉપસ્થિત કર્યો કે શું આવાં આધ્યાત્મિક મૂલ્યોની અવનતિ આધુનિક ચિંતકો માટે ચિંતાનો વિષય ખરો? આ વાક્ચાતુર્યભર્યા પ્રશ્નનો ઉત્તર આપણે તત્કાળ આપી શકીએ નહિ. તે માટે સૌ પ્રથમ આપણે એ જાણવું જરૂરી છે કે 'અધ્યાત્મ' એટલે શું ? 'અધ્યાત્મ' શબ્દના અર્થમાં વર્ષોથી ધીરેધીરે કેવી રીતે પરિવર્તન આવતું ગયું ? વર્તમાન પેઢી 'અધ્યાત્મ' શબ્દને કઈ દૃષ્ટિથી જુએ છે? અને અધ્યાત્મનો વિકાસ કેવી રીતે થાય ?

## અધ્યાત્મ

અધ્યાત્મની પરિભાષા માનવ ઈતિહાસમાં આજ સુધી સતત બદલાતી રહી છે અને ભવિષ્યમાં પણ બદલાતી રહેશે. કેટલાક મહાન પુરુષોએ સુખનું મૂળ અને જીવની ઓળખનું ઉદ્ગમ શોધવા માટે સાધના કરી. તેના ફળસ્વરૂપ કેટલાક ધાર્મિક વિચારોનો ઉદ્ભવ થયો. આ મહાન પુરુષોએ, સામાજિક સદાચરણ દ્વારા સમગ્ર માનવજાતિને સામર્થ્ય અને સુખ મેળવવામાં ઉપકારક એવા નૈતિક આચારના નિયમો ઘડયા. માનવ વ્યક્તિત્ત્વના સુષુપ્ત સામર્થ્યના પૂર્ણ વિકાસ માટે ખાસ ઘડાયેલા આ નીતિનિયમોથી અધ્યાત્મની પરિભાષા ઘડાઈ. સુખની શોધ કરનાર અનેક લોકો એ આવા વિવિધ મહાન પુરુષોના પગલાંને અનુસર્યા અને એ લોકોએ પોતાને વિવિધ ધર્મોમાં સંગઠિત કર્યા.

ત્યાર પછી સામાન્ય જનસમુદાયને એ નિયમોનું પાલન કરાવવામાં અને અધ્યાત્મ જીવન જીવવામાં તેમને મદદરૂપ થવા માટે અમુક લોકોનો એક નવો વર્ગ ઊભો થયો. એ હતો પોતાને પુનિત માનનારા પાદરીઓ, પંડિતો, સાધુઓ, મુલ્લાઓ અને રબ્બાઈઓનો નવો વર્ગ. એ લોકો બન્યા સમાજના નવા નેતાઓ. લોકોને અધ્યાત્મ માર્ગે દોરી સમાજને સુખી કરવાની જવાબદારી હવે આ વર્ગની હતી. પરંતુ કેટલીક વાર સામાન્ય લોકો આ નેતાઓએ આપેલા નીતિનિયમોનું પાલન કરતા નહિ; એટલું જ નહિ પણ ક્યારેક તો ધર્મગુરૂની સત્તાને પણ પડકારતા. આવા પડકારો નેતાઓને માન્ય ન હોવાથી અનેકવાર ઘોષણાપત્ર બહાર પાડી આ ધર્મગુરૂઓ પોતાની પ્રતિક્રિયા જાહેર કરતા અને "નિયમોનું

પાલન નહિ કરવાથી આકરા પરિણામ આવશે'' એવી ચેતવણી આપતા. આમ ધીરે ધીરે ધર્મસંસ્થાપકોએ ઘડેલા નીતિ-નિયમોનું પરિવર્તન નીતિના કાયદામાં થતું ગયું.

આ કાયદાઓ મોટેભાગે વિરોધાભાસી હતા. જોકે, પૂર્ણ માનવ વિકાસનો નિર્દેશ કરે એવી કોઠાસૂઝ આ કાયદામાં જોવા મળતી પણ આ કાયદાઓ મોટેભાગે વર્ણ, આશ્રમ, જાતિ વગેરેના આધારે માનવ વર્તનનું નિયમન કરતા હતા. કાયદો બને ત્યારે તેનો અમલ પણ જરૂરી હોય. તેથી કાયદાનું ઉલંઘન કરનાર માટે શાસનતંત્ર અને ત્રાસદાયક સજાઓ - જેવીકે ધર્મમાંથી હકાલપટ્ટી, શારીરિક દંડ, ત્રાસ, મૃત્યદંડ, શાશ્વત નરકનો ભય, વગેરે - તે કાયદાઓની સાથે સાથે અસ્તિત્વમાં આવ્યા. આમ, 'ધાર્મિક નિયમો અને ધાર્મિક સત્તાનું પાલન' આવો એક નવો અર્થ અધ્યાત્મવાદે હવે ધારણ કર્યો. નીતિ નિયમોનું ક્રમશઃ પરિવર્તન કાયદામાં થતા આ પરિવર્તનની સ્પષ્ટ અસર એ થઈ કેઃ ''માનવ વ્યક્તિત્ત્વના પૂર્ણ વિકાસને રુંધી નાખવો.'' આમ ધીરે ધીરે ધાર્મિક સત્તાની સામે માનવ અધિકારો અને રાજ્યના અધિકારો પણ ગૌણ બની ગયા.

## માનવ અધિકાર :

આશરે ૪૦૦ વર્ષ પૂર્વે વિજ્ઞાન અને ટેકનોલોજીએ ધર્મના આ સર્વાધિકારને પડકારવાની શરૂઆત કરી ત્યાં સુધી પશ્ચિમમાં ધાર્મિક સંસ્થાઓ સંપૂર્ણ સત્તા અને અધિકાર ભોગવતી રહી. અધ્યાત્મવાદની નવી પરિભાષા આપવામાં વિજ્ઞાનના આ પડકારો ખૂબ મદદરૂપ થયા. વિજ્ઞાને તાર્કિક મુક્ત ચિંતન માટે લોકોને પ્રેરણાબળ આપ્યું અને સાથે સાથે મુદ્રણાલયોએ ધર્મગ્રંથ બાઈબલ જનસમાજને હાથવગો કરી આપ્યો. તેને કારણે સંપૂર્ણ શ્રદ્ધાની અપેક્ષા પર આધારિત ધર્મગુરૂઓની સત્તા ધીમે ધીમે નબળી પડતી ગઈ. અધ્યાત્મવાદ એટલે 'પોતાનું સુષુપ્ત સામર્થ્ય પ્રાપ્ત કરવા માટે મનુષ્યને સહાયભૂત થવું' આ મૂળભૂત અર્થ અધ્યાત્મવાદે ફરી પ્રાપ્ત કર્યો. ધાર્મિક સંસ્થાઓની સત્તા નબળી પડવાનો લાભ સૌ પ્રથમ 'રાજ્ય'ને મળ્યો. ચર્ચના અંકુશમાંથી રાજ્ય પોતાને મુક્ત કરી શક્યું. હવે ૨૦ મી સદીમાં તો 'આધુનિક રાજ્ય' ની પરિભાષા ''ધાર્મિક સત્તાની કોઈ પણ દરમિયાનગિરી કે દખલથી સંપૂર્ણપણે મુક્ત રાજ્ય'' એ પ્રમાણે આપવામાં આવે છે. આજે આપણે ૨૧ મી શતાબ્દી માં પ્રવેશ કરી રહ્યા છીએ ત્યારે, દીર્ઘ કાળથી માનવ અધિકારને કૂચલી નાખતું ધર્મસંસ્થાઓનું નિયંત્રણ તંત્ર પણ હવે લગભગ નબળું પડી ગયું છે. પ્રગતિશીલ દેશોમાં આવું નિયંત્રણ ગેરકાનૂની માનવામાં આવે છે. માનવ હવે વધારે સ્વતંત્ર બન્યો છે અને માનવ હૃદયમાંથી 'શાશ્વત નરક'નો ડર હવે નીકળી રહ્યો છે.

આધુનિક વલણ મનુષ્યની વ્યક્તિગત જવાબદારી તરફ વળે છે. અર્થાત્ દરેક વ્યક્તિ પોતાના નિજી નૈતિક સિદ્ધાંતો અને અંતરાત્માને ઘડે, અને તે અનુસાર જીવન જીવે એવી અપેક્ષા રાખે છે. આજે માનવી પોતાના હક અને અધિકાર પરત્વે જાગૃત થતો જાય છે. તેણે સરકાર, ધર્મ અને કોમ પાસેથી તેના નિયંત્રણની સત્તા ખૂંચવી લીધી છે. આ રીતે માનવ અધિકારને પ્રાથમિકતા મળી છે. આમ ફરી

એક વાર અધ્યાત્મની પરિભાષા બદલાય છે. પારસ્પરિક સંબંધો અને માનવ અધિકારની ભાષામાં હવે અધ્યાત્મવાદની પરિભાષા આપવામાં આવે છે. મનુષ્ય પોતાની પસંદગીનો ધર્મ અપનાવે, પોતાના અંતરાત્માને અનુસાર તેનું પાલન કરે તથા પોતાને જે ઈષ્ટદેવમાં શ્રદ્ધા હોય તેનાં પૂજાપાઠ વગેરે કરે એ માનવ અધિકાર છે અને તેને સામાન્ય સ્વીકૃતિ હવે મળી છે. જે સરકાર અધિકૃત ધર્મને અનુસરવાની લોકોને ફરજ પાડે, દબાણ કરે કે નાગરિકો પાસે તે માટે આગ્રહ રાખે અને એમ નહિ કરો તો શિક્ષા થશે એવો ડર બતાવે તે સરકારનો વિશ્વના અન્ય દેશો દ્વારા સામાજિક બહિષ્કાર કરવામાં આવે છે. અધ્યાત્મવાદ હવે ધર્મનિરપેક્ષ બની ગયો છે. માનવીની સુષુપ્ત શક્તિના સંપૂર્ણ વિકાસને આદરણીય દરજ્જો અને પ્રમુખ ઉદ્દેશ ગણવામાં આવે છે. આ પરિવર્તનના સંકેતો - માનવ અધિકારને પોષતો વૈશ્વિક અધ્યાત્મવાદ - હવે સર્વત્ર જોવા મળે છે:

**સંયુક્ત રાષ્ટ્રના સભ્યોએ લેખિત અધિકાર પત્રમાં મૂળભૂત માનવ અધિકાર, અંતર્ગત મનુષ્યની ગરિમા તથા મૂલ્યમાં, અને સ્રીપુરુષના સમાન અધિકારમાં શ્રદ્ધાનો પુનઃ સ્વીકાર કર્યો છે. (માનવ અધિકારના સાર્વજનિક ઢંઢેરાની પ્રસ્તાવના)**

**યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી ૧૦/૧૨/૧૯૪૮**

* સંયુક્ત રાષ્ટ્રો સહિત વિવિધ આંતરરાષ્ટ્રિય સંસ્થાઓમાં, યુરોપીય કાઉન્સિલમાં અને હેલ્સિંકી સંધિમાં જાહેર કર્યા પ્રમાણે દરેક મનુષ્ય પોતાને ગમે તે ધર્મનું પાલન કરવા સ્વતંત્ર છે અને ધાર્મિક સતામણી કરવા માટે આચરવામાં આવતી વિધિવત્ કૂટનીતિનો ત્યાગ કરી દેવા માટે તથા માનવ અધિકારની રક્ષા કરવા માટે સક્રિયપણે કામ કરવાનો આદેશ આપવામાં આવે છે.
* સમાજ અને સરકાર દિવસે દિવસ બિનસાંપ્રદાયિક બનતાં જાય છે. તો બીજી બાજુ ધર્મના કટ્ટરપંથીઓ અવિચારીપણે ત્રાસવાદી કૃત્યો તરફ ઢળતા જાય છે. હાલમાં અમેરિકાનાં દક્ષિણી બેપ્ટિસ્ટ ચર્ચોએ હિંદુધર્મ જેવા અનેક અખ્રિસ્તી ધર્મોને બદનામ કરતાં અનેક પ્રકાશનો બહાર પાડયા, અફઘાનિસ્તાનમાં તાલીબાનના સભ્યોએ સોળમી સદીની પ્રાચીન બૌદ્ધ મૂર્તિઓને ફૂંકી મારી, મુસ્લિમ કટ્ટરપંથીઓએ ન્યુયોર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર અને ભારતના સંસદ ભવન પર ત્રાસવાદી હુમલા કર્યા. આવી ઘટનાઓ કટ્ટરપંથીઓના ઘાતક દુઃસાહસી કૃત્યો જ કહેવાય.
* વિવિધ-ધર્મ પરિસંવાદોનાં અને આંતર-ધર્મ પ્રવૃત્તિઓનાં આયોજનો વધી રહ્યા છે.
* બૌદ્ધ, ખ્રિસ્તી, હિંદુ, ઈસ્લામ, જૈન, યહૂદી, સિન્તો, તાઓ વગેરે ધર્મોના શાસ્ત્રોના અન્ય ભાષામાં અનુવાદ થઈ રહ્યા છે. ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા લોકોને એ અનુવાદો હવે સુલભ થયા છે. વિવિધ ધાર્મિક જૂથો એકબીજાના ધર્મશાસ્ત્રો વિશે ઊંડું સંશોધન પણ કરી રહ્યા છે.
* ધર્મગુરુઓને હવે વિશ્વવ્યાપી શ્રોતાગણ મળે છે. દા. ત. ૧૮૯૩ અને ૧૯૯૩ માં શિકાગોમાં વિવિધ ધર્મોની પરિષદ થઇ. અને હવે દર બે વર્ષે સર્વધર્મસંમેલન આયોજાય છે. ૧૮૯૩ ની શિકાગો પરિષદમાં દરેક વક્તાએ પોતપોતાના ઈષ્ટદેવ અને સંપ્રદાય વિશે વક્તવ્ય આપ્યું. પરંતુ હિંદુધર્મના પ્રતિનિધિ સ્વામી વિવેકાનંદે તમામ દેવોનો એક સર્વોપરી ઈશ્વરમાં સમાવેશ કર્યો[12] અને

[12] Romain Rolland, *The Life of Vivekanand and the Universal Gospel*, Advaita Ashram, 1965, pp 36-8

જૈનોના પ્રતિનિધિ શ્રી વીરચંદ ગાંધીએ જણાવ્યું કે શ્રોતાગણમાં ઉપસ્થિત દરેક વ્યક્તિ પુનિત જીવ છે અને મુક્તિ માટે સિદ્ધદશા સુધી પહોંચવા સક્ષમ છે.[13]

* ૧૯૬૨-૬૫ની દ્વિતીય વેટિકન કાઉન્સિલમાં કેથોલિક ચર્ચે યહૂદીઓ વિરુદ્ધ કરેલ ઈશ્વર હત્યાનો આરોપ આખરે પાછો ખેંચી લીધો. (પછી ૨૦૦૦ ની સાલમાં તે નિર્ણયો રદબાતલ કર્યા.)
* આજે બહોળા પ્રમાણમાં ધર્મગ્રંથોનું વૈજ્ઞાનિક દ્રષ્ટિએ ઊંડાણથી પરીક્ષણ થઈ રહ્યું છે. કેથોલિક ચર્ચે શરૂઆતમાં તેમનાં તથાકથિત 'દિવ્ય સંદેશ' માટે આવા કોઈ પણ પ્રકારના વૈજ્ઞાનિક પરીક્ષણનો વિરોધ કર્યો હતો પણ આખરે ૧૯૪૩ માં તેમણે પણ વૈજ્ઞાનિક પરીક્ષણને મંજૂરી આપી. તે જ રીતે યહૂદી સુધારાવાદી સંપ્રદાયો પણ તેમના તથાકથિત 'દિવ્ય આદેશો' નું હવે વૈજ્ઞાનિક પરીક્ષણ કરી રહ્યા છે. જોકે, ઈસ્લામિક મુલ્લાઓ તે માટે હજી પણ ખચકાય છે. તેઓ ક્યારેક એવું પ્રતિપાદન કરે છે કે આધુનિકતાનો દરેક વિચાર કુરાનમાં ગ્રંથસ્થ છે. તો વળી ક્યારેક આધુનિકતાને પશ્ચિમની અવનતિનો કાળ ગણી તેને નકારી કાઢે છે.
* બૌદ્ધો, હિંદુઓ અને જૈનો તેમના ધર્મગ્રંથો 'ઈશ્વરની દિવ્ય વાણી છે' એવો દાવો કરતાં નથી. તેમના નીતિશાસ્ત્રો 'પ્રબુદ્ધ ધર્મગુરુઓ' દ્વારા રચિત ગ્રંથો હોવાથી તેના પરીક્ષણ માટે તેઓ હંમેશા તૈયાર જ છે. 'ધર્મગ્રંથો દિવ્ય વાણી હોય છે' એવા દાવાને વૈજ્ઞાનિક પરીક્ષણ ગેરવાજબી ઠરાવે છે.

૨૦ મી સદીના પૂર્વાર્ધમાં જેઝ્યુઈટ પાદરી ટેઈલહાર્ડ ડી. શાર્ડીન અને યોગી શ્રી અરવિંદો (૧૮૭૨-૧૯૫૦) એ બંનેએ એવું સૂચન કર્યું કે મનુષ્યની ચેતનાનું સામાન્ય સ્તર સમયે સમયે બદલાતું રહે છે. તેથી પૃથ્વી પરના મનુષ્યોની દેખભાળ રાખવા ઈશ્વર પોતે જ પયગંબર કે મનુષ્યરૂપે અવતાર લઈને આવે છે. હિંદુઓ જેમને ભગવાન વિષ્ણુના અવતાર માને છે તે શ્રીકૃષ્ણ પરમાત્મા કહે છેઃ

ધર્મની રક્ષા કરવા અને અધર્મનો ઉચ્છેદ કરવા હું યુગે યુગે પૃથ્વી પર અવતાર ધારણ કરું છું. **(ભગવદ્ગીતા : ૪ : ૮)**

ટેઈલહાર્ડ અને શ્રી અરવિંદોના વિચારો વધુ પડતા માનવકેન્દ્રી છે. પણ એ વિચારમાંથી એવો અર્થ નીકળે છે કે ઈશ્વરને મનુષ્ય સિવાય અન્ય પ્રાણીઓનાં દુઃખદર્દની કોઈ પરવા નથી. અર્થાત્ પ્રાણી અને વનસ્પતિનાં જીવન અધિકારની તે ઉપેક્ષા કરે છે. તદુપરાંત આ વિચાર મનુષ્યને પોતાની જવાબદારીમાંથી છટકી પોતાની ભૂલોને ઈશ્વર પર ઢોળી દેવાની પણ છૂટ આપે છે અને આ રીતે માનવઆત્મા ધાર્મિક સત્તાના અંકુશ હેઠળ મૂકાઈ જાય છે. આમ, શ્રી અરવિંદો અને ટેઈલહાર્ડના વિચારો અભિનવ અધ્યાત્મવાદથી એકાદ કદમ પાછળ હોય તોય પૂર્ણ સત્ય અને માનવ અધિકાર તરફ આગળ વધતા જણાય છે.

[13] Gandhi V.R., *Religion and Philosophy of the Jains*, edited by Nagindas Shah, Jain International, Ahmedabad, 1993

## અભિનવ અધ્યાત્મવાદ

માનવ અધિકારની જાળવણી એ તો અભિનવ અધ્યાત્મવાદનું કેવળ એક જ પાસું છે. વૈશ્વિક અધ્યાત્મવાદ જે આજે ઉપર ઊઠી રહ્યો છે તે બહુપરિમાણીય છે. આપણા પ્રવર્તમાન વિશ્વના કલ્યાણ અને કાળજી બંનેનો તેમાં સમાવેશ છે. મનુષ્ય અને તેની આસપાસનું વાતાવરણ - એ બંને એકબીજા પર અવલંબિત છે એ વાતનો તેમાં સ્વીકાર છે. તમામ જીવપ્રાણી, પર્યાવરણનું તંત્ર અને પૃથ્વી - એ દરેકનું યોગ્ય જતન કર્યા વિના માનવ હિત સિદ્ધ થઈ શકે નહિ. વ્યક્તિની અંગત જવાબદારીનું નીતિશાસ્ત્ર, સામાજિક ન્યાય માટે ચિંતા, વ્યક્તિગત સિદ્ધિ, માનવ અધિકાર - એ અભિનવ અધ્યાત્મવાદનાં વિવિધ પરિમાણો બની ગયાં છે. આધુનિક ચિંતકોના મતે અધ્યાત્મવાદનાં આ તમામ પાસાંનો સ્વીકાર કરે એવી સામાજિક સંસ્થા - ધર્મ અને સરકાર-ની જરૂર છે. આધુનિક ચિંતકોને ધર્મસંસ્થાઓની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી અંધકારયુગમાં પાછાં ફરવું નથી તેમ જ સ્વચ્છંદ ભોગવિલાસ કે ઈન્દ્રિયસુખ માટે સંપૂર્ણ સ્વતંત્રતા પણ તેઓ ઈચ્છતા નથી. તેમને એમ લાગે છે કે પરંપરાગત ધર્મનુ લક્ષ્ય કેવળ 'મરણોત્તર જીવન' પર કેન્દ્રિત છે, જ્યારે વિજ્ઞાન અને ટૅકનોલોજીનું લક્ષ્ય માત્ર 'વર્તમાન જીવન' પર કેન્દ્રિત છે. આ બંને અંતિમો તેમને અસ્વીકાર્ય છે. તેઓ ઈચ્છે છે, 'વર્તમાન જીવન અને મરણોત્તર જીવનનો સુંદર સમન્વય'! 'સ્વતંત્રતા અને બુદ્ધિને કુંઠિત કર્યા વિના શ્રદ્ધાને અનુમોદન આપે, તમામ જીવંત પ્રાણીમાત્રના અધિકારોને માન્ય રાખે, વિશ્વ સ્વયંસંચાલિત તંત્ર છે તેનો સ્વીકાર કરે, આપણી પૃથ્વી તથા સમગ્ર વિશ્વના વૈભવને જાળવવાના તમામ પ્રયાસોની કદર કરે અને વ્યક્તિ અને વિશ્વની શાંતિ માટે માનસિક વલણ તૈયાર કરે' - આ છે અભિનવ અધ્યાત્મવાદની સાચી પરિભાષા. તે સમકાલીન ચિંતકના હૃદયમાંથી અમૂલ્ય અને આદરણીય ખજાનાને બહાર લાવે છે.

**'સ્વતંત્રતા અને બુદ્ધિને કુંઠિત કર્યા વિના શ્રદ્ધાને અનુમોદન આપે, તમામ જીવંત પ્રાણીમાત્રના અધિકારોને માન્ય રાખે, વિશ્વ સ્વયંસંચાલિત તંત્ર છે તેનો સ્વીકાર કરે, આપણી પૃથ્વી તથા સમગ્ર વિશ્વના વૈભવને જાળવવાના તમામ પ્રયાસોની કદર કરે અને વ્યક્તિ અને વિશ્વની શાંતિ માટે માનસિક વલણ તૈયાર કરે' - આ છે અભિનવ અધ્યાત્મવાદની સાચી પરિભાષા. તે સમકાલીન ચિંતકના હૃદયમાંથી અમૂલ્ય અને આદરણીય ખજાનાને બહાર લાવે છે.**

પરંપરાગત અધ્યાત્મવાદ ધીરે ધીરે લુપ્ત થતો જાય છે એ સામાન્ય ફરિયાદ, અને એ વર્તમાન ચિંતકો માટે ચિંતાનો વિષય છે કે નહિ તે મુદ્દા પર હવે આપણે આવીએ. સૌ પ્રથમ એક સવાલ પૂછીને આપણે આપણી પ્રતિક્રિયા દર્શાવીએ: તમે કયા અધ્યાત્મવાદ વિશે વાત કરો છો? મારું તો માનવું છે કે અધ્યાત્મવાદ જીવંત છે. તેથી તેને વિશે ફરિયાદને કોઈ અવકાશ નથી. સમગ્ર વિશ્વમાં અધ્યાત્મવાદ ખીલી રહ્યો છે. વર્તમાન ચિંતકો અને યુવાનોના ચિંતનમાં અધ્યાત્મવાદ કેન્દ્રસ્થાને છે. ચર્ચ, મસ્જિદ અને મંદિરોમાં હાજરી ઘટતી જાય છે એવી ફરિયાદ કરનારાઓએ એક વાત બરાબર સમજી લેવાની જરૂર છે કે આજે અધ્યાત્મવાદ આ ધાર્મિક ઈમારતોમાં કેદ નથી. અભિનવ અધ્યાત્મવાદના વડા ધર્મગુરુઓ ગરીબ અને બેઘર લોકોની સાથે, જંગલો અને પર્યાવરણ તંત્રનું જતન કરતા પર્યાવરણવાદીઓ

સાથે, આપણી પૃથ્વીને બચાવવાના પ્રયાસમાં મથી રહેલા શાંતિસેનાનીઓ સાથે અને અન્ય લોકોના જીવનને બચાવવા પોતાને જોખમના રાહે દોરી રહેલા લોકો સાથે કાર્ય કરવામાં મશગૂલ છે.

કોલકત્તાના રસ્તા પર મૃત્યુ પામતાં લોકોને સુખની ચાર અંતિમ ક્ષણ મળે, રાજગીરમાં અંધ અને ગરીબ લોકોના નિરાશ જીવનમાં આશાના ચાર ચાંદ ચમકે, અને ભારતનાં ભૂકંપપીડિત લોકોને ફરીથી પોતાના બે પગ ઊપર ઊભા રહેવાની તાકાત આવે, એવાં સેવાકાર્યમા રાત્રદિવસ મથી રહેલી સાધ્વીઓ, એ છે એકવીસમી સદીની સંતપેઢી. 'Doctors Without Borders' નામની વિશ્વવ્યાપી સંસ્થાના સ્વયંસેવક તબીબો અણીના સમયે વિશ્વના કોઈ પણ ખૂણે આફતગ્રસ્તોને રાહત આપવા દોડી જાય છે, ચીનમાં ટિયાન્નન્મન નામના ચૉક (સ્કેવર)માં કેટલાયે લોકો લોકશાહી માટે પોતાનાં જીવન કુરબાન કરી શહીદ થઈ ગયા, બ્રાઝિલમાં રસ્તે રઝળતાં બાળકોને બચાવવા સ્વયંસેવકો પોતાની સેવા આપી રહ્યા છે, તેમજ વિશ્વના ખૂણે ખૂણે મતાધિકારથી અને મિલકતથી વંચિત લાખો લોકોને લાલચુ બહુરાષ્ટ્રીય નિગમો અને ભ્રષ્ટ રાજકારણીઓની લૂંટની ચુંગાલમાંથી છોડાવવા બંદુકો અને અશ્રુવાયુનો સામનો કરી રહ્યા છે - એ છે આ અભિનવ અધ્યાત્મવાદના સાચા વડા ધર્મગુરુઓ! તેમની કાર્યપ્રલાણી સાથે આપણે કદાચ સંમત ન પણ થઈએ પણ તેમનો અધ્યાત્મવાદ તો ખરેખર યથાર્થ અને જીવંત છે એ વાતની શંકા જ નથી.

**વિશ્વ વાસ્તવિક છે એનું અનુભવસિદ્ધ દર્શન, બૌદ્ધિક કાર્યકારણ પર આધારીત કર્મનો સિદ્ધાંત, જીવ પર આધારિત અધ્યાત્મવાદ, તમામ જીવો પર સમભાવ દર્શાવતા નીતિનિયમો અને પર્યાવરણનું જતન કરતી જીવનશૈલી - આ તમામનો સુંદર સમન્વય કરીને જૈન અધ્યાત્મવાદ ભિન્ન દષ્ટિકોણનો આદર કરે છે. વ્યક્તિગત અને વૈશ્વિક શાંતિને તે ઉત્તેજન આપે છે.**

૨૧ મી સદીના ચિંતકો અધ્યાત્મવાદને ધર્મસંસ્થાપક મહાત્માઓએ બતાવેલા તેના માનવતાવાદના મૂળ સુધી ફરીથી લઇ ગયા એટલુંજ નહિ પરંતુ અધ્યાત્મવાદના કાર્યક્ષેત્રનો વ્યાપ પણ તેમણે વધાર્યો છે. સર્વ જીવો, પર્યાવરણ તંત્ર અને પૃથ્વી એ તમામને તેમાં સમાવી લીધા છે. બુદ્ધ, ઈસુ, મહાવીર કે મહમદે પીડિતોની અને પ્રાણીમાત્રની ઊંડી કાળજી લીધી હતી. અભિનવ અધ્યાત્મવાદ અપેક્ષા રાખે છે કે તેમના જેવું કાર્ય કરવું હોય તો તેમના જેવી પ્રતિબદ્ધતા હોવી જોઈએ. આવા મહાન સંતપુરુષોમાં શ્રદ્ધા ધરાવવી અને કેવળ પોતાના મોક્ષ માટે જ સાધના કરવી એટલું જ જીવનમાં પર્યાપ્ત નથી.

આજકાલ સંઘટીત મુખ્ય ધર્મો પણ ઈશ્વર, અવતાર, પાપ, ઇશ્વર દ્વારા ઉદ્ધાર, નરક, ધર્મસંસ્થાના આદેશોનું પાલન વગેરે સિદ્ધાંતોના આગ્રહને એક બાજુ મૂકી માનવજાતિની ચિંતા પર વિશેષ ભાર મૂકવા લાગ્યા છે. આમ, આ ધર્મોએ અભિનવ અધ્યાત્મવાદ પ્રતિ પોતાની પ્રતિક્રિયા દર્શાવવાની શરૂઆત કરી દીધી છે. દા.ત. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં અને ૨૦મી સદીના પૂર્વાર્ધમાં ખ્રિસ્તી ધર્મે (અમુક અંશે ઈસ્લામ ધર્મે પણ) માનવતાવાદી સેવાઓ જેવી કે હૉસ્પિટલોમાં અને કેદખાનામાં સેવા, લગ્ન અને કુટુંબની સમસ્યામાં સલાહસૂચન, દારૂ અને ડ્રગ્સના વ્યસનીઓનું પુનર્વસન, જાતિય

અત્યાચારનો ભોગ બનેલાઓને માર્ગદર્શન, આંતર્ધર્મ પ્રવૃત્તિ, ધાર્મિક એકતા વગેરે આપવાની શરૂઆત કરી છે. (જોકે, કેથોલિક પાદરીઓએ દક્ષિણ-અમેરિકામાં ગરીબોને ન્યાય મેળવી આપવા માટે શરૂ કરેલી 'કાર્યકર-પાદરી ચળવળ' અને 'મુક્તિ ઈશવાદ ચળવળ' - એ બંનેની તેમના પૉપ જ્હૉન-૨ અને વેટિકન ઈશવાદીઓએ રાજકીય કારણોસર ૧૯૮૦ માં ટીકા કરીને બંધ કરી.)

## જૈન અધ્યાત્મવાદ

પ્રારંભથી જ, પણ વિશેષે ઈ.સ. પૂર્વે ૬૦૦ માં ભગવાન મહાવીરે જૈનધર્મનું પુનરૂત્થાન કર્યા પછી તો નિશ્ચિતપણે, જૈન ધર્મે સર્વ-સમાવિષ્ટ અધ્યાત્મવાદની જ હિમાયત કરી છે. મનુષ્યની સુષુપ્ત શક્તિનો વિકાસ એ હંમેશાં તેમનો મુખ્ય વિષય રહ્યો છે; પરંતુ તમામ જીવંત રૂપોના શ્રેય (કલ્યાણ) અને પ્રેય (સુખ)નો વિચાર પણ તેમને માટે એટલો જ મહત્ત્વપૂર્ણ રહ્યો છે. અન્ય ધર્મોની જેમ જૈન ધર્મના નીતિનિયમોનું (સમ્યક્ચારિત્રનું) તેમણે વર્તનના કાયદામાં પરિવર્તન થવા દીધું નથી. પરિણામે જૈનોને તે નીતિનિયમોના અમલ માટે કોઈ દબાણકારક તંત્ર સ્થાપવાની જરૂર પડી નથી. ભગવાન મહાવીરના એ નીતિનિયમો આજે પણ જૈન અધ્યાત્મવાદની પરિભાષા ધારણ કરે છે. જૈન ધર્મ નૈતિક મૂલ્યોનો ઉપદેશ જરૂર આપે છે પણ તેના પાલન માટે વ્યક્તિને તેની મરજી મુજબ નિર્ણય લેવાની સ્વતંત્રતા પણ આપે છે. અન્ય ધર્મોમાં નીતિનિયમોના પાલન માટે ભય (શાપ આપવો, ધર્મવિમુખ કે ન્યાત બહાર કરવા) અને ઠપકાના બળપ્રયોગ પણ કરવામાં આવે છે તેવા કોઇ દબાણની જરૂર જૈનોને પડતી નથી. કોઈ પણ પ્રકારના બાહ્ય દબાણ વિના વ્રત ધારણ કરવા અને વ્રતનિયમોનું પાલન કરવું એ છે જૈન અધ્યાત્મવાદ. મુક્તિ અને સચ્ચિદાનંદ પ્રાપ્ત કરવા માટે માનવ જીવને પ્રોત્સાહન આપવું એ છે જૈન અધ્યાત્મવાદ. અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદ - આચારસંહિતાના આ ત્રણ કેન્દ્રવર્તી સિદ્ધાંતોની સ્વયં સમીક્ષા કરવી અને ત્યાર પછી જ પોતાના મુક્ત સંકલ્પ અને અંતરાત્માને અનુસરી તેનું પાલન કરવું એ છે જૈન અધ્યાત્મવાદ.

વ્યવહારની ભાષામાં કહીએ તો વ્યક્તિઓ વચ્ચેના સંબંધોની યોગ્યતાનો નિર્ણય કરવા માટે અને અંતિમ વિકલ્પોનો સમન્વય કરવા માટે આ ત્રણ સિદ્ધાંતો સર્વોપરી માપદંડ છે. આ ત્રણ સિદ્ધાંતોએ ભગવાન મહાવીરની વિશ્વવ્યાપી શાંતિ ચળવળને આકાર આપ્યો. એ માપદંડોનું પાલન કરવાની જબાબદારી સંપૂર્ણપણે વ્યક્તિના અંતરાત્મા પર છોડવામાં આવી છે. વાસ્તવિક વિશ્વનું અનુભવસિદ્ધ દર્શન, બૌદ્ધિક કાર્યકારણ પર આધારિત કર્મનો સિદ્ધાંત, જીવ પર આધારિત અધ્યાત્મવાદ, સર્વ જીવો પર સમભાવ અને આદર દર્શાવતા નીતિનિયમો અને આપણા પર્યાવરણનું જતન કરતી જીવનશૈલી - આ તમામનો સુંદર સમન્વય કરીને જૈન અધ્યાત્મવાદ ભિન્ન દૃષ્ટિકોણનો આદર કરે છે અને વ્યક્તિગત તેમ જ વૈશ્વિક શાંતિને ઉત્તેજન આપે છે. આ દૃષ્ટિએ જૈન તત્ત્વજ્ઞાનનો ૮૫૦૦* વર્ષ પ્રાચીન વિચાર આધુનિક માનસની તમામ આધ્યાત્મિક જરૂરિયાતને સંતોષે છે.

* પ્રકરણ ૧૮: મહાવીર ભગવાન પૂર્વેનો જૈન ધર્મ

સામાન્યતઃ અહિંસા શબ્દ હિંસા કે હત્યા કરવી નહિ એ અર્થ સૂચવે છે. પણ જૈનપરંપરામાં અહિંસા શબ્દનો અર્થ અનંતગણો વધારે બૌદ્ધિક અને અદ્યતન છે. અહિંસા શબ્દ આત્માની પવિત્રતા અને જીવના મોક્ષ સાથે સંકળાયેલો છે. તેથી એ અર્થમાં એ આધ્યાત્મિક છે. તમામ જીવંત વસ્તુઓને જીવ છે. સર્વ જીવો મોક્ષ માટે સુષુપ્ત સામર્થ્ય ધરાવે છે તેથી તે સમાન અને પવિત્ર છે. કોઈની હાનિ કે હિંસા કરવી એટલે કેવળ તેના જીવની જ નહિ પણ આધ્યાત્મિક દૃષ્ટિએ હિંસા કરનારના પોતાના જીવની પણ હાનિ કરી કહેવાય. તેનું એક કારણ એ છે કે હિંસા દ્વારા આપણે જીવની આધ્યાત્મિક પવિત્રતાની હિંસા કરીએ છીએ. અને એ રીતે આપણે આવાં કૃત્ય દ્વારા આપણા પોતાના જ જીવના મોક્ષની તકને જતી કરીએ છીએ. આ તર્કનો ઉપયોગ કરી તીર્થંકરોએ અહિંસાનો ઉપદેશ આપ્યો કે દરેક વ્યક્તિએ કેવળ શારીરિક હિંસાના કૃત્યથી જ નહિ પણ કોઈના વિશે બૂરું બોલવું કે તેનું બૂરું ઈચ્છવું - અર્થાત્ માનસિક અને વાચિક હિંસાથી પણ દૂર રહેવું. આ રીતે અહિંસા પર લક્ષ્ય એટલે હકીકતમાં જીવ પર લક્ષ્ય છે. તેથી જૈનોનો અહિંસાનો વિચાર કેવળ નૈતિક નહિ પરંતુ આધ્યાત્મિક પણ છે. આધુનિક દૃષ્ટિએ, જૈન અધ્યાત્મવાદની પરિભાષામાં કેવળ માનવ અધિકારોનો જ નહિ પણ વનસ્પતિ, પ્રાણી અને તમામ જીવંત વસ્તુઓના અધિકારનો પણ સમાવેશ થયો છે. સાથે સાથે આપણું વિશ્વ અને તેનું પર્યાવરણ - એ બંનેની ઊંડી કાળજી લેવાની પણ જૈન અધ્યાત્મવાદ ભલામણ કરે છે.

**મોક્ષ માટે સુષુપ્ત સામર્થ્યની દૃષ્ટિએ તમામ જીવો સમાન અને પવિત્ર છે. તેથી કોઈની હાનિ કે હિંસા કરવી એટલે કેવળ તેના જીવની જ નહિ પણ આધ્યાત્મિક દૃષ્ટિએ હિંસા કરનારના જીવની પણ હાનિ કરી કહેવાય. તેનું એક કારણ એ છે કે હિંસા દ્વારા આપણે જીવની આધ્યાત્મિક પવિત્રતાની હિંસા કરીએ છીએ. અને એ રીતે આપણે આવાં કૃત્ય દ્વારા આપણા પોતાના જ જીવના મોક્ષની તકને જતી કરીએ છીએ**

આજે શાંતિપૂર્ણ આંતર્ધર્મ પરિસંવાદનું મહત્ત્વ વધતું જાય છે, કારણ કે 'અન્ય વ્યક્તિને પણ તેની આધ્યાત્મિક માન્યતા વ્યક્ત કરવાનો અધિકાર છે' એ વાત સર્વધર્મસમભાવ ચળવળ સ્વીકારે છે. આંતર્ધર્મ પરિસંવાદ અને ચર્ચા માટે જૈનોનો અનેકાંતવાદ એક અસરકારક સાધન છે.

બે ભિન્ન વિચારસરણી વચ્ચે શાંતિ અને સંવાદિતાને પ્રોત્સાહન આપવામાં અનેકાંતવાદનો જૈનોએ સદીઓથી સુંદર વિનિયોગ કર્યો છે. અનેકાંતવાદને કેટલાક ભાષ્યકારો અતિસહિષ્ણુ <u>બૌદ્ધિક</u> દૃષ્ટિકોણ ગણાવે છે. આવું જ બીજું એક જૈન સાધન છે **સ્યાદ્‌વાદ** (મર્યાદાસૂચક વિધાનનો સિદ્ધાંત). સ્યાદ્‌વાદને અતિસહિષ્ણુ <u>વ્યવહારુ</u> દૃષ્ટિકોણ પણ કહી શકાય. આંતર્ધર્મ પરિસંવાદમાં જૈનો તેનો ઉપયોગ કરી લોકોને જાણ કરે કે તેઓ પ્રતિદ્વન્દ્વિની ભિન્ન વિચારસરણીને સમજ્યા છે, તેની સમીક્ષા કરી છે અને 'પ્રતિદ્વંદ્વિના અમુક દૃષ્ટિકોણ તેમના સંદર્ભે' સત્ય છે એ વાતને અમે સ્વીકારીએ છીએ. પ્રતિદ્વંદ્વિના વિચારોનું આવું બિનવિવાદાસ્પદ, મર્યાદાસૂચક વિધાન નિરર્થક વિવાદોને ટાળે છે અને પરિસંવાદને આગળ ધપાવવા પ્રોત્સાહન આપે છે. જૈનોના અન્ય અનેક સિદ્ધાંતોની જેમ અહિંસા, અનેકાંતવાદ અને સ્યાદવાદ પણ અભિનવ અધ્યાત્મવાદની વિવેચનાત્મક માગણીને સંતોષે છે.

અધ્યાત્મવાદના આધુનિક વિચારનો વિકાસ સતત થતો રહેશે. પ્રાચીન ધર્મસત્તાના માળખામાંથી માનવ-અધિકારોને બહાર આવતાં આશરે ચારસો જેટલાં વર્ષ લાગી ગયાં. હવે આપણે નવી શતાબ્દીમાં પ્રવેશ કરીએ છીએ ત્યારે કેવળ માનવ-અધિકારોનો જ નહિ પણ પ્રાણી તથા વનસ્પતિના અધિકારો અને અન્ય પરિમાણોનો સમાવેશ કરે એવી અધ્યાત્મવાદની વ્યાપક પરિભાષા ઘડવા માટે આંતરધર્મ પરિસંવાદો મદદરૂપ થશે. આધુનિક અધ્યાત્મવાદના વિકાસશીલ વિચારના આવકારદાયક સંકેતો છે ઝડપથી વિકસતા પ્રાણીઓના અધિકારો, પર્યાવરણ અને શાંતિ વગેરે સમસ્યાને સ્પર્શતી વૈશ્વિક ચળવળો!

## અભિનવ અધ્યાત્મવાદ અને સમકાલીન જૈનો :

અહિંસા, અનેકાંતવાદ, સ્યાદવાદ જેવા સિદ્ધાંતો માટે જૈનોને ગૌરવ હોય તે વાજબી છે. જૈનો એક હકીકતનો તો તત્કાળ નિર્દેશ કરી શકે કે અભિનવ અધ્યાત્મવાદીઓ જૈન અધ્યાત્મવાદના આ પાયારૂપ સિદ્ધાંતોને વાજબી ઠરાવે છે. અન્ય ધર્મો બૂમરાણ કરે છે કે પરંપરાગત અધ્યાત્મવાદ લુપ્ત થતો જાય છે. આધુનિક ચિંતકોની માગ પ્રત્યે પોતાની પ્રતિક્રિયા આપવા તેઓ સતત મથી રહ્યા છે, જ્યારે જૈન બૌદ્ધિકો તેમના સમૃદ્ધ તાત્ત્વિક વારસામાં સંતોષ મેળવી શકે છે. જૈનો પૂરા આત્મસંતોષ સાથે દાવો કરી શકે કે દરેક જીવજંતુ અને વનસ્પતિ જીવનની રક્ષા માટે, પર્યાવરણ માટે, સામાજિક ન્યાય માટે અને સુખશાંતિ માટે અમારું તત્ત્વજ્ઞાન અડીખમ ઊભું છે. જો કે, ધર્મનું તત્ત્વજ્ઞાન ગમે તેટલું સુંદર હોય પણ માનવજાતિના શ્રેય માટે ધર્માનુયાયીઓ એ તત્ત્વજ્ઞાનનો કેવો અને કેટલો ઉપયોગ કરે છે તેનું મૂલ્યાંકન કરીએ ત્યારે જ તે તત્ત્વજ્ઞાનની પ્રભાવકતાનો નિર્ણય આપણે કરી શકીયે. સમકાલીન જૈનો અધ્યાત્મવાદની બદલતી અપેક્ષાઓ પ્રત્યે પોતાની કેવી પ્રતિક્રિયા આપે છે અને માનવજાતિના કલ્યાણ માટે જૈન તત્ત્વજ્ઞાનને વ્યવહારમાં કેટલું ઉતારે છે તે વિશેષ મહત્ત્વનું છે.

**ધર્મનું તત્ત્વજ્ઞાન ગમે તેટલું સુંદર હોય પણ માનવજાતિના શ્રેય માટે ધર્માનુયાયીઓ એ તત્ત્વજ્ઞાનનો કેવો અને કેટલો ઉપયોગ કરે છે તેનું મૂલ્યાંકન કરીએ ત્યારે જ તે તત્ત્વજ્ઞાનની પ્રભાવકતાનો નિર્ણય આપણે કરી શકીયે.**

કેટલાક સમકાલીન જૈનો, શ્રાવક તેમજ સાધુઓ, કર્મસિદ્ધાંત અને સાધુના નિયમોનું અર્થઘટન "સામાજિક ન્યાયના મુદ્દે પોતાની ઉદાસીનતાનું સમર્થન કરવા માટે" કરે છે. તેમની દલીલ છે કે જૈનધર્મ મુખ્યત્ત્વે ત્યાગનો ધર્મ છે; સંસાર અને જગતનો ત્યાગ કરવા પર તેઓ ભાર મૂકે છે. તેથી યુદ્ધો, ગરીબી, માનવ-અધિકારો, પર્યાવરણનું અવમૂલ્યન વગેરે જગતને સ્પર્શતા પ્રશ્નોની ચિંતા તેમણે છોડી દેવી જોઈએ. તેઓ માને છે કે સમાજસેવા, માનવબંધુઓનું ભૌતિક શ્રેય વગેરે બાબતોની પળોજણમાં પડવાથી જગતની વસ્તુઓ માટે આસક્તિ વધતી જવાની અને આસક્તિ એ જ તો કાર્મિક બંધનનું મુખ્ય કારણ છે. તેથી આવી સમસ્યાઓ પ્રત્યે ઉદાસીનતા કે નિસ્પૃહભાવ રાખવો એજ ઠીક છે. પરંતુ આ પ્રકારના વિચિત્ર તર્ક અને લાગણીશૂન્યતાનું સમર્થન કરવું એ તો જૈન સિદ્ધાંતોનું સગવડિયું સમર્થન કહેવાય. તેમજ જેમના ઉપદેશને તેઓ અનુસરી રહ્યા છે એ તીર્થંકરોનું અપમાન કર્યા બરાબર ગણાય! તીર્થંકરોએ

સર્વજ્ઞતા પ્રાપ્ત કર્યા પછી સંસારમાંથી પ્રસ્થાન કરવાને બદલે પોતાનો આધ્યાત્મિક સંદેશ અને મોક્ષના માર્ગનો ઉપદેશ લોકોને આપવાનું વિશેષ પસંદ કર્યું. આમ, તેમણે કેવળ જનહિતાર્થે જ નહિ પણ સર્વજીવો પ્રત્યે પ્રેમ અને કરુણાનો સંદેશ આપવામાં શેષ જીવન વીતાવ્યું. તદુપરાંત, જૈનોનો કર્મસિદ્ધાંત પણ પુણ્યકર્મ અને પાપકર્મના વિચારને સ્વીકારી અંતે તો સામાજિક ન્યાયને જ અનુમોદન આપે છે. તેથી હું આશા રાખું છું કે સામાજિક ન્યાય પ્રત્યે આપણી લાગણી અથવા ઉદાસીનતાનો સમકાલીન જૈનો અભ્યાસપૂર્વક વિચાર કરે!

દેરાસરોમાં હાજરી ઘટતી જવી એ જૈનો માટે પણ બહુ મોટી સમસ્યા છે; પરંતુ એ વિશે ફરિયાદ કરનાર જૈનો સ્વયં અંતર્દષ્ટિ કરે અને પોતાને જ સવાલ કરે કે તેઓ, તેમનો સમાજ, તેમના સાધુઓ અને તેમનાં દેરાસરોનો અભિનવ અધ્યાત્મવાદ સાથે કોઈ તાલમેલ બેસે છે ખરો? માનવમનને કેન્દ્રસ્થાને રાખતું જૈનોનું તત્ત્વજ્ઞાન સુંદર છે. વાસ્તવમાં સમગ્ર જૈન જીવનશૈલી આત્મસંયમદ્વારા મનને કેળવવા માટે જ ઘડાઈ છે. જૈનોના અનેકાંતવાદ અને અહિંસાના સિદ્ધાંતો વિવાદોના સમાધાન માટે ઉપયોગી ઉપકરણો છે. જૈન ધર્મ બૌદ્ધિક ચિંતનને પ્રોત્સાહન આપે છે અને અંધશ્રદ્ધાને નકારે છે. અભિનવ અધ્યાત્મવાદ પણ માનવીના મનોતંત્રમાં પરંપરાગતથી અપરંપરાગત અને ભૌતિકવાદથી અભૌતિકવાદમાં પરિવર્તન લાવવા માટે આત્મસંયમની અપેક્ષા રાખે છે. જૈનોનું તર્કબદ્ધ કાર્યકારણનું તત્ત્વજ્ઞાન સાંપ્રત વિચારો સાથે બરાબર બંધબેસતું આવે છે. સંઘર્ષ નહિ પણ સહકાર - એ છે જૈન પરંપરાનો મુખ્ય અંશ !

આવી સુંદર જૈન પરંપરા સમકાલીન બૌદ્ધિક મનોતંત્રને પ્રેરણા ન આપી શકે? અભિનવ અધ્યાત્મવાદની આગલી હરોળમાં રહેવા માટે જૈનો પાસે સમૃદ્ધ વારસો અને જવાબદારી છે. સામાજિક પરિવર્તન માટે અહિંસા, અનેકાંતવાદ અને અપરિગ્રહરૂપી અદ્‌ભુત તાકાત જૈનો પાસે છે. પણ એ હકીકતથી સમકાલીન જૈનો વાકેફ છે ખરાં? આ મુદ્દાઓ પર જૈનો આપસમાં ચર્ચા કરે તો બે ફાયદા થશે. એક તો તેમનામાં રહેલી કોઠાસૂઝ પ્રત્યે તે આધુનિક વિજ્ઞાન-જગતનું ધ્યાન દોરી શકશે. અને બીજું, જૈન ધર્મની ખોવાયેલી અસ્મિતાને ફરી પ્રાપ્ત કરવામાં જૈન સમાજને તેઓ સહાયભૂત થઈ શકશે. સામાજિક સમસ્યાઓને જૈનો કેવી રીતે હાથ ધરે, અને અભિનવ અધ્યાત્મવાદ સાથે સંકળાયેલી સમસ્યાઓના નિરાકરણ માટે પોતાનું પ્રદાન આપવામાં કેટલા પ્રભાવશાળી થઈ શકે એ આપણે હવે પછીના પ્રકરણમાં જોઈશું.

૧૪

# ૧૪. વિજ્ઞાન

વિ વાદ

વિવાદ આ રીતે શરૂ થાય છે! પાર્ટીમાં કોઈ એક વ્યક્તિ સહજભાવે દાવો કરે છેઃ "જૈન ધર્મ સૌથી વૈજ્ઞાનિક ધર્મ છે." "હવે જા, જા." વિરોધી વળતો પ્રહાર કરે છે. "જુઓ તો ખરાં, તમારું વિશ્વનું મૉડેલ કેવું છે! - 'એક માણસ તેના નિતંબ પર હાથ રાખીને ઊભો છે' વાસ્તવમાં શું વિશ્વ આવું લાગે છે ? હા...!" (આ પ્રકરણના છેવટે જુઓ "જૈન વિશ્વદર્શન")

"હં.... " બીજો ટીકાખોર વિવાદમાં ઝંપલાવે છે અને કહે છે. "તમે લોકો દાવો કરો છો કે તમારા તીર્થંકરોને કેવળજ્ઞાન હતું - તેમને દરેક વસ્તુનું પૂર્ણ જ્ઞાન હતું. પણ આવું લંબગોલ વિશ્વ તેઓ સ્વપ્નમાંયે કેમ વિચારી શકે?"

આવી દલીલો ક્યારેક ઉગ્ર ચર્ચાનું રૂપ લે છે. અને બંને પક્ષ સાચા મુદ્દાને ઘણીવાર ભૂલી જ જાય છે. એ ચર્ચાને ચાલો આપણે જરા સમતા દૃષ્ટિથી જોઈએ :

"જૈન ધર્મ સૌથી વૈજ્ઞાનિક ધર્મ છે" - એ છે જૈનોનો દાવો. તેમના આ વિધાનમાં 'વિજ્ઞાન' અને 'ધર્મ' એ બે ચાવીરૂપ શબ્દો છે. તો સૌ પ્રથમ આપણે એ બંને શબ્દોને યથાર્થપણે સમજવાનો પ્રયત્ન કરીએ.

આપણે મનુષ્યોએ હજારો વર્ષોથી જ્ઞાનનો વિપુલ સંચય કર્યો છે તે 'તર્ક' અથવા 'બુદ્ધિ' અને 'શ્રદ્ધા' અથવા 'દર્શન' આ બે શાખા દ્વારા આપણે પ્રાપ્ત કર્યો છે.

## વિજ્ઞાનઃ તર્ક અને બુદ્ધિની શાખા

નિરીક્ષણો, સમ્યક્ચિંતન, તર્ક, નિગમન, પુનરાવર્તિત પ્રયોગો, અને ચકાસણી કરીને પ્રમાણિત કે સિદ્ધ કરી શકાય એવી હકીકતો, આ છે વિજ્ઞાનશાખાના માપદંડ. આધુનિક વિજ્ઞાન તર્કસંગતિ અને બુદ્ધિની શાખાને વિશેષ મહત્ત્વ આપે છે. વૈજ્ઞાનિક પદ્ધતિમાં દર્શનનું મહત્ત્વ ગૌણ છે, કારણકે કાલ્પનિક દર્શન સત્યને પ્રગટ કરે કે ન પણ કરે. તથાકથિત 'વૈજ્ઞાનિક સત્યને' ઉપર દર્શાવેલ તમામ માપદંડને સંતોષવા જ પડે. અનુભવ, પ્રયોગ, નિરીક્ષણ, તર્ક, નિગમન અને વિશ્લેષણ - આ છે ડેકાર્ટની પૃથક્કરણ

પદ્ધતિનાં (પ્રકરણ ૯) વિવિધ સોપાનો. કોઇપણ વૈજ્ઞાનિક અનુમાનને સત્યનો દરજજો મેળવવા માટે ડેકાર્ટના આ તમામ સોપાનોમાંથી પસાર થવું પડે છે. કોઈ પણ નિર્ણય સૌ પ્રથમ અનુમાન (hypothesis), પ્રમેય (theory) અને સિદ્ધાંત (principle) - આ ત્રણ તબક્કાની પ્રક્રિયામાંથી પસાર થાય છે. દરેક તબક્કે તેણે બુદ્ધિની શાખાના ઉપર્યુક્ત તમામ માપદંડોને સંતોષવા પડે છે. આ વૈજ્ઞાનિક પ્રક્રિયામાંથી પસાર થયા પછી જે નિર્ણય લેવામાં આવે તેને વૈજ્ઞાનિક સત્ય તરીકે સ્વીકારવામાં આવે છે. પરંતુ ત્યારપછી પણ ભવિષ્યમાં જો કોઈ નવી હકીકત ધ્યાનમાં કે જોવામાં આવે અને તે હકીકત જો પ્રસ્થાપિત વૈજ્ઞાનિક સત્યને પડકારે તો વૈજ્ઞાનિક એ પ્રસ્થાપિત સત્યને તત્કાળ અનુમાનના સ્તર પર ઉતારી દે છે. અને નવા સિદ્ધાંતની દિશા (પરિપ્રેક્ષ્ય)માં ફરી આગળ નિરીક્ષણ અને અન્વેષણ શરૂ કરી દે છે. વિજ્ઞાન ક્યારેય કોઈ પણ વિધાનને અંતિમ સત્ય તરીકે સ્વીકારતું નથી. ભલેને એ વિધાન કરનાર કોઈ મહાન વ્યક્તિ કેમ ન હોય! વિજ્ઞાન શ્રદ્ધા કે સત્તાનો પણ સ્વીકાર કરતું નથી.

## ધર્મ: શ્રદ્ધા અને દર્શનની શાખા

દર્શનની શાખા મનુષ્યના નિજી અનુભવ, કલ્પના, સહજજ્ઞાન, સ્વયંસ્ફુરણા, સાક્ષાત્કાર, ગૂઢવાદ વગેરે પર નિર્ભર છે. પરંપરાગત સંસ્કૃતિમાં શ્રદ્ધા અને સત્તાને જ્ઞાનનું પ્રાથમિક મૂળ ગણવામાં આવે છે. પ્રત્યક્ષ દર્શન, સાક્ષાત્કાર, ઈશ્વર સાથે પ્રત્યક્ષ સંપર્ક વગેરેનો કોઈ એક વ્યક્તિ દાવો કરે અને પછી તે વ્યક્તિ શ્રોતાઓને પોતાનામાં વિશ્વાસ કે શ્રદ્ધા રાખવાનું કહે. પોતાના દર્શનના દાવાને આગળ વધારવા એક પ્રભાવક સંગઠન ઊભું કરે. થોડે થોડે વખતે દર્શનને પુષ્ટિ આપવા માટે એકાદ બે ચમત્કાર દર્શાવે અને ચમત્કાર બતાવવાની તેનામાં અલૌકિક શક્તિ એ તેને ઈશ્વરે આપેલી ભેટ છે એવી પ્રતીતિ તે જનમાનસમાં જન્માવે.

મોટા ભાગના ધર્મોની શરૂઆત આ રીતે થઈ. આર્ષદૃષ્ટાનો સંદેશ એ સ્વયં ઈશ્વરની 'દિવ્યવાણી' છે એવો દાવો એક વાર કર્યા પછી તેને પડકારવો એ ઈશ્વરની સત્તા પર જ સવાલ ઉઠાવ્યો કહેવાય. તેથી એ વિરોધી ગણાય અને તે પર 'નાસ્તિક' નું લેબલ લાગી જાય! આ રીતે સંપૂર્ણ શ્રદ્ધા અને દૃઢનિષ્ઠા - એ લગભગ દરેક ધર્મની આધારશીલા બની જાય છે. ત્યાર પછી ધર્મો તરત જ પોતાના અનુયાયીઓ માટે આચાર-નીતિના નિયમો ઘડે છે. છેવટે એ નિયમો આદેશમાં પલટાઈ જાય છે. એ આદેશોના કડક પાલન માટે કે આદેશોના અનાદરને અટકાવવા માટે ધર્મમાંથી હકાલપટ્ટી, શારીરિક દંડ, ત્રાસ, ચાબુકના ફટકા અને મૃત્યુદંડ જેવી સજા માટે એક શિક્ષાના તંત્રની સ્થાપના કરવામાં આવે છે. આચાર-વિચારમાં તર્કસંગતિનો આગ્રહ રાખતાં મુક્ત ચિંતકો અને અંધશ્રદ્ધાની અપેક્ષા રાખતી ધાર્મિક સત્તાઓ - આ બંને વચ્ચે ચાલી રહેલા સંઘર્ષથી ઘણા ધર્મોનો ઈતિહાસ ખદબદે છે. ધર્મસંસ્થા દ્વારા અગ્નિપરીક્ષા, પાદરીઓની ન્યાયમંડળી સમક્ષ હાજર થવું, ત્રાસવાદી હુમલા કે અન્યધર્મીઓ વિરુદ્ધ લડાઇઓ, આ છે ધર્મસત્તાના સંઘર્ષના વરવાં પરિણામો !

## જૈન ધર્મ અને વિજ્ઞાન

આમ ઘણાં ધર્મોનો વિકાસ સંઘર્ષમાંથી થયો છે. પરંતુ જૈન ધર્મનો પ્રારંભ અને વિકાસ તદ્દન જુદા માર્ગે થયો છે. પ્રથમ જૈન તીર્થંકર રિખવદેવે માનવસુખ માટે ખોજ શરૂ કરી. અને તરત જ તેઓ એક નિર્ણય પર આવ્યા કે તમામ સુખ અને દુઃખનું મૂળ કારણ કોઈ બાહ્ય સત્તા નથી પણ આપણું પોતાનું મન જ છે. 'મનને (અને એ રીતે દુઃખને) હું કેવી રીતે વશ કરી શકું?' એ વાતનું તેમને કુતૂહલ જાગ્યું. એક આધુનિક વૈજ્ઞાનિકની ઢબે તેમણે પ્રયોગો શરૂ કર્યા. સાધના, ધ્યાન અને તપના પ્રયોગો વર્ષો સુધી કર્યા. આત્મસંયમની કલા વિકસાવવામાં એ પ્રયોગો તેમને કામ લાગ્યા. પ્રયોગોના અંતે તેમણે કેટલાંક તારણો તારવ્યાં. એક વૈજ્ઞાનિકની જેમ એ તારણોને તેમણે ઉપદેશ દ્વારા લોકો સમક્ષ પ્રકાશિત કર્યા. અને તેમને કહ્યું કે સુખ અને શાંતિ મેળવવી હોય તો આ નવી કલાને - પોતાના મનને કાબૂમાં રાખવાના આ નવા વિજ્ઞાનને - તમારા પોતાના અંગત જીવનમાં અજમાવી જુઓ. જૈનધર્મ - વ્યક્તિગત સુખ અને શાંતિનું આ વિજ્ઞાન - ની શરૂઆત આ પ્રમાણે થઈ હતી. સમય જતાં એ ધર્મ ફાલ્યોફૂલ્યો. સુખ અને શાંતિના અન્ય ત્રેવીસ વિજ્ઞાનીઓએ (તીર્થંકરોએ) પણ ન કોઈ ચમત્કાર દર્શાવ્યા, ન તેમણે દિવ્યવાણીનો દાવો કર્યો, કે  ન રાખી અંધનિષ્ઠાની અપેક્ષા! આશરે છવ્વીસો વર્ષ પૂર્વે ભગવાન મહાવીરે તેમાં થોડા સુધારા કર્યા અને શિષ્યોને જ્ઞાનના એ ખજાનાનો ઉપદેશ આપ્યો. શિષ્યોએ તેમના ઉપદેશને આગમમાં ગ્રંથિત કર્યા. જૈન ધર્મગ્રંથો - જૈન આગમો - જૈન ધર્મનું આધ્યાત્મિક તેમજ વૈજ્ઞાનિક સાહિત્ય છે.

તીર્થંકરોએ દર્શાવેલ આત્મસિદ્ધિની કલાને અંગત જીવનમાં તપના આચરણ દ્વારા અજમાવવી જરૂરી હતી. આ કલાની તલસ્પર્શી સમીક્ષા કરવાની જેમને જિજ્ઞાસા અને ઈચ્છા થઈ તેઓ સાધુ અને સાધ્વી બન્યા. એ તપસ્વીઓને તેમની જિજ્ઞાસા અન્ય કેટલાય ક્ષેત્રોમાં સંશોધન કરવા દોરી ગઈ. ખગોળવિજ્ઞાન, જીવવિજ્ઞાન, તબીબીવિજ્ઞાન, મનોવિજ્ઞાન, અણુવિજ્ઞાન, પર્યાવરણ, ગણિતશાસ્ત્ર, સમાજશાસ્ત્ર જેવાં વિભિન્ન ક્ષેત્રોમાં કેટલાંય વર્ષો સુધી સંશોધન કરી વિપુલ માહિતીનો જ્ઞાનભંડાર તેઓએ ભેગો કર્યો. મુક્ત પરીક્ષણ, તર્ક અને બુદ્ધિનો તેમણે ઉપયોગ કર્યો હતો તેથી એ તપસ્વીઓને ભલે આપણે 'વૈજ્ઞાનિક' કહીએ, પરંતુ તેમનાં સંશોધન પાછળ આધ્યાત્મિક શ્રેય એ જ મુખ્ય પ્રેરણા હતી. એ તપસ્વીઓ ભૌતિક સુખસગવડની પાછળ નહિ પણ આધ્યાત્મિક આનંદની પાછળ પડયા હતા. ધર્મની સત્તામાં મિથ્યાભિમાન અને અંધ શ્રદ્ધા કરતાં તર્કબદ્ધ મુક્ત ચિંતન અને પ્રયોગોને તેઓએ વિશેષ ઉત્તેજન આપ્યું. વિજ્ઞાનની પદ્ધતિ પર ખફા થવાને બદલે તેમણેં સાચા વૈજ્ઞાનિક જુસ્સાથી મુક્ત પરીક્ષણની પદ્ધતિનો આશ્રય લઈ જૈન તત્ત્વજ્ઞાનને વિકસાવ્યું. તેથી જૈન તત્ત્વજ્ઞાન વિજ્ઞાનના ચોકસાઈપૂર્ણ પૃથક્કરણના તંત્રની ખૂબજ નજીક છે.

તર્ક માટેની જૈન સાધુઓની આ લગનીએ તેમને પોતાના વિચારો અને ખ્યાલોને વિકસાવવાની પ્રેરણા આપી. કેટલાંય વર્ષો પછી આધુનિક વિજ્ઞાને જે વિચારો પ્રગટ કર્યા તેની તુલના જૈનોના આ વિચારો

સાથે થઈ શકે તેમ છે. પ્રયોગ માટે તેમની પાસે આધુનિક સાધનો નહોતાં. તેથી તેમનાં તારણોમાં જરૂરી વિગતોનો અભાવ કદાચ જોવા મળે અથવા આધુનિક વિજ્ઞાનના માપદંડથી મૂલવીએ તો તેમના વૈજ્ઞાનિક નિર્ણયો થોડાંઘણાં 'અચોક્કસ' લાગે એ હકીકત તો સ્વીકારવી જ રહી. પણ જૈનોના, "જૈન ધર્મ સૌથી વૈજ્ઞાનિક ધર્મ છે" એ દાવાની યથાર્થતાનો નિર્ણય તેમના 'વિશ્વની પ્રતિકૃતિની યથાર્થતાના' આધારે કરવા કરતાં, 'વિજ્ઞાનના સૌથી મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતને કેવળ જૈન ધર્મે જ સહર્ષ સ્વીકાર્યા છે' એ હકીકતના આધારે કરવો જોઇએ. વિજ્ઞાનનો સિદ્ધાંત છે કેઃ "રૂઢિવાદને બદલે નવા વિચારોને ખુલ્લા મનથી આવકારવા, અને યથાર્થતા અને પુરાવાના આધારે તેમની ચકાસણી કરવી"! હકીકતમાં ૧૭મી સદીના તત્ત્વજ્ઞાની રેને ડેકાર્ટની 'પૃથક્કરણ કળા' આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિનો પાયો છે. ભગવાન મહાવીરના સમયથી જૈન તપસ્વીઓએ પણ તત્ત્વજ્ઞાનના સ્પષ્ટ નિરૂપણ માટે એ જ કળા અપનાવી હતી.

કેટલાય કિસ્સામાં જૈન સાધુ-સાધ્વીઓ સાંપ્રત વિજ્ઞાનની ઘણા નજીક છે. અને વળી ક્યારેક તો તેઓ જ્ઞાનના સીમાડાની પેલે પાર પણ પહોંચ્યા છે. આધ્યાત્મિક ક્ષેત્રે તેમણે જે સિદ્ધિ મેળવી તે તો આજે પણ વિજ્ઞાનના કાર્યક્ષેત્રની સીમાથી ક્યાંય દૂર છે. વિજ્ઞાન કેવળ જડતત્ત્વના સંશોધનમાં જ રસ રાખે છે, પણ વિશ્વ તો જડ અને ચેતન એ બે તત્ત્વોનું બનેલું છે. એ બંને તત્ત્વોના ગુણ, લક્ષણ અને પારસ્પરિક સંબંધોને તીર્થંકરોએ સ્પષ્ટપણે વ્યક્ત કર્યા. એક આશ્ચર્ય વાત તો એ છે કે આ પ્રાચીન જૈનવિજ્ઞાનમાં ભાગ્યે જ એવી કોઈ વસ્તુ હશે જે ૨૧મી સદીના વૈજ્ઞાનિક સિદ્ધાંતો સાથે બંધબેસતી ન હોય! આધુનિક વિજ્ઞાનના માપદંડથી મૂલવીએ તો વિશ્વનું સ્વરૂપ, જ્ઞાન અને દર્શનને લગતા જૈન સિદ્ધાંતો ઘણા ચોકસાઈવાળા લાગે છે. વિશ્વના જૈન પરિમાણોને આઈન્સ્ટાઈનના પરિમાણો સાથે સરખાવી શકાય તેવાં છે. પ્રાચીન જૈન ગ્રંથોના આધારે આજના વૈજ્ઞાનિકોએ કેટલાક ગ્રંથો લખ્યા છે. જૈન વૈજ્ઞાનિક સિદ્ધાંતોની સૂચિ નીચે આપી છેઃ

• પદાર્થનું આણ્વિક બંધારણ; • પરમાણુઓનું સ્વરૂપ; • કાર્ય-કારણ વિચાર; • સૂક્ષ્મ જીવાણુંનું અસ્તિત્વ; • વનસ્પતિમાં પણ જીવ છે; • અવકાશમાં અન્ય ગ્રહોપર જીવનનું અસ્તિત્વ; • શારીરિક સ્વાસ્થ્યનો માનસિક સ્વાસ્થ્ય સાથે સંબંધ; • ધ્યાન અને માનસિક શાંતિ; • આઈન્સ્ટાઈન દ્વારા પ્રસ્થાપિત પરિમાણો જૈનોના વિશ્વ પરિમાણો સાથે તુલનાયોગ્ય; • વનસ્પતિ અને પ્રાણીઓનું જૈવિક વર્ગીકરણ; • પ્રકૃતિની જાળવણી માટે પર્યાવરણીય સિદ્ધાંતો; • જટિલ ગણિતશાસ્ત્રના સિદ્ધાંતો. આ વિષયો પર જૈન ગ્રંથોના આધારે લખેલ પુસ્તકોની સૂચિ છે.[14]

આ તમામ વિચારો આજે આપણને આધુનિક લાગે છે. પણ જૈનો તો સદીઓથી આ સિદ્ધાંતો શીખવતા આવ્યા છે. હકીકતમાં જૈન સાહિત્યના જ્ઞાનભંડાર અને સંશોધનમાંથી આધુનિક પર્યાવરણશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગણિત અને તબીબીવિજ્ઞાન ઘણો લાભ મેળવી શકે તેમ છે. યોગ, શાકાહાર, ધ્યાન,

ઉપવાસ, પ્રકૃતિ માટે આદરભાવ વગેરે જૈનોના આચારને આધુનિક વિજ્ઞાનીઓ હવે મંજૂરીની મહોર આપતા થયા છે. જોકે, જૈનોની વૈજ્ઞાનિક સિદ્ધિઓ પાછળ પ્રકૃતિને વશ કરવાની કે પ્રકૃતિ પર વર્ચસ્વ ધરાવવાની કોઈ ઈચ્છા જોવા મળતી નથી. તેમને માટે સુખની ખોજનું ક્ષેત્ર માનવમન છે; ધરતીમાતાનું શોષણ નહિ.

વિજ્ઞાને પ્રદાન કરેલ 'અવકાશ અને પૃથ્વીના પેટાળમાં વૈજ્ઞાનિક સંશોધનો, નિરામય દીર્ઘાયુ માટે ખાતરી, ભૌતિક સુખસગવડનું પ્રદાન' આ બધું રોમાંચક છે; પરંતુ તેથી થતું નૈતિક અવમૂલ્યન, પ્રદૂષણ, ગુનાઓ, હિંસા, વિનાશ અને નિસર્ગ તથા અન્ય લોકો પર વર્ચસ્વની ઈચ્છા આ બધાની વિરુદ્ધ વિશ્વમાં ચારે બાજુ બૂમરાણ થઈ રહી છે. જૈનોના મતે વિશ્વનું જ્ઞાન પ્રાપ્ત કરવા પર આપણું લક્ષ્ય હોવું જોઈએ, વિશ્વ પર વર્ચસ્વ જમાવવા પર નહિ. આધુનિક ચિંતક વિજ્ઞાનના ભૌતિકવાદને નકારે છે પણ તેને અંધકારયુગના અધ્યાત્મવાદને અપેક્ષિત સંપૂર્ણ શરણાગતિ અને શ્રદ્ધા તરફ પાછા ફરવાની પણ ઈચ્છા નથી. આ બંને અંતિમોનો ત્યાગ કરી આધ્યાત્મિક વિજ્ઞાનની કે વૈજ્ઞાનિક અધ્યાત્મની ફિલસૂફીને તે ઝંખે છે. જૈન ફિલસૂફી તેમને માટે આશાનું કિરણ બની શકે!

## જૈનોનું પ્રદાન

વિજ્ઞાન અને ધર્મ એકબીજાની સાથે હાથ મિલાવીને શાંતિ અને સુખ માટે તથા પ્રકૃતિ સાથે સંવાદિતા જાળવવા માટે લોકોને પ્રેરણા આપવાનું કામ કરતાં હોય તેવા વિશ્વની કલ્પના તો કરી જુઓ! જ્યાં દરેક જીવ પ્રત્યે સમભાવ અને આદરમાન રાખવામાં આવતાં હોય એવાં વિશ્વની - ખરેખર જૈન વિશ્વની - કલ્પના કરી જુઓ! વિજ્ઞાનના વિકાસને અટકાવવો હવે શકય નથી, અને અટકાવો જોઈએ પણ નહિ. પરંતુ વિજ્ઞાનના વિકાસને નૈતિક મૂલ્યોથી સંયમિત કરવાની જરૂર છે. નૈતિક મૂલ્યોને

[14] જૈનોના પૌરાણિક વિજ્ઞાન ગ્રંથો પર આધારિત ઘણાં લેખ અને નવા ગ્રંથો હમણાં પ્રસિદ્ધ થયા છે. તેમાંથી કેટલાંક કેવળ અંગ્રેજી પુસ્તકોની સૂચિ નીચે આપી છે:

(1) Padmavathamma, "The Mathematics of Nemichandra Siddhanat Chakravarti", in *Jinamanjari*, Vol. 14, No. 2, pp. 68-76, Brahmi Society Publication, Toronto 1997
(2) Hayashi, Takao, "Geometric Formulas in Dhavala of Virasena", in *Jinamanjari*, Vol. 14, No. 2, pp 53-76, Brahmi Society Publication, Toronto 1966
(3) Bhattacharya, H.S., *Reals in the Jain Metaphysics*, S.S.K. Trust, Bombay, 1950
(4) Divyakirti Muni, *Visva Vijnana: Prachin Ane Navin* (Universal Science: Old and New) Ch. 5 of Tattvarthsutra (Gujarati), Sanmarg Prakashan Ahmedabad 1994
(5) Jain, B.C., *Jaina Logic*, University of Madras Press, 1992
(6) Jain, N.L., *Scientific Contents in Prakrit Canons*, Parsvanath Vidyalaya, Varanasi 1996
(7) Jain, N. L., *Biology in Jaina Treatise on Reals*, (translation of *Tattvatika Rajvartika* by Akalanka), P.V. Institue, Varanasi 1999
(8) Lal, R.B., *Religion in the Light of Reason and Science*, Bharatiya Vidya Bhavan, Bombay 1978
(9) Mehta, Mohan, *Jaina Psychology*,Sohanlal Jaindharma Pracharak Samiti, Amritsar 1955
(10) Mardia, K.V, *The Scientific Foundations of Jainism*, Motilal Banarasidas, Delhi 1990
(11) Zaveri, J.S., *Microcosmology: Atom in Jain Philosophy and Modern Science*, Jain Viswabharati University, Ladnum, 2nd edition 1991
(12) Munishri Nandighoshvijayji, *Scientific Secrets of Jainism- An exploration of the parallels between Modern Physics and Jain Philosophy*, RISSIOS, 2001

પુનઃસ્થાપિત કરવાની સત્તા ધર્મ પાસે છે. વિશ્વમાં આવી પડેલી આફતો કે આપત્તિઓ માટે વિજ્ઞાન પર દોષારોપણ અને વિજ્ઞાન સાથે લડવાને બદલે તેની સાથે હાથ મિલાવીને રચનાત્મક કામ કરવાની હવે જરૂર છે. સદીઓથી આધુનિક વિજ્ઞાન પ્રસ્થાપિત ધર્મોને (જેવા કે ઇસ્લામ, ખ્રિસ્તી) લડત આપતું આવ્યું છે અને આજે તો તે સફળતાની ટોચ પર બિરાજમાન છે. તેથી વિજ્ઞાન સહેલાઈથી તે ધર્મ સાથે સમાધાન કરે એ વાતમાં તથ્ય નથી. પરંતુ જૈન ધર્મનો ઈતિહાસ અધ્યાત્મ અને વિજ્ઞાન વચ્ચે સંવાદિતાનો ઈતિહાસ છે. તેથી જૈન ધર્મ એ બંનેનો સારી રીતે સમન્વય કરી શકે. આધુનિક વિચારકો જૈન તત્ત્વજ્ઞાનનું સંશોધન અને સ્વીકાર કરે તો વર્તમાન વિશ્વની ઘણી ખરી સમસ્યાનો ઉકેલ સારી રીતે કરી શકે તેમ છે.

જૈનધર્મ આધ્યાત્મિક વિજ્ઞાનની અને વૈજ્ઞાનિક અધ્યાત્મની ફિલસૂફી છે. આજે વિશ્વને અહિંસા, અપરિગ્રહ, અનેકાંતવાદના સંદેશની તાતી જરૂર છે. પરંતુ તે માટે જૈનોએ સૌ પ્રથમ આધુનિક વિજ્ઞાનના પરિપેક્ષ્યમાં જૈનશાસ્ત્રોને સમજવા અને તેમની સમીક્ષા કરવા માટે સંશોધન અને જ્ઞાન મેળવવાનું કામ હાથ ધરવું જરૂરી છે. તે પછી જ જૈન ધર્મની દેણગીનું સાચું સ્વરૂપ જૈનો વિશ્વને બતાવી શકશે અને વિશ્વની સમસ્યાના સમાધાનમાં પ્રભાવી બની શકશે.

## જૈન વિશ્વદર્શન

જૈન ગણીત શાસ્ત્રના આધારે તેમના આચાર્યો કહે છે કે આકાશ અનંત અને સીમારહીત છે પણ તેના આલોકાકાશ અને લોકાકાશ એવા બે વિભાગ છે. સર્વ દ્રવ્યો - જીવ તથા અજીવ - કેવળ લોકાકાશમાજ વસે છે અને તેને વિશ્વ કહેવાય. જૈનોના મતે આ વિશ્વ સીમીત છે. એટલે કે લોકાકાશની સીમાની બાહર દ્રવ્યો નથી. વિશ્વનો આકાર નિતંબપર હાથ, અને પગ પેહોળા કરીને ઊભેલા એક માનવ (લોકપુરુષ) જેવો લંબગોળ છે. તેના માથાઉપર ચંદ્રમાના આકાર જેવો સિદ્ધલોક છે, અને તેના શરીરના ઉર્ધ્વલોક, મધ્યલોક, અને અધોલોક એમ ત્રણ વિભાગ કરેલા છે. લોકપુરુષ જેવો વિશ્વનો લંબગોળ આકાર આજસુધી આધુનિક શાસ્ત્રજ્ઞોને માન્ય ન હતો. વિશ્વ ગોલાકાર અને સિમારહીત છે એમ જ તે માનતા હતા.



પણ હાલમાં અમેરીકાના NASA એ અંતરાળમાં મોકલાવેલા "Wilkinson Microwave Probe" દ્વારા વિશ્વનો આકાર જાણવાનો પ્રયત્ન કર્યા છે. તે મુજબ જર્મનીના ખગોલ શાસ્ત્રજ્ઞ ફ્રેંક સ્ટાઈનર અને એક બ્રિટીશ ખગોલશાસ્ત્રજ્ઞ જણાવે છે કે વિશ્વ ગોલાકાર નહી પણ Eiffel Tower જેવો - એટલે કે જૈનોના લોકપુરુષ જેવો - લંબગોળ છે (New Scientist, April 2004).

# ૧૫

# ૧૫. વિશ્વશાંતિ

વીસમી સદીમાં પહેલાં કરતાં અનેકગણાં વધારે યુદ્ધો અને એથીયે વધારે માનવોની હત્યા થઈ છે. ૨૦મી સદીએ બે વિશ્વયુદ્ધ તેમજ કોરિયા, વિયેટનામ, ચેચનીયા, બોસ્નિયા, આયર્લેન્ડ, ચીન, ભારત, પાકિસ્તાન, ઈઝરાયલ, પૅલેસ્ટાઈન, ઈરાક, આર્જેન્ટિના, કોલંબિયા અને વિશ્વના લગભગ દરેક ભાગમાં યુદ્ધ થતાં જોયાં છે. આ જ સદીમાં મુસ્લિમો, યહૂદીઓ, ખ્રિસ્તી, ટુટ્સી, હુટુસ, સર્બસ અને ક્રોશિયનીઓએ જાતિ, ધર્મ અને રંગના નામે પોતાના જ પાડોશીઓ અને મિત્રોને મારી નાખ્યા. છ લાખ યહૂદીઓને ગૅસ ચૅમ્બરમાં ધકેલી દીધા. દક્ષિણ ઍશિયાની આઝાદીની ચળવળ બાદ ભારતના ભાગલા વખતે ત્રણ લાખ હિંદુ, મુસલમાન અને શીખોને છૂરા હુલાવી દીધા.

૨૦મી સદીમાં પ્રગતિશીલ કહેવાતાં રાષ્ટ્રોએ કોમળ યુવામાનસને લડાઇના ખુની મશીનમાં પલટવા માટે લશ્કરી અકાદમી સ્થાપવામાં અબજો ડૉલર ખર્ચી નાખ્યા. અમેરિકાએ જાપાન પર અણુ બૉમ્બ ફેંકી લાખો નિર્દોષ સ્ત્રી-પુરુષ-બાળકોને ક્ષણભરમાં મોતને ઘાટ ઉતારી દીધા. સત્તા, લાલસા, ઘમંડ, ધર્માંધતા, સ્વધર્મ આસક્તિ અને બર્બરતાની એ હતી ૨૦મી સદી! શું આવી ૨૦મી સદી માટે કોઈ ગૌરવ લઈ શકે ?

હવે આપણે નવી શતાબ્દીમાં પ્રવેશ કરી ચૂક્યા છીએ ત્યારે મનમાં એક પ્રશ્ન ઊઠે છે કે શું આ નવી સદી આગલી સદી કરતાં અલગ હોઈ શકે ? આ સદીમાં વિશ્વશાંતિ માટે કોઈ તક છે ? થોડાં આશાનાં કિરણો છે ખરાં! પણ ઈતિહાસનો બોજ ભારે છે. માનવજાતિનો સમગ્ર ઈતિહાસ યુદ્ધ, બર્બરતા અને પ્રાણી માત્ર પ્રત્યે અકલ્પનીય ક્રૂરતાથી ભરેલો છે. એકબીજાને વધારે ઝડપથી અને કુશળતાથી મારી શકાય તે માટે આપણે આપણી ક્ષમતાને વધારી. સામૂહિક સંહાર માટે અવનવાં શસ્ત્રસરંજામનું સંશોધન અને તેના ખડકલા કરવા માટે આપણે આપણી બુદ્ધિ અને કુનેહને કામે લગાડયાં. પ્રજા અને તેમની સંપત્તિ બંનેનો નાશ કરવા માટે પ્રવાસી વિમાન (જેટ લાઈનર)નો શસ્ત્ર તરીકે ઉપયોગ કરવાની હદે આપણી બુદ્ધિ પહોંચી ગઈ છે. આવી પરિસ્થિતિમાં ૨૧મી સદીને આપણે કેવી રીતે અલગ ઘડી શકીએ? વિશ્વશાંતિની સમસ્યાનું સ્થાન સમકાલીન ચિંતકનાં મનમાં સૌથી અગ્રેસર છે. પણ શાંતિસમારોહો, રસ્તા પર નારાબાજી, ન્યૂક્લિયર શસ્ત્ર વિરુદ્ધ પ્રદર્શનો, રાજકારણીઓ પર દબાણ વગેરે પ્રયાસો શાંતિનું નિર્માણ કરવામાં સફળ થશે?

**યુદ્ધ ક્યારેય સારું અને શાંતિ ક્યારેય ખરાબ હોતાં નથી.**
બેન્જામિન ફ્રેંકલીન, ક્વિન્સીને પત્ર, ૧૧ સપ્ટે. ૧૭૮૩

સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ભાષણો આપવાથી શું શાંતિ આવશે? સખ્તાઈ, બળજબરી, સજા કે એક દેશનું બીજા દેશ પર દબાણ વગેરે પ્રયત્નો કારગત નિવડે ખરા? શક્યતા તો એ લાગે છે કે પ્રજા અને રાષ્ટ્રો એક બિજા સાથે લડવાનું ચાલુ જ રાખશે. અને તે પણ વધારે બર્બરતાથી! જ્યાં સુધી આપણે ધર્માંધતા, લાલસા, વાસના અને ઘમંડમાં ઘસડાતા હોઇશું ત્યાં સુધી લડવાનું ચાલુ જ રહેશે. તો પછી વિશ્વશાંતિ માટે આપણે કેવી રીતે આશા રાખી શકીએ?

## યુદ્ધનાં મૂળ કારણો

આપણે મનુષ્યો જ્યારથી ઊંચી ગરદન રાખીને આ ધરતી પર ટટ્ટાર ચાલતા થયા ત્યારથી યુદ્ધ આપણને વળગ્યું છે. યુદ્ધનાં કારણોનું વિશ્લેષણ કરવાથી સંયુક્ત રાષ્ટ્રસંઘના દબાણથી આપણે યુદ્ધ કરતાં અટકી જશું એમ માનવું એ કેવળ ભ્રમ છે. અમેરિકાએ તો તેને ફાવતું હતું ત્યારે સંયુક્ત રાષ્ટ્રસંઘને પણ ધુતકારી ઈરાક પર હુમલો કર્યો જ ને! હું એમ પણ કહેવા નથી માગતો કે ઘમંડી રાષ્ટ્રોને અને આતંકવાદીઓને તેમના માર્ગમાંથી પાછા વાળવા જૈનધર્મ કે અન્ય ધર્મ પાસે કોઈ જાદુઈ છડી છે.

**નોંધો! જ્યારે ભીષણ માનવસંહાર પતે ત્યારે થાય યુદ્ધવિરામ.**
**તે કરી મૂકે સર્વત્ર નિર્જન સ્મશાન, અને કહેવરાવે તેને શાંતિ!**
લૉર્ડ બાયરન, ધ બ્રાઈડ ઑફ એબિડોસ, શ્લોક : ૨૦

પરંતુ યુદ્ધનાં કારણોનું નજીકથી વિશ્લેષણ કરીએ તો આપણને એક વાતનો ખ્યાલ આવશે કે લાંબા ગાળાના ઉપાય શક્ય છે ખરા. આવા ઉપાયો ભૂતકાળમાં અજમાવ્યા હતા, અને તેમાં સફળતા પણ મળી હતી. આજે પણ એ ઉપાયો વ્યાપકરૂપે અજમાવીએ તો આશા છે કે વિશ્વને યુદ્ધના ખોફમાંથી બચાવવામાં સફળતા મળી શકે. આ આપણો કેવળ આશાવાદ છે એમ તમને કદાચ લાગશે. પણ આશા છોડી દેવી એ તો મનુષ્યની બેજવાબદારી કે બેફિકરાઇ કહેવાય.

દરેક યુદ્ધ શરૂ કરવા પાછળ વિશિષ્ટ કારણો હોય છે. જૂના જમાનામાં રાજાઓ પોતાનું સામ્રાજ્ય વધારવાની ઈચ્છાથી આસપાસનાં નબળાં રાજ્યો પર મીટ માંડતા અને તેમનાં પર છાપો મારતા. આજે અમેરિકા કેવળ તેલ માટે ઇરાકમાં હજારો માનવીઓની હત્યા કરી રહ્યું છે, ધર્માંધ અતિરેકીઓ 'કાફરો'નું બળજબરીથી ધર્માંતર કરવા માટે લશ્કરી ઢબે ઝુંબેશ શરૂ કરે છે, કટ્ટરપંથી રાજયો છુપા યુદ્ધોની રમત રમે છે, અને સમાન વિચારસરણી ધરાવતાં રાજકીય અતિરેકીઓ એકબીજા સાથે સંધી કરીને હરીફો સામે તોપો તાકીને ઊભા રહે છે.

**તેઓ કરી મૂકે સઘળું ઉજ્જડ અને કહેવરાવે તેને શાંતિ !**

**સાઈટસ ઈ.સં ૫૫**

યુદ્ધના પ્રારંભનું કારણ ગમે તે હોય પણ બે માંથી એક પક્ષ પોતાની હાર કબૂલે ત્યારે જ યુદ્ધ સમાપ્ત થાય છે. જોકે, તેનો અર્થ એ નથી કે યુદ્ધ કરનાર હવે તે યુદ્ધનાં મૂળ કારણને વિસરી ગયા છે કે હવે તેમનામાં યુદ્ધ ચાલુ રાખવા માટે શક્તિ અને યુદ્ધબળ રહ્યાં નથી. આવી રીતે થોડા સમય માટે શાંતિ સર્જાય એટલે લોકો એમ માનવા પ્રેરાય છે કે સત્તાના બળપ્રયોગથી યુદ્ધ વિરામ થયું, તેથી શાંતિ સત્તા અને ભયની સમતુલામાં રહેલી છે. પણ ફરી શક્તિશાળી શસ્ત્રોનો પૂરવઠો ભેગો કરવાની શરૂઆત થઈ જાય છે. એક અથવા બીજા પક્ષને ખાતરી થાય કે તેમની પાસે હવે શત્રુપક્ષ કરતાં વધારે ઘાતક મશીનો છે એટલે ફરી યુદ્ધની શરૂઆત થાય છે.

કેવળ યુદ્ધોના જ નહિ પણ નાનામોટા કલહોનાં કારણોનું વિશ્લેષણ કરતાં એક વાત સ્પષ્ટ થાય છે કે દરેક યુદ્ધ શરૂ થવા માટેનાં તાત્કાલિક કારણો ભલે જુદાં જુદાં હોય પણ તેનાં મૂળ કારણો તો સમાન જ હોય છે. યુદ્ધમાં દરેક પક્ષ પોતાની વ્યૂહરચના કે પગલાંને 'ન્યાયી', 'યોગ્ય' અને 'બચાવ' તરીકે ઓળખાવે છે અને શત્રુનાં પગલાંને 'અન્યાયી', 'અયોગ્ય' અને 'આક્રમક' ગણાવે છે. ન્યૂયોર્કનાં બે ટાવર પર આતંકવાદી હુમલા, ત્રણ હજાર કરતાં પણ વધારે નિર્દોષ લોકોની હત્યા, ભારતના સંસદભવન પર હુમલો અને આવાં અનેક અવિચારી કૃત્યોથી કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિના મનમાં શોક અને ક્રોધની લાગણી જન્મે એ તદ્દન સ્વાભાવિક છે. પણ, ક્રોધ કરી તેનો બદલો લેવાની ભાવના રાખવી એ સુસંસ્કૃત માનવને માટે 'યોગ્ય' કહેવાય? શું શાંતિદૂત મહાત્મા ગાંધીએ નહોતું કહ્યું, "આંખનો બદલો આંખથી લેવાશે તો સમગ્ર વિશ્વ એક દિવસ અંધ બની જશે." શું આ એક 'આદર્શવાદીની મૂર્ખાઈ' હતી કે 'આર્ષદષ્ટાની વાણી' ?

ક્રોધ એ સહજ તામસિક ભાવ છે. પણ ક્રોધ આપણા મન પર વર્ચસ્વ જમાવે તે પહેલાં જ તેનું સમ્યક્ત્વ અને સ્થિતપ્રજ્ઞતામાં રૂપાંતર કરવું એમાં જ માનવનું શાણપણ રહેલું છે. ઉગ્ર ક્રોધમાંથી ઉત્પન્ન થતો અધિવક્ર સ્રાવ અને આવેશ પ્રત્યાઘાતી હિંસાથી વેર વાળવાની ભાવનામાં પલટાઈ ન જાય તેનું આપણે ધ્યાન રાખવું જોઈએ. આતંકવાદી પ્રસંગોથી મનમાં અનિવાર્યપણે શોક કે ક્રોધની લાગણી જન્મે જ! પણ આપણે પ્રક્ષુબ્ધતાને વશમાં રાખીને સમ્યક્તા કેળવવી જ રહી.. વ્યક્તિગત અને સામાજિક સ્તરે સમ્યક્તા કેળવવી એ મુશ્કેલ જરૂર છે પણ અશક્ય તો નથી જ. પ્રાચીન જૈન દર્શકોએ બતાવ્યું છે કે આત્મસંયમ દ્વારા તમામ ઘાતક લાગણીઓને વશમાં રાખી શકાય છે. આત્મસંયમ અને સમ્યક્તા કેળવવા અને તે દ્વારા શાંતિ પ્રાપ્ત કરવા માટે આપણને એક સમર્થ માર્ગ તેમણે બતાવ્યો છે. અર્થાત્ મનના ભાવોથી ઉપર ઊઠી તેનું ઉર્ધ્વીકરણ કરવાની કલા તેમણે આપણને શિખવી છે. આપણામાં જો એવી સમ્યક્તા હશે તો સમગ્ર વિશ્વ અને માનવબંધુઓને સારી રીતે સમજવામાં અને તેમનું આત્મસન્માન

જાળવવામાં તે આપણને પ્રેરણા આપશે. શું આ ખરેખર શક્ય છે? જો તેનો ઉત્તર 'હા'માં હોય તો એ કેવી રીતે થઈ શકે?

## પ્રથમ શાંતિ આંદોલન

આશરે ૮૫૦૦ વર્ષ પૂર્વે રિખવ (ઋષભદેવ) નામના એક માનવે આ સમસ્યા પર ઊંડું ચિંતન કર્યું. મનુષ્યને મનુષ્ય પ્રત્યે ક્રૂરતામાં પ્રવૃત્ત જોઇને રિખવે એક શાંતિ આંદોલન શરૂ કર્યું. રિખવને ખાત્રી થઇ કે યુદ્ધનાં તાત્કાલિક કારણો ગમે તે હોય પણ તેનું મૂળ તો માનવ મનમાં જ હોય છે. તેથી વિશ્વશાંતિ માટે માનવ મનમાં સંગીન પરિવર્તન થવું જરૂરી છે. તેમનું માનવું હતું કે માનવ વર્તનમાં આવું પરિવર્તન લાવવું એ કઠીન પ્રક્રિયા છે પણ અશક્ય તો નથી જ. કેળવણી અને તાલીમ દ્વારા માનવ મનને શિસ્તબદ્ધ કરી શકાય. કેવળ માનવજીવન માટે જ નહિ પણ તમામ જીવો માટે આદરભાવના સંસ્કાર માનવ મનમાં પાડી શકાય. અને એ રીતે આત્મસંયમ દ્વારા એક સુંદર અને શાંત સંસ્કૃતિને આપણે ખીલવી શકીએ. આ વિશ્વાસ સાથે 'રાજા' રિખવે પોતાની જાતને 'વનવાસી' રિખવમાં બદલી નાખી. આત્મસાધના અને શાંતિની પ્રવૃત્તિમાં તેમણે શેષ જીવન સમર્પિત કર્યું. કેટલાય વર્ષોના એકાંતવાસમાંથી બહાર આવીને સાધનાના ફલસ્વરૂપ તેમણે શાંતિ માટે ઝુંબેશ ઉપાડી. ધ્યાન, ચિંતન અને આત્મસંયમ દ્વારા અંતરમાં અને વિશ્વમાં શાંતિ પ્રાપ્ત કરવાનો લોકોને તેમણે ઉપદેશ આપ્યો અને માનવ હોવા છતાં રીખવ એક દેવ બન્યા. આ હતું વિશ્વનું સર્વ પ્રથમ શાંતિ આંદોલન !

રિખવદેવનું એ શાંતિ આંદોલન જૈનધર્મરૂપે અદ્યાપિ જીવંત છે. આજે જૈન સમાજ વિશ્વમાં પથરાયેલા આશરે દોઢ કરોડ લોકોનો બનેલો છે. તેમનું લક્ષ્યબિંદુ આત્મસંયમ પર આજ સુધી ટકી રહ્યું છે. રિખવદેવના શાંતિ આંદોલનમાંથી ઘડાયેલી જે આચારસંહિતાનું પાલન કરીને આત્મસંયમદ્વારા જૈનોએ શાંતિમય સમાજ ઉભો કર્યો છે તે આચારસંહિતાના સારભૂત નિયમો છે:

૧. સર્વ જીવંત પ્રાણી/વનસ્પતિ માટે પ્રેમ અને શક્ય તેટલી ઓછી હિંસા (**અ**હિંસા)
૨. અંગત જરૂરિયાતો અને માલિકીભાવને ઘટાડતા જવાં (**અ**પરિગ્રહ)
૩. ભિન્ન ભિન્ન દષ્ટિકોણ ઘણીવાર એકજ સત્યના વિવિધ પાસા હોય છે, તેથી તેનો આદર કરી સંઘર્ષની શક્યતા ઘટાડવી (**અ**નેકાંતવાદ)

આ ત્રણ **'અ'** ની માંડણી રિખવદેવે સાડાઆઠ હજાર વર્ષો પહેલાં કરી. ઈ.સ.પૂર્વે છઠ્ઠી સદીમાં ભગવાન મહાવીરે એ સિદ્ધાંતોને વિશેષ શિષ્ટ રૂપ આપ્યું. અને તેથી, ધર્મને નામે ક્યારેય પણ યુદ્ધમાં ઉતર્યા વિના ભારતની ઉપદ્રવી અને અરાજક પરિસ્થિતિમાં પણ જૈન ધર્મને ટકી રહેવા માટે આ સિદ્ધાંતોએ સતત પ્રેરણાનાં પિયૂષ પાયાં.

## વર્તમાનયુગમાં શાંતિ

જૈનો જાણે છે કે મનુષ્યના અંતરમાં શાંતિ હશે તો વિશ્વમાં આપોઆપ શાંતિ આવશે. કઠોર કસોટીમાંથી પાર ઉતરીને વિશુદ્ધ થયેલું જૈનોનું ત્રણ '**અ**'નું આ શાંતિસૂત્ર અંતરની શાંતિ માટે એક સુંદર કીમિયો છે. તે કીમિયો શાંતિપૂર્ણ જૈન સમાજનું નિર્માણ કરવામાં સફળ નીવડયો છે. શું તેમનું આ શાંતિસૂત્ર વિશ્વશાંતિ માટે પણ લાગુ કરી શકાય ખરું ? જો લાગુ થઈ શકે તો પૃથ્વીના અસ્તિત્ત્વ માટે તે સર્વોત્કૃષ્ટ આશાનું કિરણ બની રહેશે. જગતને આપવા માટે જૈનો પાસે આ સર્વોત્તમ શાંતિસૂત્ર છે. તેથી જૈનો તે વિશે સંશોધન કરે, જરૂર પડયે તેને વધારે શિષ્ટ રૂપ આપે અને સમગ્ર વિશ્વનું ધ્યાન તે સૂત્ર પર દોરે. 'સમગ્ર વિશ્વની શાંતિ' નું મહાન કાર્ય નાનકડો જૈન સમાજ એકલે હાથે ઉપાડી શકે નહિ. તેથી આ બાબતમાં જૈન સમાજ તેમની તાકાત અને નબળાઈ બંનેનું સરવૈયું કાઢે અને રિખવદેવની શાંતિની પહેલને પુનઃ જાગૃત કરવા અન્ય ધર્મો સાથે જોડાઈ 'આંતરૃધર્મસંઘ'નું નિર્માણ કરે. વિશેષ પ્રેરણા મેળવવા માટે તેમની પાસે તાજેતરનું એક જગવિખ્યાત ઉદાહરણ છે. રિખવદેવના પ્રેમ અને અહિંસાના વિચારોને ગાંધીજીએ ભારતની રાજકીય લડતમાં પ્રયોજીને વિશ્વમાં એક સુંદર દાખલો બેસાડયો અને એ જૈન સૂત્રની વિશ્વવ્યાપી અસર પડી. માર્ટિન લ્યૂથર કિંગ અને નેલ્સન મંડેલા જેવા નેતાઓએ પણ મહાત્મા ગાંધીમાંથી પ્રેરણા મેળવીને એ જૈન શાંતિ સૂત્રનો પોતાની ચળવળમાં સફળતાપૂર્વક પ્રયોગ કર્યો.

ઘણીવાર એક પ્રશ્ન પૂછવામાં આવે છે કે ૧૯૩૦ અને ૧૯૪૦ માં ગાંધીજીની સત્યાગ્રહ અને શાંતિની કલા કામ લાગી તે હવે ૨૧મી સદીના હિંસક વિશ્વમાં કારગત નિવડે ખરી? ખરેખર આ પ્રશ્નનો ઉત્તર તો તે પ્રશ્નમાં જ સમાયેલો છે. તે કાળમાં એ કલા કારગત નિવડી તો આજે કેમ નહિ? છેલ્લાં પચાસ વર્ષમાં એવું તે શું બદલાઈ ગયું છે ? વાસ્તવમાં આપણા સામાજિક વિચારોમાં અને મનોતંત્રમાં જ પરિવર્તન આવ્યું છે ને? વધુ હિંસાને પણ સ્વીકારી લેવી એ વાતની છેલ્લાં પચાસ વર્ષમાં આપણા સામૂહિક મનોતંત્ર પર ખૂબ ઊંડી અસર પડી છે. અહીં તે પરિવર્તનનાં કારણોમાં આપણે ઊંડા ઊતરવાની જરૂર નથી. પરંતુ હકીકત એ છે કે મનોતંત્રનું સામૂહિક પરિવર્તન થયું છે અને શાંતિની દિશામાં પણ એવું જ સામૂહિક પરિવર્તન કરવું શક્ય છે. જો આ હકીકત સાચી હોય તો પછી આજથી પચાસ વર્ષ પૂર્વે, યુદ્ધના મશીનો, ન્યૂક્લિયર શસ્ત્રસરંજામ અને લશ્કરી અકાદમીઓની સ્થાપના કરવાને બદલે શાંતિના વિકલ્પને સભાનપણે સ્વીકાર્યો હોત તો આજે વિશ્વની કેટલી સુંદર પરિસ્થિતિ હોત તેની જરા કલ્પના તો કરી જુઓ! હજી પણ શાંતિપ્રસારનો નવેસરથી પ્રારંભ કરવાને બદલે સ્વનાશ અને હિંસાની વર્તમાન કાર્યપ્રણાલી આપણે ચાલુ રાખશું તો આવનારા પચાસ વર્ષમાં માનવ સંસ્કૃતિનાં શાં હાલ થશે એની પણ કલ્પના કરીએ. રિખવદેવ અને ગાંધીજીના શાંતિઆંદોલનની અસરકારકતા પર સવાલ

**કેળવણી અને તાલીમ દ્વારા માનવ મનને શિસ્તબદ્ધ કરી શકાય. કેવળ માનવજીવન માટે જ નહિ પણ તમામ જીવો માટે આદર ભાવના સંસ્કાર માનવ મનમાં પાડી શકાય. અને એ રીતે આત્મસંયમ દ્વારા એક શાંત સંસ્કૃતિને આપણે ખિલવી શકીએ.**

ઊઠાવીને આપણે આપણા સામૂહિક મનોતંત્રની નિર્બળતાને છતી કરીએ છીએ. અને આગળ વધવાને બદલે ત્યાં જ સ્થગિત થઈ જઈએ છીએ.

સામૂહિક મનોતંત્રનું પરિવર્તન થાય તો જ શાંતિની પહેલ થઈ શકે. તેથી એ કરવા માટે આંતરધર્મસંઘની સ્થાપના કરવી એ આપણું સૌ પ્રથમ લક્ષ્ય હોવું જોઈએ, કારણકે એ કામ માટે આવી સર્વધર્મસંસ્થા વધારે પ્રભાવક બની શકે. માનવમન અને માનવ લાગણી પર હંમેશા ધર્મોનો વિશેષ પ્રભાવ રહ્યો છે. પ્રજાને શાંતિ અને યુદ્ધ એ બંનેના પરિણામો સમજાવવા માટે ધર્મો પાસે આગવાં સાધનો હોય છે, તેથી ધર્મગુરુઓ તેમના ધર્મસમુદાયને ખરેખર સહિષ્ણુતા અને શાંતિનો સંદેશ આપે તો તે શાંતિપ્રસારમાં ખૂબજ સફળ થશે. પણ એ વાત ધર્મગુરુઓના ગળે ઉતરવી જોઈએ. આંતરધર્મ પરિસંવાદમાં સહિષ્ણુતાથી પ્રભાવી કાર્ય કરવા માટે જૈનો પાસે અનેકાંતવાદનું સુંદર સાધન છે. 'દરેક ધર્મને તેમનાં કાર્યની અગ્રતાની હવે પુનઃસમીક્ષા કરવી જરૂરી છે', આ વાત જૈનો અન્ય ધર્મોને સારી રીતે સમજાવી શકે તેમ છે. જૈનો તેમના ત્રણ **'અ'** ની અસરકારકતાની વિશ્વ સમક્ષ રજૂઆત કરી વિશ્વના મુખ્ય ધર્મો સાથે સહયોગ સાધી, વિશ્વશાંતિ આંદોલનને વેગ આપવા તૈયાર થશે ખરાં?

વિશ્વશાંતિની સમસ્યા સમકાલીન ચિંતકો માટે અત્યંત મહત્ત્વપૂર્ણ સમસ્યા છે; એ અભિનવ અધ્યાત્મવાદનું એક મહત્ત્વનું અંગ પણ છે. આજે ખાસ કરીને યુવાપેઢી શાંતિ ઝંખી રહી છે. આણ્વિક શસ્ત્રસરંજામ, આતંકવાદ, કટ્ટરવાદ વગેરેમાં દિવસે દિવસે વૃદ્ધિ થતી જાય છે. એ હકીકત તેમને અકળાવે છે. સમગ્ર વિશ્વમાં ઠેર ઠેર જાહેર માર્ગ પર વિરોધ પ્રદર્શન, શાંતિ રેલી, અનેક શાંતિસંસ્થાઓ ઊભરાયા છે. એ યુવાપેઢીની અકળામણનાં સંકેતો છે. નવી શતાબ્દીમાં સંયુક્ત રાષ્ટ્રસંઘે પણ ન્યૂયોર્કમાં એક વિશ્વધર્મ શાંતિપરિષદનું ઑગષ્ટ ૨૦૦૦માં આયોજન કર્યું હતું. આવી પરિષદોમાં, વિરોધ પ્રદર્શનો, શાંતિરેલી, શસ્ત્રનિર્માણ, ન્યૂક્લિયર શસ્ત્રાગાર વગેરે વિષયો પર ખાસ ચર્ચા કરવામાં આવી હતી. પણ યુદ્ધે ચડેલા વિશ્વ પર તેની કોઈ ખાસ અસર પડી નહિ.

## સર્વધર્મ શાંતિ અકાદમી

આ સમસ્યાઓની ગંભીરતા પર વિશ્વનું ધ્યાન દોરવા માટે આ પ્રકારની અકળામણ, ઉશ્કેરાટ, વિરોધ વગેરે અમુક અંશે ઉપયોગી ખરા! પણ તેથી કોઈ નક્કર કાર્ય નિપજે નહિ. સામૂહિક મનોતંત્રમાં મૂળભૂત પરિવર્તન આવે તો જ શાંતિ શક્ય છે. તેથી શાંતિના વિચારને આત્મસાત કરવા માટે મનને કેળવવું અને તેનું નિયમન કરવું આ બે વાત પર મૂળ લક્ષ્યને કેન્દ્રિત કરવું જરૂરી છે. દર વર્ષે સરકાર લશ્કરી અકાદમી પાછળ અબજો ડોલર વેડફી નાખી કુમળા યુવામાનસનું ચપળ યુદ્ધ-મશીનમાં પરિવર્તન કરવાનું કામ અચૂકપણે કરે છે. આપણે સૌ, શાંતિસેનાનીઓ કોઇ પણ વિરોધ કર્યા વિના એ કાર્યમાં કર ચૂકવીને આપણું આર્થિક અનુદાન આપીએ છીએ. આ વલણ જ્યાં સુધી બદલાય નહિ ત્યાં સુધી વિશ્વશાંતિની અપેક્ષા કેવી રીતે રાખી શકાય?

જૈનોના ત્રણ '**અ**'ના _ અહિંસા, અનેકાંતવાદ અને અપરિગ્રહના - સૂત્રમાં વિશ્વશાંતિ સ્થાપવા માટેની ક્ષમતા છે. પણ સૌ પ્રથમ એની પ્રતીતિ જૈનોના મનમાં થાય એ જરૂરી છે. ત્યારપછી **સર્વધર્મ શાંતિ અકાદમી**નું વિશ્વવ્યાપી નેટવર્ક કેવી રીતે ઊભું કરવું એ શોધી કાઢવું જોઈએ. અનેકાંતના સિદ્ધાંતનો ઉપયોગ કરી સહુ સાથે શાંતિપૂર્વક ચર્ચા કરવાનો વિશેષ અનુભવ અને કળા જૈનોમાં છે. તે અનુભવને અહી કામે લગાડી જૈનો શાંતિઅકાદમીના સહકાર્યકરોને સમજાવે કે આત્મસંયમ અને મનને કેળવવામાં જ અહિંસાની સાચી શરૂઆત રહેલી છે. રિખવદેવના સંદેશમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે યુદ્ધ એ તો માત્ર બાહ્ય ચિન્હ છે, લોભ, વાસના, અહંકાર, ઘમંડ એ છે યુદ્ધનાં મૂળ કારણો. હિંસક ભાવનાના મૂળમાં નિર્બળ મન કામ કરે છે. આ વાત લોકોના ગળે ઉતારવી એ કાંઈ એટલું મુશ્કેલ કામ નથી. આવા સમાન વિચારો અન્ય ધર્મોમાં પણ રહેલા છે. શાંતિનો ખરો ચાહક વિવિધ ધર્મોમાં રહેલા સમાન વિચારોનો જરૂર સમન્વય કરશે, સ્વમનને બલવાન અને સંયમી કરવાની વાત સ્વિકારશે, અને લાગણીથી વશ થવાને બદલે લાગણીને વશ કરવાનું મહત્ત્વ સમજશે.

> **'લશ્કરી' અકાદમીમાં શિસ્ત અને તાલીમ દ્વારા કુમળા યુવામાનસનું લડવૈયા અને જેહાદીમાં પરિવર્તન નથી કરવામાં આવતું? તો પછી 'શાંતિ' અકાદમી તે જ કોમળ યુવામાનસને પ્રતિષ્ઠિત શાંતિદૂતમાં ન પલટી શકે?**

પણ માનવ મનને મજબૂત અને સંયમી કરવા માટે મનને કેળવી શકાય ખરું? માનવ મન પોતાને વશમાં રાખી શકે ખરું? મારું માનવું છે કે એ કામ આપણે જરૂર કરી શકીએ. 'લશ્કરી' અકાદમીમાં શિસ્ત અને તાલીમ દ્વારા કુમળા યુવામાનસનું લડવૈયા અને જેહાદીમાં પરિવર્તન નથી કરવામાં આવતું? તો પછી 'શાંતિ' અકાદમી તે જ કોમળ યુવામાનસને પ્રતિષ્ઠિત શાંતિદૂતમાં ન પલટી શકે? શાંતિ અકાદમીનું કામ છે દરેક ધર્મગ્રંથોમાંથી શાંતિ સંદેશોને ખોળી કાઢવાનું. અને વિવિધ ધર્મના શાંતિસંદેશોનો ત્રણ '**અ**' સાથે સુંદર તુલનાત્મક સમન્વય કરી તેજસ્વી યુવામાનસને શાંતિના સંદેશદૂત બનવાની તાલીમ આપવાનું !

દેરાસરોનાં નિર્માણ માટે આર્થિક ભંડોળ ઊભું કરવાની જૈન સમાજમાં અદ્‌ભુત ક્ષમતા રહેલી છે. તે ક્ષમતાનો હવે શાંતિ અકાદમીઓ ઉભી કરવા માટે સદુપયોગ કરવાની જરૂર છે. શાંતિ અકાદમીઓ ભગવાન મહાવીરના શાંતિસંદેશના સાચા સ્મૃતિમંદિરો છે. હળીમળીને અને ઉત્સાહથી સમાજકાર્યની યોજનાઓ કરવામાં જૈનો થોડા પાછળ પડે છે. આવા કાર્યનું સંચાલન કરવાની કળામાં જૈનો નબળા છે એવી ફરિયાદ ઘણીવાર સાંભળવા મળે છે. તેથી વિશ્વશાંતિ જેવી બાબતોમાં આગેવાન બની, સમાજકાર્યના સંચાલનમાં જૈનોએ અન્ય ધર્મો સાથે સહયોગ સાધવો જરૂરી છે.

> **ભગવાન મહાવીરના શાંતિસંદેશના સાચા સ્મૃતિમંદીરો છે શાંતિ અકાદમીઓ !**

જૈનો રિખવદેવના માર્ગને જાણે અને અનુસરે છે. જૈનોએ આ માર્ગ આજસુધી પોતા પૂરતો જ સીમિત રાખ્યો છે. આજે પૃથ્વી પરના સૌથી શક્તિશાળી લશ્કરીક્ષેત્ર ગણાતા ઉત્તર અમેરિકા અને યુરોપના

દેશોમાં જૈનો સ્થાયી થયા છે. અહીં વ્યક્તિગત અને વૈશ્વિક શાંતિનું કાર્ય કરવા માટે જૈનોના અનુભવ જ્ઞાનની સૌથી વધારે આવશ્યકતા છે. ઉત્તર અમેરિકા અને યુરોપના દેશોમાં જૈન શ્રાવકો શાંતિસેનાની બને તે અત્યંત જરૂરી છે. અહીંના ધર્મોના મુખ્ય પ્રવાહો સાથે મળીને રિખવદેવના આ જૈન વારસદારો સહકારથી સક્રિયપણે કામ કરે તો સર્વધર્મ શાંતિ અકાદમી કેવળ સ્વપ્ન ન રહેતાં હકીકત જરૂર બની શકે અને પૃથ્વીને બચાવવાની આખા વિશ્વની આશાને જૈનો પુનર્જીવન બક્ષી શકે છે. ૨૬, ડિસેમ્બર ૨૦૦૧ ના દિને ગુજરાત વિશ્વવિદ્યાલયમાં યોજાયેલ એક પરિષદમાં ગુજરાત સરકારે <u>ભારતનું સર્વપ્રથમ અહિંસા વિશ્વવિદ્યાલય</u> સ્થાપવાની જાહેરાત કરી છે. આ વિશ્વવિદ્યાલય સાચા અર્થમાં અહિંસાત્મક બની રહે અને શાંતિદૂત મહાત્મા ગાંધીની ભૂમિમાંથી વિશ્વશાંતિ નિર્માણની પ્રેરણા સમગ્ર વિશ્વને મળે તે માટે આશા છે કે ગુજરાતનો જૈનસનાજ કાર્યાન્વિત થશે અને ગુજરાત સરકારને તે આશ્વાસન પુરૂં પાડવામાં મદદ કરશે..

# ૧૬

# ૧૬. અહિંસા અને શાકાહાર

## સમાન વારસો

દરેક ધર્મ અહિંસાનો ઉપદેશ આપે છે. યહૂદી અને ખ્રિસ્તીધર્મમાં દસ આજ્ઞાઓ પૈકી એક આજ્ઞામાં તેમના ઈશ્વર કહે છે, "તું અન્ય જીવની હત્યા કરીશ નહી!" શ્રદ્ધાળુ માટે કેટલી સરળ અને સ્પષ્ટ આજ્ઞા ! ઈસ્લામનો પવિત્ર ગ્રંથ કુરાન પ્રેમ, ભાઈચારો અને દયાનો ઉપદેશ આપે છે. ૧૧૪ પૈકી દરેક સુરા કે પ્રકરણમાં "કરુણામૂર્તિ, કૃપાળુ..... અલ્લાહના નામે" એ રીતે શરૂઆત કરીને ઉપદેશ આપ્યો છે કે "અલ્લાહસર્જિત દરેક જીવ પ્રત્યે જેને લાગણી નથી તેના પ્રત્યે અલ્લાહ પણ લાગણીશીલ નહી રહે"

**જીવંત વ્યક્તિ પ્રત્યે અહિંસા કે દયાભાવ રાખવો એ વાસ્તવમાં પોતા પ્રત્યે જ દયા રાખવા બરાબર છે, કારણકે તે દ્વારા અનેક પ્રકારનાં પાપ અને તેનાં ફળસ્વરૂપ અનેક દુઃખોથી પોતાની જાતની રક્ષા કરી કલ્યાણ પ્રાપ્ત કરી શકાય છે.**

**ભગવાન મહાવીર, સમણ સુત્તમ્: ૧૫૧**

ઉચ્ચ વર્ણના હિંદુઓ હિંસક યજ્ઞો કરતાં બંધ થયા, અને ઈશ્વરના નામે પ્રાણીની આહુતિ આપવાની વિધિનો ત્યાગ કરીને હિંદુ ઋષિમુનિઓએ અહિંસક યજ્ઞની શરૂઆત કરી. ગૌતમ બુદ્ધ ભગવાન મહાવીરના સમકાલીન હતા. બુદ્ધના ઉપદેશમાં 'ચોરી, વ્યભિચાર અને હિંસા આ - ત્રણેથી દૂર રહેવાનાં' આદેશનો સમાવેશ કર્યો છે.

મોટા ભાગના ધર્મો સંપૂર્ણ કે આંશિક શાકાહારની હિમાયત કરે છે. દા.ત. ઈશુ ખ્રિસ્તના પુનરુત્થાન મહોત્સવ દરમિયાન માંસાહારનો ત્યાગ કરવાની ખ્રિસ્તીઓને સલાહ આપવામાં આવી છે. કેટલાય હિંદુઓ તેમ જ બૌદ્ધ સાધુઓ શાકાહારનું કડક પાલન કરે છે. હિંદુ, બૌદ્ધ અને જૈનશાસ્ત્રોમાં અનેક જગ્યાએ ભારપૂર્વક જણાવ્યું છે કે સદ્ગુણી અને સદાચારી મનુષ્યો આત્મસંયમ કેળવી માંસાહાર અને મદ્યપાનનો ત્યાગ કરે.

હિંસાનો ત્યાગ કરવાની બાબતે બહુધા તમામ ધર્મગ્રંથોમાં સમાન વિચારસરણી જોવા મળે છે. ધર્મગ્રંથો નીતિનિયમોનો પાયો નાખે છે. તેથી સવાલ એ ઊઠે છે કે સર્વ ધર્મગ્રંથોમાં અહિંસાનો સંદેશ સમાન હોય તો પછી અહિંસા અંગેના નીતિનિયમો પણ સમાન ન હોવા જોઈએ? થોડોઘણો જે ફરક જોવા

મળે છે તેનું કારણ શું હોઈ શકે? સાપ અને જંગલી પ્રાણી કે કોઈ ખતરનાક જીવની હિંસા કરવી નહિ. તે જ પ્રમાણે સૂક્ષ્મતમ જંતુની પણ હિંસા ન કરવી - આટલી બધી અહિંસા પ્રત્યે પ્રતિબદ્ધતા જૈનોમાં જ શા માટે? બીજી બાજુ કેટલાક ધર્મો કેવળ આહારને ખાતર જ નહિ પણ આનંદ કે રમતગમતને ખાતર પ્રાણીની હિંસાને સંમતિ કેમ આપે છે? તો વળી કેટલાક ધર્મોના મતે ઈશ્વરના નામે કે સ્વધર્મના બચાવને નામે યુદ્ધ કરવું અને સ્ત્રી-પુરુષ-બાળકોની પણ હત્યા કરવી એને વાજબી કેમ ગણે છે?

**બુદ્ધનો શિષ્ય પોતે તો કોઈની હત્યા ન કરે પરંતુ અન્યને હત્યા કરવા માટે પ્રેરણા કે પ્રોત્સાહન પણ આપે નહિ. ધારદાર શસ્ત્રથી એક ઝાટકે હત્યા કરે નહિ, હત્યાની પ્રશંસા કરે નહિ, હત્યા કરતાં જોઈને આનંદ પામે નહિ. મંત્રોચાર કરીને હત્યા કરે નહિ. હત્યાનાં કારણ, રીત, પરિસ્થિતિ કે કર્મમાં તે નિમિત્ત બને નહિ. કોઈ પણ જીવજંતુની આશયપૂર્વક ક્યારેય હત્યા કરે નહિ.**

**બૌદ્ધોનું પ્રથમ મહાવ્રત**

## ધર્મગ્રંથોનું અર્થઘટન

લગભગ બધાંજ ધર્મસંસ્થાપકો અહિંસાનો ઉપદેશ આપે છે છતાંય તેનું પાલન દરેક ધર્મમાં અલગ અલગ રીતે થતુ દેખાય છે એનું કારણ ઘણીવાર મૂળ ઉપદેશનું અર્થઘટન ધર્મગ્રંથકારો અલગ અલગ કરતાં હોવા જોઇયે એમ હું માનું છું. મૂળ ઉપદેશ ભલે પ્રત્યક્ષ ઇશ્વર, તેમના પુત્ર, કોઇ પયગંબર, કે કેવળજ્ઞાનીની દિવ્યવાણી હોય, પણ પૂર્ણજ્ઞાનીની આ દિવ્યવાણીને સાંભળીને તેને લિપિબદ્ધ કરનાર પોતે મૂળ ઉપદેશકાર જેટલા પૂર્ણજ્ઞાની ન હોય. લખનાર તો તે ઉપદેશને પોતાની સમજ પ્રમાણે લખે. તદ્ઉપરાંત, તે ગ્રંથોનો ઉપદેશ આપણા સુધી પહોંચાડનાર પાદરી, મુલ્લા, સાધુ કે સંત, તેમની સમજ પ્રમાણે ધર્મગ્રંથોના અર્થઘટન કરીને ભાવિકો માટે નીતિનિયમો રચે છે. દા.ત. યહૂદી-ખ્રિસ્તીના દસ આજ્ઞાના જુદા જુદા ત્રણ અર્થ તેમનાજ ત્રણ ગ્રંથોમાં (Bible, Exodus and Deuteronomy) જોવા મળે છે અને તેથી યહૂદી અને ખ્રિસ્તીઓના જુદ-જુદાં સંપ્રદાયોમાં પણ અહિંસાના નીતિનિયમોમાં ફરક દેખાઇ આવે છે. મૂળ દિવ્યવાણીથી નહી, પણ ધર્મનેતાઓના ભૂલભર્યા અર્થઘટનના લીધે કેવળ અહિંસાના જ નહિ પરંતુ ધર્મદર્શનના પણ અલગ અલગ રૂપ આપણને જોવા મળે છે. તેના થોડા દાખલા નીચે પ્રમાણે છેઃ

દુનિયાનાં ગરીબ, બિમાર અને મરણપથારીવશ લોકોની દયા અને પ્રેમથી અહોરાત્રિ સેવા કરનાર ખ્રિસ્તી મિશનરી પ્રત્યે મને ખૂબ આદર અને લાગણી છે. કેટલીક મિશનરી તો આસિસીના ખ્રિસ્તી સંત ફ્રાન્સીસના પગલે પાંજરાપોળ પણ ચલાવે છે. દરેક ધર્મના અનુયાયીઓમાં આવા દયાળુ લોકો જોવા મળે છે. પરંતુ આવા દયાળુ લોકો જ જયારે તેમની દયા માયાને વિસરીને માંસ-મટન, મરઘી, ઘેટા, કે ગાયનાં વાછરડાને મારીને બનાવેલ વાનગીઓ ખાવા બેસે છે ત્યારે હું ઘણો નિરાશ પામું છું. આવાં સેવાભાવી અને દયાળુ લોકો રસાસ્વાદ માટે કે કેવળ રમત-ગમત માટે પ્રાણીહત્યા કેમ કરી શકે? ભગવાનના નામે પશુબલી, જેહાદ, ધર્મયુદ્ધો કે વિરોધીઓને મૃત્યદંડ આપવા જેવા ઘોર કૃત્યોનું પોતાની વિવેકબુદ્ધિ સાથે કેવી રીતે સમર્થન કરી શકે?

એક કેથોલીક પાદરી મિત્ર સાથે આ બાબત ચર્ચા કરવાની તક મને અચાનક મળી. અમે એક રેસ્ટોરંટમા સાથે જમવા ગયા હતાં. તાજાં ફળોની એક ડીશ મારાં માટે, અને ગાયના વાછરડાના નરમ માંસની એક વાનગી પાદરી માટે મંગાવી હતી.

"ડોકટર પરીખ, આવાં સરસ રેસ્ટોરંટમાં સરસ માંસાહારી વાનગીઓ છોડીને તમે કેવળ ફળાહાર જ મંગાવો છો? કેવો આનંદ તમે ગુમાવી રહ્યા છો !" પાદરીએ જ ચર્ચા શરૂ કરી.

"જે ચીજ કોઇ દિવસ ચાખી પણ ન હોય તે ન સેવ્યાનું વળી દુઃખ કયાંથી?"

"તે જ તો ખરો મુદ્દો છે ! તમે કેવો આનંદ ગુમાવી રહ્યા છો તેનું તમને ભાન પણ નથી. કોમળ વાછરડાનું આ માંસ તો સ્વર્ગ બરાબર છે. અહાહા, કેવળ સ્વર્ગ !"

"ફાદર ! હું કોઇ સાધુ-મુનિ નથી. હું તો એક સાદો-સીધો શ્રાવક છું. જૈન સંસ્કારોના કારણે મારામાં સર્વ જીવો પ્રત્યે દયા અને અનુકંપા છે. પણ તમે તો પ્રભુના જન-સંન્યાસી છો. કેવળ રસાસ્વાદને ખાતર નિર્દોષ વાછરાડાનો કુમળો જીવ લેવા એક સંન્યાસી તૈયાર થાય એ વાત મારા ગળે ઉતરતી નથી. શું તમારા પ્રભુએ એ સુંદર વાછરડાનું પ્રેમથી નિર્માણ નથી કર્યું?"

"હા, ડોકટર પરીખ, એ વાછરડાને પણ ઘડનાર ઇશ્વર જ છે. સમગ્ર વિશ્વનો નિર્માતા પણ તે જ છે પણ તેના વહાલા મનુષ્યના આનંદ અને ઉપભોગ માટે તે ઇશ્વરની દેન છે !" તે પાદરીનું આવું અર્થઘટન સ્વીકારવું મારે માટે મુશ્કેલ હતું. ખ્રિસ્તીઓના ઇશ્વરની આજ્ઞા છે કે તું અન્ય જીવની હત્યા કરીશ નહિ ! તો શું જીવ એટલે કેવળ મનુષ્યનો જ જીવ? આ ઘટના બાદ લગભગ ૧૫-૨૦ વર્ષ અમે એક બીજાને મળી શકયા નહોતા. પણ એક જીવદયા રેલીમાં મારી તેમની સાથે અચાનક મુલાકાત થઇ ગઇ. તે પાદરીએ મને ગર્વ સાથે સમાચાર આપ્યા, "હું હવે કેવળ શાકાહારી જ નહિ પણ સંપૂર્ણપણે વિગન છું". (વિગન એટલે - કોઇ પણ પ્રાણીજન્ય પદાર્થોના - દૂધ, દહી, માખણ, ઘીના - સેવન પણ અભક્ષ માનનારા).

કેટલાક બૌદ્ધ ધર્મીઓ પણ ભગવાન બુદ્ધના, 'કોઇની હત્યા કરશો નહિ' એ સંદેશનો એવો અર્થ કરે છે કે બુદ્ધોએ પોતે હત્યા કરવી નહિ, પણ અન્ય લોકોએ મારેલ પશુનું માંસ ખાવામા વાંધો નથી. તેઓ એવો પણ દાવો કરે છે કે ભગવાન બુદ્ધ પોતે માંસાહારી હતા અને નેપાલમાં તેમના એક શિષ્ય (ચુનદા)ના ઘેર ભગવાને આખરી ભોજનમાં સુવરના સુકવેલા માંસનું ભોજન કર્યું હતું. તેમના ધર્મગ્રંથો પાલી ભાષામાં લખાયા છે. ભગવાન બુદ્ધના અંતિમ દિવસનું વર્ણન જે ગ્રંથમાં છે તેમાં જે વાનગી માટે પાલી શબ્દ છે તેના બે અર્થ થાય છે (૧) સુવર અને (૨) નેપાલના જંગલોમાં ઉગતું એક પ્રકારનું ખાદ્ય મશરૂમ ! માંસભૂખ્યા અનુયાયીઓ કેવળ પહેલો જ અર્થ દોહરાવે છે.

ઈસ્લામ અને યહૂદી ધર્મમાં પણ 'ઈશ્વર સર્જિત સર્વ જીવો પ્રત્યે લાગણી અને દયાભાવ રાખજે' એમ આદેશ છે. ઈશ્વરના આ આદેશનું એવું અર્થઘટન કરવામાં આવ્યું છે કે 'પ્રાણી સુખેથી જીવન જીવે અને તેની હત્યા દુ:ખરહીત થાય'. આવાં અર્થઘટનને કારણે પ્રાય: 'કોશર' અને 'હલાલ' જેવી કતલ કરવાની રીતો અસ્તિત્વમાં આવી હોવી જોઈએ !

## પ્રાણી પ્રત્યે ક્રૂરતા

ક્રૂરતાની વ્યાખ્યા કેવી રીતે કરવી? આપણને હંમેશાં એમ કહેવામાં આવે છે કે કતલખાનામાં અમે પ્રાણીઓની કતલ 'દયાપૂર્ણ' રીતે કરીએ છીએ. આ તે કેવો વિરોધાભાસ ! કોઈનો જીવ લેવામાં દયાળુ કે માનવતાપૂર્ણ વ્યવહાર કેવી રીતે હોઈ શકે? કોઇ એકાદ માનવની કતલ કરે અને પછી એમ કહે કે અમે તો દુ:ખ પહોંચાડયા વિના અને માનવતાપૂર્ણ તેની કતલ કરી છે. આવી દલીલનો બચાવ કેવી રીતે થઈ શકે? બે દિવસના નવજાત મરઘીનાં બચ્ચાંને ગ્રાઈન્ડરમાં પીસી નાખવાં, ઉકળતાં પાણીમાં જીવતાં કરચલાંને નાખીને સ્વાદિષ્ટ ભોજન બનાવવું, કે કુમળા વાછરડાનાં માંસની વાનગી ટેબલ પર ભોજનથાળમાં પીરસવા માટે ગાયમાતાનાં આંચળમાંથી નવજાત વાછરડાંને આંચકી લેવાં જેવાં ઘાતકી કૃત્યોનો બચાવ થઈ શકે જ કેમ? શું આ કૃત્યો ક્રૂર નથી? ક્રૂરતાની સીમારેખા ક્યાં દોરવી? માત્ર અમેરિકામાં જ દિવસના સરેરાશ કેટલાં પ્રાણીઓને કતલખાનામાં મારી નાખવામાં આવે છે તેનો આંકડો નીચે દર્શાવ્યો છે :

| | | |
|---|---|---|
| ઢોરઢાંખર | ૧, ૩૦, ૦૦૦ | (એક લાખ ત્રીસ હજાર) |
| વાછરડા | ૭, ૦૦૦ | (સાત હજાર) |
| સુવર | ૩, ૬૦, ૦૦૦ | (ત્રણ લાખ સાઇઠ હજાર) |
| મરઘાં | ૨૪, ૦૦૦, ૦૦૦ | (બસ્સો ચાલીસ લાખ) |

**(મૂળ લેખક: જે. પિટર ઝેન, *"It ain't Just for Meat; It's for Lotion,"*, ન્યુયોર્ક ટાઈમ્સ, ૧૨/૫/૧૯૯૬, સંકલન, *"બુક ઑફ કમ્પેશન"*, પી. ચિત્રભાનુ, પી. કે. શાહ, ઓક્ટોબર ૨૦૦૦)**

કતલખાનામાંથી ખરીદેલ માંસની બનાવટના ખાદ્ય પદાર્થો આપણે આરોગીએ અને પછી દાવો કરીએ કે "પ્રાણીઓની હત્યા અમે નથી કરી પણ બીજા કોઈએ કરી છે" તો શું જવાબદારીમાંથી મુક્ત થઈ આપણે આપણી જાતને નિર્દોષ અને નિરપરાધી ઠરાવી શકીએ ખરાં?

## જૈન નીતિ-નિયમ

આ વિષયમાં જૈનોએ તેમનાં શાસ્ત્રોનું કેવું અર્થઘટન કર્યું છે? જૈન શાસ્ત્રોમાં હિંસા અને તેનાં પરિણામો વિષે જૈનોનો અભિગમ એકદમ સ્પષ્ટ છે અને તેનું વર્ણન વિગતવાર છે. તેના સમર્થન માટે અહી જૈન ધર્મગ્રંથોમાંથી નિમ્ન અવતરણો ટાંક્યાં છે :

હિંસા હંમેશા હાનિકારક જ હોય છે. તેમાંય વળી હિંસાનો અપરાધ કરનાર માટે તો તે વિશેષ હાનિકારક છે, કારણ કે હિંસા કરવાથી હિંસક પોતાના જ મોક્ષમાર્ગમાં બાધા લાવે છે. **(આચરંગ સૂત્તમ્ ૧, ૧, ૨.)**

તમામ જીવોને મરવાની નહિ પણ જીવવાની જ ઈચ્છા હોય છે, માટે જીવહાનિના ઘોર પાપકૃત્યથી વિવેકી માણસોને દૂર રહેવાની સલાહ આપવામાં આવે છે. **(દસવૈકાલિક સૂત્ર ૬ /૧૧)**

જીવહાનિમાંથી સર્વ પાપ અને દુઃખ જન્મે છે. હિંસા આખરે મનુષ્યને વેર અને ધિક્કાર તરફ દોરી જાય છે. હિંસા મહાભયનું મૂળ કારણ છે એ સત્યથી ડાહ્યા માણસો વાકેફ થાય, તે પ્રત્યે જાગૃત બને અને આવી પાપી પ્રવૃત્તિથી હંમેશા દૂર રહે. **(સૂયગડાંગ સૂત્તમ્ ૧. ૧૦. ૨૧)**

પ્રત્યક્ષ જીવહાનિ કરો કે ન કરો પરંતુ હિંસાનો આશય પણ કર્મબંધનનું કારણ છે; વાસ્તવમાં એ જ કર્મબંધનનું સ્વરૂપ છે. **(સમણ સૂત્તમ્ ૧૫૪)**

આ જુદા જુદા અવતરણો પરથી ખ્યાલ આવે છે કે જૈનોના નીતિનિયમો તેમના સમ્યક્ દર્શન પર રચાયેલા છે. જૈન દર્શન પ્રમાણે વિશ્વમાં અસંખ્ય જીવો છે. દરેક જીવ તેના શુદ્ધ સ્વરૂપમાં સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સનાતન છે; પરંતુ તમામ સાંસારિક જીવો અશુદ્ધ છે. આ જન્મનાં કે પૂર્વ જન્મનાં કોઈ કર્મોને કારણે સાંસારિક જીવો જન્મમરણની દુઃખમય ઘટમાળમાં ફર્યા કરે છે. 'આ દુઃખમય સંસારમાંથી મુક્તિ' એ દરેક જીવનો અંતિમ ઉદ્દેશ્ય છે.

મનુષ્યની જેમ વનસ્પતિ, પ્રાણીઓ અને બધાં જીવજંતુઓ પણ સાંસારિક જીવન અને સાંસારિક દુઃખમાંથી પસાર થાય છે. છોડ કે પ્રાણીના દેહ ભલેને આપણા જેવા ન હોય પણ સામર્થ્યની દૃષ્ટિએ એમના જીવ આપણા જેવા જ છે અને આપણી જેમ જ મોક્ષ મેળવવા માટે સક્ષમ છે. તેથી એ જીવો પણ માન અને આદરને પાત્ર છે. મનુષ્ય પણ એક પ્રાણી જ છે પરંતુ ચિંતન, તર્ક, પસંદગી, ગણતરી અને કાર્યક્રમનું આયોજન કરવાની તેનામાં વિશિષ્ટ શક્તિ છે. તેને કારણે મનુષ્ય પ્રાણીથી થોડો અલગ પડે છે. આપણે મનુષ્યો સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર દ્વારા અર્થાત્ બુદ્ધિ દ્વારા મોક્ષના માર્ગે ઉન્નતિ સાધી શકીએ છીએ. અહિંસા આપણા માટે સમ્યક્ચારિત્ર છે. બુદ્ધિ અને વિવેક વાપરી આપણે જીવનમાં તર્કબદ્ધ પસંદગી કરી શકીએ છીએ. તેથી સર્વ જીવની રક્ષા કરવી એ મનુષ્યની નૈતિક ફરજ છે.

'હિંસા' શબ્દ દ્વારા જૈનોને શું અભિપ્રેત છે? જૈનોએ હિંસાને બે વર્ગમાં વિભાજિત કરી છે: **૧.** ખરેખર હાનિ (દ્રવ્ય હિંસા) અને **૨.** હત્યાનો કેવળ આશય (ભાવ હિંસા). આપણા રોજબરોજના જીવનમાં જાણ્યે કે અજાણ્યે, આશયપૂર્વક કે આશયરહિત મન, કર્મ કે વચનદ્વારા આપણે અન્યને દુભવતાં હોઈએ છીએ. આ પ્રકારની હિંસાને ઓળખવી આસાન છે. હિંસાનો ભોગ બનનાર વ્યક્તિ પોતાની લાગણી દુભાયાનો અનુભવ કરે છે. અને તેના તત્કાળ પરિણામો પણ તેને સહન કરવાં પડે છે. વચન કે વાણી દ્વારા કોઈને દુભવવાં કે કોઈનું અપમાન કરવું એ છે વાચિક હિંસા. તે પણ જલ્દીથી ઓળખાઈ જાય છે. આવી સરળતાથી ઓળખી શકાય એવી હિંસાને દ્રવ્ય હિંસા કહેવાય. પરંતુ ક્યારેક કોઈ વ્યક્તિ ઘૃણાને મનમાં છૂપાવીને અન્ય સાથે મીઠું મીઠું બોલે કે મોઢે તેના વખાણ કરે તો તે વિશે શું સમજવું ? કારણકે

તેનું આ પ્રકારનું વર્તન અન્યની લાગણી દુભવતું નથી. ઉલટાનું આવું વર્તન ક્યારેક સાંત્વનારૂપ લાગે છે. પણ હકીકત તો એ છે કે તેના મનમાં એ વ્યક્તિ માટે ખરાબ ભાવના છે. તો તે વ્યક્તિ શું હિંસા કર્મ કરી રહી નથી?

**સંયમપૂર્વક અને કાળજીપૂર્વક ચાલવા છતાં જો કોઈ સાધુના પગ તળે જીવજંતુ કચરાઈ જાય તો એ હિંસા તેને બંધનકર્તા થતી નથી, કારણકે વ્યવહારિક દૃષ્ટિએ જોતાં એની પાછળ આસક્તિ કે ઘૃણાનો ભાવ હોતો નથી. જેમ કોઇ વસ્તુની માલિકી ન હોવા છતાં તેના માટે આસક્તિભાવ હોય તો શાસ્ત્રના મતે તેને પરિગ્રહના વર્ગમાં મૂકવામાં આવે છે, તે જ પ્રમાણે પ્રત્યક્ષ કૃત્ય નહિ પણ તેવો ભાવ એ જ બંધનનું કારણ છે.** ***પ્રવચનસાર : ૩ . ૧૯***

**આસક્તિને ખાતર, કષાયભાવથી કોઈનો પ્રાણ લેવો તે હિંસા છે.** ***તત્ત્વાર્થસૂત્ર ૭ . ૮ કે ૭ . ૧૩***
**તેના કૃત્યથી પ્રાણી મરે કે ન મરે પણ સંયમ રાખ્યા વિના કોઇ જો કૃત્ય કરે તો એ નિશ્ચિતપણે હિંસક કૃત્ય જ કહેવાય. પણ સંયમશીલ વ્યક્તિ કાળજી અને તકેદારી રાખીને, હિંસાભાવ વગર કર્મ કરે અને તે છતાં કોઈને હાનિ થાય તો તે કર્મ તેને બંધનકર્તા નથી.** ***પ્રવચનસાર ૩. ૧૭***

અન્ય જીવનું ખરાબ ઈચ્છવું તેને ભાવ હિંસા (માનસિક હિંસા) કહેવાય. ભાવ હિંસા ક્યારેક વિશેષ હાનિકારક પુરવાર થઈ શકે તેથી તેને વધુ ગંભીર માનવામાં આવે છે. શારીરિક હિંસા ભાવ હિંસા સાથે અચૂકપણે જોડાયેલી છે કારણ શારીરિક હિંસા અનિચ્છનીય વિચારો અને ભાવનાના ફલસ્વરૂપે થાય છે. ભાવ હિંસાથી ભલેને અન્ય વ્યક્તિને હાનિ ન પહોંચે પણ તેની પાછળ રહેલી ખરાબ ભાવના હિંસા કરનારના જીવ તરફ કાર્મિક પરમાણુઓને આકર્ષે છે અને અંતે તેના જીવને બંધનકર્તા થાય છે. ભાવ હિંસા સર્વ કર્મોમાંથી મુકત થવાના આપણા લક્ષના વિરૂદ્ધ કામ કરે છે અને આમ તે હિંસા હિંસકને જ વધુ હાનિ પહોંચાડે છે. માટે જાણ્યે અજાણ્યે, મન, કાયા કે વચન દ્વારા કોઈને પણ દુઃખ થાય એવાં કર્મને, તેમજ પોતાના મોક્ષમાર્ગમાં અવરોધરૂપ થાય એવાં કોઈ પણ કર્મને હિંસા કહેવાય છે. આ અર્થમાં જૈનોએ હિંસાને ફરી બે વિભાગમાં વિભાજિત કરી છે : 'વ્યવહાર હિંસા' અને 'નિશ્ચય હિંસા'. વ્યાપક અર્થમાં દ્રવ્ય હિંસાની ગણના વ્યવહાર હિંસા તરીકે કરવામાં આવી છે. બીજી બાજુ ભાવ હિંસા વધુ ગંભીર હોવાથી તેની ગણના નિશ્ચય હિંસા તરીકે કરવામાં આવી છે. આ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ શાસ્ત્રના ઉપર આપેલ અવતરણમાં જોવા મળે છે.

જીવવાની પ્રક્રિયામાં જીવ હિંસા સહજપણે થાય જ છે. આપણે શ્વાસ લઈએ, પાણી પીએ, ખોરાક લઈએ, ચાલીએ - એ દરેકમાં સૂક્ષ્મ જીવજંતુની હિંસા અનિવાર્યપણે થાય છે. પરંતુ મનુષ્ય બુદ્ધિપૂર્વક અને સજાગપણે જીવનમાં યોગ્ય વિકલ્પને પસંદ કરી શકે છે. હત્યાને કદાચ આપણે સંપૂર્ણપણે ટાળી ન શકીએ, પણ શક્ય હોય તો તેને ઘટાડી ન શકીએ? શ્વાસ તો લેવો જ પડે પણ બને તેટલાં ઓછા જંતુ શ્વાસમાં જાય એવું તો કંઈક આપણે જરૂર કરી શકીએ. તેથી કેટલાક જૈન સાધુસાધ્વીઓ મુહપત્તી બાંધે છે. પાણી તો પીવું જ પડે પણ પીવાના પાણીમાં અસંખ્ય પ્રાણીજન્ય જીવો છે તેની સંખ્યા તો ઘટાડી શકીએ. તેથી જૈનો પીવાના પાણીને ઉકાળીને* અને ગાળીને પીએ છે. મનુષ્યના બુદ્ધિની સાચી પરીક્ષા સજાગપણે પસંદગી કરીને અન્ય જીવોને અભયદાન આપવામાં છે.

જીવવાની પ્રક્રિયામાં દ્રવ્ય હિંસાની અનિવાર્યતાને ખ્યાલમાં રાખીને હિંસાનું બીજી એક રીતે વર્ગીકરણ જૈનોએ કર્યું છે. દા.ત. પ્રાચીન જૈન તત્વજ્ઞાની-વૈજ્ઞાનિકોએ જીવંત વ્યક્તિમાં રહેલી ઈન્દ્રિયની સંખ્યાના આધાર પર હિંસાનું વર્ગીકરણ આપ્યું છે. મનુષ્યો અને કેટલાક પ્રાણીઓને પાંચ જ્ઞાનેન્દ્રિય (પંચેન્દ્રિય જીવો) છે. કેટલાક પ્રાણીઓને ચાર, કેટલાકને ત્રણ વગેરે. વનસ્પતિ, સૂક્ષ્મતમ જંતુઓ કે સૌથી નિમ્નતમ જીવોને કેવળ એક જ ઈન્દ્રિય (એકેન્દ્રિય જીવો) છે. આ પૈકી કોઈ પણ પ્રકારના જીવોની આશયપૂર્વક હિંસા એટલે કે ભાવ હિંસાની સખત મનાઈ છે. પરંતુ સૂક્ષ્મતમ જીવોની હિંસા અનિવારણીય છે. તેથી સંયમ અને કાળજી રાખવા છતાં જો કદાચ તેની હિંસા થઈ જાય તો તે ક્ષમ્ય ગણાય છે. તેથી આવાં એકેન્દ્રિય જીવની કાયિક હિંસાને <u>સુક્ષ્મ</u> કે ગૌણ હિંસા કહે છે. બે કે વધારે ઈન્દ્રિય ધરાવતાં જીવોની હિંસાને <u>સ્થુળ</u> કે મુખ્ય હિંસા કહે છે.

## શાકાહાર

આહારની ક્રિયામાં હિંસા અનિવાર્યપણે સમાયેલી છે. પણ શક્ય એટલી ઓછી હિંસાનો સમાવેશ હોય એ પ્રકારનો આહાર લેવો એ આપણી પસંદગીનો વિષય છે. શાકાહારી બનવાનું પસંદ કરવાથી કોઇ પણ પ્રાણીની હત્યા ન કરવી કે કરાવવી અને તેમને દુઃખ ન થાય એવી જીવન શૈલીને આપણે પસંદ કરી શકીએ છીએ. મનુષ્યની જેમ અન્ય જીવો પણ ભય, ક્રોધ, આનંદ, પ્રેમ, અણગમો વગેરેનો અનુભવ કરી શકે છે. તેથી અન્ય જીવોની લાગણી પ્રત્યે આપણે સંવેદનશીલ થવાનું પસંદ કરીએ તો શાકાહારી બનવાનું સરળ થઈ જાય. આપણી જેમ પ્રાણીઓ પણ તેમની પાંચ જ્ઞાનેન્દ્રિયની મદદથી શીખે છે અને જ્ઞાન પ્રાપ્ત કરે છે. આટલા ઉચ્ચ રીતે ઉત્ક્રાંત પણ નિઃસહાય જીવો પર જો આપણે કરુણા ન દાખવી શકીએ તો નિઃસહાય મનુષ્યો સાથે પણ આપણે સંવેદનશીલ કેવી રીતે થઈ શકીએ? શાકાહાર પાછળ આવાં અનેક કારણો રહેલા છે.

જૈનોને ઘણીવાર એમ પૂછવામાં આવે છે કે, ''વનસ્પતિ ખાવામાં હિંસા નથી?'' <u>'સજાગપણે પસંદગી'</u> એ અહિંસાનો મુખ્ય મુદ્દો છે. શક્ય તેટલા ઓછા પ્રમાણમાં હાનિ થાય એ રીતે કાળજીપૂર્વક આહારની પસંદગી કરવી એ છે અહીં માર્ગદર્શક અને કેન્દ્રવર્તી સિદ્ધાંત. દા.ત. જૈનો કંદમૂળને વર્જ્ય ગણે છે કારણ કે છોડને મૂળસહિત ઉખેડવામાં આવે ત્યારે સમગ્ર છોડનો નાશ થવાની શક્યતા છે. તદુપરાંત ભારતમાં વર્ષાઋતુ આવે ત્યારે વનસ્પતિસૃષ્ટિ આનંદથી આપોઆપ ખીલી ઊઠે છે. વર્ષાઋતુના ચારમાસ દરમિયાન દરેક છોડ પૂર્ણ વિકાસ પામી તેના જીવનચક્રને પૂરું કરવાનો પ્રયાસ કરે છે. આ વિકાસના તબક્કે છોડને હાનિ પહોંચાડવી એ ઉગતાં બાળકને હાનિ પહોંચાડયા બરાબર ગણાય. વનસ્પતિસૃષ્ટિના કુદરતી ચક્ર પ્રત્યે સંવેદનશીલ જૈનો ચાતુર્માસમાં લીલાં શાકભાજીના આહારનો પણ ત્યાગ કરે છે. ફળ કાચું હોય ત્યારે નહિ પણ પૂરેપૂરું પાકે પછી જ તેને વૃક્ષ પરથી ઉતારવાનું જૈનો પસંદ

* પાણીને ઉકાળવાથી તેમાંના જંતુઓ મરે છે. તેમ ન કરવાથી સંચય કરેલા પાણીમાં (અથવા આપણા શરીરમાં) જંતુઓની સંખ્યા વધતી જાય છે. તેથી હિંસાનું પ્રમાણ ઘટાડવાનો પ્રત્યક્ષ ભાવ, પાણી ઉકાળવાની વ્યાવહારિક દ્રવ્ય હિંસામા દેખાઇ આવે છે.

કરે છે, જેથી વૃક્ષને ઝાઝું નુકસાન થાય નહિ. વૃક્ષની વંશવૃદ્ધિ બી થકી થાય છે. તેથી જૈનો અનેક બીવાળાં ફળ કરતાં એક બીવાળાં ફળને વધારે પસંદ કરે છે, કારણકે તેમાં એક જ સુષુપ્ત જીવનનો નાશ થાય છે. અહિંસા વિષય પર ભગવાન મહાવીર અને તેમના એક નવોદિત શિષ્ય વચ્ચે થયેલ તર્કયુક્ત વાર્તાલાપ અહીં આપેલ છે. વાચકોને તેમાં ખરેખર રસ પડશેઃ

**શિષ્ય** : પ્રભુ ! હવે મને સમજાય છે કે હાનિ અને હિંસા શક્ય તેટલી ઓછી કરવી એ જ સર્વોત્કૃષ્ટ સિદ્ધાંત છે. તેથી મને પ્રાણીની હિંસા અને માંસાહાર ત્યાજય છે. પણ પારધીના શિકારથી તરત મરેલ કોઇ પક્ષી કે પ્રાણીના માંસનો આહાર કરી શકાય?

**મહાવીર** : તું ક્યારેય હિંસા કરીશ નહિ અને અન્ય કોઈ દ્વારા પ્રાણીની હિંસા કરાવવામાં પણ તું ક્યારેય નિમિત્ત બનીશ નહિ.

**શિષ્ય** : પણ તે પ્રાણી અકસ્માત મૃત્યુ પામેલ હોય તો?

**મહાવીર** : મારા વહાલા શ્રાવક ! તો પણ માંસાહાર વર્જ્ય છે.

**શિષ્ય** : પ્રાણપ્યારા પ્રભુ ! પણ એવું શા માટે? મેં પોતે તે પ્રાણીની હત્યા કરી નથી કે કરાવી નથી. તેનું મૃત્યુ એ તો કેવળ અકસ્માત હતો.

**મહાવીર** : પ્રિય શ્રાવક ! તો પણ નહિ. કારણકે મનુષ્યની લાલસા તેને સ્વાર્થ સાધવા માટે વધારે ચાલાક બનાવે છે. મનુષ્યની લાલસાથી આવા અનેક અકસ્માતોને ઉત્તેજન મળશે.

જૈનશાસ્ત્ર પ્રમાણે 'હિંસાનો ઉદ્દેશ, (ભાવ હિંસા) એ વધુ ગંભીર હિંસા છે' એ ઉપદેશનો જૈનસમાજ પર ઊંડો પ્રભાવ છે તેથી તો શાંતિપૂર્ણ જૈનસંઘનું નિર્માણ થયું છે. હજારો વર્ષોથી જૈનો તેમના અહિંસાના કઠોર સિદ્ધાંતનું પાલન કરી રહ્યા છે. જૈનોના અહિંસા સિદ્ધાંતથી પ્રભાવિત થઈ મોટાભાગના હિંદુઓએ પ્રાણીની આહુતિ આપે એવા હિંસક યજ્ઞોનો ત્યાગ કર્યો અને શાકાહારી બન્યા. હવે પછીના પ્રકરણમાં આપણે જોઈશું કે અહિંસા, અપરિગ્રહ, અનેકાંતવાદ અને અન્ય કેટલાક વિચારોનો વિનિયોગ કરી સામાજિક અને આર્થિક ન્યાય, તેમજ પર્યાવરણ અંગે મનુષ્યની જવાબદારી અને કર્તવ્ય એ વિષયમાં જૈનો કેવી રીતે સહાયભૂત થઈ શકે.

# ૧૭

# ૧૭. કાર્યયોજના

આધુનિક ચિંતકોના મતે, 'પૃથ્વી અને પર્યાવરણની સંભાળ રાખવી, પ્રાણી અને મનુષ્યના સ્વાતંત્ર્ય-અધિકારની દરકાર કરવી, તથા સર્વ જીવોના વિકાસમાં મદદરૂપ થવું', એ જ અભિનવ અધ્યાત્મવાદની સાચી પરિભાષા છે. તેમના મતે આજે આપણી સંસ્કૃતિ સમક્ષ અનેક પડકારો અને સમસ્યાઓ ઊભા થયા છે. તેના ઉકેલ માટે રચનાત્મક પ્રયાસોમાં સક્રિયપણે જોડાવું એ છે સમ્યક્ચારિત્રનો સાચો અર્થ. મોટાભાગની સમસ્યાના મૂળમાં ક્રોધ, અહંકાર, છેતરપિંડી અને લોભ જેવા કષાયો રહેલાં છે. તેથી પ્રકરણ ૧૨માં જણાવ્યું હતું કે આ સમસ્યાના હલ માટે જૈનદર્શન પાસે ત્રણ **'અ'** - **અ**હિંસા, **અ**પરિગ્રહ અને **અ**નેકાંતવાદ - નું એક અસરકારક સાધન છે. તે દ્વારા સમસ્યાના મૂળ કારણને એટલે કે વાસનાને દૂર કરવાથી સમસ્યાનો આપોઆપ ઉકેલ આવી શકે. તેમાંય આપણે અહિંસા પર વિશેષ લક્ષ કેન્દ્રિત કર્યું (પ્રક. ૧૬). તેનું મુખ્ય કારણ એ છે કે આપણી મોટાભાગની સમસ્યાઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપણા હિંસક મનોતંત્રમાંથી ઉદ્‌ભવે છે. તો ચાલો હિંસા વિશે થોકબંધ નક્કર વાસ્તવિકતાને સમજવાનો પ્રયત્ન કરીએઃ

- અભિનવ અધ્યાત્મવાદનું મહત્ત્વનું અંગ અહિંસા છે. વિશ્વના વિવિધ ભાગોમાં કેટલાય ચિંતકો અને સામાજિક આંદોલનકારોએ અહિંસાની ચળવળ ઉપાડી છે. શાકાહાર અને પ્રાણીના અધિકારની હિમાયત કરતી કેટલીય સંસ્થાઓ (ભારતમાં પાંજરાપોળ છે તેવી) ઉત્તર અમેરિકા, યુરોપ અને વિશ્વના અન્ય ભાગોમાં ઠેર ઠેર ઊભી થઈ છે.
- હિંસાથી અહિંસા તરફ વળવા માટે વ્યક્તિ અને સમાજ બંને આત્મસંયમ કેળવે અને તેમના માનસિક વલણમાં આમૂલ પરિવર્તન લાવે એ અત્યંત જરૂરી છે. આત્મસંયમ માટે જૈનોનો અધ્યાત્મવાદ એક અતિ પ્રાચીન અને અસરકારક સાધન છે. સમસ્ત જૈનસમાજને અહિંસક જીવનશૈલીની પ્રેરણા આપીને એ સાધને પોતાની અસરકારકતાનો પુરાવો આપ્યો છે.
- સમાજમાં આમૂલ પરિવર્તન લાવવું હોય તો વ્યક્તિ-વ્યક્તિ અને સમુદાયો વચ્ચે પરિસંવાદોનું આયોજન અને તેનું સંચાલન સામૂહિક પ્રેરણાથી થાય એ ખૂબ જરૂરી છે. આ પરિસંવાદોમાં જો ચર્ચા નિખાલસપણે કરવામાં આવે અને પરિવર્તનની પુષ્ટિ માટે દલીલોની રજૂઆત અનાક્રમક, અનેકાંતવાદી, અહિંસક અને શાંતિપૂર્વક કરવામાં આવે તો વિવિધ રસરુચિ ધરાવતાં વર્ગો અને વ્યક્તિ સાથે મળીને સામાજિક પરિવર્તનનું કાર્ય અવશ્ય કરી શકે. અહિંસા, અનેકાંતવાદ અને

આત્મસંયમના અમૂલ્ય વારસાથી જૈનો ગૌરાન્વિત છે. આવા આંતર્‌વર્ગ પરિસંવાદમાં ભાગ લેવા માટે જરૂરી કાર્યકુશલતા, આવડત અને દીર્ઘ અનુભવથી જૈનો પરિપક્વ અને સક્ષ્ જ છે.

## પડકાર

મહાત્મા ગાંધી અને માર્ટિન લ્યૂથર કિંગે સામાજિક અને રાજકીય પરિવર્તન માટે હિંસા અને અન્યાય વિરુદ્ધ અહિંસા અને સત્યાગ્રહ એ બે સાધનોનો સફળ પ્રયોગ કર્યો. મહાત્મા ગાંધીએ જૈનગુરુ શ્રીમદ્ રાજચંદ્ર પાસેથી પ્રેરણા અને માર્ગદર્શન મેળવ્યાં હતાં. જોકે પ્રોફેસર જોસેફ ઑ'કોનેલે એક હકીકત પરત્વે આપણું ધ્યાન દોરતાં કહ્યું છે કે, 'જૈનોને જ્યારે હું એમ કહેતાં સાંભળું છું કે 'ગાંધીજી પર જૈન વિચારસરણીનો પ્રભાવ હતો' ત્યારે તેમને એક પ્રશ્ન પૂછવાનું મને મન થાય છે કે 'ગાંધીજીની કાર્યપ્રણાલીનો કોઈ વળતો પ્રભાવ જૈનો પર પડયો છે ખરો?'[15] અર્થાત્ અન્યાય વિરુદ્ધ ગાંધીજીએ <u>અહિંસક સક્રિય સત્યાગ્રહનો</u> સફળ પ્રયોગ કર્યો હતો. મનુષ્યને સ્પર્શતી સમસ્યા કે જાહેર મુદ્દા અંગે ગાંધીજીની આ સક્રિય વિચારસરણીને, જૈનોની <u>નિષ્ક્રિય અહિંસાને</u> નહિ, તમે શ્રાવકના નીતિનિયમમાં મહત્ત્વનું સ્થાન આપ્યું હોય એવા કોઈ ખાસ પૂરાવા તમારી પાસે છે ખરા ? આ પ્રકારની ટીકા કરીને ઑ'કોનલે જૈનોને પડકાર કર્યો છે કે જોખમમાં આવી પડેલી આપણી પૃથ્વીમાં અહિંસક પ્રવૃત્તિ અંગે ઝુંબેશ ઉપાડવી જરૂરી છે. વિશ્વમાં ઠેર ઠેર તે અંગે પરિસંવાદોનું આયોજન થાય છે. એ પરિસંવાદોમાં અગ્રેસરતા લઈ સૌને પ્રેરણા આપવા માટે તમે જૈનો વ્યક્તિગત અને સામૂહિકરૂપે જવાબદારી સ્વીકારવા માટે કટીબદ્ધ થાઓ.[16]

"જોખમમાં આવી પડેલ પૃથ્વીનું તંત્ર હવે સુયોગ્ય રીતે ચાલે" એ આજે લગભગ બધા જ ધર્મો માટે એક બહુ મોટો પડકાર બની ગયો છે. ઉપર્યુક્ત નક્કર વાસ્તવિકતાની સૂચિ જૈનસમાજ માટે વિશેષ પ્રસ્તુત છે. સરળ ભાષામાં કહીએ તો સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા - જૈનસંઘના આ ચારે વર્ગોને વિશ્વ એક સીધો સાદો પ્રશ્ન પૂછે છે કે "તમારી પાસે અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદના સાધનો અને વર્ષો જૂનો અનુભવ છે. શું તે સાધનોની મદદથી તમે વિશ્વની સમસ્યાઓનો ઉકેલ આપી શકો ખરા? એ સાધનોની અસરકારકતાના લોકો સમક્ષ તમે ગાણાં તો ગાઓ છો પણ એ સાધનોથી તમે જૈનો વ્યક્તિગત કે સામૂહિકરૂપે વિશ્વને સહાયભૂત થવા ઈચ્છુક છો? કે પછી અમારા સાધનો વ્યવહારમાં ખૂબ ઉપયોગી છે એવી કેવળ હવામાં જ વાતો કરો છો?"

આધુનિક સમસ્યાઓને સમજવા માટે જૈનોનો ભાવહિંસાનો વિચાર અત્યંત મહત્ત્વપૂર્ણ છે. વિશ્વશાંતિ, કોમીહિંસા, પ્રાણી પ્રત્યે ક્રૂરતા, પર્યાવરણ વગેરે સમસ્યાઓ આપણા માનસિક વલણ, આપણી દયાભાવના

[15] J.T. O'Connell, "Jain Contribution to Current Ethical Discourse", in *Jain Doctrine and Practice: Academic Perspectives*, Center For South Asian Studies, University of Toronto, Toronto, 2000, p215

[16] J.T. O'Connell, in an address to the 9th Biennial Convention of the Federation of Jain Associations in North America (JAINA), July 1997

અને હિંસા પ્રત્યે સંવેદનશીલતા સાથે જોડાયેલી છે. તેથી આ સમસ્યાઓનો ઉકેલ લાવી વિશ્વમાં શાંતિ સ્થાપવી હોય તો સમગ્ર માનવપેઢીના મનોતંત્રમાં આમૂલ પરિવર્તન જરૂરી છે. અન્ય જીવને નુકસાન પહોંચાડવાથી આપણા જ જીવન પર તેની અવળી અસર પડે છે એ હકીકત પ્રત્યે માનવસમુદાયના લાગણીતંત્રને ઢંઢોળવું જરૂરી છે. હિંસક કૃત્યોનાં પરિણામોની ગંભીરતાને સમજીને માનસિક વલણમાં પરિવર્તન લાવવા માટે જૈન કર્મ-સિદ્ધાંત 'ભાવ અને કષાય'ને અત્યંત મહત્ત્વ આપે છે. આ કર્મ-સિદ્ધાંતે સમગ્ર જૈનસંઘને સંવેદનશીલ અહિંસક જીવનશૈલી અપનાવવા માટે સતત પ્રેરણા અને માર્ગદર્શન આપ્યાં છે. હવે શાંતિ અને સમતાના આ સાધનો પ્રત્યે સમગ્ર વિશ્વનું ધ્યાન કેન્દ્રિત કરવાનું ભગીરથ કાર્ય જૈનોએ કરવાનું છે. એ કાર્ય કરવામાં જો તેઓ સફળ થશે તો ધરતીમાતાની અને માનવબંધુની તેમણે મહાન સેવા કરી ગણાશે અને પુણ્ય બાંધી પોતાના મોક્ષ માર્ગમાં પણ તેઓ સારી પ્રગતિ સાધી શકશે.

> **"જૈનોને કે અન્ય લોકોને જ્યારે એમ કહેતાં સાંભળું છું કે 'ગાંધીજી પર જૈન વિચારસરણીનો પ્રભાવ હતો' ત્યારે તેમને એક પ્રશ્ન પૂછવાનું મને મન થાય છે કે 'ગાંધીજીની કાર્યપ્રણાલીનો કોઈ વળતો પ્રભાવ જૈનો પર પડયો છે ખરો?"**

## કાર્યયોજના

આગળ જણાવ્યું તે પ્રમાણે પ્રોફેસર ઑ'કોનલે જૈનોને એક બહુ મોટો પડકાર કર્યો છે. તેનાથી એક એવી છાપ ઊભી થાય છે કે જૈનો સામાજિક સમસ્યાની હંમેશા ઉપેક્ષા કરે છે. અર્થાત્ એ સમસ્યાના ઉકેલની બાબતમાં તેઓ સક્રિયપણે ભાગ લેતાં નથી. જોકે ખરેખર એવું નથી. સર્વજીવો પ્રત્યે પ્રેમ, અન્યને સહાયભૂત થવું, સામાજિક કાર્યો માટે આર્થિક અનુદાન આપવું વગેરે અહિંસાનાં સકારાત્મક પાસાં છે એ વાત જૈનશાસ્ત્રો વારંવાર દોહરાવે છે. દા.ત. શાસ્ત્રમાં ચાર પ્રકારના કરુણાદાનનું વર્ણન છે. એ જૈનોના માનવતાવાદી વલણ અને તેમની જીવપ્રાણીના કલ્યાણ માટેની લાગણીનું સૂચન કરે છે. આ ચાર પ્રકારના દાન છે: **૧**. અન્નદાન **૨**. ઔષધદાન **૩**. આશ્રય દાન - જોખમ, જોહુકમી, ધાકધમકી, આક્રમણ વગેરેથી રક્ષા **૪**. જ્ઞાનદાન - પુસ્તકવિતરણ અને જ્ઞાનપ્રસાર.

સુપાત્ર વ્યક્તિને (અને ઉમદા હેતુ માટે) દાન આપવાથી દાતાને (આધ્યાત્મિક દૃષ્ટિએ) લાભ થાય છે.

**તત્ત્વાર્થસૂત્ર ૭ . ૩૩**

**સુપાત્ર વ્યક્તિને (કે સુયોગ્ય હેતુ માટે) આપેલું દાન ગમે તેટલું અલ્પ હોય પણ તેનામાં જીવને યોગ્ય સમયે અતિ ઈચ્છનીય આધ્યાત્મિક ફળ આપવાની ક્ષમતા રહેલી છે. જેમ સૂક્ષ્મ બીજને રસાળ જમીનમાં વાવીએ તો ધીરે ધીરે વિકાસ પામી તે વિશાળ વૃક્ષ બની સૌને શીતળ છાયા આપે છે.** **શ્રાવકાચાર ૧૧૬**.

જૈનોને કહેવામાં આવે છે કે કોઈ પણ પ્રકારના દાનનું આધ્યાત્મિક ઉન્નતિમાં બહુ મોટું પ્રદાન છે. દાન એ અહિંસા અને અપરિગ્રહવ્રતનું મહત્ત્વપૂર્ણ અંગ છે. આ ઉપદેશનો જૈનસંઘ પર એટલો જબરદસ્ત પ્રભાવ છે કે અન્ય ધર્મના લોકો કરતાં જૈનો સામાન્ય રીતે વધારે ઉદાર અને પરોપકારી હોય છે. ભારતદેશમાં ઠેરઠેર હજારો બેનમૂન કલાત્મક દેરાસરો જૈનોની ઉદારતાના ઉજ્જ્વળ દૃષ્ટાંતરૂપ છે.

તદુપરાંત શૈક્ષણિક સંસ્થાઓ, સખાવતી હૉસ્પિટલો અને ઔષધાલયો, પાંજરાપોળ, પ્રાણીહૉસ્પિટલ, પક્ષીઘર, યાત્રાળુઓ માટે વિશ્રામગૃહો, ગરીબો માટે નિઃશુલ્ક અન્નક્ષેત્રો વગેરેની સ્થાપના જૈનોના આર્થિક અનુદાન પર થઈ છે અને સખાવત પર ચાલે છે.

ભૂખ્યા અને ગરીબને અન્નદાન, મુશ્કેલીમાં આવી પડેલ નિઃસહાય પ્રાણીને આશ્રયદાન, નિઃશુલ્ક દવાના વિતરણ દ્વારા ઔષધદાન તેમજ પુસ્તકવિતરણ અને જ્ઞાનપ્રસાર વગેરે દ્વારા જ્ઞાનદાન - આ ચારે પ્રકારના કરુણાદાનની બાબતે જૈનો ખરેખર નિષ્ઠાવાન છે. પરંતુ આ પ્રકારના દાનની પાછળ રહેલા ઉદ્દેશને કેટલીક વાર શંકાથી જોવામાં આવે છે. ખ્રિસ્તી મિશનરીનાં સખાવતી કાર્યની ટીકા કરતાં બિનખ્રિસ્તીઓ જેમ કહે છે, 'એ ખરેખર દાન કર્મ નથી પણ ધર્મપરિવર્તનનું કાર્ય છે.' તે જ પ્રમાણે 'દાન આપવાની પાછળ અન્યના દુઃખને હળવું કરવાનું નહિ પણ પોતાના જીવનો મોક્ષ કરવાનો જૈનોનો મૂળ ઉદ્દેશ્ય છે.' એવી જૈનેતરો ટીકા કરે છે. આ પ્રકારની ટીકા માટે જૈનોએ પોતે જ લોકોને મોકળું મેદાન આપ્યું છે કારણ તેઓ ભાગ્યે જ સામાજિક ન્યાયને લગતી પ્રવૃત્તિમાં સક્રિયપણે ભાગ લે છે. કેવળ આર્થિક અનુદાન જ નહિ પણ સામાજિક સમસ્યાના ઉકેલની દિશામાં પણ જૈનો તનમનથી સેવા આપે એ અત્યંત જરૂરી છે. વિશ્વની વર્તમાન સમસ્યા સાથે સુસંગત હોય એવા પ્રકલ્પોમાં જૈનો સ્વૈચ્છિકરૂપે અને સક્રિયપણે જોડાય તો જ આપણે આ પુરાતન જૈન ધર્મના અભિનવ અધ્યાત્મવાદ્‌ની સાચી ઓળખાણ લોકો સમક્ષ આપી શકશું.

**જૈનસંઘના ચારે વર્ગોને વિશ્વ એક સીધો સાદો પ્રશ્ન પૂછે છે. "અહિંસા, અનેકાંતવાદ અને અપરિગ્રહના સાધનોનો તમને દીર્ઘ અનુભવ છે. તેની મદદથી તમે વિશ્વની સમસ્યાઓનો ઉકેલ આપી શકો તેમ છો? આ સાધનો વિશે તમે વાતો તો કરો છો પણ તેની મદદથી વિશ્વને સહાયભૂત થવા તમે ઈચ્છુક છો કે પછી એ સાધનો વ્યવહારમાં ખૂબ ઉપયોગી છે એવી તમે કેવળ હવામાં જ વાતો કરો છો ?**

પરદેશમાં વસતા જૈનો અભિનવ અધ્યાત્મવાદની અપેક્ષા અને માગ પ્રત્યે વિશેષ સજાગ થતા જાય છે. ભારતમાં પણ તેવી જાગૃતિની જરૂર છે. વિશ્વની સમસ્યાના ઉકેલની દિશામાં સક્રિયપણે કામ કરતી સંસ્થામાં સેવા આપવા માટે અસંખ્ય લોકોના મનમાં આજે જિજ્ઞાસા છે. તેમની જિજ્ઞાસાને અનુલક્ષીને એ દિશામાં કાર્યરત સંસ્થાની સૂચિ નીચે આપેલી છે. સમાજમાં પરિવર્તન લાવવા માટે કાર્ય કરવા ઈચ્છતી વ્યક્તિ અને સંસ્થાને આ સૂચિ દ્વારા વિવિધ કાર્યક્ષેત્રનો ખ્યાલ મળી રહેશે.

| સમાજસેવાનાં કાર્યો | | | |
|---|---|---|---|
| **ક્ષેત્ર** | **પ્રવૃત્તિઓ**<br>(વિશેષ માહિતી ઉપલબ્ધ હોય અને સક્રિય બની કામ કરી શકાય એવાં પસંદગીનાં ક્ષેત્રો) | **તમારા રસ-રુચિ** (વધુ/ઓછી) | |
| **પ્રાણી પ્રત્યે ક્રૂરતા** | | | |
| ખેતી-પશુઓ | કતલખાના, ફેક્ટરી, વાડીવજીફા, પશુઓની રહેણાંકની પરિસ્થિતિ, હોરમોન્સ (આંતઃસ્રાવ) નો ઉપયોગ, પર્યાવરણનું અવમૂલ્યન અને ભૂજળ પ્રદૂષણ | | |
| ડેરી ઉદ્યોગ | દૂધ દોહન મશીનો, પશુઓ માટે માંસમાથી બનતો ખોરાક, વાછરડાં, નરપશુઓની કતલ. | | |
| મરઘાંઉદ્યોગ | રહેણાંક પરિસ્થિતિ, પ્રાણીના ચારા માટે મરઘાંનો ઉપયોગ, મરઘાંની ચાંચ તોડવી. મનુષ્યના ખોરાક તરીક મરઘાંનો ઉપયોગ. | | |
| વાહનવ્યવહાર | કતલખાને લઈ જતાં વાહનોમાં ક્રૂરતાનો ભોગ બનતાં પ્રાણીઓ | | |
| કતલખાનાં | કતલ ટેક્નોલોજી, પ્રાણીઓમાંથી બનતી અન્ય વસ્તુઓનો વપરાશ, માંસ- ઉદ્યોગનું અર્થશાસ્ત્ર અને પર્યાવરણ, | | |
| કામમાં ઉપયોગી પ્રાણીઓ | ખેતીમાં અને વાહન તરીકે ઉપયોગમાં લેવાતાં પ્રાણીઓ - ઘોડા, ઊંટ, ઢોરઢાંખર, હાથી, કૂતરા; સરકસનાં પ્રાણીઓ; મનોરંજન અને રેસમાં પ્રાણીઓનો ઉપયોગ | | |
| પશુ-પક્ષીનો શિકાર, માછલીને જાળમાં ફસાવવી | સંરક્ષિત પશુઓનો શિકાર, વન્યજીવન, હિંસક પશુઓ, પશુ-પક્ષીના પગને ફાંસલો, સીલનાં બચ્ચાંને રુંધવાં, ઊન અને રેશમ ઉદ્યોગ, જહાજમાંથી જાળ પાથરી લાખો માછલાં પકડવાં, મત્સ્યકારખાનાં, વ્હેલ માછલીનો શિકાર | | |
| પ્રયોગશાળાનાં પ્રાણીઓ | ડ્રગસંશોધન અને અવકાશીય સંશોધનમાં પ્રાણીનો ઉપયોગ, પ્રયોગશાળામાં પ્રાણીઓની વાઢકાપ | | |

| ક્ષેત્ર | પ્રવૃત્તિઓ | તમારા રસ-રુચિ | |
|---|---|---|---|
| પ્રાણીબચાવ, પક્ષીઘર | પાંજરાપોળ, ગૌશાળા, નિઃસહાય અને બીમાર પશુપક્ષી માટે વાડા-હૉસ્પિટલની સ્થાપના વગેરે | | |
| જંગલી જનાવરોનું લૂંટાતું આશ્રયસ્થાન | જંગલનો વિનાશ, તળાવો, જંતુનાશક દવા, પર્યાવરણતંત્ર, પશુપક્ષીઘર | | |
| **પર્યાવરણની સમસ્યાઓ** | | | |
| કૃષિ / ખેતી | જમીનની જાળવણી, ખાતરનું દ્રાવણ, વનસ્પતિનાશક અને જંતુનાશક દવા વગેરેનું ભૂજળમાં ઉતરવું, સંકરિત બીજ, ખેતીલક્ષી ઉપાયયોજના | | |
| હવાપ્રદૂષણ | મોટર, રિક્ષા, સ્કુટરના ઍન્જિન, હવાપ્રદૂષક તત્ત્વો, ઔદ્યોગિક પ્રદૂષક તત્ત્વો, વૈકલ્પિક ઉર્જા, સલ્ફર ડાયોક્સાઈડ અને નાઈટ્રસ ઑક્સાઈડનું સ્તર, પૃથ્વીના તાપમાનમાં વધારો, ગ્રીનહાઉસ અસર, પર્યાવરણને લગતા ધારા અને ઉપાયયોજના | | |
| ઔદ્યોગિક કોર્પોરેશનોની જવાબદારી | ઔદ્યોગિક ઉત્સારણ અને કચરો, કારખાનોમાંથી હવા/પાણીદ્વારા નીકળતા રસાયણો, મજૂરો અને તેમની વસાહતો માટે સલામત વાતાવરણ, નીતિનિયમોનું પાલન, પર્યાવરણનું અર્થશાસ્ત્ર, પ્રામાણિક મૂડીરોકાણ | | |
| ઉર્જા | ઉર્જાની જાળવણી, સૌર, વાયુ, આણ્વિક અને ભૂઔષણિક ઉર્જા અંગે કાયદા | | |
| શિક્ષણ | આડોશ-પાડોશમાં સ્વચ્છતા અભિયાન, પર્યાવરણ અંગે નીતિ, શિક્ષણ,જાગૃતિ અને બાળકોમાં શિસ્ત, સમાજસેવા શિક્ષણ | | |
| જંગલો | વર્ષા-જંગલો, પર્યાવરણવ્યવસ્થા, વન્યજીવન માટે રહેઠાણ, પુનઃ વન્યીકરણ, માનવનું અતિક્રમણ, જંગલ અને વૃક્ષોનું અયોગ્યકર્તન, જીવવૈવિધ્ય, જંગલોનું જતન | | |
| જેનેટિક ઍન્જિનિયરીંગ | સ્વાસ્થ્ય સમસ્યાઓ, ગરીબ દેશોમાં તેની ખેડૂતો પર થતી અસર અને તેને લગતા કાયદા | | |

| **ક્ષેત્ર** | **પ્રવૃત્તિઓ** | **તમારા રસ-રુચિ** | |
|---|---|---|---|
| હરિયાળી | **શહેરીવિકાસ, નગરઉદ્યાનો અને રમતગમતનાં મેદાનો, વૃક્ષારોપણ અને વૃક્ષોની જાળવણી** | | |
| ભૂમિપ્રદૂષણ | **રાસાયણિક સ્રાવ, ઔદ્યોગિક જમીનમાં પ્રદૂષક તત્ત્વો, પીસીબી, ઘરવપરાશનો કચરો અને મળ, ઉકરડા** | | |
| વાતાવરણ અંગે કાયદા | **કાયદા અને ઉપાયયોજના, પર્યાવરણના કાયદાનો અમલ, ન્યાય, આંતરરાષ્ટ્રીય સમસ્યાઓ** | | |
| પાણી-પ્રદૂષણ | **પીવાનું પાણી, જળજીવન પર અસર, પાણીની જાળવણી, સમુદ્રના જળસંચયમાંથી ઉત્પાદન, ભૂગર્ભ જળમાં રસાયણોનો સ્રાવ, Water Table, ભૂજળની જાળવણી** | | |
| **માનવ સમસ્યા** | | | |
| બાળકલ્યાણ | **અનાથાશ્રમો, બાળમજૂરી, અશ્લીલ સાહિત્ય, બાળવેપાર, બાળઅધિકાર, ભાગેડુ બાળકો, બાળકોની કેળવણી માટે આર્થિક આયોજન** | | |
| માનવસ્વાસ્થ્ય | **તબીબી કાળજી, નિઃશુલ્ક /પોષાય તેવી હૉસ્પિટલ સારવાર, અને દવાઓ, હવા/પાણીની ગુણવત્તા, સ્વચ્છતા સમસ્યા, તમાકુ, મદ્યપાન અને ડ્રગ્સ, બાળમાવજત, માતાનું સ્વાસ્થ્ય, શારીરિક-માનસિક વિકલાંગતા, લાંબા ગાળાની માવજત, અપંગ-ઘરડાંની સારવાર** | | |
| માનવઅધિકાર | **માનવગૌરવ, જાતિવાદ, ભેદભાવ, રાજકીય/ધાર્મિક સ્વતંત્રતા, ન્યાયપ્રણાલી, ગરીબોનો અધિકારો, મૃત્યુદંડ, પ્રજા અને રાષ્ટ્રોનું શોષણ, મૂળભૂત અધિકારો, ભ્રષ્ટાચાર** | | |
| કુદરતી આફત | **આફતને પહોંચી વળવા પૂર્વતૈયારી, તત્કાલીન/લાંબા ગાળાની રાહતયોજના, આર્થિક ભંડોળ ઊભું કરવું, સ્વૈચ્છિકસેવા, આફત સામે સંરક્ષણાત્મક પગલાં** | | |
| રાષ્ટ્રોનું સાર્વભૌમત્વ | **રાષ્ટ્રોની આર્થિક સત્તા, બહુરાષ્ટ્રિય નિગમોની સત્તા, ધંધામાં અપ્રમાણિક વ્યવહાર, ગરીબ રાષ્ટ્રોની સંપત્તિની ધનવાન રાષ્ટ્રો તરફ નિકાસ, મજૂરોનું શોષણ** | | |

| ક્ષેત્ર | પ્રવૃત્તિઓ | તમારા રસ-રુચિ | |
|---|---|---|---|
| આંતર્ ધર્મસંવાદ | રૂઢિવાદ/કટ્ટરવાદ, ધાર્મિક હુલ્લડો, અનેકાંતવાદ, વિવિધ ધર્મોનું જ્ઞાન, પરસ્પર સહકારના પ્રકલ્પો, આતંકવાદ, સર્વધર્મ પરિસંવાદ | | |
| શહેરી/ગ્રામ જીવન | રહેઠાણ, ગરીબાઈ, સુપ કિચન/ફુડ બેન્ક, સાક્ષરતા, ઉચિત તંત્રજ્ઞાન, શહેરી પ્રદૂષણ, મળનિઃસારણયોજના, નગર ઉદ્યાનો, આનંદપ્રમોદના ક્ષેત્રો, શાળાપદ્ધતિ, કૃષિવૃદ્ધિ | | |
| શાકાહાર | પ્રજાને શાકાહાર અંગે પ્રશિક્ષણ, સ્વાસ્થ્ય, પ્રાણીક્રૂરતા પર લક્ષ્યબિંદુ, યજ્ઞમાં પ્રાણીનો બલિ, પ્રાણીઅધિકાર, શાકાહારી ભોજનનું સૂચિપત્રક અને બનાવવાની રીતો, શાકાહારી રેસ્ટોરન્ટ અને ભોજનાલયોની સ્થાપના તેમજ ઉત્તેજન | | |
| હિંસા | હિંસાના કારણઃ-જીવનપરિસ્થિતિ, માધ્યમો, આવકની અસમાન વહેંચણી, રાજકીય પરિસ્થિતિ, કટ્ટરવાદ, શસ્ત્ર નિયંત્રણ કાયદા, શિકાર અને માછલી પકડવાની સંસ્કૃતિ; હિંસા પ્રત્યે પ્રજાની સંવેદનાને જગાડવી, હિંસા પીડિતને માર્ગદર્શન, ધ્યાન, તણાવ પર અંકુશ, અહિંસા, સ્ત્રીઓ પર અત્યાચાર અને હિંસા, સામૂહિક હિંસાનું રાજકારણ. | | |
| સંસ્કૃતિઓનો આદર | સંસ્કૃતિઓનું વૈવિધ્ય અને જાળવણી, જાતિવાદ, જાતિ શુદ્ધિના નામે થતાં અત્યાચાર, વર્ગયુદ્ધો | | |
| યુદ્ધ | શસ્ત્રદોડ, ન્યૂક્લિયર સમસ્યા, શસ્ત્રસોદાગરોના ગુનાહિત જગત સાથેના સંબંધોને ખુલ્લા પાડવા, શસ્ત્રવ્યાપાર, રાષ્ટ્રિય અને આંતર્રાષ્ટ્રિય ઉપાયયોજના, રાજકીય પરિસંવાદોને ઉત્તેજન, સુરક્ષા બજેટ અને કરવેરાનો વિરોધ, આંતર્-ધર્મપરિસંવાદ, બહુધર્મી/બહુપક્ષી શાંતિપ્રકલ્પો, શાંતિઅકાદમી, આંતર્ રાષ્ટ્રીય શસ્ત્ર-નિયંત્રણ | | |

વય, આર્થિક દરજ્જો, દેશ કે જાતિને અનુરૂપ કાર્યક્ષેત્ર નક્કી કરવા માટે ઉપર આપેલી સૂચિ સહાયભૂત થશે. પોતાની પસંદગીના કાર્યક્ષેત્રે કાર્ય કરવાથી સમાજના પરિવર્તનમાં તમે તમારો કિંમતી ફાળો નોંધાવી શકશો. કદાચ એવું પણ બને કે તમારી રુચિના વિષયને સમર્પિત સંસ્થા તમારી આસપાસના વિસ્તારમાં જ હોય. એ તો સોનામાં સુગંધ ભળવા જેવી વાત કહેવાય. એથી તો તમે તત્કાળ સેવાનું કાર્ય

શરૂ કરી શકો. તમારી પસંદગીના કે તમારી દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ ગણાય એવા કાર્યક્ષેત્ર માટે તમારા પોતાના વિસ્તારમાં જૈન કે જૈનેતર સંસ્થા જો ઉપલબ્ધ ન હોય તો તમે પોતે નવેસરથી એવી એક સંસ્થા ઊભી કરી શકો. સૂચિમાં દર્શાવેલ વિષયો વિશે વિશેષ માહિતી ઈંટરનેટ પરઃ http://envirolink.netforchange.com/ ઉપલબ્ધ છે. આ માહિતી નવી સંસ્થાના સભ્યોને સક્રિય બનવા માટે પ્રેરણારૂપ બની રહેશે. તદુપરાંત આવી કોઈ પણ સમસ્યા સાથે તમે ખરેખર સહભાગી થવા માગતા હો પણ તે માટે તમને કોઈ સંસ્થાનો ટેકો મળી શકે તેમ ન હોય તો તમારા માટે મેં 'વ્યક્તિગત કાર્યયોજના' નો કાર્યક્રમ પણ આગળ આપ્યો છે. તે મુજબ તમે એકલા પણ કોઈ એવું કાર્ય કરી સમાજમાં દૃષ્ટાંતરૂપ બની શકો.

સમાજપરિવર્તનની કોઈ પણ બાબત માટે જૈનો પાસે વારસાગત ત્રણ **'અ'** નું શક્તિશાળી સાધન છે. એ સાધનની મદદથી જૈનો ઉપર દર્શાવેલ પડકારને જરૂર ઝીલે, એ દિશામાં સક્રિયપણે રચનાત્મક કાર્ય કરે અને તે દ્વારા વિશ્વ સમક્ષ ઉદ્‌ઘોષ કરે કે 'વિશ્વનો સૌથી પ્રાચીન અને જીવંત જૈનધર્મ અભિનવ અધ્યાત્મવાદના અત્યાધુનિક વિચારો સાથે પણ એકદમ સુસંગત છે'.

કોઈ પણ પ્રવૃત્તિ માટે કેટલી તક છે તેનો ખ્યાલ આપણને ઉપર્યુક્ત સૂચિમાંથી મળી રહે છે. જો આપણે પોતાને આધુનિક અર્થમાં અધ્યાત્મવાદી ગણાવતાં હોઈએ તો આપણે ઉપર દર્શાવેલ પ્રવૃત્તિમાં સક્રિયપણે જોડાવું જોઈએ. કેટલાક પ્રકલ્પો એવા છે જેને શરૂ કરીને સારી રીતે ચલાવી શકે એટલી ક્ષમતા જૈનસંઘ કે સંસ્થા પાસે છે. હકીકતમાં અમેરિકામાં JAINA - ધ ફેડરેશન ઑફ જૈન એસોસિએશન ઑફ નૉર્થ અમેરિકા - એ કેટલાક માનવતાવાદી પ્રકલ્પો હાથ ધર્યા છે. જોકે, આ પ્રકલ્પોમાં નિષ્ઠાપૂર્વક સેવા આપે એવી વ્યક્તિઓની સંખ્યા પ્રમાણમાં અલ્પ છે. મોટા ભાગના જૈનોની સેવા આર્થિક અનુદાન આપવા સુધી જ સીમિત છે. સમય અને શક્તિનો ભોગ આપી સ્વૈચ્છિક સેવા આપવાની વૃત્તિનો લોકોમાં હજી પણ અભાવ જોવા મળે છે. ભારતમાં તો તેવા લોકોની ખાસ જરૂર છે.

વિશ્વવ્યાપી જૈનસંસ્થાઓ સ્વયંસેવક પદ્ધતિનો સ્વીકાર કરે અને તેને પ્રેરણા આપે તો આ દિશામાં કાંઈક રચનાત્મક કાર્ય કરી નક્કર પરિણામ જરૂર લાવી શકે. વિશ્વવિખ્યાત જૈન શ્રાવક ડૉ. એલ. એમ સિંઘવી (ભારતના યુ.કે. ખાતે માજી હાઈ કમિશનર) એ જૈન અધિવેશન, ટૉરન્ટો, કેનેડા, ૧૯૯૭માં જૈનોને હાકલ કરી હતી. તેમણે જૈનોને અરજ કરી કે તે "પર્યાવરણ બાલવીરો"ના નામે એક જાગતિક યુવાસ્વયંસેવક સંસ્થાની સ્થાપના કરે જે કેવળ પર્યાવરણને લગતી સમસ્યાઓને જ સમર્પિત હોય.

અભિનવ અધ્યાત્મવાદ સાથે જૈનો સંકળાયેલા તો છે પણ તે અંગેની જાગૃતિની શરૂઆત જૈનોમાં ડો. સિંઘવીની આ હાકલથી થઈ.

"પર્યાવરણ બાલવીરો (Scouts)' નામની એક નવી ઝુંબેશ ઉપાડો. તેમાં યુવકો અને યુવતીઓ પર્યાવરણ અંગેના શૈક્ષણિક કાર્યક્રમની યોજના તૈયાર કરે. જાહેર પ્રવૃત્તિ, વૃક્ષારોપણને ઉત્તેજન, જંગલો, વન્યજીવન અને જીવવૈવિધ્યની જાળવણી જેવી નવી વિશ્વવ્યાપી પ્રવૃત્તિની ઝુંબેશમાં જૈનો અગ્રેસર હોય એમ હું ઈચ્છું છું. પણ આ ઝુંબેશ કેવળ જૈનો પૂરતી જ મર્યાદિત ન રહે. આ ઝુંબેશથી જૈનોના પર્યાવરણ અંગેના અભિગમમાં અને પર્યાવરણ સાથે મૈત્રીભર્યા વલણમાં વૃદ્ધિ થશે.

**His Excellency Dr. L. M. Singhavi, High Commissioner for India, to U.K. in Keynote address at the 1997 JAINA Convention at Toronto, Canada.**

તેમના પ્રવચનમાંથી પ્રેરણા પામીને કેટલીક વ્યક્તિઓએ છૂટીછવાઈ પ્રતિક્રિયા દર્શાવી છે પરંતુ એ દિશામાં જૈનસંઘ અને જૈનસંસ્થા સામૂહિકરૂપે કાર્ય કરે તે વાત વિશેષ મહત્વપૂર્ણ છે. આ સંદેશને અધિવેશન પૂરતું મર્યાદિત ન રાખતાં જૈન સમુદાય સુધી લઈ જવાય તો અભિનવ અધ્યાત્મવાદની ઝુંબેશની આગલી હરોળમાં જૈનો બેસી શકે. પણ એ શક્ય બને ખરુ? સદ્‌ભાગ્યે જનસમુદાય સુધી આ સંદેશને પહોંચાડવા માટે જૈનો પાસે અહિંસા, અપરિગ્રહ જેવાં સાધનો તેમજ અનેકાંતવાદનું એક અતિશય કાર્યક્ષમ તંત્ર ઉપલબ્ધ છે. જૈનોનો પ્રભાવશાળી સાધુ-સાધ્વી સંઘ તેમા સાથ આપે તો જૈન ધર્મનું તેજ આખા વિશ્વમાં ફેલાય !

ઈ.સ. પૂર્વે ૬૦૦ માં ભગવાન મહાવીરે જૈનધર્મનું જ્યારે પુનરૂત્થાન કર્યું ત્યારે તેમણે શિષ્ય સમુદાયના સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એમ ચાર વિભાગ પાડી ચર્તુવિધ જૈનસંઘની સ્થાપના કરી, અને અધ્યાત્મમાર્ગે શ્રાવકોને માર્ગદર્શન આપવા માટે સાધુ-સાધ્વીઓ સતત વિચરણ કરતા રહે એવી વ્યવસ્થા કરી. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતોને સમયોચિત શાસ્ત્રોનું અર્થઘટન કરવા માટે વિશિષ્ટ અધિકાર પણ આપ્યા. સાધુ અને શ્રાવકો વચ્ચે પરસ્પર અવલંબન અને ઘનિષ્ઠ સંબંધ સ્થાપ્યા. આધ્યાત્મિક માર્ગદર્શન માટે શ્રાવકો સાધુ-સાધ્વીઓ પર અને પોતાના નિર્વાહ માટે સાધુ-સાધ્વીઓ શ્રાવકો પર પરસ્પર અવલંબિત છે. વિકસિત વિશ્વની માગને અનુરૂપ શાસ્ત્રનું યોગ્ય અર્થઘટન કરવા માટે, તેમજ જાગૃતિનો સંદેશ જનસમુદાય સુધી પહોંચાડી સમાજમાં પરિવર્તન લાવવા માટે આ તંત્રવ્યવસ્થા ખૂબ જ અસરકારક છે. તેથી જ જૈન આચાર્યો અને તેમના ઉપાશ્રયો અભિનવ અધ્યાત્મવાદના પુરોગામી બની શકે, પ્રજામાં પર્યાવરણ, સામાજિક અને આર્થિક ન્યાય બાબતે ઉપાડેલી ઝુંબેશ અંગે જાગૃતિ લાવી શકે. જૈનધર્મની લુપ્ત થયેલી જીવનશક્તિને પુનઃ પ્રાપ્ત કરવામાં પોતાનું સક્રિય યોગદાન આપવાની શક્તિ તેઓ ધરાવે છે.

## વ્યક્તિગત કાર્યયોજના - 'કરુણાપૂર્ણ સંપર્ક'

આપણે બીજા પ્રકરણમાં જોયું કે સૃષ્ટિના સર્વ જીવો પ્રત્યે કરુણા અને પ્રેમ હોવાં એ જાગૃત જીવનું લક્ષણ છે. અન્યને મદદરૂપ થવાની, તેમના પ્રત્યે અનુકંપા દર્શાવવાની જો સહજ પ્રેરણા થાય તો સમજવું કે ચોથા ગુણસ્થાન સુધી તમે પહોંચ્યા છો. સર્વ જીવો સુખેથી રહી શકે એવા સુંદર વિશ્વનું

સ્વપ્ન તમે સેવતાં હશો. કદાચ તમારા આવા ખ્યાલો અન્ય લોકોને અવાસ્તવિક, અને નર્યા આદર્શ જેવા લાગશે. તમારા મિત્રો તમારી સાથે એ વિચારમાં સહભાગી થવા કદાચ તૈયાર ન પણ થાય. પણ તેથી નિરાશ થવાની જરૂર નથી. સમગ્ર વિશ્વને તો આપણે ન બદલી શકીએ પણ આડોશપાડોશના થોડાઘણા લોકોના જીવનમાં તો કાંઈક પરિવર્તન જરૂર લાવી શકીએ. નીચે વર્ણવેલ 'કરુણાપૂર્ણ સંપર્ક'નો પ્રકલ્પ તદ્દન સરળ છે. વ્યક્તિગત સ્તરે કામ કેવી રીતે કરી શકાય તે દર્શાવે છે. તેને માટે ખાસ આર્થિક ભંડોળની જરૂર નહિ પડે. અને તે કોઈ પણ વ્યક્તિ - યુવા કે વૃદ્ધ, શ્રીમંત કે ગરીબ, શહેરી કે ગ્રામીણ - ગમે ત્યાં અને ગમે તે સમયે શરૂ કરી શકે. તેને માટે તમારે કોઈના આધારની પણ જરૂર નથી! તેથી જ તેને વ્યક્તિગત કાર્યયોજના કહેવામા આવે છે.

તમે જયાં રહેતા હો ત્યાં કોઇ એકાકી, વ્યાકુળ વૃદ્ધ કે જેને થોડી મદદની જરૂર હોય તેવી વ્યક્તિના સંપર્કમાં જરૂર આવવાના. કોઈ તેને ભિખારી કહે કે નિરાશ્રિત ગણે. નોકરીધંધે, દેરાસરે કે અન્ય સ્થળે જતાં માર્ગમાં દરરોજ આવી વ્યક્તિની બાજુમાંથી તમે પસાર થતા હશો. હવે આવી કોઈ વ્યક્તિ તમારી નજરમાં આવે તો તમારી પ્રતિક્રિયા શું હશે તેનો વિચાર કરો. કર્મસિદ્ધાંત અનુસાર તમે નીચે દર્શાવેલ ચારમાંથી કોઇ એક પ્રતિભાવ દર્શાવવાના:

**૧. નિષ્ક્રિય/ઉપેક્ષા પ્રતિભાવ:** "આ માણસ તેનાં કુકર્મોનાં માઠાં ફળ ભોગવી રહ્યો છે. તેણે એ ફળ ભોગવવાં જ રહ્યાં. તેમાં હું કાંઈ કરી શકું નહિ." આવો પ્રતિભાવ તમારા કર્મસિદ્ધાંત અંગેની સંકુચિત અને ભ્રામક સમજણનું સૂચન કરે છે.

**૨. લાગણીશૂન્ય/ભાવશૂન્ય પ્રતિભાવ:** "જગત આખું આવા દુ:ખી અને કંગાળ લોકોથી ભરેલું છે. હું એકાદ વ્યક્તિને મદદ કરું તેનાથી કાંઈ સમગ્ર જગતની છબી બદલાઈ જવાની નથી. માટે અહીંથી ચાલતી પકડવા દે."

**૩. ઉદાર પ્રતિભાવ:** "તેના ભિક્ષાપાત્રમાં પાઈપૈસો નાખીએ તો પુણ્ય મળશે અને આશા છે કે મોક્ષના માર્ગે આવું થોડું પુણ્ય મદદરૂપ થશે."

**૪. આધ્યાત્મિક પ્રતિભાવ** : "મારા અહોભાગ્ય કે આ દુ:ખી મનુષ્યના જીવનમાં મદદરૂપ થવાની મને તક મળી! આ પુણ્યકર્મથી તેનું દુ:ખ તો દૂર થશે જ પણ મારાં થોડાંઘણાં કુકર્મો ખરશે અને સત્કર્મનો સંચય થશે. ચાલો હું તેના માટે કાંઈક કરું."

આ પ્રકારનો **'આધ્યાત્મિક'** પ્રતિભાવ આપણે આપીએ તો એ કમનસીબ મનુષ્યના જીવનમાં ખરેખર પરિવર્તન લાવવા પાંચ સોપાનનો "કરુણાપૂર્ણ સંપર્ક" પ્રકલ્પ આપણને યોગ્ય માર્ગદર્શન આપી શકે

છે. હકીકતમાં આપણે એ વ્યક્તિ સાથે કેવળ મમતાળુ સંપર્ક સ્થાપિત કરવાનો છે. આ પાંચપૈકી કેટલાં સોપાન સુધી આગળ વધવું એ તમારી પોતાની મરજી, સાનુકૂળતા અને સાવધાની પર આધાર રાખે છે. પ્રકલ્પના પાંચ સોપાન નીચે પ્રમાણે છેઃ

**૧. શુભેચ્છા સંપર્ક :** આપણી નવી ઝુંબેશના પ્રતિભાવનું આ સૌથી પહેલું પગથિયું છે. રસ્તામાં કોઈ બેઘર, અનાથ, નિરાશ્રિત વયોવૃદ્ધ મળે તો તેને પ્રેમભર્યો આવકાર આપો. થોડા દિવસ આવું દરરોજ કરો. તેનું નામ જાણવાનો પ્રયત્ન કરો અને પછી તેને નામથી બોલાવો. તેને આર્થિક મદદ કરો કે ન કરો પણ તેની સામે ખરી લાગણીથી જુઓ. શરૂઆતમાં તમને આ બધું વિચિત્ર લાગશે, કારણકે બંને પક્ષે આ એક તદ્દન નવો અનુભવ છે. દરરોજ અનેક લોકો તે વ્યક્તિની બાજુમાંથી પસાર થતાં હોય છે. મોટા ભાગના લોકો તેના તરફ બેધ્યાનથી ચાલ્યા જતા હોય, કે કદાચ એકાદ વ્યક્તિ પાઈપૈસો ફેંકે અને ચાલતી પકડે. તેથી તમે અચાનક તેનામાં રસ લો એ તેને માટે અણધાર્યો, અનપેક્ષિત અનુભવ કહેવાય. તેથી શક્ય છે કે શરૂઆતમાં તે તમને કોઈ પ્રતિભાવ ન આપે અથવા તમારા આશય પર શંકા પણ કરે. બીજી એક શક્યતા એ છે કે કોઈક કારણસર હવે તે વ્યક્તિ સાથે સંપર્ક વધારવાની તમને ઈચ્છા નથી. તો પછી તમે આવી બીજી કોઈ વ્યક્તિને મદદ કરો. એક વાત ખાસ ધ્યાનમાં રાખવી કે તમારૂં મન ખુલ્લું રાખો અને સાવધાનીપૂર્વક પગલું ભરો.

**૨. ચા-પાણીનો સંપર્ક :** એક વાર એ વ્યક્તિ સાથે મનમેળ થઈ જાય તે પછી તેની સાથે સંપર્ક વધારવાનું તમને આપોઆપ મન થશે. હવે તેને માટે ચા-નાસ્તો લાવવાનો સમય આવ્યો ગણાય. જો એ વ્યક્તિ તમારા ચા-નાસ્તાનો સ્વીકાર કરે તો એનો અર્થ એ થાય કે તેને તમારામાં વિશ્વાસ બેઠો છે. હવે તેના જીવનમાં થોડા વધારે ઊંડા ઊતરી તેના અવરોધને દૂર કરવા માટે તમે આગળ વિચારી શકો. કદાચ તે વ્યક્તિમાં શિક્ષણ, આત્મવિશ્વાસ કે આર્થિક ઉપાર્જન માટે કોઈ સૂઝ કે આવડત ન હોય. વળી તેની સમસ્યા શારીરિક, માનસિક કે પારિવારિક હોઈ શકે. જગતમાં જેટલા નિરાશ્રિતો તેટલી સમસ્યાઓ પડી છે. એક વાત મનમાં હંમેશા યાદ રાખો કે તે માણસ રસ્તા પર છે અને તમે ઘરમાં સુરક્ષિત છો. તેના કરતાં તમે વધારે ભાગ્યશાળી છો એમ સમજીને તેની મુશ્કેલીની નોંધ લો. તેને કેવી રીતે મદદરૂપ થઈ શકાય તે પર વિચાર કરો, અને મદદરૂપ થવા માટે થોડો સમય કાઢો. બની શકે તો તેને મદદ કરવા માટે સાધનસંપન્ન અને વગ ધરાવતા મિત્રોના કાને વાત નાખો.

**૩. ભોજન સંપર્ક :** હવે તે વ્યક્તિને મદદ કરવા માટે આગળ કયાં પગલાં લેવા જોઈએ તેનો તાગ તમને આવી ગયો હશે. જોકે, આ નવા મિત્રને તમારામાં સંપૂર્ણ વિશ્વાસ ન બેસે અથવા પોતાની પરિસ્થિતિને સુધારવાની તેને અંતરથી ઈચ્છા ન થાય ત્યાં સુધી તમને કામયાબી મળવી શક્ય નથી. તેને લખતાંવાચતાં શીખવવું, તેની તબીબી સારવારનો ખર્ચ ચૂકવવો કે તેને નાનુંમોટું કામ મેળવી આપવું, આવું જે પણ કાંઈ તમારા મનમાં સૂઝે તે યોજના વિશે તેની સાથે ખુલ્લા મનથી ચર્ચા કરો. તેનું

આત્મસન્માન જળવાય એ રીતે તેની સાથે વ્યવહાર કરો. અગાઉથી નક્કી કરી તેને નજીકની કોઈ હૉટેલમાં જમવા લઈ જવાનો સમય હવે આવ્યો છે. તેને સારાં કપડાંની એકાદ જોડ આપી કહો કે તે ન્હાઈધોઈને તૈયાર રહે. રસ્તામાં તેની સાથે ખભેખભા મિલાવીને ચાલો અને તેની સાથે હૉટલમાં જાઓ. તેણે જિંદગીમાં કદી આવું સ્વાદિષ્ટ ભોજન પેટભરીને ખાધું ન પણ હોય. જમતાં જમતાં તેના ભાવિની યોજના વિશે વાતો કરો ત્યારે તેના આત્મગૌરવનો ખ્યાલ રાખો. વાતવાતમાં જાણી લો કે તમારી યોજનાને તે સમજી શકે છે અને તે પ્રમાણે કરવા તે તૈયાર છે? તમારી યોજના વિશે તેના વિચારો, તેના મનમાં રહેલા ડર, ચિંતા કે સંકોચ વગેરેને ધ્યાનથી સાંભળો. તમારી દૃષ્ટિએ એ બધું કદાચ સામાન્ય હોય પણ તેને માટે તો એ નક્કર વાસ્તવિકતા છે. તેને હીણો દેખાડ્યા વગર પૂછો કે તે તમારા સલાહસૂચન પ્રમાણે વર્તવા માગે છે?

**૪. કટોકટી/કપરા સમયે સંપર્ક :** બંને પક્ષ સંમત થાય તે પછી જ તેને માટે વિચારેલ યોજનાને અમલમાં મૂકવાના મહત્ત્વપૂર્ણ કામની શરૂઆત થઇ શકે. આ કાર્ય કોઈ પણ જાતના વિક્ષેપ વિના સરળ અને સીધું ચાલે એવી અપેક્ષા રાખવી એ વધુ પડતું ગણાય. પણ તેનામાં પ્રયત્ન કે ઈચ્છાનોજ અભાવ હોય તો તે શોધી કાઢવું કાંઈ મુશ્કેલ કામ નથી. તેના ઉત્સાહને ટકાવી રાખવા પ્રસંગોપાત્ત તેનામાં જુસ્સો પ્રેરવા તૈયાર રહો. પણ પરિસ્થિતિને સુધારવા માટે તેનામાં ઈચ્છાનો સદંતર અભાવ જોવા મળે તો તરત ત્યાં અટકી જાવ. એકાદ માનવબંધુના વેરાન જીવનમાં થોડીઘણી આનંદની હરિયાળી પળો લાવવામાં તમે યશભાગી થયા છો એટલો સંતોષ માની એ પ્રસ્તાવને ત્યાં જ છોડી દો. પરંતુ તેના તરફથી તમારા પ્રયાસોને વળતો સકારાત્મક પ્રતિભાવ મળે અને તેનામાં ખરેખર બદલાવ અને પ્રગતિ જોવામાં આવે તો તેને વિશેષ મદદ કરવા માટે તમે સાવધાનીપૂર્વક આગળ વધી શકો અને કપરા કે કટોકટીના સમયે તે તમારો સંપર્ક સાધી શકે તે માટે તમે તેને મંજૂરી આપી શકો. હવે તે તમને ક્યાં મળી શકે, ક્યાં સંપર્ક સાધી શકે વગેરે માહિતી તેને જણાવી શકો. અત્યાર સુધી તમે તેને આ માહિતી કે સંમતિ શા માટે નહોતી આપી તે વાત તેને સમજાવો. તમારા આયોજન, માર્ગદર્શન અને મદદ પ્રમાણે તેણે નક્કર પ્રગતિ કરી છે તેની ખાતરી થયા પછી આખરી તબક્કામાં પ્રવેશવા માટે તમે બંને હવે પૂરેપૂરા સજ્જ છો.

**૫. સર્વોચ્ચ સંપર્ક:** અત્યારસુધીમાં તમારા નવા મિત્રને કોઈ હુન્નર-ઉદ્યોગ શીખીને આત્મગૌરવપૂર્વક જીવન જીવવા માટેનાં સાધનો મેળવવા માટે આત્મવિશ્વાસ જાગ્યો હશે. તેથી તેને કોઈ નાનુંમોટું કામ શોધી આપવા કે નાનો એવો ધંધો શરૂ કરવા, આર્થિક ભંડોળ ઊભું કરી દેવા, રહેવાલાયક જગ્યા શોધી આપવા, તેનાં કુટુંબીજનો સાથે પુનર્મિલન કરાવવા જેવું કોઈ પણ કામ કરવા માટે તમે તમારા મિત્રોને તેની સંપૂર્ણ દાસ્તાન સંભળાવી તેને મદદ કરવા વિનંતી કરો.

આર્થિક ન્યાયના ક્ષેત્રે આ છે નાનકડો વ્યક્તિગત પ્રકલ્પ! તમને કદાચ એમ લાગશે કે આ પ્રકલ્પથી વિશ્વની સમસ્યામાં મેં શું મોટું કામ કર્યું? પણ વાસ્તવમાં તમે સમગ્ર વિશ્વને બદલી નાખ્યું છે. અર્થાત્ એક વ્યક્તિના સમગ્ર જીવન અને વિશ્વને બદલી નાખ્યું છે. આ પ્રકલ્પમાં તમારી જેમ મથી રહેલા લોકોના મનમાં તમે આશાની જ્યોત પ્રકટાવી છે. પેલી વ્યક્તિને જીવનમાં ટકી રહેવા માટે તમે ઉત્સાહ પ્રેરી જે મદદ કરી છે તેથી કોણ જાણે તેનો જીવ કેટલી ઊંચાઈ સુધી પહોંચશે !

આ સૂક્ષ્મ વિગતોને ખ્યાલમાં રાખી તમે તમારી રુચિના ક્ષેત્રમાં જાતે નાના-મોટા પ્રકલ્પો ઘડી શકો. ઉપર દર્શાવેલ યાદીના કોઇ પણં ક્ષેત્રમાં ''મારે કાંઈક કરવું જોઈએ'' એવું તમને મનમાં થાય છે? જો જવાબ 'હા' માં હોય તો પછી પ્રકલ્પ શરૂ કરવામાં કોઇ મદદ કરે તેની રાહ જોઈને બેસી રહેવાની જરૂર નથી. સેવાની ભાવના તમારામાં દૃઢ હોય અને આત્મવિશ્વાસ હોય તો આગળ ધપો. ''એક વ્યક્તિની કાર્યયોજના''નો પ્રકલ્પ તમે જાતે ઘડો. શરૂઆતમાં તમારે લોકોના અવરોધો અને હાંસીનો સામનો કરવો પડશે પણ નિરાશ ન થશો. તમારું કાર્ય પ્રામાણિક, નિષ્ઠાવાન અને મમતાપૂર્ણ હશે તો લોકો ધીરે ધીરે તમારી સાથે જોડાશે. આર્થિક સહાયનો પ્રવાહ આપોઆપ વહેવા માંડશે. જોકે, આ દિશામાં કાર્ય કરતી કોઈ સંસ્થામાં તમે જોડાઓ તો તમારી શક્તિનો વધારે સદુપયોગ થઈ શકે. અથવા તમારી પોતાની સંસ્થા સ્થાપી સમાજ કે મિત્રોને સહભાગી થવાની પ્રેરણા તમે આપી શકો.

આ કાર્ય હાથ ધરવું એ જૈનોનું કર્તવ્ય અને જવાબદારી છે. ૨૧મી સદીના પડકારોનો સામનો કરવા અને સમસ્યાઓને સફળતાપૂર્વક હલ કરવા માટે જૈનો પાસે સાધનો અને અસરકારક તંત્ર પણ છે. જૈનો માટે આ સુવર્ણ તક છે. સુંદર આયોજન અને સરસ તૈયારી કરી સફળતાપૂર્વક આવા પ્રકલ્પોને તેઓ પાર પાડે અને આ રીતે તેમના ભૂતકાળના ગૌરવને પુનઃ પ્રાપ્ત કરે. પણ સવાલ એ છે કે જૈન સંઘના ચારે વર્ગો પાસે આવા પ્રકલ્પ માટે જરૂરી પ્રેરણાબળ છે?

## વ્યક્તિગત કાર્યયોજના અંગે ચેતવણી

*** પોતાને કોઈ મદદ કરે એવું દરેક વ્યક્તિ ઈચ્છતી હોતી નથી. * હંમેશા સાવધ રહો - તમારી જાતને જોખમમાં મૂકવી નહિ. * શક્ય હોય તો કોઇને સાથે લઈને જાઓ. તમારી સગવડનો ખ્યાલ રાખો. * એવું વચન ન આપો જે તમે પાળી ન શકો. અનુકંપા દાખવો, સહાનુભૂતિ નહિ. * તમારી મર્યાદા સમજીને પછી જ ઊંડા ઊતરો. * તેની ધાર્મિક કે રાજકીય વિચારસરણીને બદલવાનો પ્રયાસ કરવો નહિ. * આર્થિક સહાય એ હંમેશાં શ્રેષ્ઠ સહાય કે પ્રતિક્રિયા ગણાતી નથી. * તમારું સરનામું કે ટેલિફોન નંબર બનતા સુધી આપવાં નહિ. * સંપર્ક દરમિયાન થયેલા સ્વાનુભવને ટપકાવવા એક અંગત ડાયરી રાખો. * તમારા પ્રકલ્પમાં મિત્રો, સંઘ કે સંસ્થાને ભેળવવાનો પ્રયત્ન કરો. * મિત્રોનો સહકાર તમને ન પણ મળે તે ધ્યાનમાં રાખો. * આ અનુભવમાંથી આધ્યાત્મિક શક્તિ મળે છે તે વાત ક્યારેય ભૂલશો નહિ.**

ખંડ

૫

# પંચમ ખંડઃ
# ઇતિહાસ અને સાહિત્ય

# ખંડ ૫: પ્રસ્તાવના

ભારતના પ્રાચીન યુગ વિશે લેખિત પુરાવા જૂજ છે. તેથી પ્રાચીન ભારતનો ઈતિહાસ અનુશ્રુતિ, ધાર્મિક સાહિત્ય અને પ્રાચીન અવશેષો તેમજ માનવવંશશાસ્ત્રનાં સંશોધન દ્વારા મળતાં ઉલ્લેખો પર વિશેષ આધાર રાખે છે. આવા વ્યાપક સંદર્ભોના આધારે તારવેલા નિર્ણયો અસ્પષ્ટ હોવાની તમામ સંભાવના છે. જૈનધર્મના પ્રાક્ઈતિહાસ વિશે કંઈક આવું જ બન્યું છે. તેથી જૈન ઇતિહાસ વિશે, વિશેષતઃ જૈનેતરોએ લખેલા કેટલાય ઐતિહાસિક ગ્રંથોમાં ભૂલભર્યા નિર્ણયો જોવા મળે છે. દા.ત. "જૈન અને બૌદ્ધ એ બંને વાસ્તવમાં એક જ ધર્મ છે." "બંને ધર્મ હિંદુધર્મની કે વૈદિક ધર્મની જ શાખા છે." "આ બંને પ્રાચીન ધર્મો અણઘડ અને તત્ત્વજ્ઞાનરહિત છે." આધુનિક સંશોધકોએ આ બધાં નિર્ણયો ખોટા પાડયા છે.

સદ્ભાગ્યે તાજેતરમાં અફઘાનિસ્તાન, ઉત્તર પશ્ચિમી ભારત અને પાકિસ્તાનમાં પુરાવશેષ વિભાગે સંશોધન હાથ ધર્યું અને તેથી ભારતના પ્રાક્ઈતિહાસનું વિશેષ સ્પષ્ટ ચિત્ર હવે મળી રહ્યું છે. આ વૈજ્ઞાનિક સંશોધનનું જૈન અનુશ્રુતિઓ, પ્રાચીન હિંદુ અને બૌદ્ધ સાહિત્યમાંથી મળતાં ઉલ્લેખો અને પૂર્વે પુરાવશેષ તથા માનવવંશ વિભાગે કરેલાં સંશોધન કાર્ય સાથે સંકલન કરવાથી આપણને જૈન ઈતિહાસનું વધુ સ્પષ્ટ ચિત્ર મળે છે. મહાવીર ભગવાન પૂર્વેના જૈનધર્મની આ છબી ૧૮માં પ્રકરણમાં આપી છે. કેટલાય ઐતિહાસિક ગ્રંથોમાં 'સત્ય હકીકત' તરીકે રજૂ થયેલી કેટલીય ગેરસમજને આ પ્રકરણમાં દૂર કરવાનો પ્રયાસ કર્યો છે. આ પ્રકરણ જૈન અનુશ્રુતિના અમુક અંશોની પ્રમાણભૂતતાને સ્થાપે છે તો અન્ય માન્યતાઓનું ખંડન પણ કરે છે. જોકે, જૈનોની તેમના ભૂતકાળ વિશેની માન્યતાનું ખંડન કરવાનો આ પ્રયાસ છે એવું અર્થઘટન કોઈએ કરવું જોઈએ નહિ.

દરેક ધર્મની જેમ જૈનધર્મમાં પણ કેટલાક સુધારા કરવાના પ્રયાસો થયા. તેને કારણે અનેક પંથો ઊભા થયા. ૧૯માં પ્રકરણમાં એ વિશે માહિતી આપી છે. આ અલગ પંથો ધર્મમાં ફાંટા કે તડા નથી, એ કટ્ટરપંથો પણ નથી. તીર્થંકરોના મૂળ સંદેશ સાથે નિષ્ઠાપૂર્વક ટકી રહેવાના સંનિષ્ઠ પ્રયાસોના ફળસ્વરૂપ જૈનધર્મનો સ્વસ્થ વિકાસ ક્રમ છે.

જૈનસાહિત્યમાં ગ્રંથરચના વિપુલ પ્રમાણમાં થઈ છે. પ્રકરણ ૨૦માં તેનું સંક્ષિપ્ત સર્વેક્ષણ આપ્યું છે.

# ૧૮

# ૧૮. જૈનધર્મ: ભગવાન મહાવીર પૂર્વે

મહાવીર ભગવાન પૂર્વે જૈનધર્મ અસ્તિત્ત્વમાં જ નહોતો એવી એક સર્વસામાન્ય માન્યતા સાચી કહેવાય અને ખોટી પણ ! એ માન્યતા સાચી એટલા માટે છે કે જૈન શબ્દ "જિન" પરથી ઊતરી આવ્યો છે અને તે ભગવાન મહાવીરના સમય પછી શોધાયો હતો. જોકે જે પરંપરા અને તત્ત્વદર્શનને મહાવીરે તેમના સમયમાં અનુસર્યા અને આજે પણ જૈનો અનુસરી રહ્યા છે, એ પરંપરા મહાવીર ભગવાનના કરતાં અત્યંત પ્રાચીન છે.

## જૈન માન્યતા અને અનુશ્રુતિ

'જૈનધર્મ સનાતન ધર્મ છે' એમ જૈનોની મૂળભૂત માન્યતા 'કાળ અનંત અને ચક્રાકાર છે અને પ્રત્યેક કાળચક્રમાં ઉત્સર્પિણી અને અવસર્પિણી એમ બે સમાન વિભાગ છે.' એ મત સાથે સુસંગત છે (પૃષ્ઠ ૫૨). પ્રત્યેક વિભાગના ચોથા આરા (દુ:ષમ-સુષમ/દુ:ખી-સુખી) માં ચોવીસ તીર્થંકરો જન્મ લે છે અને આત્મશુદ્ધિ તેમજ મોક્ષના જૈનમાર્ગનો ઉપદેશ આપે છે. અનંત કાળની અંદર આવાં અસંખ્ય કાળચક્ર રહેલાં છે. જૈનોની દલીલ અનુસાર તેમનો ધર્મ આ અનંત કાળના કેન્દ્રસ્થાને છે. તેમની માન્યતા પ્રમાણે હાલ આપણે અવસર્પિણીના પાંચમા આરામાં છીએ. છઠ્ઠા આરામાં માનવ-સંસ્કૃતિનો વિનાશક અંત નહિ આવે ત્યાં સુધી મનુષ્ય માટે વર્તમાન પરિસ્થિતિ અવનતિ તરફ ચાલુ રહેશે. આજથી હજારો વર્ષો બાદ આ ઘટના બનશે. અર્થાત્ અવસર્પિણી કાળનો અંત આવશે અને ત્યાર બાદ નવી ઘટમાળના ઉત્સર્પિણી કાળનો પ્રારંભ થશે. અને ફરીથી દુ:ષમ-સુષમ આરામાં નવા ૨૪ તીર્થંકરો જૈન ધર્મની પુનર્સ્થાપના કરશે.

પ્રાક્ઈતિહાસના કોઈ પણ દાવાને ચકાસવા માટે પુરાવશેષ અને ઈતિહાસમાં નોંધાયેલા અહેવાલો - આ બે સાધનો જરૂરી હોય છે. પરંતુ જૈનોના આવા દાવાનું સમર્થન કે ખંડન કરવા માટે કમનસીબે આ સાધનો અપર્યાપ્ત છે. તદુપરાંત બીજી એક હકીકત એ છે કે જૈનધર્મ અલ્પસંખ્યક ધર્મ હોવાથી તેની

તરફ ઈતિહાસવેત્તાઓનું ધ્યાન જલદી ખેંચાયું નહિ. ૧૯મી સદીના પૂર્વાર્ધમાં પાશ્ચાત્ય ઈન્ડોલોજીસ્ટોએ જૈનધર્મનો અભ્યાસ શરૂ કર્યો ત્યારે શરૂઆતમાં તેમની ભૂલભરેલી માન્યતા હતી કે જૈન અને બૌદ્ધધર્મ એ વૈદિકધર્મની જ શાખાઓ છે. પણ વધુ અભ્યાસ કરતાં તેમની એ માન્યતા તરત જ બદલાઈ ગઈ. પરંતુ ભગવાન બુદ્ધ અને મહાવીર બંનેનાં જીવનચરિત્રમાં કેટલીક ઘટનાઓ સરખી જોવા મળે છે. તેથી ઉતાવળે તેઓ એ નિષ્કર્ષ પર આવ્યા કે આ બંને અલગ ઈતિહાસો એક જ વ્યક્તિના છે. અને જૈનધર્મ એ તો કેવળ બૌદ્ધધર્મનું બદલાયેલું રૂપ છે. કાળાંતરે એ ભૂલ પણ સુધારી લેવામાં આવી પણ એક ખોટી અવધારણા તેમનામાં રહી ગઈ કે "બુદ્ધની જેમ મહાવીર પણ જૈન નામના એક નવા ધર્મના સ્થાપક હતા."

આશરે ૧૫૦ વર્ષ પહેલાં પશ્ચિમના પ્રખર વિદ્વાનોએ જૈન ઈતિહાસનો અભ્યાસ ગંભીરતાપૂર્વક હાથ ધર્યો. હર્મન જેકોબીના[17] યાદગાર સીમાસ્તંભ ગ્રંથના પગલે પશ્ચિમના જૈન વિદ્વાનોએ અત્યંત પ્રભાવક ગ્રંથમાળાઓ રજૂ કરી. ઐતિહાસિક, સાહિત્યિક, ધાર્મિક અને પુરાવશેષને લગતી માહિતીના છુટાંછવાયાં તાંતણાને વણીને તેમણે જૈનધર્મનો બુદ્ધિગમ્ય ઈતિહાસ તે ગ્રંથમાળામાં પ્રકટ કર્યો છે. જે. જી. બુહલર, જેસ્ બર્જેસ્સ, કાર્પેન્ટિયર, જેમ્સ ફર્ગ્યુસન, એ. ગેરિયોનોટ, એન. આર. ગુસેવા, હર્ટેલ, હર્નલ, કુહ્ન, બી. સી. લૉ, ઈ. લ્યૂમન્ન, જે. ઈ. વૉન લોયૂઈઝેન-ડી લીઉ, લુઈસ રૅનો, એડવર્ડ પી. રાઈસ, બી. એ. સેલિટોર, વોલ્ધર શૂબ્રીંગ, વિન્સેન્ટ સ્મિથ, એફ. ડબલ્યુ થોમસ, આલબ્રેખ્ટ વેબર, વિલ્સન, મૌરિસ વિન્ટરનિટ્સ અને હાઈનરિખ ઝિમર જેવા ઈન્ડોલોજીસ્ટોનાં નામોનો આ સૂચિમાં સમાવેશ થયેલો છે. જૈન ઈતિહાસને સમજવામાં ભારતીય વિદ્વાનોનું પણ મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. તેમાં વિશેષ નોંધનીય નામો છે : બી. સી. ભટ્ટાચાર્ય, એ. એમ. ઘાટગે, બનારસીદાસ જૈન, સમતાપ્રસાદ જૈન, જગમંદરલાલ જૈની, એચ. આર. કાપડિયા, પી. સી. નાહર, એચ. ડી. સાંકળિયા, ચીમનલાલ જે. શાહ અને એ. એન. ઉપાધ્યે જેવા વિદ્વાનોના સંશોધનપૂર્ણ અભ્યાસે જૈનોના દાવાને સમર્થન આપ્યું છે કે ચોવીસમા તીર્થંકર મહાવીર, ત્રેવીસમા પાર્શ્વનાથ અને બાવીસમા નેમિનાથે આ પૃથ્વી પર વિચરણ કર્યું હતું અને જૈનો હાલ જે માર્ગ અનુસરી રહ્યા છે તેનો તેમણે ઉપદેશ આપ્યો હતો. નેમીનાથ શ્રીકૃષ્ણના પિતરાઈ હતા અને તેમણે ગુજરાતમાં ઉપદેશ આપ્યો હતો. પાર્શ્વનાથ અને મહાવીર ભગવાન બિહારમાં વિચર્યા હતા. આ સર્વ હકીકતની ચકાસણી તેમના સંશોધન અભ્યાસમાં થઈ છે. ભગવાન પાર્શ્વનાથનો જન્મ ઈ. સ. પૂર્વે ૮૫૦માં અને મહાવીર ભગવાનનો જન્મ ઈ. સ. પૂર્વે ૫૯૯માં થયો હતો. ચોવીસ તીર્થંકરોની વર્તમાન શ્રેણીમાં આ ત્રણ અંતિમ તીર્થંકરો છે. જૈન અનુશ્રુતિ અનુસાર પહેલાં તીર્થંકર રિખવદેવ (ઋષભદેવ) છે.

[17] Jacobi, H.: (1) *Bhadrabahu's Kalpasutra*, Leipzig, 1879
(2) "Mahavira and His Predecessors," *Indian Antiquary*, 1880
(3) *Jaina Sutras*, Part I (1884); Part II (1895)

રિખવદેવ, તેમનાં કાળખંડ, જન્મ, માતાપિતા, સિદ્ધિઓ અને મોક્ષની સ્થિતિ સુધીની તેમની સાધના વગેરેની સૂક્ષ્મ માહિતીના[18] અન્વયે મોટાભાગના જૈનો તેમને સાંસ્કૃતિક યુગના જનક - આદિનાથ કહે છે. માનવને સૌપ્રથમ કૃષિવિદ્યાનું જ્ઞાન આપવાનું માન તેમને ફાળે જાય છે. માનવની ભટકતી ટોળીને સ્થિર કરવામાં તેમનું યોગદાન હતું. તેમણે સમાજમાં વ્યવસ્થા, કુટુંબ અને લગ્નની સંસ્થા, કાયદા અને ન્યાયની પ્રણાલીની સ્થાપના કરી. રાજપાટનો ત્યાગ કરી તેમણે મહાભિનિષ્ક્રમણ કર્યું. તમામ સાંસારિક સુખોને ત્યાગી આત્મસંયમના માર્ગે તપની સાધના કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તેમણે ઉપદેશ આપ્યો કે તમામ સુખ અને દુ:ખનું મૂળ કારણ આપણાં પોતાનાં જ કાર્મિક બંધન છે. તપ, આત્મસંયમ અને ધ્યાન - આ ત્રણ સાધનો દ્વારા જીવને શુદ્ધ કરવાથી કર્મબંધનમાંથી મુક્તિ મળી શકે છે. આ એ જ અધ્યાત્મમાર્ગ છે જેને જૈનો અદ્યાપિ અનુસરી રહ્યા છે અને એ વર્તમાન કાળચક્રના આધ્યાત્મિક ગુરુ અને પ્રથમ તીર્થંકર રિખવદેવનો વારસો છે. જૈનસાહિત્યમાં સમયના જે એકમોનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે આજે વપરાતા સમયના એકમો (વર્ષ, માસ, દિવસ)થી તદ્દન જુદા પડે છે, તેથી રિખવદેવના ઉપદેશના કાળખંડનો ચોકસાઈપૂર્વક નિર્ણય કરવો એ મુશ્કેલ છે. જૈનો સંદિગ્ધપણે કહે છે કે "રિખવદેવ લાખો વર્ષ પૂર્વે થઈ ગયા અને જૈનસંપ્રદાય કરોડો વર્ષ પ્રાચીન છે."

## સિંધુખીણની સંસ્કૃતિ


પુરાવશેષ વૈજ્ઞાનિકોના તાજેતરનાં ખોદકામને કારણે રિખવદેવનાં જીવનચરિત્ર, યુગ, સિદ્ધિ અને ઉપદેશની ઐતિહાસિકતા વિશે સંકેતો મળે એવી એક શક્યતા હવે ઊભી થઈ છે. સિંધુખીણના ઉત્તરીય ક્ષેત્રે ખોદકામ કરતાં અનાજના દાણા મળ્યા છે. એ દાણા ઈ.સ. પૂર્વે ૬૫૦૦ જેટલા જૂના હોવાનું શાસ્ત્રીય પદ્ધતિથી (Carbon Dating) સિદ્ધ કરવામાં આવ્યું છે. તે પરથી પુરાવશેષવિદો એક નિષ્કર્ષ પર આવ્યા છે કે દક્ષિણ એશિયામાં અનાજની ખેતીની શરૂઆત આશરે ઈ.સ. પૂર્વે ૬૫૦૦માં એટલે આજથી આશરે ૮૫૦૦ વર્ષ પહેલા થઈ હતી.[19] ભારતીય પેટાખંડમાં સૌ પ્રથમ ખેતી અંગે કદાચ આ સ્પષ્ટ પુરાવો છે. ભારતમાં હરપ્પા અને મોહેન્જોડોરોના ખોદકામ દરમિયાન પૃથ્વીના પેટાળમાંથી કેટલાંક પૂતળાં, મહોરછાપ અને નગ્ન સમાધિસ્થ પ્રતિમાઓ વગેરે મળી આવ્યાં છે. કેટલીક બેઠી સમાધિસ્થ મૂર્તિઓ પદ્માસનમાં વિરાજમાન છે તો કેટલીક કાયોત્સર્ગ આસનમાં ઊભી મૂર્તિઓ મળી આવી છે. આ પ્રકારનાં આસનો એ ઉત્તરકાલીન તીર્થંકર મૂર્તિશાસ્ત્રની અને વર્તમાન જૈન પરંપરાની આગવી વિશિષ્ટતા ગણાય છે. કેટલીક મહોરછાપના આધારે ઈતિહાસવિદોએ[20] એક શક્યતાનો સંકેત કર્યો છે કે તપસ્વીઓની ધ્યાનસાધના અને આત્મશુદ્ધિની ફિલસૂફી એં બંને સિંધુખીણના યુગ દરમિયાન એટલે કે આજથી ૫૦૦૦ વર્ષ પૂર્વે અસ્તિત્ત્વમાં હતી જોકે આ સંકેતોને દૃઢ સમર્થન આપવાનું કામ હજી ચાલે છે.

---

[18] *Jambudvipa-Prajnapati* – a Upang Text forming the Jain Subsidiary Cannon

[19] Kulke, H. and Rothermund, D., *A History of India,* Rupa & Co., Delhi, 1993, pg 5

[20] Kulke, H. and Rothermund, D., *A History of India,* Rupa & Co., Delhi, 1993, pg 20




આકૃતિ: ૮.૧: ભારતમાં આર્યોના આગમન પૂર્વેનાં, સિંધુખીણનાં ૫૦૦૦ વર્ષ જૂના મહત્ત્વનાં નગરો.

સિંધુસંસ્કૃતિના લોકોએ નગરો બાંધ્યાં, ખેતીનો વિકાસ કર્યો, દરિયાઈ પ્રવાસ ખેડયો અને એ રીતે વેપારવાણિજ્યને વિકસાવ્યાં. તેમણે લિપિનું પણ નિર્માણ કર્યું અને આશરે ૩૦૦૦ વર્ષ સુધી શાંતિમય જીવન વીતાવ્યું. તાજેતરમાં પુરાવશેષ વિભાગે વિપુલ પ્રમાણમાં ખોદકામ કર્યું અને તે પરથી તેમણે જણાવ્યું કે સિંધુખીણ સંસ્કૃતિ આશરે ૨૮૦,૦૦૦ ચોરસ માઈલના વિસ્તારમાં (પશ્ચિમ યુરોપ કરતાં પણ વધારે) ફેલાયેલી હતી. તેમાં ૧૮૦૦ જેટલી માનવ વસાહતો હતી.

ગંગાયમુનાના સંગમ તટે મેરઠ જિલ્લાનું આલમગીરપુર સિંધુસંસ્કૃતિના વિસ્તારનું પૂર્વીય સીમાંકન કરે છે. વર્તમાન ઈરાનની સરહદ પર આવેલ સુટ્કજેન-ડોર તેની પશ્ચિમી સીમા હતી. દક્ષિણમાં લોથલ (અમદાવાદ નજીક) અને માલવણ (સૂરત નજીક) સુધી તે સંસ્કૃતિ વિસ્તરેલી હતી. તો હિમાલયની તળેટીમાં આવેલ રૂપર એ તેમની ઉત્તરના છેવાડે વસેલી વસાહત હતી. સિંધુખીણના લોકો ક્યારેય આક્રમક યુદ્ધમાં પ્રવૃત્ત હોય એવા કોઈ ખાસ પુરાવા નથી. જોકે એક વાત સ્પષ્ટ છે કે તેઓ તલવાર, ધનુષ્યબાણ, ભાલા, કટાર કે કુહાડી જેવાં કાંસાનાં આયુધો પોતાની પાસે રાખતાં હતાં. હરપ્પા જેવાં વિશાળ નગરોમાં સૌથી વધારે વસ્તી આશરે ૮૦,૦૦૦ જેટલી હતી. નગરને ફરતી દીવાલો હતી. પણ એ આક્રમણખોર દુશ્મનોથી નગર અને નગરજનોની રક્ષા માટે બાંધેલા વાડ કે કિલ્લા નહોતા. વેપાર અને કરવસૂલી માટે આ દીવાલો ચેકનાકાનું કામ કરતી હોવી જોઈએ. આ વિસ્તારોમાં ખોદકામમાંથી મળી આવેલા સીલ પર તપ અને સાધના કરતાં સાધુમુનિઓની છાપ છે. એ છાપ પર નોંધી શકાય એટલી સૂક્ષ્મ વિગતો જોવા મળે છે. હાલ આપણે પરિચિત છીએ તેવી દેવદેવોની છાપ તે મહોર પર ભાગ્યે જ જોવા મળે છે. જોકે દેવીનાં માટીનાં બનાવેલા પૂતળાં જોવાં મળે છે. તે સૂચન કરે છે કે સિંધુખીણની સંસ્કૃતિ તપ અને સાધના દ્વારા આત્મશુદ્ધિ પર કેન્દ્રિત ધર્મોનું પાલન કરનાર પારિવારિક સંપ્રદાયોની હોવી જોઈએ.

સિંધુખીણ સંસ્કૃતિ વિશે આપણે નીચે દર્શાવેલ વાતો જાણીએ છીએ:

૧. તેમની સંસ્કૃતિના વિકાસમાં સામાજિક વ્યવસ્થા, કુટુંબ અને લગ્નની પ્રથા, કાયદો અને વ્યવસ્થા, ન્યાય અને સરકારનો સમાવેશ હતો.
૨. સુંદર બાંધણી ધરાવતાં નગરો, જાહેર સ્વચ્છતા માટે વ્યવસ્થા, વિશાળ ભવનો, સુઆયોજિત નગરો, શહેરો અને ગામોનાં બાંધકામમાં તેઓ ઈંટનો ઉપયોગ કરી જાણતા હતા. તેમની જીવનશૈલી નગરજનોની જીવનશૈલી હતી.
૩. તેમનામાં લખવા-વાંચવાની ક્ષમતા હતી. તેમની લિપિમાં ધ્વનિપ્રતીકો, અક્ષરો અને ચિત્રોનું મિશ્રણ હતું. વાંચન જમણી બાજુથી ડાબી બાજુ તરફ કરવામાં આવતું હતું.
૪. તેઓ ખેતી, ચિત્રકામ, શિલ્પકામ, મૂર્તિકામ, દાગીના અને હસ્તકલામાં નિપુણ હતા.
૫. લોખંડ સિવાયની ધાતુમાં મુખ્યત્વે સોનુ, તાંબુ, કાંસુ અને સીસુ તેમજ ચાંદી જેવી ધાતુના પૃથ્થકરણનું તેમને જ્ઞાન હતું. સૂક્ષ્મ કલાકારીગરી અને હસ્તકલાથી સજાવેલી વસ્તુઓની તેઓ મૅસોપોટેમિયા, ઈરાન અને મધ્ય ઍશિયા સુધી નિકાસ કરતા હતા.
૬. પુરાવશેષના પુરાવા જણાવે છે કે પથ્થર અને કાષ્ઠની બનાવટનાં આયુધોનો ઉપયોગ તેઓ હુમલા માટે કરતા પણ ઢાલ, બખ્તર કે ટોપા જેવી સંરક્ષણાત્મક ચીજો તેઓ વાપરતા નહોતા. એ દર્શાવે છે કે તેમની જીવનશૈલી અનાક્રમક અને શાંતિપ્રિય હતી. લોકોને યુદ્ધ ખેલવા જવું પડતું નહોતું. તેમની પાસે કોઈ સ્થાયી લશ્કરીદળ નહોતું. યુદ્ધકાર્ય, વિજય, કોઈને બંદીવાન

બનાવવા, એક માણસ બીજા માણસની હિંસા કરે એવા કોઈ પણ નિર્દેશ તે સમયના માનવ અવશેષો પરથી મળતા નથી.

૭. પાલતુ પ્રાણીઓમાં ગાય, બળદ અને હાથીઓનો સમાવેશ હતો પણ ઘોડાઓનો નહોતો. મહોરો પર પ્રાણીઓની છાપ છે તે વિવિધ ટોળીઓના વંશચિહ્ન દર્શાવે છે.

૮. માતબર હુન્નરઉદ્યોગ તથા કલાકૌશલને કારણે સિંધુખીણ સંસ્કૃતિને મેસોપોટેમિયા કરતાં પણ બમણા વિસ્તારમાં યુદ્ધ કર્યા વગર પ્રસરવા માટે ઉત્તેજન મળ્યું.

૯. સિંધુખીણ સંસ્કૃતિનો સમાજ પ્રાયઃ માતૃવંશી હતો.

૧૦. 'ધ્યાન દ્વારા આત્માની શુદ્ધિ' ની વાત તેમના અધ્યાત્મવાદમાં સમાયેલી હતી. તેઓ આત્માના પુર્નજન્મમાં પણ માન્યતા ધરાવતા હતા.

## અનુમાન - એક ક્ષણનું

હરપ્પા સંસ્કૃતિ વિશે પુરાતત્ત્વ વિભાગે આપેલી માહિતીની રૂપરેખા મેં ઉપર આપી. હવે તેના પરથી હું એક તર્કયુક્ત અર્થઘટન આપવા માગું છું. હું સારી રીતે જાણું છું કે મારું આ તર્કયુક્ત વિધાન એ કેવળ અનુમાન જ છે અને વિવાદાસ્પદ પણ છે. પરંતુ મુક્ત ચર્ચા માટે નવા પરિમાણો ખુલ્લા મૂકવાની ભાવનાથી મેં એ કર્યું છે. હરપ્પા શોધખોળ અંગેની એક અત્યંત રસપ્રદ હકીકતથી હું આ વિધાન કરવા પ્રેરાયો છું.

જૈનોના પુરાતન આગમ ગ્રંથોમાં 'સૌ પ્રથમ ખેતીની શોધ રિખવદેવે કરી હતી' એમ વિધાન છે. આ વિધાનને જો આપણે હરપ્પામાં મળેલા ઈ.સ. પૂર્વે ૬૫૦૦ વર્ષ જેટલા જૂના અનાજના દાણાની સાથે સાંકળીએ તો ઈ.સ.પૂર્વે ૬૫૦૦નો સમય એ 'રિખવદેવનો કાળખંડ' છે એવો તર્ક કે અનુમાન કરી શકાય છે. આ તર્કને વિશેષ પુષ્ટિ બીજી એક હકીકત દ્વારા પણ મળે છે. સિંધુ સંસ્કૃતિની મહોરો પર ધ્યાનસ્થ મૂર્તિઓની છાપ છે. તેમનો અંગવિન્યાસ જૈનોમાં પ્રચલિત કાઉસગ્ગ અને પદ્માસન સાથે વિશેષ સામ્ય ધરાવે છે. આ હકીકત ઉપર્યુક્ત તર્કની વિશેષ દૃઢતાપૂર્વક પુષ્ટિ કરે છે. જૈનોના શ્રદ્ધાત્મક દૃષ્ટિકોણ પ્રમાણે આ તર્કની આસપાસ જો કોઈ વિવાદ ઘુમરાતો હોય તો એ છે કે રિખવદેવનો કાળખંડ એ તો હરપ્પા સંસ્કૃતિ કરતાં પણ વિશેષ પ્રાચીન છે. અન્ય શબ્દોમાં કહીએ તો રિખવદેવ ઈ.સ. પૂર્વે ૬૫૦૦ના સમયગાળામાં થઈ ગયા હતા એ ઇતિહાસકારોના સૂચનનો પરંપરાગત જૈન માન્યતા સાથે મેળ બેસતો નથી.

જૈનસમાજ માટે આવા ઐતિહાસિક પરીક્ષણ અને સંશોધનનો સ્વીકાર કરવાનું કામ કઠીન છે. તેઓ એક વાત હંમેશા ટાંકે છે કે 'જૈનધર્મને એક અલગ કે વિશિષ્ટ ધર્મ તરીકે જાણતા પણ નહોતા એવા કેટલાક ઇતિહાસકારો હવે એક જ સદીમાં ઈ.સ. પૂર્વે ૬૫૦૦ને રિખવદેવના કાળખંડ તરીકે દર્શાવે છે તે નાનીસૂની વાત નથી. પણ જૈનધર્મ તો સનાતન છે અને તેથી રિખવદેવનો સમય નક્કી કરવો એ

ઈતિહાસકારોના ગજા બહારની વાત છે'. જેમ 'સિંધુખીણની સંસ્કૃતિ "મૂળે શિવ" સંસ્કૃતિ હતી' એવા હિંદુ પુનરુત્થાનવાદીઓના દાવાને કેવળ શ્રદ્ધાના વિષય તરીકે માની લેવાય તે જ પ્રમાણે જૈનોના સનાતનતાના દાવાને પણ થોડા સમય પૂરતું તેમની શ્રદ્ધાનો વિષય ગણીને આપણે માની લઈએ. અત્યારે તો આપણે ઐતિહાસિક પુરાવા સાથે એટલું જ કહી શકીએ કે જૈનોના પ્રથમ તીર્થંકર રિખવદેવ આજથી ૮૫૦૦ના સમયગાળામાં થઈ ગયા હતા.

દરેક સંસ્કૃતિ અન્ય સંસ્કૃતિ સમક્ષ પોતાની સાંસ્કૃતિક મૂર્તિઓ, મહોરો વગેરે દ્વારા પ્રગટ થાય છે. હરપ્પા સંસ્કૃતિને સમજવા માટે ઊંડી સૂક્ષ્મ દૃષ્ટિ પૂરી પાડવાના હેતુથી મેં મારું આ અંગત મંતવ્ય આપ્યું છે. હરપ્પા સંસ્કૃતિ વિશેની માહિતીને જૈન દૃષ્ટિબિંદુથી જોતાં એમ કહી શકાય કે સિંધુખીણની સંસ્કૃતિના લોકો આત્મસંયમ પર રચાયેલ મોક્ષમાર્ગને અનુસરતા હતા અને આત્મસંયમ કેળવવા માટે ધ્યાન, યોગ, અહિંસા અને તપ દ્વારા સાધના કરતા હતા. કેટલીક મુદ્રાઓ પરથી એમ જણાય છે કે સિંધુખીણ સંસ્કૃતિના લોકો જે મૂર્તિની પૂજા કરતા હતા તે કદાચ 'રિખવદેવ'ની મૂર્તિ* હોઈ શકે. હરપ્પામાં ખોદકામમાંથી મળી આવેલ મૂર્તિઓની સૂક્ષ્મ વિગતો નોંધનીય છે. ચહેરાની નમણાશ અનાર્ય સાથે અર્થાત્ ભારતની મૂળ આદિવાસી દ્રવિડ♦ પ્રજા સાથે સામ્ય ધરાવતી હોય એવું સ્પષ્ટ જણાય છે. આ સંદર્ભે પુરાવા જૂજ છે. તથાપિ તે એક વાતનો નિર્દેશ કરે છે કે તેમને તપસ્વી મુદ્રા માટે આદરભાવ હતો. જૈન અનુશ્રુતિ પ્રમાણે ધ્યાનને આધ્યાત્મિક સાધના તરીકે સૌ પ્રથમ સ્વીકારનાર રિખવદેવ હતા. તથા તેમની ખેતી, પશુપાલન અને સામાજિક વ્યવસ્થાની સંસ્કૃતિ આર્યસંસ્કૃતિ કરતાં તદ્દન ભિન્ન હતી. જૈન અનુશ્રુતિના વર્ણનનો ઉપર દર્શાવેલ મહોરના પુરાવા સાથે સમન્વય કરીને ચાલો આપણે સિંધુખીણ સંસ્કૃતિના લોકોને 'રિખવીય' નામ આપીએ.

## આર્યોનું આગમન

આર્ય ટોળીઓનું મૂળ વતન કાસ્પિયન સમુદ્રની આસપાસ હોવું જોઈએ (કાસ્પિયન સમુદ્ર એ અઝરબેઈઝન, રશિયા, કઝિખિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઈરાનથી ચોમેર બંધાયેલું ખારા પાણીનું સરોવર છે. ઈરાન શબ્દનો વાસ્તવમાં અર્થ છે આર્યાવર્ત કે આર્યોની ભૂમિ). ઈ.સ. પૂર્વે ૧૫૦૦ની

---

* હરપ્પામાં મળેલી ધ્યાનસ્થ મૂર્તિઓ હિંદુઓના શિવ કે શંકર ભગવાનની હોવાનો દાવો હિંદુ પુનરુત્થાનવાદીઓ કરે છે પણ તે દાવો યોગ્ય લાગતો નથી કારણ હિંદુ ધર્મની સ્થાપના ઇ.સ. પુર્વે ૧૫૦૦ માં આર્યોના ભારતમાં આગમન બાદ થઇ. તદુપરાંત, આત્મા, ધ્યાન દ્વારા આત્માની શુદ્ધિ વગેરે વિષયો હિંદુ ધર્મશાસ્ત્રોમાં ઘણાં વર્ષો પછી જોવા મળે છે. ત્યાં મળેલી આદીવાસી દ્રાવીડ મુદ્રા ધરાવતાં સાધુની જે મૂર્તિ સાધુ-રાજા (Priest King) નામે ઓળખાય છે તે રાજા રિખવદેવની હોઇ શકે?

♦ આર્યોનું ભારતમાં આગમન ઘણાં વર્ષો પછી એટલે કે ઇ.સ. પૂર્વે ૧૫૦૦ માં થયું છે. ભારતની મૂળ પ્રજાનો આર્યોએ પરાભવ કર્યો. આર્યોએ તે વખતે રચેલા વેદોમાં ભારતની મૂળ પ્રજાને 'દસ્યુ, અસુર અને રાક્ષસ' એવા તિરસ્કૃત નામોથી સંબોધ્યા છે. તે આદિવાસીઓ રિખવદેવના ઉપાસક હતા તેથી અમે તેમને 'રિખવિય' તરીકે સંબોધવાનું પસંદ કરીયે છીએ. તેમના માટે 'દ્રાવિડ' નામનો પ્રયોગ તો ઘણાં સમય પછી કરવામાં આવ્યો. દક્ષિણ ભારતવાસીયો આજે પણ 'દ્રાવિડ' તરીકે જ ઓળખાય છે. હરપ્પાનાં ખોદકામમાંથી મળી આવેલ મૂર્તિઓની સૂક્ષ્મ વિગતો નોંધનીય છે. તેમના ચહેરાની નમણાશ દક્ષિણી દ્રાવિડોની સાથે મળતી આવે છે તેથી તેઓજ ભારતાના મૂળ આદિવાસીઓ હોવા જોઇએ એમ કહી શકાય.

આસપાસ તેમણે મધ્ય ઍશિયા તરફથી સિંધુખીણ પર ચડાઈ કરી. જૈન અનુશ્રુતિ પ્રમાણે આ ચડાઈઓ પુષ્પદંત નામના નવમા તીર્થંકરના સમય પછી થઈ હતી (આકૃતિ ૧૮.૨). 'રિખવીયો' તેમના પડોશીઓ સાથે શાંતિપૂર્ણ જીવન જીવતા હતા (યુદ્ધ કે લડાઈના કોઈ પણ પુરાવાનો અભાવ આ વાતનું સમર્થન કરે છે.) શસ્ત્રધારી આર્યટોળીના સ્થળાંતરના પ્રચંડ મોજાં સામે અહિંસક 'રિખવીયો'ને માટે બચવાની કોઈ તક રહી નહોતી. મોટાભાગના બચી ગયેલા 'રિખવીયો' પૂર્વ ભારત તરફ સુરક્ષિત જગ્યાએ ચાલી ગયા અને ગંગા નદીના તટ પર નાનાં નાનાં કેટલાંય ગણરાજ્યો(જનપદ)માં તેઓ સ્થિર થયાં. જે થોડાઘણા 'રિખવીયો' સિંધુપ્રદેશમાં રહી ગયા હતા તેમને આર્યોએ ગુલામ બનાવી દીધા. આર્યગ્રંથોમાં તેમને દસ્યુ કહ્યા છે. સમય જતાં 'રિખવીયો' એ પૂર્વ ભારતમાં હાલના બિહાર રાજ્યમાં પુનર્વસન કર્યું.

ઈ.સ. પૂર્વે ૧૫૦૦માં અને તે પછી પણ કેટલીક સદીઓ સિંધુખીણમાં વસેલાં આર્યોની જીવનશૈલીનું એક ચિત્ર આર્ય રચિત પ્રાચીનતમ સાહિત્યગ્રંથ વેદમાંથી મળે છે :

૧. આર્યોની જીવનશૈલી ગ્રામીણ, ભટકતી ગોવાળોની હતી.
૨. તેઓ મોટે ભાગે અરણ્ય કે વનમાં સ્થાયી થયા હતા. બાંબુની પર્ણાચ્છાદિત કુટિરમાં વસતા એ લોકોએ નાના નાના ગ્રામોનું નિર્માણ કર્યું
૩. ચાંદી અને સીસા સિવાય સોનુ, તાંબુ, કાંસુ અને લોઢાની ધાતુને તેઓ જાણતા હતા.
૪. કાષ્ઠ, પથ્થર અને લોઢાની બનાવટનાં તેમનાં આયુધો આક્રમણ અને સુરક્ષા બંનેનું કામ કરતાં. સંરક્ષણ માટે રથનો ઉપયોગ તથા ખીલ્લાવાળા બખ્તર, ટોપા અને ઢાલ વાપરતા.
૫. અશ્વનો યુદ્ધમાં ઉપયોગ કરતાં, પણ ગાય-ઘેટાંને પણ તેઓ પાળતાં.
૬. કલા અને લેખન ક્ષેત્રે તેમણે ખાસ કોઈ સિદ્ધિ મેળવી નહોતી. જોકે એક વાર સિંધુખીણમાં સ્થાયી થયા પછી તેમણે મૌખિક પદ્યરચના કરી હતી.
૭. તેમનો આધ્યાત્મિક વિકાસ પ્રકૃતિનાં પરિબળોની કૃપાવૃષ્ટિ અર્થે તેમનાં આહ્વાન અને પ્રશસ્તિ સુધી સીમિત હતો. અગ્નિહોમનો વપરાશ અને સોમરસપાન તેઓ કરતા હતા.
૮. તેમના દેવમંડળમાં સૂર્ય, અગ્નિ, વગેરે નૈસર્ગિક કે પ્રકૃતિમાં કાર્યશીલ દેવોનો સમાવેશ હતો. રોમ, ગ્રીસ અને ઈરાનમાં પણ આર્ય દેવોની સમાંતર પૌરાણિક દેવો જોવા મળે છે.
૯. આત્મા કે એકમેવ ઇશ્વરના વિચારનો તેમના ધર્મમાં સમાવેશ નહોતો. પરંતુ ભારતમાં આવી ત્યાંની મૂળ પ્રજાના ધર્મ વિચારોને તેમણે ઝડપથી આત્મસાત કરી લીધા..
૧૦. ભારતની શ્યામવર્ણી મૂળ પ્રજા સાથે વર્ણસંકરતાને ટાળવા તેમણે કેવળ આર્ય કુટુંબમાં જન્મેલ પ્રજા પૂરતો જ ધર્મને મર્યાદિત કરી દીધો. વંશપરંપરાનું સંપૂર્ણ પાલન કરવા તેમણે પૂર્વજોનાં નામ - દા.ત. સૂર્યવંશી, ચંદ્રવંશી - પેઢી દરપેઢી ચાલુ રાખ્યા.

સિંધુખીણ સંસ્કૃતિ અને ઈ.સ. પૂર્વે ૧૫૦૦ની આર્યસંસ્કૃતિ એ બેની તુલના કરવાથી એક તાર્કિક નિષ્કર્ષ નિકળે છે કે ઋગ્વેદ સંસ્કૃતિ (જે આર્યસંસ્કૃતિમાંથી વિકાસ પામી હતી)ની સ્થાપના પાછળથી થઈ હતી.

ઋગ્વેદ સંસ્કૃતિ સિંધુખીણની સંસ્કૃતિ સાથે સંબંધિત નથી. તેનો ઉદ્‌ભવ સ્વતંત્રપણે અને ભારતની બહાર થયો હતો. તદુપરાંત કૃષ્ણવર્ણી રિખવીયોની નગરવાસી સંસ્કૃતિ તથા જાતીય વિશિષ્ટતા, ગૌરવર્ણી આર્યોની ભટકતી ગોવાળ ગ્રામીણ સંસ્કૃતિ કરતાં તદ્દન ભિન્ન છે. તેમજ 'રિખવીયો'ના ધાર્મિક માન્યતા અને આચારો જૈન માન્યતા અને આચારવિચારની સાથે વિશેષ સામ્ય ધરાવે છે. આ હકીકત જૈનોની પુરાતનતાના દાવાને પ્રમાણભૂતતા આપે છે. જૈન પરંપરા દર્શાવે છે કે આર્યો ભારતમાં આવ્યા તે પહેલાં 'રિખવીયો' ઉત્તર-પશ્ચિમ ભારતમાં સિંધુખીણમાં વસતા હતા. અને તેમણે મોહેન્જોડેરો, લોથલ અને હરપ્પા જેવાં સુનિયોજિત નગરો બાંધ્યાં હતાં.[21]

## વૈદિક ધર્મ

પુરાવશેષના પુરાવા અને જૈન અનુશ્રુતિના આધારે 'રિખવીયો'નું મૂળ સિંધુખીણ સંસ્કૃતિના સમયમાં છે એ હકીકતનું આલેખન આપણે કર્યું. આર્યોના આગમન પછીના ૮૦૦ વર્ષ દરમિયાનના ઈતિહાસ વિશે માહિતી આપણને વૈદિક સાહિત્યમાં દર્શાવેલ પ્રમાણિત ઉલ્લેખો અને જૈન અનુશ્રુતિના આધારે મળે છે. આર્યોએ અહીં વસવાટ કર્યો, સ્તોત્રોની રચના કરી અને નૂતન વૈદિક ધર્મનો પાયો નાખ્યો. તેમના સમગ્ર સાહિત્યને ત્રણ વિભાગમાં વિભાજિત કરી શકાય :

**૧. વેદો:** વૈદિક સ્તોત્રોના સંગ્રહની પ્રક્રિયા ભારતમાં આર્યોના આગમન અને વસવાટ પછી કેટલીય સદીઓ સુધી ચાલુ હતી. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ આ તેમના ચાર વેદો (સંહિતા) છે. વેદોની રચના ઈ.સ. પૂર્વે ૧૩૦૦થી ઇ.સ. ૧૧૫૦ની સમયાવધિમાં થઈ. ઋગ્વેદ (પ્રથમવેદ) માં આર્યોના કાર્યશીલ દેવો (વરુણ, ઈન્દ્ર, અગ્નિ અને સૂર્ય)નું પ્રશસ્તિગાન છે. ઋગ્વેદમાં 'રિખવીયો'નો વ્રતધર્મી (વ્રત પ્રમાણે આચરણ કરનાર) કે યોગી તરીકે ઉલ્લેખ છે. ઋગ્વેદમાં 'જીવનના મર્મ' વિષયક તાત્ત્વિક જિજ્ઞાસા જોવામાં આવતી નથી. વર્ણાશ્રમની પ્રથા વિશે પણ ઋગ્વેદમાં કોઈ પુરાવા નથી. જોકે શ્યામવર્ણા સ્થાનિક લોકોને તેમાં 'દસ્યૂ' તરીકે દર્શાવ્યા છે.[22]

**૨. બ્રહ્મણો અને આરણ્યકો:** વેદ સાથે જોડાયેલ વિધિવિધાનોના કેટલાક વિવરણ ગ્રંથોને બ્રહ્મણ કે આરણ્યક કહે છે. આ ગ્રંથોની રચના ઈ.સ. પૂર્વે ૧૦૦૦ થી ૭૦૦ની સમયાવધિમાં થઈ હતી. તેમાં આર્યદેવોની ગૂઢશક્તિ વિશે શંકા અને અસલામતી જોવા મળે છે. બ્રહ્મણ/આરણ્યક ગ્રંથરચના એ વેદોના છંદબદ્ધ સ્તોત્રો તરફથી યજ્ઞમાં આહુતિની જરૂરિયાત પર ભાર મૂકતા ગદ્યસાહિત્ય પ્રતિ વલણનો નિર્દેશ કરે છે. "વેદમાં નિર્દેશ કર્યા પ્રમાણે જ ગૂઢ વિધિવિધાન કરવા જોઇએ, અને જો તેમાં સહેજ પણ ભૂલચૂક થાય તો દેવોનો કોપ થાય" એમ તેમાં આપણને કહેવામાં આવે છે. કલ્પિત દેવોની પ્રશંસા તરફથી ચમત્કાર સર્જતાં કર્મકાંડ તરફ વળેલો ઝોક તથા કર્મકાંડ અને યોગ્ય વિધિવિધાન માટે

[21] Kulke, Hermann and Rothermund, Dietmar, *A History of India*, Rupa & Co., New Delhi 1993

[22] Dandekar R.N., "The Brahmanical Tradition: The Vedic Period", in *Sources of Indian Tradition*, Volume I, Embree A.T. Ed. , Columbia University Press, New York, 1988

અનુભવી અને અધિકારી વ્યક્તિની જરૂરિયાતને કારણે વર્ણભેદની પ્રથા અસ્તિત્ત્વમાં આવી અને વર્ણવ્યવસ્થામાં કર્મકાંડી બ્રાહ્મણોનો સામાજિક દરજ્જો સૌથી ઊંચો રહ્યો.

વૈદિક ધર્મમાં સામાન્ય ગૃહસ્થો માટે ધ્યાન, યોગ અને તપનો નિર્દેશ કરવામાં હજી આવ્યો નહોતો પણ થોડાઘણાં વિદ્વાનોએ 'રિખવીયો'ની વાનપ્રસ્થ પ્રથા સ્વીકારી ઋષિમુનિઓ બનવાની શરૂઆત કરી દીધી હતી. જોકે તેમનો ઉદ્દેશ્ય તપશ્ચર્યા દ્વારા આત્મશુદ્ધિ કરવાનો નહી પણ દેવોની પ્રસન્નતા મેળવી દૈવી શક્તિ પ્રાપ્ત કરવાનો હતો. આ ઋષિમુનિઓએ તપશ્ચર્યા માટે 'રિખવદેવ'ના આદર્શને નજર સમક્ષ રાખ્યો હોય એ શક્ય છે! આ સમગ્ર પ્રક્રિયામાં તેમણે 'રિખવદેવ'નું મહાદેવ (મોટા ભગવાન)*, શંકર (શુભકર્મોના પ્રણેતા) અને શિવ (પવિત્ર)માં રૂપાંતર કર્યું હોય એ પણ શક્ય છે! આમ આ ઋષિમુનિઓએ વૈદિક ધર્મમાં મૂળભૂત પરિવર્તનની શરૂઆત કરી, પ્રકૃતિના કલ્પિત દેવોમાંથી (ઋગ્વેદ કાળ) ચમત્કાર સર્જતાં યજ્ઞયાગ તરફ (બ્રહ્મણ/આરણ્યક કાળ) અને તે પરથી મોક્ષના ગૂઢ આધ્યાત્મિક જ્ઞાન (ઉપનિષદ કાળ) તરફનો એ વિકાસ હોય તેવું જણાય છે. "વિશ્વ વિશે પૂર્વકાલીન વૈદિક યુગના અને ઉત્તરકાલીન વૈદિક યુગના દૃષ્ટિકોણ એ બંને વચ્ચે ભિન્નતા જોવા મળે છે. ઉપનિષદ યુગમાં દેવોની સર્વોપરી શક્તિ વિશે શંકાને કારણે તેમના સ્થાને પ્રકૃતિના એક અસંદિગ્ધ નિયમ વિશે જાગૃતિનો ઉદય થયો. આ નિયમ અનુસાર દરેક વ્યક્તિ પોતે જ વર્તમાન દેહમાં અને પુનર્જન્મમાં તેનાં કર્મો માટે જવાબદાર છે. કર્મ અને સંસાર આ બે તાત્ત્વિક વિચારો ભારતીય ધાર્મિક જીવનમાં કેન્દ્રવર્તી વિચારો બની ગયા છે. આર્યો સ્થાનિક લોકો સાથે હળતાંમળતાં થયાં તેથી તેમના ધર્મમાંથી આ વિચારો તેમણે કદાચ અપનાવ્યા હોય" ![23]

**વેદ અને પૂર્વકાલીન બ્રહ્મણ સાહિત્યમાં આત્માના પુનર્જન્મ સિદ્ધાંત વિશે કોઈ સ્પષ્ટ ઉલ્લેખો જોવા મળતા નથી. આ એક નોંધનીય વાત છે. તેથી વેદકાલીન આર્યો એ સિદ્ધાંતમાં માનતા હતા એ વાત સ્વીકારવા માટે પૂરતાં કારણો મળતાં નથી. સૌ પ્રથમ એ સિદ્ધાંત પ્રાથમિકરૂપે ઉત્તરકાલીન ઉપનિષદમાં જોવા મળે છે. ઉપનિષદમાં તપસ્વી મુનિઓ (રિખવીય મુનિઓ)ના પુનર્જન્મ સિદ્ધાંતના જ્ઞાનને એક ગૂઢ રહસ્ય તરીકે કેવળ હોશિયાર શિષ્યોને જ આપવામાં આવતું. 'આત્માના પુનર્જન્મ'ના સિદ્ધાંતનો સમગ્ર ઉત્તર ભારતમાં ફેલાવો બહુ ઝડપથી કેમ થયો એ જાણવું મુશ્કેલ છે, પણ રિખવીયો આ સિદ્ધાંતમાં કોઈ ને કોઈરૂપે માન્યતા ધરાવતા હતા તે વાત સાચી.**

**R. N. Dandekar, in *Sources of Indian Tradition*, Vol.- I,**
**Columbia University Press, New York, 1988**

એક રસપ્રદ હકીકતની અત્રે નોંધ લઈએ. હિંદુ મહાકાવ્ય રામાયણની રચના ઈ. સ. પૂર્વે ૧૦૦૦ માં થઈ. આર્યાવર્તના મહાન રાજા શ્રી રામચંદ્રને રાજ્યનો ત્યાગ કરી મધ્યપ્રદેશના વિંધ્યપર્વતની દક્ષિણ

---

* જૈનોના રિખવદેવ અને હિંદુઓના શંકરમાં ઘણું સામ્ય દેખાઇ આવે છે. દા.ત. રિખવદેવ ધ્યાન અને તપશ્ચર્યા કરતા હતાં. હિંદુઓના આટલાં બધાં દેવોમાં કેવળ શંકરજ ધ્યાનસ્થ અને તપશ્ચર્યા મુદ્રામાં દેખાય છે. રિખવદેવ અને શંકર ભગવાન બંનેના ચિન્હ વૃષભ છે. હિંદુઓના અનેકવિધ દેવોમાં કેવળ શંકર અને કૃષ્ણ ભગવાનની મૂર્તિઓ નીલ અથવા કૃષ્ણ રંગની બનાવવાની પ્રથા છે. આ બંને દેવો ભારતના મૂળ કૃષ્ણવર્ણા રિખવઓમાંથી હોવાનું સૂચવે છે. રિખવદેવ આખરી તપશ્ચર્યામાટે હિમાલયમાં કૈલાસ પર્વતપર ગયા એમ જૈનો માને છે તો ભગવાન શંકરનું નિવાસસ્થાન કૈલાસ છે એમ હિંદુ માન્યતા છે.

[23] Kulke, Herman and Rothemund, Dietmar, *A History of India*, Rupa & Co., New Delhi 1993, Page 48

હારમાળાનાં જંગલોમાં વસવાટ કરવો પડયો. રામાયણની કથા પ્રમાણે શ્રી લંકાનો શક્તિશાળી દ્રવિડ રાજા રાવણ સીતાનું અપહરણ કરે છે ત્યારે મુખ્ય વાનર 'હનુમાન' ના નેતૃત્ત્વ હેઠળ વાનરસેનાની મદદથી શ્રી રામ લંકા પર ચડાઈ કરે છે. 'વાનરસેના' શબ્દપ્રયોગ અતાર્કિક લાગે છે પણ તેનો તાર્કિક અને બુદ્ધિગમ્ય અર્થ 'સ્થાનિક વનમાં ભટકતી દ્રવિડોની ટોળીની' મદદ શ્રીરામને મળી હતી એ હોઈ શકે. સંસ્કૃત શબ્દ 'વન' નો અર્થ છે જંગલ અને 'નર' એટલે મનુષ્ય. આમ તેનો ખરો અર્થ જંગલમાં ભટકતા દ્રવિડો કે વનવાસી દ્રવિડો તેવો હોઈ શકે. રામાયણના રચયિતા આર્ય હતા. એથી 'દ્રવિડો' ની મદદ મળી હતી તે હકીકતનો સ્વીકાર કરવા આર્યલેખક રાજી ન હોય. તેથી સંસ્કૃતની એક સામાન્ય પ્રથા પ્રમાણે તેમણે વન અને નર એ બે શબ્દની યુક્તિપૂર્વકની સંધિ કરી તેમાંથી 'વાનર'સેના બનાવી. રામાયણના રચયિતા જણાવે છે કે રાવણ શિવભક્ત (રિખવભકત?) હતા. અને દીર્ઘ તપશ્ચર્યાના ફળસ્વરૂપ તેમણે અદ્‌ભુત સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

આપણે આગળ જોયું તે પ્રમાણે ભારતના મૂળ સ્થાનિક રહેવાસીઓ 'રિખવદેવ' પ્રબોધિત ધ્યાન, તપ વગેરેની સાધના કરતા હતા. અને આર્ય ઋષિમુનિઓએ રિખવદેવને મહાદેવ કે શિવ નામ આપ્યું હતું. તેથી રામાયણના રચયિતાએ રાવણને 'રિખવીય' ગણાવી તેમને રાક્ષસ જાતિના દર્શાવ્યા ! રામાયણના આર્યવીર શ્રી રામ અને જૈનોના ૨૦માં તીર્થંકર મુનિસુવ્રતસ્વામી બંને એક જ સમયમાં થઈ ગયા. વૈદિકધર્મ અને શ્રમણધર્મ એ બે વચ્ચે સમન્વય કરવાના પ્રયાસ પણ આ કાળખંડ દરમિયાન થયા હોય એવું જણાય છે.

**૩. ઉપનિષદ:** ઉપનિષદ (ઈ.સ. પૂર્વે ૮૦૦ થી ૫૦૦) અરહંતધર્મી તરીકે ખાસ બે તીર્થંકરોનો નિર્દેશ કરે છે. પાર્શ્વનાથ (૮૭૭ થી ઈ.સ. પૂર્વે ૭૭૭) અને શ્યામવર્ણા હિંદુદેવ શ્રીકૃષ્ણના પિતરાઈ નેમિનાથ. હિંસક યજ્ઞના વિધિવિધાન વિરુદ્ધ તેમાં પ્રતિક્રિયા દર્શાવી છે. વૈદિક ગ્રંથકારો હવે કર્મ અને સંસારની શ્રમણ ફિલસૂફી પર વિશેષ ધ્યાન આપતા હોય તેવું લાગે છે. આ સમય દરમિયાન સૌથી પહેલીવાર, 'જેમ સર્વ જીવોની ચેતના આત્મા છે તેમજ બ્રહ્મ (પુરૂષ) સમગ્ર વિશ્વની ચેતના છે[24]. 'પુનર્જન્મ અને આત્માનું સંક્રમણ જેવા ગૂઢ વિચારો તેમજ યોગ, તપ, વ્રતનિયમ દ્વારા આત્માની શુદ્ધિનો શ્રમણવિચાર', યથાર્થ વૈદિક સાધના તરીકે ઉપનિષદમાં સત્તાવારરૂપે પ્રથમ જ દેખાય છે. દા. ત. મુંડક ઉપનિષદ[25] કહે છે કે "આધ્યાત્મિક મોક્ષ અને પરમ બ્રહ્મનું જ્ઞાન એ બે માટે યજ્ઞના વિધિવિધાન અસરકારક સાધન નથી. કેવળ મૂર્ખો હિંસક યજ્ઞયાગને પરમ આધ્યાત્મિક શ્રેય ગણી આનંદ માણે છે. અંતે જરા-મૃત્યુના ચક્રમાં પુનઃ પુનઃ ફર્યા કરે છે. બીજી બાજુ વનમાં શ્રદ્ધાપૂર્વક તપ કરતાં મનુષ્યો, સ્થિતિપ્રજ્ઞો, સત્યના દૃષ્ટાઓ, પરિભ્રમણશીલ તપસ્વીઓ વાસનામાંથી મુક્ત થઈ જે માર્ગે ખરેખર અવિનાશી બ્રહ્મા રમણ કરે છે તે જ્યોર્તિમાર્ગે થઇને ઉર્ધ્વગતિને પામે છે."

[24] Chandogya Upnishad, 6.1-3, 12-14
[25] Mundaka Upnishad, 1.2.-7,11

## પૂર્વ તરફ આગેકૂચ

ઈ.સ. પૂર્વે ૧૫૦૦ થી ૭૦૦ ના આશરે ૮૦૦ વર્ષના સમયગાળામાં વૈદિકધર્મનું રૂપાંતર આધુનિક હિંદુધર્મના જન્મ, વિકાસ અને વિભાજનમાં થયું. હિંદુધર્મના વિભાજન માટે વર્ણાશ્રમની પ્રથા મુખ્યત્ત્વે જવાબદાર હતી. આ પ્રથાએ એક વર્ણને બીજા વર્ણ કરતાં નિમ્ન સ્તર પર મૂકી દીધો. ઈ. સ. પૂર્વે ૭૦૦માં આર્યોએ ફરી પૂર્વ ભારત તરફ આગેકૂચ કરી ત્યારે આ વિભાજન તેમના માટે એક ગંભીર સમસ્યા બની ગઈ.

આર્યોની આગેકૂચ હવે ગંગાનદીને કિનારે પૂર્વ તરફ હતી. ત્યાંની સ્થાનિક પ્રજાએ (રિખવીઓએ) તેમને આગળ વધતાં રોકવાના પ્રયાસ કર્યા. પરંતુ અશ્વો, રથ અને શક્તિશાળી યુદ્ધતંત્રથી સજ્જ આર્યોને તેઓ અટકાવી શક્યા નહિ. તેમના નગરોની ચોમેર બાંધેલી કાષ્ટની કિલ્લેબંધીને આર્યોએ તત્કાળ તોડી અને બાળી નાખી. આર્યોની આગેકૂચ માટે તેમના દેવ ઈન્દ્રે ગંગા કિનારે વસેલા રિખવોના શહેરો તોડી નાખ્યા અને અગ્નિ વિશ્વાનરે સઘળું દહન કરી નાખ્યું એવું વર્ણન હિંદુ શાસ્ત્રોમાં છે. આર્યો સદાનીરા નદી (વર્તમાન ગંડક)ની નજીક પટણાની ઉત્તર-પૂર્વ સુધી પહોંચી ગયા. ઈન્દ્રદેવને પુરંદર (પુર કે નગરની દીવાલો અને કિલ્લાને તોડી શકનાર દેવ) તરીકે દર્શાવી તેમનું પ્રશસ્તિગાન આ સ્તોત્રોમાં કર્યું છે. સત્પથ બ્રહ્મણમાં ગંગા કિનારે પૂર્વ ભારત તરફ (આજના બિહાર તરફ) આર્યોની કૂચ તેમજ રાજકુંવર વિદેહમાધવ દ્વારા પટણાની ઉત્તરપૂર્વ વિદેહની સ્થાપના - આ બે વિશે નોંધ મળે છે.

"ત્યાંથી દહન કરતાં કરતાં અગ્નિ પૂર્વ તરફ આગળ વધે છે.... ..... અને વિદેહમાધવ તેમની પાછળ પાછળ જાય છે. તેમણે (અગ્નિએ) આ તમામ નદીઓ બાળી નાખી (અગ્નિથી સૂકવી નાખી). હવે ફક્ત સદાનીરા નદી (આધુનિક ગંડક) પૂર્વીય પહાડોમાંથી વહે છેઃ તે એક નદીને અગ્નિએ સૂકવી નહોતી. બ્રાહ્મણોએ તે એક નદી પાર કરી નહિ, કારણકે તેમણે વિચાર્યું કે અગ્નિવિશ્વાનરે આ નદીને બાળી નથી. વિદેહે અગ્નિને પૂછયું, "મારું ધામ ક્યાં ?" અગ્નિએ જવાબ આપ્યો, "આ નદીની પૂર્વે તારું ધામ હો ! હાલ સદનીરા નદીની પૂર્વ દિશામાં કેટલાય બ્રાહ્મણો છે. બ્રાહ્મણોએ યજ્ઞ દ્વારા તેને શુદ્ધ કરવા માટે અગ્નિ પ્રકટાવ્યો. હે વૈશ્વાનર દેવ ! હવે દક્ષિણમાં નિગંઠોની ભૂમિને શુદ્ધ કરો."


**Satpath Brahmana, Translation, J. Eggeling - *Sacred Books of The East* (1882-1990)**

વિદેહમાધવ ગંગા તટે વસેલ દ્રવિડ સામ્રાજ્યોનું દહન કરતો કરતો પૂર્વ તરફ આગેકૂચ કરે છે. સદાનીરા નદીની પૂર્વ તરફ આવેલું મગધનું રાજ્ય જીતવાનું હજી બાકી હતું. તેથી સમકાલીન (૮મી સદીના) બ્રાહ્મણો તેને અશુદ્ધ રાજ્ય ગણતા હતા. 'રિખવીયો' અહી મગધમાં સ્થિર થયા હતા. હવે પછી આર્યો 'રિખવીયો'નો નિગંઠીઓ (અનાસક્ત) તરીકે ઉલ્લેખ કરે છે.

## જૈન માન્યતા અનુસાર જૈન ઇતિહાસ

| તીર્થંકર | આશરે સમય | કલ્પસૂત્ર સંદર્ભ |
|---|---|---|
| ૨૪ માં મહાવીર સ્વામી | ઇ.સ. પુર્વે ૬૦૦ વર્ષ | |
| ૨૩ માં પાર્શ્વનાથ | મહાવીર નિર્વાણ પુર્વ ૨૫૦ વર્ષ | ૭-૨૧-૧૬૯ |
| ૨૨ માં નેમિનાથ | મહા. નિ. પુ. ૮૪,૦૦૦ વર્ષ | ૭-૩૫-૧૮૩ |
| ૨૧ માં નમિનાથ | મહા. નિ. પુ. ૫,૮૪,૦૦૦ વર્ષ | ૭-૩૬-૧૮૪ |
| ૨૦ માં મુનિસુવ્રત | મહા. નિ. પુ. ૧૧,૮૪,૦૦૦ વર્ષ | ૭-૩૭-૧૮૫ |
| ૧૯ માં મલ્લિનાથ | મહા. નિ. પુ. ૬૫,૮૪,૦૦૦ વર્ષ | ૭-૩૮-૧૮૬ |
| ૧૮ માં અરનાથ | મહા.નિ.પુ. ૧ હજાર કોટી ૬૫૮૪૦૦૦ | ૭-૩૯-૧૮૭ |

આ પહેલાનાં તીર્થંકરોનો સમય વર્ષો ના બદલે પલ્યોપમ, સાગરોપમ, વગેરે ઘટકમાં આપવામા આવે છે તેથી અત્રે આપ્યા નથી. ઉદા. ભગવાન વૃષભદેવના નિર્વાણ પછી "બેંતાલીશ હજાર ત્રણ વરસ અને સાડા આઠ માસ ન્યૂન એવા એક કોડાકોડી સાગરોપમ પછી શ્રમણ ભગવાન્ મહાવીર પ્રભુ નિર્વાણ પામ્યા." એમ કલ્પસૂત્રમાં નોંધ છે (૭-૮૦-૨૨૮)



## શ્રમણ પુનર્જાગૃતિ :

આર્યો તરફથી હવે મગધના રાજયને તેમજ શ્રમણધર્મને પણ જોખમ હતુ. એ જોખમ શ્રમણધર્મની પુનર્જાગૃતિ માટે કારણ બન્યું. ભગવાન મહાવીરે શ્રમણધર્મની પુનર્જાગૃતિ કરી અને થોડા જ સમય બાદ ગૌતમ બુદ્ધે બુદ્ધધર્મની સ્થાપના કરી. મગધની ઉત્તરપશ્ચિમ દિશામાં આર્યોની જમાવટથી નિગંઠીઓને, રિખવીયોને, શ્રમણોને તાગ આવી ગયો કે સશસ્ત્ર આર્યો સાથે યુદ્ધ કરવું એ આપણને ન પાલવે અને એ સાચો માર્ગ પણ નથી. અહિંસા, તપ, નીતિમાં શ્રદ્ધા એ તેમને માટે પ્રેરણાબળ હતું. નિગંઠીઓને એ પણ ખ્યાલ આવી ગયો કે આર્યોના લડાયકદળમાં મુખ્યત્ત્વે ક્ષત્રિય જાતિના સૈનિકો છે. અને વૈદિકધર્મની વર્ણપ્રથામાં ક્ષત્રિયો ગૌણ સ્થાનથી નાખુશ છે. રાજકુળનાં ક્ષત્રિયો બળવાન અને શક્તિશાળી હોવા છતાં તેમનું સ્થાન બ્રાહ્મણો કરતાં ગૌણ ગણાતું હતું.

આ હકીકતને લક્ષ્ય બનાવીને શ્રમણોએ એક બાજુ શ્રમણ ધર્મની પુનર્જાગૃતિ માટે પ્રયાસ શરૂ કર્યા અને મોક્ષ તથા દિવ્યાનંદ તેમના ધર્મમાં પણ પ્રાપ્ત થઈ શકે છે એ વાત પર ભાર મૂકી શ્રમણ ધર્મની નૈતિક સર્વોપરિતા સ્થાપી. આ કામ ભગવાન મહાવીર અને ગૌતમ બુદ્ધ દ્વારા સંપન્ન થયું. બીજી બાજુ 'શ્રમણો' દરેક જીવનો આદર કરે છે અને 'શ્રમણ ધર્મમાં કોઇ ઉચ્ચ કે નીચ એવો જાતિનો ભેદભાવ નથી; સર્વ સમાન છે. કોઈ પણ વ્યક્તિ, પછી ભલેને તે ક્ષત્રિય હોય, શ્રમણ માર્ગને અનુસરી મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.' આવા એક પ્રભાવક સંદેશ દ્વારા તેમણે ક્ષત્રિયોના સમૂહને આર્યપંક્તિમાંથી છૂટા થવા માટે ઉત્તેજન આપ્યું. એમ જણાય છે કે બ્રાહ્મણોને પણ શ્રમણોના અહિંસા અને જીવસમાનતાના સિદ્ધાંતોથી નૈતિક ડર લાગવા માંડયો હતો. અત્યાર સુધી બ્રાહ્મણો માંસાહારી હતા. યજ્ઞમાં પશુબલિ ચડાવતા હતા પણ હવે અહિંસા અને શાકાહારને પોતાના ધર્મના ભાગરૂપે સ્વીકારીને બ્રાહ્મણોએ શ્રમણોની નૈતિક શ્રેષ્ઠતાના દાવાને નિષ્પ્રભ બનાવવાનો પ્રયત્ન કર્યો. જોકે અહિંસા વૈદિકધર્મનું મૂળતત્ત્વ ન હોવાથી હિંદુદેવોએ આયુધો ધારણ કરવાનું હજી પણ ચાલુ જ રાખ્યું અને યજ્ઞમાં પશુબલિને બ્રાહ્મણોનાં મૂક આશીર્વાદ મળતાં રહ્યાં. કેવળ હિંદુઓનાં વૈષ્ણવ સંપ્રદાયમાં શ્રમણ ધર્મના ઉત્તમ તત્ત્વો અને ઉપનિષદ તત્ત્વદર્શનનો સુંદર સમન્વય જોવા મળે છે.

૧૯

# ૧૯. જૈન ધર્મઃ ભગવાન મહાવીર પશ્ચાત્

આગલા પ્રકરણમાં આપણે જોયું કે તત્કાલીન પરિસ્થિતિએ શ્રમણ પરંપરાના પુનર્જીવનનાં કાર્ય માટે ઉત્તેજના નિર્માણ કરી. આર્યો તેમનાં આગમનના ૮૦૦ વર્ષ સુધીમાં સિંધુખીણમાં સારી રીતે સ્થાયી થઈ ગયા હતા. તેમણે નિસર્ગની આરાધનાનાં સ્તોત્રોના એક બૃહદ્ સંગ્રહની રચના કરી. તેમનો નૂતન વૈદિકધર્મ ધીરે ધીરે તત્ત્વજ્ઞાનમાં વિકાસ પામતો ગયો. જીવ, જીવનું સંક્રમણ, તપની સાધના દ્વારા આત્મશુદ્ધિ - રિખવદેવના આ વિચારોને ઉત્તરકાલીન બ્રહ્મ સાહિત્ય અર્થાત્ ઉપનિષદમાં સમાવી લેવામાં આવ્યા. વૈદિકધર્મે કડક વર્ણપ્રથા અને દેવોને પ્રસન્ન કરવા હિંસક યજ્ઞની પ્રથા (જેમાં માનવ બલિની[26] પણ આહુતિ આપવામાં આવતી હતી) શરૂ કરી. 'રિખવીયો' સિંધુખીણનો પ્રદેશ છોડી ગંગાતટે સપાટ ભૂમિમાં આવીને વસ્યા અને અહીં નાનાં નાનાં રાજ્યોમાં વ્યવસ્થિત ગોઠવાઈ ગયા હતા. પણ અહીં તેમણે બાંધેલા નગરો ઈ. સ. પૂર્વે ૭૦૦ સુધીમાં આર્યોએ નષ્ટ કરી નાખ્યાં. પૂર્વ ભારતમાં બિહાર હવે શ્રમણોનું આધ્યાત્મિક કેન્દ્ર બન્યું.

## શ્રમણ ધર્મની પ્રાથમિક નવરચના

'નક્કર પુરાવા' ખાસ ઉપલબ્ધ ન હોવાને કારણે શ્રમણ ધર્મમાં સુધારાના પ્રયાસો વિશે સામાજિક અને ઐતિહાસિક પૂર્વભૂમિકાનો સ્પષ્ટ ખ્યાલ આપવાનું કામ અત્યંત કપરું છે. પણ પૂર્વ ભારતમાં શ્રમણોની ભૂમિ તરફ આર્યોની આગેકૂચ શરૂ થવાથી શ્રમણોને તેમના ધર્મનું પુનરુત્થાન કરવાની તાકીદે ફરજ પડી. જૈન અનુશ્રુતિ અનુસાર પહેલાં તીર્થંકર રિખવદેવ દ્વારા પ્રસ્થાપિત શ્રમણધર્મ તપપ્રધાન ધર્મ હતો. આશરે ઈ. સ. પૂર્વે ૮૫૦ માં ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથે કઠોર તપ અને આત્મસંયમની સાધનાની

[26] આર્યોના પુરુષમેધ યજ્ઞમાં દ્રાવિડ જમાતના નાગ અને રાક્ષસ વંશના પુરૂષોનો બલિ આપવામાં આવતો હતો. ભગવાન પાર્શ્વનાથ નાગવંશના વેદોમાં, દા.ત.અથર્વવેદ ૬.૫૬ અને મહાભારતમાં પુરૂષમેધ યજ્ઞની નોંધ અનેકવાર જોવા મળે છે. સંદર્ભ: N.R. Guseva, *Jainism*, Institute of Ethnography, Academy of Sciences, Moscow, 1970: English translation by Y.S. Redkar, *Jainism*, Sindhu Publications, Bombay, 1971, pp. 28

પુનઃસ્થાપના કરી, તપસ્વીઓ માટે આચારસંહિતા ઘડી, અને સંઘની રચના કરી. તેમણે ચાર પાયાનાં વ્રતોનો નિર્દેશ કર્યો (જીવહિંસાથી દૂર રહેવું, સત્યવાદી રહેવું, પ્રામાણિક માર્ગે જેટલું મળે તેટલું જ ગ્રહણ કરવું અને સાંસારિક પદાર્થોમાંથી મમત્વ ઓછું કરવું). ઈ. સ. પૂર્વે ૭૦૦ ના પૂર્વાર્ધમાં આર્યોએ પૂર્વ ભારત તરફ આગેકૂચ શરૂ કરી ત્યાં સુધી શ્રમણ ધર્મના પુનરુત્થાનની કોઈ જરૂરિયાત જણાઈ નહોતી તેમજ તે માટે બૌદ્ધિક જુસ્સો પણ જાગ્યો નહોતો. આર્યોના નવા આક્રમણ વખતે શ્રમણ ધર્મની પુનર્રચના કરવાનાં કેટલાક પ્રયાસો થયા. તેમાંથી સાત પ્રયાસોની સૂક્ષ્મ નોંધ આપણને ઉપલબ્ધ બૌદ્ધ સાહિત્યમાંથી મળી રહે છે[27]. પૂર્વ ભારતમાં થયેલા આ સાત પ્રયાસો નીચે પ્રમાણે છે :

**કશ્યપઃ** સૌ પ્રથમ પ્રયાસ કશ્યપે કર્યો હતો. તેમણે ઉપદેશ આપ્યો કે જીવના સંક્રમણ પર સદાચાર કે દુરાચારની કોઈ અસર હોતી નથી. તમામ કર્મોનાં ફળ મળતાં જ રહે છે. કર્મસિદ્ધાંતની કઠોરતામાં તેમની શ્રદ્ધા એટલી દૃઢ હતી કે જો કોઈ એમ કહે કે કર્મફળમાંથી છૂટકારો મેળવવા માટે મનુષ્ય પાસે ક્ષમતા છે તો તે પર તેઓ તરત વિરોધ ઊઠાવતા.

**મિખ્ખાલિ ગોસલઃ** બીજા સુધારક ગોસલ 'આજીવિક' સંપ્રદાયના સ્થાપક હતા. તેમણે કશ્યપ પ્રબોધિત કર્મસિદ્ધાંતનો જ ઉપદેશ આપ્યો. જીવના સંક્રમણની કડક વ્યવસ્થાનું નિયમન કરનાર કર્મના સિદ્ધાંત માટે તેમણે નિયતિ શબ્દ શોધી કાઢ્યો. તેમનો અભિગમ સંપૂર્ણપણે પ્રારબ્ધવાદી હતો. તેમના મતે આત્માના ભાવિનું નિયમન સંપૂર્ણપણે કર્મના કડક સિદ્ધાંત પ્રમાણે જ થાય છે અને તેમાં કોઈ પણ વ્યક્તિ કાંઈ પણ કરી શકવા સમર્થ નથી.

**અજિત કેશકમ્બલઃ** બૌદ્ધ સાહિત્યમાં દર્શાવેલ ત્રીજું સુધારાવાદી દર્શન અજિતનું છે. તેઓ સંપૂર્ણ ભૌતિકવાદી હતા અને ઈશ્વરની ગૂઢ શક્તિમાં માનતા નહોતા. તેમના મતે દરેક જીવંત વ્યક્તિનું નિર્માણ ચાર તત્ત્વોમાંથી થાય છે. અંતે પૃથ્વી તત્ત્વ પૃથ્વીમાં, જળ જળમાં, તેજ તેજમાં અને વાયુ વાયુમાં વિલીન થઈ જાય છે. પછી ન આત્મા, ન આત્માનું સંક્રમણ! જીવનમાં મોજમજા કરો, કારણકે મૃત્યુ પછી જીવન નથી. આધુનિક વિજ્ઞાન જેવો તેમનો આ સંપૂર્ણ ભૌતિકવાદી અભિગમ જીવનના ઉતારચડાવ તેમજ અસમાનતા અને અન્યાયને સારી રીતે સમજાવી શક્યો નહિ. તેથી તેમના સમકાલીન બુદ્ધિજીવીઓએ તેનું તત્કાળ ખંડન કર્યું.

**પકુધ કચ્ચાયનઃ** ચોથા સુધારાવાદી હતા આ પકુધ કચ્ચાયન. તેમના વિચારોમાંથી હિંદુ વૈશેષિક દર્શનનો ઉદય થયો હતો. વૈશેષિક દર્શનના મતે જીવન, પૃથ્વી, જળ, તેજ, વાયુ, સુખ અને દુઃખ એ સાત મૂળભૂત વિશ્વવ્યાપી તત્ત્વો છે. આ તત્ત્વોને નિર્માણ કે નિયંત્રણ, ઉત્પત્તિ કે રચના, ઉદ'ભવ કે નાશ કાંઈ નથી. એક તત્ત્વનો અન્ય તત્ત્વના મૂળભૂત ગુણો પર કોઈ પ્રભાવ નથી.

[27] *Digha Nikaya*, 1.47 ff.

**સંજય બેલાથીપુત્ત:** તેઓ પાંચમા સુધારાવાદી હતા. 'પૂર્ણ સત્ય અગ્રાહ્ય છે' અર્થાત્ પૂર્ણ સત્યનું જ્ઞાન પ્રાપ્ત કરવા મનુષ્ય અસમર્થ છે તેથી ઈશ્વરના અસ્તિત્ત્વ કે અનસ્તિત્ત્વથી લઈને અન્ય જ્ઞાત તત્ત્વ વિશેનો કોઈ પણ સિદ્ધાંત એ કેવળ સિદ્ધાંત જ છે એમ તેઓ માનતા હતા. તેઓ કહેતાં કે 'ઈશ્વરના અસ્તિત્ત્વ કે અન્ય કોઈ જ્ઞાત તત્ત્વ વિશે આપણે મૌન સેવીએ; કોઈ ચર્ચા ન કરીએ.'

**વર્ધમાન મહાવીર:** વર્ધમાન મહાવીર છઠ્ઠા સુધારક હતા. બૌદ્ધ સાહિત્યમાં તેમનો નિગ્ગંઠ નાતપુત્ત તરીકે ઉલ્લેખ કર્યો છે. ઈશ્વરના અસ્તિત્વનો ઈન્કાર, જીવ-કર્મના બંધનના નવતત્ત્વ અને અનેકાંતવાદ એ તેમની મુખ્ય વિશેષતા હતી. સમકાલીન સુધારાવાદીઓના યુક્તિવાદનું યોગ્ય પરીક્ષણ કરી તેમાંથી તર્કબદ્ધ અને બુદ્ધિગમ્ય સારા તત્ત્વોને તેમણે શ્રમણ તત્ત્વદર્શનની સુધારક આવૃત્તિમાં સમાવી લીધાં. તેથી ભગવાન મહાવીરના ઉપદેશ અને ઉપર્યુક્ત પાંચ સુધારાવાદીઓના ઉપદેશમાં સમાન તત્ત્વો જોવાં મળે છે. મહાવીર ભગવાને કરેલા સુધારા જૈનદર્શનરૂપે અદ્યાપિ જીવંત છે.

**ગૌતમ બુદ્ધ:** ભગવાન મહાવીરના ૬૦ વર્ષ બાદ શ્રમણ ધર્મના અંતિમ સુધારાવાદી હતા ગૌતમ બુદ્ધ! અન્ય સુધારાવાદીઓની જેમ તેમણે પણ ઈશ્વરના અસ્તિત્વનો ઈન્કાર કર્યો. મોક્ષની ખોજ માટે તેમણે ઉગ્ર તપશ્ચર્યા કરી પણ આખરે તપનો માર્ગ એ અતિ કઠોર માર્ગ છે એ વાત રજૂ કરીને તેમણે તપનો ત્યાગ કર્યો અને મધ્યમ માર્ગ અપનાવ્યો. તેમણે આત્માના અસ્તિત્વનો પણ ઈન્કાર કર્યો.

આ સિવાય અન્ય પણ કેટલાંક સુધારાના પ્રયાસો થયા હતા પણ એ બધામાં કેવળ જૈનદર્શન અને બુદ્ધદર્શન આજ સુધી ટકી રહ્યા છે. ભગવાન મહાવીરે શ્રમણ પરંપરાના મૂળ સાથે નિષ્ઠાપૂર્વક પોતાના સંબંધોને જાળવી રાખ્યા. તેથી તેઓ શ્રમણ પરંપરાના ૨૪ માં તીર્થંકર અને 'ધર્મસુધારક' કહેવાયા, જ્યારે બુદ્ધ ભગવાન શ્રમણ પરંપરાના મૂળથી અલગ થઈ ગયા અને એક નૂતન ધર્મના 'સ્થાપક' બન્યા.

## ભગવાન મહાવીર

ઈ.સ. પૂર્વે ૫૯૯માં શ્રમણધર્મના મુખ્ય કેન્દ્રસ્થાન બિહારના કુંડળગ્રામે પિતા સિદ્ધાર્થ અને માતા ત્રિશલાના ઉચ્ચ રાજવી પરિવારમાં ભગવાન મહાવીરનો જન્મ થયો. માતાપિતા શ્રમણધર્મનું પાલન કરતાં હતાં. તેમણે પુત્રનું નામ વર્ધમાન પાડયું. કુંવર વર્ધમાને ત્રીસ વર્ષની ઉંમરે રાજપાટનો ત્યાગ કર્યો અને નજીકના જંગલમાં મોક્ષની ખોજમાં કઠોર તપ કરવા ચાલી નીકળ્યા. બાર વર્ષ દીર્ઘ તપશ્ચર્યા અને યોગસાધના કર્યા બાદ ૪૨મે વર્ષે મન પર સંપૂર્ણ સંયમ કેળવી મોહનીય અને ઘાતી કર્મો દૂર કરવામાં સફળ થવાથી તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. કેવળજ્ઞાની વર્ધમાને પોતાના આધ્યાત્મિક અનુભવની વાત લોકો સમક્ષ રજૂ કરી. પોતાના મનને સંપૂર્ણ કાબૂમાં લાવવું એ સર્વ વિજયોમાં સૌથી કઠીન વિજય છે.

શ્રમણ વર્ધમાન તેમાં વિજયી થયા તેથી શ્રમણસંઘે તેમને મહાવીરનું બિરુદ આપ્યું. ભગવાન મહાવીર જિન (અપૂર્વ સિદ્ધિના વિજેતા) નામથી પણ પ્રસિદ્ધ થયા. જિન શબ્દ પરથી મહાવીરના અનુયાયીઓ જૈન તરીકે ઓળખાવા લાગ્યા.

તેવીસમાં તીર્થંકર ભગવાન પાર્શ્વનાથે સાધુઓ માટે આચારસંહિતા ઘડી હતી. મહાવીર ભગવાને તેમાં કેટલાક સુધારા કર્યા. પુરોગામીએ દર્શાવેલ ચાર વ્રતમાં ભગવાન મહાવીરે બ્રહ્મચર્ય વ્રતનો ઉમેરો કર્યો. ઈ. સ. પૂર્વે ૫૨૭ સુધી* એટલે કે જીવનના અંત સુધી તેમણે લોકોને આત્મશુદ્ધિના જૈનમાર્ગનો ઉપદેશ આપ્યો. તેમના જીવનકાળ દરમિયાન પૂર્વીય રાજ્યોમાં તેમના ધર્મોપદેશનો બહોળો પ્રચાર થયો, અને ગંગાતટના પૂર્વીય રાજ્યોના અનેક રાજાઓએ જૈનધર્મને રાજ્યાશ્રય આપ્યો. ભગવાનના અગિયાર મુખ્ય શિષ્ય (ગણધર) હતા. તેમણે ભગવાન મહાવીરના ઉપદેશનું સુંદર પ્રચારકાર્ય કર્યું. મહાવીર ભગવાનના કુલ ૫૨૭,૦૦૦ અનુયાયીઓ હતા - ૧૫૯,૦૦૦ શ્રાવકો, ૩૧૮,૦૦૦ શ્રાવિકાઓ, આચાર્ય ઈન્દ્રભૂતિ ગૌતમના નેતૃત્ત્વ હેઠળ ૧૪,૦૦૦ સાધુઓ અને આચાર્યા ચંદનબાળાના નેતૃત્ત્વ હેઠળ ૩૬,૦૦૦ સાધ્વી શિષ્યાઓ હતી. મહાવીર ભગવાન પ્રબોધિત માર્ગનું અનુશીલન કરી સંઘના કેટલાય લોકોએ આધ્યાત્મિક માર્ગે બહુ પ્રગતિ કરી હતી. કલ્પસૂત્રમાં નોંધ છે કે ૩૧૪ શિષ્યોએ ભાષા પર સંપૂર્ણ પ્રભુત્વ પ્રાપ્ત કર્યું હતું. ૧૩૦૦ એ અવધિજ્ઞાન, ૭૦૦ એ કેવળજ્ઞાન, ૭૦૦ એ દેવલોક જેવી શાંતિ અને આનંદ, ૫૦૦ એ મનઃપર્યાય જ્ઞાન તેમજ ૭૦૦ સાધુ અને ૧૪૦૦ સાધ્વીઓએ મોક્ષની પ્રાપ્તિ કરી હતી[28].

## જૈનધર્મની પ્રાચીનતા અંગેના વિવાદ

ભગવાન મહાવીરનો ચતુર્વિધ વિભાગીય જૈનસંઘ આજે ભારતના ધાર્મિક ઈતિહાસમાં એક પ્રભાવક પરિબળ તરીકે પ્રસ્થાપિત થઈ ગયો છે. એ માટે મહાવીરની આયોજનશક્તિને શ્રદ્ધાંજલિ આપવી રહી! ભગવાન મહાવીરની આ સિદ્ધિઓને કેન્દ્રમાં રાખી ચાલો અનેકાંતવાદની સાચી ભાવનાથી જૈનધર્મની પ્રાચીનતા અંગેના વિવાદના મુખ્ય દાવાઓનું પરીક્ષણ કરીએ. હિંદુઓનો દાવો છે કે જૈનધર્મની શરૂઆત મહાવીરે કરી હતી. તેમના દૃષ્ટિબિંદુ પ્રમાણે તેમનો દાવો સાચો છે. જૈન શબ્દ ભગવાન મહાવીરના બોધિજ્ઞાન પછી શોધાયો હતો એ વાત તદ્દન સ્પષ્ટ છે. તેથી જૈનધર્મ મહાવીર કરતાં પ્રાચીન કેવી રીતે હોઈ શકે? પરંતુ જૈન દૃષ્ટિબિંદુથી જોઈએ તો જૈન શબ્દ કરતાં જૈનધર્મ સાથે સંકળાયેલ મૂળભૂત ફિલસૂફી કે તત્ત્વદર્શનનું મહત્ત્વ વિશેષ છે. એ દૃષ્ટિએ ભગવાન મહાવીરે તો શ્રમણ તત્ત્વદર્શનમાં અર્થાત્ આત્મશુદ્ધિની ફિલસૂફીમાં કેવળ કેટલાક સુધારા કરવાનું કામ કર્યું હતું. શ્રમણ

* ભગવાન મહાવીર ઇ.સ.પૂ. ૫૨૭ માં નિર્વાણ પામ્યા તેથી જૈનોનું પંચાંગ તે વર્ષથી શરૂ થાય છે. તેને **વીર સંવત** કહેવાય છે. ઇ.સ. પૂર્વ ૫૨૭ એટલે વીર સંવત ૦૦૦. ઇ.સ.નું વીર સંવતમાં રૂપાંતર કરવું હોય તો તેમાં ૫૨૭ ઉમેરવા. દા.ત. ઇ.સ. ૨૦૦૫ એટલે વીર સંવત ૨૫૩૨ (૨૦૦૫ + ૫૨૭ = ૨૫૩૨)

[28] કલ્પસૂત્ર, ૧૩૩, ૧૩૫, ૧૩૮ - ૧૪૪

ફિલસૂફી તો પાર્શ્વનાથ સુધી નહિ પણ તેથીયે આગળ ભગવાન રિખવદેવ પાસે અટકે છે. આ દષ્ટિએ જૈનોનો દાવો પણ એટલો જ સાચો છે. તે છતાં થોડા સમય પૂરતું આપણે જૈનોના દાવાને કેવળ તેમની શ્રદ્ધાના વિષય તરીકે સ્વીકારીએ.

## જૈનધર્મનો પ્રસાર

ભગવાન મહાવીરના નિર્વાણ પછી અગિયાર ગણધરો પૈકી ઈન્દ્રભૂતિ ગૌતમ અને સુધર્મા એ બે જ ગણધરો જીવિત હતા. ઈન્દ્રભૂતિને ભગવાન મહાવીરના કાળધર્મ પછી તરત જ જ્યારે સુધર્માને બાર વર્ષ પછી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. બંને ગણધરોએ ભગવાન મહાવીરના સંદેશનો જીવનના અંત સુધી પ્રચાર કર્યો. ઈન્દ્રભૂતિ ૯૨મે વર્ષે અને સુધર્મા ૧૦૦ મે વર્ષે કાળધર્મ પામ્યા. સુધર્માના શિષ્ય જંબુસ્વામી જૈનસૂત્રના જ્ઞાનમાં નિપુણ હતા. તેમણે પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. જંબુસ્વામી અંતિમ અરહંત કેવળી ગણાય છે. ત્યાર પછી અનુગામી સાધુઓની ચાર પેઢીના હાથમાં જૈનસૂત્રો ઉત્તરોત્તર સોંપવામાં આવ્યાં તેમાં મહાવીરના કાળધર્મના ૧૧૬ વર્ષ પછી આખરી શ્રુતકેવળી ભદ્રબાહુ-૧ હતા.

પ્રાચીન ભારતમાં ધર્મનો પ્રચાર મુખ્યત્વે રાજ્યાશ્રય પર નિર્ભર હતો. ઉત્તર ભારતના મુખ્ય સોળ રાજ્યો (મહાજનપદ)માંથી ઈશાન રાજ્યોના લોકો અવૈદિક શ્રમણધર્મ પાળતા હતા તેમજ ચાર રાજ્યો (કાશી, મગધ, વિજ્જી, મલ્લા)ના રાજપરિવારો પાર્શ્વનાથના ભક્તો હતા. ભગવાન મહાવીર મૂળે વિજ્જી રાજ્યના હતા. તેથી એ ચારે રાજ્યના લોકોએ મહાવીર ભગવાનનું શિષ્યપદ તત્કાળ સ્વીકાર્યું હતું. અન્ય શ્રમણ રાજ્યોમાં ભગવાન મહાવીર કદાચ એટલા સફળ રહ્યા નહિ હોય, કારણકે અન્ય પ્રતિસ્પર્ધી શ્રમણો - આજીવિકો અને બૌદ્ધો - ની તે રાજ્યોમાં સમાંતર પ્રચારપ્રવૃત્તિ ચાલતી હતી.

ઈ. સ. પૂર્વે ૧૫૦૦ માં આર્યોનું સિંધુખીણમાં આગમન થયું ત્યારે શ્રમણોએ ત્યાંથી સ્થળાંતર કર્યું હતું. તે જ પ્રમાણે ઈ. સ. પૂર્વે ૧૫૦ (વીર સં.૩૭૭)માં શ્રમણોને ફરીથી સ્થળાંતર શરૂ કરવું પડયું. આ સમયે પૂર્વીય શ્રમણ રાજ્યો પર શુંગ વંશના હિંદુરાજાઓનો વિજય થયો હતો. એ પ્રદેશોમાં હવે જૈનો માટે જીવવું દુઃષ્કર બનતું જતું હતું. કેટલાક જૈનો દરિયાકિનારે થઇને દક્ષિણપૂર્વ તરફ ગયા તો કેટલાક વેપારમાર્ગે ગંગાનદીની ઉત્તરપશ્ચિમે ગયા. જે સંઘ દક્ષિણભૂમિ તરફ ગયો ત્યાં તેમને સારો આવકાર મળ્યો. સંભવ છે કે તે સમયમાં દક્ષિણ ભારતના દ્રવિડ લોકો પણ શ્રમણ ધર્મનું પાલન કરતા હતા. રાજ્યાશ્રયને કારણે જૈનસંઘનો દક્ષિણમાં સારો વિકાસ થયો. હાલના આંધ્ર, તામીલનાડુ, કર્ણાટક અને મહારાષ્ટ્ર રાજ્યોમાં તેમણે વર્ચસ્વ જમાવ્યું.

## જૈન ધર્મનું વિભાજન

અનેક સદીઓ પછી ભગવાન મહાવીરના પ્રયાસોને તેમના જ બે શિષ્યો તરફથી સૌથી ગંભીર ફટકો પડયો. ઉત્તરપૂર્વીય ભારતમાં અને ખાસ કરીને મગધ પ્રાંત પર જૈનોની મજબૂત પકડ હતી. ઈ.સ. પૂર્વ ૩૬૦ (વીર સ.૧૬૭)માં ત્યાં ભયંકર દુષ્કાળ અને ભૂખમરાની પરિસ્થિતિ સર્જાઈ. તેથી આચાર્ય ભદ્રબાહુના નેતૃત્ત્વ હેઠળ જૈન સાધુસંઘે દક્ષિણમાં હાલના કર્ણાટકમાં સ્થળાંતર કરવાનું નક્કી કર્યું. આચાર્ય સ્થુલિભદ્રના નેતૃત્વ હેઠળનો સાધુસંઘ પાટલીપુત્ર (પટણા શહેર)માં જ રહ્યો. નવા પ્રદેશોમાં સાધુઓએ મૌખિક જૈનસૂત્રોમાં તેમજ ધાર્મિક વિધિવિધાન અને આચારોમાં નવી પ્રાદેશિક પરિસ્થિતિ અનુસાર કેટલાક સુધારા કર્યા. આ હકીકતથી ચેતીને આચાર્ય સ્થુલિભદ્રે ઈ.સ. પૂર્વે ૩૨૭ (વીર સં.૨૦૦)માં પાટલીપુત્ર ખાતે 'જૈન સાધુઓની એક સભા' બોલાવી. આ સભામાં હાજર રહેવા માટે તેમણે આચાર્ય ભદ્રબાહુના પટ્ટશિષ્ય બલભદ્રને નિમંત્રણ પાઠવ્યું પણ તેઓ કારણવશાત્ સભામાં હાજર રહી શક્યા નહિ* અને સભામા સંકલિત ધર્મસૂત્રોને સ્વીકારવાની તેમણે ના પાડી. તેથી સાધુસંઘમાં ગંભીર મતભેદો પડયા. અમુકે સ્થુલિભદ્ર સંકલિત ધર્મસૂત્રોનો સ્વીકાર કર્યો, જ્યારે કેટલાકે એ સૂત્રોની પ્રમાણભૂતતાનું ખંડન કર્યું. દરેક પક્ષનો દાવો હતો કે સામો પક્ષ ભગવાન મહાવીરની મૂળ વાણીનું ઉલ્લંઘન કરીને અલગ પડી ગયો છે.

આ હતી જૈનસંઘમાં વિભાજનની શરૂઆત. પહેલી સદી સુધીમાં તો જૈનસંઘોના સ્થળાંતરથી અને સાધુસાધ્વીઓના ભારતના વિવિધ ભાગોમાં ફેલાઈ જવાથી બંને જૂથો વચ્ચે મતભેદ વધી ગયા. મુખ્યત્વે વિધિવિધાનની બાબતમાં જ મતભેદ પડયા હોય એવું જણાય છે. ઈ.સ.૮૨ (વીર સં.૬૦૯)માં શિવકોટિએ દિગંબર સાધુઓના અલગ પંથની સ્થાપના કરી. ત્યાર પછી બે જૂથો વચ્ચે તીરાડ વધતી ગઈ.[29] પણ ગુજરાતના રાજા લોકપાલે જયારે ફરમાન બહાર પાડયું કે તેમનાં રાજયમાં તમામ સાધુઓએ સંપૂર્ણપણે વસ્ત્રપરિધાન કરવું ફરજયાત છે ત્યારે આ ફરમાનના પગલે બંને પંથોના અલગ ચોકા શરૂ થયા. જે લોકો રાજાના આ ફરમાનનો સ્વીકાર કરવા તૈયાર નહોતા તેમણે દક્ષિણ તરફ ગયેલ જૂથ સાથે ભળી જવા માટે પશ્ચિમ કિનારેથી દક્ષિણ તરફ પ્રયાણ કર્યું. શ્વેતવસ્ત્રધારી સાધુઓ ગુજરાતમાં જ રહ્યા. આમ જૈનધર્મ દિગંબર (આકાશ જેનું વસ્ત્ર છે) અને શ્વેતાંબર (શ્વેતવસ્ત્રધારી સાધુઓ) એમ બે વિભાગમાં વિભાજિત થઈ ગયો.

આગળ જતાં સૂક્ષ્મ મતભેદોને કારણે એકબીજાથી જુદાં પડીને સ્વતંત્ર પેટા વિભાગોમાં વિભાજનની પ્રક્રિયા આ બંને પંથમાં ચાલુ રહી. અલબત્ત દિગંબર અને શ્વેતાંબર વચ્ચે બહુ મોટો તાત્ત્વિક મતભેદ નથી. તટસ્થ અને સ્વતંત્ર બુદ્ધિની કોઈ પણ વ્યક્તિ સહેજે એક નિષ્કર્ષ પર આવી શકે કે આટલા લાંબા

* એમ પણ કહેવામાં આવે છે કે આગમ નિપુણ આચાર્ય ભદ્રબાહુ નેપાળમાં હતાં અને તેમના પાસેથી આગમો શીખવા માટે પાટલીપુત્રથી સ્થુલિભદ્રને નેપાળ મોકલવામાં આવ્યા હતા. પણ અભ્યાસ પૂર્ણ થતાં પહેલાજ સ્થુલિભદ્રને પાછું આવવું પડયું. તે પછી પાટલીપુત્ર ખાતે 'જૈન સાધુઓની બોલાવેલ સભામાં' આચાર્ય ભદ્રબાહુના પટ્ટશિષ્ય બલભદ્ર હાજરી આપી શકયા નહી.

[29] Schubring, Walther. The Doctrine of the Jainas, tr. From German by Wolfgang Buerlen, Motilal Banarasidas, Delhi, 1962, § 26, 27

સમયથી અલગ પડી ગયેલા આ બે પંથો વચ્ચે મતભેદો તદ્દન ગૌણ અને નગણ્ય છે. આ હકીકત સાધુઓના મિથ્યાભિમાન અને શ્રાવક શિષ્યોના અજ્ઞાન તરફ અંગુલિનિર્દેશ કરે છે. બીજી બાજુ એવું પણ તારણ કાઢી શકાય કે આ વિભાજન અનેકાંતવાદના વ્યવહારુ અમલનો નિર્દેશ કરે છે અર્થાત્ ભગવાન મહાવીરના માર્ગ અંગે વિવિધ અર્થઘટનોને પ્રોત્સાહન આપે છે, તેમનો આદર કરે છે અને બંને પંથો તેમને પ્રામાણિકપણે અનુસરે છે.

આ બે વચ્ચે મતભેદનો કેન્દ્રવર્તી મુદ્દો અપરિગ્રહવ્રતનો છે. દિગંબર પંથમાં નગ્નાવસ્થા એ સાધુઓના અપરિગ્રહવ્રતનું પ્રતીક છે. તેમના મતે અપરિગ્રહીને 'કોઈ જ વસ્તુ રાખવી નહિ; વસ્ત્ર પણ નહિ ! નગ્નાવસ્થા સાધુને શરમ અને કામુકતા બંનેમાંથી સાચી રીતે મુક્ત કરી શકે છે'. તેઓ આગળ જણાવે છે કે 'સંપૂર્ણ નગ્નતા એટલે સંપૂર્ણ અનાસક્તિ.' આવી અનાસક્તિ મોક્ષ માટે અત્યંત આવશ્યક છે. શ્વેતાંબર પંથમાં શરીરને ઢાંકવા માટે બે સાદાં, સીવ્યા વગરનાં સળંગ શ્વેત વસ્ત્ર ધારણ કરવાની સાધુસાધ્વીઓને છૂટ આપવામાં આવી છે અને તેને તેઓ પરિગ્રહ ગણતા નથી. તેમની દલીલ છે કે જેમ દિગંબર સાધુઓ રજોહરણ (મોરપીંછની સાવરણી) અને પાણી માટે તુંબડી રાખે છે અને તેને પરિગ્રહ ગણતાં નથી. એ જ રીતે વસ્ત્ર ધારણ કરવા તેને પણ પરિગ્રહ ન ગણવા જોઈએ. ૧૭ મી સદીના આચાર્ય યશોવિજયજી આ અંગે સ્પષ્ટતા કરતાં કહે છે કે આસક્તિ એ તો મનોભાવ છે. શરીરને ઢાંકવા માટે સાદાં વસ્ત્ર રાખે કે મોરપીંછની સાવરણી સાથે રાખે તેથી સાધુ તેમાં આસક્તિથી બંધાયેલા છે એમ કહેવું ઉચિત નથી[30].

અપરિગ્રહના અર્થઘટનની ભિન્નતાને કારણે બંને પંથોમાં સ્ત્રીના દરજ્જા બાબતે પણ મતભેદ જોવા મળે છે. દિગંબરો જણાવે છે કે જાહેરમાં નગ્ન ફરવું એ સ્ત્રીઓ માટે શક્ય નથી. તેથી સ્ત્રીઓ અપરિગ્રહવ્રતનું સંપૂર્ણપણે પાલન કરી શકે નહિ અને તેથી મોક્ષ પામી શકે નહિ. સ્ત્રીઓ વિશે આવા અભિગમનો વિકાસ પછીથી થયો હોવો જોઈએ, કારણકે ત્રીજી અને ચોથી સદીના મહત્ત્વપૂર્ણ દિગંબર ગ્રંથોમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે સ્ત્રી અને પુરુષ બંને મોક્ષ પ્રાપ્ત કરી શકે છે[31]. શ્વેતાંબર પંથ કહે છે કે આધ્યાત્મિક સિદ્ધિ મેળવવા માટે સ્ત્રી અને પુરુષ બંનેમાં સમાનભાવે સામર્થ્ય રહેલું છે. તેના સમર્થનમાં તેઓ ૧૯માં સ્ત્રી તીર્થંકર મલ્લીનો નિર્દેશ કરે છે.

અપરિગ્રહ વિશે ભિન્ન અર્થઘટનનો બીજો એક પુરાવો આપણને જૈનમંદિરોમાં સ્પષ્ટપણે જોવા મળે છે. તીર્થંકરોની દિગંબર મૂર્તિઓને કોઈ પણ જાતના શણગાર કરવામાં આવતાં નથી. આ ધ્યાનસ્થ મૂર્તિઓનું રૂપ તપસ્વી જેવું હોય છે, જ્યારે શ્વેતાંબરો મૂર્તિઓને રાજાશાહી શણગાર કરે છે. ઘણીવાર મૂર્તિઓને રાજમુકુટ પણ ધારણ કરાવે છે.

---

[30] મુનિ યશોવિજયજી, ધર્મસંગ્રહ ટીકા, સતરમી સદીનું લખાણ.

[31] See (1) Schubring, W., *Kleine Schrifen*, Wiesbaden, 1977, pp. 344-61
(2) Malvania, Dalsukh, *Jainism: Some Essays*, Jaipur, 1986, pp 8

અપરિગ્રહ વિષયની ચર્ચા તો છેક કેવળી જિનના સ્વરૂપ સુધી વિસ્તરી છે. જૈન કર્મસિદ્ધાંત પ્રમાણે જ્યારે જીવ તમામ કષાયમાંથી મુક્ત થઈ જાય છે ત્યારે તેનાં તમામ ઘાતી કર્મો ખરી પડે છે અને તે કેવળી સ્થિતિને પ્રાપ્ત કરે છે. મોટા ભાગે તેનાં અઘાતી કર્મો પણ તત્કાળ દૂર થઈ જાય છે અને જીવ સિદ્ધલોકે પહોંચે છે. તીર્થંકરોનો જીવ માત્ર કેવળી સ્થિતિને પ્રાપ્ત કર્યા પછી પણ તેમના તીર્થંકર નામ કર્મોના (અઘાતી કર્મ) પ્રભાવે તત્કાલિક સિદ્ધલોક જતો નથી. તેથી કેવળી સ્થિતિમાં તીર્થંકરો સદેહે વિચરે છે અને આપણને ધર્મલાભ આપે છે. દિગંબરોના મતે કેવળી સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી કેવળી અર્હતો ખાવું, પીવું, બોલવું વગેરે કોઈ પણ જાતની શારીરિક ક્રિયામાં પ્રવૃત્ત થતા નથી. દેહદશાનું ભાન ભૂલી અનાસક્તભાવે તેઓ સદા ધ્યાનમાં જ મગ્ન રહે છે. તેમના જીવમાંથી જે દિવ્ય નાદ નીકળે છે તેનો સંદેશ સર્વ જીવો સુધી પહોંચાડે છે. આવા કોઈ દિવ્ય નાદનો શ્વેતાંબરોએ ઈન્કાર કર્યો છે. તેઓ જણાવે છે કે તમામ ચોવીસ તીર્થંકરો કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પણ ખાવાપીવા, બોલવા ચાલવાની ક્રિયા અને ધર્મોપદેશ પણ આપતા હતા. કષાય રહિત અને કેવળી હોવાને નાતે તેમના જીવની અનંત શક્તિ ઘાતી કર્મોને તેમના જીવને ફરી સ્પર્શ કરતા રોકે છે.

અપરિગ્રહ સિદ્ધાંત વિશે બંને પંથો પોતપોતાના અલગ મંતવ્યનો અતિશય આગ્રહ રાખે ત્યારે ભિન્ન મતો વચ્ચે સમન્વયની અપેક્ષા રાખતા અનેકાંતવાદના ઉમદા સિદ્ધાંત આ બંને પંથો નજરઅંદાજ કરતા હોય એવું જરૂર લાગે. જૈન સિદ્ધાંતો બાબતે બંને પંથોમાં ખાસ કોઈ મતભેદ નથી. પણ મતાગ્રહીઓ એકબીજાનાં શાસ્ત્રોની પ્રમાણભૂતતાનું ખંડન કર્યા કરે છે. ગૃહત્યાગ કર્યા પૂર્વે મહાવીરના લગ્ન થયાં હતાં કે નહિ એવી ક્ષુલ્લક બાબતોમાં પણ તેઓ વાદે ચડે છે. જોકે, આવી ચર્ચાનો પ્રભાવ સામાન્ય જનતા પર પડવો જોઈએ નહિ. પરંતુ ઘણીવાર શ્રાવકો તેમના સાધુઓની અસર નીચે આવી જતા હોય છે. એકંદરે આવા મતભેદો હોવા છતાં બંને પંથો વચ્ચે વિવેક અને સહકારપૂર્ણ સંબંધો રહ્યા છે. ભારતમાં કેટલાક જૈનસંઘમાં યાત્રાધામો, દેરાસરો અને ઉપાશ્રયોની માલિકી અંગે વિવાદ વધુ પડતો ચગાવવામાં આવ્યો છે. પણ એ બંને પંથો વચ્ચે કોઈ દુશ્મનાવટ છે એ દૃષ્ટિથી આ વિવાદને ન જોવો જોઈએ. ભારત દેશની બહાર જૈનોની સંખ્યા ધીરે ધીરે વધતી જાય છે અને તે પણ રૂઢીવાદી તપસ્વી સાધુઓ સાથે ખાસ કોઈ સંપર્ક ન હોવા છતાં! પરદેશમાં વસતાં જૈનોને આવી સાંપ્રદાયિક દીવાલો રાખવામાં ખાસ કોઈ અર્થ દેખાતો નથી. પરંતુ તેઓ આ દીવાલને તોડવાનું કામ કરી શકશે કે કેમ એ વિશે હાલ આગાહી કરવી તે સહેજ વહેલું ગણાશે.

## દિગંબરપંથનો વિકાસ

શ્વેતાંબર-દિગંબર વિભાજન પછી તેમના પેટા વિભાગોમાં વિભાજનની પ્રક્રિયા દક્ષિણમાં દિગંબરપંથમાં અને ઉત્તરપશ્ચિમ ભારતમાં શ્વેતાંબરપંથમાં ચાલુ જ રહી. ભગવાન મહાવીરના સમયસુધીની તેમની લાંબી દીર્ઘ પરંપરા હોવાનો દાવો કરીને બંને પંથના સાધુઓ કહે છે કે કેવળ તેમના જ પંથનું મૂળ સંઘ સાથે જોડાણ છે અને તેમનો જ પંથ પ્રમાણભૂત છે. મૂળ સંઘ એટલે ભગવાન મહાવીર પ્રસ્થાપિત

મુક્તિના સાચા માર્ગનો મૂલાધાર. જે લોકો મૂળ સંઘના સભ્યો નહોતા તેમને તેઓ મિથ્યા જૈન તરીકે જોતા[32]. દા. ત. દેવસેન રચિત દસમી સદીના એક દિગંબર ગ્રંથમાં બૌદ્ધો (પાર્શ્વના અનુયાયી તરીકે વર્ણવ્યા છે), શ્વેતાંબરો અને યપનિયોને (દિગંબર અને શ્વેતાંબર વચ્ચેના મતભેદનો સમન્વય કરવાના પ્રયાસ કરનાર જૈન સંપ્રદાયો) "સાંપ્રદાયિક દુર્જનો" કહ્યા છે.[33] બીજી સદીમાં રામસેન દ્વારા સ્થાપિત મથુરા પંથ, પાંચમી સદીમાં વ્રજનંદિન દ્વારા સ્થાપિત દ્રવિડ પંથ અને સાતમી સદીમાં કુમારસેન દ્વારા સ્થાપિત કાષ્ઠ પંથ - આ તમામ દિગંબરના પેટા પંથોની પણ તેમણે કડક આલોચના કરી છે. તેમના પ્રકોપનું એક જ મુખ્ય કારણ હતું કે આ પેટા પંથના સાધુઓ તેમની સાથે રજોહરણ રાખતા નહોતા. દેવસેન આગ્રહપૂર્વક કહેતા કે મૂળ દિગંબર સાધુઓએ પોતાની સાથે રજોહરણ રાખવું અનિવાર્ય છે.

### *ભટ્ટારક*

આગળ આપણે જોયું કે રાજ્યાશ્રયને કારણે જૈનધર્મ દક્ષિણ ભારતમાં ખૂબ ફૂલ્યોફાલ્યો. જૈનસાધુઓની રાજા પર પુષ્કળ વગ હતી. તેમને દાનમાં મળેલી જમીન અને સંપત્તિનો પણ ખૂબ સંચય થયો હતો. તેથી કેટલાય વનવાસી સાધુઓ શ્રાવકોને આધ્યાત્મિક માર્ગદર્શન પૂરું પાડવાના નામે ધીરે ધીરે અર્ધગૃહસ્થાશ્રમમાં ગોઠવાતા જતા હતા. કેટલાય વરિષ્ઠ સાધુઓ તો પોતાના સત્તાધિકારનો દેખાવ કરવા સૈનિક રક્ષક સાથે પાલખીમાં બેસીને ફરતાં હતાં. આવી પ્રથા સાધુઓ માટે અશોભનીય ગણાય. તેથી આ અધોગતિની નિશાની છે એવી સમયે સમયે તેમની ટીકા અને કટુ નિંદા કરવામાં આવતાં. કમનસીબે આવી કઠોર ટીકાને કારણે સારા સાધુઓ વનવાસમાંથી સમાજ તરફ આવતાં બંધ થયા અને તેમના શ્રાવકો સાથેના સંબંધોમાં અવરોધ ઊભા થયા. પરિણામે જૈનસમાજ આધ્યાત્મિક માર્ગદર્શનથી વંચિત થતો ગયો.

આવી ડામાડોળ પરિસ્થિતિને કારણે જૈનસમાજને આધ્યાત્મિક બાબતમાં માર્ગદર્શન આપી શકે તેમજ જમીન, ભવન અને દાનમાં આવેલા આર્થિક ભંડોળનો યોગ્ય રીતે વહીવટ કરી શકે એવી કોઈ પ્રતિષ્ઠિત સત્તાની માગ ઊભી થઈ. આ માગને સંતોષવા ભટ્ટારકની સંસ્થારૂપે એક નવી ધાર્મિક સત્તાનો ઉદય થયો. સાધુની જેમ જ ભટ્ટારક વિદ્વાન અને બ્રહ્મચારી હોય એવી અપેક્ષા રાખવામાં આવતી. ફરક માત્ર એટલો જ હતો કે ભટ્ટારકોને સાધુના વ્રત અને વિધિવત્ દીક્ષા આપવામાં આવતા નહિ. વહીવટી અધિકારી તરીકે તેઓ સમાજ સાથે રહેવા માટે મુક્ત હતા. દેરાસરમાં વિધિવિધાન કરાવવાં, મઠ અને મઠની સંપત્તિનો વહીવટ સંભાળવા, ધર્મગ્રંથો અને પુસ્તકાલયોની જાળવણી કરવા, રાજદરબારમાં જૈનદર્શનનું પ્રતિનિધિત્વ કરવા, રાજાઓ અને અન્ય ધર્માધિકારીઓ સાથે જૈનસમાજ વતી વાટાઘાટ કરવા, ધાર્મિક પ્રશિક્ષણ આપવા અને સંપ્રદાયના આચાર અને પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરવા માટે આ ભટ્ટારકો સમાજના અધિકારી બન્યા.

[32] સોની પન્નાલાલ, શ્રુતસાગરનો શતપ્રભારિત આદિસંગ્રહમા, સોળમી શતાબ્દીનો એક ગ્રંથ.

[33] Upadhye, A.N., "Yapniya Sangh: A Jain Sect, " in Journal of the University of Bombay, I, No. 4, 224-231
Upadhye A.N.,"More Light on the Yapaniya Sangh", in Annals of the Bhandarkar Oriental Research Institute, Pune, LV, 9-22

આટલી બધી સત્તા અને આવડી મોટી ભૂમિકા ભટ્ટારકના પદ સાથે જોડાયેલી હોય એટલે બાહ્ય આટાટોપ અને ભપકો તેમજ લાંબા વિધિવિધાન તથા ભવ્ય ઉત્સવો એ બધું જાણે ભટ્ટારકપદ માટે અનિવાર્ય થઈ ગયું. ભટ્ટારકો દીક્ષિત સાધુઓ નહોતા. એ કેવળ અધિકારી શ્રાવકો હતા. કદાચ એ હકીકતને કારણે શરૂઆતમાં તેમના ભવ્યતા અને ભપકાની જૈનસમાજે ખાસ ટીકા કરી નહોતી. પરંતુ સમય જતાં આ પદ સાથે જોડાયેલ શાનશૌકત અને શિથિલતા સાદગીપૂર્ણ જૈનોને ખટકવા લાગ્યા. ભટ્ટારકોની સત્તાને ઉત્તર ભારતમાંથી પડકાર ઊભો થયો. સોળમી સદીમાં આગ્રામાં બનારસીદાસ નામે એક જૈન કવિ હતા. તેમને મનમાં પ્રતીતિ થઈ ગઈ હતી કે હિંદુ પુરોહિતોની જેમ આ ભટ્ટારકો પણ[34] વિધિવિધાન અને કર્મકાંડના નામે પોતાનો સિક્કો જમાવતા જાય છે અને જનસમાજ પર પોતાનો જબરદસ્ત દાબ રાખે છે. તે ઉપરાંત તેમનું માનવું હતું કે જૈનમંદિરમાં પૂજાવિધિ વખતે ફળ, ફૂલ, મિઠાઈ વગેરે ધરવામાં આવે છે તે ખોટું છે. ફળફૂલને ચૂંટવાની પ્રક્રિયામાં હિંસા સમાયેલી છે તે હિંદુઓના યજ્ઞયાગમાં થતી હિંસા જેવી જ છે. તેથી તેમના સુધારાવાદી માનસે ભટ્ટારકના પદનો આગ્રહ રાખવાની કોઈ જરૂર નથી એવો પ્રચાર કર્યો. આમ, ભટ્ટારકનું મહત્ત્વ ધીરે ધીરે ઘટતું ગયું. મધ્યકાલીન યુગમાં તેમની સંખ્યા આશરે છત્રીસની હતી. તે ઘટીને આજે ફક્ત ચાર-પાંચ જેટલી થઈ ગઈ છે. જોકે, ભટ્ટારક સંસ્થાને પુનર્જીવિત કરવાના પ્રયાસો હવે ફરીથી ચાલુ છે અને વધારે ૬ ભટ્ટારકોની બેઠકો અંગે વિચારણા ચાલુ છે.

## *જૈનોની અવગણના*

એક સમય એવો હતો કે આંધ્ર, તામિલનાડુ, કર્ણાટક અને મહારાષ્ટ્ર - આ દક્ષિણ રાજ્યોમાં જૈનધર્મનું જબરદસ્ત વર્ચસ્વ હતું. પણ હવે એ ક્ષેત્રોમાં જૈનસમાજનો પ્રભાવ રહ્યો નથી. આ પતન માટે કેટલાંક કારણો જવાબદાર હતા. 'સાંપ્રદાયિક આંતરકલહ' અને 'પ્રભાવક નેતૃત્ત્વનો અભાવ' એ બે મુખ્ય આંતરિક કારણો તથા 'કટ્ટરવાદી હિંદુધર્મનું પુનરુત્થાન' અને 'મુસલમાનોનાં આક્રમણો' એ બે મુખ્ય બાહ્ય કારણો હતાં. આઠમી સદી પછી દક્ષિણમાં જૈનોને હિંસક કલહ, હિંદુધર્મમાં સામૂહિક ધર્માંતર અને જૈનમંદિરો તથા ઉપાશ્રયોનો નાશ કે જપ્ત કરી લેવાં જેવા અન્યાયોનો સામનો કરવો પડયો હતો. કેટલાક હિંદુ મંદિર - મદુરાના ભવ્ય મીનાક્ષી મંદિર અને કલુગમલાઇ (જિ. તિરુનેલ્લવેલી)ના મુરુગન મઠ - માં જૈનોની ભયાનક કતલનાં ભીતચિત્રો આજે પણ જોવા મળે છે. કર્ણાટકના બેલગામ શહેરમાં મુસ્લિમોએ ત્રણસો બાવન જૈન દેરાસરોની તોડફોડ કરી હતી. આ ભગ્ન દેરાસરોના કોતરકામવાળા પથ્થરોના ટુકડામાંથી બનાવેલી બેલગામ કિલ્લાની દીવાલોમાં આપણને એ હકીકતનો પુરાવો આજે પણ જોવા મળે છે. જૈન દેરાસરોનાં હિંદુ મંદિરો અને મઠમાં રૂપાંતર કરવામાં આવ્યાં હતાં એના સ્પષ્ટ પુરાવા આપણને કોલ્હાપુર (મહારાષ્ટ્ર)ના પ્રખ્યાત મહાલક્ષ્મી મંદિરની તથા મુરુગન અને કલુગમલાઈના ઐયનાર મઠની દીવાલોમાં, સફેદ પ્લાસ્ટરથી ઢાંકેલા શિખરોમાં અને ઘુમ્મટોમાં જોવા મળે છે. આટલા સ્પષ્ટ પુરાવા હોવા છતાં ૨૧મી સદીના બિનસાંપ્રદાયિક અને માનવઅધિકારના યુગમાં પણ જૈનો તેનું

[34] જૈન, રવીન્દ્રકુમાર, કવિવર્ય બનારસીદાસ, ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, વારાણસી.

કાનૂની વળતર માગી શકતા નથી આ એક હકીકત જ જૈનોનો પ્રભાવ આજે કેટલો નબળો છે તે દર્શાવે છે.

દક્ષિણના જૈનસંપ્રદાયમાં પ્રવર્તતાં જૂનવાણી અને રૂઢિવાદ એ જૈનોની અવગણના માટે કદાચ કારણભૂત હોઈ શકે. આપણે અગાઉ જોયું કે રજોહરણ રાખવા જેવી સામાન્ય બાબતમાં પણ સુધારાવિરોધી દેવસેને દિગંબર પેટા સંપ્રદાયની આકરી ટીકા કરી હતી. આવા જૂનવાણી માનસથી સુધારાની પ્રવૃત્તિ અવરોધાઈ ગઇ એટલું જ નહિ પરંતુ સંઘનેપણ અસરકારક નેતૃત્ત્વથી વંચિત રહેવું પડયું. સાધુઓએ પણ ધીરે ધીરે સંઘથી દૂર રહેવાનું પસંદ કર્યું. આ બાબતામાં ભટ્ટારકોની સંસ્થા પણ ખાસ મદદરૂપ પુરવાર થઈ નહિ. સદ્ભાગ્યે વીસમી સદીમાં દિગંબર સંપ્રદાયમાં બે લાભદાયી નોંધપાત્ર ઘટના બની છે. એ ઘટના તે સંપ્રદાયની નવશક્તિ મેળવવામાં કદાચ સહાયભૂત થઈ શકે. તે પૈકી એક ઘટના છે: દક્ષિણ ભારત જૈનસભા નામની સંસ્થાની સ્થાપના. ભટ્ટારકોના કાર્યોની તમામ જવાબદારી આ સંસ્થાના અગ્રગણ્ય જૈનશ્રાવકોએ સ્વૈચ્છિક રીતે પોતાના હાથમાં લીધી છે. આ સંસ્થાએ દિગંબર પ્રકાશનો, શિક્ષણ, દેરાસરનો વહીવટ, સંઘનું પ્રતિનિધિત્વ અને સમાજસુધારામાં પણ અત્યંત પ્રસંશનીય કામગીરી બજાવી છે.

## દિગંબર પેટાપંથો:

### ***કાનજીસ્વામી પંથ***

બીજી એક મુખ્ય ઘટના દક્ષિણ ભારતમાં નહિ પણ શ્વેતાંબરોના ગઢ સમાન પશ્ચિમ ગુજરાતમાં બની. ત્યાંના સુધારાવાદી માનસ ધરાવતા સ્થાનકવાસી પેટા પંથમાં બહુ મોટું શિષ્યવર્તુળ ધરાવતાં પ્રભાવશાળી વિદ્વાન શ્વેતાંબર સાધુ કાનજીએ આચાર્ય કુંદકુંદની દિગંબર તાત્ત્વિક વિચારસરણી અપનાવી. સ્થાનકવાસી (પાન ૨૦૬) પરિવારમાં જન્મેલ કાનજીએ (તે કાનજીસ્વામી તરીકે ઓળખાતા હતા) ચોવીસ વર્ષની વયે દીક્ષા ધારણ કરી હતી. વિદ્વત્તા અને હૃદયસ્પર્શી ઉપદેશશૈલીને કારણે તેમની ખ્યાતિ બહુ ઝડપથી વધતી ગઈ. ૪૫મે વર્ષે પાલીતણા નજીક સોનગઢમાં તેમણે એક જાહેર સભામાં ઘોષિત કર્યું કે "કુંદકુંદના ઉપદેશમાં મને જૈનધર્મનું સાચું રહસ્ય જોવા મળ્યું છે માટે હવે હું સ્થાનકવાસી સંપ્રદાયનું સાધુપદ છોડીને એક શ્રાવક તરીકે રહેવાનું પસંદ કરૂં છું."[35] કુંદકુંદ દિગંબર પંથની ગૂઢ પરંપરાના બીજી સદીના આચાર્ય હતા.

કાનજીસ્વામીએ પૂજાનાં વિધિવિધાન, આહારના નિયમો અને જૈનોની પુણ્ય કમાવાની પ્રથાઓ વગેરેનું મહત્ત્વ ઓછું કરી નાખ્યું. તેમણે પ્રબોધ્યું કે જીવની સત્તા સનાતન છે. તેથી બાહ્ય વિધિવિધાનોનો આગ્રહ રાખ્યા વિના જીવના સ્વરૂપનું પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ કરવો જોઈએ. તેમનો આ

[35] હુકમચંદ ભારિલ્લ, યુગપુરુષ શ્રી કાનજીસ્વામી, જયપુર, ૧૯૮૧

સુધારાવાદી ઉપદેશ દક્ષિણમાં જૂનવાણી અને રૂઢિચુસ્ત વલણ ધરાવતા દિગંબર જૈનોમાં કેટલો લાંબો ટકશે એ વિશે હાલ કંઈ કહેવું મુશ્કેલ છે. જોકે, કાનજીસ્વામીએ પોતે કોઈ નવી વાત કરી નહોતી. તેમણે તો કેવળ કુંદકુંદના વિચારોને પુનર્વાચા આપવાનું જ કામ કર્યું હતું. દિગંબર જૈન સાહિત્યમાં કુંદકુંદના ગ્રંથ 'સમયસાર'નું સ્થાન ઘણું ઊંચું છે.[36] વીસમી સદીના પરમ આદરણીય દિગંબર ગુરુ શાંતિસાગર તરફથી પણ કાનજીસ્વામીના સંદેશને ઉષ્માભર્યો આવકાર મળ્યો. તેને કારણે દિગંબર પંથમાં ગજબની હલચલ મચી ગઈ. કાનજીસ્વામીના શિષ્યમંડળમાં સોનગઢના ત્રણસો કુટુંબોનો સમાવેશ છે અને એ 'કાનજીસ્વામી પંથ' તરીકે ઓળખાય છે. દિગંબર સુધારા ચળવળમાં આ પેટાપંથ અગ્રગણ્ય છે. કાનજીસ્વામીએ તેમના દેહોત્સર્ગ સુધી એટલે કે ૧૯૮૦ (વીર સં.૨૫૦૭) સુધી કોઈ પણ સાંપ્રદાયિક લેબલ સ્વીકારવાનો ઈન્કાર કર્યો. તેમનો દાવો હતો કે તેઓ કેવળ તીર્થંકર પ્રબોધિત જૈનધર્મના સાચા માર્ગની જ હિમાયત કરે છે. જોકે, તેમના શિષ્યોએ સોનગઢમાં એક વિશાળ દિગંબર સ્વાધ્યાય મંદિર બાંધ્યું છે. 'સ્થાનકવાસી' માન્યતા પ્રમાણે કાનજીસ્વામી મૂર્તિપૂજામાં માનતા નહોતા પણ આ મંદિરમાં તીર્થંકરોની દિગંબર મૂર્તિઓની પૂજા થાય છે. કાનજીસ્વામી કહેતા કે 'તેઓ પૂર્વજન્મમાં કુંદકુંદને મળ્યા હતા અને હવે તેઓ તીર્થંકર તરીકે અવતાર લેશે.' પણ કાનજીસ્વામીના આવા દાવાની જૈન સમાજમાં ઘણી ટીકા થાય છે.

## શ્વેતાંબરપંથનો વિકાસ

ઈ.સ. પૂર્વે ૧૫૦માં જૈનોને બિહાર છોડવું પડયું ત્યારે જે જૈનો ભારતના પૂર્વ કિનારે થઈને દક્ષિણ તરફ ગયા (પાન ૧૯૬) તેઓ મોટે ભાગે દિગંબર પંથી બન્યા. તેમના વિકાસનો ઇતિહાસ આપણે જોયો. હવે જે જૈનો ગંગા નદીના કિનારાના વ્યાપારમાર્ગે ઉત્તરપશ્ચિમ ગયા તેમનું શું થયું તે હવે આપણે જોઈએ. ભગવાન પાર્શ્વનાથના સમયની પ્રાચીન નગરી મથુરા જૈનસંઘ માટે પ્રથમ વિરામ સ્થાન હતી. તાજેતરમાં ખોદકામમાંથી મળી આવેલ મથુરાના કણકલી સ્તૂપ પર ઈ.સ. ૧૫૭ માં કોતરેલો એક સંદેશ છે. એ સંદેશ જણાવે છે કે તે સ્તૂપ ભગવાન પાર્શ્વનાથના સમયમાં એક શ્રાવિકાએ બંધાવ્યો હતો.[37] એ સમયે મથુરા ધમધમતી નગરી હતી. અહીં જૈનસાધુઓ તેમની ગુરુપરંપરાના આધારે અનેક ગણમાં સંગઠિત થઈ ગયા હતા. આજે પણ એ ગુરુપરંપરા શ્વેતાંબર સાધુઓમાં ચાલી આવે છે. તે યુગમાં જૈનો મુખ્યત્વે વેપાર અને ઉદ્યોગમાં જોડાયેલા હતા. તે યુગની અસર જૈનોમાં અદ્યાપિ જોવા મળે છે. પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ તરફ જતાં વેપારમાર્ગના જંક્શન પર મથુરા નગરી આવેલી હતી. ઉત્તરપશ્ચિમ ભારત તરફ સ્થળાંતર કરી ગયેલ તત્કાલીન જૈનો મથુરામાં રાજ્યાશ્રયની મદદ ન મળવાથી વેપારધંધામાં પડયા હતા.

---

[36] Kundakunda, Samaysara, Ardhamaghdi text with translation by A. Chakravarti, Bharatiya Jnanapith Publication, Varanasi, 5th Ed. 2001.

[37] Srinivasan, D.M., *Mathura: TheCultural Heritage*,Delhi, 1989

સદીઓ સુધી મથુરા નગરી જૈનોનું પવિત્ર યાત્રાધામ ગણાતી હતી. પણ ધંધાને કારણે પશ્ચિમ કિનારે એટલે કે ગુજરાતમાં તે જૈનો છેવટે સ્થાયી થયા. ત્યાં વહાણ બાંધકામ અને પરદેશ સાથે વેપાર ખૂબ વિકાસ પામ્યો હતા. પાંચમી સદી સુધીમાં જૈનો પંજાબ, રાજસ્થાન અને ગુજરાતમાં વ્યવસ્થિતપણે સ્થાયી થઈ ગયા અને પાંચમી સદીના ગુજરાતના વલ્લભીપુર ગામે શાસ્ત્રોના અલગ અલગ મતોનો સમન્વય કરવા માટે અને જૈન આગમોની લેખિત નકલ તૈયાર કરવાના કામ માટે તેમણે એક અધિવેશન યોજ્યું હતું. તે પછીની કેટલીક સદી સુધી જૈનો ઉત્તરોત્તર આબાદ થતા ગયા. સમાજના વગદાર પદ પર - મોટા વેપારી, ઉદ્યોગપતિ, બૅન્કર, વિદ્વાન, પ્રધાન અને રાજાના સલાહકાર - તરીકે પ્રસ્થાપિત થયા હતા. કુમારપાળ અને તેમના જૈન સચિવ વસ્તુપાળનો શાસનકાળ ગુજરાતમાં જૈનોના સુવર્ણકાળ તરીકે અંકિત થયો છે. આબુ પર્વત અને તારંગા ટેકરી પર આવેળ જગમશહૂર દેરાસર સંકુલો સહિત અનેક દેરાસરો તેમણે બંધાવ્યાં.

એવામાં ભારત દેશમાં ઈસ્લામનું આગમન થઈ ચૂક્યું હતું. ૯૯૯-૧૦૨૬ના સમય દરમિયાન મહમદ ગઝનીના ઓચિંતા હુમલા અને ૧૧૫૧માં શાહબુદ્દીન ઘોરીના આક્રમણ થયાં. ૧૧૬૫ (વીર સં.૧૬૯૨)માં કુમારપાળનું રાજ્ય ઈસ્લામને તાબે થઈ ગયું. ત્યાર પછીના સાડા ત્રણસો વર્ષોમાં તુર્કી સુલતાનોએ સ્થાનિક પ્રજાનું બળજબરીથી ઈસ્લામમાં ધર્માંતર કરીને, મૂર્તિઓ અને દેરાસરોની તોડફોડ કરી, જૈનસાધુઓને ગુલામ બનાવીને, તેમજ પ્રાંતીય સલ્તનતની સ્થાપના કરીને દેશમાં સર્વત્ર હાહાકાર મચાવી દીધો. જૈનો અલ્પ સંખ્યક હોવા છતાં ટકી રહ્યા અને તેમના અનાક્રમક શાંતિસંદેશની મદદથી ઈસ્લામોની તલવારની ધારને બુઠ્ઠી કરી નાખવામાં જૈનો સમર્થ નીવડયા. જૈનો સમાજમાં વેપારી, ઉદ્યોગપતિ, બૅન્કર અને કુશળ વહીવટકાર તરીકે કામ કરતા હતા. તેથી પોતાની વગ વાપરી તેઓ સુલતાનો પર પણ પ્રભાવ પાડી શક્યા. દા.ત. ૧૩૧૩માં તુર્કો (મોગલો)એ શત્રુંજય પર્વત (પાલિતણા) સ્થિત ભવ્ય 'આદિનાથ' દેરાસરને ભયંકર નુકસાન પહોંચાડયું પણ ૧૩૩૦ સુધીમાં ગુજરાતના તુર્કી ગર્વનર અલ્પખાન પર પોતાની વગ વાપરવામાં જૈનો સફળ નીવડયા. અલ્પખાને આદિનાથ દેરાસરના પુનરુદ્ધાર માટે અને તે અંગેના પ્રકલ્પ માટે આર્થિક સહાયને મંજૂરી આપી. દેરાસરના પુનરુદ્ધારના કામમાં સહકાર આપનાર એ મુસ્લિમ મૌલવીના માનમાં જૈનોએ સ્મારક બાંધ્યું. એ આજે પણ ત્યાં અનેક જૈનમંદિરોની વચ્ચે ઊભું છે.

પ્રભાચંદ્ર લિખિત 'પ્રભાવકચરિત્ર'[38] (જૈન આચાર્યોના જીવનચરિત્ર) ગ્રંથ પૂર્વકાલીન શ્વેતાંબર ઈતિહાસનો મુખ્ય સંદર્ભ ગ્રંથ છે. પ્રાચીન 'પૂર્વા' ગ્રંથો કંઠસ્થ કરનાર અંતિમ આચાર્ય વજ્રસ્વામી (ચોથી સદી)થી લઈને જૈનગ્રંથોના બહુશ્રુત વિદ્વત્વર્ય હેમચંદ્ર (૧૦૮૯-૧૧૭૨) સુધીના બાવીસ આચાર્યોના જીવનચરિત્રનું સંકલન આ ગ્રંથમાં કર્યું છે. આ ગ્રંથમાં સિદ્ધસેન દિવાકર (૫મી સદી), સેકડોં ગ્રંથો રચનાર સાધુ પરંપરાના નામાંકિત હરિભદ્ર (૬ઠ્ઠી સદી), કાલ્લકા (૭મી સદી), તક્ષશિલાના મહાદેવ

[38] જીનવિજયજી મહારાજ, પ્રભાચંદ્રનું પ્રભાવક ચરિત્ર, અમદાવાદ, ૧૯૪૦

(૧૦મી સદી) અને અભયદેવસૂરી (૧૧મી સદી)નાં જીવનચરિત્રોનો સમાવેશ છે. આ ગ્રંથ આચાર્યોના જીવન અને તત્કાલીન જૈનસમાજ પર આછો પ્રકાશ પાડે છે તેમજ ગણપ્રથા અને આચાર્ય પરંપરા વિશે મહત્ત્વપૂર્ણ માહિતી પૂરી પાડે છે.

## શ્વેતાંબર પેટાપંથો

### *તપ ગચ્છ અને ખરતર ગચ્છ*

ચોથી સદીમાં વજ્રસ્વામીના ચાર શિષ્યોએ (ચંદ્ર, નાગેન્દ્ર, નિર્વૃત્તિ અને વિદ્યાધર) 'ગણ' ની જગ્યાએ 'કુળ' શબ્દપ્રયોગ શરૂ કર્યો હોવો જોઈએ. પ્રભાચંદ્ર પોતે ચંદ્ર કુળના અને હરિભદ્ર વિદ્યાધર કુળના હોવાનું જણાવે છે. થોડા સમય બાદ આ વર્ગીકરણ માટે 'ગચ્છ' (પેટા પંથ) શબ્દપ્રયોગ શરૂ થયો. આજે પણ શ્વેતાંબર સાધુઓના બે જૂથ માટે 'ખરતર ગચ્છ' અને 'તપ ગચ્છ' એ શબ્દપ્રયોગ કરવામાં આવે છે. ખરતર ગચ્છનું મૂળ ખરેખર ક્યાં છે એ કહેવું મુશ્કેલ છે પણ પ્રાયઃ અભયદેવસૂરી સાથે કોઈ ને કોઈ રીતે જોડાયેલું હોય એમ જણાય છે, કારણકે પછીના કેટલાય સાધુઓનાં નામ પાછળ સૂરી શબ્દ જોડાયેલો છે. દા.ત. આ. જિનવલ્લભસૂરી (અગિયારમી સદી), આ. જિનદત્તસૂરી (૧૦૭૫-૧૧૫૪), આ. જિનચંદ્રસૂરી-૧ (૧૧૩૯-૧૧૬૫), આ. જિનકુશળસૂરી (૧૨૭૯-૧૩૩૧) અને આ. જિનચંદ્રસૂરી-૨ (૧૫૩૭-૧૬૧૨).

અભયદેવસૂરી તપગચ્છના પણ મૂળ આચાર્ય ગણાય છે. ૧૨૨૮માં જગચંદ્રસૂરીએ તપગચ્છની શરૂઆત કરી. તેઓ તેમના સમકાલીન સાધુઓ કરતાં વધારે ઉગ્ર તપશ્ચર્યામાં માનતા હતા.[39] અનેક સદીઓ સુધી આ મુનિઓનો કેવળ જૈન શ્રાવકો પર જ નહિ; પરંતુ મુસ્લિમ શાસકો પર પણ જબરદસ્ત પ્રભાવ રહ્યો હતો. દા.ત. આચાર્ય પદ્મસુંદરે મોગલ બાદશાહ અકબર (૧૫૫૬-૧૬૦૫)ને સૌ પ્રથમ જૈન સિદ્ધાંતોનો પરિચય કરાવ્યો. અકબરને તેમણે અનેક જૈન હસ્તલિખિત પ્રત ભેટ આપી. ત્યારપછી અકબર બાદશાહે આચાર્ય હિરવિજયસૂરીને (૧૫૨૭-૧૫૯૫) પોતાના ધાર્મિક સલાહકાર તરીકે નિમંત્રણ આપ્યું. હિરવિજયસૂરી અને તેમના શિષ્ય શાંતિચંદ્રના અહિંસા સંદેશથી અત્યંત પ્રભાવિત થઈ અકબરે પિંજરામાંથી પક્ષીઓને મુક્ત કરવાનું ફરમાન કર્યું. પશુઓની કતલ પર પ્રતિબંધ મૂક્યો અને બિનમુસ્લિમો પરનો વેરો ઊઠાવી લીધો. ૧૫૯૧માં ખરતર ગચ્છના આ. જિનચંદ્રસૂરી-૨ તોડફોડના આતંકથી જૈનમંદિરોની રક્ષા કરવા માટે અકબરને મનાવી શક્યા હતા. બાદશાહ જહાંગીર પર પણ તપગચ્છનો પ્રભાવ હતો. જહાંગીરે અહિંસાનું વ્રત લીધું હતું અને તેમના પુત્રના શિક્ષણ માટે જૈનસાધુને નિયુક્ત કર્યા હતા.

આ બંને ગચ્છ વચ્ચે સતત ચડસાચડસી ચાલે છે. ખરતરગચ્છ મુખ્યત્ત્વે રાજસ્થાનમાં છે. હાલ તેમના આશ્રમમાં કેવળ વીસ સાધુ અને બસો સાધ્વીઓ છે. જાણે ધીરે ધીરે તે નામશેષ થઇ રહ્યો હોય તેવું

[39] Klatt, J., "Extracts from the Historical Records of the Jains", Indian Antiquary, 1882

જણાય છે. તપગચ્છનું કહેવું છે કે તેમના ગચ્છમાં હાલ બે હજાર સાધુ અને ચાર હજાર સાધ્વીઓ છે.

દક્ષિણ ભારતના દિગંબર સાધુઓની જેમ ગુજરાતમાં શ્વેતાંબર સાધુઓને પણ જૈનસંઘમાં તેમની ભૂમિકા વિષે ઉગ્ર ચર્ચાનો સામનો કરવો પડયો હતો. સાધુઓએ શહેર અને ગામોમાં રહી શ્રાવકસંઘ સાથે ભળવું જોઈએ કે જંગલમાં એકાંતવાસ કરવો જોઈએ? નવમી સદીના આચાર્ય શિલાંકે ભગવાન મહાવીરનું દૃષ્ટાંત ટાંકીને સાધુઓ શ્રાવકસમાજ સાથે સંપર્ક રાખે તે વાતનો જોરદાર બચાવ કર્યો હતો. તેમની દલીલ હતી કે મહાવીર ભગવાન એક જગ્યાએ ન રહેતાં સતત વિચરણ કરતા રહ્યા. શહેરો અને ગામોમાં રહેતા અને ત્યાં જનસમુદાયને ઉપદેશ આપતા.[40]

તેમ છતાંય, ચોથી સદી સુધીમાં શ્વેતાંબર સાધુઓમાં વનવાસી અને ચૈત્યવાસી એ બે જૂથનો ઉદ્‌ભવ થયો અને અગિયારમી સદીમાં તો આ વિષયે ઉગ્ર ચર્ચાનું રૂપ ધારણ કર્યું. દક્ષિણમાં સાધુઓના સામાજિક સંપર્કનો વિરોધ કરનાર જૂથનો વિજય થયો અને તેમાંથી દિગંબર પરંપરામાં ભટ્ટારકોની સંસ્થા અસ્તિત્ત્વમાં આવી, તો ગુજરાતમાં શ્વેતાંબરોનાં ચૈત્યવાસી જૂથનો વિજય થયો. પરંતુ અગિયારમી સદી સુધીમાં આચાર્ય જિનેશ્વરસૂરીના નેતૃત્ત્વ હેઠળ સુધારાવાદી ચળવળે ચૈત્યવાસી સાધુઓનો પ્રભાવ ઘટાડી દીધો. તેમણે સુલેહ કરી કે શ્વેતાંબર સાધુઓએ જંગલમાં ચાલ્યા જવાની જરૂર નથી. તેમજ એક સ્થાનકે રહેવાની પણ તેમને છૂટ નથી. તેને બદલે શ્રાવકો સાથે વધુ સંપર્ક જાળવી રાખવા તેઓ ખુલ્લા પગે ચારે દિશામાં એક સંઘથી બીજા સંઘ તરફ પરિભ્રમણ કરતા રહે (ચાતુર્માસ સિવાય) અને બને તેટલી વધારે સંખ્યામાં લોકોને ઉપદેશ આપતા રહે. આ પ્રકારે કરેલી સુલેહ-સમજૂતી આજ સુધી ટકી રહી છે.*

### *લોંકાગચ્છ*

શ્વેતાંબર પંથમાં સૌ પ્રથમ મુખ્ય સુધારાનો પ્રયાસ ૧૫મી સદીમાં પ્રાયઃ મુસ્લિમ શાસનને કારણે થયો. લોંકાશાહ (૧૪૧૮-૭૫) નામે એક જૈન શ્રાવક અમદાવાદમાં હસ્તલિખિત પ્રત માટે લહિયાનું કામ કરતા હતા. મુસ્લિમ મૂર્તિભંજકોએ ગુજરાતમાં જૈન દેરાસરોની તોડફોડ કરી હતી તેનાથી તે ઉદ્વિગ્ન થઈ ગયા હતા. તો બીજી બાજુ તે સાધુસંઘના મૂર્તિલક્ષી અને કર્મકાંડી વર્તનથી પણ નારાજ હતા. તેમને લાગતું હતું કે આચારાંગસૂત્તમ્ અને દશવૈકાલિક સૂત્રમાં વર્ણવેલ મુનિઓના આચારનિયમો સાથે મૂર્તિપૂજા અને આવાં કર્મકાડનો મેળ બેસતો નથી. તદુપરાંત બાંધકામની પ્રવૃત્તિમાં અનેક જીવની હિંસા સમાયેલી છે તે વિશે પણ તેમને શાસ્ત્રમાં ઉલ્લેખ જોવા મળ્યા.[41] લોંકાશાહ મૂર્તિપૂજા બંધ

---

[40] મુનિ જંબુવિજયજી, આચારંગ સૂત્રમ્ ઔર સૂતકૃતાંગ સૂત્રમ્ (શિલાંકાકી ટીકાસહ), આગમોધ્ધાર સમિતિ પ્રકાશન, દિલ્હી, ૧૯૭૮

* વીસમી સદીમાં એ પ્રથામાં પણ બદલાવ આવ્યો. અમરમુનિ અને તેમના શિષ્યા આચાર્યા ચંદનાજીએ ખ્રિસ્તી મિશનરીઓની જેમ મફત હોસ્પીટલ, સ્કૂલો અને ગરીબોને માટે ઘરો બંધાવીને માનવસેવાનું કામ હાથ ધર્યું છે. તેમનું કહેવું છે કે ભગવાન મહાવીરના અહિંસાના સંદેશનો ખરો અર્થ સર્વ જીવોની તેમજ માનવની સેવા કરવી એ છે. પરંતુ તેમના વિરોધીઓ "મહાવ્રતધારી સાધુ-સાધ્વી માટે આવું કામ યોગ્ય નથી" એવી ટીકા કરે છે. વધુ માહિતી આ પ્રકરણમાંજ આગળ આચાર્ય ચંદનાજી નામના વિભાગમાં આપી છે.

કરવાના સંદેશનો પ્રચાર કરતા થયા. લોંકાશાહે ક્યારેય દીક્ષા લીધી નહોતી, પણ પરિભ્રમણશીલ ઉપદેશક તરીકે તેમણે ઠેર ઠેર વિચરણ કર્યું. તેમના શિષ્યોએ લોંકાગચ્છ નામે એક અલગ જૂથ ઊભું કર્યું. દેરાસરોમાં મૂર્તિઓની તેઓ પૂજા કરતા નહિ પણ ઉપાશ્રયોમાં જઇને ઉપદેશ આપવાનું કામ કરતા. લોંકાગચ્છના સાધુઓએ તેર જેટલાં શાસ્ત્રોની પ્રમાણભૂતતાનો અસ્વીકાર કર્યો, કારણકે તેમાં મૂર્તિપૂજાનો નિર્દેશ છે. તેમની આવી પ્રવૃત્તિથી મૂર્તિપૂજકોનો સંઘ રોષે ભરાયો. લોંકાશાહના સો વર્ષ બાદ લોંકાગચ્છને એક જબરો ફટકો પડ્યો. તેમના મુખ્ય આચાર્ય મેઘજીએ સો શિષ્યો સાથે જાહેરમાં મૂર્તિપૂજક પંથમાં પ્રવેશ કર્યો.

## સ્થાનકવાસી

૧૭૩૦માં લવજી અને ધર્મસિંહ નામના બે વેપારીઓએ સૂરતમાં લોંકાશાહના વિચારોને પુનર્જીવિત કર્યા. દશવૈકાલિક સૂત્રમાં વર્ણવેલ મુનિઓના આચાર પર તેમણે ભાર મૂક્યો અને સૂચવ્યું કે ઉપાશ્રયોને બદલે કોઈ જૂની ત્યાગી દીધેલી ઈમારત કે ભવન (સ્થાનક)નો સાધુઓના રહેઠાણ માટે ઉપયોગ કરવો જોઈએ. અને આમ લોંકા જૂથનું નામ 'સ્થાનકવાસી'માં પલટાઈ ગયું. આ નવા પંથે પોતાની અલગ ઓળખાણ માટે કાયમ મુહપત્તી બાંધી રાખવાનું શરૂ કર્યું.

લોંકાગચ્છની જેમ સ્થાનકવાસીઓને પણ વારંવાર હાર માનવી પડી હતી. પંથની સ્થાપના પછી થોડાજ વર્ષોમાં તેમના મુનિ ભિકાંજીએ સ્થાનકવાસીઓ સાથે નાતો તોડીને તેરા પંથ નામનો અલગ પંથ શરૂ કર્યો. પણ એક સદી પછી તો એથીયે મોટું વિઘ્ન આવવાનું બાકી હતું. બે અગ્રણી સ્થાનકવાસી મુનિઓએ (આત્મારામજી અને બુટેરયાજી) જાહેર કર્યું કે શાસ્ત્રમાં મૂર્તિપૂજાને સમર્થન આપ્યું છે અને તેથી હવે તેઓ અનેક શિષ્યો સાથે મૂર્તિપૂજકોના તપગચ્છમાં જોડાઈ જાય છે. આત્મારામજીએ તપગચ્છમાં ફરી દીક્ષા લીધી અને વિજયાનંદસૂરી નામ ધારણ કર્યું. બહુશ્રુત જૈન વિદ્વાન તરીકે તેમણે નામના મેળવી. આવાં અનેક વિઘ્નો છતાં સ્થાનકવાસીઓનો શ્વેતાંબર પેટાપંથ ધબકતો રહ્યો અને અદ્યાપિ ટકી રહ્યો છે. મૂર્તિપૂજાને સ્થાને તેઓ ભાવપૂજા પર ભાર મૂકે છે. આ પંથના કેટલાય સાધુઓએ ખૂબ પ્રસિદ્ધિ મેળવી છે. સ્થાનકવાસી મુનિ સુશીલકુમારજી ૧૯૭૫માં અમેરિકા ગયા અને ત્યાં કાયમી વસવાટ કર્યો. તેમના થોડા વર્ષ પહેલાં જ અમેરિકા આવેલા ગુરુદેવ ચિત્રભાનુજી (જે એક વખત મૂર્તિપૂજક મુનિ હતાં) સાથે મળીને સોળ જેટલાં જૈન દેરાસરો અને યાત્રાધામની ઉત્તર અમેરિકામાં સ્થાપનામાં તેઓ યશભાગી બન્યા.

[41] મહાપ્રજ્ઞ યુવાચાર્ય, અહિંસા તત્ત્વ દર્શન, જૈન વિશ્વભારતી પ્રેસ, લાડનુમ, ૧૯૮૮

## *તેરા પંથી*

ઉપર જણાવ્યા પ્રમાણે રાજસ્થાનના મુનિ ભિકાંજીના (૧૭૨૬-૧૮૦૩) લીધે સ્થાનકવાસી પંથની પ્રગતિમાં થોડું ભંગાણ પડયું. ભિકાંજીએ ૧૭૫૧માં સ્થાનકવાસી દીક્ષા લીધી હતી. તેમના સમકાલીન સાધુઓના શિથિલ આચારથી તેઓ અત્યંત દુ:ખી થઈ ગયા. ૧૭૫૯માં ભિકાંજી અને તેમના છ સહકાર્યકરાએ સ્થાનકવાસી પંથને છોડીને તેરા પંથ નામે એક નવો પંથ શરૂ કર્યો. ભટ્ટારકોના સત્તાધિકારના વિરોધમાં દિગંબર સંપ્રદાયમાં પણ તેરા પંથ નામનો પેટા પંથ અસ્તિત્ત્વમાં આવ્યો હતો. દિગંબર તેરા પંથથી પોતે અલગ છે તે દર્શાવવા તેમણે તેમના આ નવા પંથને શ્વેતાંબર તેરા પંથ[42] તરીકે ઓળખાવ્યો. શ્વેતાંબર તેરા પંથ એમ કહે છે કે "સ્થાનકવાસીઓ સાથે તેમને કોઈ સંબંધ નથી." પરંતુ મૂર્તિપૂજાનો અને તેર શાસ્ત્રોની પ્રમાણભૂતતાનો ઈન્કાર તથા કાયમ મુહપત્તી બાંધવી વગેરે સ્થાનકવાસી આચારોનું પાલન કરવાનું તો તેમણે ચાલુ જ રાખ્યું છે. સ્થાનકવાસીની મુહપત્તી ચોખંડી હોય છે તો તેરાપંથી સાધુ એક લાંબી પટ્ટી મુહપત્તી તરીકે વાપરે છે.

ભિકાંજીના સાધુ-આચરણના નિયમ અત્યંત કડક હતા. જે લોકો તેમના કઠોર નિયમો સાથે ટકી નહિ શકે એવું તેમને લાગે તો તેઓ તેમને દીક્ષા આપવાની ના પાડી દેતા. તેમના આવા વિચારોને કારણે શ્વેતાંબર તેરા પંથ શરૂઆતમાં ખાસ કાંઈ દેખાવ કરી શકયો નહિ. તેમણે શાસ્ત્રોનું અર્થઘટન કરતાં કહ્યું કે "આધ્યાત્મિક ઉન્નતિ માટે આત્મસંયમ, ધ્યાન અને તપમાં લીન રહેવું એ જ તપસ્વીનો સાચો આચાર ધર્મ છે. તેથી સાધુસાધ્વીઓએ સામાજિક કે માનવતાવાદી પ્રવૃત્તિથી દૂર રહેવું જોઈએ."[43] મોટા ભાગના જૈનોને આવા ઉગ્ર વિચારો સ્વીકાર્ય નહોતા કારણ તેઓ માને છે કે કરુણાપૂર્ણ અને પુણ્યશાળી પ્રવૃત્તિ જીવની ઉન્નતિને સહાયરૂપ નીવડી શકે. તપસ્વીઓના શુદ્ધ વર્તન અંગે તેરા પંથને એટલી બધી ચિંતા હતી કે તેમણે 'વર્તનની મર્યાદા' દર્શાવતા નિયમોની એક યાદી તૈયાર કરી. પંથના તમામ સાધુસાધ્વીઓએ તેનો નિત્ય પાઠ કરવો એવો એક નિયમ ઘડયો. અનુગામી આચાર્યોના હાથે આ યાદી વિશેષ લાંબી થતી ગઈ. ચોથા આચાર્ય જિતમલજીએ એ મર્યાદા નિયમોની સંક્ષિપ્ત આવૃત્તિ બહાર પાડી. દરેક તપસ્વી તેનો નિત્ય પાઠ કરે એટલું જ નહિ પણ આ આવૃત્તિ પર સહી કરી પોતાની ધર્મનિષ્ઠાની ખાતરી આપે એવા એક નિયમની તેમણે શરૂઆત કરાવી. એમ કહેવાય છે કે તેરાપંથી ચળવળ આજ સુધી ટકી રહી છે તેની પાછળ આચાર્ય જિતમલજીની વહીવટી કુનેહ જવાબદાર છે.


[42] રામપૂરીયા, સ., આચાર્ય ભિક્ષુ: જીવન કથા ઔર વ્યક્તિત્વ, જૈન વિશ્વભારતી પ્રેસ, લાડનમા, ૧૯૮૮

[43] મહાપ્રજ્ઞ યુવાચાર્ય, અહિંસા તત્ત્વ દર્શન, જૈન વિશ્વભારતી પ્રેસ, લાડનુમ, ૧૯૮૮

# અભિનવ સુધારક

## ***આચાર્ય તુલસી***

શ્વેતાંબર તેરાપંથના નવમા આચાર્ય તુલસીએ ૧૯૩૬માં દીક્ષા લીધી હતી. પંથમાં સુધારા કરી તેમણે તેરાપંથને વિશ્વના નકશા પર મૂક્યો. આચાર્ય તુલસીએ જૈન ઈતિહાસનો ઊંડો અભ્યાસ કર્યો હોવો



જોઈએ. તેઓ જાણતા હતા કે ભિકાંજીના નિયમોને કૂણાં પાડવાથી સાધુઓના વર્તનમાં શિથિલતા આવવાની શકયતા છે. સાથે સાથે જો એ નિયમો કૂણાં નહિ પાડીએ તો તેરાપંથની ઉપેક્ષા થતી રહેશે. તેથી એક એવો ઉપાય શોધવાની તેમને જરૂર જણાઇ હતી કે તપસ્વીઓના આચારનિયમો ટકી રહે અને સામાજિક પ્રવૃત્તિમાં તેરા પંથ ભાગ પણ લઇ શકે. તેઓ બીજી એક વાતથી વાકેફ હોવા જ જોઈએ કે સામાજિક માગને સંતોષવા માટે દિગંબરોએ ભટ્ટારકોની સંસ્થા સ્થાપવાનો પ્રયત્ન કર્યો હતો અને તેના પગલે બનારસીદાસે બંડ પોકાર્યું હતું. તેથી તેમના મનમાં વીજળીના ઝબકારની જેમ એક નવો વિચાર સ્ફૂર્યો. મહાવીર ભગવાને વ્રતોની બે સૂચિનો નિર્દેશ કર્યો હતા - શ્રાવકો માટે 'અણુવ્રતો'ના પ્રાથમિક વ્રતો અને સાધુસાધ્વીઓ માટે (પ્રક.૩) વધારે કઠોર 'મહાવ્રતો'. વ્યવહારમાં સાધુસાધ્વીઓ 'મહાવ્રત' ધારણ કરે છે અને એ વ્રતોનું કડકપણે પાલન કરે છે. શ્રાવકો સામાન્યતઃ વ્રત લેતાં નથી પણ અણુવ્રતની ભાવનાથી સંયમી જીવનશૈલીને અનુસરે છે.

મહાવીર ભગવાનના આ વિચારમાંથી પ્રેરણા લઈને આચાર્ય તુલસીએ સાધુસાધ્વીઓનો એક નવો વર્ગ - સમણ અને સમણી - નિર્માણ કર્યો. સમણ અને સમણી દીક્ષા લે પણ 'મહાવ્રત'ના બદલે 'વીરમણ વ્રત' ધારણ કરે. સમણ અને સમણીનો આ તપસ્વી વર્ગ શ્રાવકો અને મહાવ્રતધારી સાધુસાધ્વીઓ વચ્ચે એક સેતુ સમાન છે. મહાવ્રતધારી સાધુસાધ્વીઓ વિદેશ પ્રવાસ ખેડી શકે નહિ પણ સમણ અને સમણી વિદેશમાં વસતા શ્રાવકોને આધ્યાત્મિક માર્ગદર્શન આપવા માટે વિદેશનો પ્રવાસ કરી શકે, તેમને માટે ખાસ તૈયાર કરેલ ભોજન કરી શકે અને નૈતિક સુધારણા અર્થે ઘડેલ સામાજિક સુધારાના કાર્યક્રમમાં સહભાગી પણ થઈ શકે. એક વિશિષ્ટ પ્રકારના 'પ્રેક્ષા ધ્યાન'ના ઉપદેશ અને તેની સાધનાની તેમની પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે. આ સાધનાની શરૂઆત ભગવાન મહાવીરે કરી હતી પણ તે લગભગ વિસરાઈ ગઈ હતી. પ્રેક્ષા ધ્યાન એ મહાવીરની સાધનાની પુનર્જાગૃતિ છે. બૌદ્ધ વિપશ્યનાની જેમ પ્રેક્ષા ધ્યાનમાં પણ જીવના સહજ, સૂક્ષ્મ, આંતરિક દર્શનમાં મનને સંપૂર્ણપણે નિમગ્ન કરી દેવાનું હોય છે. સમણ અને સમણીઓએ વિશ્વનો પ્રવાસ ખેડયો. અનેક દેશોમાં 'પ્રેક્ષા ધ્યાન' શિક્ષણની સ્થાપના કરી. એકતા, શાંતિ, મૈત્રી, નીતિ, ન્યાય અને નૈતિક આચારના જૈન મૂલ્યોનો તેઓ પ્રસાર કરે છે.

૧૯૪૯માં આચાર્ય તુલસીએ 'અણુવ્રત' ચળવળ શરૂ કરી અને એ ચળવળને જૈનસમાજના પ્રચલિત સીમાડાની બહાર લઈ જવાનું વિચાર્યું. બધાં જ ધર્મ, રંગ, સંપ્રદાય, દેશ કે ભાષાના લોકો માટે તેમણે આ ચળવળ ખુલ્લી મૂકી. એકતા, શાંતિ, મૈત્રી, નીતિ, નીતિનાં મૂલ્યોને પુનઃ પ્રજ્વલિત કરી વિશ્વમાં નૈતિક સુધારા કરવાની તેમની નેમ હતી.[44] [45] આ ચળવળમાં જોડાનાર વ્યક્તિ માટે આચાર્ય તુલસીએ દસ વ્રતોની એક નવી યાદી તૈયાર કરી અને તે યાદીને તેઓએ 'અણુવ્રત' નામ આપ્યું. 'અણુવ્રત ચળવળ' માં જોડાવા માટે આ દસ વ્રત લેવાની અને એ પ્રમાણે વ્રતપાલન જરૂરી હોય છે. અણુવ્રત ચળવળ હવે ખૂબ ફૂલીફાલી છે, સમગ્ર વિશ્વમાં ફેલાઇને નામના મેળવી છે અને તેને કારણે જૈનધર્મના ગૌરવમાં પણ વૃદ્ધિ કરી છે.

આચાર્ય તુલસીના ભગીરથ પુરુષાર્થને આપણે વિશ્વનું ધ્યાન જૈન મૂલ્યો પર કેન્દ્રિત કરવા માટે, પ્રેક્ષાધ્યાનને પુનર્જીવન આપવા માટે અને મહાવીર ભગવાનના સર્વજીવસમભાવના મૂળ સંદેશ પ્રમાણે જીવન જીવવામાં પ્રેરણારૂપ થવા માટે કરેલા સુધારા તરીકે જોવો જોઈએ. આચાર્ય તુલસીના કાળધર્મ પછી આ ચળવળનું નેતૃત્વ તેમના અનુગામી આચાર્ય મહાપ્રજ્ઞજી કરી રહ્યા છે. મહાપ્રજ્ઞજી એક સમર્થ તત્ત્વજ્ઞાની, ધર્મનેતા અને લેખક પણ છે.

## *શ્રીમદ્ રાજચંદ્ર*

જૈન તત્ત્વદર્શનનો સાર મોક્ષમાર્ગમાં સમાયેલો છે. ભગવાન મહાવીરના સમયમાં વિદ્વાનોની ભાષા સંસ્કૃત હતી. પરંતુ મહાવીર ભગવાને લોકબોલીમાં (અર્ધમાગધીમાં) સ્થાનિક લોકોને ઉપદેશ આપ્યો. જૈન આગમોની રચના પણ અર્ધમાગધીમાં થઈ હતી. મહાવીર ભગવાનના ઉપદેશને જનસમુદાય સુધી પહોંચાડવા માટે અનુયાયી સાધુપેઢીએ પણ અર્ધમાગધીનો જ ઉપયોગ કર્યો હતો. પ્રાચીન અર્ધમાગધીનો ધીરે ધીરે વિકાસ અર્વાચીન ભારતીય ભાષાઓમાં થયો પણ અત્યાર સુધી એક પણ આગમનું અર્વાચીન ભારતીય ભાષામાં ભાષાંતર થયું નહોતું. તેને કારણે જૈનધર્મના મર્મને સમજવા માટે સમાજને હંમેશા સાધુઓ પર આધાર રાખવો પડતો હતો.

૧૮૮૩માં ગુજરાતના લક્ષ્મીનંદન મહેતા (શ્રીમદ્ રાજચંદ્ર) નામના સોળ વર્ષના કિશોરે 'મોક્ષમાળા' નામનું પુસ્તક લખીને એ પરિસ્થિતિમાં સુધારો કર્યો. સાદી સરળ ગુજરાતીમાં લખેલ ૧૦૮ પ્રકરણની આ નાની પુસ્તિકા સામાન્ય જનતાને જૈન તત્ત્વજ્ઞાન સમજાવવાનો અને યુવા પેઢીને ભ્રષ્ટ થતી બચાવવાનો પ્રયાસ કરે છે. લેખક પ્રસ્તાવનામાં કહે છે, "આ પુસ્તિકાનું વાંચન અને ચિંતન કરવાથી જૈનધર્મમાં અવશ્ય આસ્થા બંધાશે." આ પુસ્તિકામાં ધર્મગ્રંથોનો અનુવાદ નથી કે તે પર ભાષ્ય નથી. આત્મસાક્ષાત્કારના આધ્યાત્મિક અનુભવ પર તે ભાર મૂકે છે. તેમના આ સંદેશમાં આપણને જૈન તપ

[44] Bhatnagar, R.P., (ed.) *Acharya Tulsi: Fifty Years of Selfless Dedication*, Jain Vishvabharati Press, Ladnum, 1985
[45] Bhatnagar, *Acharya Tulsi's Anuvrata: A Code of Conduct for Moral Development*, New Delhi, 1988

પરંપરા કરતાં હિંદુ ગૂઢવાદની છાંટ વિશેષ જોવા મળે છે. બીજી સદીના દિગંબર જૈન આચાર્ય કુંદકુંદે પણ ગૂઢ અનુભવને સ્પષ્ટપણે સ્વીકારવાની વાત કરી હતી.

શ્રીમદ્ રાજચંદ્રના વિપુલ પત્રલેખનમાં (આધ્યાત્મિક વિષયો પર મિત્રો અને શિષ્યોને લખેલા આશરે ૮૦૦ પત્રો)[46] અને ત્યારપછીના પુસ્તક 'આત્મસિદ્ધિ'માં[47] પણ તેમણે ગૂઢવાદ પર જ વિશેષ ભાર મૂક્યો છે. તેમના મતે 'આત્માનો પ્રત્યક્ષ અનુભવ', 'આત્માનો સાક્ષાત્કાર' અને 'આત્માની મુક્તિ' એ વચ્ચે કોઈ ભેદ નથી. આત્મસિદ્ધિ પુસ્તકમાં અને લાંબો સમય રહેલા તેમના મિત્ર સોભાગભાઈને લખેલા એક વિસ્તૃત પત્રમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું છે કે આત્મા સનાતન છે, આત્મા કર્તા અને ભોક્તા છે તેમજ તેને મોક્ષાવસ્થા પણ છે. ગુરુનાં આશીર્વાદ અને પ્રેરણા આત્મસાક્ષાત્કાર તથા મોક્ષ મેળવવા માટે જરૂરી છે. બીજી બાજુ જૈનધર્મમાં આત્મસાક્ષાત્કાર (સમ્યક્ દર્શન કે જાગૃતિ) અને આત્માનો મોક્ષ (કર્મક્ષય કે મોક્ષ) એ બંને વચ્ચે ભેદ દર્શાવ્યો છે. શ્રીમદ્ રાજચંદ્ર જણાવે છે કે સાચા ધર્મમાં આત્મસાક્ષાત્કાર કેન્દ્રસ્થાને હોય છે. તેઓ મૂર્તિપૂજા, કર્મકાંડ, દીક્ષા, સાંપ્રદાયિકતા વગેરેને ધર્મ માટે બિનજરૂરી કે ગૌણ સાધન તરીકે જુએ છે.

જૈનોનો મોક્ષમાર્ગ મુખ્યત્વે તપનો માર્ગ છે. ચોથા ગુણસ્થાને સમ્યક્દર્શન પ્રાપ્ત કર્યા બાદ શ્રાવક મોક્ષમાર્ગને અનુસરે છે. જૈન મોક્ષમાર્ગ આત્મશુદ્ધિ અને આત્મસંયમ (અર્થાત્ આચાર) એ બંને પર એકસરખો ભાર મૂકે છે. શ્વેતાંબર પંથના મતે મોક્ષ માટે મહાવ્રતી સાધુ-દીક્ષા અતિ મહત્ત્વપૂર્ણ છે. જોકે, અપવાદરૂપે શ્રાવક-શ્રાવિકાને પણ તેમનાં પૂર્વ ભવના કર્મોના પ્રભાવે મોક્ષ મળી શકે છે. દિગંબર પંથ મોક્ષ માટે નગ્નતા અને મહાવ્રતી સાધુ-દીક્ષા એ બંનેને અત્યંત આવશ્યક ગણે છે. આદરણીય દિગંબર આચાર્ય કુંદકુંદ સમયસારમાં બાહ્ય ચિહ્નોની નિઃસારતાને નીચે પ્રમાણે જણાવે છે છતાં શ્રાવકને માટે મોક્ષપ્રાપ્તિની શક્યતાનો દિગંબરો સદંતર ઈન્કાર કરે છે.

> **અજ્ઞાની મનુષ્યો એમ કહે છે કે સાધુ-દીક્ષા વગેરે બાહ્ય ચિહ્નો અંગીકાર કરવાં... એ મોક્ષનો એકમાત્ર માર્ગ છે. પરંતુ બાહ્ય ચિહ્નો ક્યારેય મોક્ષનો માર્ગ હોઈ શકે નહિ. કારણ દેહાસક્તિનો ત્યાગ કરી અને બાહ્ય ચિહ્નોની ઉપેક્ષા કરી અર્હતો સમ્યક્શ્રદ્ધા, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને પામ્યાં છે અને એ જ મોક્ષનો માર્ગ છે.**

હિંદુ વૈદિકધર્મ મોક્ષ માટે તપસ્યા અથવા સાધુ-ધર્મને અનિવાર્ય ગણતા નથી. શ્રીમદ્ રાજચંદ્રે પણ આત્મસાક્ષાત્કારના અનુભવ પર ભાર મૂકીને સાધુ-દીક્ષાની મહત્તાને ઘટાડી દીધી. વાસ્તવમાં જીવનના પ્રાથમિક તબક્કે સમ્યક્દર્શન કે આત્મસાક્ષાત્કાર (ચોથા ગુણસ્થાન) પ્રાપ્ત કરી તપના માર્ગે આગળ વધી છઠ્ઠા-સાતમા ગુણસ્થાન સુધી તેઓ પોતે પહોંચ્યા હોય એમ જણાય છે. શ્રીમદ્ રાજચંદ્રે જણાવ્યું છે કે આત્મધર્મ એજ સર્વ ફિલસૂફીનું ઉદ્‌ગમ છે. આજે પણ કોઈ અધિકારી ગુરુના માર્ગદર્શન હેઠળ જ્ઞાન પ્રાપ્ત કરીને આત્મસાક્ષાત્કાર થઈ શકે છે. તેમનો દાવો હતો કે સાત વર્ષની ઉંમરે તેમને પૂર્વજન્મોની

[46] *Shrimad Rajchandra*, Shrimad Rajchandra Ashram, Agas, India, 1985

[47] Self-Realisation (An English Translation) by Mehta, D.C., Bharatiya Vidya Bhavan, Mumbai, 1978

સ્મૃતિ થઈ હતી. અને એથીયે મોટો દાવો એ હતો કે શ્રાવક રાજચંદ્રે ૧૮૯૦માં આત્મસાક્ષાત્કારની સ્થિતિ (મોક્ષ કે આત્મસિદ્ધિ અંગે તેમનું અંગત મંતવ્ય) પ્રાપ્ત કરી હતી. જીવનના અંતિમ દિવસોમાં તેમણે લલ્લુજી, દેવકરણજી અને કેટલાક સાધુ અનુયાયી સમક્ષ જાહેર કર્યું કે રાજચંદ્ર અને મહાવીર વચ્ચે તમારે કોઈ ભેદ પાડવો જોઈએ નહિ. ચત્રભુજ બેચરને ઉદ્દેશીને લખેલા પત્રમાં શ્રીમદ' રાજચંદ્ર કહે છે :

**'હું બીજો મહાવીર છું.' એમ મને આત્મિક શક્તિ વડે જણાયું છે... સત્ય કહું છું કે હું સર્વજ્ઞ (કેવળી) સમાન સ્થિતિમાં છું; એક ખરો ધર્મ ચલાવવા માટે આત્માએ ઝંપલાવ્યું છે... મહાવીરે તેમના સમયમાં મારો ધર્મ કેટલાક અંશે ચાલતો કર્યો હતો. હવે તેવા પુરુષોના માર્ગને ગ્રહણ કરીને હું શ્રેષ્ઠ ધર્મનું સ્થાપન કરીશ... અત્રે એ ધર્મના શિષ્યો કર્યા છે. સાતસો મહાનિતિ હમણાં એ ધર્મના શિષ્યોના માટે એક દિવસે તૈયાર કરી છે... હું સંસાર ત્યાગીને, તેઓને ત્યગાવીશ. સર્વ પ્રકારે હું સર્વજ્ઞ જેવો અત્યારે થઇ ચૂક્યો છું.**[48] [49]

વૈષ્ણવ પિતા અને જૈન માતા થકી જન્મેલ લક્ષ્મીનંદને નાની વયમાં હિંદુ અને જૈન બંને ફિલસૂફીનો ઊંડો અભ્યાસ કર્યો હતો. ચાર વર્ષની ઉંમરે માતા પિતાએ તેમનું રાયચંદ નામ પાડયું. પછી તેઓ શ્રીમદ્ રાજચંદ્ર તરીકે ઓળખાવા લાગ્યા. તેમના શરૂઆતનાં લખાણો (પુષ્પમાળા, બોધવચન, અનુપ્રેક્ષા)માં બાળપણની હિંદુ વૈદિક ફિલસૂફીની અસર સ્પષ્ટપણે જોવા મળે છે. તેમાં તેમણે સત્સંગનો મહિમા ગાયો છે. સદ્ગુરુ(સત્પુરુષ), સદ્શ્રુત(સદુપદેશ), અને સત્સંગ અ ત્રણેનો આત્મસાક્ષાત્કાર પામવા માટે અપૂર્વ મહિમા જણાવ્યો છે.

તેમણે તેમની અલ્પ આયુના શેષ જીવનમાં આ ત્રણે વસ્તુના મહિમાનું ગાન કર્યું. બાવીસમે વર્ષે હિંદુ ફિલસૂફીની બીજી એક વિચારસરણી - 'ભક્તિમાર્ગ' - તેમણે વહેતી મૂકી અને ગુરુનું સ્થાન દેવસ્થાન સુધી ઊંચું દર્શાવ્યું. તેમના એક હિંદુ ભક્ત મનસુખરામ સૂર્યરામ અને શ્રીમદ્ રાજચંદ્ર વચ્ચે થયેલા કુલ નવ પત્રવ્યવહારમાં શ્રીમદ્ રાજચંદ્ર કહે છેઃ "શાસ્ત્રોમાં તો મોક્ષમાર્ગ તરફ લઈ જતાં માર્ગોનું કેવળ વર્ણન જ છે. પરંતુ એ મોક્ષમાર્ગનું ગૂઢ રહસ્ય તો સદ્ગુરુના હૃદયમાં રહેલું છે. તેથી સદ્ગુરુમાં જ સાક્ષાત પરબ્રહ્મનાં દર્શન કરવાથી પરબ્રહ્મ પુરુષોત્તમને પામી શકાય છે. પરબ્રહ્મ, સદ્ગુરુ અને સંત એ ત્રણે એકજ છે, ત્રણેમાં કાંઇ ફરક નથી." મુનિ લલ્લુજીને લખેલા પત્રમાં શ્રીમદ્ સલાહ આપે છે કે, "સદ્ગુરુની ભક્તિમાં નિમગ્ન થઈ જાઓ. સદ્ગુરુનાં લીલાચરિત્રોનું ચિંતવન કરો. સદ્ગુરુના ગુણોનું મનન કરો. સદ્ગુરુના મુખારવિંદનું ધ્યાન અને અંતરૂદષ્ટિથી દર્શન કરો. તેમની પ્રત્યેક ક્રિયા-શારીરિક, વાચિક અને માનસિક-નું વારંવાર મનન કરો. સદ્ગુરુ જેમ કહે તેમ નિષ્ઠાપૂર્વક કરો... આ છે ... પરમાત્માને પામવાનો સાચો ઉપાય." તેમના પરમ આદરણીય ગ્રંથ આત્મસિદ્ધિમાં કુલ ૧૪૨પૈકી ૩૧ શ્લોકમાં શ્રીમદ્દે મોક્ષમાર્ગમાં સદ્ગુરુની આવશ્યકતા અને ભક્તિના મહિમાનું વર્ણન કર્યું છે.

---

[48] શ્રીમદ્ રાજચંદ્ર, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ, આવૃત્તિ ૮, પાન ૧૬૫, આંક ૨૭, ૧૯૯૮

[49] Mehta S.R. and Seth B.G., Shrimad Rajchandra: A Great Seer, Shrimad Rajchandra Ashram, Agas, 1971

જૈન પરંપરામાં આધ્યાત્મિક ઉન્નતિ માટે ગુરુની ભૂમિકા સ્વીકારી છે પણ શ્રીમદ્ જેટલું ગુરુને મહત્ત્વ આપ્યું નથી. શ્રીમદ્‌ની ગુરુભક્તિ એ તેમના પર વૈષ્ણવ વેદાંતનો અને ભક્તિમાર્ગનો પ્રભાવ દર્શાવે છે.

**શ્રીમદ્ રાજચંદ્રે પત્રો, ગ્રંથો અને સંગ્રહો દ્વારા સરળ અને સહેલાઈથી સમજી શકાય એવી અર્વાચીન ભારતીય ભાષાના ગદ્ય અને પદ્યમાં જૈનધર્મની સાચી સમજણ આપી જૈનધર્મમાં બહુ મોટું પ્રદાન કર્યું છે.**

શ્રીમદ્ વારંવાર ભારપૂર્વક કહે છે કે જૈનધર્મ સર્વોપરી ધર્મ છે; પરંતુ ગુરુભક્તિ માટે તેમનો સતત આગ્રહ તેમજ હરિ, બ્રહ્મન્, સત્, ચિત્, આનંદ વગેરે વેદાંતના શબ્દોનો પ્રયોગ તથા તેમનાં કેટલાંક વિધાનો દા.ત. 'બ્રહ્મ આ વિશ્વનું અધિષ્ઠાન છે' એ તેમનો અદ્વૈત વેદાંત દૃષ્ટિકોણ જૈનોના દ્વૈતવાદી દૃષ્ટિકોણથી તદ્દન વિરુદ્ધ છે. આમ, શ્રીમદ્ પર હિંદુધર્મનો અને વૈષ્ણવમાર્ગનો પ્રભાવ જોવા મળે છે. હિંદુ-જૈન પરિવારમાં તેમનો જન્મ થયો અને જૈનેતર સાહિત્યનું - દાસબોધ, ભગવદ્‌ગીતા, ગુરુગીતા, યોગવશિષ્ઠ વગેરે ગ્રંથોનું - તેમનું બહોળું વાંચન. આ બે મુખ્ય કારણોને લીધે આ પ્રભાવ તદ્દન સહજ અને સ્વાભાવિક છે.

ટૂંકમાં શ્રીમદ્ રાજચંદ્રે પત્રો, ગ્રંથો અને સંગ્રહો દ્વારા સરળ અને સહેલાઈથી સમજી શકાય એવી અર્વાચીન ભારતીય ભાષાના ગદ્ય અને પદ્યમાં જૈનધર્મની સાચી સમજણ આપીને તેમણે જૈનધર્મમાં બહુ મોટું પ્રદાન કર્યું છે. જૈન અને જૈનેતર ફિલસૂફીનું ઊંડું જ્ઞાન અને ગુરુભક્તિનો સતત દૃઢ આગ્રહ - આ બે કારણોને લીધે તેમને (અને આખરે તો જૈનધર્મને) બહુ મોટા પ્રમાણમાં જૈન અને જૈનેતર શિષ્યો મળ્યા. મહાત્મા ગાંધીએ પણ શરૂઆતનાં વર્ષોમાં પોતાને શ્રીમદ્‌ના શિષ્ય તરીકે જાહેર કર્યા હતા. શ્રીમદ્‌ના પ્રશંસકોના મતે શ્રીમદ્ ઉદાર મતવાદી અને સુધારાવાદી હતા. તેમણે જૈન અને વૈદિક ફિલસૂફીનો સમન્વય કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે તેમના ટીકાકારો શ્રીમદ્‌ની આવી સમન્વયાત્મક વિચારસરણીને તેમના મનની દ્વિધા કે તેમના સંદિગ્ધ અભિગમ તરીકે જુએ છે. આ બે ફિલસૂફીના વિરોધી વિચારોની ગૂંચવણમાંથી શ્રીમદ્ ક્યારેય બહાર આવી શક્યા નહોતા. ટીકાકારોના મતે જૈનોના પરંપરાગત તપમાર્ગના સિદ્ધાંતને પડકારવાનો અને સુધારવાનો શ્રીમદ્‌નો આ એક નિષ્ફળ પ્રયાસ હતો.

વાસ્તવમાં શ્રીમદ્દે જૈનધર્મની અંદર ગુરુભક્તિની એક ચળવળ શરૂ કરી. 'શ્રાવક હોવા છતાં મેં કેવળજ્ઞાન અને આત્મસાક્ષાત્કાર (મોક્ષ) પ્રાપ્ત કર્યા છે. હું બીજો મહાવીર છું.' આવો ઉદ્‌ઘોષ કરીને શ્રીમદ્દે પોતાની ચળવળમાં લોકોને અને પ્રશંસકોને આકર્ષ્યા હતા. ૧૯૦૧માં તેમનું અકાળ મૃત્યુ થયું ત્યારથી, 'ગુરુમાં સંપૂર્ણ ભક્તિ' દ્વારા અમને પણ આત્મસાક્ષાત્કાર (મોક્ષ) થયો છે એવો દાવો તેમના ઘણાં શિષ્યોએ કર્યો. શ્રીમદ્‌ના અંતેવાસી શિષ્ય લલ્લુ અને લલ્લુએ નીમેલા અનુગામી બ્રહ્મચારી ગોવર્ધનદાસે પણ આવો દાવો કર્યો અને પ્રત્યક્ષ ગુરુ પરંપરાના અનુક્રમે પોતાના સત્તાધિકારની પણ જાહેરાત કરી.

આત્મસિદ્ધિનો ૧૧મો શ્લોક ટાંકીને બીજા કેટલાક લોકોએ પણ આવો જ દાવો કર્યો. એ શ્લોકમાં શ્રીમદ્દે 'પ્રત્યક્ષ ગુરુ' અને 'પરોક્ષ ગુરુ' એમ બે પ્રકારના સત્પુરુષની વાત કરી છે. દા. ત. લાડકચંદ

વોરા (૧૯૦૩ - ૧૯૯૭) એ શ્રીમદ્ પ્રબોધિત પરોક્ષ ગુરુભક્તિના આધારે પોતાને સ્વતંત્ર ગુરુ તરીકે જાહેર કર્યા અને ગુજરાતના સાયલા ગામે તેમણે 'રાજ સૌભાગ સત્સંગમંડળ'ની સ્થાપના કરી. ડૉ. મુકુંદ સોનેજી (આત્માનંદ મહારાજ)એ ૧૯૬૯માં પોતાને આત્મસાક્ષાત્કાર થયો હોવાનું જણાવ્યું. તેમણે 'શ્રીમદ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર' એ નામે આશ્રમની સ્થાપના કરી. તે હાલ કોબા, ગુજરાતમાં આવેલું છે. તે જ પ્રમાણે ડૉ. રાકેશ ઝવેરીને તેમના શિષ્યોએ ૧૯૮૦માં ગુરુ તરીકે સ્વીકાર્યા. તેમણે મુંબઈમાં 'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સત્સંગ સાધના કેન્દ્ર'ની સ્થાપના કરી. તે હવે દક્ષિણ ગુજરાતના ધરમપુર ગામમાં પુનઃસ્થાપન કરવામાં આવ્યું છે.

ગુરુભક્તિ દ્વારા શ્રાવકો પણ સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે એવો ઉપદેશ આપીને કદાચ શ્રીમદ્ રાજચંદ્રના મનમાં ગુરુ પરંપરાને ચાલુ રાખવાની ઈચ્છા હશે પણ તેથી તો તેમની પરંપરાના અનેક શિષ્યો પોતાને ગુરુ તરીકે સ્વતંત્રપણે જાહેર કરી શકે એ વાતને ઉત્તેજન મળ્યું અને આમ અજાણતાં પોતાની આ ચળવળમાં આંતરિક કલહ અને સત્તાના સંઘર્ષ માટે દ્વાર ખોલ્યો. આનું પરિણામ શું આવશે તેની આજે આગાહી કરવી એ બહુ વહેલું ગણાશે. પણ શ્રીમદ્દે પોતાને 'બીજા મહાવીર' જાહેર કર્યાથી રૂઢિચુસ્ત જૈન ટીકાકારોના મનમાં શંકા ઊભી થાય એ સ્વાભાવિક છે.

## *ગુરુદેવ ચિત્રભાનુ અને આચાર્ય સુશીલકુમાર*

બે બે વિશ્વયુદ્ધો, કેટલાંક પ્રાદેશિક યુદ્ધો, અમુક જાતિનો મૂલોચ્છેદ અને કત્લેઆમ જેવી દારુણ ઘટનાઓથી ૨૦મી સદીની છબી ખરડાયેલી છે. વિશ્વના તમામ બુદ્ધિજીવીઓ આવી દારુણ ઘટનાઓથી ઉદ્વિગ્ન થઈ ગયા. અને તેમણે શાંતિના વિવિધ માર્ગો શોધવાના પ્રયત્નો શરૂ કર્યા. આધ્યાત્મિક અધિવેશન દ્વારા આંતરધર્મ પરિસંવાદ એ આ દિશામાં એક અત્યંત મહત્ત્વનું કદમ હતું. અમેરિકા સ્થિત *ટેંપલ ઓફ અંડરસ્ટેંડીંગ* નામની એક સંસ્થાએ ૧૯૭૦માં એક આધ્યાત્મિક શિખર પરિષદનું જીનિવા, સ્વિત્ઝર્લેન્ડમાં આયોજન કર્યું હતું. તે પરિષદમાં ભાગ લેવા માટે ભારતના એક જૈન સાધુને જૈનધર્મના પ્રતિનિધિ તરીકે નિમંત્રણ મળ્યું હતું. સાધુ મુનિ ચંદ્રપ્રભાસાગર (જે પછીથી ગુરુદેવ ચિત્રભાનુજી તરીકે ઓળખાયા)ને ભગવાન મહાવીરના શાંતિસંદેશને આ પરિષદમાં લઈ જવાની અંતરમાં દૃઢ પ્રેરણા થઈ. પરંતુ જૈન પરંપરાએ સાધુઓ પર મૂકેલા પ્રવાસનિયંત્રણોને કારણે મનમાં દ્વિધા અનુભવતા હતા.

> **'ભગવાન મહાવીર આધ્યાત્મિક પૂર્ણતાને વળગીને એકબાજું બેસી રહ્યા નહોતા પણ અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદના સિદ્ધાંતો દ્વારા <u>સમાજના પુનરુત્થાન</u> માટે તેમણે પોતાનું જીવન ન્યોચ્છાવર કરી દીધું હતું.'**

જૈન પરંપરા મુજબ સાધુ-સાધ્વીને વાહનમાં પ્રવાસ કરવા પર પ્રતિબંધ છે. તે પરંપરા અનુસાર મુનિ ચંદ્રપ્રભાસાગરે ભગવાન મહાવીરના સંદેશને ભારતના ગામડાં, નગરો અને શહેરોના ખૂણે ખૂણે પહોંચાડવા માટે કુલ ૩૦,૦૦૦ માઈલ પગપાળા પ્રવાસ ૨૮ વર્ષમાં કર્યો હતો. હવે તેમને લાગ્યું કે આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં વિશ્વના બધા જ ધર્મો ભાગ લેશે. આ એક એવો મંચ છે જ્યાં ભગવાન

મહાવીરના અહિંસા, સર્વજીવસમભાવ, ભ્રાતૃભાવ અને વૈશ્વિક શાંતિના સંદેશને વિશ્વના અન્ય ધર્મો સમક્ષ મૂકવાની આ એક સોનેરી તક છે. વળી સાધુ પર મૂકેલા પ્રવાસ નિયંત્રણોને કારણે વિદેશમાં વસતા હજારો શ્રાવકો આધ્યાત્મિક માર્ગદર્શનથી વંચિત રહે છે એમ પણ તેમને લાગતું હતું. આફ્રિકા, યુરોપ, ઉત્તર અમેરિકા વગેરે દેશોમાં દર વર્ષે હજારોની સંખ્યામાં જૈનો સ્થાયી થતાં જાય છે. જૈનસાધુઓની ગેરહાજરીને કારણે આ જૈનો તેમની આધ્યાત્મિક વિશેષતા બહુ ઝડપથી ખોઈ રહ્યા છે. આ તમામ વસ્તુઓનો વિચાર કરીને આખરે મુનિ ચંદ્રપ્રભાસાગરે આ શિખર પરિષદમાં ભાગ લેવા માટે જીનિવાના પ્રવાસે જવાનું નક્કી કર્યું.

એક જૈન સાધુ વિદેશ પ્રવાસ કરવા નીકળે એ બાબતે ભારતીય જૈનસમાજમાં વિરોધનો વંટોળ ઊઠયો. પણ જીનિવાની મુલાકાતથી મુનિ ચંદ્રપ્રભાસાગરને તેમના વિશ્વવ્યાપી કાર્ય માટે એક નવી દૃષ્ટિ મળી.



તેના પગલે તેમણે સાધુ-ધર્મનો ત્યાગ કર્યો અને શ્રાવક ચિત્રભાનુના નામે ફરી એક વાર વિદેશનો પ્રવાસ ખેડયો. ચિત્રભાનુ નામથી જ તેમણે વર્ષોસુધી ગદ્ય અને પદ્યમાં રચના પણ કરી હતી. ૧૯૭૧માં તેઓ કેનિયા અને લંડન ગયા. હેગ અને અમેરિકામાં પણ તેમની વ્યાખ્યાનમાળા યોજાઈ. હવે તેઓ ન્યૂયોર્કને તેમની પ્રવૃત્તિનું મુખ્ય કેન્દ્ર બનાવવા માગતા હતા. એક સાધુની નૈતિક હિંમતથી, નવવિચારક આંદોલનકારના દૃઢ સંકલ્પથી અને મિશનરીના ઉત્સાહથી તેમણે ન્યુયોર્કના સંયુક્ત રાષ્ટ્રસંઘ ભવનની નજીક અમેરિકાના પ્રથમ 'જૈન મેડિટેશન ઈન્ટરનેશનલ કેન્દ્ર' ની સ્થાપના કરી. સાધુ ન રહ્યા હોવા છતાં આધ્યાત્મિક ગુરુ તરીકે તેઓ અમેરિકામાં ઝડપથી લોકપ્રિય બની ગયા. જૈનો અને જૈનેતરોનાં પ્રેમ અને આદર તેમણે સંપાદન કર્યાં. લોકો હવે તેમને પ્રેમાદરથી 'ગુરુદેવ ચિત્રભાનુજી' એ નામથી બોલાવવા લાગ્યા.

મુનિ ચંદ્રપ્રભસાગરે વિદેશ પ્રવાસ માટે નીડરપણે લીધેલો એ નિર્ણય આખરે જનસુધારાના પ્રયાસ માટે મહત્ત્વપૂર્ણ અને સમયોચિત પુરવાર થયો.[50] [51] ૧૯૭૫માં તેમના સૌજન્યથી અને તેમનાં પગલાંને અનુસરી બીજા એક જૈનસાધુ સુશીલકુમારજી પણ અમેરિકામાં આવ્યા. ભગવાન મહાવીરના સંદેશને પશ્ચિમના દેશોમાં પહોંચાડવામાં ચિત્રભાનુજીની સાથે તેઓ જોડાઈ ગયા. આચાર્ય સુશીલકુમારજીએ 'ધ મહાવીર જૈન મિશન' અને ઉત્તર અમેરિકામાં પ્રથમ જૈન યાત્રાધામ 'સિદ્ધાચલમ્'ની સ્થાપના કરી. ૧૯૮૧માં આ બંને ધર્મનેતાઓએ ઉત્તર અમેરિકાના વિવિધ ભાગોમાં વસતા આશરે ૮૦,૦૦૦

[50] Clare Rosenfield, Gurudev Shree Chitrabhanu: A Man of Vision, Jain Meditation International Centre, New York, 1981

[51] Jain D.P., The Wave of Bliss: Impact of Chitrabhanu on The Western World, Swadhyay Mandir Charitable Trust, Ahmedabad

જૈનોને JAINA ('ધ ફેડરેશન ઓફ જૈન ઍસોશિએશનસ્ ઓફ નોર્થ અમેરિકા') ના છત્ર હેઠળ એકત્રિત થવાની પ્રેરણા આપી. તેમના આશીર્વાદથી સૌએ સાથે મળીને ૫૭ જૈન કેન્દ્રો અને ૧૬ જૈન દેરાસરોની અમેરિકામાં સ્થાપના કરી. દર વર્ષે ગુરુદેવ ચિત્રભાનુજી યુરોપ, આફ્રિકા અને ભારતમાં બહોળો પ્રવાસ કરે છે અને ત્યાં ઉત્તરોત્તર વધતી જતી સંખ્યામાં લોકોને મહાવીર ભગવાનનો સંદેશો પહોંચાડે છે. જૈન યુવાપેઢી સાંપ્રદાયિકતાને વિસરી, અહિંસા અને અનેકાંતવાદના અમૂલ્ય વારસાને સાચવી રાખે એ હેતુથી તેમનું આ વિશ્વવ્યાપી મિશન છે.

## *આચાર્યા ચંદનાજી*

જૈનધર્મમાં આધુનિક સુધારા ઝુંબેશની સૌથી વિવાદાસ્પદ વ્યક્તિ જો કોઈ હોય તો તે છે આચાર્યા ચંદનાજી. ૧૯૩૭માં તેમનો જન્મ થયો. માતાપિતા માણેક અને પ્રેમે તેમનું નામ શકુંતલા પાડયું હતું. ૧૪ વર્ષની વયે તેમણે આચાર્ય આનંદઋષિ પાસે દીક્ષા લીધી. 'ભગવાન મહાવીર પોતાની આધ્યાત્મિક પૂર્ણતાને વળગીને એકબાજુ બેસી રહ્યા નહોતા પણ અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદના સિદ્ધાંતો દ્વારા <u>સમાજના પુનરુત્થાન</u> માટે તેમણે પોતાનું જીવન ન્યોચ્છાવર કરી દીધું હતું.' ભગવાનના જીવનની આ એક હકીકતથી ચંદનાજી અત્યંત પ્રભાવિત થઈ ગયાં. વાસ્તવમાં ભગવાન મહાવીરનો અહિંસાનો કેન્દ્રવર્તી સંદેશ એ જીવપ્રાણી માત્રની તથા માનવની સેવા માટે સહુને હાકલ કરે છે. તેથી ૧૯૭૨માં તેમણે સુધારાવાદી માનસ ધરાવતા ગુરુ અમરમુનિના એક સાધ્વીમંડળમાં જોડાવાનો નિર્ણય લીધો. અનેકાંતવાદના ખરા જુસ્સાથી તેમણે જૈન અને જૈનેતર શાસ્ત્રોનો અભ્યાસ ઝડપથી પૂરો કર્યો. તેમની આધ્યાત્મિક પ્રગતિને લક્ષમાં લઈને અમરમુનિએ ૧૯૮૬માં તેમની દર્શનાચાર્ય પદે અભિવૃદ્ધિ કરી.



ભગવાન મહાવીરનો સમાનતાનો સંદેશ પણ તેમને અત્યંત સ્પર્શી ગયો હતો. મહાવીર ભગવાનનો ચતુર્વિધ સંઘ સમાનતાના આધાર પર રચાયેલો હતો. અર્થાત્ તેમાં વર્ણ કે જાતિના કોઈ બંધનો નહોતાં. ભગવાન મહાવીરે ઊંચ કે નીચ વર્ણના હિંદુઓને, સ્ત્રી કે પુરુષ સૌને રાજીખુશીથી આવકાર્યા હતા. કેવળ વિદ્વત્તા અને આધ્યાત્મિક ઉન્નતિના આધારે સાધુ-સાધ્વીઓનો પદક્રમ સ્થાપિત કર્યો હતો. સાધુ-સાધ્વીઓના સંઘમાં આચાર્ય તરીકે ભગવાન મહાવીરે સ્ત્રી તેમજ પુરુષ બંનેની નિમણૂક કરી હતી. ભગવાન મહાવીરના સમય દરમિયાન તમામ સાધ્વીઓનાં આચાર્યા તરીકે ચંદનબાળા નામે

[52] Jacobi, H., "The leader of the nuns (in Mahavira's Sangh) was Acharya Chandana", Jain Sutras, Part 1, Oxford

[53] જૈન મ. ક., પ્રભાચંદ્રકા ન્યાયકુમુદ ચરિત્ર, મુંબાઇ, ૧૯૪૧, પાનાં ૮૬૫-૭૦

[54] મુનિ જંબુવિજયજી (સંપાદક), શાકટયાનનું સ્ત્રી નિર્વાણ કેવલી ભાક્તિ પ્રકરણ, ભાવનગર

એક સાધ્વી હતાં.[52] પરંતુ સમય જતાં પુરુષપ્રધાન સમાજમાં જેમ અન્ય ધર્મમાં બન્યું હતું તેમ જૈનોમાં પણ સાધ્વીઓનો પદક્રમ સાધુઓના પદક્રમ કરતાં ગૌણ ગણાવા લાગ્યો.

દિગંબર લેખક પ્રભાચંદ્રે[53] તો એટલે હદ સુધી લખ્યું કે સ્ત્રીઓ સાચા અર્થમાં ક્યારેય જૈન બની શકે જ નહિ. પરંતુ તેમના સમકાલીન શ્વેતાંબર લેખક શાકત્યયાને[54] આવા વલણનો સખત વિરોધ કર્યો. તેમણે ભારપૂર્વક કહ્યું કે પુરુષની જેમ સ્ત્રીઓ પણ માનવસમાજના સમાન સભ્યો છે. તેથી સ્ત્રીઓ પણ મોક્ષ માટે અધિકારી અને સમર્થ છે. પરંતુ થોડા જ સમયમાં શ્વેતાંબરોએ પણ પિતૃવંશી વલણ જ સ્વીકાર્યું હતું. શ્વેતાંબરોના પદક્રમ પ્રમાણે કનિષ્ઠ સાધુ વરિષ્ઠ સાધુને વંદન કરે છે. નવોદિત સાધુ (ગમે તે વયના હોય) પોતાની પહેલા દીક્ષા લીધેલ સાધુઓને વંદન કરે છે. શ્રાવકો સાધુઓને વંદન કરે છે. પરંતુ મધ્યકાલીન શ્વેતાંબર આચાર્ય જિનદત્તસૂરીએ દેરાસરમાં મુખ્ય તીર્થંકરની મૂર્તિની પૂજા કરવા માટે સ્ત્રીઓ પર બંદી મૂકવાનો પ્રયાસ કર્યો.[55] અને શ્વેતાંબર સંઘે આ નવા નિયમને સ્વીકારી લીધો. સાધ્વીને દીક્ષા લીધે ગમે તેટલાં વર્ષો થયા હોય અને તે ગમે તેટલાં વરિષ્ઠ પદે હોય તોપણ તેમણે નવોદિત સાધુને ફરજિયાત વંદન કરવાં પડે છે.[56] આચાર્ય જિનદત્તસૂરીએ સાધુ-સાધ્વીઓનો સંઘમાં દરજ્જો દર્શાવતી પદવીની એક નવી યાદી તૈયાર કરી.

**ભગવાન મહાવીરે કેવળ વિદ્વત્તા અને આધ્યાત્મિક ઉન્નતિના આધારે સાધુ-સાધ્વીઓનો પદક્રમ સ્થાપિત કર્યો. સાધુ-સાધ્વીઓના સંઘમાં આચાર્ય તરીકે ભગવાન મહાવીરે સ્ત્રી તેમજ પુરુષ બંનેની નિમણૂક કરી હતી. ભગવાન મહાવીરના સમયે તમામ સાધ્વીઓનાં આચાર્યા તરીકે ચંદનબાળા નામે એક સાધ્વી હતા**

| **સાધુ સંઘ** | **સાધ્વી સંઘ** |
|---|---|
| ૧. સાધુ કે મુનિ | ૧. સાધ્વી કે ગણિની |
| ૨. ગણિવર્ય | ૨. પ્રવર્તની અને |
| ૩. પંન્યાસ / પ્રવર્તક | ૩. મહત્તરા. |
| ૪. ઉપાધ્યાય | |
| ૫. આચાર્ય. | |

તેથી કેવળ આચાર્યો જ 'સંઘના પ્રમુખ' તરીકે ઓળખાવા લાગ્યા. જો કે આખરે ગભારામાં જઈને તીર્થંકરોની મૂર્તિપૂજા કરવાની સ્ત્રીઓને છૂટ મળી. (જો કે દિગંબર પંથમાં હજી પણ સ્ત્રીઓંને તેવા છુટ નથી.) હકીકતમાં જૈન ઈતિહાસમાં બહુ લાંબા સમય સુધી માત્ર પુરુષોને જ સંઘના પ્રમુખ બનાવવામાં આવતા હતા એ બાબત યુવા સાધ્વી ચંદનાજીના ખ્યાલ બહાર નહોતી. કેવળ નામમાત્ર બની ગયેલ 'મહત્તરા' પદવીને બદલે 'આચાર્યા'ની પદવી ધારણ કરીને ચંદનાજી અને તેમને પદવી આપનાર અમરમુનિજીએ એ પરંપરાને તોડી અને તેમણે ભગવાન મહાવીરના સમભાવના સંદેશની

[55] Dundas, Paul, The Jains, Routledge, London, 1992 p.52
[56] Dundas, Paul, The Jains, Routledge, London, 1992 p.27

પુનઃસમીક્ષા કરવા માટે સમગ્ર જૈનસંઘને નિમંત્રણ આપ્યું. મહાવીર ભગવાનનો સાચો સંદેશ અને ઈતિહાસ તેમને પક્ષે હોવાથી આચાર્યા બનવું એ ચંદનાજીની કૃતનિશ્ચયતા અને જૈન પ્રથાને ખુલ્લો પડકાર હતો. આ તેમનું ગુણવૈશિષ્ઠ્ય આપણને તેમની લગભગ તમામ પ્રવૃત્તિમાં સ્પષ્ટપણે જોવા મળે છે.

મહાવીર ભગવાનના જીવદયા સંદેશના મુદ્દા પર કાંઈક નક્કર કામ થવું જ જોઈએ એમ તેમને લાગ્યું. જૈનોના કર્મસિદ્ધાંત અને તપ માર્ગનું બહુ ખોટું અર્થઘટન થયું છે એમ તેઓ કહે છે. તમામ કર્મોમાંથી પોતાના આત્માને મુક્ત કરવા માટે શેષ જીવન સમર્પિત કરી દઈશ એવી વ્યક્તિગત વચનબદ્ધતા સાથે જૈનસાધુઓ મહાવ્રત લે છે. પરંતુ સારાં અને ખરાબ કર્મો જીવને કાર્મિક બંધન કરે છે તે વિધાનના આધારે મોટાભાગના સાધુઓ તેમના મહાવ્રતનું એવું અર્થઘટન કરે છે કે તેમણે તમામ અનાવશ્યક પ્રવૃત્તિથી દૂર રહેવું જોઈએ. તેઓ શ્રાવકોને જીવદયા અને સમાજકાર્યની પ્રવૃત્તિમાં જોડાવાની સલાહ આપે છે પણ પોતે 'કર્મમાં આસક્તિ અને તેના ફળસ્વરૂપ કાર્મિક બંધન' ના પરિહાર્ય માટે તેવી પ્રવૃત્તિથી દૂર રહે છે. ભારત જેવા ગરીબ દેશમાં સામાજિક ન્યાય માટે ચાલતી પ્રવૃત્તિ પર આવાં અર્થઘટનોની ગંભીર નકારાત્મક અસર પડે છે. જૈન શ્રાવકો દેરાસરો માટે ઉદાર હાથે દાન આપે છે. તેમજ હૉસ્પિટલ, પાંજરાપોળ, શાળા, યાત્રાધામ વગેરે માટે આર્થિક સહાય પણ આપે છે. પરંતુ માનવતાવાદી પ્રવૃત્તિમાં સાધુઓ પ્રત્યક્ષપણે સામેલ ન થવાથી સ્વયંસેવક તરીકે માનવતાવાદી સેવા આપવાની સંસ્કૃતિનો વિકાસ જૈનસંઘમાં જોઈએ તેટલા પ્રમાણમાં થયો નથી.

> **મારો મોક્ષ કરવો અને સંસારના સર્વ જીવોનો ઉદ્ધાર કરવો એ જ મારી દીક્ષાનું મિશન છે. તે માટે ભગવાન મહાવીરના મૂળ સૂત્રોમાંથી મને સતત પ્રેરણા મળે છે.**
>
> **આચાર્ય ચંદનાજી, *અમર ભારતી*, વિરાયતન પ્રકાશન, ખંડ ૪, જાન્યુઆરી ૧૯૮૮, પાનું ૯**

આ વિષયની ગંભીરતાની આચાર્ય ચંદનાજીએ નોંધ લીધી. સમગ્ર વિશ્વમાં સામાજિક ન્યાય, માનવઅધિકાર અને પ્રાણી અધિકારના અર્થમાં અભિનવ અધ્યાત્મના વિચારનો વિકાસ થઈ રહ્યો છે તે હકીકતથી પણ તેઓ વાકેફ હતા. આ વિચાર તો મહાવીરજીએ ૨૫૦૦ વર્ષ પૂર્વે ઉપદેશ્યો હતો!

ચંદનાજી તેમના ગુરુને સમાજસેવાનાં કાર્યો હાથ ધરવા માટે સતત આગ્રહ કરતા રહ્યાં. ગુરુ ઉપાધ્યાય અમરમુનિજીએ બિહારના એક અવિકસિત વિસ્તારમાં જઈ ગરીબોને મદદ કરવાના એક અત્યંત મુશ્કેલ અને જોખમકારક માનવતાવાદી કાર્યની જવાબદારી ઉપાડવાની ૧૯૭૩માં ચંદનાજી અને અન્ય ચાર સાધ્વીઓને આજ્ઞા કરી. ૨૫૦૦ વર્ષ પૂર્વે બિહાર જૈનધર્મનું મુખ્ય મથક હતું. ચોવીસ પૈકી બાવીસ તીર્થંકરોએ એક સમયે આ ભૂમિ પર વિચરણ કર્યું હતું અને આ જ ભૂમિ પર તેમને મોક્ષ પ્રાપ્તિ થઈ હતી. આ ભૂમિમાં રાજગૃહી નામના સ્થાનકમાં ભગવાન મહાવીરે ચૌદ વર્ષ તપની આરાધના કરી અને લોકોને પ્રેમ, જીવદયા અને અહિંસાનો ઉપદેશ આપ્યો હતો. પણ આજે બિહારમાં જૈન કુટુંબો જૂજ

છે. બિહાર સૌથી ગરીબ, અવિકસિત અને ખતરનાક પ્રદેશ ગણાય છે. એવી જોખમકારક પણ પવિત્ર ભૂમિમાં જઇને માનવસેવા કરવાનો આદેશ આ ચાર સાધ્વીઓને આપવામાં આવ્યો હતો. અને અહીં - બિહારના આ પવિત્ર પણ ખતરનાક રાજગૃહીમાં - આ સાધ્વીઓને 'વિરાયતન' નામની એક માનવતાવાદી સંસ્થા ઉભી કરવી હતી.

વિરાયતનની સ્થાપનાનાં શરૂઆતનાં વર્ષોમાં તેમને ખાસ સહાય મળી નહિ. ઊલટું સ્થાનિકો તરફથી તેમને ખૂબ વિરોધ સહન કરવો પડયો. એક નાનકડી કુટિરમાંથી તેમણે પોતાની પ્રવૃત્તિનો આરંભ કર્યો. શરૂઆતમાં ત્યાનાં લોકો તોડફોડ કરતા, લૂંટ ચલાવતા અને કુટિરની અંદર ઘૂસી બધું ફેંદી નાખતા. સાધ્વીઓનાં જીવનને પણ જોખમ હતું. પરંતુ આજે ત્રીસ વર્ષ બાદ આચાર્ય ચંદનાજી અને દસ સાધ્વીઓની સમર્પણભાવના અને મક્કમતાને કારણે એ નાનકડી કુટિરની વિરાયતન નામની વિરાટ સંસ્થામાં કાયાપલટ થઈ ગઈ છે. આજે વિરાયતન એક અગ્રગણ્ય જૈન સામાજિક-ધાર્મિકં સંસ્થા તરીકે ઊભી છે. ૨૦૦ પથારીની ક્ષમતા ધરાવતી નિઃશુલ્ક હૉસ્પિટલ, ઔષધાલયો, રાહતકેન્દ્રો, સંશોધનકેન્દ્રો અને શાળાઓ રાજગિર, ભુજ અને પૂનામાં વિરાયતન સંસ્થા હેઠળ ચાલે છે. ૨૦૦૧માં ગુજરાતમાં ભૂકંપ થયો ત્યારે આચાર્ય ચંદનાજી અને તેમની સાધ્વીઓ ત્યાં તત્કાળ હાજર થઈ ગયા. ત્યાં એક શાળા ખોલી. અને આશરે ૬૦૦૦ બાળકોને મફત ભોજન અને શિક્ષણ આપવાની શરૂઆત કરી.

આચાર્ય ચંદનાજી પોતે વિરાયતનના વહીવટ અને દેખરેખનું ધ્યાન રાખે છે. તેઓ સ્વયં એ પ્રવૃત્તિમાં સક્રિયપણે જોડાયેલા છે એટલું જ નહિ પણ આ માનવતાવાદી કાર્યમાં સાધ્વી શિષ્યો કુશળતાપૂર્વક સેવા આપી શકે તે માટે તેમને તબીબી, ફિલસૂફી, બિઝનેસ મેનેજમેન્ટ જેવાં ક્ષેત્રમાં વ્યવસાયી તાલીમ લેવા પ્રોત્સાહન આપતા રહે છે. તેઓ દીક્ષિત સાધ્વીઓને ધર્મના તુલનાત્મક અભ્યાસ માટે અને વિદેશમાં જૈન કેન્દ્રોની સ્થાપના માટે પરદેશ પણ મોકલે છે. આફ્રિકા, યુરોપ અને અમેરિકામાં વસતા શિષ્યોને સામાજિક ન્યાય, શિક્ષણ અને આધ્યાત્મિક સિદ્ધિનો સંદેશ આપવા, અને માનવતાવાદી સેવામાં અને અન્ય પ્રવૃત્તિમાં જોડાવા માટે સતત પ્રેરણા આપવા આચાર્ય ચંદનાજી પોતે પણ સતત વિચરણ કરતાં રહે છે.

સમસ્યા એ છે કે સક્રિય વહીવટકારની ભૂમિકા અદા કરવામાં સાધ્વીઓ માટે કેટલાંક નડતરો રહેલાં છે. દા.ત. આર્થિક ભંડોળ ઊભું કરવું અને તેની યોગ્ય વ્યવસ્થા કરવી, સરકારી અમલદારો, ધંધાદારી વ્યવસાયીઓ તથા કાર્યકરો સાથે સતત સંપર્કમાં રહેવું, સારા સંબંધો જાળવી રાખવા અને વિદેશનો પ્રવાસ કરવા વગેરે સાધ્વીઓને કરવું પડે છે. આચાર્ય ચંદનાજીના આવા કાર્યોથી જૈન સમાજનાં કેટલાક જૂનવાણી અનુયાયીઓ નારાજ છે અને આ સાધ્વીઓ તેમના પાંચ મહાવ્રતમાંથી ગેરરસ્તે દોરવાઈ ગયાં છે એવી દૃષ્ટિથી તેમને જુએ છે. તેમની દૃઢ માન્યતા છે કે સાધુ-સાધ્વીઓ અને તપસ્વીઓએ શાસ્ત્રોનું અધ્યયન, ધ્યાન, કાર્મિક બંધનમાંથી મુક્તિ જેવી આધ્યાત્મિક પ્રવૃત્તિમાં જ


સંપૂર્ણપણે કાર્યરત રહેવું જોઈએ. અન્ય કોઈ પણ પ્રવૃત્તિ જૈન નિદર્શિત આત્મશુદ્ધિના માર્ગને અનુસરવા માટે દર્શાવેલ વ્રતનિયમોમાંથી તેમને ગેરરસ્તે લઈ જાય છે.

આચાર્ય ચંદનાજીનાં દૈનિક કાર્યક્રમમાં શાસ્ત્રનું અધ્યયન અને ધ્યાન બંનેનો સમાવેશ છે પણ તેઓ જણાવે છે કે ભગવાન મહાવીરના અહિંસા, અનેકાંતવાદ અને અપરિગ્રહના સંદેશનો વ્યવહારમાં અમલ થાય એ જ સાચો અધ્યાત્મવાદ છે. તેઓ કહે છે કે તમામ તીર્થંકરોનું જીવન જ આ સંદેશનું જ્વલંત ઉદાહરણ છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તેમણે સમાજથી મોઢું ફેરવી લીધું નહોતું. સ્વસ્થ સામાજિક મૂલ્યોની સ્થાપના માટે તીર્થંકરોએ શેષજીવન સમર્પિત કરી દીધું હતું. સાચા અધ્યાત્મવાદની પુનર્ખોજ, માનવઅધિકાર અને તમામ જીવોના અધિકારના અર્થમાં અધ્યાત્મવાદની નવી પરિભાષા આપવા માટે આજે એક વિશ્વવ્યાપી ચળવળ (પ્રક : ૧૩) શરૂ થઈ છે. આચાર્ય ચંદનાજીના સુધારા પ્રયાસો આ સાંપ્રત વૈશ્વિક ચળવળની સમાંતર ચાલી રહ્યા છે. તેમની આ સુધારા ચળવળથી સમગ્ર વિશ્વમાં વિકાસશીલ ચિંતકો, ઝુંબેશકારો અને યુવાનો આકર્ષાયા છે. તે છતાં જૂનવાણી જૈનોનાં કડક આલોચના, વિરોધ અને ક્રોધ પણ ચાલુ રહ્યા છે. રાજગૃહી નજીક ગયા રેલ્વે સ્ટેશન પર કેટલાંક વિશાળ સંકેતચિહ્નો પ્રવાસીઓને ચેતવે છે:

> ચેતવણી - જોખમ
>
> **આસપાસના વિસ્તારમાં નિરંકુશ અરાજકતાને લીધે પ્રવાસીઓને ચેતવણી આપવામાં આવે છે કે સૂર્યોદય પહેલાં અને સૂર્યાસ્ત પછી રેલ્વે સ્ટેશનના પરિસરને છોડીને બહાર જવું નહિ.**
>
> ***તે ખતરનાક છે.***

આવા જોખમકારક વિસ્તારમાં કામ કરવાની મુશ્કેલીઓ અને અન્ય જૈનો તરફથી કટુ ટીકાનો વારંવાર તેમને સામનો કરવો પડે છે. તે વિશે મેં આચાર્ય ચંદનાજીને પૂછ્યું ત્યારે ચહેરા પર સૌમ્ય સ્મિત સાથે તેમણે ગુરૂદેવ અમરમુનિજી રચિત કાવ્યની એક પંક્તિ ટાંકી:

*'સુવાસ પાથરવા ધૂપસળીને સ્વયં બળવું પડે છે.*
*લોકોને માર્ગ દર્શાવવા પથદર્શકને પણ સ્વયં બળવું જ પડે છે'*



જૈનોના સુંદર મંદિર

૨૦

# ૨૦. જૈન આગમ સાહિત્ય

પુરાવશેષ પ્રમાણ અને જૈન અનુશ્રુતિનો સમન્વય કરીને રિખવદેવનો કાળખંડ આશરે ૮૫૦૦ વર્ષ પૂર્વેનો હોવાનો નિશ્ચિત કર્યો છે. પરંતુ તે સમયમાં ભારતના ઇતિહાસમાં કોઈ લેખિત સાહિત્ય અસ્તિત્વમાં જ નહોતું. ભગવાન મહાવીરના નિર્વાણ પછીની કેટલીય સદીઓ સુધી જૈન ગ્રંથો લખાયા જ નહોતા.

## મૌખિક પરંપરા

પ્રાચીન-ભારતમાં ગુરુના ઉપદેશને અક્ષરશઃ કંઠસ્થ કરવાની શિષ્યોની એક મહાન પરંપરા હતી. શિષ્યો મૌખિક રીતે આ ઉપદેશને પેઢી દર પેઢી જાળવી રાખતા. આજે આપણે સમજી શકીએ એવી લિપિમાં સૌ પ્રથમ લખાણ ભારતમાં આશરે ઇ.સ.પૂર્વે ૧૩૦૦ માં[57] અસ્તિત્ત્વમાં આવ્યું. આ લખાણ સૂકા તાડપત્રો પર લખાયેલું હતું. આ સમય દરમિયાન તાડપત્રો પર લખવાની પ્રથાને શ્રમણ સાધુઓએ અપનાવી નહોતી. આમાં બે મુખ્ય સમસ્યા કારણભૂત હતી. પહેલી સમસ્યા એ કે અહિંસા વ્રતને કારણે લેખન માટે તાડપત્રને કાપવા અને સૂકવવા એ તેમને સ્વીકાર્ય નહોતું. બીજી સમસ્યા એ હતી કે આ પ્રમાણે કદાચ ગ્રંથો તૈયાર કરે તો પણ સતત વિચરણ કરતા અપરિગ્રહી સાધુઓ પોતાની સાથે પુસ્તકો લઈ જઈ શકતાં નહિ. વળી ભારતની ગરમ અને ભેજવાળી આબોહવામાં સૂકાં પર્ણો પર અસંખ્ય સૂક્ષ્મ જીવજંતુ ઊભરાય એ તદ્દન સ્વાભાવિક છે અને તેથી અહિંસાવ્રતનું પાલન કરતા સાધુઓ માટે એક વધારાની સમસ્યા ઊભી થાય.

રિખવદેવ પ્રબોધિત વિચારો અને ખયાલોને શ્રમણ સાધુઓએ અને તીર્થંકરોએ કંઠસ્થ કર્યા. તેનો નિત્ય મુખપાઠ કરતા અને મૌખિક રીતે તેનો પેઢી દર પેઢી પ્રસાર કર્યો. આખરે ઈ.પૂ. ૬૦૦ માં અંતિમ તીર્થંકર ભગવાન મહાવીરે તેને વ્યવસ્થિત રૂપ આપ્યું. તે પછી મહાવીર ભગવાનના મુખ્ય ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમે ગુરુની વાણી અને ઉપદેશનું સંકલન અને તેનું બાર વિભાગમાં વર્ગીકરણ કર્યું. એ દ્વાદશાંગ સૂત્તમા તરીકે આજે ઓળખાય છે. આ છે જૈન ધર્મશાસ્ત્ર; એ ત્યાં સુધી મૌખિકરૂપે જ હતા અને સદીઓ સુધી તે એમ જ રહ્યા હોત !

[57] મોહેન્જડારોમાં મળેલા ઇ.સ. પૂર્વ ૩૫૦૦ ના મહોર અને સિક્કા પર કાંઇક લખાણ છે. આજસુધી શાસ્ત્રજ્ઞો તે વાંચી શકયા નહોતા. હાલમાંજ ફેબ્રુઆરી ૨૦૦૦ માં એ વાંચવામાં થોડી સફળતા મળી છે.

## લિખિત ગ્રંથો

ભગવાન મહાવીરના કાળધર્મ બાદ આશરે ૧૦૦૦ વર્ષ સુધી અર્થાતા ઈ.સ.૪૫૩ સુધી જૈનોના પ્રથમ લિખિત ગ્રંથો અસ્તિત્ત્વમાં નહોતા. ત્યાં સુધી સાધુઓએ મહાવીર ભગવાનની વાણીનું મૌખિક રીતે પેઢી દર પેઢી પ્રસારણ કર્યું. ઈ.સ. પૂર્વે ચોથી સદીમાં બિહાર વિદ્યાનું મુખ્ય કેન્દ્ર હતું. આચાર્ય ભદ્રબાહુના કાળધર્મ પછી તેમના શિષ્યો દક્ષિણ ભારતમાંથી બિહાર પાછા ફર્યા. ત્યારે ભગવાન મહાવીરની વાણી (આગમ) અંગેની તેમની વાચના અને બિહારમાં સ્થાયી થયેલ આચાર્ય સ્થુળિભદ્રના જૂથની વાચના એ બંને વચ્ચે થોડું ઘણું અંતર દેખાતું હતું.

પાઠભેદને કારણે જે અલગ અલગ વાચનાઓ હતી તેનો સમન્વય કરી એક અધિકૃત વાચના તૈયાર કરવાના ઉદ્દેશથી સ્થુલિભદ્રે ઈ. સ. પૂ. ૩૨૭માં બિહારના પાટલીપુત્ર ગામે અખિલ ભારતીય જૈન સાધુઓની એક પરિષદ બોલાવી. મહાવીર ભગવાનની વાણી કંઠસ્થ કરી તેનું કેવળ મૌખિક રીતે પ્રસારણ કરવાની પ્રથા જો લાંબો સમય ચાલુ રહે તો તેમાં તેમનો ઉપદેશ લુપ્ત થવાનું જોખમ રહેલું છે એ હકીકતથી સાધુઓ હવે જાગૃત થઈ ગયા હતા. તેથી પરિષદમાં પ્રાયઃ એક નિર્ણય લેવામાં આવ્યો કે તે પવિત્ર વાણીને ગ્રંથસ્થ કરવી અને અપરિગ્રહવ્રતમાં શાસ્ત્રોને બાકાત રાખવા. જોકે આ પરિષદ પછી ભગવાનની વાણીને ગ્રંથસ્થ કરવા અંગે કોઈ ચોક્કસ પ્રયાસ કરવામાં આવ્યો નહિ અને સાધુઓના પ્રત્યેક જૂથે કંઠસ્થ કરેલ 'ભગવાનની વાણી' વિશેની પ્રમાણભૂતતા અંગે જ ચર્ચા ચાલતી રહી. ઈ. સ. ૮૨માં ચર્ચાનો મુખ્ય વિષય એ હતો કે સાધુઓને વસ્ત્ર પરિધાન કરવા માટે શાસ્ત્રોમાં પરવાનગી આપી છે કે નહિ. તે વિવાદાસ્પદ મુદ્દા પરની ચર્ચાને કારણે બે છાવણીમાં તડ હતી તેમાંથી તિરાડ ઊભી થઈ. આગમોનું તો હજી સંપાદન શરૂ થયું નહોતું એવામાં કેટલાક સાધુઓએ કંઠસ્થ જ્ઞાન પર આધારિત કેટલાક વિષયો પર ભાષ્ય ગ્રંથો લખવાની શરૂઆત કરી દીધી. આચાર્ય કુંદકુંદ (બીજી સદી)ના ત્રણ ગ્રંથો 'સમયસાર', 'નિયમસાર' અને 'પ્રવચનસાર' ભુતબલી રચિત 'સતખંડ' અને ગુણભદ્ર રચિત 'કષાય-પ્રભૃત્ર' તે યુગના મુખ્ય ગ્રંથો હતા. દિગંબર સંપ્રદાયમાં આ ત્રણે ગ્રંથોને ઉચ્ચ દરજ્જો આપવામાં આવ્યો છે.

ઈ.સ. ૩૪૦ માં શ્રમણ સંઘની બીજી પરિષદ મથુરામાં થઈ પણ ત્રીજી પરિષદ (વલ્લભીપુરમાં ઈ.સ. ૪૫૩)માં આચાર્ય ક્ષમાશ્રમણના નેતૃત્ત્વ હેઠળ આખરે દ્વાદશાંગ સૂત્તમાની અધિકૃત વાચના ગ્રંથસ્થ થયા અને તે આગમ તરીકે ઓળખાયા. પરિષદમાં સેંકડો આચાર્યો અને સાધુએ દરેક કંઠસ્થ સૂત્રનું પઠન કર્યું અને જે સૂત્રોની રજૂઆત એક સરખી હતી તે સૂત્રોને એકત્રિત કરી તેને ગ્રંથસ્થ કર્યા. આમ મુખપાઠ પરથી આખરે અગિયાર આગમોની પ્રાપ્તિ થઈ. મહાવીર ભગવાનના પૂર્વેના ઉપદેશને 'પૂર્વો' કહે છે. એ પૂર્વો આ સમય સુધીમાં લુપ્ત થઈ ગયા હતા. તેથી આ પરિષદમાં રજૂ કરેલ ગ્રંથ કેવળ મહાવીર ભગવાનનો જ ઉપદેશ છે. આગમો ભગવાન મહાવીરની મૂળ વાણીની નજીક છે એવું શ્વેતાંબરોનું કહેવું છે કારણ કે તે સેંકડો સાધુઓને એક સરખા સમાનરૂપે કંઠસ્થ હતાં. ગ્રંથોનો આ

પ્રથમ પ્રવાહ 'અંગ-આગમ' સાહિત્ય તરીકે ઓળખાય છે (અંગ એટલે મૂળ અથવા મુખ્ય, અને આગમ એટલે ભગવાનની પવિત્ર વાણી). દિગંબરો આ ગ્રંથોને ભગવાન મહાવીરની મૂળ વાણી તરીકે સ્વીકારતા નથી. અલબત્ત એ કદાચ મહાવીર ભગવાનની સાક્ષાત વાણી ભલે ન હોય પણ બધાંજ એક વાત સાથે સહમત થાય છે કે તેમનો સાચો સંદેશ તો આ રીતે અકબંધ જળવાયો!

## મુખ્ય ગ્રંથ

બાઈબલ, કુરાન એમ દરેક ધર્મનો સામાન્યતઃ કેવળ એક પવિત્ર ગ્રંથ હોય છે. પરંતુ જૈનોનું આગમ સાહિત્ય અનેક ગ્રંથોમાં લિપિબદ્ધ છે. શ્વેતાંબર સંઘ આગમ ગ્રંથોની સંખ્યા ૪૫ ગણાવે છે. તે છે મૂળ સૂત્રોના ૧૧ ગ્રંથો (બારમો ગ્રંથ 'દૃષ્ટિવાદ' લુપ્ત થઈ ગયો છે. તેમાં ચૌદ 'પૂર્વો' નો સમાવેશ હતો) અને ગૌણ સૂત્રોના ૩૪ ગ્રંથો. સ્થાનકવાસી પંથ તેમાથી ૧૩ ગ્રંથોની પ્રમાણભૂતતાને સ્વીકારતા નથી અને કેવળ ૩૨ આગમમાં જ માને છે. દિગંબર પંથ માને છે કે ભગવાન મહાવીરની મૂળ વાણીના સૂત્રો પાંચમી સદીની વલભીપુર પરિષદ સુધીમાં કોઇને જ ચોકકસ યાદ ન હતાં તેથી ૪૫ આગમોમાંથી એકે પ્રમાણભૂત નથી. બીજી સદીમાં ભૂતબલી રચિત 'સતખંડ' અને ગુણભદ્રરચિત 'કષાય-પ્રભૃત્ર' એ બે ગ્રંથોને જ તેઓ આગમ તરીકે સ્વીકારે છે.

મહાવીર ભગવાનના સમયમાં ગંગા નદીના સપાટ પ્રદેશોમાં લોકભાષા અર્ધમાગધી હતી, તેમના સમકાલીન પંડિતો (મુખ્યત્વે બ્રાહ્મણો)ની ભાષા પ્રાચીન સંસ્કૃત હતી. મહાવીરે લોકભાષા અર્ધમાગધીમાં ધર્મોપદેશ કર્યો. પછીથી અંગ-આગમોની રચના થઈ તે પણ અર્ધમાગધી ભાષામાં જ થઈ. જૈન અધ્યાત્મવાદ, જ્ઞાનમીમાંસા વગેરે વિશે આગળના પ્રકરણોમાં મેં જે માહિતી આપી છે તે આ ગ્રંથોના આધારે આપી છે. વિષયને અનુલક્ષીને આ ૧૨ ગ્રંથો ચાર વર્ગમાં વિભાજિત કરી શકાયઃ

**૧.** પહેલા, સાતમા અને દસમા આગમોનો મુખ્ય વિષય સમ્યક્ચારિત્ર છે.
**૨.** બીજા આગમમાં જૈન સમ્યક્દર્શનની અન્ય સમકલીન દર્શન સાથે તુલના કરી છે.
**૩.** ત્રીજા, ચોથા અને પાંચમા આગમમાં સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાન વિશે ચર્ચા છે.
**૪.** છ, આઠ, નવ, અગિયાર અને બારમા આગમમાં સૂક્ષ્મ તાત્ત્વિક વિવરણને સમજવા માટે તેમજ શિષ્યોને આધ્યાત્મિક વિકાસમાં પ્રેરણા આપવા માટે પવિત્ર પુરુષોની જીવનગાથાનાં વર્ણનો, આખ્યાનો અને કથાઓનો અખૂટ ભંડાર છે.

બારમો ગ્રંથ 'દૃષ્ટિવાદ' લુપ્ત થઈ ગયો છે. ગુજરાતી ભાષામાં આ તમામ ગ્રંથોનો અને ત્રીજા અને ચોથા સિવાયના બાકી ગ્રંથોનો જર્મન કે અંગ્રેજી ભાષામાં અનુવાદ થયો છે. દરેક ગ્રંથનો સંક્ષિપ્ત પરિચય નીચે આપ્યો છે. મૂળ અર્ધમાગધી શીર્ષકોનાં સંસ્કૃત નામો કૌંસમાં મૂક્યાં છે :

## ૧. આયારંગ સૂત્તમ્ (આચારાંગ સૂત્ર)

ભગવાન મહાવીરના તપસ્વી જીવનનું વર્ણન કરીને આ ગ્રંથમાં જૈન સાધુસાધ્વી માટે આચારધર્મના આદર્શની વાત કરી છે. જૈન સમ્યક્ ચારિત્રના ત્રણ મુખ્ય સિદ્ધાંતો (ત્રણ અ)નું સવિસ્તર નિરૂપણ પણ આ ગ્રંથમાં છે.

## ૨. સૂયગડંગ સૂત્તમ્ (સૂત્રકૃતાંગ સૂત્ર)

'પ્રારબ્ધવાદ, સાંખ્ય બાહ્યવાદ, અજ્ઞેયવાદ જેવા અન્ય તત્ત્વદર્શન વિરુદ્ધ જૈન તત્ત્વદર્શન' આ છે આ ગ્રંથની ચર્ચાનો મુખ્ય વિષય. જૈન ફિલસૂફીના અનેકાંતવાદના માપદંડના આધારે આ ચર્ચાના અંતે તેઓ નિર્ણય પર આવે છે કે અન્ય તત્ત્વદર્શનો એકપક્ષી અથવા અપૂર્ણ છે માટે તે કનિષ્ઠ છે.

## ૩. થાનાંગ સૂત્તમ્ (સ્થાનાંગ સૂત્ર)

આ ગ્રંથ સમ્યક્દર્શનની માર્ગદર્શિકા છે. નવદીક્ષિત સાધુ અને સાધ્વીઓ માટે જૈનધર્મના મુખ્ય તત્ત્વોની સંખ્યાવાર સૂચિ આ ગ્રંથમાં આપી છે.

## ૪. સમવાયાંગ સૂત્તમ્ (સમન્વયાંગ સૂત્ર)

જૈન તત્ત્વોની સૂક્ષ્મ વિગતોને કંઠસ્થ કરવામાં વિદ્યાર્થીઓને મદદરૂપ થવાના ઉદ્દેશ્યથી ત્રીજો અને ચોથો બંને ગ્રંથ કોષ્ટકનાં રૂપમાં લખાયા છે. સમયના ક્રમ પ્રમાણે આ બે ગ્રંથો કદાચ છેલ્લા હોવા જોઈએ, કારણકે તેમાં બારે ગ્રંથોના વિષયોનું વિગતવાર વર્ણન છે.

## ૫. વિયાહ્ પન્નતિ સૂત્તમ્ (વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ સૂત્ર, ભગવતી સૂત્ર)

તમામ અંગ-આગમોમાં આ સૌથી મોટો દળદાર ગ્રંથ છે. સંવાદશૈલીમાં લખાયેલા આ ગ્રંથમાં મુખ્ય ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમના પ્રશ્નો અને ભગવાન મહાવીરના ઉત્તરો છે. ૩૬,૦૦૦ પ્રશ્નોત્તરો દ્વારા જીવ, પુદ્ગલ, કર્મ, સ્યાદવાદ જેવા તાત્ત્વિક વિષયોની તેમાં વિશદ છણાવટ છે. જૈન તત્ત્વદર્શનને સમજવા માટે આ ગ્રંથ એટલો અમૂલ્ય છે કે તેને 'ભગવતી' અર્થાત 'પરમ આદરણીય' સૂત્ર કહે છે.

## ૬. નયધમ્મ કહાઓ સૂત્તમા (જ્ઞાતા ધર્મકથાંગ સૂત્ર)

આ ગ્રંથ દૃષ્ટાંત અને કથાઓનો અક્ષયનિધિ છે. તાત્ત્વિક વિષયને સમજાવવા માટે ભગવાન મહાવીરે તેમના ધર્મોપદેશમાં ઠેર ઠેર દૃષ્ટાંતો અને કથાઓનો ભરપૂર ઉપયોગ કર્યો હતો. આજે પણ જૈન સાધુઓ એ દૃષ્ટાંતકથાઓનો ઉપયોગ કરે છે. આ હકીકત સૂક્ષ્મ વિષયને સમજાવવા માટે કથાશૈલીના મહત્ત્વનો ખ્યાલ આપે છે. દા. ત. 'હાથી અને સાત અંધ મનુષ્યો'

(અનેકાંતવાદને સમજાવવા માટેની આ કથા), 'કૂવામાં પડી ગયેલો મનુષ્ય' (ક્ષણિક સુખ કરતાં અનંત આનંદના મહત્ત્વને દર્શાવતી કથા) વગેરે અનેક પ્રસિદ્ધ વાર્તાઓ આ ભંડારમાંથી આવી છે.

## ૭. ઉવસગ્દસઉ સૂત્તમ્ (ઉપાસક દશાંગ સૂત્ર)

પહેલા ગ્રંથમાં ભગવાન મહાવીરના તપસ્વી જીવનનું વર્ણન કરીને સાધુઓ માટે આચારધર્મોનો નિર્દેશ કર્યો છે, જ્યારે આ ગ્રંથમાં શ્રાવકોના ધર્મ દર્શાવ્યા છે. મહાવીર ભગવાનના દસ અનન્ય ઉપાસકોની ચરિત્રકથા, તેમને જીવનમાં વેઠવો પડેલો સંઘર્ષ, જીવનની કસોટી અને આપત્તિના પ્રસંગોમાં તેમની ટકી રહેલી દૃઢ નિષ્ઠાનું વર્ણન આ ગ્રંથમાં છે.

## ૮. અનતગદ્દ દસઉ સૂત્તમ્ (અંતઃકૃદ્દ દશાંગ સૂત્ર)

આ ગ્રંથ શ્રાવક અને શ્રાવિકા માટે વાર્તાના પુસ્તક જેવો છે. શ્રાવકો તાત્ત્વિક વિચારોની અટપટી સૂક્ષ્મ બાબતોને સરળતાથી સમજી શકે એ ઉદ્દેશ્યથી દૃષ્ટાંતો અને વાર્તાઓનો આ ગ્રંથમાં ભરપૂર ઉપયોગ કર્યો છે. આજે પણ જૈન સાધુઓ તેમના વ્યાખ્યાનોમાં આ વાર્તાઓનો ઉપયોગ કરે છે.

## ૯. અનુત્તરોવ્ વૈય દસઉ સૂત્તમ્ (અનુત્તરોપ-પતિક દશાંગ સૂત્ર)

સાધુસાધ્વીને આધ્યાત્મિક ઉન્નતિ અને મોક્ષનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે આ ગ્રંથ પ્રેરણારૂપ છે. ભગવાન નેમિનાથ (બાવીસમાં તીર્થંકર)ના સમયથી લઈને દસ સાધુઓ કેવી રીતે મોક્ષ પામ્યા તે વિશે તેમજ અન્ય દસ સાધુઓ આત્યંતિક કલ્યાણ પામી ન શક્યા પરંતુ અનુત્તર નામના સર્વોચ્ચ સ્વર્ગમાં પુનર્જન્મ પામ્યા તેની કથાઓનું વર્ણન આ ગ્રંથોમાં છે.

## ૧૦. પન્હ વાગરણ સૂત્તમ્ (પ્રશ્ન વ્યાકરણ સૂત્ર)

મોક્ષ માર્ગે યાત્રાનો પ્રારંભ કરવા શ્રાવક બાર અણુવ્રત લે છે (પ્ર. ૩). તે જ પ્રમાણે દીક્ષા લેવા માટે પાંચ મહાવ્રતો ધારણ કરવાની આવશ્યકતા છે (પ્ર. ૪). આ ગ્રંથમાં મુખ્ય વ્રતો વિશે ચર્ચા છે, આચારસંહિતાનો નિર્દેશ છે અને પાંચ મહાપાપ અંગે શિષ્યોને ચેતવણી આપી છે.

## ૧૧. વિવગ્ સૂયમ્ સૂત્તમ્ (વિપાક સૂત્ર)

આ ગ્રંથ જૈન કર્મસિદ્ધાંતની કથાચરિત છે. મનુષ્યને પોતાનાં સારાં અને માઠાં કર્મોનું કેવી રીતે ફળ મળે છે તેનું સદૃષ્ટાંત વર્ણન આ ગ્રંથમાં આપ્યું છે. કેટલાક લોકો તેમનાં પૂર્વજન્મનાં માઠાં કર્મોને કારણે વર્તમાન જીવનમાં દુઃખ ભોગવે છે, જ્યારે કેટલાક લોકો તેમનાં સારાં કર્મોને લીધે સુખ ભોગવે છે. આ ગ્રંથ પાપના શક્તિશાળી અવરોધક તરીકે ઉપયોગી છે.

### ૧૨. દિઠ્ઠિવય સૂત્તમ્ (દૃષ્ટિવાદ સૂત્ર)

આ ગ્રંથ લુપ્ત થઈ ગયો હતો એવી માન્યતા હતી. પરંતુ પ્રજ્ઞાપના નામના એક ગૌણ સૂત્રમાં આ ગ્રંથ વિશેના પર્યાપ્ત ઉલ્લેખો મળે છે. એ ગ્રંથનું કુલ પાંચ વિભાગમાં વર્ગીકરણ થયું હતું. ત્રીજા વિભાગમાં ચૌદ પૂર્વોનો સમાવેશ હતો એમ માનવામાં આવે છે. ભગવાન મહાવીર પૂર્વેના સમય વિશે માહિતી અને કથાઓનો સમાવેશ ચૌદ પૂર્વોમાં થયો હતો. દિગંબર પરંપરા માને છે કે આ ગ્રંથનો કેટલોક ભાગ હયાત હતો અને તેને બીજી સદીમા ભૂતબલિએ ગ્રંથસ્થ કર્યો હતો. તે **સતખંડ-આગમ** કહેવાય છે. એ જ માહિતીને આધારે ગુણભદ્રે અન્ય એક ગ્રંથની રચના કરી. તે **કષાય-પ્રભૃત્ર** તરીકે ઓળખાય છે. દિગંબરો તમામ જૈન સાહિત્યનો આદર કરે છે પરંતુ યથાર્થ ધમગ્રંથ કે ધર્મશાસ્ત્ર તરીકે કેવળ આ બે ગ્રંથોનો જ સ્વીકાર કરે છે.

## ગૌણ ગ્રંથો

મૂળ સૂત્ર અંગ-આગમને શ્વેતાંબરો મહાવીર ભગવાનના પ્રમાણભૂત ઉપદેશ તરીકે સ્વીકારે છે, કારણકે ભગવાનના પ્રત્યક્ષ શિષ્યો (ગણધર ભગવંતો)એ શ્રી મહાવીર પ્રભુની વાણીનું શ્રવણ કરીને તેમના ઉપદેશનું સંકલન કર્યું હતું. ત્યાર પછી અન્ય કેટલાય સાધુઓએ અંગ-આગમનું વિસ્તારપૂર્વક નિરૂપણ આપવાના ઉદ્દેશથી પૂરક સૂત્રોની રચના કરી. આ ગ્રંથો પણ 'આગમ' કે 'પવિત્ર' ગણાય છે. પણ તે ગ્રંથોનું સ્થાન અંગ-બાહ્ય (મૂળ સૂત્રની બહાર) અર્થાત્ ગૌણ છે. ૩૪ અંગ-બાહ્ય આગમ ગ્રંથોનું વર્ગીકરણ નીચે પ્રમાણે છે :

**ઉપાંગ (બાર ગ્રંથો) :** મહત્ત્વપૂર્ણ જૈન વિચારોને શ્રાવકો સરળતાથી અને યથાર્થપણે સમજી શકે તે ઉદ્દેશ્યથી આ ગ્રંથો ખાસ તેમને માટે લખાયા છે. દા. ત. *ઉવવૈય (ઔપપાતિક સૂત્ર):* આ ગ્રંથમાં વ્રતપાલનનો મહિમા કહ્યો છે. *રાય પસેનૈજ્જ (રાજ પ્રશ્નીય સૂત્ર):* આ ગ્રંથમાં જૈનોના જીવ વિશેના વિચારોની અન્ય દાર્શનિક વિચારાની સાથે તુલના કરી છે. સંવાદ શૈલીમાં રચાયેલ આ ગ્રંથમાં જૈન અને જૈનેતર પ્રચારક વચ્ચે તાત્ત્વિક વિચાર અંગે વાર્તાલાપ છે. જૈનેતર દર્શનોના મતે જીવ અભૌતિક તત્ત્વ છે તેથી અસીમ અને સર્વવ્યાપક છે, જ્યારે જૈન તત્ત્વદર્શનના મતે જીવ અભૌતિક તો છે પરંતુ બંધન અવસ્થામાં તે શરીરનાં કદ અને આકારમાં સીમિત હોય છે. *જીવાજીવભિગમ (જીવાભિગમ સૂત્ર):* આ ગ્રંથમાં જૈન જીવશાસ્ત્રીય વિષયની સંવાદ શૈલીમાં રજૂઆત છે. *પન્નાવના (પ્રજ્ઞાપના સૂત્ર):* આ ગ્રંથમાં ચૌદ લુપ્ત પૂર્વોના એક એક વિષયની સંક્ષિપ્તમાં માહિતી આપી છે. તદુપરાંત બદ્ધ જીવના વિવિધ પાસાંની ચર્ચા પણ તેમાં છે.

જૈન વિશ્વવાદનું નિરૂપણ *સુન્ય-પન્નત્તિ (સૂર્ય પ્રજ્ઞપ્તિ), ચંદ-પન્નત્તિ (ચંદ્ર પ્રજ્ઞપ્તિ)* અને *જંબુદ્વિપ-પન્નત્તિ (જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિ)* ગ્રંથોમાં છે. જૈન કાળચક્ર વિચાર અને રિખવદેવે સંસ્કૃતિનો પ્રારંભ કેવી રીતે કર્યો તેનું વર્ણન જંબુદ્વિપ પન્નત્તિમાં છે. *વન્હિદસઉ (વૃષ્ણિદશા)*માં આપેલાં વર્ણનને આધારે જૈનો દાવો

કરે છે કે બાવીસમાં તીર્થંકર ભગવાન નેમિનાથ હિંદુ દેવ શ્રીકૃષ્ણ અને બલરામના પિતરાઇ હતા.

**છેદસૂત્ર (છ ગ્રંથો) :** આ ગ્રંથસમૂહમાં જૈન સાધુસંઘના નિયમોનો નિર્દેશ કર્યો છે. સાધુ અને સાધ્વીઓના આચાર, વર્તન અને સાધનાનું વર્ણન છે. આચાર સંબંધી ભૂલોની આલોચના અને પ્રાયશ્ચિત માટેના નિયમો આ ગ્રંથોમાં દર્શાવ્યા છે. એ છ ગ્રંથો આ પ્રમાણે છે : *આયારદસઉ (આચારદશઃ), બિહકપ્પ (બૃહત્ કલ્પ), વવહાર (વ્યવહાર), નિસિહ (નિશીથ), મહાનિસિહ (મહાનિશિથ)* અને *જિયકપ્પ (જિતકલ્પ).*

**મૂળસૂત્ર (ચાર ગ્રંથો) :** તમામ સાધુઓને તેમના તપસ્વી જીવનના પ્રારંભિક તબક્કે આ ગ્રંથોનો પાઠ અવશ્ય કરવો પડે છે. આ ગ્રંથોમાં સાધુ અને સાધ્વીના તપસ્વી જીવનની કડક મર્યાદાનું વર્ણન છે. એ ચાર ગ્રંથો આ પ્રમાણે છે : *દસવેયલિય (દશવૈકાલિક), ઉત્તરજ્ઝયન (ઉત્તરાધ્યયન), અવસ્સય (આવશ્યક)* અને *પિંદનિજ્જુત્તિ (પિંડા નિર્યુક્તિ).* આ ગ્રંથોમાં સાધુઓ માટે વિધિનિષેધનું સૂક્ષ્મ વર્ણન છે અને દૈનિક જીવન માટે કેટલીક મર્યાદાનું વર્ણન પણ છે. *ઉત્તરજ્ઝયન* ને ભગવાન મહાવીરનાં અંતિમ છત્રીસ વ્યાખ્યાનોનો સંગ્રહ ગણવામાં આવે છે.

**પ્રકીર્ણ સૂત્ર (દસ ગ્રંથો) :** આ નાના ગ્રંથોમાં સંથારાની વિધિનું વર્ણન છે. શરણાગતિ સ્વીકારવી, રોગાવસ્થામાં સંસારનો ત્યાગ કરવો, સંથારો લેવો, અન્નશન લેવું, મૃત્યુની ઘડીએ ધ્યાનમાં એકાગ્ર થવું તથા ભગવાન મહાવીર અને અન્ય જિનની સ્તુતિ કરવી વગેરે વિષયોનું આ ગ્રંથમાં નિરૂપણ છે.

**ચૂલિક સૂત્ર (બે ગ્રંથ) :** *નન્દિ સૂત્ત (નંદી સૂત્ર)*માં મતિ, શ્રુતિ, અવધિ, મનઃપર્યાય અને કેવળજ્ઞાન એ પાંચ પ્રકારના જ્ઞાનનું નિરૂપણ છે. તીર્થંકરો અને ગણધરોનું પણ તેમાં વિસ્તારપૂર્વક વર્ણન છે. *અનુઓગદ્દરઈમ્ (અનુયોગદ્વાર સૂત્ર)*માં મૂળ ગ્રંથોના મુખ્ય વિષયોની એક પછી એક પ્રકરણ પ્રમાણે સંક્ષિપ્તમાં ચર્ચા કરી છે.

## ભાષ્ય (અણુયોગ)


આગમોની રચના પછી પણ વિદ્વાન સાધુઓએ ભાષ્યગ્રંથોની રચનાનું કાર્ય ચાલુ રાખ્યું અને જૈનસાહિત્યને વિશેષ સમૃદ્ધ કર્યું. છેલ્લાં ૨૦૦૦ વર્ષ દરમિયાન આ સાહિત્યમાં જિનોનાં જીવનચરિત્રથી લઈને જિનોનાં પ્રશસ્તિસ્તોત્ર, કેવળ આધ્યાત્મિક અને તાત્ત્વિક જ નહિ પણ ભૌતિક વિશ્વની ખોજમાં તર્ક અને વિજ્ઞાનના ગ્રંથોની રચના તેમજ સાધુઓના આચાર વગેરે અનેક વિષયોનો સમાવેશ થયો છે. ખ્યાતનામ સાધુઓની કૃતિઓની સૂચિ એક નમૂના રૂપે નીચે આપી છે. પરંપરા પ્રમાણે જૈનમંદિરો અને મઠના ભટ્ટારકોએ અસંખ્ય હસ્ત લિખિત પ્રતોને તેમના 'ભંડાર' (પુસ્તકાલય)માં સાચવી રાખી છે.

## સાધુ-રચિત ગ્રંથોની સૂચિ

| લેખક | ગ્રંથ | અનુવાદ |
|---|---|---|
| દિવાકર સિદ્ધસેન (પાંચમી સદી) | ન્યાયાવતાર | એ.એન. ઉપાધ્યે, જૈનસાહિત્ય વિકાસ મંડળ, મુંબઈ : ૧૯૭૧ |
| | સન્મતિતર્ક | સુખલાલજી સંઘવી અને બેચરદાસજી દોશી, મહાવીર જૈન વિદ્યાલય, ૧૯૩૯ |
| ગુણભદ્ર (નવમી સદી) | ઉત્તરપુરાણ | પન્નાલાલ જૈન, ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, વારાણસી, ૧૯૫૪ |
| હરિભદ્ર (આઠમી સદી) | સંબોધપ્રકરણ<br>ષડ્દર્શન સમુચ્ચય<br>યોગબિંદુ<br>યોગદૃષ્ટિ સમુચ્ચય<br>યોગશતક | જૈનગ્રંથ પ્રકાશકસભા, અમદાવાદ : ૧૯૧૫<br>એમ. કે. જૈન, ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન : ૧૯૬૯<br>કે. કે. દીક્ષિત, એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડોલોજી, અમદાવાદ : ૧૯૬૮ |
| હેમચંદ્ર (બારમી સદી) | ત્રિષષ્ટિશલાકા-પુરુષચરિત્ર<br>યોગશાસ્ત્ર | 1. Helen M. Johnson, Lives of sixty-three Illustrious persons, (6 Volumes), Oriental Institute, Vadodara : 1962<br>૨. ચરણવિજયમુનિ (સંપા.), જૈનઆત્માનંદસભા, ભાવનગર : ૧૯૩૩શોભાચંદ્ર ભારિલ, દિલ્લી : ૧૯૬૩ |
| | પ્રમાણમીમાંસા | ૧. સત્કારી મુખરજી અને નાથમલ ટાટિયા, તારા પ્રકાશન, વારાણસી : ૧૮૭૯<br>૨. સુખલાલજી સંઘવી, સિંઘિ જૈન સીરિઝ, કોલકતા : ૧૯૩૯ |
| | અન્યયોગ-વ્યવચ્છેદિકા | 1. Thomas F. W. The Flower Spray of the Quodammodo Doctrine, Akademie-Verlag : 1960<br>૨. જે. સી. જૈન, રાજચંદ્ર જૈનશાસ્ત્રમાળા, આગસ: ૧૯૭૦ |
| | પરિશિષ્ટપર્વ | H. Jacoby, Bibliotheca Indica No. 96,Kolkatta : 1932 |
| | શબ્દાનુશાસન | હિમાંશુવિજયમુનિ, અમદાવાદ : ૧૯૩૪ |

| લેખક | ગ્રંથ | અનુવાદ |
|---|---|---|
| **જિનસેન** (આઠમી સદી) | આદિપુરાણ | પન્નાલાલ જૈન, ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, વારાણસીઃ ૧૯૬૩, ૧૯૬૫ (ભાગ ૨) |
| | હરિવંશપુરાણ | પન્નાલાલ જૈન, ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, વારાણસી |
| **કુંદકુંદ** (બીજી સદી) | નિયમસાર | મગનલાલ જૈન, દિગંબર જૈનસ્વાધ્યાય મંદિર, સોનગઢ : ૧૯૬૫ |
| | પ્રવચનસાર | એ. એન. ઉપાધ્યે, જૈનશાસ્ત્રમાળા, આગાસ : ૧૯૩૪ |
| | સમયસાર | ૧. એ. ચક્રવર્તી, ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, વારાણસીઃ ૧૯૨૫, પુનઃ ૧૯૭૧<br>૨. ડી. જી. ભોરે, મહાવીર જ્ઞાનોપાસના સમિતિ, કરાંજા : ૧૯૬૮ |
| **સોમદેવ** (દસમી સદી) | નીતિવાક્યામૃતમા | માલવિયા, આર. ચૌખંબા વિદ્યાભવન, ૧૯૭૨ |
| | યશતિલક – ચમ્પુ | શિવદત્ત મહામહોપાધ્યાય, કાવ્યમાળા ભા.૭૦, મુંબઈ : ૧૯૦૧-૧૯૦૩ |
| **ઉમાસ્વાતિ** (બીજી સદી) | તત્ત્વાર્થ સૂત્ર | 1. Tatia, Nathamal, <u>That Which Is,</u> Harper Collins Publishers, The Sacred Literature, Series, San Francisco, 1994<br>૨. સિદ્ધાંતશાસ્ત્રી ફુલચંદ, વર્ણી ગ્રંથમાળા, વારાણસી, ૧૯૪૯<br>૩. સુખલાલજી સંઘવી, જૈનસંસ્કૃતિ સંશોધનમંડળ, વારાણસી, ૧૯૫૨ (આવૃત્તિ ૨)<br>૪. સુનંદા વ્હોરા, તત્ત્વમીમાંસા (ગુજરાતી) |
| **યશોવિજય** (સત્તરમી સદી) | જૈનતર્કભાષા | ડી. ભાર્ગવ, મોતીલાલ બનારસીદાસ, ૧૯૭૩ |
| | જ્ઞાનબિંદુ | |
| | ન્યાયલોક | |





# સંદર્ભ ગ્રંથ સૂચિ

Some Abbreviations used:

BJ: Bharatiya Jnanapitha Publications, Varanasi
LDII: Lalbhai Dalpatbhai Institute of Indology, Ahmedabad
MB: Motilal Banarasidas, Delhi


Babb, L. A. — Absent Lord: Ascetics and Kings in a Jain Ritual Culture, University of California Press, Los Angeles 1996

Banks, M. — Organising Jainism in India and England, Oxford University Press, New York, 1992

Bhadrabahu Swami — *Kalpa-Sutra* (Hindi Translation by Devendra Muni), Amara Jaina Agama Shodhasthana, Shivana 1968*Shree Kalpsutram* (Gujarati Translation by Kheem Vijay Ganiji), Mehta Family Trust, Stoughton, MA, USA 1998*Kalpa-Sutra* of Bhadrabahu Svami (English translation by Lalwani, K.C.), MB, Delhi 1979

Bhargava, D. — Jaina Ethics, MB, Delhi 1968

Bhattacharya, H. — *Anekatavada*, Jain Atmanand Sabha, Bhavnagar 1953

Bhattacharya, H. — Reals in the Jain Metaphysics, SSK Charitable Trust, Bombay 1950The Philosophy of the Jainas, Jain Literature Society, Bombay 1958The Jain Prayer, University of Calcutta Press, Calcutta 1964Jain Moral Doctrine, Jain Sahitya Vikasa Mandala, Bombay 1976*Sri Namaskara Mahamantra*, Jain Youth Forum, Madras 1979

Bhattacharya, N.N. — Jain Philosophy, Historical Outline, Munshiram Manoharlal, Delhi 1976Jainism and Prakrit, Manohar Publishers, New Delhi 1994

Bothra, P. — Jain Theory of Perception, MB, Delhi 1976

Buddhisagar Surisvarji Muni — *Shree Anandghanapada Samgraha*, (Gujarati) Adhyatmajnana Prakashan Mandala, Bombay 1954

Caillat, C., Upadhye, A.N., and Patil B. — Jainism, Macmillan Company of India, Delhi 1974

Carrithers, M. and Humphrey, C. eds. — The Assembly of Listeners, Cambridge University Press, Cambridge 1991

Chakravarti, A. — *Samaysara* of Shri Kundakunda, Tr. with Introduction, BJ, Delhi 1971*Pancastikayasara*, BJ Delhi 1975

Chapple, C. K. — Non Violence to Animals, Earth, and Self In Asian Traditions, State University of New York Press, Albany 1993

Chatterjee, A.K., — Comprehensive History of Jainism, (2 Volumes), Firma KLM, Calcutta 1978 and 1985

Chaudary, G.C. — Political History of Northern India from Jaina Sources, Amritsar 1963

Cort, J. E. ed. — Open Boundaries: Jain Communities and Culture in Indian History, State University of New York Press, 1988

Dasgupta, D.C. — Jaina System of Education, MB, Delhi 1999

Deepratnasagar Muni — *Agamadeep: 45 Agama Gurjarchaya*, Gujarati translation of Agama Scriptures, Agamadeep Prakashan, Ahmedabad 1997

Deleu, J. — *Viyah Pannati Suttam (Bhagavati Sutra)*, (Critical Analysis of 5th Agama, MB 1996

Desai, P.B. — Jainism in South India and Some Jaina Epigraphs, Jivraja Jain Granthamala, Sholapur 1957

Desai, R.C. — Srimad Rajachandra Volumes I & II, Srimad Rajacjandra Ashram, Agas 1976

Devendra Muni — Source-Book in Jaina Philosophy, Sri Tarak Guru Jain Grnathalaya, Udaipur Hindi – 1973,

| | |
|---|---|
| | English - 1983 |
| Divyakirti Muni | *Visva Vijnana: Prachin Ane Navin* (Universal Science: Old and New) Ch. 5 of Tattvarthsutra (Gujarati), Sanmarg Prakashan Ahmedabad 1994 |
| Dixit, K. K. | "A New Contribution to the Discussion of Jaina Monastic Discipline," in *Sambodhi*, V, No. 2-3, pp. 13-48. LDII, Ahmedabad 1976Early Jainism, LDII, Ahmedabad 1978Jaina Ontology, LDII, Ahmedabad 1971 |
| Dundas, P. | The Jains, Routledge Press, London 1992 |
| Dwivedi, R.C. ed. | Contribution of Jainism to Indian Culture, MB, Delhi 1975 |
| Fischer, E. andJain J. | Art and Rituals: 2500 Years of Jainism in India, Sterling Publishers, New Delhi 1977 (translation of German original in 1974) |
| Folkert, K. W., | "Jaina Studies: Japan, Europe, India", in *Sambodhi*, V, No. 2-3, pp. 138-147. LDII, Ahmedabad 1976Scriptures and Community, Collected Essays on the Jains, ed. By John Cort, Scholars Press, Atlanta 1993 |
| Gandhi, V.R. | Religion and Philosophy of the Jainas, Edited by Nagin Shah, Jain International, Ahmedabad, 1993 |
| Glasenapp, H. V. | Doctrine of *Karman* in Jain Philosophy, English translation from German by G. Barry Gifford, P.V. Research Insitute, Varanasi 1991 |
| Gopalan, S. | Outlines of Jainism, Wiley Eastern New Delhi 1973 |
| Gopani, A.S. (Tr.) | *Saman Suttam*, translated by Gopani A.S. Yajna Prakashan Samiti, Vadodara 1976*Saman Suttam*, translated by Tukol, T.K. and Dixit, K.K., Sarva Seva Sangh Prakashan, Varanasi, 1993 |
| Guseva, N.R. | Jainism, English translation from Russian by Y. S. Redkar, Sindhu Publications, Bombay 1971 |
| Jacobi, H. | "On Mahavira and His Predecessors", in Indian Antiquary, IX, pp. 158-163, 1880Jain Sutras, (2 Volumes) originally published by Clarendon Press, Oxford in the Sacred Books of the East Series, XXII and XLV in 1884 and 1895. Reprinted in Dover Publications, New York 1968 |
| Jain, S. K. ed. | Glimpses of Jainism, MB, Delhi 1997Progressive Jains of India, Shraman Sahitya Samsthan, New Delhi 1975 |
| Jain, B.C. | Jaina Logic, University of Madras Press, 1992 |
| Jain C. R. | Fundamentals of Jainism, Veer Nirvan Bharati, Meerut 1974 |
| Jain Hiralal and Upadhye, A.N. | Mahavira: His Times and His Philosophy of Life, BJ, Varanasi 1974 |
| Jain Jyoti Prasad | Jainism: The Oldest Living Religion, Cultural Research Society, Varanasi, 1951The Jaina Sources of the History of Ancient India, Munishiram Manoharlal, Delhi 1964Religion and Culture of the Jains, BJ, New Delhi 1983 |
| Jain K.C. | Lord Mahavira and His Times, MB, Delhi 1974 |
| Jain L.C. | The Essence of Attainment – *Labdhisara*, Acharya Vidyasagar Research Institute, Jabalpur 1993 |
| Jain N.L. | Glossary of Jaina Terms, Jain International, Ahmedabad 1995Scientific Contents in Prakrit Canons, Parsvanath Vidyalaya, Varanasi 1996Biology in Jaina Treatise on Reals, (translation of Tattvatika Rajvartika by Akalanka), P.V. Institue, Varanasi 1999 |
| Jain R. K. | *Kavivara Banarasidas* (in Hindi), BJ, New Delhi 1966The Universe as Audience: Metaphor and Community Among the Jains of North India, Indian Institute of Advanced Study, Shimla 1999 |
| Jain S.C. | Structure and Functions of Soul in Jainism, BJ, New Delhi 1978 |
| Jain Sagarmal | An Introduction to Jain Sadhana (Jaina Way of Living), Parsvanatha Sodhapitha, Varanasi, 1995 |
| Jaini, P.S. | The Jaina Path of Purification, University of California Press, Berkeley 1979Gender and Salvation Jaina Debates on the Spiritual Liberation of Women, University of California Press, Los Angeles, 1991 |
| Johrapurkar, V.P. | *Bhattaraka Sampradaya* (in Hindi), Jivraj Jain Granthamala, Sholapur 1958 |
| Joshi, G. N. | *Atma and Moksha* Gujarat University, Ahmedabad 1965 |
| Joshi, L.M. | Facets of Jain Religiousness in Comparative Light, LDII, Ahmedabad 1981 |
| Kalghatgi, T.G. | *Karma* and Rebirth, LDII, Ahmedabad 1971Jaina View of Life, Jaina Samskrti Samraksaka Sangh, Sholapur 1984 |

Kapadia, H.R. A History of the Canonical Literature of the Jainas, Surat

Kapashi, V. J. In Search of the Ultimate, V.K. Publications, Harrow 1984

Khushaldas, J. ed. *Yogasastra,* Sri Mahavir Jain Vidyalaya, Bombay 1972

Kuhn, Hermann The Key to the Center of the Universe, Crosswind Publishing, 2000

Kulke, H. et. al. A History of India, Rupa & Co., Calcutta, 1993 (2nd edition)

Laislaw, J. Riches and Renunciation: Religion, Economy and Society Among the Jains, Oxfor University Press, Oxford 1995

Lal R.B. Religion in the Light of Reason and Science, Bharatiya Vidya Bhavan, Bombay 1978

Law B.C. Some Jaina Canonical Sutras, Royal Asiatic Society Monograph No. 2, Bombay 1949

Marathe, M.P., et. al. Studies in Jainism, I.P.Q. Publications, Dept. of Philosophy, University of Poona, Poona 1984

Mardia, K.V. The Scientific Foundations of Jainism, L.S.L. Jain Research Series, MB, Delhi 1990

Marett, Paul Jainism Explained, Jain Samaj Europe Publications, Leicester 1985

Matilal, B.K. The Central Philosophy of Jainism, LDII, Ahmedabad 1981

Mehta, Mohanlal Jaina Psychology, Sohanlal Jaindharma Pracharak Samiti, Amritsar 1955Jaina Theory of Knowledge, Gujarat Vidyapith, Ahmedabad 1995

Mookerjee, S. The Jaina Philosophy of Non-Absolutism: A Critical Study of Anekantavada MB 1978 (2nd edition)

Nair, V.G. Jainism and Terapathism, Adinatha Jain Temple, Banglore 1970

Nathmal Muni Acharya Bhiksu: The Man and His Philosophy, Adarsha Sahitya Sangha Churu, 1968

Nemichandra Siddhantideva *Dryva-Sangraha*, translated by Sarat Chandra Ghosal, Shri Chandraprabha Digambar Jain Mandir Trust, Bombay 1986 (3rd ed.)

Nevaskar, B. Capitalists Without Capitalism: The Jains of India and the Quakers of the West Greenwood Publications,Westport, Conn. 1971

Nyayavijayji Muni Jaina Darsana, Original 1956 Sanskrit text translated by Nagin J. Shah as: Jaina Philosophy and Religion, MB, Delhi 1998

O'Connell, J.T. ed. Jain Doctrine and Practice: Academic Perspectives, University of Toronto Press, Toronto 2000

Padmarajiah, Y. J. Jaina Theories of Reality and Knowledge, Jaina Sahitya Vikas Mandala, Bombay 1963

Pal, P. The Peaceful Liberators: Jaina Art from India, Los Angeles County Museum of Art, and Thames and Hudson, Los Angeles 1994

Pandey, V., ed. The World of Jainism, Published by the author, Bombay 1976

Rajchandra Srimad *Atmakatha*, Srimad Rajachandra Asharam, Agas 1929*Mokshamala,* Srimad Rajachandra Asharam, Agas

Ramachandran, T.N. Harappa and Jainism, Kundakunda Bharati Prakashan, New Delhi 1987

Rosenfield, C. Gurudev Shree Chitrabhanu A Man with a Vision, Jain Meditation International Centre New York 1982

Roy, A. K. History of the Jains, Gitanjali Publishing House, New Delhi 1984

Salter, E. "Unity and Diversity Amongst the followers of Srimad Rajacandra," in *Jinamanjari*, Vol. 23, No. 1, pp. 32-51

Sangave, V. A. The Jaina Path of Ahimsa Bhagawan Mahavir Research Centre, Sholapur 1991Aspects of Jain Religion, 3rd ed., BJ 2001

Sanghavi, Sukhlalji *Samdarshi Acharya Haribhadra* (in Hindi), Rajasthan Puratan Granthamala, Jodhpur 1963*Darshan Aur Chintan* Part 1 & 2, Gujarat Vidyasabha, Ahmedabad 1957

Schubring, W. The Doctrine of the Jainas, translated from German by Wolfgang Beurlen, MB, Delhi 1962*Isibhasiyaim*, text and commentary, LDII 1974

Settar, S. Pursuing Death, Brahmi Society Publication, Mississauga 1991

Shah, D.M., Pungaliya, U.K. "Srimad Rajacandra on the Role of the *Sadguru* for Self-Realization" in *Jinamanjari*, Vol. 23, No. 1, pp. 1-31

Shah, Hemant Jain Theism, Academy of Philosophy, Ahmedabad 1997

Sharma, A. A Jaina Perspective on the Philosophy of Religion, MB, Delhi 2001

Sharma, J.P. "Hemchandra: The Life and Scholarship of a Jain Monk," in *Asian Profile* III, no. 2, pp 195-215, Hong Kong 1975

Shukla, R. and Mishra, S.M. *India as Known to* Haribhadrasuri, Kusumanjali Prakashan, Meerut 1991

Sikdar, J. C. Studies in Bhagavati Sutra, Muzaffarpur 1964"The Fabric of Life as Conceived in Jaina Biology," in *Sambodhi* III, No. 1, pp 1-10 Ahmedabad 1974

| | |
|---|---|
| Singh R.J. | The Jaina Concept of Omniscience, LDII, Ahmedabad 1974 |
| Singhavi, L. M. | Jain Declaration of Nature, Presented to H.H. Prince Phillip, 1990 |
| Smart, N. | The Religious Experience of Mankind, Collins, London 1969 |
| Smith, V. A. | The Jain Stupa and Other Antiquities of Mathura" Indological Book House, Varanasi 1969 (reprint of original in 1901) |
| Sogani, K.C. | Ethical Doctrines in Jainism, Jaina Samskriti Samrakshaka Sangha Sholapur 1967 |
| Stevenson, S. | The Heart of Jainism, Munshiram Manoharlal, New Delhi 1970 (reprint of 1915 publication by Oxford University Press) |
| Sudharma Svami | *Bhagavati Sutra:* Volume III, Jain Bhavan, Calcutta 1980 |
| Sushilkumar, Muni | Songs of the Soul An Introduction to the Namokar Mantra and the Science of the Soul, Siddhachalam Publishers, New Jersey 1987 |
| Talib, G.S., ed. | Jainism, Punjab University, Patiala 1975 |
| Tatia, Nathmal | Studies in Jaina Philosophy, Jaina Cultural Research Society, Varanasi 1951That Which Is, commentary and English translation of Umasvati's *Tattvarthasutra*, Harper Collins Publishers, San Francisco 1994 |
| Titze, Kurt | Jainism: A Guide to the Religion of Nonviolence MB, Delhi, 2000 |
| Tiwary, B.K. | History of Jainism in Bihar Academic Press, Delhi 1998 |
| Tukol, T.K. | *Sallekhana* Is Not Suicide, LDII, Ahmedabad 1976Compendium of Jainism, (Original *Jain Darsana* translated by Shukla, C.P.), S.P. University, Vallabha Vidyanagar, 1978 |
| Tull, H.W. | The Vedic Origins of *Karma*: Cosmos as Man in Ancient Indian Myth and Ritual, State University of New York Press, Albany 1989 |
| Tulsi Acharya | My Religion, Adarsa Sahitya Sangh, Churu 1969Illuminator of Jain Tenets, (Original *Jaina-Siddhanata Dipika* translated by Satkari Mookerji and edited by Nathmal Tatia), Jain Vishwa Bharati University, Ladnum 1985 |
| Upadhye, A. N. et. al. | Lord Mahavira and His Teachings, 2nd ed. Shree Vallabhsuri Smarak Nidhi, Bombay 1983*Nayayavatara*, Jain Sahitya Vikas Mandal, Bombay 1971 |
| Wagle, N.K., Qvarnstrom, O. eds. | Approaches to Jain Studies: Philosophy, Logic, Rituals and Symbols, University of Toronto Press, 1999 |
| Warren, H. | Jainism in Western Garb, as a Solution to Life's Great Problems, 2nd ed. with notes by N.J. Shah, Shree Vallabhsuri Smarak Nidhi, Bombay 1983 |
| Williams, R. | Jaina Yoga MB Delhi 1983 |
| Zaveri, J.S. | Microcosmology: Atom in Jain Philosophy and Modern Science, Jain Viswabharati University, Ladnum, 2nd edition 1991 |

# ઇન્ટરનેટ વેબસાઇટ સૂચિ

http://atmavallabh.com
http://www.ahimsa.com
http://www.ahmedabadjinalay.org/
http://www.anekant.org
http://www.arham.com/
http://www.atmadharma.com
http://www.atmasiddhi.com
http://www.bhaktisangeet.com/
http://www.cs.colostate.edu/~malaiya/jainhlinks.html -
http://www.digambarjain.com
http://www.geocities.com/tamiljain/
http://www.hindibooks.8m.com
http://www.iaamjv.org
http://www.imjm.ca
http://www.jain.ws
http://www.jaina.org/
http://www.jaindharam.org/
http://www.jain-germany.de
http://www.jainheritage.com
http://www.jainheritagecentres.com
http://www.jain-houston.org
http://www.jainism.org
http://www.jainmatrimonial.com
http://www.jainmeditation.org
http://www.jainnet.com
http://www.jainojago.com
http://www.jainology.org/
http://www.jainpilgrimages.com
http://www.jains.australians.com/indexJains.htm
http://www.jainsamaj.org
http://www.jainspirit.com http://www.jainstudy.org

http://www.jaintirth.org
http://www.jainworld.com
http://www.jcgb.org
http://www.jcnc.org
http://www.jirs.ac.in/
http://www.jiva.org
http://www.jsgatemple.org
http://www.jsgmatrimonial.com
http://www.jsmw.org
http://www.kalikund.org
http://www.mahavirpuram.org
http://www.nepaljain.com
http://www.peacepublications.com
http://www.saint-louis.net/jainism.htm
http://www.shantivijay.org
http://www.shrimad.org
http://www.shubhlabh.net
http://www.smjvalumni.org http://www.terapanthonline.com
http://www.veg.org
http://www.vegdining.com
http://www.vegeats.com
http://www.vegsoc.org
http://www.vegsource.com
http://www.vegweb.com
http://www.wizard.net/~ethan/ahimsa.htm
http://www.yja.org http://www.yjponline.org
http://www.youngjains.org

## લેખકનો પરિચય:



પ્રો. વસ્તુપાલ પરીખનો જન્મ ભારતમાં જૈન પરિવારમાં થયો. ૧૯૬૫માં કૅનડાના કિંગ્સ્ટન શહેરની ક્વિન્સ યુનિવર્સિટીમાંથી રસાયણશાસ્ત્રમાં ડૉક્ટરેટની ઉપાધિ મેળવી અને તે કૅનડામાં સ્થાયી થયા. ત્યાં કેમિસ્ટ્રી વિષયનાં પાઠયપુસ્તકો તેમણે લખ્યા. જટિલ વિષયને સાદી, સરળ અને રસાળ શૈલીમાં લખી-સમજાવી તેમણે કૅનડામાં એક અધ્યાપક, વૈજ્ઞાનિક અને લેખક તરીકે સારી પ્રસિદ્ધિ મેળવી.

વિજ્ઞાનની આધુનિક ફિલસૂફી અને ધર્મોની પ્રાચીન ફિલસૂફીમાં અત્યંત રસ અને રુચિને કારણે તેઓ અનેક ધર્મોના સંશોધન તરફ આકર્ષાયા. વિજ્ઞાન અને ધર્મનો રસપ્રદ સમન્વય તેમણે જૈન સાહિત્યમાં જોયો. તે પછી આશરે પચ્ચીસ વર્ષ તેમણે જૈન સાહિત્યનું તલસ્પર્શી અધ્યયન કર્યું. એ અધ્યયનના પરિપાકરૂપે તેમણે વર્તમાન પ્રકલ્પ હાથ ધર્યો. વૈજ્ઞાનિક દૃષ્ટિએ તેમણે આ પુસ્તકમાં જૈન આચાર-વિચારની મિમાંસા કરી છે. પ્રાચીન ફિલસૂફીની વૈજ્ઞાનિક મિમાંસા, ડૉ. પરીખની સરળ લેખનશૈલી અને અભિનવ અધ્યાત્મના નવા વિચારોને આત્મસાત્ કરવાની તેમની દૃષ્ટિએ આ પુસ્તકને આસ્વાદ્ય અને રસપ્રદ બનાવ્યું છે. હાલ નિવૃત્ત ડૉ. પરીખ તેમનાં પત્ની નલિની સાથે ટોરન્ટોમાં રહે છે.

**Prof. Vastupal Parikh, Ph.D., 2908-8 Lisa Street**
**BRAMPTON, Ontario, Canada, L6T 4S6.**
**Ph: (905)453-5073. E-Mail: vastup@hotmail.com**

## અનુવાદકનો પરિચય:

પૂર્ણિમા મહિપતરામ દવેએ ૧૯૬૮માં તત્વજ્ઞાનના વિષયમાં એમ.એ ની ઉપાધિ મેળવી. હાલ તેઓ પાર્લે (સાઠયે) કોલેજમાં તત્વજ્ઞાન વિભાગના અધ્યક્ષ છે. મુંબઇ વિશ્વવિદ્યાલયમાં અનુસ્તાનક વ્યાખ્યાતા છે અને તત્વજ્ઞાન વિષયના બોર્ડ ઓફ સ્ટડિઝનાં અને ફેકલ્ટી ઓફ આર્ટસના સદસ્ય છે. એમનું પ્રગટ થયેલું સાહિત્ય:

<u>**પુસ્તકો**</u>: 'રામાનુજનું તત્વજ્ઞાન', 'મધ્વનું તત્વજ્ઞાન', 'નિબાર્કનું તત્વજ્ઞાન', 'પશ્ચિમનું તત્વજ્ઞાન', 'પૂર્વનું તત્વજ્ઞાન', 'ભગવાન સ્વામીનારાયણ પ્રબોધિત સ્ત્રી-પુરૂષ મર્યાદા'.

<u>**અનુવાદિત પુસ્તકો**</u>: 'મહાન વૈજ્ઞાનિકોના રેખાચિત્રો', 'મહાન સંતોના રેખાચિત્રો', 'મહાન ફિલસૂફોના રેખાચિત્રો' અને 'નવલકથા: એક પુરૂષાર્થની!'

ધોરણ ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે તેમણે લોજિક તેમજ બી.એ, બી.કોમ ના વિદ્યાર્થીઓ માટે ફાઉન્ડેશન કોર્સના પાઠયપુસ્તકો લખ્યા છે. વિદ્યાર્થી અવસ્થામાં તેઓ યોગીજી મહારાજની પ્રવૃત્તિ તરફ આકર્ષાયાં. શ્રી અક્ષર પુરૂષોત્તમ સ્વામીનારાયણ સંસ્થાના નેજા હેઠળ વિવિધ સાહિત્યક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તેમણે ભાગ લીધો છે. આકાશવાણી અને દૂરદર્શનના કાર્યક્રમોમાં તેઓ અવારનવાર ભાગ લે છે. અક્ષરપીઠ દ્વારા પ્રકાશિત કેટલીક દ્રશ્ય-શ્રાવ્ય કેસેટોનાં પ્રકાશનમાં તેમનું યોગદાન છે.

**પ્રા. પૂર્ણિમા મ. દવે, ૮, લક્ષ્મી નિવાસ, ૨૨૮, સર ભાલચંદ્ર રોડ,**
**માટુંગા (સે. રેલવે) મુંબઇ, ૪૦૦ ૦૧૯ ટે. નં. ૦૨૨-૨૪૧૪ ૨૫૪૩**

## મૂળ અંગ્રેજી પુસ્તક વિશે વાચકોના અભિપ્રાય

જૈન ધર્મની પાયાની સમજથી માંડીને તેની આધ્યાત્મિક છણાવટ સુધીની સફર કરાવતો અદ્‌ભૂત ગ્રંથ.

**શ્રી શ્રેયાંસભાઈ શાહ, મેનેજીંગ એડિટર, ગુજરાત સમાચાર.**

આજના વિજ્ઞાન અને તંત્રજ્ઞાનના યુગમાં યુવાપેઢીના બૌદ્ધિક માનસને આકર્ષે એવી સુંદર તાત્ત્વિક વિચારોની રજૂઆત, સરળ અને પ્રવાહી શૈલી, વિચારોમાં એકસૂત્રતા, વૈજ્ઞાનિક અભિગમ અને તે છતાં ધર્મમાં દૃઢ નિષ્ઠા જોવાં મળ્યા. આ પ્રકારનાં ધાર્મિક પુસ્તકો કેટલાં? આવાં પુસ્તકોનો પ્રસાર વિવિધ ભાષામાં થવો જ જોઈએ!

**પૂર્ણિમા મ. દવે**

"Professor Parikh connects issues of ecology and global interdependence with logic and reasoning as reflected in Jain Dharma, in a lucid, clear and simple language. Dr. Parikh puts Jain Dharma among the world religions of this 21st century with its scientific and spiritual approaches for solutions."

**Gurudev Chitrabhanu**

"most books have not succeeded in bringing to the subject the high degree of readability, as also the extraordinarily attractive and reader friendly structure, that you have achieved."

**Abhay Firodia – Chairman, Bajaj Tempo, India**

"It is written in a scholarly yet approachable style well suited for the university student but valuable to anyone with an enquiring mind."

**Aiden Rankin - Jain Spirit, Issue 17, Dec.2003**

"…a sumptuous, 224 page exploration of an ancient and relatively little-known faith that is surprisingly relevant for the 21st century.

**Ron Csillag – Toronto Star, August 2002**

"While comparing this book with two recent publications, Dr. Parikh's book comes in handy for young Jains…who need a simple book to understand their faith."

**Ajit Jain – India Abroad, August 23, 2002**

"No educated person can afford to be without this book"

**Dr. Ramesh Khajuria, Founder, Jain University**

**પીસ પબ્લિકેશનસ્**

૪ ચંદનવાડી, રાજ ભવનની સામે

શાહીબાગ, અમદાવાદ

ગુજરાત, ૩૮૦ ૦૦૪

ભારત

PEACE
Rs. 220
PUBLICATIONS

ISBN 0-9689863-1-5

9780968986318